Chap-3 · Part-II

...શોકોર્મિકવિતામાં ભાષાકર્મ...

કવિતા પણ એક કલા છે. કલામાનનો આદર્શ કૃતિને કલાકૃતિની કક્ષા પર લિફ્ટ્યાવવાનો ગણાય છે. જ્યારે કલાના આદર્શનું કૃતિની દૃષ્ટિએ મહત્વ વધારે લેખાય ત્યારે સામગ્રી ગૌણ અને રચનાકૌશલ અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરે છે. કદાચ એમ પણ કહી શકાય કે સામાન્ય સામગ્રીમાંથી તૈયાર થયેલ કૃતિ જ્યારે સામાન્ય કલાતત્વોનો ભંડાર લઈને આવે ત્યારે કૃતિ કલાકૃતિ બનતી હશે. કલામિમાંસાના સંદર્ભમાં આવા પ્રચલિત વિચારોને આધારે એટલું અનુમાન તારવી શકાય કે કૃતિમાંથી વ્યક્ત થતી કે અભિવ્યક્ત થતી કલા જ તેનું હીર છે. કવિતાના સંદર્ભમાં તપાસીએ તો આ મતને આધારે એટલું તારણ કાઢી શકાય કે કાવ્યના વિષાય કરતાં વિષયની અભિવ્યક્તિ વધારે મહત્વની ગણાય. સાહિત્યમાં તેથી જ Form અને Art of presentation ગણનાપાત્ર બન્યું છે.

કવિતાના સંદર્ભમાં કલાનો વિચાર કરીએ ત્યારે તેની અભિવ્યક્તિની સાથે કવિકૌશલ્ય અને રચનાકૌશલનો ખ્યાલ ન ચૂકાવો જોઈએ. બન્ને, કલાતત્વોની સિદ્ધિ માટે મહત્વનાં તત્વો છે. રચનાકૌશલ આમ તો કવિકૌશલ કે કવિપ્રતિભા ઉપર જ આધાર રાખે છે તેથી કવિકૌશલનું મૂલ્યાંકન તુલનાત્મક રીતે બન્નેમાં ઉંચુ સ્થાન ગણી શકાય કારણ કે રચનાકૌશલ કવિકૌશલની જ સિદ્ધિ છે. કૃતિમાં આપણને જે અસર કરી જાય છે, આપણને જે કાંઈ આંજી દે છે, ચિત્તને ચમત્કૃતિનો અનુભવ કે આહ્લાદ આપે છે. તે કવિકર્મનો જ પ્રભાવ છે. અર્થાત્ કવિપ્રતિભા કાવ્યકલા માટે પાયાનું તત્વ છે. કોઈપણ સર્જન પાછળ સર્જકપ્રતિભા જ કામ કરતી હોય છે. જ્યારે અનેકવિધ સામ્ય ધરાવતી કૃતિઓમાંથી ઉત્તમ-કલાકૃતિ પસંદ કરવાની હોય ત્યારે જટિલ સમસ્યા જેવું લાગે પણ તેવા સંદર્ભમાં ભેદરેખા, ઉચ્ચતા

kalpana's

અને વિવિધતામાંથી પસંદગીનો રાહ સર્જકપ્રતિભામા પ્રાપ્ત થતી ભેટસમા આપણને સહાય રૂપ બને છે. ઉત્તમ પસંદગીની સમાન આકૃતિ કે કૃતિમાંથી પસંદગી સમયની મુંઝવણ ભરી ક્ષણમાં પાંચ નળને જોઇને દમયંતીના મનમાં ઉભી થયેલી મુંઝવણથી ઉતરતી નથી. વ્યક્ત થતો વિષાય સમાન હોય ત્યારે ઉચ્ચવર્ગામો માપદંડ તેમાં અભિવ્યક્તિ પામતા ક્લાંશોની ઉચ્ચવર્ગા બની જાય છે.શોકોર્મિકવિતાના સંદર્ભમાં આ વિચારધારા રાહબર નીવડે તેમ કહી શકાય . કારણ કે શોકોર્મિકવિતામાં લગભગ બધાજ કાવ્યોમાં મૃત્યુનો સંદર્ભ, પ્રસંગ કે ઘટનાનું અસ્તિત્વ સામ્ય , શોકનો જ ભાવ, રસ પણ કરુણ, અને અંતે અંજલિ પણ અનેક પ્રકારનું સામ્ય લઇને આવે ત્યારે કૃતિમાંથી કલાકૃતિ તરીકે કઇ શોકોર્મિકવિતાને પસંદ કરવી તેની મુંઝવણમાં કાવ્યમાંથી ઉપલબ્ધ ભાષાશૈલી અને અભિવ્યક્તિનો માપદંડ બની રહે છે. કાવ્યે કાવ્યે બદલાતું પ્રકારવૈવિધ્ય, છંદવૈવિધ્ય, પદવૈવિધ્ય કે અલંકારીય વિવિધતામાં તેમના પક્ષો યથોચિત પરિસ્થિતિ કાળો અવશ્ય નોંધપાત્ર છે. પણ કલાના માપદંડને અને કવિતાના વિશાળ વ્યાપના સંદર્ભમાં શોકોર્મિકવિતાનું કલાતત્વ પામવા માટે ભાષાશૈલી અને અભિવ્યક્તિનું કૌશલ એક માત્ર આધાર છે.

અન્ય કવિતાના કલા તત્વોની તપાસ જેમ શોકોર્મિકવિતામાં પણ સર્જક પ્રતિભા, વિનિયોજનની કલા અને કામના અને ચૂભાત કે અભિવ્યક્તિની ચમત્કારકતા મુખ્ય આધાર સ્તંભો છે. વિનિયોજન, તમામ કલાતત્વોનો સમન્વય અને તેમાંથી ઉપસતી કલા માટે અન્ય કાવ્યપ્રકારોની જેમ શોકોર્મિકવિતા માટે પણ વિવિધ ટેકનીક્સ અને પ્રયોગો , પ્રકાર વૈવિધ્ય અને રચનાકૌશલ, ભાવાભિવ્યક્તિનું કૌશલ , ઉપકરણો, રૂપકો, અલંકારો, અન્યોક્તિ અને દૃષ્ટાંતનું

kalpana's

વિનિયોજન, છંદ-કૌશલ, શૈલીનું વૈવિધ્ય અને રંજકતાનું વૈવિધ્ય, સ્વજન – સંદર્ભના આધારે વ્યક્તિવિશેષના વ્યક્તિત્વના ઉલ્લેખનો કાળો ચાદી તેના વિવિધતત્વો છે. આ બધા તત્વોની એકરૂપતામાંથી ઉદ્ભવતી, કલા-છબી શોકોર્મિ કવિતાના કલાતત્વોની સિધ્ધિનું ઉત્તમ ઉદાહરણ સિધ્ધ થતું જોઈએ વ્યક્તિની કલા તપાસવા માટેનાં આ ધોરણો લઈને શોકોર્મિને તપાસીએ.

શોકોર્મિકવિતામાં શોકની અપેક્ષા લોકાચારથી ઊંચી કક્ષાની છે. શોકોર્મિ તેની અનુભૂતિની માત્રાની રસાવિષ્કૃત રૂપે કાવ્યમાંથી વ્યક્ત થાય ત્યારે તે ક્ષ કક્ષા સાધી ગણાય. શોકોર્મિના હાર્દને સ્પર્શતી અનુભૂતિની માત્રા ઉપરાંત કલાતત્વની દૃષ્ટિએ જે અનુભૂતિ જેવી કલાત્મકતા સાથે અભિવ્યક્તિ પામે છે. તે પણ જોવું રહ્યું. તેથી અનુભૂતિની અભિવ્યક્તિ માટે આ બન્ને હેતુ સિધ્ધ કરવાનાં આશયથી અન્ય કવિતાની જેમ શોકોર્મિમાં પ્રયોજાયેલાં, જોવા મળતાં ટેકનીક્સ અને વિવિધ પ્રયોગોની તપાસ ઉચિત છે.

વિરોધાભાસ દ્વારા અભિવ્યક્તિ પામતી શોકોર્મિ ઘણા કાવ્યોમાં ઉપલબ્ધ છે. પરિસ્થિતિમાં વિરોધાભાસ, વિવિધ ધારણાઓના વિરોધાભાસથી વ્યક્ત થતું મનોમંથન કલ્પના અને વાસ્તવિકતા વ્યક્ત કરતો વિરોધાભાસ, સત્ય અને સ્મૃતિના આલેખનમાં ઝોકતો વિરોધાભાસ, રૂપકો, દૃષ્ટાંતોમાં દેખાતો વિરોધાભાસ જેમ વિરોધાભાસ ઘણા નિમિત્તે શોકોર્મિકવિતામાં મળી આવે છે. પરંતુ સુખદ સાહચર્યના ભૂતકાળના સ્મરણોની સ્મૃતિ અને તેમાંથી બનતો દુખદ વર્તમાન વિરોધાભાસ રચી તેમાંથી શોકની કે વિષાદની તીવ્ર અનુભૂતિ કવિ આલેખે છે. ભૂતકાળ સુખદ હોય પણ તેની સ્મૃતિથી વર્તમાન દુખદ પણ હોઈ શકે. દા.ત. પ્રજાલાલ રચિત 'પિતા' કાવ્યમાં આ પ્રકારે

kalpana's

ચાલેલાયેલો વિરોધાભાસ ભાવપોષક લાગે છે. વિરોધાભાસ કોઈપણ પ્રકારે કાવ્યમાં આવે પણ તે કાવ્યને ઉપકારક અને ભાવપોષક રહ્યો છે. કારણ કે શોકોર્મિકવિતા તેનાથી ચિંતનક્ષમ, ભાવક્ષમ, સુરેખ, કલાત્મક અને આસ્વાદ્ય બની છે.

પરંપરાથી જુદા પ્રકારની કંઈક નવી કેડી સાધવાના આશયથી કવિતામાં પ્રયોગશીલતા પ્રવેશી તેનાથી અર્થ અને ભાવની અભિવ્યક્તિની સમૃદ્ધિ વધી એમાં જે વિવિધ પ્રયોગો થયા તેમાં વિરામ ચિહ્નોની ઉપયોગીતાની વિશેષતા એ છે કે સૂક્ષ્મ છતાં સઘન ભાવાભિવ્યક્તિમાં ચમત્કૃતિ સવિશેષ જોવા મળે છે. વિરામ ચિહ્નો દ્વારા સ્મૃતિ કે શોકની તીવ્ર અભિવ્યક્તિ વ્યક્ત કરી કાવ્યાત્મકતા અને આત્મીયતા સિદ્ધ કરે છે. આ પ્રકારના પ્રયોગો છંદોબદ્ધ કવિતાથી માંડી અછાન્દસ સુધી મળી આવે છે. અછાન્દસ રચનાઓમાં તેનું પ્રમાણ વધારે છે. 'જયંતિ દલાલની પ્રથમ પુણ્યતિથિએ' કૃતિમાં કવિ નલિન રાવળજી અર્થપ્રસ્તાર્થે વિરામ હાસ્ય અને અર્થપ્રસ્તાર્થે વિરામ વિષાદ વ્યક્ત કરે છે. હાસ્યમાંથી વિષાદનું આ વિરલ દૃષ્ટાંત પણ કહી શકાય હાસ્યમાં 'જયંતિ દલાલનો હાસ્યમુખો ચહેરો અને દલાલનું ગયેલું સુખી જીવન વ્યક્ત કરી બીજા અર્થ પ્રસ્તાર્થમાં મૃત્યુથી વ્યાપેલો શોક કવિ વ્યક્ત કરે છે. વિષાદની ચમત્કારકતા માટે પ્રસ્તાર્થની આ કલાત્મકતા મોંઘપાત્ર કહી શકાય વિરામચિહ્નો આ રીતે ઘણા કાવ્યોમાં વ્યક્તિત્વ, પાત્રલેખનની સુરેખતા, કાવ્યમાં પોતનું વણાટ, આસ્વાદગુણ અને નવી સંકલ્પનાઓ (concepts) સમજવામાં મદદરૂપ નીવડે છે. દા.ત. કવિ ખબરદાર 'કવિ નર્મદનું મંદિર' માં નર્મદના વ્યક્તિત્વને છતું કરવામાં વિશેષણોની કાવટ દ્વારા સફળ થયા છે. ગુણ વાચક વિશેષણો નર્મદના કાર્યોના પરિચય માટે ઉપયોગી નીવડે છે આમ વિરામચિહ્નોનો સાર્થક ઉપયોગ શોકોર્મિની અભિવ્યક્તિનું એક ઉત્તમ પાસું છે.

વિષાદના મૂળમાં જે મધ્યકાલિન કાવ્યસ્વરૂપમાં છે તે વિલાપકાવ્યોથી વહેલી વિષાદશ્રેણીના વિવિધ રૂપો ગુજરાતી કવિતાના બદલાતા જતાં કાવ્યસ્વરૂપોમાં બનવા વળાંક લેતા આવ્યા છે તે વિષાદ અને શોકની ચર્ચા દરમિયાન જોઈ શકાય છે તે ઉપરથી સ્પષ્ટ રૂપે કહી શકાય કે લાવણી જેવા મધ્યકાલિન દેશીઢાળ, સંસ્કૃતવૃત્તોની છંદોબધ્ધ રચનાઓ અને અર્વાચીન ગુજરાતી કવિતામાં વિકસેલી અછાન્દસ કૃતિઓમાંx મળી આવે છે. વજવિલાપ અને યશોદાવિલાપ પછી સોનેટ અને ગીતોમાંથી અછાન્દસ કવિતા સુધીની વિકાસ કેડી તપાસીયે તો ઢાળલય અને છંદ વધતે ઓછે અંશે સમગ્ર કવિતાપ્રવાહમાં જોવા મળે છે. અછાન્દસ કૃતિઓ પણ છંદના પ્રભાવથી સંપૂર્ણ મુક્ત નથી.

મેઘાણંદના યશોદાવિલાપ પછી કાન્ત, મૂળજાલાલ, બ.ક.ઠા. આદી કવિઓમાં સંસ્કૃતવૃત્તોની છંદરચના ખૂંધાતી આવે છે. ન.ભો.દિ, ખબરદાર જેવા કવિઓમાં મધ્યકાલિન પ્રભાવ અને પંક્તિપુંગીય નવીનતાનો સમન્વય જોવા મળે છે. જ્યારે ચીનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, ધીરુ પરીખ જેવા કવિઓની અછાન્દસ રચનાઓમાં ભાવાભિવ્યક્તિની તાજગી વર્તાય છે. આ સર્વ પ્રયોગશીલતા કાચળા કવિપ્રતિભાજ કામ કરે છે. ભાવાભિવ્યક્તિની નૂતનતા જ્યાં જોવા મળે ત્યાં કવિયત્ન અને કૌશલ્યનીજ મે ગે કલશ્રુતિ છે એમ ચવી કારણું અનુચિત નથી 'રડો ન મુજ મૃત્યુને' કાવ્યમાં જે તાદૃશતા, નાટયાત્મકતા અને વેધકતાનો અહેસાસ થાય છે અભિવ્યક્તિ જે ચોટદાર લાગે છે તેનું કારણ મૃત્યુબંધીના સજીવન આત્માની સ્વગતોક્તનીજ ચચોટતા જ છે અને કાવ્યમાં પણ નાટયના પ્રવેશનું દૃશ્ય રચવાનું કૌશલ કવિકૌશલ છે. કવિની કાબેલિયત એમાં પુરવાર થાય છે કે હાસ્યાસ્પદ સ્થિતિ સર્જવાનો બધા આવા પ્રસંગ અંતરામાં હોવા છતાં કવિ સ્પષ્ટરીતે મૃત્યુજન્ય શોકની ગંભીરતા કાવ્યમાં ઉતારી

શક્યા છે. ગાંધીના મૃત્યુનું સાચું અર્થઘટન કવિ વક્રોક્તિ અને કટાક્ષ દ્વારા વ્યક્ત કરે છે.

૧. "તમે હું હજાન જો ભય ધરી, ત્યજી ભીરુતા
અસહ્ય અસહાય હું હૃદયમાં ખુંપી સત્યને
ઘસ્યો કરત ખૂનલે ? મરણથી છૂપ્યો સત્યને
કાળે વિશ્રામ જે હતો કંઈક કાળ ક્રમો...."

જ્યારે ઈશુ, બુદ્ધ જેવા મહાન આત્માઓ પણ મારા મૃત્યુને સાચા અર્થમાં સમજી શક્યા છે, ને તમે રડો છો તેનો અર્થ મારે શું કરવો ?

૨. "ચુરચ દીઠી શું કૈં મુજ ગ્રહ્યમ્ય તેથી રડો ?"

મારા જીવનના આટલા ઘડતર પછી પણ તમને કોઈ ચૂરચ લાગી છે કે શું ? આખો દેશ રડે છે પણ ગોડસેની આંખમાં આંસુ નથી તેથી કવિ વ્યંગ કરે છે કે ગોડસે નથી રડતો અને તમને બધા શા માટે રડો છો ? કવિ કાવ્યમાં સચોટ અભિવ્યક્તિ વક્રોક્તિ, સંવાદ, ચેકોક્તિ, નાટ્યતા, વ્યંગ વગેરે સાધે છે. કવિકૌશલ્યું એ તત્વ નીલપાન છે કે શેક્સપિરિયન પ્રકાર ના સોનેટના બંધારણમાં પ્રારંભ બાદકના વળાંકમાં બારતીયોના પ્રત્યુત્તર વગેરે વિષયવસ્તુની પરાકાષ્ઠા સાધે છે લાલવસ્તુક્ત શૈલી કવિની અભિવ્યક્તિની કલાસિદ્ધિ જ ગણાય.

અર્વાચીન કવિતાની એક સિદ્ધિ અર્થના નવા સંદર્ભ રચવાની કલા પણ છે. પરંપરાગત વહી આવતી કથાઓ, રૂપકો, પ્રતિકો અને દૃષ્ટાંતોમાં નવા સંદર્ભ રચી અન્વયની અભિનવ છબી કવિ કાવ્યમાં ઉતારે છે. અભિવ્યક્તિની આ પણ એક ક્ષમતા જ છે. શબ્દ પાસેથી અર્થ કઢાવવાનું કવિકર્મ કવિની કાબેલિયત છે. ધીરુ પરીખની 'ક્યાં છે પ્રહ્લાદ' કૃતિમાં અન્વયમાંથી અર્થનો નવોન્મેષ, પ્રહ્લાદની પ્રચલિત કથાનો કાવ્યમાં નવો સંદર્ભ મળે છે.

"...અહીંગીરીના ઊંચા શિખરેથી
ફેંકાયેલાને ઝીલવા માટે
ઊંડી ખીણમાં અદ્ધર અદ્ધર રાખ્દોના હાથ
તત્પરતો છે પણ
ક્યાં છે પ્રહ્લાદ ?
ક્યાં છે પ્રહ્લાદ ?"
ક્યાં છે ?"

ઊંચા પર્વત પરથી ગબડાવી દેવાના હુકમ સમયે પ્રહ્લાદને ઈશ્વરે ઝીલી લીધો જો અહીંગીરી પરથી કોઈ પ્રહ્લાદને ફેંકે તો શબ્દો અને તેના ભાવ પોતાના હાથ ફેલાવી તેને ઝીલવા તૈયાર છે. કારણ કે પ્રહ્લાદે જ શબ્દોને નવા ભાવ અને અર્થ આપ્યા છે. તેણે સાહિત્યની સેવા કરી છે. માટે તેને સાહિત્ય જીવન બક્ષે એમ છે. પ્રહ્લાદ તેથી સાહિત્ય જગતમાં અમર છે. દૃષ્ટાંત કથાના સાહિત્યિક રૂપાંતરમાંથી મળતો અભિવ્યક્તિનો નવો વળાંક સિધ્ધ થઈ શકાય. પૌરાણિક મીથનો ઉપયોગ કરી પ્રચલિત પ્રસંગ, પાત્ર અને પરિસ્થિતિની તુલના ગોઠવી 'પ્રહ્લાદ' ને અપાયેલી અંજલિમાં 'ક્યાં છે ?' ની પુનરોક્તિમાં કવિ વિયોગની સ્થિતિમાં હૃદયમાં અનુભવાતી વિહ્વળતા પણ વ્યક્ત કરી દે છે.

શોકોર્મિકવિતાનું એક મહત્વનું પાસું વ્યક્તિવિશેષનું કાવ્ય-સંદર્ભમાંથી ઉપસતું વ્યક્તિત્વ છે. જે વ્યક્તિના પ્રભાવમાંથી શોકની તીવ્ર અનુભૂતિ જાગેલી છે. વ્યક્તિવિશેષનો સ્વજનસંદર્ભ રચવા માટે અનેક પધ્ધતિ અપનાવાયેલી જોવા મળે છે. આ પધ્ધતિઓમાં ગુણાનુવાદ, વિરામચિહ્નો દ્વારા ભાવ-પ્રભાવ, જીવનકાર્યની મહત્તા વગેરે પધ્ધતિ ઓમાંની એક પધ્ધતિ પ્રશ્નશૈલી પણ છે. જેમાં પ્રશ્નની ગૂંથણીનું કૌશલ સુંદર છે. રચનાકૌશલના એકી સાથે બે હેતુ કવિ આ શૈલીમાં સિધ્ધ કરે છે. પ્રશ્ન એ રીતે આવે છે કે તેનો અર્થ હકારાત્મક જ હોય

પ્રસ્તમાં જ જવાબ ઈંગિત હોય અને ગુણાનુવાદમાં ગુણિરેકનો આભાસ થાય અથવા ગુણોની થાદી કદાચ શુષ્ક લાગે પણ વિકટ પરિસ્થિતિમાં સમર્થ વ્યક્તિત્વ પ્રસ્તાર કરી તે પરિસ્થિતિની તાદૃશતા અને નાટ્યાત્મકતામાંથી જીવંત સૌંદર્ય રચાતાં વ્યક્તિત્વનો પ્રભાવ વિશેષણોની થાદી જેવો શુષ્ક નથી લાગતો વિકટ પરિસ્થિતિને નાથી લેનાર વ્યક્તિત્વ અને શિખર પર બેસાડવાની કલા, પ્રસંગની ચિત્રાત્મકતા સ્વાભાવિક અને મનભાવન લાગે છે. આ રીતે રચાયેલો સ્વજન સૌંદર્ય જીવંત અને પ્રતીતિકર લાગે છે. અભિવ્યક્તિમાં આ રચનાકૌશલ નવીનતા પણ બક્ષે છે. કરસનદાસ માણેક કૃત 'એ ગાંધી સંત તુજાણ' એના દૃષ્ટાંત છે. પરિસ્થિતિના મંથનમાંથી ઉપજતાં મોતી જેવી તે અભિવ્યક્તિ કાવ્યને પણ યશદાયી છે.

૪. "એનું કીધું કોથી થાશે ? એનું કીધું કેમ ચલાશે ?
જુગ જુગ જીવો યુગ્મ પરાર્થ, કરતા સત્ય તણો ટંકાર"
એ ગાંધી સંત તુજાણ"

૫. "મેં માદરેલો હજી બાકી જંગ, પૂરો કરી એ હતુ રાખ રંગ
કોને રડે ? જો અહીં આ રહ્યો હું પહેલાં હતો તમેજ તારી સંગ
ના,ના મને અકબી સંજલિથી, ગાંધી રીતે ના કદી છેતરાય
થયો હતે નિષ્કળ અકુ મારાં..."

વ્યક્તિવિશેષના પરિચય માટેનો એક નવો પ્રયોગ કાન્ત વિશેના ઘણાં કાવ્યોમાં આપેલી સંજલિમાં જોવા મળે છે. પ્રશ્નોત્તરીની જેમ આ પધ્ધતિમાં પણ કવિ બે હેતુ સિધ્ધ કરે છે. કવિ પ્રાસચાતુરી જાળવે છે અને સદ્‌ગતના સ્વભાવના ગુણોનો અર્થ તેમાંથી મેળવે છે શબ્દોમાંથી આવતા નવા સૌંદર્ય ભાવાર્થ સાથે સ્વજનના ગુણ નિર્દેશ કરતા શબ્દો

Kalpana's

કાવ્યગુણ પણ બની જાય છે. કાન્તનું કાવ્ય પ્રદાન, કવિતા માટેનો ગાઢ પ્રેમ પણ કવિ કાવ્ય વ્યવહાર આપી દે છે. છંદોબધ્ધ અને મુક્ત-છન્દ પ્રકારની રચનાઓમાં આ સિધ્ધિ જોવા મળે છે. ગદ્ય કવિઓની સરખામણીમાં સુરેશ દલાલ અને પ્રજારામ રાવળના કાન્ત વિશેના કાવ્યો સવિશેષ ધ્યાન ખેંચે છે.

૬. "જાધિજલદલ કુલ્લકંદનો ઉદય મુગ્ધમય
ઉજ્જવળ સુંદર પ્રાન્ત
લુપ્ત થઈ તત્ત્વ ચિન્મય સરસ્વતી
અતિ લઘુ અક્ષરપાત્ર, કિન્તુ તુજ ઘૂંટસ્વભર કાન્ત ।।

૭. "મન્મથે રચી દીધું કેવું આ મિશ્રુન
નિયતિના અંતરમાં મચી ગેક ધુન
ઊર્મિઓના તંતુ તંતુ કેમ કરી તોડું
બંધન અને ક્લેશ
મૃત્યુને આશ્લેષ કદી થઈ જાય શાન્ત
વિલસી રહ્યો છે અહીં સાગરને શશી
શ્વેત કમલને પ્રાન્ત..... હે પ્રિય કાન્ત

ઇન્દ્રિયવ્યત્યય પણ અભિવ્યક્તિનો એક પ્રયોગ છે. બ.ક.ઠા. નું 'દ્યુતિકણી' એક સુંદર દૃષ્ટાંત છે. સ્મૃતિના એક પડદા પાછળ શોકની અનુભૂતિ આ કાવ્યની સિધ્ધિ છે. સ્મૃતિ અને સાન્નિધ્યમાંથી ફલતા સઘન શોકની અભિવ્યક્તિ માટે ઇન્દ્રિયોના વ્યાપારની ટેકનિક કવિ જમાવે છે. ભૂતકાળમાં બનેલી ઘટનાની સ્મૃતિ વર્તમાનમાં પણ તેટલી જ માત્રામાં તીવ્ર અનુભૂતિ આપે છે તે કવિકર્મનું કૌશલ છે. કાલવિનિમયની આ કલા બ.ક.ઠા. ને સિધ્ધ હસ્ત છે. અનાકૌશલની ખૂબી એ છે કે સદ્ગત પાત્રની ભૂતકાળની સ્થિતિની વર્તમાનમાં સ્મૃતિ વ્યવહાર તેની

kalpana's

જ્યારે પોતાને થતા વિરહ અને શોકનું ઉપાદાન કાવ્યની સિધ્ધિ બની જાય છે. 'દુર્વાસા' અને 'જાગરણ' જેવાં કાવ્યો સ્મૃતિ અને ઉપકરણની મિલાવટના ઉત્તમ દૃષ્ટાંતો છે. પ્રાકૃતિક ઉપકરણની મુગ્ધકર સુયોગ્ય મિલાવટથી ભાવ આસ્વાદ્ય બને છે. શોકની અનુભૂતિ શોકોર્મિનું હાર્દ છે. શોકની ભાવાભિવ્યક્તિ આસ્વાદ્ય બને તે ઉત્તમ કવિકર્મ ગણાય તેના વિવિધ પ્રયોગોમાંથી બળનું દર્શન વિવિધ કાવ્યોમાં જોવા મળે છે. મુગ્ધ પ્રણયની સ્મૃતિ વેદક, દુઃખદ બની જાય છે. ત્યારે તેમાંથી શૃંગાર કે આનંદને સ્થાને શોક, હતાશા કે વિષાદ ફલે છે. રંગીન કલ્પના જ્યારે કારમા વાસ્તવમાં પલ્ટાય છે ત્યારે આદ્યાન્તમાંથી શોક ઉદ્ભવે છે અને એ શોક હૃદયદ્રાવક બની મુગ્ધ દુઃખદ વિસ્મય આપી જાય છે. 'જાગરણ' કાવ્યમાં મુગ્ધ સ્મરણ એટલી હદે પહોંચે છે કે કવિ સ્વપ્ન અને વાસ્તવિકતાની સીમા ઓળંગી તેમાં તદ્રૂપ બની જાય છે પત્નીનો પાલવ પકડવા જતાં કવિ શૈય્યાની બત્તી કરવા જાય છે. બત્તી થતાં જ રમણીય સ્વપ્ન સૃષ્ટિમાંથી કવિ કારમી વિયોગી વાસ્તવિકતામાં પટકાય છે. પત્નીના વિયોગનો કારમો ઝટકો શોક કાવ્યમાં કરુણતા ભરી દે છે. અને કરુણ તેમજ શોકની અભિવ્યક્તિ કવિ સાધી લે છે. અલંકારોની પરિચિત શૈલી કરતાં આ પ્રયોગશીલતા ચમત્કૃતિજન્ય લાગે છે.

"અકારણ ઊઠે, શમે, રેલાઈને, દશા સર્વમાં
ભમે મુજ સહે સદાય, અવિભાજ્ય છાયારમા
સહે નવ સહે ભલે, દુર્વાસની ડાઘો સર્વદા
બની વિમલ વિમલ વિમલ નયન શ્રોત ઉરખંડ આ"

૬. "બુઝો ને પ્રકટ્યો ન સ્પષ્ટ તહીં તો, પ્રકટી ગયો દીપ ને
ખાલી ઘુસ્સિ ચાંપતો જઈ પડ્યો, તેમાં સનિઃસ્વાય હું"

પ્રયુક્તિ ભાવાભિવ્યક્તિની જ એક કલા છે વિવિધ પ્રયુક્તિઓ દ્વારા યોજાતી શોકની અભિવ્યક્તિમાં પ્રકટ ભાવાત્મક અને

kalpana's

ભાવાત્મક પ્રયુક્તિના વિરોધાભાસમાંથી કવિ કરુણ સિધ્ધ કરી લે છે. કેટલાંક કાવ્યોમાં માત્ર જીવનાત્મક ભાવાત્મક પ્રયુક્તિ તો કેટલાક કાવ્યોમાં માત્ર અભાવાત્મક પ્રયુક્તિઓ તો વળી ઘણાં કાવ્યોમાં બન્ને પ્રકારની પ્રયુક્તિઓની વિરોધાભાસી ગૂંથણી મળી આવે છે. આ બન્નેની ગૂંથણીમાંથી શોકનિષ્પત્તિ અને ચિન્માત્મકતામાંથી કરુણની પ્રાપ્તિ થાે છે. ગૂંથણી માંથી ચાલિયતા અને આત્મીયતામાંથી શોકની ભાવાભિવ્યક્તિ એક તરાહ છે. તેમાં કોઇ ઉલ્લેખ આત્મીયતાના સ્પષ્ટ પુરાવા તરીકે આવતો નથી ત્યાં શોક સહજ તરી આવે છે. સ્નેહરશ્મિકૃત 'અમરગંધ' માં કવિ પહેલાં મિત્રના મૃત્યુને લોકનજર અને લોકાચારની રીતે જુએ છે ને પંક્તિઓમાં અભાવાત્મક વલણ અપનાવે છે.

૭૦.''મારી સાથે કદી ન 'તે આવશે ગાન ગાવા
મારે કાજે જગ મહીં હવે વેદના આંસુ ઢોળાં''

પણ બીજામાં કવિ ભાવાત્મક આત્મીયતા સિધ્ધ કરી લે છે કે

૭૧.''કુંજે કુંજે કુસુમે કુસુમે તારકે પુષ્પ બાધું
હેરે નારી મૃદુ ઉર સુણી ગુંજની ગીત જ્યાં છાનું
પોટ્યો હું ? તો કયમ કરી કહે વિસ્મની વેલ કાલે ?''

ભાવાત્મક-અભાવાત્મક ગૂંથણી અને વિરોધાભાસી ચિન્માત્મકતા 'જયંતિ દલાલની પ્રથમ પુણ્યતિથિએ' કાવ્યમાં પણ આકર્ષક રૂપ લેતી જોવા મળે છે. કવિને શરૂઆતમાં સદ્‌ગત લેખકનો ગ્રંથખંડ શૂન્યવત્ ખાલી લાગે છે તે અભાવાત્મક છે. પછી ગ્રંથે ગ્રંથે ગ્રંથના પાને પાને સદ્‌ગત દલાલનો ચહેરો કવિ જુએ છે એ ભાવાત્મકતા છે બન્નેની ગૂંથણીમાંથી કાવ્યાંતે શોક પ્રાપ્તિ મેળવે છે.

૭૨.''ગ્રંથિસ્થનમાં વિષાદતોળી ચર્મ પ્રસ્તમાં,
હાસ્યસ્મિત તરવરે અધિ મારી
તાજા તડકા જેવી તેજ તણાકતી આંખો .....''

kalpana's

શ્લેષાર્થથી શોકાનુપ્રાસિતું દૃષ્ટાંત ઉશનસનું 'શબ અને ફૂલ' છે. પિતાના ફૂલ પધરાવવા માટે કવિ જાય છે. ત્યાં ફૂલ શબ્દમાંથી પિતા વંશવૃક્ષ અને પુત્ર તરીકે કવિ તેના કુલનો શ્લેષ મૌલિક ચિંતન સાથે શોક વ્યક્ત કરી દે છે. અભિધા, વ્યંજના અને લક્ષણાના વિવિધ અર્થોની સમૃધ્ધ અભિવ્યક્તિ આપતું તેમનું 'ફૂલ બર્યું' કાવ્ય ચિંતન, શોક અને કરુણની ચરમસીમાઓ સાધે છે.

૧૩. ''પુજ અંજલિ ફૂલ આંસુનું ઊનું ઊનું એક ઘીમેથી બર્યું
તે ફૂલ બર્યું.''

બે પંક્તિઓમાં લેખક શોક બરવાની પ્રક્રિયામાં છે તેમાં છૂટા પડવાનો વિયોગ વ્યક્ત કરે છે. સમાધિ પર આંસુના ફૂલનો અભિનવ કાવ્યાત્મક અને કલાત્મક લાગે છે. અછાન્દસ લયમાં ચડઢાવે ચઢેલા શોકની ઘૂંટાતી વ્યથા કવિ સ્વરાનુપ્રાસ દ્વારા વ્યક્ત કરે છે. રૂપકની ગૂંથણી, લય, અને પ્રાસચાતુરી કલાત્મક છે. કાવ્યનો લય અને રૂપક શોકને ક્રમ ઘૂંટવામાં સફળતા આપે છે. તેની પ્રતીતિ આંસુના અંજલિ ફૂલ' ની અભિવ્યક્તિમાં છે.

ચમૂર્તમાંથી પ્રૂર્નની કલા પણ અભિવ્યક્તિનું જ એક કૌશલ છે. વિયોગની ઉત્કટ સ્થિતિમાં મનની વ્યથા કેવી તાજુબી ચર્જે છે તે સદ્‌ગત પિતાને' કાવ્યમાં જોવા મળે છે.

૧૪. ''કહી હું આતીને, મધુર સ્મરણોના ઘર મહીં
ગયેલાં ભુલાયા દિવસ સરવે જીવિત કરી
રમી રે'તું મારું મન ઘડિકમાં બાળક થયું.''

અનુભવજન્ય નિરાકાર સ્મરણનું બાળ સૃષ્ટિની ઘટનામાં રૂપાંતર કરી ક્રીડામાં મનનો ભ્રમ બતાવવામાં આવ્યો છે. આ પ્રસંગ વિયોગની ઉત્કટતાનું જ પરિણામ છે અને શોકનું ઉપકરણ પણ છે.

Kalpana's

વિરોધાભાસની સઘન અભિવ્યક્તિ નીચેની પંક્તિઓમાં છે.

૫૬...''ભેદો કરી દુર્ભેદ્ય ભેદ ભેદી, આપી ચાવી એકતાની અનેરી

૧૬...હિંસા સામે અગ્રહી મીરચાનો
માંડી યુદ્ધ સ્નેહનું શાસ્ત્ર ધારી''

આ પંક્તિઓમાં એકતા અને ભેદભાવનો વિરોધાભાસ વર્ણવ્યો છે એકતાની ચાવીથી દુર્ભેદ્ય દુર્ગ જીતાય છે સ્નેહથી હિંસા પર વિજય મેળવાય છે.

૭૭...''વેરી લાગ્યો વિશ્વ કેરો વહાલો'' પંક્તિમાં વેર અને વહાલનો વિરોધાભાસ છે. આમ બંને પંક્તિઓમાં પરસ્પર વિરોધી સ્થિતિઓના વિરોધાભાસમાંથી કવિ વ્યક્તિવિશેષનો પ્રભાવ વ્યક્ત કરે છે.

અભિવ્યક્તિની વિવિધ છટાઓમાંથી વિવિધ પ્રકારે, શૈલીથી, પધ્ધતિથી, પ્રયોગાત્મકતા વગેરા અભિવ્યક્તિની નીતનૂતન છટા કાવ્યોમાં ઝુલ્ય લાગે છે તે સૌના વગેરા સૌથી વધારે શોક અથવા વિષાદનું આલેખન અથવા સ્વજનનો શોક કે સ્વજનસંદર્ભ અને વ્યક્તિત્વનો પ્રભાવ-અભાવનો હેતુ કવિ સિધ્ધ કરે છે તે ઉપરાંત ચિંતન અને આલેખનના ગૌણ હેતુ પણ ક્યારેક સધાય છે પણ શોકો ર્મિકવિતાને પદ્યો થતી શોકની અભિવ્યક્તિના પ્રયત્નોમાં અભિવ્યક્તિ પાછે પડે નથી એ સ્પષ્ટ છે.

અર્વાચીન ગુજરાતી કવિતામાં અભિવ્યક્તિની જે વિવિધ શૈલીઓ આવી એમાં દિવાદોર બદલી નાખનારી અપ્રાગદ્ય કોલન શૈલીનું સંપૂર્ણ ગેય લય પદ્ધતીના વળાંક તરીકે ઐતિહાસિક મૂલ્ય છે. આ પરિવર્તનનું કારણ પણ ઉક્તિના ભાવની ચોટતા અને ચારોહ-અવરોહની તજજ્ઞ્ય અલંકારકતા જ હતું અતિરેક અને બેઠોળ પણ તેમજ લહેકાના કવલમાંથી લય અને ભાવને નજીક, ઓતપ્રોત થઈ અભિવ્યક્તિ પામવા માટે જ્યાં

kalpana's

નાટક હોય ત્યાં અભિનેતા સ્વગત તે રીતે હૃદયમાં ઉઠતા ભાવોહ-ભરોહના ડોલન પ્રમાણે ભાવનું ડોલન અને લય જાળવી ડોલન શૈલી અસ્તિત્વમાં આવી ઊર્મિગીત અને ઊર્મિકવિતાની સૂક્ષ્મ ભેદરેખા તપાસીયે તો ગીતમાં ગેયતાનો આગ્રહ રાખી શકાય પણ કાવ્યના સંદર્ભમાં ખાસ તો છાન્દસ્કતિનો તે દુરાગ્રહ બની જાય છે.

ડોલનશૈલી પછી 'પરલોકે પત્ર' માં જોવા મળતી શૈલીને તેની સાથે અનુસંધાન તો છે જ કારણ કે ડોલનશૈલીમાં ગદ્યપદ્યનું હતું જ અર્થાત્ ગદ્યની લયમાં પદ્યનો પ્રયોગ એ રીતે થયો કે સંપૂર્ણ પદ્ય નહીં કે સંપૂર્ણ ગદ્ય નહીં, હીરાબેન પાઠક કૃત 'પરલોકે પત્ર' માં પત્રસાહિત્યે ગદ્યશૈલી છે પણ તેમાંય પદ્યનો એક લય ચરણમાનથી હૃદયમાં ઉઠતા ભાવના ભરોહ પ્રમાણે પરોવાયેલો છે. અને 'પરલોકે પત્ર' ની શૈલી, પત્રશૈલી ન્હાનાલાલના ગદ્યપદ્યથી આગળ વધી તેના પદ્યમાં કાવ્યત્વને વહેતું મૂકે છે. ન્હાનાલાલના ગદ્યપદ્યમાં નાટ્યાત્મકતા જોવા મળે તો 'પરલોકે પત્ર' ની પત્ર શૈલીમાં કાવ્યાત્મકતા, ભાવાત્મકતા જોવા મળે છે. ઉપરાંત નાટ્યાત્મકતાના પ્રત્યક્ષાપણાને તો પાછું હીરાબેન એકોક્તિ હોવા છતાં પ્રતીત કરાવે છે એ એમની અભિવ્યક્તિનું કૌશલ છે. ડોલન શૈલી પછી 'પરલોકે પત્ર' ની પત્રશૈલી ઘણા લાંબા સમય પછી કાવ્યમાં સબળ રીતે મળી પરંતુ કાવ્ય સાહિત્યનો ઇતિહાસ તપાસીયે તો જણાશે કે તેનું મૂળ પ્રાચીન કાવ્યસાહિત્યમાં અને પાશ્ચાત્ય કાવ્ય સાહિત્યમાં છે જ પણ 'પરલોકે પત્ર' ની શૈલીનું વિશેષ મૂલ્ય એ છે કે તેમાં ભાવનો અભિવ્યક્તિનો, આત્મીયતા અને મનોવેદનાનો નવો આવિષ્કાર અને તે પણ દીર્ઘકવિતામાં આવે છે કવિતાનું બાળપણ પત્રનું છે પણ તેમાં અભિવ્યક્તિ કાંઇ કાચી છે. પત્રકવિતા તરીકે હીરાબેન પાઠકનું આ ઉત્તમ પ્રદાન છે. છંદથી મુક્ત લાગે તેવી શૈલી માટે છાન્દસ્ કહેવાનું મન થાય પ્ર અને પ્રેષકનું નામ, સંબોધન, સામાન્ય સમાચાર પૂછ્યા વિષાય કે વિચારની

kalpana's

રજૂઆત, લિપિતંગનું પતનું માળખું ગદ્યમાં પદ્ય અને ગદ્યાન્દ્યમાં પણ લય પરોવી કવયિત્રીએ કાવ્યાત્મકતા સાધી છે. પોતાના સ્વજનનો મૃત્યુજન્ય વિયોગ અને વિષાદ સંભારણા, વ્યથા, ઝંખના અને એકલતા વ્યક્ત કરી શોકની ભાવાભિવ્યક્તિ આપે છે. હીરાબેન પાઠકની આ મનઃશૈલીથી શબ્દની ગુંજાશનો તાગ પામી શકાય તેવો અભિનવ પ્રયોગ છે.

સામાન્યમાંથી અસામાન્ય કે લઘુતાભર્યાથી મહત્તા તરફની વ્યક્તિત્વવિકાસ પણ કાવ્યની અભિવ્યક્તિનું કૌશલ્ય છે. રમણ પટેલકૃત 'નર્મદને' કાવ્યમાં કવિ કહે છે કે કુળનો કે શાસ્ત્રનો ઘડ્યા નથી, યુધ્ધો કર્યાં નથી, પ્રારબ્ધને પનારે જીવતા માનવનું ગજ કેટલું માનવે તેથીજ આશાવાદી થવું ન જોઈએ માનવજાતના અધૂરા કાર્યો પૂરાં ન થાય તો કંઈ નહીં પણ એની ઈમારતની એક ઈંટ મૂકી શકાય તે ગણ હોય ઈમારતના પ્રમાણમાં ઈંટનું સામર્થ્ય નર્મદના કાર્યની મહત્તા સૂચવી દે છે. નર્મદના જમાનાથી સુધારાની ઈમારતની ઈંટ-પાયાની ઈંટ નર્મદે મૂકી, ઈંટ ગણ ગણો છતાંય કવિ કહે છે કે.....

"૫૮...છતાં આજે તારું સ્મરણ કરતાં શીર્ષ નમતાં"

વક્રોક્તિની કલાનો અને તે દ્વારા વ્યક્તિત્વના પ્રભાવનો અહીં પરિચય મળે છે તે અભિવ્યક્તિનું જ કૌશલ્ય છે. વિસ્તારમાંથી કેન્દ્રીત થતાં આલેખનના કેન્દ્રમાં વ્યક્તિવિશેષ નર્મદ છે. અન્ય કાવ્યોમાં કેન્દ્રમાંથી વિસ્તરી વૈશ્વિક ફલક પર ભાવ પહોંચે છે જ્યારે અહીં વૈશ્વિક ફલક પરથી વ્યક્તિત્વ પર કવિ કેન્દ્રિત થાય છે.

નર્મદ માટે આદર વ્યક્ત કરી, તેના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડી, માર્મિક અભિવ્યક્તિ આપતું નિરંજન ભગતનું મુક્તક પણ વેધક છે.

"કયાં તુજ જોસ્સો કેફ, કયાં આ તુંડ મીજાજાં ?
માથા પરની રેફ, નર્મદ રહેજ ખરી ગઈ"

kalpana's

આ મુક્તકમાં અભિધા કરતાં રચનાકૌશલ વ્યંજનાનો ચમત્કાર સર્જે છે. અને અર્થ ચમત્કૃતિજન્ય બને છે.

લાઘવ અભિવ્યક્તિનો એક ગુણ છે એમ સ્વીકારીએ તો કેટલાક કાવ્યોમાં જોવા મળતા લાઘવના પ્રયોગો અને વ્યુત્ક્રમના ઉદાહરણો ખાસ ધ્યાન માંગે તેવા છે. મધ્યકાલિન કાવ્યસાહિત્યમાં નરસિંહથી દયારામની રચનાઓમાં શબ્દોના ઉલટક્રમ અથવા વ્યુત્ક્રમના દૃષ્ટાંતો મળી આવશે કાન્તના 'સખીને આમંત્રણ' કાવ્યમાં એક સરસ દૃષ્ટાંત મળે છે. એમાં ભાવાપ્રફુલ્લ અને રચનાકૌશલનો પરિચય મળે એમ છે. 'સખીને આમંત્રણ' કાવ્યમાં ૧૬''છાયાતરુવરમૂર'' પ્રયોગ કરી છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લુપ્ત કર્યો છે. નરસિંહ મહેતા પણ 'વાત એકવાનથી ભૂખ ન ભાગે'' તેમાં છઠ્ઠીનો પ્રત્યય લુપ્ત જ છે. એકવાનની વાતથી ભૂખ ન ભાગે તેના અર્થમાં વપરાયેલી ઉક્તિમાં છઠ્ઠી વિભક્તિનો લોપ છે. સંસ્કૃત સાહિત્યમાં સમાસોથી જે લાઘવ આવે છે તે ગુજરાતીમાં આ રીતે આવે છે. આવા પ્રત્યય લુપ્ત શબ્દ પ્રયોગોને સમાસના ભાગ જોઈએ. અને બે જુદા ભાગ નો એ ભૂલ નથી'' એક પ્રયોગ છે એમ માનવું જોઈએ'' એ અભિપ્રાયને આધારે અભિવ્યક્તિમાં આવા પ્રયોગો રચનાકૌશલની ભૂમિ પૂરી પાડે છે.

ભૂમિની અભિવ્યક્તિમાં કલ્પન અને કલ્પનાઓનું એક વિશિષ્ટ સ્થાન છે. કલ્પના જ્યારે પ્રસ્તુતમાંથી અપ્રસ્તુતમાં વાચકને આસ્વાદ કરાવે ત્યારે કોઈ અદ્ભુત ગતિપ્રાપ્તિ થતી હોય છે. આપણા ચિત્તની સ્થિતિ બદલી કોઈ નવીન ભૂમિકા સર્જાઈ છે. તેથી xxxx કલ્પનાઓ સંસ્કૃત સાહિત્યમાં પણ ઉત્તમ અલંકાર બની ગઈ છે. આવી મનોહર કલ્પનાનું એક સુંદર દૃષ્ટાંત કવિ કાન્ત 'વત્સલના નયનો' માં આવે છે.

૨૦''પણ નિર્મલ નેર સરોવર સારસ
ગુગ્ય સમા પરિપૂર્ણ દયારસ
જે જામી દિલનાં શયનો''

કવિ ભાવપોષક પ્રાસ જાળવે છે. વત્સલના નયનોને કવિ જળમી દિલના શ્રવનો અને નિર્મલ નેહ સરોવર તેમજ પરિપૂર્ણ દયાસ્રના સ્થાન તરીકે ગૌરવ આપે છે કવિ શબ્દ પાસેથી આ જ

અભિવ્યક્તિમાં પરભાષાના શબ્દોની અસર પાણીમાં ફેલેલાં સિક્કા જેટલી સ્પષ્ટ અને સચોટ લાગે છે : એજ અર્થ ને સમિપેત પ્રયોગના વિકલ્પને ગમાવે જ્યારે અન્યાં શબ્દપ્રયોગો કાવ્યમાં આવે છે ત્યારે ભાષાની પોતાની તાસીર લઈને તે કાવ્યમાં આવે છે. દા.ત. 'કોલ' શબ્દને એના એજ અર્થમાં ઉતારી કવિ તેને બીજાને સ્થાને સ્થાપે છે. જોકે હવે 'કોલ' શબ્દ ગુજરાતી બોલીએ સ્વીકારેલો અને પોતાનો કરેલો શબ્દ છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી. 'બીજે સક્રિય બંધુતા' માં મરાઠી પ્રયોગ 'ધાડ્સી' કવિ પ્રયોજે છે. સંસ્કૃત શ્લોક અને અન્યની પ્રેરક કેટલીક પંક્તિ ચરણ કે શબ્દ પ્રયોગો કાવ્યમાં સચોટ અભિવ્યક્તિ આપે છે દા.ત. કાન્ત અને ઉમાશંકર 'જાગો દિવસ્વધી મહી,' પ્રસીદિત કુરુતે' પ્રયોગ કરે છે.

શોકોર્મિકવિતામાં લોકબોલી અને લોકલયને કયા દૃષ્ટિકોણથી સ્વીકારી શકાય તેના જવાબમાં અભિવ્યક્તિમાં લોકબોલીના પ્રયોગો તેના ઉત્તમ ઉદાહરણો પૂરાં પાડે છે. શોક અને ઉદ્ગાર માનવને હૃદયનો સહજોદ્ગાર આપતી લાગણીઓ છે એ શાસ્ત્રએ સ્વીકારેલું વિધાન છે એને શાસ્ત્રીયરુપ આપવાની પળોજણમાં તેની અભિવ્યક્તિની સ્વાભાવિકતા નંદવાય તેનો પૂરો ભય છે. કદાચ ગ્રામ્ય ગણાતાં છતાં તેની સ્વાભાવિકતા આજેય ટકાવી રાખી યથાવત્ રહેલા મરશિયા-રાજિયા તેનો લય, તેની શબ્દ-રચના, તેનો ઉદ્ગાર, ચારોહ-અવરોહ, આલાપ, કરુણ તરીકે ઉદાહરણમાં લઈ શકાય. કલ્પાંત અને શબ્દોમાં ઘૂંટાતો વિષાદ કે વિયોગ, રુદન તેની અભિવ્યક્તિ છે. આપણે જોયું કે પરભાષાનું એક આગવું સ્થાન ગુજરાતી કવિતામાં છે તેના કરતાં કંઈક ઊંચેરુ પદ તત્સમ પ્રયોગો, દેશી લય-ઢાળ અને સ્વભાષાની લોકબોલીનું

kalpana's

છે તેમાં પણ વ્યાપક અર્થને લાઘવથી રજુ કરવાની કલા છે જ દા.ત.

૨૧.''ઉરિયાળી ધરતી કરી, લાલ્યા મેઘ મલ્હાર''

લોકબોલી ઉપરાંત, બહિની ભાષાઓ અને તેના શબ્દ પ્રયોગોનો સમન્વય આપતી પંક્તિઓ ચોરઠી દુહામાં મળે છે. 'ભર ભર છાંટ અંજલિ' માં પ્રાદેશિકતાના રંગને ચાવા શબ્દોમાં સુંદર રીતે ઉતારે છે.

૨૨.''જિનડી હેડી હલ ગઈ, તા કા બુરા હાલ''

ભાઈ બહેન માલતર જાનાં હોય ત્યારે પડનારાં દુઃખ કરતાં પણ શોકોર્મિકવિતાના વ્યક્તિવિશેષ મણીલાલના અવસાનથી શોક વ્યાપ્યો છે. 'કોજું', બળ્યું ભસ્મ રિયાં', 'ફૂલ બધું કોરમ રહી' જેવા નાના શબ્દ પ્રયોગોમાં પણ સચોટ ભાવાભિવ્યક્તિ આવે છે. નાના, સાદા ઉપકરણો વ્યંદારા અર્થની ગહનતા તાગવાના પ્રયોગો ઝવેરચંદ મેઘાણીના 'ભર ભર છાંટ અંજલિ' કાવ્યમાં મળે છે ને વ્યંદારા કવિ પ્રાદેશિકતા તાદૃશ કરે છે સુંદર ભાવચિત્રો પણ આપે છે.

નાના શબ્દ પ્રયોગો ક્યારેક નોંધપાત્ર માહિતી આપી દે છે. દા.ત. 'સરદાર વલ્લભાઈ' કાવ્યમાં જાતિનો વિશિષ્ટ પ્રયોગ છે. રાષ્ટ્ર માટે '' આ રાષ્ટ્ર પંડિત હતો' કહી નર જાતિમાં તેનો ઉલ્લેખ કરે છે. વળી ગરિમાના અર્થમાં નિર્ઝરિ શબ્દ પ્રયોગ પણ આ પ્યો છે. દા.ત.

૨૩.''નિર્ઝરિ સિધ્ધિ સહુને સહેજે સમપી''

તેમજ વતના નું બઠિયો હિન્દી ગ્રામ્ય પ્રયોગનું પ્ર ગુજરાતીકરણ કર્યું છે. સરદાર પટેલના અવસાનથી બારસને પડેલી ખોટ અને ખેદને બ.ક.ઠા. 'સરદાર સિધાવતાં બારસનો વિલાપ' ૫૫-૧૨-૫૦ માં કહે છે કે

''વલ્લભ ? વલ્લભ ? ત્હને જોઈ ચૌ સંત ઝૂલતાતા.

હરી ? હરી ? સરદાર હર્યો અમ વજૂદડાર ગોખ્તા.

ભારત કેરો કોણ હવે તોફાન ધરા વે ઝાલા-જેમી ? હજી ?

kalpana's

સરદારને આપેલી અંજલિમાં સમગ્ર ભારતની લાચારી કવિ વ્યક્ત કરે છે. પરંતુ ન્હાનાલાલના અસાનથી ચકળાઈ ઉઠેલા બ.ક.ઠા. શોકની તદ્દન જુદી જ અભિવ્યક્તિ આપે છે.

''મૃત્યુ રે ? હશે જ કાનસાન રક્તિ યે ત્હને ?
વિનંતિ સાંભળે તું શું ? કદી તું શું કહ્યું કરે ?
પક્ષ નાખતા તું શું જુલે ચિકારની ગમે ?
તું જાણતો શું બાળ વૃદ્ધ ભેદને ?
તું પ્રીછતો શું કવિ-અકવિ મોહબધ્ધ-મુક્તને ?
કૂર-સૌમ્ય , મિષ્ટ-કટુ ચાપતો તું ત્વરિત-મંદ તાહરી ધુને ?
તું હું સજજ બોલ ગેબ ઘડિ જ તુજ ?
દાખું ધર્મ, ધર્મ્ય હણું, ચૂકવી દઉં ગણેલા મોકલે મને''

'ન્હાનાલાલ કવિ ગિયા તેના સમાચાર મુંબઈમાં મળ્યા તે રાતે' બ.ક.ઠા. મૃત્યુને સંબોધી આક્રોશભરી અભિવ્યક્તિમાં એમ ચૂકતે છે કે ન્હાનાલાલનું મૃત્યુ એ મૃત્યુનું યોગ્ય કર્મ નથી એ પણ ચકળાઈને રૂપે વ્યક્ત થતી શોકની જ એક અભિવ્યક્તિ છે. આ ઉપરાંત 'સ્વ.મૂહાદેવભાઈનો' 'ઈબો હવે નિષ્ફળ ચક્ર મારાં'', 'ઓ ગાંધી, સંત સુજાણ', એને સ્મારક શા ને સમાધિય શી ?'' જેવા કાવ્યોમાં વિરામ ચિહ્નોમાંથી મળતી અભિવ્યક્તિઓના પ્રયોગો મળી આવે છે. 'પૂજાલાલ કૃત 'કજૂડા શંકર ભટ્ટને' સકળ શાસ્ત્ર વિશારદત્વ, ચિચ્ચિ'તનો' બ્રહ્મ તત્વ વિમલાત્મવિત્' તેમાં સંસ્કૃત અર્થ સંદર્ભ છે તો 'લાલ તર્પણ' કાવ્યમાં શહાદત, શહિદનો સેતુબંધ, ગિરિજાશંકરી હૈયું ઉલ્લેખનીય છે. ઉશનસ 'શંકરી છટા' જેવા પ્રયોગો કરે છે. પ્રસન્ન વદારા સહાનુભૂતિ વ્યક્ત કરવાની એક છટા, 'ત્રિકમકાકા' કાવ્યમાં 'તમે કાં હ્યાં જન્મ્યા ? વદારા તમે આ નગુની પ્રજામાં ના જન્મ્યા હોત તો સારું થાત જેવા અર્થમાં ગહીના અર્થમાં હ્યાં લોકબોલીનો પ્રયોગ છે. વિશેષમાં વદારા પ્રતિકૂલ અભિવ્યક્તિનું દૃષ્ટાંત

kalpana's

નલિન રાવળકૃત 'જયંતિ દલાલની પ્રથમ પુણ્યતિથિએ' માં (બનારસનું બનારસીની જેમ) હાસ્યરસનું હાસ્યરસી' વિશેષણ કરે છે. ~~કહ્યું~~ કહ્યું'ના અર્થમાં 'કીધું' ક્રિયાપદ બદારા ખબરદાર પારસી લોકબોલીની લક્ષણ વ્યક્ત કરે છે.

૨૪.''પણ માન હવે રહુ તે ગહીં કીધું કહ્યું ''

સુનાત્મક છતાં સચોટ અભિવ્યક્તિના દષ્ટાંત તરીકે ...

૨૫...''તમ આશ અમે એ પ્રકાશ વિશે જડિયે'' કહી કવિ એમ સૂચવે છે કે એ દૂરના દિવ્યપ્રકાશમાં અમારી આશા જડાયેલી છે. એની પ્રાપ્તિ માટે તું પંથ બતાવ. 'મલબારીનો આત્મા' કાવ્યમાં ખબરદાર વર્ણસગાઈ બદારા લયસાતત્ય જાળવે છે.

૨૬.''પડતા મલયના પડ્યા પશ્ચિમમાં ખખડાવે ચમકીદાર''

અભિવ્યક્તિના દષ્ટિએ કેટલીક નોંધપાત્ર પંક્તિઓમાં

''હિન્દમૈયાના દીન હૃદયની શુધ્ધ બન્યો તું ખાણ'' ગણતા ''સ્વામી શ્રધ્ધાનંદ' કાવ્યમાં કવિ કહે છે તેમ...

૨૭.''ભડભડે ભડકા ઉડે ગગનમાં ભારત ભડકી ઉઠે ''

જેવી પંક્તિઓમાં તાદૃશતા, વર્ણસગાઈ, અંત્યાનુપ્રાસનો ~~સમન્વય~~ સમન્વય છે.

અભિવ્યક્તિમાં વિરામ ચિહ્નોના મહત્વના કાળાની સાથે રૂઢિપ્રયોગો અને ઝડઝમક્ત્કાળા રચનાઓ પણ મળી આવે છે. દા. ત. મૂશળમાં ડાળી ફૂટી,''લડતા ભ્રાતા શું પ્રિય ભ્રાતા ?'' પ્રાણ વર્તવી કરતાં પણ નીચેની કાવ્યકંડિકા સુંદર દષ્ટાંત વ્યક્તિત્વનો પરિચય આપે છે.

૨૮.''કોડો કેરા હૃદય વિસામા,લાખોની લાખેલી લાજ
ઘીખે ઘગઘગ જેનું રહ હૈયું, નિશદિન માનવ બાંધવ માર

kalpana's

પેટ ભરી મૂઠી અન્ને જે, ઘૂસે તૂટી ઝૂંટી ખાટ
જેનો કોળ ઉઘો જા સામે, બારસ રૂક્ષક ચાલ્યવિરાટ''

ગાંધીના વ્યક્તિત્વનો આ પરિચય સચ્ચાઈના રસકાવાળો છે.

ગુરુએ અભિવ્યક્તિ માટે બબરૂઢારે નર્મદને આપેલી અંજલિ છે તેમાં કવિ પ્રાસ ચાતુરી વડારા નર્મદનું વ્યક્તિત્વ વર્ણવે છે. દા.ત.
ચેકીલો.....ટેકીલો, હીરલો,.....વીરલો, સુરનર્મદ.....વી સનર્મદ
એમાં પાનનિમૂલિ, વ્યક્તિત્વ વિકાસ, પ્રાસચાતુરીના ત્રણેય ગુણો સાકાર થાય છે. વેણીભાઈ પુરોહિતની લાઘવની કલાનો નમૂનો સ્વ.મોહનલાલ સૂચક છે. એમાં ચેકલના, વિયોગ, ચાલ્પીક્ષા ની ભાવચ્છાયાઓ પણ ઉપસાવે છે. બન્ને કાવ્યોમાં વિવિધ દષ્ટાંત,વાક્યરચના, લય,ઉદ્ગારો, પ્રાસચાતુરી, લઘુગુરુની ઉચ્ચારની ઉલ્લક, જેવા વિવિધ ગીત કાવ્યગુણો પણ અભિવ્યક્તિમાં પોતાનો યત્કિંચિત્ કાળો આપે છે.

'ગયો જે હું ગણોકમાં' કાવ્ય શોક કાવ્ય ઉપરાંત મૈત્રી કાવ્ય પણ છે. એમાં જન્મમરણના બંધનનો ભય, હિન્દુ ધર્મની માન્યતાઓ મૈત્રી વિષયક ચિંતન વિરોધાભાસ, રૂપક કાવ્યના સારા તત્વો છે. કવિ કહે છે. 'રે ગીત ભંમે,પણ કોણ જંપે ?! માં વિષાદ સંગોટ અને વિરોધાભાસથી વર્ણવ્યો છે પાઠકનું ગીત કાવ્યમાં જીવનતુમ્બરની સુર તુલના સુંદર છે.

શોકોર્મિકવિતામાં અભિવ્યક્તિનો આશય શો કવિ ભાવાભિવ્યક્તિનો હોવો જોઈએ. વિષાદ કે શોકના વિવિધ ભાવો લાઘવ યુક્ત રચનાઓમાં કોઈ એકાદ રૂપે તો દીર્ઘકાવ્યોમાં અનેક રૂપે મળી આવે છે. 'દાદા' કાવ્યમાં શોકની અભિવ્યક્તિ માટે દાદા વિનાની બાલીપો બતાવવા માટે, સન્નાટો, ભય, ચમત્કાર્ય, અને રૌદ્ર રસ પ્રકૃતિને નવું જ રૂપ આપે છે.

૨૯. 'આવે વાવીતી જે કુંજે, વરદાયિની વસન્તને
ચૂકા, પીળાં, બરેલાં ત્યાં પાંદડા ચાવડી રહ્યાં

kalpana's

ચાર્યે કોરેલ માગોને, ચરોડાં ચાવરી રહ્યાં
તેમાં ભમી ભમી વાયુ ઘડીમાં ઝૂલાસ્થથી
ઘેલાં શી ઘૂઘવે પાછો , ઘડીમાં ઘુસ્કા ભરે''

X X X X

ગીકાતી સ્ત્રી ઝડીઓ તીખા, ચપાટા શૈત્યના અને
ગિષ્મની વહ્નિ ઝાળોના સહી દુઃચહ ચટકે ''
વાધતો વાધતો ચાલ્યો, દાદાજી વડ ચાપની
તિતિક્ષા તપનાં મૂર્તિ, દલમૂલ બની રહ્યો''

દાદા વિનાનો ઉકલાટ મંકુલિના માધ્યમથી તાદૃશ કરે છે. 'શબ્દનો ઋષિ' ચિત્રાત્મકતા, ભાવાભિવ્યક્તિ, અને ગંજલિની કલાત્મકતાની ચૂંથણી માટે નોંધપાત્ર છે. ગઝલ કાવ્યપ્રકાર તરીકે શોકોર્મિકવિતામાં સવિશેષ નોંધીજાય છે.

કાન્તને અપાયેલી અંજલિઓમાં બબરદાર, સુરેશ દલાલ અને મજારામ રાવળની કાવ્યબાનીમાં ઘણું સામ્ય જોવા મળે છે. કાન્ત શબ્દના પ્રાધાન્યે પ્રાસચાતુરી, શ્લેષ, ભાવાર્થના સંકેતનું સામ્ય બધા જ કવિઓની કૃતિઓમાં છે. પણ મજારામ રાવળના કાવ્યમાં વિશેષ કાવ્યગુણો મળી આવે છે. કૃતિઓ બદારા કાવ્યગુણોનો કાન્તની કવિતામાં નિબાર વર્ણવતાની મજારામની કલા કાન્તને અપેલી અંજલિમાં સુંદર છે 'દેવયાની' ના રંગોની સુશ્લિષ્ટતા, 'વસંતવિજય' બદારા કવિતા સર્જિત સૌંદર્ય રંગો સાગર અને શશી' મ ના જલધિદલની પ્રફુલ્લતામાં કાવ્યની પ્રફુલ્લિતતા વર્ણ વાતાવરણનો સંદેશો પામી દે છે. શ્લેષની સાંકળી બદારા કૃતિનો ઉલ્લેખ તેના પાનબદારા કાવ્યગુણો સાબિત કરે છે. જેમ કે કાવ્યાંગો 'દેવયાની' જેવાં સુઘટિત છે. વસંતવિજય જેવા કાવ્યના બાલો ભિન્ન રંગો છે. ચિરલાવણ્યમયી કવિતાનું કારણ લલિત કોમલ પદાવલિ છે. અભિવ્યક્તિ અને રચનાકૌશલના આ વિશિષ્ટ ગુણને કારણે મજારામની કૃતિ વિશેષ કલાત્મક લાગે છે.

kalpana's

શબ્દપ્રયોગોની શોકોર્મિમાં વિવિધતા છે એના સંબંધવાચક દૃષ્ટાંતો મળે જ એમ છે. જડતા, જંઘમાન્યતા અને મંદતા આમ તો ત્રણેય શબ્દો જુદા છે. પણ તેની ચમત્કાર છાપ ઉપસી આવે તેવો એક અનોખો પ્રયોગ 'જાડ્યમાંધ' સુંદરજી બેટાઈ 'જાગૃતિ ગંગામાં આપે છે. ઘુંઘટમાં રહેનારી સ્ત્રી સમાજમાં આગળ આવી તે ગાંધીજીએ વહાવેલી જાગૃતિગંગા' હતી. તે સંદર્ભમાં કવિ આ શબ્દ પ્રયોજે છે. એજ પ્રમાણે 'હવે' ના અર્થમાં છંદની જાળવણીના હેતુથી 'હાવાં' શબ્દ વાપર્યો છે. ર.વિ.પાઠકના પૂર્વવિધાનના ઉપોદ્ઘાત પણથી કાન્તનો ખુલાસો પણ મળે છે કે ઉ૦''હું પુસ્તકાલયમાં જોઈ આવ્યો, સારા કવિઓએ વાપર્યો છે. એમાં બધે પ્રયોગ પ્રત્યેની ચલાનતા અને ઓકસાઈ દેખાઈ આવે છે. બ.ક.ઠા.ના શબ્દ-પ્રયોગો ઉચ્ચાર પ્રમાણેની જોડણીને વધેલા લાગે છે. દા.ત. ''ગાંધીજી, નામ તમે શું જોર'', હવું, રાક્ષસ હું નિર્ધાર, મેળમાર્ગ ધૂંકનારમાં હિન્દીના ધૂંકનાનું રૂપાંતર છે તો ''કરમકટલાની કીકર ના''; પિયે પય અદ્વૈતનું કુણુ માતબોળે જિહાં'' જેવી સ્વભાવોક્તિઓ પણ મળી આવે છે. અવસર છોડી જનાર, દગો દેનાર, માટે અવસર ખૂટી જનારના અર્થમાં ''ખૂટથો ખૂટલ'' મૌલિક શબ્દ પ્રયોગ છે. છંદ, લય અને શબ્દ રચનાના વિવિધ પ્રયોગો બ.ક.ઠા.ની કવિતામાં ઘણા મળે છે.

'પરણ્યો કે પત્ર' હીરાબેન પાઠકની પત્રકવિતા છે. કલ્પન પ્રશસ્તિ કાવ્યના બધાજ લક્ષણો ધરાવતી કવિતામાં કવયિત્રી વિયોગ-પત્નીત્વ, સ્મરણો, શોક, વ્યાકુલતા, મંથન, શાંત્વન, આશ્વાસન, સમાપનની તેજ-છાયાઓની ભાત ગૂંથે છે. તેમાં રુદન, ગ્લેય, સ્પર્શ, ઝંખના, રોમાંચ, મિલનના-સંભારણા, પણ શિષ્ટ રીતે આલેખાયાં છે. સંવાદની છટાઓ શૈલીમાં છે પણ એ તો સંવાદનો ભ્રમ જ છે. બાકી એકલતામાં ઝૂરતી કવયિત્રીની એકોક્તિ જ છે. વાતચિતના ઢબેકામાંથી કવયિત્રીને સંવાદનો ભ્રમ સર્જ્યો છે. એ બદારા પતિનું સ્વભાવચિત્ર આલેખી દે છે. એમાં

kalpana's

દેખાતો પ્રત્યક્ષભાવ શૈલીની ખૂબી છે. આમેય વિયોગીઓ માટે ''.....પત્ર જ હૈયું ખોલ્યાનું સ્થાનની પ્રતીતિ કરાવે છે. જરૂર જણાતાં લાઘવનો ખ્યાલ રાખીને કવયિત્રીએ દાંપત્ય અને સહજીવનનાં ભાવના ચૈતન્યનાં, આદર્શ આર્ય સન્નારીત્વ અને વિયોગ, શોક વર્ણવ્યા છે તેથી ચમત્કૃતિ વધારે ચોટદાર તેવું બને છે.

૩૧.''દિન આખો પત્ર લિખ્યા, અસ્વસ્થ થતાં છેક
લખો ને જો ન પામો ઉત્તર - તે હજી બાકીનું દૂર ગયા પછી
કેમ હું કે પત્ર ચાલ્યા નથી ?
તમને લખ્યું છે
ધૈર્યદાન વહી ?''

એમાં વ્યંગ અને ઉત્કટ વિરહ બન્ને છે. હીરાબેન પાઠક કારણ કેના અર્થમાં કાં.....કે પ્રયોગ વાપરે છે જે વિશેષતા છે. કારણ કે માત્ર 'કાં' નો અર્થ ક્યાં પ્રચલિત છે તેમાં અર્થવિસ્તાર કવિ બતાવે છે શૈલીમાં સર્વત્ર બન્નેની - કવયિત્રીની લેખક પ્રત્યેની બારોબાર આત્મીયતા અને નિકટતા, તેનું જમાપાસું છે. ૩૨.''રાત શુક્લ કૃષ્ણ પક્ષ નિર્ગમન'' જેવાં પ્રયોગો ખાસ ધ્યાન ખેંચે છે. ૩૩.પત્રકવિતામાં પત્રની જેમ તેમાં વિવિધ ભાવ આવે તો પણ તે બધા સંગત સ્નેહમાં સંવેદનના વિવર્તો રૂપે હોય તો જ કાવ્યલેખે ઊર્મિકવિતા લેખે સ્વરૂપ પામે. પત્રકવિતાની શૈલી આત્મીયતાના ચંદરવાળી હોવી જ જોઈએ. પદાવલિ સીધી, સરળ, પારદર્શક, ભાવસંપૃક્ત અને સ્વભાવિક હોવી જોઈએ... હીરાબેનનું પ્રદાન તેમાં સવિશેષ ગણાય તેવું છે.

ચમત્કૃતિમાં અનન્ય શબ્દોનું વિનિયોજન ખબરદાર અને કાન્ત તેમજ ઝવેરચંદ મેઘાણીની જેમ બ.ક.ઠા. પણ કરે છે. 'ચ.ચો.નર્મદા બંદૂ' કૃતિમાં બ.ક.ઠા.'ઝિદલ' શબ્દપ્રયોગ કરે છે તેનો પ્રચલિત અર્થ ચિત્રિત

kalgarc'

છે પણ કવિ કાન્ત માટે કવિ કહે છે કે હું, તારા પત્ની અને તમારા બન્નેયનો હું ભિન્ન એમ ત્રણ હૃદયનો અર્થ સૂચવે છે. 'જલતરંગ' શબ્દ પણ જે રીતે પ્રયોજે છે તેમાં શ્લેષ વાપી શેકાર જલ-તરંગ અને કરીવાર જલતરંગ અર્થભેદ સૂચવે છે. પંક્તિમાં પ્રાદેશિકતા, કાઠીયાવાડી ઝાર ક્રિયાપદોમાં ઉતારે છે. દા.ત. કરસા-કરાવતા ની જેમ ચહ્યું-ચહ્યું કરે છે.

૩૪. ''ચુપ દુઓ ચરતા ચહાના
નિદલ હૃદય ચેક્ષ બીલ્લતા
જલતરંગ પર નોર્ય ચાંતા.....તરયું ન્હાની''

વળી શરીરના અર્થમાં 'ડિલ' શબ્દ વાપરી કહે છે કે.....

૩૫. ''ડિલડિલ ધ્રુજ થ ઘરી જ ગમ્મર ''

શબ્દસૂઝ માટે ન્હો સુરેશ દલાલ, મજારામ રાવળ, પિનાકિન ઠાકોર, ધીરુ પરીખ પણ પ્રતિનિધિરૂપ છે.

અભિવ્યક્તિના બાગરૂપે શોકો ર્ંકવિતાની શૈલીની વિવિધતા અને તેમાં અલંકારો, ઉપકરણો, પ્રયુક્તિઓ, - બ્રુચોક્તિ, વિરામ ચિન્હો, શબ્દ પ્રયોગો, લાઘવ, પ્રશ્ન પધ્ધતિ જેવી વિવિધ ટેકનિક્સ અને પ્રયોગોની અજમાયશ જોઈ. બે રીતે બંધારણીય પ્રયોગો પણ થતી રહ્યે છે ઘણા કવિઓએ પેટ્રાર્કિન, શેક્સપિરિયન અને મિલ્ટનશાહી સોનેટ લખ્યાં છે. ઉશનસ્ ર્ંકઠાં સ્નેહરશ્મિ તો ઘણા સોનેટ આપે છે. એમાં 'સ્મરું' સહભાગ્ય કે'' એક સુંદર પ્રયોગ છે. કવિ તેમાં અષ્ટકને તોડે છે. અને અષ્ટક + ષટકને બદલે પંક્તિક્રમ જુદો પડે છે. અષ્ટક + પાંચ પંક્તિ + ત્રિપદી ગોઠવી અષ્ટકનું બુદ્ધિપૂર્વક વિભાજન કરે છે. છેલ્લી ત્રિપદીમાં ભાવની ચરમ સીમા આપે છે શોકોર્ંકવિતામાં સોનેટનો આ બંધારણીય સુધારો પ્રયોગશીલતા ગણાય.

Kalpana's

રચનાકૌશલ કાવ્યની ભાવાભિવ્યક્તિની સફળતાનો આધાર છે. કવિ પોતાની સ્વાનુભૂતિ પ્રમાણે કાવ્યરચના કરતા હોય છે. એક જ વિષયને વિષય કે પદ્ય પર આપણને જે વિવિધ કાવ્યસ્વરૂપો અને કાવ્યપ્રકારો મળે છે તેમાં રચનાકૌશલ્યનું વૈવિધ્ય જ છે. જ્યાં કવિ દૃશ્ય, ભાવ, પ્રસંગ રસ, પાત્રાલેખન, જોકને ચમત્કૃતિ પ્રયત્ન કરતા રહે છે અને વ્યક્તિગત કવિતાને પ્રભાવિત કરી દે તેવું હીર તેમાં ઉતારવા મથે છે માટે જ કેટલાક કવિઓની કોઈ એકાદ કૃતિ ચિરંજીવ બને છે. જેમાં કોઈ પ્રયોગ, કોઈ નવો અભિગમ, કોઈ માર્મિક, કોઈક ભિન્નતા કોઈક અભિનવ ઓજસ નાખી નૂતનતા બક્ષે છે. એક રચનાથી બીજી રચનામાં કોઈક ભિન્નતા જેજ રચના-કૌશલ છે.

શોકોર્મિકવિતામાં રચનાકૌશલમાં આલેખનનું કૌશલ્ય સ્વ. મટુભાઈ કાવ્યમાં વિશેષ છે. મૃત્યુ ગમગીન શોકનો પ્રસંગ છે તેમાં કુદરતી ઉપકરણો કે સજીવારોપણ અલંકાર જેવા કોઈપણ માધ્યમથી વધુ ગમગીન બનાવવો એ કદાચ સરળ હશે. પણ મૃત્યુને તેના કરતાં ગમગીની કાઢી પ્રભાવશાલી દર્શન આપવું તેમે વધું ઝાકળનું બનાવવું તેજ ઉત્તમ કવિકર્મ, કાવ્ય માટે કવિને નહીં - રુમેલો ધ્યેયાનુ હજી ત્યારે પણ કુદરતના અન્ય સૌંદર્ય ભેટલો મોભો પામ્યો નથી ત્યારે આજથી ઘણા ~~xxx~~ વર્ષ પહેલાં ઝાકળનાં મૃત્યુની બહોરે સુંદર કલાત્મક, કાવ્યાત્મક બનાવે છે જેમાં મૃત્યુનું માંગલ્ય પ્રસ્થાપિત થાય છે. રુચિકર લાગે છે. શોકને અવરોધક બનાને બદલે વધારે ગમગીન કરે છે. છતાં ક્યાંય કવિ કે કવિતા ઝાંખા પડતા નથી કાવ્યપંક્તિમાં કહે છે કે આકાશ, ધરતી બધું તગતગે છે. જેજ હિંડોળામાં, બપોરના કિરણોમાં ન્હાલતો વીરો તો ચાલ્યો અને ~~xxx~~ અહીં આપણી ઉપર અંધકારના ઓછાયા ઉતર્યા છે.

૩૬...ઝાકળના બપોરના ઝૂલા
અદ્રશ્ય તારા બાગ્ય ઉઘડ્યાં

સૂરજ દેવે કિરણ મોકલ્યા
દીઠી જ્યોતિ ચક્ષુ ચૂનંદની રે.....
મેતું ચાલ્યો કેરવી નેણ જો.....મધુરા પંથ રજો તુ જ વીરલા ૨
વીરા પ્રભુ પાદમાં મંગલ ધ્યે રે.....
અધૂરાં ભાગ્ય ગમારાં પૂ પડે રે.....

રચનાકૌશલની કલાની દૃષ્ટિએ શોકોર્મિકવિતા અંતર્ગત 'ગાંધી સંત સુજાણ' કાવ્ય વિશેષ છે. ગાંધીના કાર્યોદ્ધ, સ્વભાવ અને વ્યક્તિત્વને ઉંડારવામાં આ કાવ્યનું રચનાકૌશલ ખાસ ધ્યાન ખેંચે છે. દરેક કાવ્ય-કંડિકા સ્વતંત્ર મુક્તક જેવી રોનકદાર છે અને કવિતાની સેરમાં પણ માર્જિની પ્રચુર, ભાવસભર લાગે છે. વળી ગાંધીનું વ્યક્તિત્વ તબક્કાવાર ક્રમિક રીતે વિકસતું લાગે છે. ભૂમિતિના પ્રમેયની જેમ પ્રયત્નપૂર્વક સિધ્ધ થતા સિધ્ધાંત કરતાં સહજ ભાવે ઉઘડતું વ્યક્તિત્વ સ્વભાવિક લાગે છે. જેમના ગુણો તેમના કાર્યમાંથી સિધ્ધ થાય છે તેથી વાહી વાપવી પડતી નથી. કવિનું રચનાકૌશલ જેટલા પૂરતે પ્રભાવિત કરી દે છે કે કવિ વાસ્તવિકતાથી ભરપૂર એક સમસ્યા માર્મિકતા વર્ણવે છે અને જેનો સાચો ઉકેલ આપે કોણ ? જેના પ્રત્યુત્તરમાં "ઓ ગાંધી સંત સુજાણ" સિધ્ધ કરે છે. પરિસ્થિતિના મંથનમાંથી નિપજેલાં મોતી ગાંધીના ગુણો અને બે ગુણોનો સમન્વય ગાંધીનું વ્યક્તિત્વ છે. ગાંધીના અવસાન નિમિત્તે લખાયેલાં કાવ્યોમાં બે દૃષ્ટિએ આ રચનાકૌશલ સવિશેષ છે જેની સરખામણીમાં બધા કાવ્યોમાં આલેખન નિરસ, વૃત્તાંત દોષ અથવા લાઘવ દોષવાળાં બની જાવે છે. કાવ્યમાં વિષાદ, માર્જિની અને સંકલનની તેમજ રજૂઆતની કલાગૂઢ કવિને યશદાયીની નીવડે છે. જેના જેવાં બીજા કાવ્યોમાં "જેને સ્મારક શા ને સમાધિ લેખી ?" "બંધો હવે નિષ્ફળ ચક્ષુ મારા"., કાવ્યોમાં વિષયવસ્તુનો ઉઘાડ ચમત્કાર-જનક રીતે થતો હોવાથી તેમાંથી વાગતો શોક ચમત્કારજનક અને દિગ્મૂઢ કરી દે તેવો છે. શોકની ભાવાવિષ્કૃતિની સચોટતાનું રહસ્ય તેમજ

kalpana's

કવિતાના આસ્વાદ ગુજરું રહસ્ય પણ જેજ છે પ્રચલિત પંક્તિના ભાવમાંથી કાવ્યના સંદર્ભનું અનુસંધાન આપી નવા ભાવની અભિવ્યક્તિ આપવાની કલા કવિકૌશલ છે. કવિકૌશલનું બીજું દૃષ્ટાંત-ચાકળિક, ભાવ, તરબોળ, જીવંત, તાદૃશ શબ્દચિત્રો, રજૂ કરવાની કલા પણ છે. વ્યક્તિત્વના આલેખનમાં રચનાકૌશલને કારણે જ વ્યક્તિવિશેષ સાથે ભાવ-ક્ષ તાદાત્મ્ય અને નિકટતા સાધી શકાય છે. કાવ્યનો ભાવ તેથી જ માણી શકાય છે. રચન ભાવાભિવ્યક્તિ અને શબ્દચિત્ર કે ઉદાહરણની કલાપણ વ્યક્તિત્વના આલેખન માટે પોષક છે 'કવિ ન્હાનાલાલને' કાવ્યમાં ન્હાનાલાલને અંજલિ આપતા કહે છે કે.....

૭૭..''ગુર્જર કુંજના મોરલા, શબ્દ પદમમાં વાગી સ્વરીની ગર્જના'' એ કાવ્યમાં લહેરાતા સાગરનું દૃશ્ય પણ સુંદર વર્ણવાયું છે.

'ગાંધી સંત સુજાણ' માં સાત કડીઓમાં વ્યક્તિત્વનું સપ્તરંગી મેઘધનુષ રચે છે. જેમાં પ્રથમ ગાંધીની ઓળખ, ત્યાનિષ્ઠ હૈયે પ્રભુને પ્રાર્થના, રણમાં સ્વાહોલ ઝીલી ઝરતું, અને જેમાં આશાનું કિરણ, બીજા કાવ્યભાગમાં નૂર વગરનું શબ્દસ્વ પ્રજા જીવન અને સમાજદર્શન, તેમાં ગાંધીનું પ્રદાન, ત્રીજા કાવ્ય ભાગમાં દેશભક્તિ, રાષ્ટ્રીય ચેતના, રાષ્ટ્રીય ચેતના, બંધુત્વ જેવા વિવિધ ભાવોના ઝભાવમાં ઉત્થાન કર્યું તે જાણે મૂઝળમાં ઝળી ફૂટી જેવું લાગે, ચોથા કાવ્યભાગમાં ગુરુકીરતાના લક્ષણો, ગાંધીજીની વીર તરીકેની ઓળખ, પાંચમાં કાવ્યભાગમાં, ગાંધીની લોકચાહના,' 'કોડોના હૃદયવિસામો' છઠ્ઠા કાવ્યભાગમાં સત્ય, અહિંસા, પ્રેમની, મૂર્તિનું પ્રસ્થાપન, સાતમા કાવ્યભાગમાં અંધકારમય ભારતમાં ૩૮''નવ ભારતનો પ્રાણ..... એ ગાંધી સંત સુજાણ' કરી ગાંધીમાં સાગર વચ્ચે દીવાદાંડી' સમા ઉત્તમ માનવ બાંધવ હતા આઠમા કાવ્યભાગમાં ગુણવાન પયગંબર, સપ્તરંગી રચનાકૌશલ દ્વારા ગાંધીની બહુમુખી પ્રતિભા કવિ વિકસાવે છે. આજ પ્રમાણે કસ્તુરબા, સરદાર પટેલ માટે પણ જાહેર

kalpana's

સેવાકાર્યો'' ના બહીરંગ માંથી કૌટુંબિક સ્વજન જેવી આત્મીયતા સિધ્ધ થતી હોય તેવી અનુભૂતિ કરાવે છે. અભિવ્યક્તિમાં રચના કૌશલનું આજ ઉત્તમ પ્રદાન છે કે સ્વજન માટે તો આત્મીયતા હોય જ જાહેર જીવન જીવતી વ્યક્તિ માટે શોકની ઊંડી લાગણીની સચ્ચાઈ આત્મીયતા વિના શક્ય ના હોય તો જાહેર લોકસેવાના કાર્યો કરતા મહાપુરુષો માટે આત્મીયતા કૌટુંબિક સ્વજનથી જુદા રંગના કદાચ એ જ માનામાં ઉતારવા માટે રચનાકૌશલ એક ઉત્તમ માધ્યમ છે.

જ્યારે એક જ વિષય અને એકજ ઉપકરણ હોય ત્યારે તેમાંથી નોખી અભિવ્યક્તિ મળે ત્યારે તે રચના કૌશલની સિધ્ધિ બની જાય છે. આકાશી દૃશ્યોની સજાવટ સ્નેહરશ્મિ, ન.ભો.દિ. જેવા અનેક કવિઓ કરતા હોય અને તેમાંય મૃત્યુના વિષયનું મૃત્યુના વિષયનું સામ્ય હોય ત્યારે કવિ પ્રતિભા અને રચનાકૌશલના ઓજસ તેમાં જોવા મળે છે. આકાશી દૃશ્યોની સજાવટ ન.ભો.દિ. 'અકાલ મરણ', 'એક બાળકીના મૃત્યુપર' , અને 'ગોવર્ધનભાઈ' માં કરે છે તો સ્નેહરશ્મિ 'ઋ 'અમરગંથ'માં કરે છે. 'સ્વપ્ન' માં પણ આકાશી દૃશ્ય છે. 'અમર પંથ' માં કવિ કહે છે.

૩૯...ને પોઢ્યો જે ઝાલ નભના નીલદોરે વિતાળે''

''સ્વપ્ન'' માં કવિ આકાશી દૃશ્યમાં કુતિગમ્ય આલેખન આલેખે છે.

૪૦...'.....સ્નેહની શાંત કુંજે,
જાગી ગાનો લલિત મધુરાં પુષ્પ નો બાળ ગુંજે
તેની મીઠી હલક હલકે, સુપ્ત સૌ તાર જાગ્યા
મુજે મારે હૃદય સહસા, છેદના છંદ જાગ્યા''

ત્યાર પછી મૃત્યુ એક આકસ્મિક ઘટના તરીકે મૂકી તેનો આઘાત અને ખેદ તેમજ હતાશામાંથી કરુણતા વર્ણવે છે. માંગલ્યમાંથી આઘાત, આનંદ-માંથી શોક અને ઉલ્લાસમાંથી વિષાદને વળાંક આપતું રચનાકૌશલ કાવ્યને કરુણ રંગે રંગી દે છે. ..૫૮૨..

kalpana's

શોકોર્મિકવિતાને લઘુવિરહોર્મિ પ્રકારની ઊર્મિ કવિતાના વર્ગની ગણી શકાય તેની અનેક લાક્ષણિકતાઓ તપાસ્યા પછી ઊર્મિકવિતાના લક્ષણોમાંથી જ સહજોદ્ગારની દૃષ્ટિએ તપાસીએ તો ઊર્મિકવિતા ..... સી.ડે. લ્યૂઈ કહે છે તેમ તે ૪૧.''કવિતા હૃદયનો સીધો ઉદ્ગાર - A cry straight from the heart' બને છે'' એ રીતે આત્મલક્ષી અનુભૂતિનું એજ માનામાં પ્રાકટ્ય ઊર્મિકવિતા છે. તેથી તેમાં અન્ય કૃત્રિમ માટે અવકાશ જ નથી. કારણ કે ૪૨.''..તે..... મૂળ ભાવાવસ્થાની લગોલગનો આત્મીયસ્પર્શ - 'immediate' - ઉદ્ગાર બને છે.....કવિની અનુભૂતિનું ચિદાવસ્થાનું નિર્ભેદ્ય પ્રાકટ્ય તે ઊર્મિ-કાવ્યનું જીવિત.....'' સહજોદ્ગાર માટે ઊર્મિની ઉત્કટતા જરૂરી છે. અનુભૂતિ ઝાઝું તેટલી જ માનામાં લાંબો સમય ટકતી નથી પછી તેનું પોત પાતળું પડતું જાય તેથી તેની અસલિયત ઓળખાય. ક્વચિત જે જે કારણથી ઊર્મિકવિતામાં લાઘવનો આગ્રહ રાખતો હોય તો તે અસ્થાને નથી અનુભૂતિની ઉદ્ભવથી તેની સચ્ચાઈનો કાળ એટલે ઊર્મિકવિતાનો અંત હોવો જોઈએ. ૪૩.''આ દૃષ્ટિએ ઊર્મિકાવ્યનું સર્જન એ અનુભૂતિનું સર્જન છે. ૪૪.''.... આ દૃષ્ટિએ વિચારતાં એક નાનકડા દેખાતા ઊર્મિકાવ્યનું સર્જન કેટલી મોટી શક્તિ અને સજ્જતા માંગી લે તે સમજાશે.'' અને આ અનુભૂતિની આ જ ધોરણે થતી અભિવ્યક્તિ ઊર્મિકવિતા છે. તેથી અભિવ્યક્તિની ચમત્કૃતિ કે ચોટનું રહસ્ય અનુભૂતિની સચ્ચાઈ કે અસલિયત જ છે. આવા આદર્શને વરેલી અભિવ્યક્તિ પ્રૌઢત્વકક્ષા સાધી શકે. શોકોર્મિ-કવિતામાં શોકની ઊર્મિનો સહજોદ્ગાર હોય અને તેમાં વિષાદ કે વ્યથા, વિરહની અનુભૂતિની સચ્ચાઈનો રણકો અભિવ્યક્તિમાં પડઘાતો જોઈએ. પ્રૌઢત્વકક્ષાની ઝાંખી થઈ શકે અથવા કોઈક અભિવ્યક્તિની નૂતનતાના દર્શન થાય તેવા પ્રયોગોના દૃષ્ટાંતો નોંધવાનો આશય આ દૃષ્ટિએ અયોગ્ય નથી. વિષાય, ભાવ, પ્રસંગ, અભિગમની નૂતનતા, રજૂઆતનો નવો ઉપક્રમ પ્રકારગત મળી આવતું નાવિન્ય, વિશેષ નોંધનીય

kalpana's

ઉલ્લેખોની દૃષ્ટિએ કેટલાક ઉદાહરણો આપવાનો અહીં ઉપક્રમ છે.

મધ્યાહ્ન ઘણાં ઓછા કવિઓની કવિતામાં ઝીલાયો છે અને તે પણ મહદંશે અર્વાચીન ગુજરાતી કવિતામાં, અને તેમાંથી કોઈક કવિતામાં મધ્યાહ્નના આલેખન દ્વારા ભાવાભિવ્યક્તિની ઋરકારતા સિધ્ધ થતી ઝણાય છે તેની સરખામણીમાં બબરદારે 'ચં. મટુભાઈને' આપેલી અંજલિમાં મધ્યાહ્નનું સુંદર આલેખન આપ્યું છે અને વાસ્તવિકતામાં કુંઠક લાગતા મધ્યાહ્ન દ્વારા આત્માની ઉન્નતિ, બાવી મટુભાઈના આત્માનું અજાણતા બપોરના કિરણોના દોર પર તેજ હિંડોળે મટુભાઈની નીકળેલી સવારી જોઈ, તેનું સ્વાગત બપોરનો સુરજ કરવા સ્થિર થઈ ગયો છે. એમ કહી પૂર્ણપણે માંગલ્ય વ્યક્ત કર્યું છે. એ અભિવ્યક્તિનો નૂતન અભિગમ, આલેખનનો પ્રયોગ અને રચનાકૌશલની દૃષ્ટિએ શોકોર્મિ-કવિતાને ગૌરવ અપાવનારી ઐતિહાસિક સિધ્ધિ કરી શકાય.

બા. ''દીઠી જ્યોત અકય આનંદની રે.....
મધુરા પંથ હજો તુજ દીક્ષા રે.....

અર્થ સાપેક્ષ અભિવ્યક્તિ માટે પતીલે 'શોભવા શાને પહેર્યાં' કહી કવિ લલિતને આપેલી અંજલિ અને 'કાગઝની કબ'માં કવિ ક્લાપીને આપેલી અંજલિનું શીર્ષક જ ચમત્કૃતિજન્ય છે.

ઝ. ''લલિતે પોતાનો વેશ છોડ્યો''

એમ કહીને રમૂજી લલિતે શોભવા શાને પહેર્યાં ? શોકમાં કેમ ચાટલો બદ્યો કૂણી ગયો ? એનું દર્શન આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ક્લાપીના રૂપના કામણ કરતાં ક્લાપ અને કવિતાનો કાગળ પર ઉતરેલો ક્લાપ જ તેની ચાવી સમજ્યો, કબર છે એમ કરી તો આપેલું કાવ્ય સાહિત્ય જ 'કાગઝ કી કબ' તરીકે ઓળખાવે છે. ક્લાપીની સાચી દેન કવિતા છે અને કાગળ તેનું માધ્યમ છે. હિન્દી બાનીના ઉચ્ચારમાં હૃદયના રણકાનો રંગ સીધો ઉતરે છે. બાકી કવિતા ગુજરાતી સાહિત્ય'

kalpana's

પણ શોધે તેવી રચના છે બન્ને કાવ્યો અર્થ ચમત્કૃતિના ઉત્તમ દૃષ્ટાંતો છે.

વિલાપ અને વ્યક્તિત્વ શોકોર્મિમાં ઉભય રથાને છે. વિલાપમાંથી વ્યક્તિત્વ કે વ્યક્તિત્વમાંથી વિલાપનું આલેખન જે કાવ્યમાં કવિશ્રી રીતે સાથે આલેખાયું છે તેમાં સવિષ્યક્તિનું કૌશલ જોવા મળશે. ઉપકરણોનું વિનિયોજન, ચિંતન, ચિત્રાત્મકતા તાદૃશતા, નાટ્યાત્મકતા અને સવિષ્યક્તિ હોય તો તે વધુ આસ્વાદ્ય બની જાય છે. કૃતિને કાવ્યાત્મકતા અને કલાત્મકતા બક્ષવામાં તેનો ઉત્તમ ફાળો છે. આત્મલક્ષી આત્મલક્ષી ભાવનું પરલક્ષી આલેખન ઉપકરણોની પ્રથમી અને તાદૃશતા એ સર્વમાં સવિષ્યક્તિનો વધુ કલાત્મક બનાવે છે. 'ધંમો હો નિષ્ફળ ગયુ મારા' કૃતિમાં કરસનદાસ માણેક અને 'દાદીમાની ઓરડો' કૃતિમાં બાલમુકુંદ દવેની કેટલીક કાવ્ય પંક્તિઓ તેના ઉદાહરણ સ્વરૂપ છે. બન્ને કાવ્યોમાં કવિહૃદયની વ્યાકુળતા જાણે ચાવે છે.

"...તે દીય માનવ્યનો અચિન્ત્યો, ને સામ ચાવી રીત રમ થાતાં
ક્યાંથી કહો રાખવી ઉર શાતાં" પછી ગાંધીની
ઉક્તિથી ભાવને વળાંક આપે છે કે...

"ના, ના, મને ચક્રના ગંજલિથી
ચાવી રીતે ના કદી છેતરાય"

"દાદીમાની ઓરડો" માં બાલમુકુંદ દવે કહે છે...

"...અહીં જ લય તો બધેલ કુલડે જાનો માંડવો
ક્રીક મરત બા ? મૃકાલ કુલડાં મંટીયે લીયે
અનેક ગુમ દુઃખના રવરના ખટારો રમો
ચુનો ભરવા ધસે અહહ ? જેજ આ ઓરડો"

બાલમવિષ્યક્તિ અલંકૃત બને, કલાત્મક બે બને, સવિશેષ કાવ્યાત્મક દૃષ્ટાંત મુકું પાડે તેમજ સાદગીમાંપણ ગૂઢતા રચી જાય બે પણ રચનાકૌશલનો જ પ્રભાવ છે. માત્ર સ્મૃતિ કે પ્રસંગ ઉપરાંત વિલિપ

ભાવચિત્રો પ્રકૃતિચિત્રો, સ્વભાવચિત્રો, રેખાચિત્રો, નવી સંકલ્પનાઓ ગુણાવગુણનું આલેખન યથાવત્ અકૃત્રિમ વિના પણ નૂતન તાજગીનો અનુભવ કરાવે શોકને તેના સહજ સ્વરૂપે નિરખવા દે અને સાયાસ વિનાની કલાચમત્કૃતિ અનુભવ કરાવે તે ભાવાભિવ્યક્તિની ઉત્તમ વિધિ જ ગણાય.

'સહજ શોકોદ્ગાર' ની અનુકૃતિની અભિવ્યક્તિ અને પ્રકૃતિના નવીન અભિગમનું ઉદાહરણ સ્વરૂપ કંઈ સૌંદર્યકાન્ત શેઠનું 'રાવજી' કાવ્ય ગણી શકાય. એમાં સ્મૃતિની કાવ્યાત્મક અભિવ્યક્તિ પણ મળે છે. એક જ સ્મૃતિને અનેક રૂપો બક્ષવાની કવિકલા કૃતિને વધુ કાવ્યાત્મક બનાવે છે. કવિરચિત સ્મૃતિચિત્રોમાં તાદૃશતા અને ગતિશીલતાના ગુણો વિશેષ છે. પરંતુ આ કાવ્યતત્ત્વ બંને તો શોકની અભિવ્યક્તિ માટે જ છે. શોકની અભિવ્યક્તિ કાવ્યાત્મક બને છે. ત્યારે હૃદય સોંસરવી ઉતરી જાય છે. રાવજીના મૃત્યુના અકલ્પ્યક્ષણે આઘાતને સચોટ રીતે વ્યક્ત કરતી સ્વાભાવોક્તિયુક્ત ચોટ ધારતી શોકની અભિવ્યક્તિમાં કેન્દ્રસ્થ રહેલી ઉત્તમ પંક્તિ રચના આપણી આંખ સામે સંવેદનામાંથી શબ બનેલા રાવજીને તાદૃશ કરી દે છે.

૪૯. ''કાષ્ઠ પર સૂતેલો કાષ્ઠ રાવજી''

મૃત્યુની સ્થિતિનું સચોટ ચિત્ર ભાવાક્ષર બનાવી દે છે. કોઈપણ પ્રકારના સાયાસના વાઘા પહેરાવ્યા વિના નરી સહજતા દર્શાવી, ભાવની વેધકતા લઈને આવતી આ અભિવ્યક્તિ છાન્દસ રચનાના લયના વળગણની સરખામણીમાં અભિવ્યક્તિના ઊંચા લક્ષ્યને સાધે છે. છતાં જેટલીજ સહજ છે એ અભિવ્યક્તિનું કૌશલ છે. સહજ અભિવ્યક્તિના સૌંદર્યોર લાગણીના સહજોદ્ગારનો રણકો સાંભળવા મળે એવા પ્રયોગ અને નૂતનતાનો સમન્વય સાધતી છાન્દસ રચનાઓમાં ગાંગળીને વેઠે ગણી શકાય એવી ઉત્તમ અભિવ્યક્તિની પંક્તિમાં યાદ આવે એવી આ પંક્તિ છે.

બ.ક.ઠા.ના કાવ્યોમાં તુલના, દૃષ્ટાંતથી તાદૃશતા સુરેખ રીતે થતી જોવા મળે છે. તેમના વાક્પ્રપંચમાં પણ ચાતુરાઈ દેખાતી નહીં હોવાથી તુલના, દૃષ્ટાંત કે અલંકારથી ઉપસી આવતી મુદ્રા ક્ષણભર લાગે છે. કેટલાક કાવ્યોમાં' વાસ્તવિક રીતે વાગતી ચોટ હૃદયમાં વિષાદ જાવી દે છે. ત્યારે ઉમાશંકરની બ.ક.ઠા. માટે આપેલો અભિપ્રાય યાદ આવી જાય છે કે '' જાલંતરાણનો વિષાદ અને તેની રજૂઆત મૌલિક હોય છે.''દૃશ્યની તાદૃશતા, વેધકતા, સચોટતામાંથી પ્રગટતો બ.ક.ઠા.નો વિષાદ મો.ક.ની કારમે ચકરવાત' કાવ્ય કરતાં પત્નીના અવસાન નિમિત્તે લખાયેલાં ગુજ્જર ના અંજલિકાવ્યોમાં વિશદ્રમાણમાં વહેતો જોવા મળે છે. બ.ક.ઠા., કાન્ત, જેવાં કવિઓના વિષાદની એક બીજી વિશેષતા એ પણ છે કે એમનો વિષાદ અન્ય કાવ્યો કરતાં અભિવ્યક્તિમાં મૂંઝી ઉપરેરો છે. ઘણા કાવ્યોમાં મૃત્યુ જ શોકનું કારણ સ્પષ્ટ રીતે તરી આવે છે પણ મૃત્યુ નિમિત્તે કવિ દાંપત્ય કે મૈત્રીને કાવ્યમાં વાગોળે છે તેમાંથી જે રસ ઘન સ્વરૂપ પ્રાપ્ત થાય છે તે વધારે ક્ષણાત્મક, આસ્વાદ્ય લાગે છે તેની અભિવ્યક્તિ અને બાલકની રસાનુભૂતિ પણ વધારે રસભર હોય છે એવા કાવ્યોમાંથી શોક વ્યવહારના કરુણ રસની ઉત્તમ નિષ્પત્તિ લાગે છે. એવાં કાવ્યો મૃત્યુ સ્વજનનો શોક અને પ્રગટ થતા બાલમાંથી શોક અને કરુણને એકરસ બનાવી શ્રેષ્ઠ રસાનુભૂતિ કરાવે છે. આવી ઉત્તમ ભાવાભિવ્યક્તિ વેધક ગણ અને આસ્વાદ્ય હોય છે. કાન્તના 'વિધુરકુરંગ' પ્રમાદી-નાવિક, કે વત્સલના નયનો અને બ.ક.ઠા.ના 'ધુતિકુંજી' કાવ્યમાં રસાસ્વાદની આવી અનુભૂતિ થશે. સહધર્મચારિણીના સહચર્યના સ્મરણોમાંથી શોક અને વિષાદનો પુદ્ગલ બંધાય છે અને કવિની અનુભૂતિ અને ભાવકની અનુભૂતિ-અભિવ્યક્તિ અને આસ્વાદ-ચમત્કૃતિ બન્નેમાં આસ્વાદ્ય બની રહે છે. તેથી વિષાદની અનુભૂતિ એવી રીતે પ્રગટ થાય છે કે ભાવકના આસ્વાદમાંથી કવિના વિષાદ માટે સહાનુભૂતિ પ્રગટ થાય છે અંતે સ્વજનની આત્મીયતા અને

kalpatru

તેના વિયોગનો વિષાદ ત્યાં તાદૃશ બની ફલતો લાગે છે તેથીજ અભિવ્યક્તિ ઉત્તમ જણાય. દા.ત.

૫૦. ''નહીં ફક્ત સ્વપ્નમાં, વિજન માંહ્ય, એકાન્તમાં
નહીં ફક્ત બાકમાં, વિપદમાં, ઉરચ્યાનિમાં,
અકારણ ઉઠે, શમે, સ્પર્શ પ્હે, દશા ચર્મમાં,
અમે મુજ સ્હે ચદાય, અખિલાજ્ય છાયારીયાં''

શોકોર્મિકવિતા કે ગીત જેવી ગેયાત્મક કાવ્યોની ઉચ્ચસ્થતા પણ અભિવ્યક્તિના કૌશલના આધારે જ નક્કી કરી શકાય. પરંપરાગત પ્રથા પ્રમાણે ચાલતા વર્ણનોની સરખામણીમાં નવીન અભિગમ, પ્રયોગાત્મકતા, મૂતતા, અને (કલાત્મક અભિવ્યક્તિ) ઉપકરણોનું વિનિયોજન, કલાતત્વોનો ઉચિત વિનિમય થતાં કાવ્યમાં ચાકાર પામતી કલાત્મકતા પરથી અભિવ્યક્તિનું નોખાપણું નપારી શકાય એ ધારણાને પ્રજાલાલે 'પિતાને' આપેલી અંજલિમાં કિંઠક સારો પ્રયત્ન થતો લાગે છે પરંતું ગુંદરપ્રસન્ન 'સ્વ. શંકર દત્તાત્રેય પાઠકને' આપેલી અંજલિમાં ઉપકરણોનો વિનિમય ઉપરાંત મર્મવ્યૂહના વિનિયમની ગૂંથણીમાંથી શોક અને કરુણની અંધારભરી સ્થિતિનો વિષાદ વ્યક્ત કરે છે.

૫૧. ''રે ગીત બંધું, પણ કોણ જોવે ?''
ઝંકાર વીણા કરની ટ્હે ના,
હવે ન ઉઠે સ્વર તો ચ્હલે ના,
ગયુંતું મર્મ થયેલ ગાણું
છોને અમે બહીં લીન થયું જ જાણું
પહેલાં હતું ના,
હમણાં થયું ના,
એ ગીત ક્યાંથી પ્રગટ્યું ન જાણું
એ મ્હેરબા જીવનની શું માનું ?

kalpanas

અંતનું ગીત ગાઈ ન્યાહું
ગાઈ ગયું બડીક પાઠક બીન તાહું''

આ પંક્તિઓમાં 'જંપ' શબ્દ પ્રયોગ દ્વારા હૃદયમાં ઘૂંટાતા શોક અને ઉદ્વેગની અભિવ્યક્તિ આપી છે.

માનવસર્જિત સૃષ્ટિનો દોષ જ એ છે કે તેની હાજરીમાં તે સુખ અને આનંદ આપે છે જ્યારે તેના વિયોગમાં તે બારોબાર દુઃખ આપે છે એજ સૃષ્ટિ શોકનો ઉદ્દીપન ભાવ બને છે. દા.ત. પુસ્તકોથી શોભતો જ્યંતિલાલનો ગ્રંથખંડ તેમની હાજરીમાં ભર્યો ભર્યો લાગતો હતો પણ તે ગ્રંથખંડ યથાવત્ હોવા છતાં ગેરહાજરીમાં ખાલી ખાલી લાગે છે. કવિ બિનાનો ગ્રંથખંડ સ્તબ્ધતા, ગ્લાનિ, હતાશા, રઘવાટીને કારણે ગોઝારા શૂન્યાવકાશથી ભરી જાય છે. એક તરફ ગ્રંથખંડ ખાલી છે પણ બીજા પુસ્તકોના પાને પાને જ્યંતિલાલની જ પર.'તાજા તબકા જેવી તેજ તબકની આંખો' અને અટારે અટારે કવિની જયંતિ દલાલનો મીઠો રણકો સંભળાય ત્યારે સંવેદનાની ઊંચી માત્રા કેટલી સિધ્ધ થતી લાગે છે.

અભિવ્યક્તિ અને શૈલી એકબીજાના પૂરક છે. અને શૈલી કવિ-માનસની વ્યક્તિગત ફટકનો વિષય છે. તેના પરથી 'શીલ તેવી શૈલી' મત સ્વીકારાયો છે. કાર્લ્યલની વાની મુજબ કે શૈલી, એ તો કવિની ભાવાભિવ્યક્તિની જ છટા છે. માટે શૈલી ભાવાભિવ્યક્તિનો આધાર-સ્તંભ છે. તો શૈલી અનેક કલાતત્વોની ગૂંથણીથી બનેલો સમગ્ર વણાટનો, અભિવ્યક્તિનો પ્રવાહ છે. એમાં વિચાર, વિષય, ભાવ, ઉપકરણ, અલંકારિકતા, ક્રમ, મીટર, છંદ, લય, બધું એકરૂપ થઈ એવું સ્વરૂપ રચે છે કે જેમાંથી કશું છૂટું પાડી શકાતું નથી. જોન મિડલટન મરીનું વિધાન અહીં નોંધવું યોગ્ય છે. પૃ.''શૈલીએ લખાણનો કોઈ ટુકડો પાડી શકાય એવો ભાગ નથી, લખાણ પોતેજ એ છે'' 'શ્રી ઉમાશંકર જોશી નોંધે છે તેમ પૃ.''ખરું જોતાં લખાણ એ પોતે જ શૈલી છે.''

Kalpana's

..... અર્વાચીન કવિ કલાભિમાંસક કવિએ અને બોગાન્વેની વિચારણાઓને માન્ય એવો શબ્દ વાપરીને કહીએ તો 'અભિવ્યક્તિ ચેજ એની શૈલી છે.'' અનેક પ્રલાતત્વોના સમન્વય, એકરૂપ થયેલા સ્વરૂપનું નામ અભિવ્યક્તિ છે આ શૈલીના વિવિધ પ્રયોગો શોકોર્મિકવિતામાં છે ધારદાર સચોટ વેધક અભિવ્યક્તિ તેમાં રહેલી કટાક્ષ, વક્રોક્તિ ભાવને વધુ સઘન અને સબળ બનાવે છે.

૫૫. ''તમને હજી થે છે પ્રજાપતિ આ રસ ?
આપની જ્યાં ત્યાં ઊભી કરતી ફરે પ્રતિમા બધા,
તેજ મૂર્તિ તાત, આ એની મજા તમ વારસ
આદર્શોની અપંગ છે જ્યાં છેઆરસ ''

આદર્શોની અપંગ અને આરસની જોડા અલંકૃતિ લાવે છે. ખબરદારનું 'સ્વામી શ્રધ્ધાનંદજી' કે કાવ્યગત પાત્રલેખન પણ એ રીતે નોંધનીય છે વિરોધાભાસ બદારા કાવ્યના નાયકની ઉંડારેલી પ્રતિમાનો પરિચય 'ચિતોની વાટે' માં ખબરદાર કરાવે છે...

''ધાજો ધાજો રે દીનબંધુ ધારે રે.....''

૫૬. ''પગલે પગલે પગ દબાય ને ડગલે ડગલે હું દુઃખ
ઘુણ ઘુણના મઝ આવાસનો, ભક્ષકની છે ભૂખ
ઝાડે બાળે છે આત્મને, નીચે વગડાઉની છે આગ
એને તો ચાલ્યાં છે જ્યાં જ્યાં
ને ધરતી એ પુષ્પ પરાગ ''

ગાંધીનો પ્રભાવ નીચેની પંક્તિમાં છે.

૫૭. '' ઓડોના હૃદયનો રાજી તેને, સ્નેહ વિના, શા કંઈ
મીન જેવું જા સુકાશે, એના આત્માને જોશે કંઈ રે''

વિરોધાભાસ બદારા વ્યક્તિત્વની વિકાસ અવસ્થાના સમયમાં એક

શૈલીની છટા તરીકે વિકસ્યો હતો. કાવ્યની રચનારીતિ પણ મહત્વનો ભાગ ભજવે છે. ગાંધીજી વિશેના અનેક કાવ્યનું વિષયવસ્તુ એક હોય ચારોબનમાંથી આકાર પામતું વ્યક્તિત્વ પણ એક જ દિશામાં હશે પણ કાવ્યોની વિવિધ રચનાઓ મળી આવશે. એમાં વ્યક્તિ, સમય, તે સમયનું લોકમાનસ, સમાજદર્શન માનવસ્વભાવનું પ્રતિબિંબ અને એવા અનેક પાસાંઓ-માંથી વ્યક્તિવિશેષ ગાંધીનું પાત્ર ઘડાતું જાય છે. ગાંધી-વિશેષાંકોમાં દીર્ઘકાવ્યોમાં લાંબા વર્ણનો છે તો શબ્દચિત્રાંકન કરતા સુસંકલ્પક શબ્દ ચિત્રો પણ છે.

પટ... હાટે બાટે ચૂની દીધી અમે રમારકે શિલ્પમૂર્તિ
લાગે ગાયે વદન કરુણા ને પટે મુખ સ્ફૂર્તિ

વિવિધ કાવ્યશિલ્પોમાં કંડારાતી ગાંધીપ્રતિમા પર આકરો, પ્રહાર કરતી અભિવ્યક્તિ સુંદર છે કે....

''કેવી સહેલી થઈ ગયા કેરી રીત ગાંધી ?'' એમાં કટાક્ષ છે ગાંધીના આદર્શોના થતી કરુણ પ્રત્યેની ઉદાસીનતા પ્રત્યે ટકોર છે. 'મું બાપા જતાં' ઉમાશંકરની કાવ્યશૈલીમાં પણ ચાલી શૈલીની ચમત્કૃતિના ઘણા પ્રયોગો મળી છે. 'મું બાપા જતાં' સદ્‌ગત પિતાશ્રીના વ્યક્તિત્વના વિવિધ પાસાંને રજૂ કરતી કૌશલ્યપૂર્ણ અભિવ્યક્તિ સાંકળતો પ્રયોગ છે. તે વધુ ગમે, જીવંત લાગે છે. 'હું પુંજ પિતા' કાવ્યમાં કવિ પિતાને ઊંઘતા ઊંઘતા રસોડામાં પિતાનું પંચીયું, કબજો પહેરી, પિતાના ખાટ પર પિતાની જેમ જ ઝબ્બોલેપન કરી લેતો છે. અજબ પિતાની ભાત ઝીલી લે છે પોતાનું વ્યક્તિત્વ લોપાવી દઈ પિતાના વ્યક્તિત્વનું આરોપણ કરે છે. ભાવમાં નહીંવત્ ફેરફાર ભાવાભિવ્યક્તિની આ નવીન રજૂઆત છે. પિતાના મૃત્યુને તે પોતે અનુભવે છે નવાઈ પમાડે છે. અભિદાહ દેવાય છે અને તેમ ચરમ સીમા ચૂકી ગયા પછી પાછી કારમી વાસ્તવિકતા પટકાય છે.

Kalpataru 3

શોક વધારો સાધન બને છે. એક સુંદર કરુણ મગ્ન અભિવ્યક્તિ એ કાવ્ય પંક્તિમાં છે.

૫૯. "અશા કૌતુકે, કો આશ્ચિયથી જોઉ રહું હું
પ્રવાસી વસ્ત્રોને પરહરી, ઝૂલું પંખિયું ધારું
પિતા કેરું જે આ વળગણી પરે ઝૂલ્યું જીર્ણ
પછી નાહી, ન્હેરું, શમિયું કરવા હેલની પૂજા
અરીસે જોઉં તો જનક જ ? કપાળે ઝુમ્મરની
ઝિલ્લી, ભસ્માંડો ? અચરજ ? બાપરે ઝૂઈ ઊઠ્યો
- પિતાજીની ટેવે ?- અશા જ પ્રગટી પદ્મની મુખ ? ?
ઝૂલતો રાને ખાટે જનકની જ, રે ગોદડુંય એ ?
નમાવીએ મારી નીચું પછી- ને ધડધડ ચિંતા
રહું જોઉ મારું શબ બાકું હું, મુજ પિતા ?"

એજ કાવ્યશ્રેણીના બીજા કાવ્યનું દૃષ્ટાંત છે. ઘંમેણની ટેવ પુરુષ પદ્મમાં કવિ સંબોધન પિતાજીનું કરે છે પિતાના મૃત્યુની યાદ આવતાં આંસુ આવતાં તે પુત્ર પિતાજીના ઉલ્લેખ પર જ પડે છે, નામ ભૂંસાઈ જાય છે તેનાથી કવિ-ચિત્તવિકલતામાં પછડાય છે કે પિતાનું નામ અને અસ્તિત્વ તો ભૂંસાઈ ગયા છે. કવિના મનમાં વિષાદ છવાઈ જાય છે. કવિએ વિવિધ રૂપોમાં પિતાની નામ અન્યોક્તિ સાધી છે.

૬૦. "લખી નાખ્યું ટેવે ભૂની "પ્રિય પિતાજી ?" જ ટપકી
દગો ભૂંસી નાખે - નીકળી જ રહે રિક્ત સ્થલ એ,
અહો, પદ્મે દાબ્યું કહું નવ શિરચ્છત્ર જ ગયું -
ગઈ રે પદ્મોમાં ગુલબકડી શા એ શશીની
ચઢાવે ચિંતાની અબઘ પૂછવી-ચરતી જ ગઈ -

× × × ×

Kalpataru

તમારા પત્ની રે, જીવનસ્વની સંકુલ લિપિ
ઝીણી ઝાડી જેમાં નજર ઘૂંચવાઇ ન નીકળી

વક્રોક્તિ છતાં વિષ્ટ પ્રકારના રોષમાંથી જાગેલો ખેદ ગજબનો, તેમજ જગતમાનું ચાલેબન સ્વભાવોક્તિમાં સુંદર કરે છે. કવિમિત્ર ચંદ્રવદન કાંતિભાઈ કાપડિયા મિત્રતા મૂકી ચાલ્યા ગયા તેથી કવિ સ્વરોષ વ્યક્ત કરે છે કે ઈશ્વરે પોતાના મિત્રને ખૂંચવી લઈ કવિના જગતને ખંદતી નાખ્યું છે. ઈશ્વર સામે લડાય તો કેમ? જગતને કોઈ જરૂર બાકી નાખે અને તારા જગત માટે તમે દુઃખ થાય તેવો અનુભવ તમને નહીં થાય ત્યાં સુધી તમે હે ઈશ્વર, મારા દુઃખની સ્થિતિ નહીં સમજાય.

કડવું: ઓહો સંસારનો પ્રભુ, તુજ કૂડ કુબુદ્ધિ કુપ્રપ્ત થઈ કે?

.....

મંદિરોમાં મિત્ર સ્નેહ અને મિત્ર વિયોગ, ઈશ્વરની રચના સામે સવિનય રોષમાં મિત્રના બલિદાનનો વિષાદ જ છે.

કડવું: મહો જો તે ચાલે કુદરત જઠ તે ઈષ કુજ ને
ઘડી રોડી તેમે મુજ ઉર તણી હાય થકી હું
બહું ખાણી તેમું જા, વદન તે કર પણું
ઓહો સંસારને પ્રભુ! તુજ કૂડ કુબુદ્ધિ કુપ્રપ્ત થઈ કે?

તીવ્ર વિષાદ ને કારણે અને ઈશ્વરના લાગણી શૂન્ય નિર્ણયને કારણે જાગેલા ક્રોધમાંથી કરુણનું રૂપાંતર થાય છે. ક્રોધ પણ વિષાદમાં કરુણ લાચારીનું જ એક કારુણ હોઈ શકે છે. માનવોને ભરખી જવાની ઈશ્વરની ઘેલછા સામે કવિનો રોષ આખા જગતનો બૂમાબૂમ, તેના મોઢા સામે ખડકી દેવામાં પરાકાષ્ઠાની વેદના જ છે. ક્રોધ અને રોષ દ્વારા કવિ વેધકતા અને ચચોટતા પુરસ્કાર કરે છે. કાવ્યમાં વક્રોક્તિ હોવા છતાં કવિ સંવાદનો આભાસ ઉભો કરે છે તે ચમત્કૃતિનું કૌશલ છે.

અભિવ્યક્તિની દૃષ્ટિએ 'આદીઠ જાદુગર' માં રજૂઆત સુંદર છે. પરલક્ષી ભાવની રજૂઆત કવિ આત્મલક્ષી રીતે કરે છે. તે એક તેની વિશેષતા છે. કવિ પોતાના મૃત્યુ પછી અભિવ્યક્તિ પોતાના ઉપર કે બીજાના ઉપર કેવી રીતે લાવી શકે? વળી ટિપ્પણમાં પણ ખુલાસો આપ્યો છે તે પરથી કહી શકાય જ કે ભિન્નના અવસાન નિમિત્તે લખાયું છે.

૬૩. "આ કાવ્ય ભિન્નના અવસાન પર લખાયું છે. પણ કવિને કાવ્યમાં પોતે જ નાયક હોય તેવું વર્ણન કર્યું છે. 'અહા? જોઉ છું દૂર દૂર દૂર'' માં અર્થ ૬૪.'' આદીઠ કો જાદુગરે ઘેલું કીધું ઉર

મુજને નવ કો રોકો, આહા?
જાઉં છું દૂર દૂર દૂર ''

આ પંક્તિઓમાં 'મુજને નવ રોકો' કહી મૃત્યુને સ્વાભિમાન અને ભિન્નને મળવાની આતુરતા, જવાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હોવાથી મૃત્યુની નિશ્ચિન્તતાની સાથે મૃત્યુનું સ્વપ્ન દર્શન બતાવ્યું છે મૃત્યુના ભાવની આ મંગલ અભિવ્યક્તિ તેનું નવું સોપાન છે.

સાદી ભાષામાં ઉત્તમ લાઘવયુક્ત અભિવ્યક્તિ 'પાઠક સાહેબને' કાવ્યમાં છે. પાઠક સાહેબના અવસાન પછી તીવ્ર કરુણ અને મૃત્યુની આકસ્મિકતામાંથી જાગેલું દર્દ, નિરંતર સ્વપ્ન કાવ્યના ઉત્તમ શોકોપાર્જનના તત્વો છે. તુલના વ્યવહાર પોતાની સ્થિતિ અને પાઠકનું પોતાના જીવનમાં સ્થાન બતાવી, કુબેરભંડારીના રૂપક વ્યવહાર, તુલના વ્યવહાર પાઠક સાહેબની મહત્તા અને પોતાની લઘુતા અથવા પોતાના જીવનની રંકતા (રંક પણું) કહ્યુંથી કવિ વેધક શોક પ્રાપ્ત કરે છે. સનાતન સત્યકથન, માર્મિક ચિંતનની વિવિધતામાં પણ તુલના-રૂપકની ગૂંથણી સચોટ ભાવાભિવ્યક્તિ પ્રગટાવે છે.

kalpana's

૬૫. "બજતાં બજતાં જ તાર, ગા ચટક્યો કહીં-
હજી ચ સ્વપ્ને રમ્યા કરે "

કવિની ઉપકરણની ખોજ કરવાની વૃત્તિને યશ આપવે છે. નીતિ, સદ્ધિચ, સુદીર્ઘ, સાવધાન, યશસ્વી જેવા વિશેષણો પાઠકસાહેબની પ્રતિભા, વ્યક્તિત્વનો લાઘવયુક્ત પરિચય આપી દે છે આમ આખું કાવ્ય ભાવાભિવ્યક્તિના સંપૂર્ણ ઉત્તમ ગુંથન બદલ ઉત્તમ આલેખનનું દૃષ્ટાંત બની જાય છે.

સદ્‌ગત પાનના વ્યક્તિત્વનો પ્રભાવ અને મૃત્યુની ક્રૂરતા તેની સામે હીનતા પ્રહ્લાદ પારેખ 'દિવંગત ગુરુદેવને' કાવ્યમાં સરસ વ્યક્ત કરે છે. લોકમાં, દેશમાં, પરદેશમાં, સાહિત્યજગતમાં ટાગોર ભૂલી ન શકાય એવી પ્રતિભા છે તે હકીકત છે. તે વાસ્તવિકતાને ભાવાત્મકરૂપે કાવ્યમાં કવિ વર્ણવે છે. વિરાટ વિશાળ પટમાં પથરાયેલા ટાગોરના પ્રકૃતિ પ્રેમી આત્મા આગળ મૃત્યુ કેટલું હીન અને ક્ષીણ લાગે છે? કુદરતમાં અમર થઈ વિલસતો ટાગોરનો આત્મા જાણે કે મૃત્યુનો ઘહ્મ ઉતારે છે. એની વિચારબદ્ધતા ક્રમિક છતાં કાવ્યાત્મક રીતે આવી આલેખનનું કૌશલ પુરવાર કરે છે. ટાગોરની કવિતાનો ઘણા ગુજરાતી કવિઓ પર ઘેરો પ્રભાવ છે અને તેથી જ ટાગોરને ઘણા કવિઓએ સાહિત્યાંજલિ અથવા ભાવાંજલિ આપી છે. પતિલ પણ તેમાંના એક છે. પ્રભાશંકર પટ્ટણીકૃત 'ટાગોર' રચના 'દિવંગત ટાગોર' કાવ્યના જેવું જ રચના કૌશલની દૃષ્ટિએ વિશેષ છે. રોચક સ્રવંતી શૈલી, બંગાળી હલેકા, ગુજરાતી ગ્રામ્ય પ્રયોગોની સાથે સાંકળી લઈ કાવ્યના લયની ગ્રહણિયત જાળવી રાખી શૈલીમાં નવીનતા ઉતારે છે. તેમાં ઝડઝમક અને ચમત્કૃતિનું તત્વ ઉપકારક નીવડે છે.

૬૬. "હેલો રે જોગી દાઢી વાળો, લાંબી દાઢીxx સાકેત સાકેત
જાણે વહેતો સાગર દેખાઈડો, જેવો છબી મધ્યે બેહાઈડો

kalpana's

MEHTA LIBRARY Baroda

આખું માણસ ઉઘાડું રાખનારો, ખભે બેસ લાખેણ લાખેણ
એ તો થૈ ગ્યો મોટો ગીતારો, આપી ચોપડાં દેહેન દેહેન
દોર ભરીને પાકકો ધિયેલો, કા'રે નિહારે ઉનો ગિરેલો
નવા નવા તરાડો કાઢનારો , નઈ સાંધો લેહેન લેહેન
કોણ મેના જેવો થનારો, કરી ગ્ય જે આ તમ લવારો
જેને નામે તેનું ને સોહેન, સાચેર સાચેર કોહેન કોહેન
કોણ મેના જેવો થનારો ?''

ટાગોરની કાવ્ય ભાવના, પ્રકૃતિ ભાવના, સાયિચ્યું, કુદરત પ્રેમ, કલાભાવના તેના નામે તરણ ય ચાલિત્રિકા ચાગરમાં તરી જાય એ સુંદર ભાવાભિવ્યક્તિ છે.

પતિલના 'શોગ્વાર શાને પહેર્યા' કાવ્યમાં શોકની ભાવાભિવ્યક્તિ નો સન્નિષ્ઠ પ્રયત્ન દેખાય છે. રચનાકૌશલ્ય અને શોક, ચિંતન તેમજ પ્રકૃતિના પારસ્પરિક ઉભય સમન્વયથી ઉભી કરેલી કલાત્મકતા કાવ્યનો ઉત્તમ ગુણ છે. લલિત ' ને આપેલી અંજલિ માટે લલિતના સ્વભાવને સમજાવતી પંક્તિ સ્લેષ્ા અને સ્વભાવોક્તિ નો હેતુ સિધ્ધ કરે છે. ગમતીની કે શોક સાથે જેને ક્ષણવારના બને તેનું જ નામ લલિત, તો પછી 'શોગ્વાર શાને પહેર્યા' કરી કાવ્યાત્મક કક્ષા ઉભી કરી દે છે. અને તેથી મીઠી ટકોર ભદારા વેદના, વ્યકત કરે છે કે 'લલિતે પોતાનો વેશ છોડ્યો! તેણે મૃત્યુના ખોળે માથુ મૂકી, શોકમાં સ્થિર, સ્તબ્ધ થઈ પોતાનો નામ પ્રમાણેનો સ્વભાવ બદલી નાખ્યો. લલિત શોકનું નિમિત્ત બની જ કેવી રીતે શકે ? એ કવિનું દુઃખદ આશ્ચર્ય છે. કવિનું પ્રાકૃતિક વર્ણન પણ સુંદર છે કે આકાશની શોભા તારા છે. વાસ્તવની ખરી ખરીને તારા, તારા આકાશને તુજ બોડે છે, શોભાહીન બનાવે છે એમ જેના પર મારો આધાર છે એવો તું જ મારા હૈયાને ભાંગી નાખે છે.

૬૭.''હસન જે હૈયે રમે છે, તેજને જ હૈયાં વધેર્યા ?''

kalpana's

આ કરુણ રસ સભર ઉક્તિ છે. શોગલાર અને દુઃખ રિપ્લાય આપી ગઝલ ગુજરાતીમાં છે. આહમાંથી ઉદ્ભવતો શોક તેનું આલેખન છે. ન્ નુંદા પ્રયોગો બદારા, શબ્દના ગૂઢાર્થની છટાઓ બદારા, આકાશ, તારાના દૃષ્ટાંત બદારા શોકની અભિવ્યક્તિ આપે છે. રૂબાતની કલા 'કાગઝી ફૂલ' માં ઉત્તમ છે. પરભાષા અને હિન્દી, ઉર્દુનું કાઠું હોવા છતાં ગુજરાતી પદ્ય તેમાંથી ઘોવાતું નથી પણ તેમાંથી એક વિશિષ્ટ પ્રકારની પ્રભાવિતા ઊભી થાય છે. કાવ્યમાં શોક ન્ કે ચિંતન કરતા નમ્ર વંદન, અહોભાવ વધારે છે. કવિ જીવન મૃત્યુનો અભિગમ પણ ટાંકે છે કે હું તો જીવ્યોય ધન્ય અને મર્યોય ધન્ય જીવનની ધન્યતા અને મૃત્યુની ધન્યતાથી સંજાઈને કહે.''શાયર, સુફી અને શાહ' કલાયી છે રૂપસૌંદર્યનું વર્ણન પણ સારું છે કાવ્યપંક્તિ છે કે...

કહે''આકર્ષક મજેદાર, સૂરત તેરીથી
આવલ હો તેરે ભાલપે, ગલે મે તહારે હાર''

પંક્તિઓમાં તાદૃશતા પણ છે.

સર્જનપ્રક્રિયાનો એક માત્ર આશય શ્રેષ્ઠ, સારું સર્જન હોઈ શકે અન્ય ગૌણ કારણો કે આશયો અથવા ઉપલબ્ધિમાં સરવાળે રહ્યા ઉત્તમ બને તેજ આગ્રહ હોવો જોઈએ. એક જ સમયે લખાયેલી કૃતિ કે સમયના અંતરે લખાયેલી કૃતિમાં લેખન દરમિયાનના સમય કરતાં કવિ રુચિ અને કવિકર્મ જ ઉત્તમ ભાવાભિવ્યક્તિ માટે મહત્વનું બને છે. ઘણી, લગભગ બધી કૃતિઓ સામાન્યતઃ એક જ સમયે લખાઈને પૂરી થતી હોય છે પણ દીર્ઘ કવિતાઓમાં સમગ્રનું સૌંદર રહે તો તેથી રચનાકૌશલ ઊભું ના જોઈએ કાવ્યના વિષયવસ્તુ અને ભાવની જેવી ઘેરી અસર હોય તો કલારૂપ આપીને પૂર્ણાહુતિ સુધી સ્થિરાશીલ રાખે છે શ્રી મનુભાલાલનું 'દાદાજી' કાવ્ય ઓક્ટોબર સંવત ૧૯૯૮ માં શરૂ થઈ ૧૯૯૯ માં પૂરું થયું લાંબા સમયને અંતરે પૂરી થતી દીર્ઘકવિતામાં વિષયવસ્તુનું પોત કયાંય પાતળું

kalpanaro

પડ્યું નથી કાવ્યનો પ્રારંભ કવિ અચાનક થઈ જાય તેવા પૂર્વકાળના એક રહસ્યમયી ચેતોહારિત્વક પ્રસંગથી કરે છે. પછી તે પ્રસંગના દૃશ્યમાંથી નીતરતા વિવિધ ભાવ, સ્મૃતિ,માં મનોવ્યથા અને વિયોગ ઉભેરી આલેખે છે. ઘડીભર દૂંકીવાર્તાના કથાનકનું સ્મરણ કરાવી દે તેવું તાદૃશ, ભાવુક ચિત્ર આપી જાય છે. દાદાના એક પ્રસંગમાંથી દાદાનું આખું જીવન પોતાની આંખે ઉકેલે છે. જેમાં ઉપનિષદ , વેદ, ધર્મ, પુરાણો, સમાજ , રીવાજનો યથોચિત ઉલ્લેખ કરતા જાય છે. અને ઉત્તમ મૃત્યુનો પરિચય આપી દે છે. મૃત્યુનો ભય જેને જીજીવિષા છે એને જ છે પણ આત્મિક જીવન વાળાને જીજીવિષા હોતી નથી માટે જ તે જીવન ઉત્તમ છે. અને તેથી તે મૃત્યુથી ગભરાતો નથી મૃત્યુ પર તે વિજય મેળવે છે. વિવિધ ભાવાવસ્થાઓ, પ્રસંગો, ઉલ્લેખો, દૃશ્યોથી કવિ આ સત્ય દાદાના મૃત્યુથી થયેલા વિષાદ યુક્ત મનનું સમાધાન આપે છે. જીવન સાફલ્ય અને મૃત્યુનું ઉત્તમ અર્કટન 'દાદા' કાવ્યના -કથાવિશ્વની ઉત્તમ કલાકૃતિ છે. ભાવગુંફન અને રચનાકૌશલ માટે દૃષ્ટાંત રૂપ બની શકે તેવું તેવું સુંદર આલેખન દીર્ઘકાવ્યોમાં અન્ય કાવ્યોથી જુદું તરી આવે છે.

શોકોર્મિમાં સદ્ગત સ્વજન પ્રત્યેનો અહોભાવ તેમજ જીવનકાર્ય વિષે વ્યક્ત થાય છે તેવું ઘણા કાવ્યોમાં જોવા મળે છે. દેશનેતાઓ, સમાજસેવકો અને જાહેર કાર્યો સાથે સંકળાયેલા મહાનુભાવોને અપાતી અંજલિમાં તેમના કાર્ય પ્રત્યે આભારની ઋણી લાગણી અને અહોભાવ ઘણા અંજલિ કાવ્યોમાં મળી આવે છે. સાહિત્યકારોનું જીવન કાર્ય સાહિત્ય-સેવા હોવાથી તેમના સાહિત્યિક પ્રદાન બદલ અંજલિ અપાય તેવા ઘણા ઉલ્લેખો શોકોર્મિ કવિતામાંથી મળે છે. 'સિધાળો કવિ' મનસુખલાલ ઝવેરીની -હનાલાલને અંજલિ આપતા એક આવી જ અંજલિ કવિતા છે. -હાનાલાલની કાવ્યભાવના, કાવ્યપંક્તિઓ કાવ્યત્વ, ભાવવિશ્વ અને કવિત્વનું ગૌરવ કરી કવિ અંજલિ આપે છે.

kalpana's

૭૦. "સ્વસિધ્ધ તમે સર્જી, સૃષ્ટિ શોભિત કાવ્યની
જ્યાં સદા સ્નેહ માંગલ્યે, વાગી સ્વરી વિરાજતી
હિંડોળો ઝૂલતો ગાઢમ ઓળ, જેમ વિરાટનો
ને જ્યંહી પુણ્યની પાળ સ્વસાગર લહેરતો."

ન્હાનાલાલ 'સ્વપુણ્યના કવિ' હતા સ્વકવિ, ઉર્મિકવિતાના કવિ અને ભાવસૃષ્ટિના તેમના ઉત્તમ સર્જનને લાઘવ પૂર્વક અહી અંજલિ આપી છે.

શોકોર્મિકવિતામાં જહેર ક્ષોત્રોમાં જે મહાનુભાવોનો પ્રભાવ છે તેમના અવસાન નિમિત્તે લખાયેલી અંજલિ કવિતાઓમાં મુખ્ય બે પ્રવાહોમાં ભાવાભિવ્યક્તિ જોવા મળે છે. તેમનું વ્યક્તિત્વ યશસ્વી પ્રદાન અને પ્રભાવ દેશનેતાને અપાયેલી અંજલિકવિતામાં તેમની દેશસેવાનો ઉલ્લેખ છે તો સાહિત્ય ક્ષેત્રે જેમનો પ્રભાવ છે તેવા ~~XXXXX~~ સાહિત્યકારોને અપાયેલી અંજલિમાં તેમના સાહિત્યિક પ્રદાન અને પ્રભાવનું આલેખન છે ન્હાનાલાલ, પિનાકિન ઠાકોર , કાન્ત , બ.ક.ઠા. પ્રિયકાંત મણિયાર, નલિન રાવળ હરિન્દ્ર દવે, ~~XX~~ ખબરદાર મકરંદ દવે, ઉશનસ્ ઉમાશંકર જોશી, જેવા અનેક કવિઓએ સદ્ગત કવિઓને તેમના કાવ્યાર્પણ માટે અંજલિ આપી છે પણ આપણા જ કવિઓ સમજ આધુનિન ગુજરાતી કવિતા પર સૌથી વધારે પ્રભાવ કવિવર સ્વીન્દ્રનાથ ટાગોરનો છે. તેમને ~~XX~~ અપાયેલી અંજલિ કવિતાઓમાં તેમનું શબ્દ ચિત્ર કે વ્યક્તિત્વ કરતાં કવિતા ~~XX~~ ક્ષેત્રે તેમણે આપેલી નવી દૃષ્ટિ, વિભાવના અને વિવિધ કવિઓ દ્વારા લખાયેલી કવિતામાં ઝીલાયેલો તેમનો પ્રભાવ વધારે કાવ્યાત્મક રીતે આલેખાયો છે. ઉમાશંકરે 'સ્વીન્દ્રનાથ' પર લખેલા કાવ્યોમાં કવિત્વની વિકાસશીલ ભાવનાઓ અને પ્રદાનનું આલેખન છે. જ્યારે બીજા કાવ્યોમાં ભારતીય સંસ્કૃતિ બંગની તેમની ભાવના વ્યક્ત કરતાં કહ્યું છે કે સ્વીન્દ્રનાથ ટાગોરે ભારતીય સંસ્કૃતિના આધાર સ્તોત્ર તરીકે કાર્ય કર્યું છે. કાવ્યપંક્તિઓમાં

kalpanas

સ્ત્રી-કનાથનો સમાન્યક છતાં' સચોટ પરિચય આપતાં ઉમાશંકર લખે છે કે .....

૭૧. ''સ્ત્રી-કુ, તમ શ્રેષ્ઠ કાવ્યકૃતિ તારું [illegible]''
ન સંસ્કૃતિ અમાજ , મૂર્ત ચમત્કાર વિશ્વમાં બ્યો '
''દૃઢ્યો ન માર્ગ જીવનનો જ્યે અક્ષર સત્ય, અક્ષર સૌંદર્ય ને પ્રેમની''

અન્ય કવિઓની સરખામણીમાં ઉમાશંકર અને સુંદરમ્ અનુક્રમે સ્ત્રી-કનાથ તેમજ ચસ્લીંદના વ્યક્તિત્વ અને જીવન કાર્યને યથોચિત ભાવાત્મક સંદર્ભ પ્રાપ્ત કરી આલેખે છે દા.ત. સુંદરમ્ ચસ્લીંદ માટેના કાવ્યમાં આલેખે છે કે - ચસ્લીંદના કરમૂરમાંથી પ્રગટતા દિવ્યભાવ અને માનવકલ્યાણની ચાગાહીનું વર્ણન, પરાત્પરના ચુલ્લ પછી જગતના પીડિત માનવ અને તેમના ઉધ્ધારની ભાવના, માનવ કરતાં પણ વધુ પ્રભાવ ધરાવનાર ચસ્લીંદના સાત સાત લોક પરના વિજયની ભવિષ્યદ્રષ્ટિમાં મળતો દિવ્ય પુરુષોનો પરિચય કાવ્યાત્મક છે. ઉમાશંકરે સ્ત્રી-કનાથના કાવ્યમાં જીવતી મૂર્ત કવિતા , સંસ્કૃતિના પ્રણેતા પ્રચારક, ગણાવી સ્ત્રી-કનાથમાં રહેલી સૂક્ષ્મભાવોની ભવિષ્યદ્રષ્ટિની કલાને કારણે તેમને જ 'મૂર્તકવિતા' કહ્યા છે. આજે ચ જેવા નવા લય, રૂપો, ભાવો, સ્પંદન અને સંવેદનની છટાઓ કવિતા દ્વારા કવિઓમાં પાંગરી છે. તે બાબતનો સ્વીકાર કરવામાં ઉમાશંકર સ્ત્રી-કનાથ ને જ અંજલિ આપે છે કાવ્યમાં આલેખન સુંદર છે જ્યાં જ્યાં હૃદયગમ ભાવોની ગાંઠી થાય છે ત્યાં સમગ્ર કુદરતની પ્રકૃતિલીલામાં સ્ત્રી-કનાથ મૂર્ત બની નિરાકાર અને અમર થઈ વિલસી રહ્યા છે.

૭૨. ''ચુરોની ચુગામાંથી તે કવિ? અરણ્યના મર્મરો
ગંભીર જા બોલ અને તારા સ્મિતો વ્યોમનાં
દૂરોની અમીછ ગોષ્ઠિ, જડ લોક કોલાહલો
સમીર ચિહરંત મોલ, મૂક હસિતો છાની શા '
- લખે અમર શાં સ્વરે, અવ અનન્ત તે અંતરે ''

અભિવ્યક્તિનું કૌશલ કવિ કાવ્યમાં આલેખવા પ્રયત્ન માગે ત્યારે અન્ય કાવ્યોમાં (વહી આવતી) એકધારી એક જ પ્રવાહમાં વહેતી આવતી અભિવ્યક્તિ કરતાં અનેક લક્ષ્યોને સાધતી-સિંધતી જ્યારે કવિતામાં ભાવવિશ્વ રચી દે ત્યારે તે વધારે ઝટપટા બ્લૅકમાંથી આકાર પામતી હોવાથી અનેક પાસાંઓને સોડતી લેતી હોવાથી વધુ ગૂંથાયેલી લાગે છે. સીધી સાદી અભિવ્યક્તિ કરતાં વધારે ક્લાત્મક કૌશલ ધરાવે છે. પતીલકૃત 'ચાંઈને ઝંખલિ' કાવ્ય આવી અનેક લક્ષ્યો સિંધતી કવિતા છે તેમાં સંતના લક્ષણ, સાચા નેતાના લક્ષણ, સમાજમાં દેખાઈ આવતા નેતાના અવલક્ષણ જેવા કે સૈન્ય પરથી ભાષણ દરમિયાન થતી હીન-ચેષ્ટાઓ, વાણીવર્તનનો ભેદ, નેતાગીરીનું દેખાઈ આવતું નાટક સારો અને સાચો તેમજ દંભી નેતા, સમાજદર્શન, રાજકીય રંગો, રાજકીય ચિત્રની પાછલી બાજુ, વગેરે મુદ્દાઓને કવિ અનાયાસે આલેખી તેમાંથી ગાંધીને એક સાચા સંત તરીકે ચાકિત કરી રહ્યા છે તેમાંથી નેતાઓના પ્રમાદ, દૌંગ, દોલતની રૂપૃહા, અભીપ્સા, પ્રેમ જેવા ક્યાંકો ઉઘાડા પાડે છે. સમગ્રતાં આલેખનમાંથી સાચા-દંભી નેતાના વિરોધાભાસમાંથી કવિ ગાંધીના સાચા નેતાના, સંત તરીકેના વ્યક્તિત્વને પ્રકાશ બહાર લાવે છે.

૭૩. "ગમતાં ન મને નાટકો, ચેષ્ટાઓ હીન ભંડકી
જેના જાદુ રહ્યા પછી, બ્હારે ગમારી ઘાઈને
ઓ જેમ ચૈકલો હતો, જેના રમો સંસારમાં
છોડ્યો કદી ન મત જરી, ન કોઈ થી ભંજાઈને
વંદન હરેક વીસાં, સુપાત્રના, ગુણીજનાં
વંદન ફરી ફરી પતીલ એ મહાન ચાંઈને"

શોકોર્મિકવિતામાં કેન્દ્રવર્તી શોકની ભાવાભિવ્યક્તિમાં વિયોગની ઉત્કટ સ્થિતિનું આલેખન ઘણા કાવ્યોમાં છે. પણ 'સદ્ગત મિત્રને' કાવ્યમાં વિયોગની ઉત્કટતા, માનસિક વ્યાકુળતા, સંતાપનું આલેખન વધુ ધ્યાન

kalpana's

બેસે તેમ છે. કવિ સ્મરણોના ઘરમાં ભૂલાઈ ગયેલા, છોડીને જતા રહેલા દિવસો સંભારી રમી લેવાની મન સાથેની હિંમતની અને તીવ્ર વિષાદની પળોનું આલેખન બાલસૃષ્ટિની ભાવનાથી કરે છે પણ તેમાં કાબેલિયત એ દેખાય છે કે કરુણ તાર સ્વરની વેદના તેની અભિવ્યક્તિની ઋજુલિયત ખોઈ બેસતી નથી, તેથી જ સઘન રહે છે.

૭૪. "કદી હું આવીને, મધુર સ્મરણોના ઘર મહીં
ગયેલા ભૂલાયા, દિવસ સરસો જીવીત કરી
રમી રે' હું મારુ મન ઘડિકમાં જાણું ધર્યું ''

વીર અને કરુણ એકબીજાની નિકટના રસ છે. શહાદતની એક બાજુ વીરતા અને બીજી બાજુ મૃત્યુ જન્ય શોક, કરુણતા છે. યુધ્ધમાં ઘાયલ થઈ મૃત્યુ પામેલા લોહિયાળ જંગના હોનારતની દ્રશ્ય કરતા, એક પણ બુન્દ વેડફ્યા વગર, પ્રત્યેક બુન્દે દેશભાવના પ્રગટ કરી બુન્દ બુન્દ એ રીતે હોમી દેનાર વીર શહાદતથી રહેજ પણ ઓછો ઉતરતો નથી બલ્કે તેની દેશભાવના વધુ સાવધાની ભરી, ઉત્કટ છે. એવા વીરનું ઉત્તમ લક્ષણ સમજાવતી ઝવેરચંદ મેઘાણીની 'વીર જતીન્દ્રના સંભારણા' કાવ્યની પંક્તિઓ વીરતાનો મહિમા અને મૃત્યુનું માંગલ્ય ગાય છે.

૭૫. "જીર્ણ ઇતિહાસના ગાન એ વીસરિયાં
ઠંડી ભાવના ના થરો થર ધર્યા
નવેલા- શૌર્ય-આદર્શ તે સ્થાપિયાં
સમર્પણનાં નવા મૂલ તે આંકિયા
ઉઠ રે ઉઠ ઓ તરુણ કોડામણાં
વીરના વાંચ શોણિત સંભારતાં ''

કવિ પોતાના ભાવને સૂક્ષ્માતીત રીતે વ્યકત કરે છે. વીર જતીન્દ્રને સંબોધી કહે છે કે 'તુ વીર છે વિના યુધ્ધે તું લોહીનું પ્રત્યેક બુન્દ ચર્યતો રહ્યો, દેહની કણે કણ, પલે પલ શકિત ઘવાતાં તું સ્વપ્નાનું મૂલ્ય ચૂકવતો

Kalpana's

રહ્યો છે. કવિએ યુધ્ધની તાદૃશતા નકારાત્મક વર્ણનમાં આલેખી છે. નકારાત્મક પરિપ્રેક્ષ્યમાં રચીને કવિ વીર જતીન્દ્રની શહાદતનું ગૌરવ ધ્વન્યાત્મક રીતે સ્થાપે છે. અને દુશ્મનો કપાળ ફૂટી પોતાની હાર કબૂલે છે, અફસોસ કરે છે.

૭૬ "...ફૂટતા કપાળો ફરફરાલ એ, તાહરાં શાંત વીરત્વ નીરખી રહે
હાયરે હા હારિયા દાંત પીસી રહે, ગણગણ્યા વીરને જાલીમો
કયમ સહે..."

વેગળી જાઓ રે ચમૂની વાદળી, વીરના તેજને નવરહો ચાવરી"

રાજકેદી જતીન્દ્રએ રાજકીય બંદીવાનોની દશા સુધારવા માટે બોતેર-દિવસનું આમરણાંત અનશન કર્યું ઈ.સ. ૧૯૨૯ માં તે અવસાન પામ્યા તેથી તે વીરમૃત્યુ હોવા છતાં કેદનાં કારણે દુશ્મનોની વચ્ચે રહી દુશ્મન સામે આ રીતે મરીને એમના મોઢે મેશ ચોપડી છે.

૭૭ "વીર ઉન્માદે વીર તે દીધો દેહ ધરી
બિન્દુ બિન્દુ રક્તના રિપુને દીધ ધરી" - તેથી

વેડફયા વિના પ્રત્યેક બુન્દ માનવકલ્યાણ માટે બાળી વીર મૃત્યુ પામ્યાનું ગૌરવ ઐરચંદ કરે છે. આલેખન આ રીતે સમગ્રતામાં જોતા નવો વળાંક લાવનારું, માંગલ્ય બક્ષનારું, સુંદર ભાવાભિવ્યક્તિવાળું છે. વીરતા, શહાદત અને મૃત્યુની સુંદર અભિવ્યક્તિ એમાં છે.

'આજ નયનો રડો' કાવ્ય એક ઉત્તમ શોકોર્મિકાવ્ય છે. શોકની ભાવાભિવ્યક્તિ ખૂબ ભાવસભર છે. ઉપરથી લાગતા આશ્વાસનમાં કવિ પ્રત્યેક પ્રજાજન ભારતીયમાં ગાંધીના મૃત્યુથી જાગ્રત જાગેલો કરુણ વિષાદ વ્યક્ત કરે છે. પોતાના હૃદયમાં વ્યાપેલા વિષાદના એવાં જ પ્રતિબિંબ પ્રત્યેક માનવહૈયામાં પડતા જનારી કવિ સ્વાનુભવને વૈશ્વિક સીમામાં વિસ્તારે છે તે પ્રતીતિકર પણ છે અને તે ઉત્તમ ઊર્મિકાવ્યનું લક્ષણ ચરિતાર્થ કરે છે. અનેક ઉપકરણો કરતાં આ માત્ર ચિંતન વ્યક્ત કરતી

kalpana's

અભિવ્યક્તિ પણ વિષાદને ખૂબ જ સઘન પણે ચાલેખે છે તે અભિવ્યક્તિનું કૌશલ છે.

ગોડસેથી ગોળીથી ગાંધી સિંધાયાનો ચેકરાર કવિ કાવ્યમાં કરતા નથી એ મૃત્યુ જન્ય વિષાદની સીમા છે. એનું સુંદર ચાલેખન છે કવિ કહે છે કે એક જ ગોળી વાગવાથી પ્રત્યેક ભારતિય ના હૈયામાં વસેલા ગાંધી સજીવન થઈ ગયા છે. કરોડોના હૃદયમાં બેઠેલા ગાંધી એક જ ગોળીથી કેવી રીતે ~~સિંધ~~ સિંધાઈ શકે ? કરોડોના હૃદયમાં વસેલા ગાંધી સાચા કે ગોડસે જેને માયનો ફાંસોપા અનુભવે છે એ ગાંધી સાચા ? શરીર સાચું કે આત્મા ? શરીર ધરાવનાર દરેક ગાંધી આ પ્રકારના ગાંધી છે ? અર્થાત, શરીર પડતાંજ સાચા ગાંધી હૈયેહૈયે સજીવન થઈ પ્રગટી ગયા છે તેને ગોડસે મારી શકવાનો નથી . ~~શ્રી~~ શરીર હણનાર આત્માને હણી શક્યો નથી કારણ કે આત્મા વિરાટમાં વેરાઈ ગયો છે. અને એક સામટા કેટલા હૈયામાં ગાંધી જીવી રહ્યા છે ગાંધી માયનો ફાંસોપા ગોડસે માટે મિથ્યા છે. (નૈનમ્ છીન્દન્તિ.....) જ્યાં જ્યાં શક્ય સત્યથી જીતાશે, વ્યક્તિ પ્રેમથી જીતાશે, વેરની જ્વાળા નિર્વૈરથી શાંત થશે, જ્યાં જ્યાં કરુણતા ભરી, કરુણા ભરી આંખોમાંથી માનવતા માટે અશ્રુ વહેતા રહેશે, જ્યાં જ્યાં અહિંસા જીવતી રહેશે. ત્યાં ત્યાં ગાંધી જીવતા રહેશે. આ ભાવનાઓ અમર છે માટે ગાંધી અમર છે. ગાંધીનો આત્મા અમર છે કારણ કે તેનો આત્મા આ ભાવનાને વરેલો છે અહીં આગળ પણ વ્યક્તિથી સમષ્ટિમાં ભાવનો વિસ્તાર છે (તે ભાવાભિવ્યક્તિની ખૂબી છે.)

૭૯...કોક દુર્બુધ્ધિએ મર્ત્યને માણ્યું

બાંધ્યુ તે હિન્દનું હૃદય ~~પણ~~ ગાંધી નથી, ગાંધી તો આ રહ્યાં'

બુધ્ધિગમ્ય દૃષ્ટિકોણથી અમરતા સ્થાપિત કરી કવિ હૈયે હૈયે અને અમર

kalpana's

ભાવનાઓમાં ગાંધીને સજીવન બતાવી અનુભૂતિ અને સહાનુભૂતિનો વિસ્તાર વધાર્યો છે. અભિવ્યક્તિની ખૂબી છે.

તુલના અભિવ્યક્તિનો એક મહત્વનો ગુણ છે. કાવ્યમાં સદ્‌ગત પાત્રના વ્યક્તિત્વને ઉપસાવવા તુલનાનો ઉપયોગ અનેક કવિઓએ કર્યો છે. સુરેશ મજમુદારે 'કલાપીને' કાવ્યમાં કલાપીની કલાકીય ભાવના, સ્વભાવ અને કાવ્યત્વનું મૂલ્યાંકન કલાશિરોમણી મોરની તુલના વ્યક્ત કર્યું છે. સંસારમાં કોઈની પાસેથી કશી પણ અપેક્ષા રાખ્યા વિના પોતાને પ્રિય એવા સત્વ, તત્વનું દાન કરે છે. બદલામાં શું મળશે એની અપેક્ષા વિના સંતની જેમ મોર પોતાની કલાથી માનવમાત્રને ખુશ કરે છે એ પ્રમાણે જેમ સંત આશિષથી, મોર કલા પ્રદર્શનથી (અને) તેમ કલાપી પોતાની કાવ્યભાવના કવિતાકલાથી લોકોને પ્રભાવિત કરે છે. મોર અને કલાથી લોકહૃદયમાં સંત આશિષથી લોકહૃદયમાં અને કવિ કલાપી કાવ્યકલાથી લોકહૃદયમાં વસ્યા છે મોર નૃત્યકલા દર્શાવી સુખ માને છે. સંત આશિષ આપી સુખ માણે છે કલાપી કવિતા આપી સુખ માને છે. સંત-મોર અને કલાપીની નવેડી ગૂંથણી, સુરેશ મજમુદારની ચમત્કૃતિ રચીને અભિવ્યક્તિને ચાકચક્યિ બનાવે છે.

'ચોગેટને' કાવ્ય પણ સુરેશ મજમુદારના કાવ્યશીલ્પનું ઉદાહરણ ગણી શકાય. સાહિત્યમાં જીવન અને કવનનો સંબંધ અનેક કૃતિઓમાં જોવા મળે છે. કલાપી, કાન્ત જેવા કવિઓની કૃતિઓમાં જીવન ડોકાય છે. તેવી જ રીતે જીવનની વ્યથા કાવ્યમાં કરુણ રસ રેલાવે છે. આમેય સ્વજન ગયાનો શોક શોકોર્મિમાં હોવાથી શોકોર્મિ-કવિતા માટે તો સ્પષ્ટ પણે કહી શકાય કે જીવન પર આધારિત કવન હોય છે. શોકની અભિવ્યક્તિ તેના વિભાવાનુભાવ અને વિષાદ વ્યક્ત થાય એની અનેક તેજછાયાઓ અને ભાવછાયાઓ અનેક કાવ્યોમાં જોઈ છે પણ આક્રોશ, રોષ કે ઉપાલંભ પણ અતિ શોકની સ્થિતિમાં મનની

kalpana's

વિકટ મનોદશાને પ્રગટ કરે છે એની અત્યંત સુંદર અભિવ્યક્તિ હૃદયદ્રાવક રીતે 'ઓગષ્ટને' કાવ્યમાં કરી છે એ દૃષ્ટિએ ઉપયુક્ત બે મુદ્દાઓની દૃષ્ટિએ ક્લાત્મક ભાવાભિવ્યક્તિ 'ઓગષ્ટને' કાવ્ય છે. મૃત્યુનો પર્યાય કાળ છે અને ઓગષ્ટ માસ સમય કે કાળનું જ એક ઘટક છે જે ઘટકમાં ઐતિહાસિક વિભૂતિઓના અવસાન થયાં તેમજ પોતાના પુત્રના અવસાનથી ઓગષ્ટ અર્થાત્ કાળને ઉપાલંભ, રોષ અને ક્રોધ સાથે કવયિત્રી આક્રોશ ઠાલવી ઓગષ્ટનો અણગમો વ્યક્ત કરે છે એની અભિવ્યક્તિમાં તીવ્ર વિષાદ વ્યક્ત થાય છે. જ્યારે ભાવાભિવ્યક્તિ શબ્દને સહારે આપવાનું હોય ત્યારે શોક અને વિષાદની આવી સુંદર અભિવ્યક્તિ તેનું સુંદર ઉદાહરણ બની જાય છે. ઓગષ્ટને સંબોધી કવિ ટકોર કરે છે કે ઘણા બધા ઐતિહાસિક અવસાનના ઉલ્લેખ ઓગષ્ટમાં થયા છે. સમયના વહેતા પ્રવાહમાં હે ઓગષ્ટ, તને જ કેમ આવું કાર્ય સંપડાર્યું ? ક્રૂર ક્રૂર બનવાનું તને કેમ સૂઝ્યું ? જોકે 'કાર્બસ વિરહ' માં દલપતરામ 'પ્રામીશ પન્નો પીપળા.....!X કહીને પોતાનેX માટે બેઠેલા પ્રોઢ 'પાનખર માસ' માં કે નહાનાલાલ 'વિષ્ટુર્ક્ષણ' માં વર્ષાંતનો ઉલ્લેખ સમયનો જ સંદર્ભ આપે છે પણ ઓગષ્ટની ટાગોર, મહાદેવભાઈ, તિલક જેવા દેશરત્નોના અવસાનના સંદર્ભે આપે તો ગોઝારો મહિનો' તરીકેનો પરિચય કવયિત્રીના મનમાં વ્યાપેલા કોઈ તીવ્ર વિષાદની જ ઝાંખી કરાવે છે. તેમાં રોષમાં પણ વિષાદ જ છે. ૧૯૪૮ ના ઓગષ્ટની આઠમી તારીખે કવયિત્રીના પુત્રને વિધાતાએ છીનવી લીધો માટે પુત્રને દેશરત્નોની શહાદતની કક્ષામાં તે ગણે છે અને પોતાને થયેલી વેદના પરથી દેશરત્નોના જવાથી ભારતમાતાને થયેલી અર્થાત્ ભારતના પ્રજાજનોને અનુભવેલી વેદના અનુભવે છે. રોષના એકલા લાવારસની ભીતર શોક ધબકે છે. આ પણ સંગત ભાવની જીનસંગત વિસ્તરતી અભિવ્યક્તિની કલા પુરવાર કરે છે. મંજુલાલ મજમુદાર ટિપ્પણમાં જણાવે છે કે ૭૯''માસ ઓગષ્ટને લેખિકા ગોઝારા માસ તરીકે ગણાવે છે. તે માસની સાથે કેટલી કરુણ ઘટનાઓ પ્રસંગો સંકળાયેલા છે

પોતાના જીવનમાં પ્રવેશેલી કરુણતાનો પણ ધ્વનિ ગુપ્ત સુગુપ્ત રીતે અભિવ્યંજિત થાય છે. શોકઃ શોક શ્લોક રૂપે વલ્મીકના અનેક દૃષ્ટાંતો સાહિત્યમાં મળે છે. તે અહીં સંભારવાનું મન થાય છે. લેખિકાના માતુશ્રી દીપકબા દેસાઈ - જે પણ કવિતા રચતા હતા તેમના એકની એક પુત્રીનું એકાએક અવસાન થતાં તેમના હૃદયની કરુણતા કવિતાના આશ્રયમાંથી આશ્વાસન મેળવી શકી હતી. સુરેશાબહેનને પણ એજ પ્રકારનો એક કરુણ પ્રસંગ તેમના કૌટુંબિક જીવનમાં બની ગયો ને એમની કાવ્યરચનાનો પ્રેરક બન્યો. આ રીતનું એક આકસ્મિક સામ્ય માતા-પુત્રના વચ્ચે જોઈ શકાય છે. તેમના ત્રણ પુત્રોમાંનો વચલો પુત્ર અને ખૂબજ આશાસ્પદ એવો પુત્ર છે કે વારાણસીમાં એને ૧૯૪૮ની આઠમી ઓગષ્ટેરે' XXXXXXX એકાએક અવસાન પામ્યો એ હકીકતની પશ્ચાદ્ભૂ ઉપરના 'ઓગષ્ટને' કાવ્યમાં ધ્વનિત થયેલી છે. લેખિકાની 'ઉરનાં આંસુ' નામે લાંબી કરુણ પ્રશસ્તિ' આ નિમિત્તે જ વહેલી કાવ્યધારા છે.''

૮૦.''રૂપ રંગને સુરભિ થકી મુજ લાડકો ચંપો ખીલ્યો
અર્ધે સમીપ જે જે જનો, આનંદ સૌને અર્પતો
જાણ્યું હતું ગુલાબ શો, નિજ પરિમલે એ પમરશે
પણ ભાવિ શું ગહ્ય કો 'દિ કોઈથી ચૂ કળાય છે ?
વધુ વિકસવા વેગે સર્યું, પુષ્પ એ ચંપાતણું
ગંગાકિનારે ધામ કાશી, પૂર્ણ હર્યો મહેકતું
કો ક્રૂર કરથી ક્રુમ એ, ક્ષણ માંહ્ય કરમાઈ ગયું
રે જહાનવી જલની મહીં, પ્રિય પુષ્પ એ પોઢી ગયું ''

૮૧.''નિસ્તેજ વાડી' નામના સુરેશા મજમુંદારના ઉપર્યુક્ત કાવ્યમાં પ્રતિકોની શ્રેણી સુંદર છે. પ્રકૃતિ વ્યવહારના વિષાય અને વિષાદની રજૂઆત કલાત્મક છે. તેમની ફુલવાડીમાં નાના નાના ફુલે ગુલાબ-ચંપો-મોગરો તથા એક કળી ખીલ્યાં હતા, અને ખીલતા જતા હતાં પોતાની

kalpana's

વાડીના વિકાસથી માતા આનંદિત હતી તેમાનું વચ્ચું ફૂલ ચંપો કોઇ આકસ્મિક ભાગ્યયોગે ફૂલવાડીમાંથી વિખૂટું પડી ગયું અને એ એકાએક કરમાઇ ગયું આ કાવ્યમાં તેમના વિષાદની છાયા ઢાંકી રાખી શકાતી નથી. '' ચર્ચના કાવ્ય સંગ્રહમાં આ બન્ને કાવ્યો આપેલાં છે પણ ઉરનાં આંસુના આ બન્ને કાવ્યખંડો છે. બન્ને કાવ્યો ઉપરાંત 'કલાપીને' કાવ્યમાં કવયિત્રીની પ્રતિક આયોજન, વિષાદની અભિવ્યક્તિ, વિષયની રજૂઆત, શૈલીનું કૌશલ, ભાવાભિવ્યક્તિની છટાની દષ્ટિએ ઉત્તમ આલેખન જોવા મળે છે.

શોકોર્મિકવિતામાં સદ્‌ગત વ્યક્તિ વિશેષનાં પરિચય લાઘવ-યુક્ત સુનાત્મક રીતે આવ્યો હોય તેનું ઉદાહરણ બાલમુકુંદભ્રે દવેની લાલ-બહાદૂર શાસ્ત્રીના અવસાન પર લખાયેલી અંજલિમાં છે. સમુદ્રમંથનની સિધ્ધના પૌરાણિક સંદર્ભને અહીં રે વડાપ્રધાન શાસ્ત્રીની શહાદતનો પરિચય કરાવે છે કે.....

૮૨.''આજ દિસે જ્યું ધૂંધળું ધૂંધળું, વ્યોમને વ્યોમ ગમગીન લાગે
કુંભ અમૃતપ્ર તણો ભેટ અમને ધરી, જુજવા પંથ રે શીદ લીધા?''

શૈલીનું નોખાપણું 'રડો ન મુજ મૃત્યુને' કાવ્યમાં 'જુદું પડી જાય છે. સદ્‌ગત પાત્રના મુખે જ પોતાના મૃત્યુનો સંદર્ભ મૂકી, શોક ન કરવા માટેનો આગ્રહ વ્યકત કરવામાં પ્રારંભે જ કવિ આલેખનમાં એક ચમત્કૃતિ મૂકી દે છે. જેમ જેમ વિષાય ઉઘડે છે તેમ તેમ શાંત્વનના આભાસમાંથી વિષાદ નવે રૂપે સઘન રીતે કાવ્યમાં અભિવ્યકિત પામે છે.

૮૩.''અને નહીં શું પ્રેમ ઘાર ઉછાળી અરે ? કે રડો ?
હતું શું બલિદાન, આ મુજ પવિત્ર પૂરું નકે ?
અરુપ દીઠી શું કે મુજ અકામ્ય તેથી રડો ?

× × × ×

ગુણો પ્રગટ સત્યઃ વૈર પ્રતિ પ્રેમને પ્રેમજ ?
હસે ઈશુ, હસે બુદ્ધ, સૌમ્ય સંતો હસે
રડો ન મુજ મૃત્યુને હરખ માય આ છાતીમાં
નરે ? – કયમ તમે થ તો હરખતાં ન હૈયાં મહિ''

આ એક માનવ સિવાય સમગ્ર માનવ સમુદાયનો શોક કવિએ વક્રોક્તિ બ્દારા વર્ણવ્યો છે. શોકની કલાત્મકતા માપવાનું એક બીજું દર્શન આ પણ છે કે અન્ય કાવ્યોની જેમ કવિ કવિતાની વચ્ચે આવતા નથી પણ શોકની અભિવ્યક્તિની તાદૃશતા લાવવા નાટ્યાત્મકતા ઊભી કરે છે. તેમાં ગાંધી માર્મિક રીતે એકોક્તિમાં ગુંગળામણ વ્યક્ત કરે છે તે સમયે વેદનાભરી રુંધામણના પ્રજા બ્દારા અપાયેલા પ્રત્યુત્તરમાં સાર્વજ ભાવનાની પરાકાષ્ઠા છે. લય બ્દારા શોકના ભાવને વ્યકત કરવાની છટા પણ કલાત્મક છે. ગાંધીના અવસાન નિમિત્તે લખાયેલા વિષાદ કાવ્યોમાં તેથી [illegible] ઉમાશંકર ભટ્ટ આ કાવ્યની સવિશેષ નોંધ લે છે કે ૮૪'' ગાંધીજીના અવસાન નિમિત્તે લખાયેલા અનેક વિષાદ-કાવ્યોમાં વિશિષ્ટ રચનારીતિ અને દૃષ્ટિકોણથી લખાયેલું ગાંધીજીના મુખમાં મૂકાયેલી ઉક્તિરૂપે રચાયેલું અને અંતે કવિના વિષાદને સંયમિત છતાં તીવ્રતમ રીતે બે પંક્તિઓથી અભિવ્યક્તિ આપતું ઉમાશંકરનું 'રડો ન મુજ મૃત્યુનો' સદા સ્મરણીય છે.''

દેશભક્તો, શહિદોના અવસાન પર લખાયેલી કૃતિઓમાં વીરતા-માંથી કરુણ અને વિષાદના આલેખનમાં ઘણા કવિઓની શોકોર્મિકવિતાના દષ્ટાંતો મળે છે. એમાં પણ ઝવેરચંદ મેઘાણીનું પ્રશસ્ય પ્રદાન છે. 'વીર જતીન્દ્રના સંભારણા' જેવું જ તેમનું બીજું એક નોંધપાત્ર કાવ્ય છે 'ફૂલમાળા'. ભગતસિંહને ફાંસી અપાઈ ત્યારે તેની સાથે બીજા બે શહિદોના પણ શબ હતાં તેમની કાયા ફૂલ જેવી સુકોમળ હતી પરંતુ જ્યારે ઘાસલેટ છાંટવા છતાંય તેમનું દહન સરળતાથી થયું નહીં ત્યારે એ વાસ્તવિકતામાંથી કવિ

kalpana's

તારણ કાઢે છે કે તમે ભલભલી આગ અને જુલ્મો તેમજ મૃત્યુ સામે ટકી રહ્યા છો, ઝૂક્યા નથી તમારી દેશભક્તિ ખરેખર અજોડ છે.

ટપ..'વીરા, તારા નહીં રે જંપે પ્રાણ આજ
ઠારેલી ભલે ટાઢીયું હોજી...
વીરા, તારા વસમા જીગરના જોમ
લાડકડી ખમ્મા ખમ્મા રે.....

ઉંમરના પ્રમાણમાં અદ્‌ભૂત વીરતા બતાવી દેનાર શહીદની શહાદત ભગતસિંહથી ઉતરતી ન ગણાય તે રીતે અંજલિ અને શહાદતનું આલેખન આપ્યું છે.

ટાગોરને આપાયેલી અંજલિઓમાં ઉમાશંકરની સાથે સુરેશ ગાંધીની 'સ્વ. કવિવર ટાગોરને' કૃતિ યાદ આવી જ જાય. ટાગોરની વિવિધ કાવ્યભાવનાઓ વ્યક્ત ટાગોરનું ચિત્ર ઉપસાવે એવી પ્રથા તો ઘણા કાવ્યોમાં જોવા મળે છે પણ આલેખનનું કૌશલ એ છે કે અમૂર્ત વ્યક્ત મૂર્ત સ્વરૂપને પામવાની સિધ્ધિ સુરેશ ગાંધીના આલેખનમાં છે. કવિ ટાગોરનું સુંદર ભાવચિત્ર ઉપસાવે છે અને કહે છે કે 'હે ટાગોર, તારા કાવ્યો અને ગીતો વ્યક્ત તારા તરલ ભાવો, ઊર્મિઓ સુધી અમે પહોંચી જઈએ છીએ. નિરાકાર ભાવમાંથી કવિ ટાગોર સાકાર કરી ગદ્‌ગદ કંઠે ભાવનાનો દીપક જલાવી અંજલિ આપે છે. વ્યક્તિત્વ અને અંજલિ અભિવ્યક્તિની સિધ્ધિ રૂપ છે.

ગુજરાતી કવિતામાં સોનેટ સ્વરૂપમાં શોકોર્મિ સૌથી વધુ પ્રમાણમાં મળે છે. બ.ક.ઠા. ના સોનેટ, બાલમુકુંદ દવે, સ્નેહરશ્મિ અને ઉશનસ્ જેવા સિધ્ધહસ્ત મુર્ધન્ય કવિઓ સોનેટ સ્વરૂપમાં શોકોર્મિ-કવિતા આપે છે. તેમના કાવ્યોમાં શોક, વિષાદ અને કરુણ સૂચોટ રીતે આલેખાયાં છે. પરંતુ મુક્ત છંદમાં ગુજરાતી ન.ભો.દિ.ના કરુણ માટે તો 'આ વાદ્ય મેં કરુણ ગાન વિશેષ ભાવે' એમ જણાવી કવનના કેન્દ્રમાં

Kalpana's

કરુણ છે તેમના લખેલા 'અકાલ મરણ' અને 'એક બાળકીના મૃત્યુ પર' કાવ્યો સોનેટથી જુદી વિશેષ રચનારીતિ ધરાવે છે. ખંડકાવ્યના સ્વરૂપમાં લખાયેલી તેમની રચનાઓમાં કાવ્યાત્મક રંગપૂર્ણ છે. ભારોભાર કરુણ અને પ્રકૃતિનું માધ્યમનો સુભગ સમન્વય છે. કાવ્યનું ખાસ ધ્યાન ખેંચે તેવું તત્ત્વ એ છે કે બદલાતી ભાવચ્છાયા પ્રમાણે તેમાં છંદો બદલાય છે. ત્યારે ખાસ કહેવાનું ઉચિત લાગે છે. છંદોબધ્ધ રચનાથી અછાન્દસ સુધીનો શોકોર્મિનો વ્યાપ નાનો નથી અને બદલાતા તમામ કવિતાના પ્રવાહોમાં શોકોર્મિ સતત વિકસતી રહી છે. પ્રયોગશીલતા અને નૂતનતા સાથે પણ શોકોર્મિકવિતાએ નવા ક્લેવર ધારણ કર્યા અને તે વધુ સુમધુર અભિવ્યક્તિવાળી બની. છંદરમ્યા વંદારા પણ ખંડકાવ્યો જેવી કવિતામાં શોક અને કરુણની કલાત્મક અભિવ્યક્તિઓ મળી છે. ન.ભો.દિ. ના કાવ્યમાં શરૂઆતની પંક્તિઓ ઉપજાતિ-વસંત-તિલકા અને અંતમાં માલિની, હરિણી છંદો પ્રયોજે છે. ન.ભો.દિ.ના આ કાવ્ય પરથી કહી શકાય કે ભાવાભિવ્યક્તિ માટે સ્વોચિત છંદોની મેળવણીની કાવટ ન.ભો.દિ.માં ઉત્તમ હતી. સામાન્યતઃ શોક, વિયોગ, વિલાપ કે વિષાદમાંથી કરુણની પ્રાપ્તિ માટે મંદાક્રાન્તા વધુ પ્રચલિત છે. એવી માન્યતા છે પણ છંદસૂઝ અને કવિકૌશલ પર ભાવાભિવ્યક્તિ મુખ્ય આધાર રાખે છે. ન.ભો.દિ. વિષાદની કાવ્યપંક્તિઓ આ પ્રમાણે લખે છે.

૮૬. "પાનબર વિરમે તું, જાદુ તારો ન માણું
ઝર થકી ઊમરાતા, નેત્રના નીર રાંધુ
ક્રમ કરી બહુ જો, સૌંયમે રૂંધિયા એ
ઈદમ શરણૈરધાપ્યેયં પ્રસીદ નિસર્દયે"

કવિની લાઘવયુક્ત અભિવ્યક્તિ આ પંક્તિમાં ખાસ જોવા મળે છે.

૮૭. "સમર્થ જાદુગર એક આવ્યો
મોંઘા ઉપાય દુખના પુજ કાજ લાવ્યો"

શોક, કરુણ અને આશ્વાસન, શ્રદ્ધા, વિષાદ જેવા અનેક ભાવાનુભાવો કવિ કાવેલિયતથી આલેખી શકે છે તે ભાવાભિવ્યક્તિની તેમની કલાનું ઉત્તમ દૃષ્ટાંત છે.

શોકોર્મિકવિતા આત્મલક્ષી ઊર્મિકવિતાનો પ્રકાર છે. સ્વજનના / સ્નેહીજનનો શોક અને તેથી સહજ અભિવ્યક્તિ, આત્મીયતા પર આધાર રાખે છે. શોક કે વિષાદની કલાત્મક અભિવ્યક્તિ વિવિધ ઉપકરણોના વિનિયોજન અને હૃદયદ્રાવક આલેખન પર પામી શકાય મૃત્યુનિમિત્તે થતા દર્દ, અભાવ, અકસોચ વિયોગ, શોક, વ્યક્તિત્વનો પ્રભાવ જ્યારે સહજ હોય ત્યારે તેની દર્દિલ અભિવ્યક્તિ થતી હોય છે પોતાની અંગત અનુભૂતિ વ્યાપક બની પ્રકૃતિ, માનવવ્યવહાર અને લાગણીના સંદર્ભો પર અસર કરી તેનો વ્યાપક અભાવ વિસ્તૃત બની અનુભાવી બની જાય છે. કે.હ.શેઠે રચિત 'કલાપી' ને અંજલિ આપતી કૃતિમાં કુદરતમાં વ્યાપેલો અભાવ આવા શોક-વિષાદની ઘેરી અભિવ્યક્તિનું દૃષ્ટાંત બની રહે છે.

૮૮. "સૂની કુંજો, વન ઉપવનો, પંખીડા સ્નેહ સૂનાં
સંકેલાયા કમનિયકલા, સ્વપ્નનાં ના કાળ જૂના
ભાસે તો એ યુગ યુગ સમા, કેલિકેકા કલાપી
મૂકી મીઠા સ્વર સ્વજનો, વ્યોમ ઉઠ્યો કલાપી
ચાંદેણીથી પુલકિત કલા, જીરવી જેહ જાતો
લીલા તેની જીવન વહેલે, સ્નેહ-માણી ન માણી
રહ્યાં રહ્યાં હૃદય રૂદયે, સ્નેહની મૂર્તિ સ્થાપી
ઊઠ્યો ઘૂઘ્યો ગહન રસના અંબુચિત્રાં કલાપી"

'વ્યોમ ઉઠ્યો કલાપી' કહીને કવિ આકસ્મિક આઘાત તરીકે મૃત્યુનો હોણ, દુખદ વિસ્મય સરસ વ્યક્ત કરે છે. કવિની ઉદાત્તભાવના, પ્રાકૃતિક ભાવના, પ્રણયભાવના જેવા વિવિધ પાસાને આવરી લઈ

કલાપીના હૃદયનું પારદર્શક પ્રતિબિંબ પાડે છે.

૮૯. ''જોગી ? તારે જીવન પ્રભુની લાગણી જે દયાની
વહેતી ગંગા ભીતર ચાકે પ્રભ ચાહ્યાં સહ્યાંની
નિમગ્નિકી બજ્ય તપસ્યા ત્યાગની તાપ તાપી
મૂકી મીઠાં સનમ સમણાં વ્યોમ ઉડ્યો કલાપી''

પ્રાસ ચાતુરી, રચનારીતિ, કડીનો પંક્તિઓમાં દ્વંદ્વ અને ભાવપ્રવાહ લયમાધુર્ય જેવા અભિવ્યક્તિના ઘણા તત્ત્વોનો આ કાવ્યમાં સારો સમન્વય થયો છે.

શોકોર્મિકવિતામાં સ્વજનની આત્મીયતા અને મૃત્યુની ગંભીરતા, ખેદની તીવ્રતામાં ભળાઈને લગભગ બધાજ કાવ્યમાં જાણે ઓછે વત્તે અંશે સદ્ગત વ્યક્તિવિશેષનું વ્યક્તિત્વ કાવ્યનું એક આલેખનનું મહત્ત્વનું અંગ રહ્યું છે. શોકોર્મિ માટે એમ કહી શકાય કે સ્વજનની આત્મીયતાની પારાશીશી શોકોર્મિની અભિવ્યક્તિ છે અને મૃત્યુ તેની ઘાડ છે. તેનો ઉદ્દીપક ભાવ મૃત્યુની વેધકતા પર આધારિત છે. પાત્ર તો એક નિમિત્ત છે પણ ઊર્મિના વહન માટે આત્મીયતા અને અભાવ કે ચોતરફથી જાગેલો વિષાદ મુખ્ય છે. વ્યક્તિત્વ શોકોર્મિકવિતામાં બે સ્વરૂપે ઉપલબ્ધ છે. સામા વ્યક્તિત્વ અથવા વ્યક્તિત્વનો મહત્ત્વનો કોઈ અંશ અથવા વિવિધ અંશો ઉદ્દારા થતી અભિવ્યક્તિ, 'વસંતાગમને' કવિતામાં ન્હાનાલાલ જ પ્રકૃતિભાવના વસંતની ચાહનાને પ્રાધાન્ય આપી ન્હાનાલાલને 'વસંતોત્સવના' કવિ ' અથવા' પ્રાકૃતિક વર્ણનના કવિ 'ન્હાનાલાલ' તરીકેનો પરિચય કવિ આપે છે. કવિએ કાવ્યાત્મક સંદર્ભ શોધ્યો છે કે વસંત પોતે ન્હાનાલાલના આલેખન વિના જાણે કે 'વાસની' અનુભવે છે. બાલાલેખન જોઈએ.

૯૦. ''કવિ તો ઝુરાવો, કવિ કેરી વાણી
આવી ઉભા આંહી વસંત રાણી''

કવિ વસંતનું જીવનમાં સ્થાન બતાવે છે કે

૬૧..."વને વને ફુલ્લ વસંત નાગરી,
તેથી વધુ જીવનમાંહી પાંગરી"

વસંત પ્રે અને કવિનું એકરૂપ સ્વરૂપ જેવી સ્થિતિ કવિ બતાવે છે. જાણે કે બન્ને એકબીજા વિના અધુરા છે. વસંત કવિના શબ્દોમાં ખીલવામાં પૂર્ણતા માને છે અનેકવિ વસંતની જેમ કવિતામાં ખીલે છે. બન્ને એક-બીજાની પરસ્પર શોભા વધારે છે.

૬૨..."વસંત વા વૃજન સુર ન્હાનલ"

ન્હાનાલાલની કવિતા વસંતનો જ અવતાર હોય છે. વસંતનું દ્રશ્ય જ્યાં તબકકે આવેલું છે. કુદરતમાં, કવિના જીવનમાં, કવિના કવનમાં-એમ ઉત્તરોત્તર વિકસતી વસંત ઋતુનું કૌશલ છે.

ભાવના અને શબ્દોનો સમન્વય ચુંદરજી બેટાઈના 'કુલ-વિસર્જન' કાવ્યમાં છે. પૂ.ગાંધીજીના અસ્થિ સાગરમાં પધરાવવા જતાં- જાગેલી ઊર્મિનું પંક્તિઓમાં આલેખન છે. સાગરના જેવા વિશાળ હૃદયવાળો ગુંથી આજે સાગરમાં ભળી રહ્યો છે. આ કુંભ એ કુંભ છે. આ માત્ર અસ્થિ નથી પણ ભારતના રાજની પણ સાર છે. તેથી વ્યાપ ભાવુકોની 'બધ્યતાર' કુટુમ્બ બધ એ અસ્થિકુંભને જોઈ રહી છે. એ ઉંડાતી નજરમાં ભારતની ભાવના મરોળાઈ રહી છે. હૃદયની આ ભાવના કવિ શબ્દોમાં આ રીતે ગુંથે છે કે.....

૬૩..."એ વક્રમ પાત્ર માંહિ, ભારત સર્વ સાર....."

રાષ્ટ્ર ધ્વજની બન્ને બાજુ લાલઘુમ, શાંત-ગંભ વહેતો સરોવર, ગંભીર સાગર, મહાજને વધુ કંઈ ગંભીર બનાવી દે છે. બેટાઈ એ જ પંક્તિમાં મૃત્યુના શોકની ગંભીરતા વ્યકત કરી દે છે.

સ્વજનનિર્દેશ જેમ શોકોર્મિકવિતાનું મહત્વનું પાસું છે તેમ ચિંતન પણ બધા કાવ્યોમાં શોકોર્મિની અભિવ્યકિતમાં સાથસહકાર કર્યું છે.

જેવા કાવ્યોમાં ચિંતન ઠીકઠીક વિકસ્યું છે જોકે ચિંતનો મિશ્રકવિતાની અપેક્ષાએ શોકો મિશ્રકવિતાનું ચિંતન ઓછું રહેવાનું. કારણ કે શોકો મિશ્ર કવિતામાં પ્રધાનસ્થાને શોકની ઊર્મિ જ હોય તે ઇચ્છનીય છે. આપણા ઊર્મિકાવ્યોમાં ઉત્તમ ચિંતનો મિશ્રકાવ્યો પણ છે જ ૬૪. ''જીવનની ઉર્ધ્વ થાનાનો શંકેત આપતું, પ્રકૃતિ અને સંસ્કૃતિના સંદર્ભથી સમૃધ્ધ બનેલું તેમનું ચિંતન ગુર્જરશ્રેષ્ઠ ચિંતનો મિ દીર્ઘકાવ્ય 'આરોહણ' આપણી ચિંતનો મિ કવિતાનું પણ શ્રેષ્ઠ દષ્ટાંત છે.'' તેની ચરણામની શોકો મિશ્રકવિતાના સ્વરૂપની દષ્ટિએ મજૂલની (ગ્યોએ) કે વધારે પડતી લાગે તેમ છતાંય 'ચૂની સકર' જેવા કાવ્યોમાં ચિંતન અને શોકની xxxxxxx x સારી સુંદર રીતે ગુંથાઈને આવે છે અને શોક ચિંતનોક્રાંતી મંદે ચર્વણરી બને છે તે શોકો મિનું ગૌરવ છે. ચિંતન કરતાં પણ શોક અને વિષાદ ઘેરો, ગહન છે. ચિંતન ઘેરા શોકની પળોમાં આશ્વાસનનો પ્રયત્ન કરે છે પણ તીવ્ર xx શોક તીવ્ર શોક આગળ ચિંતન પાંગળું પડી જાયથી શોક જ છવાઈ જાય છે.

૬૫. ''વ્યર્થ આશ્વાસને ધૂંધવાનો કરું
ચકમાં કેમ બાંધે સુકાનો.....''

રૂપકનો ઈશારો પણ લાઘવયુક્ત ક્લાત્મક લાગે છે કે કાળના ચક્રમાં કવિના જીવનનું સુકાન વગરનું જીવનનાવ ડામાડોળ છે. તેમાં શોકભર કરુણતા દેખાઈ આવે છે. આજ ક્રમાણે ઉશનસના 'ધુલ ઝર્યું' કાવ્યમાં વેદ, પુરાણ, ધર્મના અતલસ્પર્શો અને શાસ્ત્રીય ચિંતન પુનીના મજૂલા શોક આગળ ટકી શકતા નથી.

૬૬. ''ચિન્તુ હજારો ચિલ્લુકી ચ ચ્છેદની
લાખો કુરાનો બાયબલોને વેદની
લાગણી ટાળી શકે ના ખેદની.....''

શોક અને વિષાદની ગાઢી નીલ છતાં ક્લાત્મક ભાવાભિવ્યક્તિને કારણે

kalpana's

અર્વાચીન ગુજરાતી કવિતાની બન્ને ઉત્તમ શોકોર્મિ અંજલિ કવિતા બની રહે છે. એમાં ભાવ, ચિંતન, અંજલિ બધાંની ગૂંથણીમાં શોકની જ ભાવાભિવ્યક્તિ ચાવી ઉપર તરતી રહી સર્વોપરી બને છે. કૃતિ આસ્વાદ્ય પણ તેથીજ બની રહે છે.

કવિ જ્યારે પ્રતિક, રૂપક કે ઉપકરણના માધ્યમથી કોઈપણ ભાવાભિવ્યક્તિ કરે ત્યારે ભાવવિશ્વ સર્જી દેવા માટે કોઈકવાર વ્યર્થ વિસ્તારનો ભય રહે છે. જો કે કલાતત્વના પ્રભાવે તે ગૌણ ગણી લઈએ છતાં જે કાવ્યમાં રૂપકનું આયોજન હોય છતાં લાઘવ જળવાયું હોય તે ખરેખર, એવા કાવ્યોની તુલનાએ વધુ કલાત્મક અને ગુણવાપાત્ર બની શકે એમ છે. એવા કાવ્યોમાં, શોકોર્મિકવિતાના વર્ગનું 'પન્ના નાયક્નું' 'મિયકાન્ત' કાવ્ય સચોટ અભિવ્યક્તિ ધારવાનું કાવ્ય છે. કવયિત્રી ઉચિત રીતે મૃત્યુનો સ્વભાવ વર્ણવે છે કે જાત રૂપી મેળામાંથી માનવરૂપી બાળકને નીકળવું નથી માયાની બજારનું તેને આકર્ષણ છે પણ તેનું આયુ ઘર આ યાયા બજાર નથી તેથી મૃત્યુ તેને ઠરડે છે આ મૃત્યુની સ્થિતિ છે અસ્થિર થઈને પણ આત્માનું રૂક્ષણ કરવાની મૃત્યુની ભાવના પ્રત્યે આદર વ્યક્ત કરવાની ભાવના આ કાવ્યમાં મૂળ માર્મિક અભિવ્યક્તિ આપે છે. તે સમયે જીવને એમ થાય છે કે શા માટે મૃત્યુ આમ કરતું હશે ? પણ જીવનની ગતિ માટેની મૃત્યુની કઠોર નિર્દય, ચક્ર-અટલ છબિ કાવ્યમાં વિસ્મય રચી દે છે. એનાં ઘેરા શોક, આઘાતો, કરુણના રૂપષ્ટ એવા ઉતરી આવે છે. ઘેરા વિષાદ અને કરુણ વિસ્મયનો સમન્વય એજ અભિવ્યક્તિનું ઉત્તમ કૌશલ્ય છે અછાન્દસ કાવ્ય હોવા પણ ધારદાર અભિવ્યક્તિની આ સિધ્ધિ ગણાય.

હજી...મેળે ગયેલું બાળક, માની પૂરતા ક્યાં વિના
મેળાને, વિસ્મયથી પૂર્ણ પણે ભોગવતું હોય
ત્યારે જ તેમે

એની હાથ મેંથી કોઈક
મોઢાની બહાર ચાલી જાય
મૃત્યુને આવું કેમ ગમતું હશે ?''

સ્વ. કવિ પ્રિયકાન્તની' કૃતિમાં રામચંદ્ર પટેલ સ્મરણાંજલિ આપે છે.

''હજી તો
કાલ
મારા પર વરસાવી દીધું હતું વહાલ
હું પોપચા ઊંચા કરીને જોઉં ને પહેલા
લીલછોયા
ગેબ ઝાડ નીચે
રાખના ઢેરો શાંત ઢબેલી બાળી
તમે .....
ઝેર ના લીલા પાન જેવા
લાંબા બે હાથ લંબાવી
દીધો હતો મને છાતી સરસો દબાવી
લાવી ચાંપે માહું ગામ.''

નં.ભો.દિ. છંદ-રમતા વંદારા ચલન ભાવાભિવ્યક્તિ ગાઈ શકે છે તો પન્ના નાયકની કવિતા ગદ્યાન્વય કૃતિમાં લયબદ્ધ્યુક્ત અભિવ્યક્તિ ગાયે છે. બે કવિઓ નિર્દોષતાની ઝુંબેશ પુરસ્કાર કરે છે.

અભિવ્યક્તિની હળવી શૈલીનું ભાવ જાળવે છે સુરેશ દલાલની માસ્ટરપીસોની રમુજોમાં રમતી 'બ.ક.ઠા.ને' કાવ્યમાં વ્યક્ત થતી બ.ક.ઠા.ની કાવ્ય ભાવના, વ્યક્તિત્વ અને અંજલિનો નીતરતી સંગમ છે. ગુજરાતી કવિતાના સીમા ચિહ્નસમા બ.ક.ઠા. ની કાવ્ય પ્રવૃત્તિ અને કાવ્ય પ્રવાહો, તેમજ વિભાવનાઓને સુરેશ દલાલ સરસ ગૂંથે છે.

૯૮. "પૃથ્વીને સોનેટે ચાવી લીધું તમારું સ્મિત"

એમાં પૃથ્વી તેમજ સોનેટ ઉપરાંત વિવિધ પ્રયોગોનો સંકેત કવિ કરે છે નીત નૂતન પ્રયોગની અભિગમ બીરદાવી કવિ સુરેશ દલાલ અંજલિ આપે છે.

૯૯. "લીલી-લપટી લાગણીઓનો કાવ્ય નથી કંઈ પંથો
અચલ-અમલ કોઈ સુખડ કમલને ઝંખો
યુગે યુગે માનખ કવિચનનો, તમને એક ચમકારો
તમે તો ચૈતન્યથી ભરપૂર
તમારી ગઝબ પડ્યો ઘૂંટો."

કહીને કવિ ધ.ક.ઠા.ની સમગ્ર કાવ્ય વિભાવનાને અંજલિ આપે છે તેમાંથી ધ.ક.ઠા.નું વ્યક્તિત્વ ઉપસે છે કે

"સાક્ષાત્કાર ગાંધી, અને નિરંજન ભગત સુધી કવિ કહે છે કે

૧૦૦. "કાળ સ્વયં ચાલીને આવે માન અને મરતબો."

સુરેશ દલાલની અભિવ્યક્તિમાં નૂતનતાને ચમત્કૃતિનો પ્રકાર નવીન ચમકારો મળી આવે છે. જે પરંપરાગત આલેખનથી પોતાનું જુદું સ્તર આપમેળે બતાવી દે છે.

શૈલી અને રચનાકૌશલ્યનું એક વધુ ઉદાહરણ આપી શકે તેવું કાવ્ય "પૂ.ચન્દ્રિકુધ્ધ બ્રહ્મભટ્ટને" આપેલી અંજલિ છે. વિચાર કે વિષય નવીન નથી પણ અભિવ્યક્તિની છટા મૌલિક છે.
ના ઉદાહરણ સ્વરૂપ આ કાવ્ય છે. સાહિત્યમાં Art of Presentation ની મહત્તા સમજાવતી આ કાવ્યની અભિવ્યક્તિ છે પંક્તિઓ દ્વારા કવિ સમજાવે છે કે સીમામાંથી અસીમમાં વિસ્તરવું એજ મૃત્યુની ઘટના છે.

૧૦૧. "અને નવતર ધૂંધીનું ગીત ગાંભળવા માટે તો
બહેરી થઈ ગયેલી ક્ષિતિજોને ખોલ પડ્યો તમારી-

શ્રવણેન્દ્રીયની
તમારી બ્રાહ્મશક્તિ
કેવળાઈ ગઈ અગણિત પુનરાવૃત્તિઓમાં
ને તમારી ફૂંકેરી વાણી તો
સમાઈ ગઈ
કરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણે ઉચ્ચારેલી વાણીમાં!!

વ્યાપક વિશ્વની વિશાળતામાં કવિના મૃત્યુને વિસ્તરતું બતાવી કવિ આનંદકારી ભાવ આરોપિત કરે છે. કૃષ્ણની વાણી દ્વારા કવિ તેમને અમર સ્થાન બક્ષે છે. એ દૃષ્ટિએ કાવ્યમાં મૃત્યુનું મંગલ દર્શન, - મંગલ અભિગમ મળી આવે છે. આ માંગલ્ય ૨ા. વિ.પાઠક અથવા સુંદરજી બેટાઈ કે અમરચંદ મેઘાણીના કાવ્યોમાં જોવા મળતા માંગલ્ય કરતાં અર્થ અને અન્વયનો અનોખો પ્રકાશ પાથરે છે. એમાં અર્વાચીન કવિતાની વિકસેલી વિભાવનાઓ અને કાવ્યપ્રવાહોના વિકાસની તાજગી પણ વર્તાય છે. સ્વરચિત કૃતિના સંદર્ભમાં કવિ કાવ્યનું વિષયવસ્તુ ઉપાડી તેમાં મૌલિક પ્રતિભા ઉપસાવે છે. એક જ કાવ્ય એકી સાથે બે કવિની પ્રતિભા વિકસાવે છે. સહગત કવિની અંજલિમાં અને રચનાકૌશલ બદલ 'પૂ. અનિરુધ્ધ મહમ્મદને' કૃતિના રચયિતા કવિ યોગેશે જોશીની કવિ-પ્રતિભાનું ગૌરવ કરે છે. આ દૃષ્ટિએ આ કાવ્ય અનેક ઉલ્લેખો અને કલા-તત્વો સિધ્ધ કરતી કવિતા હોવાથી એની અભિવ્યક્તિ કલાસંપન્ન ભાવાભિવ્યક્તિ બની રહે છે.

અભિવ્યક્તિના કૌશલની દૃષ્ટિએ આ અભ્યાસમાં 'પૂ.અનિરુધ્ધ મહમ્મદ', 'કયાં છે મહલાદ', 'ખ.ક.ઠાને', 'હલ ખર્યું', 'ખૂની સફર', 'રડો ન મુજ મૃત્યુને', 'આજ નયનો રહો', 'ઓગણ્ટને', 'શ્રી-કૃષ્ણ', 'અરવિંદ', 'એક અંજલિ' અભિવ્યક્તિના ઓજસ પાથરતી કૃતિઓ છે.

રૂપકોની કલાત્મક ગૂંથણીનો અંજલિ કાવ્યોની ભાવાભિવ્યક્તિમાં

kalpana's

બાજુનો કાળો છે. સ્નેહરશ્મિ 'બાપુ જાઓ' કાવ્યમાં રૂપક બદારા હૃદયદ્રાવક વેદના વ્યક્ત કરે છે. અને તે વ્યક્ત કરવા માટે ગાંધીના મૃત્યુને ચાકચિક્ય દુઃખદ ઘટના બતાવી તેમાંથી બાપાજીની લાગણી વ્યક્ત કરે છે.

૧૦૨. "સાગર બાળો ઘોર ખેડીને, નાવ્યા ઝંઝાવાત
હાથ જેતે જ્યાં આવ્યો કિનારો ત્યાં આ શોરે બાપાજી
બરાબે લાલી પછાડ્યું, મૃત્યુ તે નાલ બમારી"

ગુલામીની દરિયો ડહોળી, બંદેજોનો ઝંઝાવાત નાથી, આઝાદીનો કિનારાનો આનંદ ભોગવીએ તે પહેલાંજ તેં હે મૃત્યુ – આ શું કર્યું ? રૂપક બદારા ગાંધીનું જીવનકાર્ય ચમત્કૃતિ રીતે વર્ણવી શોકનો ભાવ છતો કરી દે છે. કાવ્યની બીજી વિશેષતા એ છે કે અન્ય કાવ્યોમાં કવિ સ્વજનના મૃત્યુથી અસ્વસ્થ હોય છે જ્યારે અહીં કવિ મૃત્યુને જ સંબોધન કરે છે. કવિની વ્યથા જેને લીધે વધી છે એને જ સંબોધન – એ રીતિ અસરકારક જેટલા માટે લાગે છે કે તેમાં કવિની લાચારી આપોઆપ પુરસાર થઈ જાય છે. અને રૂપકની કલાત્મકતા, સજીવારોપણની ગુંથણી/ભાવાભિવ્યક્તિ માટે યશકલગી બની જાય છે.

અભિધા, વ્યંજના અને લક્ષણામાં ગુંથતું 'ફૂલ બર્યું' નું રૂપક કાવ્યની ભાવાભિવ્યક્તિનું એક માત્ર ઉત્તમ પાસું છે. ઉપનય સદ્ગત પુત્રીના અવસાનથી ના અર્થોમાં રૂપકને વિસ્તારે છે. અભિધામાં વૃક્ષ પરથી ફૂલ, વ્યંજનામાં વંશવૃક્ષપરથી પુત્રી રૂપી ફૂલ અને લક્ષણામાં આંબામાંથી અકાળે અંજલિ ફૂલ ખરવાની ક્રિયામાં શોક અને પુત્રીના અવસાનનો વિષાદ વધતો જાય છે. અંત્યાનુપ્રાસ અને ફૂલ ખરવાના અર્થો શોકને ઘૂંટતા જાય છે. તેમાં અંત્યાનુપ્રાસ બાદ કાવ્યમાં ખૂબ જોવા મળતાં એમ લાગે છે કે ઘૂંટાતા શોકને વિષાદનો પાશ ચડાવે છે. કાવ્યનો લય પણ એ રીતે ભાવાભિવ્યક્તિમાં મહત્વનો ભાગ ભજવે છે. લય, અંત્યાનુપ્રાસ

kalpana's

અને અછાન્દસ રચનારીતિ કરતાં મુક્ત વર્ગમાં શીઘ્રબોધ છે.

હોમેન્દ્ર અભિવ્યક્તિમાં ઔચિત્યને મહત્વનું સ્થાન ઘટે છે. કૃતિને અર્થકૃત કરી કલાકૃતિ બનાવવામાં અલંકારનો ફાળો છે. ગુજરાતી કવિતામાં ભાવાભિવ્યક્તિ, વિષાદની અભિવ્યક્તિ, કરુણ અને અંજલિની તાદૃશતા માટે અલંકારો મહત્વનો ભાગ ભજવે છે. ઉપમા, ઉત્પ્રેક્ષા, વર્ણસગાઈ જેવાં વિવિધ અલંકારો પ્રયોજાતા જોવા મળે છે તાદૃશતા, લયસાતત્ય, ગતિશીલતા, ચમત્કૃતિ, જેવા વિવિધ હેતુ કવિ અલંકાર બદારા સિધ્ધ કરે છે. ''પડતા પ્રલયના પડઘા, પશ્ચિમમાં બબડાવે યમ બદાર'' જેવી વર્ણસગાઈ અને સજીવારોપણ ઉપરાંત સ્વામી બ્રધ્ધાનંદના કાવ્યમાં 'મેઘ દીલી..... મેઘદિલ્લી, ગામી.....સ્વામી અને 'ભડભડ બડકા ઉઠે, ગગનમાં બાસ્ત બડકી ઉઠે' જેવા અનેક દૃષ્ટાંતો અભિવ્યક્તિને રોચક બનાવે છે. ચૂર નર્મદ..... વીર નર્મદ, ચેકીલો..... ટેકીલો, દીલો.....વીલોની પ્રાસચાતુરી અને જે ગુજરાતક વિશેષાત બદારા વ્યતિરેકના દૃષ્ટાંત પણ બબરદાર જેવાં કવિઓ આપે છે.

ગુજરાતી શિષ્ટ બાબાની કવિતામાં જ્યારે લોકબોલીના વિવિધ પ્રયોગો થાય ત્યારે જે તે પ્રદેશની પ્રકૃ પ્રાદેશિકતા તાદૃશ થાય છે. સમાજ, લોકસાહિત્ય, પ્રાદેશિકતા તાદૃશ કરવા માટે લોકબોલીના જીવંત પ્રયોગો કાવ્યની અભિવ્યક્તિને વધારે સબળ બનાવે છે. 'ટાગોરનાં' અંજલિ આપતાં આપતાં કવિ પન્નીલ ભીલોડી બાબાના પ્રયોગથી કવિ ઉપર્યુક્ત હેતુ ઉપરાંત પ્રાસ પણ જાળવી લે છે જેમ કે સોજેત.....સોજેત, કોકેત..... કોજેત..... કહીને અંતમાં પોમ્બેટ.....પોમ્બેટ.....નો પ્રાસ ગૂંથી અંગ્રેજી બાબા અને ભીલોડી બોલીનો પ્રાસમેળ સાધે છે તે કવિકૃતનું દૃષ્ટાંત છે. પરબાબાના શબ્દો , અલંકારો બદારા, શૈલી અને લયનો સમન્વય રચીને કાવ્યની બાની જીવંત બનાવે છે. કાવ્યનું પઠન કૃતિથી માંડીને ભાવવિસ્તાર આસ્વાદ સુધી આવા પ્રયોગ કાવ્યને જીવંત બનાવી,

kalpana's

ઝડઝમકથી કલાત્મક બનાવે છે. પ્રજારામરાવળ, ખબરદાર, સુરેશ દલાલ ગાદી અનેક કવિઓ કાન્ત.....કલાન્ત.....એકાન્ત.....ભ્રાન્ત..... શ્રાન્ત..... શાંત જેવો પ્રયોગ સાર્થક અન્વય અને પ્રાસ યોજી લયમાંથી ભાવાભિવ્યક્તિ સરસ બનાવે છે.

ઘણા શોકોર્મિકાવ્યોમાં અભિવ્યક્તિના અંશ તરીકે રૂપકનું આલેખન થયું છે પણ 'એક સંત' કાવ્યમાં ગાંધીની માગણી સાથે સરખામણી કરી માગણીનું રૂપક યોજી, માગણ અને સંતના લક્ષણો ગણાવી ગાંધીનો અદ્વિતીય વિશિષ્ટ બનાવે છે લોકો સંત કે માગણના જે લક્ષણોથી પરિચિત છે. તેનો જ ઉલ્લેખ કરી ગાંધીના વ્યક્તિત્વને નવે જ રૂપે વ્યક્ત કરે છે. ગાંધીની વિશિષ્ટતા એ છે કે ૧૦૩. "ગહન કૂવાની ઝોળી નિસ્તબ્ધ, ઘર ઘર ફરતી ફરતી હાકલ" સ્વભાવોક્તિ અને શબ્દચિત્રનો નીચેના કાવ્યખંડમાં ઉલ્લેખનીય સમન્વય છે તેમાં સંત અને માગણના લક્ષણો પણ છે.

૧૦૪. "તિલક નહીં, ભભૂતિ નહીં ભાલે,
કૌપીનભર વધાળે ઝાડ કાળે
નયને કરુણાધાર મહેરામણ છલકાયો
બંધનથી મુક્ત છોડો ધેનુ, મૂળ મંત્ર જ ગાયો...
ફૂલ નહીં તો ફૂલની પાંખડી નાખી
છલકાવી ઝોળી દો ચાખી
પાંખડી સાથે પોશ કડીર ભરી કાગળ લાવ્યો"

સંતની ઘેર ઘેર ફરવાની પ્રવૃત્તિ, માધુકરીની પ્રવૃત્તિ, ક્રમ અને લયનું સાતત્ય પ્રતિધ્વનિત કરતા માગણ, કરુણ કાગળ, મહેરામણ ધારા અંત્યાનુપ્રાસ અને મધ્યાનુપ્રાસ યોજી ગાંધીનું પૌરાણિક મીથ લઈ મૂલ્ય ચાકે છે કે.....

૧૦૫. "વરાળો ઝાતાર કરીથી વહારે ધાયો....."

પ્રાસ, અલંકાર, મીથ, લય જેમ અનેક કાવ્યતત્વોનો કલાત્મક સરવાળો

kalpana's

રચનાળો કાવ્યની ઉત્તમ અભિવ્યક્તિ પ્રગટ કરે છે.

ચાર્મ્યીયતા અનેક રસની જનની છે. કરુણ તેની ઉત્તમ અભિવ્યક્તિ છે. વાત્સલ્ય અને કરુણની વચ્ચે ચાર્મ્યીયતા હોય ત્યારે કૃતિ સંક્રાંત થતા રસની સૃષ્ટિ સુંદર જમાવે છે પ્રકૃતિ કૃતિ આસ્વાદ્ય બને છે. એમાં રસસંક્રાંતિનો કલા વ્યાપાર છે. પણ તેનો પાયો ચાર્મ્યીયતા છે. 'ઉશનસ્ કૃત હું મુજ પિતા ' નેનું ચાર્મ્યીયતાની પરાકાષ્ઠાને તાદૃશ કરતું કાવ્ય છે. પંથીયું, લેબાસ પહેરી પિતાને ગોઘડે ચૂઈ જઈ પિતાની તીવ્ર સ્મૃતિમાં તે ઓતપ્રોત થાય છે એમ કરતાં કરતાં અગ્નિસંસ્કારની સ્થિતિ આવતાં સુધીમાં કવિ ઉશનસ્ વ્યાકુળ બને છે. ત્યાં કરુણ પ્રગટ થાય છે.

મણિરામ રાવળ 'અસ્મીદ' કાવ્યમાં શ્લેષ પ્રયોજી અસ્મીદની ઉત્તમ બે સિધ્ધિનો પરિચય આપે છે. જગતના કાદવમાં અસ્મીદ ચૂકી કમળ ખીલ્યું તેમના ચિંતનથી કોરમ પ્રસરતા લાગી એમાં અસ્મીદના ચિંતન પ્રકારની વાત છે. કમળના ગુણધર્મોમાં અસ્મીદના સ્વભાવના ગુણો મળે છે. અન્ય કાવ્યોમાં શ્લેષ શબ્દ કે અર્થમાં છે તેની રજુઆતીમાં આ બન્ને ગુણ ઉપરાંત આ કાવ્ય શ્લેષ શી ભાવ વિશ્વ રચી દે છે તે ઉત્તમ સિધ્ધિ છે.

સંસ્કૃત સાહિત્યમાં અલંકારો વિપુલ પ્રમાણમાં મળી આવે છે. કેટલાક ઉર્મિ, કલ્પન, સ્પંદનને નવે રૂપે રજુ કરનારા અલંકાર પણ છે. સંસ્કૃતમાં તેની ઉત્તમ અભિવ્યક્તિ મળે છે. આવા અલંકારો આપણા માનસની ભૂમિકા બદલી, નવી સ્થિતિની ચમત્કૃતિ આપે છે. અનુભૂતિની તાજગી જેવી કાળોમાં ચિત્ત અનુભવે છે. આવી મનોહર સૃષ્ટિ કલ્પના અને ઉર્મિનું સુંદર દૃષ્ટાંત શોકોર્મિકવિતામાં કાન્ત 'વત્સલના નયનો' કવિતામાં આપે છે. પંક્તિઓ ભાવસભર છે.

kalpana'a

૧૦૬. ''પણ નિર્મલનેહ સરોવર સારસ
યુગ્મ સમા પરિપૂર્ણ દયારસ
એ જમી દિલનાં શયનો''

અભિવ્યક્તિની કલાત્મકતા એ છે કે દુઃખદ અનુભૂતિને સુખદ અભિવ્યક્તિ આપે છે કે જમી દિલના શયનો છે તે નિર્મલનેહ સરોવર સમાં છે. અને પરિપૂર્ણ દયારસના સ્વપ્નો તરીકે કવિ શ્રી એમને ઓળખાવે છે. અલંકારો, કલ્પના, ઊર્મિ, સ્પંદન ક્યારેક અલૌકિક અનુભવ કરાવે તેથી જ તેની અભિવ્યક્તિની કલાત્મકતા છે. અલંકારમાંથી અભિવ્યક્તિને મળતી નૂતનતા માટે ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, સજીવારોપણ, દૃષ્ટાંત, વિરોધાભાસના ઉદાહરણો વિપુલ પ્રમાણમાં મળે છે. તો વ્યતિરેક, શ્લેષ અને પ્રાસયમકની પણ ખૂબ જ ચમત્કારક રીતે આલેખાયાં છે. પ્રજારામ રાવળ અને સુરેશ દલાલ 'કવિ કાન્તને' કીર્તિકીની કુતિઓમાં 'કાન્ત' શબ્દ સાથે ગુંથતો પ્રાસ વિવિધ સમુચ્ચારી શબ્દો વડારા પ્રયોજે છે. કવિ પૂજાલાલ સચોટ અભિવ્યક્તિ વડારા 'દાદા' ના વ્યક્તિત્વનો પ્રભાવ આલેખે છે કે...

૧૦૭. 'આપે લાલી'તી જે કુંજે, વરદાયિની વસંતને
નિતિક્ષા તપનાં મૂર્તિ, દઢમૂલ બની રહ્યો''

'પૂ.બહેનને' કાવ્યમાં વિનાકીન ઠાકોરની શ્લેષની માંલિકતા ચમત્કૃતિ સર્જી દે છે. બહેનીના અર્થમાં કવિએ પ્રયોજેલો 'બાંધવી' શબ્દપ્રયોગ શ્લેષની એક નવી દિશા ઉઘાડે છે. બાંધવું ક્રિયાપદના અર્થમાં પ્રાસ મેળવનો શબ્દપ્રયોગ 'બાંધવી' અને બંધુના સ્નેહ સંબંધે બંધાયેલી બહેનના અર્થમાં 'બાંધવી' કવિપ્રતિભાનો અણસારઆપે છે.

૧૦૮. ''ઝબકીલી સ્મિત ઢાળી ધરી
બીછડી ડાળ રહે કયમ સાંધવી

Kalaam's

જગતમાં કયંહી ઝાંપડશે ફરી
ઝુરી અંતરની મ્હુરી બાંધવી ''

નીચેની પંકિતઓમાં વંચાઈને આવતી ઉત્પ્રેક્ષામાં તાદૃશતા જુઓ.....

૧૦૯...'ગલ ચૂકે મ્હેલની બાંગલી
નિસ્યું ઉંજ ગરાટી ખચીકલા
કરારે વદે હેતથી બાઈલા
અનુભ્યું તુજ બ્હેન હું આંગણી''

હાથ પહોળા કરી પારણામાંથી બાઈને હજીય બોલાવતી બ્હેનનો ભાસે 'બાઈલા' શબ્દ પ્રયોગમાં મૂકી જેની સ્વભાવોકિતમયં બ્હેનની આંગળીના સ્પર્શમાં સ્નેહનો અનુભવ કરે છે. ઝાંખોલા મ્હેલની તૂટી પડેલી ખચીકલાની અભિવ્યકિતમાં પૂ.બ્હેનના અસ્તાનનો તીવ્ર આઘાત પડઘાય છે.

શૈલી અભિવ્યકિતને વિશિષ્ટરૂપ આપે છે કોઈક ઉત્તમ અભિવ્યકિતના સંદર્ભમાં એમ કહી શકાય કે શૈલી અને અભિવ્યકિત એક બીજાના ઉલ્લય છે. રૂપક, પ્રતીક, અલંકારો શૈલી કે અભિવ્યકિતને વધારે જીવંત, રસ આસ્વાદ્ય બનાવે છે. તેથી તે અભિવ્યકિતનો ઝવેરાત કહીએ તો ખોટું નથી. એવું એક ભૂષણ કાવ્યમાં આવતા ઉપકરણો પણ છે. ભાવવિશ્વ રજી કરવા માટે, રસની ગહન, તીવ્ર કે ઘેરી અનુભૂતિ કરાવવા માટે, તાદૃશતા અને ચારુતા માટે, કાવ્યમાં ચિત્રાત્મકતા માટે મીથ, ફેન્ટસી, પ્રતીક, ઉપકરણનો ઉપયોગ કવિ કરે છે. શોકોર્મિકવિતામાં શોકની ભાવાભિવ્યકિત અને કરુણની નિષ્પત્તિ માટે ઘણા કાવ્યોમાં ઉપકરણ અને મીથનો પ્રયોગ કવિઓએ કર્યો છે. તેમાંથી કેટલાક કાવ્યોનો અભ્યાસ અહીં મૂકયો છે.

ઉપકરણ કે મીથ, ફેન્ટસી, પ્રતીકથી શૈલીની ભાવાશ ચોખમાવી ના જોઈએ અને એટલી બધી ભાવાશ પણ ન હોવી જોઈએ કે ભાવાભિવ્યકિતની ઝારકારતા, સચ્ચાઈ બોદી બની જાય.

૧૧૦...'ચાસ ચાસમાં મનનું બાળી રૂપ રાવજી કોર્યો.....
આંખ આંખમાં શોધ્યા કરતો સીમ રાવજી ઉડ્યો
હરિયાળીનાં મોજાં પરથી નભ આ લસરક ચરકે
અને રાવજી નીંદર ઉજાડું મરકે
બહું ય લીલુંછમ તે જે શમણાના તેજે રાખ્યું
આજ રાવજી અંધકારના કયા છેડલે બાંધ્યું''

મોતની પીછોડી ઓઢીને ચૂતેલાં સંત રાવજીના જીવંતમ્ સ્મરણોને આધારે મૃત્યુની વેધકતા વ્યક્ત કરે છે. રાવજીના અવસાનનો શોક પરંપરાગત થતી આવતી રુદન, પ્રલાપ કે વિષાદયુક્ત અભિવ્યક્તિ કરતાં નવું રૂપ લઈને આવે છે.

૧૧૧...'તને રાવજી હવે શબ્દની વાટે ચરતો જોવો
નમણી પનિહારીનાં વાંસે નજર બની ટકરાય
પનિહારીના બેડાંમાં જે ઉછળ્યું
કેટકેટલા શબ્દે સ્ખલ્યે ગેડાંતે નવ નિતર્યું
તારી લુબ્ધી આંખોમાં બેતરના લીલા લીલાં મોલ''

અતિશયોક્તિ કલાતત્વોના વિનિયોજનનું બીજસ્થાન છે. અર્થની ક્લિષ્ટતા અને અતિશયોક્તિ પ્રમાણબધ્ધ વિનિયોજનની ચૂકથી ટાળી શકાય અને ભાવની વેધકતા ગુમાવ્યા સચોટતા જાળવાય તે અભિવ્યક્તિમાં ધ્યાન રાખવા જેવી બાબત છે. દા.ત. 'કાષ્ઠ પર ચૂતેલો કાષ્ઠ થયેલો રાવજીનું ચિત્ર આઘાતજનક અને કલાત્મક છે. દૃષ્ટાંત, રૂપક અને ઉપકરણના વિનિયોજનની તદ્દન નવી ઢબ નવા કવિઓમાં મળી આવે છે. જેમાં આયાસ, અતિરેક અને અતિશયોક્તિ ટાળવાની સભાનતા સર્વત્ર દેખાઈ આવે છે. પ્રચલિત શબ્દોમાં નવા અર્થના નવા અન્વયો અર્વાચીન ગુજરાતી કવિતાની પ્રયોગાત્મકતાની સિધ્ધિ છે. જેનાથી કાવ્યમાં ચમત્કૃતિ આવે છે. દા.ત.

૧૧૨-''તારી સુખી આંખોમાં, ખેતરના લીલા મોલ
પોતા સાથે ઝીણી આંખે કહીને વાતો કરતો
મારે કરી કરીને જોવો ''

સ્મૃતિના ઉપકરણથી કવિ સદ્‌ગત વ્યક્તિ વિશેષ રાવજીના વ્યક્તિત્વ ને કવિત્વને પીલવે છે. રાવજીના અવસાન નિમિત્તે લખાયેલી કૃતિઓમાં પ્રયોગશીલતાની સાથે વ્યક્તિચિત્રની અનન્ય અપૂર્વ ચમત્કૃતિઓનું વૈવિધ્ય મળે છે. રામચંદ્ર પટેલકૃત એવી બે અજોડ રચનાઓ વિશેષ ધ્યાન ખેંચે છે. 'સ્વ. રાવજી પટેલને' કૃતિમાં કવિ કહે છે.

''મારી આંખોની શિલાઓ પર
મેં કોર્યું : તું તારું વન
વનમાં ફૂટી હતી સ્મૃતિની ઝીણી ચેક નદી
નદીમાં હતો તો.....''
તારા શબ્દોની હોડીઓ વિહરતી બાલી બાલી
તારા વિના
નદી - વન - મેદ - ખેતર - ચાસ-ટહુકા - ચૂના ચૂના
ક્યાં તું ચાલ્યો ?
કોઈથી રહ્યો ના ગાલ્યો
આજ મારા રુક્ત વહેણોમાં તારો પડછાયો
વિષાના ફીણ ફિસોટા થઈ ઉભરાયો''

પ્રકૃતિક પરિવેશની માવજત કરી રાવજી માટેનો ઊભો કરેલો જીવંત ચંદર્ભ આ કાવ્યધારાનું વિશેષ તત્વ છે. '૧૦-૮-૬૯ ના પરોઢે' કાવ્યમાં પણ રામચંદ્ર પટેલ આ રીતે સુંદર તાદૃશતા ઉપજાવે છે.

''આ જ પરોઢે
હું બેઠી ખેતરને શેઢે
તરાતરાતું તમારું લઈ ચૂકું પત્તું

Kalpana's

હથેલીમાં મસળી ઘુઘકો કરી,
ચલમ ભરી
મોંએ ચડાવી ચહચહાટ ચૂલા માંહ્યું.....
ત્યાં –
ખેતરની પેલી પા પ.....ળે
ચારસનો ટહુકો ઉઠ્યો.....
– જેમ ઊડી ગયેલો તું બાઈ !
મારા હૃદયમાંજ્યં ભળી ચાંપે ચાલી બેઠો;
હવે
હાથ લાં.....બો કરી
સામે ધરી
કોને કહું લે,.....રાવજી તાણ. ''

ઉપકરણથી આવતી કલાત્મકતા, તાદૃશતા અને જીવંત ચણિત્ર્યકિતનો પરિચય બ.ક.ઠા.ની 'જાગરણ' સૃષ્ટિ કૃતિમાંથી મળે જેમ છે. પ્રકૃતિક પૃષ્ઠભૂ, સંયોગ શૃંગારની તીવ્ર સ્મૃતિ અને તેમાંથી જાગતી તીવ્ર વેદના ચાલેણી કવિ પત્નીના ચસ્સાનનો વિષાદ અને અફસોસ અનુભવે છે. રાત્રે કવિની નીદ્રા ચાલી ગઈ છે. જાગરણ કરતાં ખુરશીમાં બેસી રહ્યા છે. વિચારસ્થળે રહી જતાં સ્મૃતિ જીવંત બને છે. કવિ સ્મૃતિને બદલે જાણે વાસ્તવિકતામાં મૂકાઈ જાય છે. ચારે તરફ રાતનું એકાંત, શાંતિ અને ચાંદની પથરાઈ ગયાં છે. બારીની ચાંદની મઢેલી એક ચારપાઈ રાતે કવિ બેઠા હતા અને પત્ની પાછળ હતી. શીતળ મંદ પવનથી પત્નીનો પાલવ લહેરાતો હતો એ રમ્ય, ધન્ય પળોનો આહ્લાદ કવિના ચિત્તમાં તાજો થાય છે. ક્ષણભર આ તીવ્ર સંવેદન અને સમયનું જાગરણ આહ્લાદક બને છે. વાસ્તવિકતા નીહાળે છે તો પત્નીનો પાલવ નહીં પણ બારીનો પડદો હોય છે. સ્મૃતિની આહ્લાદક વસંતપર શોક-વિષાદનું હીમ પડે છે. વસ્તી ચાંદનીને બદલે ઉતરતો વિષાદનો રગડો લાગે છે

kalpana's

ગ્લાનિ ચિત્તમાં વ્યાપી જાય છે. રમ્ય કલ્પનામાંથી કારમી વાસ્તવિકતા કરુણ સ્થિતિમાં મૂકી દે છે. ત્યાં શોકની શ્રેષ્ઠ અભિવ્યક્તિ થઈ જાય છે.

૧૭૩...'છોટાં વદ્યું હારબંધ કપડે, ગાડાં હતી પાડતી
ને વરને ઉપડતું તું કિચેરી, ધીમા મરુત્ક ૨ફરે
જાણે ધૂળ મહી જ્યું ઉંધિ ગઈ, ઉંધે મૂદુ સ્વરી રહી,
ઉઠાડું કરી દીપ કે તિમિરમાં, ચાંપૂ જ ખુરશિયે
છોટી ચાંદનિ વર્તુલાવલિ હરી, મ્હારી જ પીઠે ધરી ?
ધુંધો ચે પ્રકટ્યો ન સ્પષ્ટ ત હિનો મટ્ટી ગયો દીપ ચે
ખાલી ખુરશી જ ચાંદિતો જઈ પડ્યો, તેમાં ' ચન્દ્રિલાલ હું

× × × ×

એકે એક સ્મરંત અને સ્મરકયા, ચંદ્રા ગઈ ગાથમી
ને વીતી ય નિશા, ઉષા ઉડતી શી લ્યાવી રવિ નિષ્ઠુર

કવિ સ્મૃતિના ઉપકરણથી શોક-વિષાદની સચોટ અભિવ્યક્તિ, 'રવિ-નિષ્ઠુર' કહીને વેદનાનો રોષ વ્યકત કરી, તાદૃશ ભાવાભિવ્યક્તિ આપે છે.

ઉપકરણના વિનિયોજનનો આશય અભિવ્યક્તિમાં નવા અર્થસૌંદર્ય માટે પણ થતો હોય છે તેનું દૃષ્ટાંત 'જ્યંતિ દલાલની પ્રથમ પુણ્યતિથિએ' છે. જ્યંતિ દલાલ વિનાનો ગ્રંથખંડ બેકવાર ખાલી ખાલી લાગે છે. વિશાળ શૂન્યાવકાશ પણ શોકની જ અભિવ્યક્તિ છે. અને બીજી વખત નવો અર્થ-સૌંદર્ય આપતાં ને ભર્યો ભર્યો લાગે છે. બન્ને વિરોધાભાસી અભિવ્યક્તિનો આશય સદ્‌ગત જ્યંતિદલાલના વ્યક્તિત્વનો પ્રભાવ અને અભાવ જ પાથરે છે. અહીં આ મનોવ્યાપારમાં કવિની વેદના જ છે. બધું જ યથાવત્ છતાં કવિ વિનાની નિર્જનતા, સ્તબ્ધતા, ગ્લાનિ, ચૂપકીદી અત્યંત શોકજનક લાગે છે કે બોલતા પુસ્તકો સ્તબ્ધ થઈ ગયો. એ વિશાળ સ્તબ્ધતામાં

kalpana's

જંયતિ હલાલનો સ્તબ્ધ ચહેરો દેખાય છે.

સમયની કલાત્મક મૂલ્ય રજૂઆત કરવા માટે અને સ્મૃતિની વેધકતા માટે બળદાર 'એક સ્મરણ ધ્વનિત'માં સુંદર આપે છે. ખિન્નની સ્મૃતિમાંથી હાલાસ અનુભવું તેટલામાં તો એક આંખું વર્ષ વીતી ગયું અર્થાત્ એક પલકમાં વર્ષ વીત્યું એમ દોડતા સમયના સંદર્ભમાં સ્મૃતિની ગહનતા વ્યક્ત કરે છે કે ખિન્નની સ્મૃતિ એક વર્ષ સુધી તેજીજ રહી અને પછી મરણતિથિ ભાની ગઈ.

બ.ક.ઠા. 'જાગરણ' કાવ્યમાં સ્મૃતિનું તીવ્ર સંવેદની અનુભવે છે એવું જ તીવ્ર સંવેદન નીચેના કાવ્ય ખંડમાં પણ છે.

૧૧૪...બા

જેને એક ક્ષણ આગો
ન કર્યો કદી ય મને
તેને આજે સ્મશાનમાં
એકલી મૂકી
પાછો ફર્યો કૃતઘ્ની
હું
ઘર
ખાલીખમ ઘર
ખોરડા જેવું
તેના ઉંબરા પાસે
ડૂસકાતાં અમે ચાર ભાઈ-બેન
નિસ્તેજ - નિરાધાર
કોઈ
અકલ્પ્ય ભયથી કંપતા થર થર
પાનખરના પાન જેવા

kalpana's

પ્રગાઢ રાતીનું ઘટ્ટ પોત ભેદી
આવશે ક્યારે સવાર ?
ઉભરાય છે ચહેરો બાનો
કમલિનીના ફૂલની માફક ખીલી
ઉઠે છે મારી આંખમાં
ને
સાવ નાનકડા નીરવની માફક
ઉંઘમાં ચીસ પાડી જઉં છું.
''બા બા હું ક્યાં છે ?
ત્યાં જ કોણ
ભીત પરની તસ્વીરમાંથી
બહાર નીકળી
કરચલિયાળો હાથ ફેરવે માથા પર
હું
શાંત ''

ઘેરા શોકમાં બાનો સ્નેહ ઉત્કટ થઈ શોકનું શમન કરવા માત્ર જ સમર્થ છે. જેમ પુરવાર કરે છે. બાના મૃત્યુનો વિષાદ ચિત્તમાં, ઘરમાં, આખા વાતાવરણમાં છવાઈ જાય છે. અને 'બા, બાતું ક્યાં છે ?' ના ઉદ્ગારમાં તેની પરાકાષ્ઠા અનુભવે છે પ્રશ્નની વણઝાર મનની વ્યાકુળતા છતી કરે છે. ૧૫.'' પ્રશ્નમાંથી ઉત્તર અને ઉત્તરમાંથી પ્રશ્નની ઉઘડતી કલ્પના પરંપરારૂપે નીસનું કાવ્ય આસ્વાદ્ય બની રહે છે. અછાન્દસમાં આધુનિક યુગની વ્યથા વેદનાને આધુનિક કવિતા સાજમાં ઉદ્ગારે છે. લોહીના સંબંધનો તરફડતો અનુરાગ જેમના છેલ્લાં કેટલાક કાવ્યોમાં છે. સમકાલીન પ્રચલિત પ્રમુખ કાવ્યરૂપોમાં સહજ પણે ગતિ કરતી જેમની કલમમાં ગણિતબુદ્ધિની સરલતા અને લય વિભાસની સ્વસ્થતા છે.''

kalpanaa

જનની વિશેના ઘણા સંવેદનો ઘણા કવિઓની કવિતામાં વિવિધ કલ્પનોથી રજુ થતા જોવા મળે છે. ત્યારે ચિત્તમાં સહજ પ્રશ્ન થાય છે કવિકૌશલ શેમાં જાજું ? વિવિધ કલ્પનોના વિનિયોજન પરથી કવિની કાબેલિયત ઉપરથી તેનું મૂલ્ય આંકવું કે એક કલ્પનથી થતા ભાવાભિવ્યક્તિના વૈવિધ્યમાં ? એક જ કલ્પનથી વિવિધ ભાવાભિવ્યક્તિ આપનાર કવિ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે તેનામાં કલ્પનમાંથી અર્થ વૈવિધ્ય અને ભાવ-વૈવિધ્યની ગુંજાશ ઊભી કરવાની અજબ શક્તિ છે. માટે કાવ્યજ્ઞોને અને કવિતાના જિજ્ઞાસુ વિવેચક જ્ઞોને પરિણામમાં અને અહીં એ મત પ્રવર્તે છે કે જે કવિમાં એક જ કલ્પનને અનેક રીતે પ્રયોજવાનું સામર્થ્ય છે તે ઉત્તમ કવિ છે. 'મૌન ઘર' કાવ્ય સંગ્રહમાં 'બા-નો ચરખો' કાવ્યની પંક્તિઓ તેનું દૃષ્ટાંત પૂરું પાડી શકે એમ છે.

૧૧૬..''બાના હાથના સ્પર્શની
રાહ જોતી ઝૂલકાની
માળા
ઝૂલકાય છે ભીંત પર, એકલી-અટૂલી
રંટીલના ડબ્બામાં મૂકેલું
બાનું દાંતનું ચોકઠું
હજીય મને જોઈ
હસી પડે છે ખડખડાટ''

૧૧૭..''એઝરા પાઉન્ડે કહ્યું છે કે કોઈપણ કવિ જિંદગીભર અનેક કલ્પનો પ્રયોજે એ કરતાં એક જ કલ્પનને એની વિવિધ શક્યતાઓને કેન્દ્રમાં રાખીને પ્રયોજે એ ઉત્કૃષ્ટ છે'' આ સંદર્ભે કૃષ્ણાલિંગાયક અને અછાન્દસ કાવ્યોમાં બાલિંગાયક કાવ્યો તેમજ કૃષ્ણાને સંબોધીને લખાયેલા કાવ્યો ધ્યાન ખેંચે છે આ પંક્તિમાં રહેલ સ્મૃતિ સંવેદના અને બા

kalpana's

ચાયેનો ચવિશ્વાભાવી સમ્બન્ધ ભાવકમનને લાગણીના પ્રબળ પ્રવાહમાં તરતું મૂકે છે.''

સંગત સ્વજનના સ્પંદનો લખાયેલી શોકોર્મિ કવિતામાં માનસંવેદન પછી વાત્સલ્યમાંથી કરુણની ભાવાભિવ્યક્તિનું સચોટ સઘન ચાલેખન પિતૃહૃદય માટે લખાયેલા કાવ્યોમાં વ્યક્ત થતી વેદના સંવેદનામાં જોવા મળે છે. એમાં ઉશનસ્‌ની 'પૂ.બાપા જતાં' સોનેટ શ્રેણી અંતર્ગત 'હું મુજ પિતા' જેવા કાવ્યો શોકોર્મિનું ગૌરવ છે. એમાં તાદૃશતા સુરેખ રીતે કવિ ઉતારે છે. પત્ર અભિવ્યક્તિનો બીજો ગુણ ચિંતન, મનન, ઘૂંટાતા વિષાદની અભિવ્યક્તિ પણ છે. વિષાદમાં ફેલતા હૃદયની વ્યથા ડૉ. ચિનુ મોદી લિખિત 'પિતાની પ્રથમ પુણ્યતિથિએ' કાવ્યમાં જીવંત પણે ચાલેખે છે.

૧૧૮.''તમે મારાથી કયાં દૂર દૂર થતા જાવ ? તમને
ધક્કેલે ધીમેથી સમય.....
સવારે ઊઠતામાં સ્મરણ થઈ ચાવે પ્રથમ તો
વિના કોઈ બ્હાને ગળશ ઉર મોંફાટ રડતાં
X X X X X
હવે વીત્યે સમય નથી હું યાદ કરતો
પહેલાની પેઠે કદીક લઉં ચા બે ઓછી યદી
તમારી પેઠે તો સ્મરણ ઉરમાં જાય છલકી
વરે ધીમે ધીમે મુજ ઉર દશાને થર બધું
તમારાથી હું યે દૂર દૂર થતો જાઉં; જાવે
મને ચે દે ધક્કો સમય''

સમયના ઉપકરણનું કલાત્મક વિનિયોજન ચા પંક્તિઓમાં જોવા મળે છે.
૧૧૯.''પિતાના મૃત્યુની ચક્ષુબ્ધ ચેતની પાસે કાવ્યકૃતિ રચાવે છે. ચા ચનુભવને નિરૂપીને ચે પોતે ચક્ષુબ્ધતામાંથી છૂટવા માંગે છે. દિવાનખંડમાંથી

kalpana's

જ કેવળ પિતાની કોટો નથી ઉતર્યો પણ એના વ્યક્તિત્વ સાથે ગાઢની હદે સંલગ્ન થઈ ગયેલા પિતાની સ્મૃતિ માટે જાણે કે ઘટતું અનિવાર્ય હતું એની પ્રતીતિ 'એક અખંડ કાવ્ય' પરથી થાય છે.''

આવું જ તીવ્ર વેધક પિતાશ્રીના અવસાન નિમિત્તે જાગેલા પછી સમયને અંતરે ઘૂંટેલા અને પાછા આવવાનું સંવેદન – પિતૃહૃદય મારીને સંભારણા આપતું ઉં., જ્યંત પાઠકનું કાવ્ય છે.

૧૨૦...મારે તો
પિતાજી એટલે દસેક વર્ષના બાળકની
આછી ઓછી સ્મૃતિ:
પરસાળમાં જોયેલા
છેલ બૈલા
ભોંયે લીધેલા
શ્વાસોચ્છ્વાસ ઝડપી ચાલે
જ્વાની ઉતાવળ, રોટ્યા જાણે ચાલે ?
રામનામ બોલાય છે.
દીવો હોલાય છે
આંખો દઝે છે. –
પણ આટલી સ્મૃતિનું આજે શ્રાધ્ધ
આજે મને થાય છે
હું પિતાજીના પગ ધોઈને પી શક્યો હોત ?
એમના ચારણકંઠથી સુની થઈ શક્યો હોત ?
આહું એક વારનું લીધું છમ ગામ– હવે નથી
નદી કાંઠાનું એ ભર્યું પૂર્યું ઘર – હવે નથી
વગડો ઉજ્જડ, પહાડો બોડા, નદી નિર્જલ
પડિયામાં પીર લઈને ઝાકીમાં ઊભો છું ત્યારે

kalpana's

સામેના સૂકાઈ ગયેલા વૃક્ષની
પડું પડું થતી ડાળીએ બેઠેલો કાગડો
મને તાકી રહ્યો છે-
શંકાની નજરે ''

કાવ્યપંક્તિઓ પરથી બે બાબત સ્પષ્ટ થઈને આંખે વળગે છે. મનમાંથી જાગતી ભાષામાં ક્યાંક ક્યાંક દેખાતો વિષાદ છે. કંઈક બની ગયાથી કંઈ ઓછપની વેદના વિષાદ સતત કરાવે છે. જેમાં અનુભૂતિની સચ્ચાઈ ડોકીયાં કરે છે. ૧૨૧.'' આ વિષાદ માંદલો કે વેવલો નથી કારણ કે સંયમથી સ્નાયેલો છે.'' ભાવની સચ્ચાઈને લઈને ચાલતી તેમની ભાષાના કેટલાક તત્વો-ગુણો ખાસ મળી આવે છે.''૧૨૨. જેમની ભાષા સરળ છે જેમ કહું ત્યારે મને જેટલું જ અભિપ્રેત છે કે જે આડંબર વિનાની છે.... .. કવિ લાગણીની લીલીને ઝાલેછે. સાવ સાદી રીતે..... જ્યંત પાઠકની કવિતાની ભુંસાળમ સવિશેષ માણવા જેવી છે.''

અર્વાચીન ગુજરાતી કવિતા ક્ષેત્રે દીર્ઘ કાવ્યોના સમયમાં પ્રયોગ અને ભાવનો વિશદ વિસ્તાર કાવ્યોમાં જોવા મળતો હતો પણ શૈલી પરત્વે ક્યારેક નિષ્કાળજી લાગે તેવી શિથિલતા પણ કાવ્યપંક્તિમાં વર્તાય તેવું લાગતું હતું કદાચ લાઘવના મહિમાનું એક કારણ આ પણ હોઈ શકે પણ લાઘવમાં ભાવની અભિવ્યક્તિ જોખમાવી ના જોઈએ તેથી લાઘવની સાથે વેધકતાનો હેતુ સચવાવો જોઈએ આ બન્ને જળવાય અને સચોટ ભાવાભિવ્યક્તિ મળે તો અભિવ્યક્તિનું કૌશલ જળવાયું છે તેમ કહેવાય આધુનિક ગુજરાતી કવિતાની અભિવ્યક્તિની આજ મોટી સિધ્ધિ છે. તેના કોઈક ઉદાહરણ શોકોર્મિ કવિતામાં પણ મળી રહે છે. ગાંધીના અવસાન પર દીર્ઘ-કવિતાઓ તો લખી મળે છે પણ ઉપર્યુક્ત લક્ષણને ચરિતાર્થ કરતી નીચેની લાઘવ યુક્ત કાવ્ય પંક્તિઓ જુઓ.

૧૨૩..''ચાટલા ફૂલો નીચે ને ચાટલો લાંબો સમય

kalpana's

[ગાંધી કદી ચૂતા નથી - ;

રાજ ઘાટ પરના ફૂલો જોઈને કવિના મોઢેથી ઉદ્‌ગાર સરી પડે છે. એમાં વેદના -કટાક્ષ અને વેધકતા બધુંય દેખાય છે કાવ્યાંતે એક દુઃખદ વિસ્મય પણ આ પંક્તિઓ આવી જાય છે. ૧૨૪.''જયમુખ પાઠકની]

૧૨૩..''આટલા ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી ચૂતા નથી - ;

રાજઘાટ પરના ફૂલો જોઈને કવિના મોઢેથી ઉદ્‌ગાર સરી પડે છે એમાં વેદના -કટાક્ષ અને વેધકતા બધુંય દેખાય છે. કાવ્યાંતે એક દુઃખદ વિસ્મય પણ આ પંક્તિઓ આપી જાય છે. ૧૨૪.''જયમુખ પાઠકની કવિતા ભાવક પાસે સજ્જતા માગે છે. જયમુખ પાઠક પાસે પ્રતિરૂપો અને પ્રતિકની તાજગી છે. ગવાઈ ગયેલું નિરૂપવામાં એમને રસ નથી'' એજ એમની મૌલિકતા તરફ નિર્દેશ કરે છે અને સજ્જતાની અપેક્ષા રાખતી અભિવ્યક્તિ તેમના કૌશલને પૂરવાર કરે છે. તીક્ષ્ણ કટાક્ષ દ્વારા તે અભિવ્યક્તિની વેધકતા સાધે છે. કટાક્ષ માર્મિક, હૃદય સ્પર્શી અને ભાવસભર હોય છે ''જયમુખની કલમ પાસે કટાક્ષ છે, પણ સહેલાઈથે લાઉડ સ્પીકર વિનાનો'' એ વિધાનનો મર્મ જયમુખ્ર પાઠકની અભિવ્યક્તિના કૌશલનો જ નિર્દેશ કરે છે.

ઊર્મિકવિતાના લક્ષણોને સાથે રાખી શોકોર્મિકવિતાના વિવિધ લક્ષણોને સમજીયે તે વધુ ઉચિત ગણાશે કારણ કે આપણે એ ન ભૂલીયે કે શોકોર્મિકવિતા ઊર્મિકવિતાનું જ એક કાવ્ય સ્વરૂપ છે. શોકોર્મિ-કવિતામાં ઊર્મિકવિતાના અન્ય લક્ષણોનો ચરિતાર્થ (થતાં લાગે છે) કે સાર્થકતા તપાસીયે ત્યારે શૈલીનો વિચાર કરવોજ પડે કારણ કે કોઈ પણ કૃતિ માટે શૈલીની તેનું અવિભાજ્ય અને અનિવાર્ય અંગ છે. કવિતાક્ષેત્રે ઊર્મિકવિતામાંતેનો ખાસ આગ્રહ સચવાય છે. જિતાવહ છે. કારણ કે ઊર્મિકવિતામાં કયારેક શૈલીની શિથિલતા ખમી ખાવે તેવી શિથિલતા ઊર્મિકવિતામાં પાલવી અતિકઠિન છે. લાઘવની સાથે શૈલીનો આદર્શ

સચવાય ત્યારે ઊર્મિકવિતા ઉત્તમ બની જાય છે. ઊર્મિકવિતાને પ્રસંગનું બયાન કરવા કરતાં અનુભૂતિનું સર્જન તરીકે ચોળાવીયે તો વધુ ઉચિત ગણાશે. અનુભૂતિની લીલાનું મૂર્તરૂપ તેજ ઊર્મિકાવ્ય માટે જેમાં ચાયાસ અસ્થાને, હાનીકારક નીવડે કારણ કે 'સહજોદ્‌ગાર' ઊર્મિકવિતાનું જ લક્ષણ છે. પ્રયાસથી તે ઉભાય તેની રંભાવના છે. ૧૨૫.''પાતાળમાંથી ફૂટતા ફુવારાની માફક બધી ઊર્મિકવિતામાં ઉછળતા ચૈતન્યનો સ્પંદ ભાવકની રગરગમાં વ્યાપી દે તેવી હોવી જોઈએ'' તેની ભાષાના શબ્દો અને અર્થો વૃક્ષને ફૂટતી શાખા પ્રશાખાની જેમ વિકસવા જોઈએ. ૧૨૬.''વૃક્ષને જેમ પાંદડા ફૂટે તેમ કાવ્યને ભાષા ફૂટવી જોઈએ'' આ રીતે વિચારતાં ૧૨૭.'' અભિવ્યક્તિનું વહન ભાષામાં થાય છે. ઊર્મિકવિતામાં ભાષા કે અભિવ્યક્તિ છૂટો પાડી શકાય તેવો અંશ નથી'' અભિવ્યક્તિ એજ એની શૈલી છે.'' એમાં સહજોદ્‌ગારને સાચવવા કયાંય વાગાડંબર કે પ્રયાસને અવકાશ નથી પણ બોલાતી ભાષા તેમાં સહજ આવી જાય છે. પ્રયાસ કે વાગાડંબરથી તેમાં પોકળતા પ્રવેશે તો અભિવ્યક્તિનું કૌશલ જળવાય નહીં

૧૨૮.'' poetry must not stray too far from the ordinary language which we use and hear.

એમ ચેલિયર કહે છે.

ઊર્મિકવિતામાં શૈલીને આ અર્થમા અપેક્ષિત છે અને તેના અનુસંધાનમાં શોકોર્મિકવિતામાં મળી આવતું આલેખન અને અભિવ્યક્તિનું વૈવિધ્ય જોઈએ.

શૈલીના વિવિધ આંતર પ્રવાહો અને પ્રકારોમાં એક પ્રકાર ઉદ્‌બોધનની જેમ સંવાદ શૈલી પણ છે. ક્યારેક એકોક્તિ હોય છતાં કાવ્યની બાની એવી લાગે કે આ સંવાદ છે જ્યારે મનોમંથન ખેદ, તીવ્ર મથામણ વ્યક્ત કરવાની હોય ત્યારે વિચારોના ઉભયના કેન્દ્રમાં રહેવાના મનની દ્વયર્થીય સ્થિતિ, ચિંતનની પળો સંવાદ-શૈલીમાં વ્યક્ત થાય છે. 'રડો ન મુજ મૃત્યુનો'

એક ઉત્તમ શ્રી કોર્મિકવિતા છે. ચિંતન , કટાક્ષ , ઉદ્વેગની અભિવ્યક્તિ-ગેમાં છે. વિચાર, ઊર્મિ કે કલ્પનામાંથી ગમે તે એક અંશનું પ્રાધાન્ય હોય છતાં તે ઊર્મિકાવ્ય બને ૧૨૯.'' ચિંતન પ્રધાન કાવ્યમાં વિચારતત્વ સભર હોય છતાં તે ઊર્મિસિક્ત હોય શ્રી ઉમાશંકરનાં..... રડો ન મુજ મૃત્યુને..... આ પ્રકારના કાવ્ય ગણી શકાય' ૧૩૦.'' સંયમિત છતાં તીવ્રતમ રીતે બે પંક્તિઓથી અભિવ્યક્તિ આપતું ઉમાશંકરનું 'રડો ન મુજ મૃત્યુને' સદા સ્મરણીય છે.''

૧૩૧.''તમે શું હસ્યા'તા જો ભય ધરી ત્યજી ભીરુતા
ત્યારે કરુણ અસહાય હું હૃદયમાં ડુંધી સત્યને
સ્વસ્થા કરત ભૂતલે ? ધરણથી ફૂટ્યો સત્યને
ગળે વિશ્રામ જે હતો, ઉંડેક કાળ ડૂમો.....''

X X X X

અરૂપ દીઠી શું કે મુજ અક્ષાવ્ય તેથી રડો ?

વક્રોક્તિ, વ્યંગ, કટાક્ષ, મર્મ, વ્યથા અને સંવાદના મિશ્રરૂપે ઘડાયેલી આ અભિવ્યક્તિ વેધક છે.

ઉદ્બોધન પણ એક શૈલીનો પ્રકાર છે. જન-જાગૃતિ, કે જ્ઞાન, જોશીલી જાહેરાત માટે આ પ્રકારની શૈલીનો ઉપયોગ થાય છે. ખબરદાર'ના 'વિધિની વાટે' માં કવિ કહે છે કે

૧૩૨.''ઓ ધાજો, ધાજો રે વીરને ધારે રે.....'' કાવ્યનાં પ્રારંભમાંજ જોશ છે. વિરોધાભાસ વ્યક્તિ ગાંધીજીનું ઉપસાવેલું વ્યક્તિત્વ અને તેનું રેખાંકન સુંદર છે.

૧૩૩.''પગલે પગલે પગ દબાય ને ડગલે ડગલે દુઃખ
યુગ યુગના ઉપવાસ છે નેના, ભવભવની છે ભૂખ
ઘડકે બળે છે ગાભને નીચે ધગધગતી છે આગ
એને તો ગાભનાં છે અજવાળાં, ને ધરતીએ પુષ્પપરાગ''

ગાંધીનો પ્રભાવ અને માનવકલ્યાણની ભાવનાનો ઉલ્લેખ ઈંગિતથી કવિ ચૂકતી દે છે.

૭૩૪.''કોડો હૃદયનો રાજવી તેને સ્નેહ વિના શા બંધ
મૌન એનું જગ મ્હેં સુણશે, એના આત્માને જોશે અંધરે...''

શૈલીમાં ઉદ્‌બોધન અને કલાત્મક પ્રયોગોએ અભિવ્યક્તિને ધારદાર બનાવી દે છે.

વર્ણનશૈલી (Narration) પણ શૈલીનો એક પ્રકાર છે. વિષયનું વિશદ વર્ણન કે આલેખન કરવાની પધ્ધતિ જેમાં અપનાવાતી હોય છે. 'ગાંધી સંત સુજાણ' કાવ્ય તેનું દષ્ટાંત કહી શકાય ક્રમિક રીતે વિષય અને વ્યક્તિવિશેષ ગાંધીનું વ્યક્તિત્વ વિકસે છે. તેમાં દૃશ્યોનું વૈવિધ્ય, વાતાવરણનો ગુંજારવ, અને બહુમુખી પ્રતિભાનું દર્શન આપતુ વર્ણન છે.

રાષ્ટ્રીય, સામાજિક, લોકજીવન, મૈતિકતા, ગુલામ ભારતની દુર્દશા, જેવા વિવિધ દૃષ્ટિકોણના કેન્દ્રમાં ગાંધીની કાલ્પેલિયલ કવિ પૂરવાર કરે છે. ગાંધી જેવા નહીં પણ સમયની ક્ષણક્ષણમાં વ્યાપેલી વ્યક્તિનો અનુભવ કાવ્ય કરાવે છે. સમગ્ર ભારત સાથે જીવતા ગાંધીને કવિ કડીએ કડીએ ગાંધીના જીવનને છતું કરી દરેક ક્ષેત્રમાં નિકટતમ સાન્નિધ્ય બતાવી સમગ્ર ભારત દર્શનમાં વ્યાપેલા ગાંધીના આત્મા અને ભાવના વ્યાપક લોકવારસા પૂરવાર કરે છે કાવ્યમાં શોક કરતાં વ્યક્તિત્વનું ચિન્માત્મક આલેખન સુંદર છે. આલેખનમાં ચિન્માત્મકતા અને દાર્શનિકતા ગુણ છે. તેથી શૈલી કલાત્મક લાગે છે. શૈલીમાં વેધકતા, લાઘવ, સુત્રાત્મકતા વ્યંગ, ટકોર, અને હતાશાને 'ગાંધીજીને' કાવ્યમાં વર્ણવ્યા છે.

૭૩૫.''તારી યાદી નથી રાખી અમે સ્મારકોમાં સમાધિ
કેવી રહેવી સરલ ભૂલવા કેરી આ રીત ગાંધી?''

ગાંધીની ચાદમાં મૂકાતી પ્રતિમાં અને સતત ગાંધીના આદર્શોને ભૂલતા જઈ ગાંધીથી દૂર થતાં જતાં અને પ્રતિમા મૂકી નિકટતાનો દાખડો કરવા માટે ના વલણ પર કટાક્ષ કરી માર્મિક ચોટ મારે છે. વક્રોક્તિના શ્રેષ્ઠ ઉદાહરણ, માર્મિક શૈલીમાંથી કરુણ સંવેદન પ્રગટાવે છે.

છંદોબધ્ધ કવિતાની સરખામણીમાં અછાન્દસની કાવ્યબાની જુદી પડી જાય છે તેમાં અભિવ્યક્તિનો ઉપાડ અને ઉઠાવ જુદી તાસીરૂ લઈને આવે છે. પ્રિયકાન્તનું 'ગાંધીજી' કાવ્ય- ગાંધીજીનું લાઘવપૂર્ણ રેખાચિત્ર છે. કોઈના ય સાથની આશા વિના રામનું નામ લઈ કામ કરનારની જીભે રામનામ હોય અને તેનાથી ઊઠતા મૂળ નાખેલુ બ્રિટીશ શાસન ડોલી ઉઠે એ પ્રભાવનું આશ્ચર્ય અને ગાંધીનું શબ્દ ચિત્ર સરસ રીતે પ્રિયકાન્તે ભાવસભર x બનાવી આપ્યું છે. કૃતિ xxxxx અછાન્દસ છે. કૃષ્ણલાલ શ્રીધરાણી સપૂર્ત કાવ્યમાં ગાંધીનું ગતિશીલ શબ્દ ચિત્ર આપે છે. ૧૩૬.'' હસી હસી ઘપે, જાન ડોસલો'' એ અભિવ્યક્તિની નજીક રહી કવિ ગાંધીએ પૂર્ણ કરેલા ભગીરથ કાર્યની અંજલિ આપે છે.

૧૩૭.''દડબડ દડબડ પગલાં કરી ગયા શું કામ ?''
સહાયમાં કેવલ-એક મણનું નામ''

અછાન્દસ છતાં લય લઈને વહેતી ભાવાભિવ્યક્તિ સુંદર છે. દ્રશ્યને તાદૃશ કરવાનો સફળ પ્રયત્ન તેમાં છે.

ભિતાક્ષરી શૈલીનો નમૂનો 'કાળનું વંદન' કાવ્ય છે. તિલક કોઈને ક્યારેય નમ્યા ન હોતા તેનું xxxxxx કાળ વંદન કરે છે એ વીરલ ઘટના છે એમાં તિલકનો પ્રભાવ પણ પ્રતિબીંબિત થાય છે. સંસ્કૃત-તત્સમ શબ્દોની અર્થગંભીર પદાવલીમાં ચમત્કૃતિનું તત્વ ચાકુર્યક છે. 'લોકક્ષય કૃત' નો ઉલ્લેખ માર્મિક છે. તિલકનું પાત્રાલેખન પણ એમાં તરી આવે છે.

મધ્યકાલિન વિલાપ કાવ્યોથી વહેતી આવતી કવિતાના પ્રવાહમાં પંક્તિયુગમાં છંદોબધ્ધ રચનાનો ફાલ ઉતરતો દેખાય છે તેમાં પૂર્વાર્ધમાં

સોનેટ જેવા કાવ્ય પ્રકારોના પ્રયોગો પણ આવે છે તો ન્હાનાલાલની ડોલન શૈલી પણ આવે છે. અને આધુનિક કવિતામાં ઝવેરચંદનો પ્રભાવ વધે છે પણ ભાવાભિવ્યક્તિ ના બદલાતા પ્રવાહોમાં પોતાને ખોઈ બેઠી નથી બદલાતી આવી શૈલીઓમાં હીરાબેન પાઠક આપણને 'પરલોકે પત્ર' ની પત્રકવિતા આપે છે. શૈલીનો એક નવતર પ્રયોગ તેમાં મળી આવે છે. અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે પત્રકવિતા નવો કાવ્યપ્રકાર નથી પણ ભૂલાયેલી પત્રકવિતા આધુનીકરણ સાથે આવે છે. તેમાં કાવ્યપ્રકારનો નવીન નથી પણ શૈલીનું નાવિન્ય છે. ગદ્યમાં પદ્યનો લય અને પદ્યમાં કવિતાનો ભાવના ગૂંથણીના કલાત્મકતાં પરલોકે પત્રમાં મળે છે. બદલાતી ભાવચ્છાયાઓ પ્રમાણે તેને ઉઘાડતી વિવિધ છટાઓ તેનું વૈવિધ્ય છે. ડોલન શૈલી, સંવાદ, એકોક્તિ, સ્વગતોક્તિ જેવા શૈલીના અનેક રૂપોનો સમન્વય 'પરલોકે પત્ર' મા છે.

૧૩૮. ''ઝંખી ઝંખી, ઝૂરી ઝૂરી
જાણે મા કંઈ જીવવું જ નથી
જીવવું ?-
પૂરવારે મૃત્યુને ધરવું છે મથી ''

શૈલીમાં વિયોગ, ચિંતન અને મનોમંથનના અંશો પણ છે.

''કદી ય નહીં થવા દીધા કાળા,
મુજથી જરી કે તમોને,
તે હવે ભૂલ સુધારું'' - એમાં આત્મીયતામાંથી જાગેલો વિષાદ છે. કટાક્ષ વિષાદને વધારે તીવ્ર બનાવે છે.

''હવે તમે કેમ પત્ર નથી લખતા?
હે પત્રોત્સુક, ધૈર્યવાન, અધીર ?''

''ધૈર્યવાન અધીરના વિરોધાભાસમાં કવયિત્રી ઝંખના અને વેદના વ્યક્ત કરે છે.

''જો તમે બોલાવતા હોય તો,
વાટ જોતી બેઠી છું
બોલાવો, વાર તેટલી ?''

દાંપત્યજીવનની તેજ છાયાઓ, સહજીવનના વિવિધ સ્મરણો, લીલાઓ, સ્વપ્નો, કલ્પનાચિત્રો, આશા-આકાંક્ષાઓનું એક આંતરજીવન ભાવજગતમાં અનાધારી જીવાતું રહે છે. સંસારના આ ક્રોર વિયોગને જો નભાવે જ છૂટકો હોય તો કવયિત્રી કહે છે.

''હું ય છું કુશળ તમ વિના, નથી તમ કામ ''

પ્રસ્તુત કૃતિમાં નારી હૃદયની સંવેદનાને વાચા આપી છે અને તેની અભિવ્યક્તિ માટે પણ સ્વરૂપ ખૂબ અનુકૂળ રહ્યું છે.

''ઘણો વીત્યો સમયને, ઘાતેરી ગૈ ગુજરી વળી''

વિષાદમય પ્રારંભનો લય દીર્ઘ સાક્ષાત્કારની મૂકાની વિગત, દંપત્તીના શારીરિક સહવાસનું ભાવપરિમાણ નિપજાવે છે.

''દેવ, પણ શૂન્ય મંદિર આ શૂન્ય
પાછા ફરો પાછા ફરો'' - ની રટના કેવી સુંદર ગર્ભિત અભિવ્યક્તિ આપે છે ? એમાં ચૂકી દાંપત્યનો ભાવ વ્યક્ત થાય છે. ''પ્રભુ જેજ અંતર ખોલ્યાનું નામ''- ની આંતરિક અનિવાર્યતામાંથી જન્મેલી આ કૃતિમાં નાયિકાના ચિત્તના, હૃદયના સૂક્ષ્મ સ્તરો કલાત્મક રીતે ખૂલ્યા છે. પ્રણય પ્રચુર સહજીવન અનેક ઠેકાણે ઉદ્ઘાટન પામે છે. જીવનમાં ઊંચકો, અરધાનું ત્રાગતું સ્થાન અને તેની સાથે જડાયેલી સ્મૃતિ મહત્વનું સ્થાન ધરાવે છે. નાયિકાના હૃદયમાં અંકિત નાયકની છબીનું અત્યંત બારીક ચિત્રાંકન નાયિકાના આવા માનસ્યનો પરિચય કરાવે છે.

''તુજને વરીને હું વિરહને વરી'' - ઉક્તિમાં 'વિરહ મારે પ્રેમનો પર્યાય'' ઊંડો અર્થ આપી જાય છે. આથી ઉક્તિનો ચિંતન અને ઊર્મિના અજ સામંજસ્યથી અત્યંત મર્મવિદારક બની રહે છે. છઠ્ઠા પદમાં વ્યંજના ભરી

અભિવ્યક્તિ સુંદર છે કે.....

''હા, મારા કાળજડાની ઝાળ,
આપણું એ વન પ્રસવ્યું ગર્ભ બાળ
પદ્યપંક્તિ કંકુવર્ણી બાળેટી,
તે ય થયું' તું અદૃશ્ય
નિષ્ફળ આ બાગ્યનું ન ઢંકાય એ દૃશ્ય''

આ કૃતિમાં પંક્તિ ગુણીન, પાંડિત્ય સભર ભાષા અને ઘરાળું બોલી હેકાઓનું વિલક્ષણ મિશ્રણ જણાય છે. કવયિત્રીને ઘણું બધું કહેવું છે અને તે પણ લાઘવથી – એટલે વારંવાર અભિવ્યક્તિ સામાસિક બની જાય છે. સામાસિક શબ્દોનું ભારણ ઓછું થાત ને અભિવ્યક્તિનો પ્રવાહ વધુ, સરળતો હોત તો ખેદ ? કોઈક મુખરતા પણ જણાય છે કેટલીકવાર ધ્વનિ કે પ્રાસ સાહચર્યના અભિવ્યક્તિ કંસડાય છે. ભાષાની વિવિધ છટાઓ અહીં ખીલી છે. તે ચિત્તને સ્પર્શી જાય છે. દા.ત.

''હે મહાશય
આમ જરા લક્ષ્યે બસ'' ની બોલચાલની હેકાંવાળી ભાષા.

''હું રળિયાત, બીતરે બાહરે'' ની સભરતા

''પલ વિતી, દિન વિત્યા, માસ વીત્યા
રે વીત્યા વીત્યા વર્ષોના હવાલા'' ની બાનુંઠેક ભરી વિષાદી છટા. '' કહો ક્યાંથી આવશો ? આ ઠકુરાજીના નેહધ્યાન'' માં વ્યક્ત થતું આત્મ ગૌરવ.

''એ પરલોક જોવાની મને હોંશ
રહ્યાની મને હોશ'' માં ઝીલાતી લોક ગીતની લઢણ ! આપણે બન્ને છૂટા પડ્યા કે રટણે પરસ્પર પુનઃ મળ્યા'' માં નાજુક રચાતું ભાવવિશ્વ – જેવા હીરાબેન પાઠકનાં સફળ પ્રયોગશીલ શૈલીની મૌલિકતાના ક્લાત્મક યશસ્વી પાસાં છે ?

શૈલીના વિવિધ રૂપોમાં ઉક્તિ વૈવિધ્યનું મહત્વ પણ છે.

સ્વગતોક્તિ, ચેકોક્તિ, રૂપકોક્તિ, ઉક્તિવૈચિત્ર્ય, દૃષ્ટાંત તુલના અન્ય કાવ્યપ્રકારોની જેમ શોકોર્મિકવિતામાં વિપુલ પ્રમાણમાં મળે છે. ચેકોક્તિમાં પણ કલાત્મકતા ક્યારેક મળી આવે છે. દા.ત. બ.ક.ઠા. કાવ્યમાં ચેકોક્તિ રચે પણ તેમાં કલ્પનામય સંવાદો પ્રકૃતિના વિવિધ તત્વો ચાર્યે તે રચે છે. તેમના કાવ્યોમાં મળી આવતી મૃત્યુના સ્વરૂપની વિવિધ છાયાઓ અને છાયારૂપો નીલપાન કહી શકાય જેમકે સાગરનું ઘંમી જવું, સાંતર બાહ્યનો ઉલ્લેખ, સંગત સ્મરણ, વનમાંથી સ્તબ્ધતા વગેરે.....કાન્ત રચિત 'રજાની માંગણી' સ્વગતોક્તિનું દૃષ્ટાંત છે. પણ તેમાં સંબોધનોમાં ગણાય ઉભો કર્યો છે. દા.ત.

"બહું તો રાખજે ઝાઝુ નહું, કંઈ ચંપારી
મળી બીજ વારમાં વાતો, મળી પડશે કલેજી"

ઉશનસ્ હસમુખ પાઠક, ઉમાશંકરના કાવ્યોમાં ક્યારેક વક્રોક્તિ પણ મળી આવે છે. કાવ્યગત અર્થમાં પણ બે બાબતનો ઉલ્લેખ કર્યો છે. અભિવ્યક્તિમાં વિવિધ શૈલી, શૈલીમાં વિવિધ રૂપો અને તેમાં ઉક્તિવૈવિધ્ય, પ્રયોગાત્મકતા, ચિત્રાંકન શક્તિ, લાઘવ, ઉક્તિલાઘવ, ગાલેખનની ક્ષમતા જેવી કે વ્યંગ, મર્મ, કટાક્ષ, જેવા વિવિધ અંશો પણ છે. તેમાં અભિધા, વ્યંજના, લક્ષણા, ધ્વનિનું અર્થ વૈવિધ્ય પણ મળે છે. શૈલીનું પરંપરાગત અનુસરણ અને નવતર પ્રયોગો - એમ બન્ને પ્રવાહોમાં સારો વિકાસ જોવા મળે છે તે શોકોર્મિકવિતાની અભિવ્યક્તિનું કૌશલ જ ગણાય.

શોકોર્મિ કવિતામાં બે સ્વરૂપોમાં રૂપકો જોવા મળે છે. કેટલાક કાવ્યોમાં નાના રૂપકો બંધારણ રચાતુ બાવવિશ્વ અને કેટલાક કાવ્યમાં રૂપક બાખા કાવ્યના ભાવાર્થને આવરી લઈ એક રૂપક તરીકે કાવ્યની સાર્થકતામાં મદદરૂપ બને છે. નાનારૂપકોને "કાવ્યમાં આવતા રૂપકો" અને એક માત્ર રૂપક ને" કાવ્યનું રૂપક" કહીએ તો ઉશનસ્ સ્નેહરશ્મિ xxxx xxxx નાના રૂપકો પ્રયોજે છે. ઉશનસ્ 'પિતાના ફૂલ" કાવ્યમાં

ફૂલની શ્રેષ્ઠતા પ્રગટ થયે છે. કે પિતા તરુવર સમાન હતા અને આપે ફૂલ સમાન હતા જ્યારે બીજો અર્થ 'પિતાના ફૂલ' એટલે પિતાના અસ્થિ થાય કવિ સુંદર ભાવાર્થ ઉભો કરે છે.

૧૪૧. ''અમે જેને ખભે ચઢી ઉછરિયાં વેલ સરખા
અમારી આંખે તે તરુવર સ્વયં રે ચઢી ગયા.'' વળી

''તમે હે વેદાન્તી? શરીર વિતરાગી ? મધમધી
બધી વાડી એની મૂકી જ જ્યમ વેદાન્ત ભવને
જતા'તા તેવા હા, ઉપડી જ ગયા નિર્મમ પણે
અને રક્તાભૂમિ ચમું હું બીજું વેદાન્ત ભવને''

એમાં કુટુંબવાડી, અને પોતે વેદાન્તી હોવાથી તેમનું શરીર પણ વેદાન્ત ભવન હતું એવો સંકેત આપે છે. આ ઉપરાંત 'પૂ.બાપા જતાં' કાવ્યમાં મલયાનિલ વસંતી ઉપવનનું રૂપક છે.

૧૪૨. ''શીશી રોની ચાલી દીધી ન અડવા આંચ અમને' કહી દુખો રૂપી શીશીનો ઉચારો કરે છે.

'સદ્‌ગત મુન્શીને' કાવ્યમાં એક સમગ્ર કાવ્યની ભાવાભિવ્યક્તિ માટે સભર બની રહેતું રૂપક છે. રૂપક દ્વારા તેમની પ્રતિભાનો પરિચય કરાવે છે. કે મુન્શી એટલે એક ઘટાદાર વૃક્ષ., કવિ કહે છે કે 'ફૂલ ફૂલ તો પરિમલનો તન મિજાજ લઈને ખૂલ્યાં''

૧૪૩. ''નહી ચાંદની પીને ખૂલિયાં પ્રસૂનો
પણ પર્ણ ના સૂર્યકિરણના તેજ તેજમાં તપ્યાં
નભ ચાખીને લઈ અકાલમ આંખમાં
અજ સમસ્તાંગોના ધમનીએ બાંધ્યો કૈફો
ડાળ ડાળ પર ચાળો

kalpana's

(રે, કાળ આખરે કાળો)

મહાવૃક્ષ તો ઢળી પડ્યું.
પણ તમારા પંખીઓના ઠેર તમારી લીલાશ લઈને
સૂર્ય કિરણ થઈને, ફૂલોલે છે દિશાદિશાએ''

મુન્શીના જીવન, કવન અને મરણોત્તર પ્રભાવનું ચોટદાર ચિત્ર કાવ્યનું રૂપક' આપે છે. હરિન્દ્ર દવે પણ 'નીંદ વાવી ગઈ'' કરી આખા કાવ્યમાં એક માત્ર રૂપકથી શોકોદ્દીપ્ત બતાવે છે. સદ્દગત મુન્શીને' શોકો ભિકાવ્યમાં વૃક્ષ-કાવ્યના રૂપક તરીકે આપ્યો છે. વૃક્ષનો ઉલ્લેખ રૂપકનાજ અર્થમાં ઉશનસના પિતાના ફૂલ કાવ્યમાં છે પણ તે નાના રૂપક તરીકે છે અને આ કાવ્યમાં 'કાવ્યનું રૂપક' બની આવે છે. બધેમાં આલેખનની શક્તિ - કાબેલિયત વિવિધ સ્તરમાં જોવા મળે છે.

''પિતાના ફૂલ'' અને ઉશનસનું જ ''ફૂલ ખર્યું' બન્ને શોકો ર્મિ-કવિતા છે. બન્નેમાં ફૂલનો સૌંદર્ય રૂપક તરીકે જ છે પણ પિતાના ફૂલમાં ફૂલની શ્લેષ આવે છે. જ્યારે ફૂલ ખર્યું 'કાવ્યમાં ફૂલની 'અભિધા, વ્યંજના અને લક્ષણાનો વિસ્તાર વધારી કાવ્યાત્મક સૌંદર્ય રચે છે જોકે બન્ને કાવ્યોમાં 'ફૂલ' ના પ્રયોગથીજ શોકની ભાવાભિવ્યક્તિ સફળરીતે રેખાંકિત છે તે સામ્ય છે અર્થાત કવિ એકજ રૂપકથી અભિવ્યક્તિનું વૈવિધ્ય આપે છે ક્યારેક એક જ રૂપક બે જુદી રીતે પ્રયોજે છે ગમે તે પધ્ધતિ કવિ અપનાવે પણ રૂપકના પ્રયોજનનો એક માત્ર આશય હોવો જોઈએ અને તે ઉત્તમ રસાસ્વાદ કરાવી શકે તેવી કલાત્મક અભિવ્યક્તિ માટે જ તેથી તેનો આધાર કવિકર્મ પર જ આવે છે બાકી કોઈ પણ 'ફૂલ વિસર્જન' કાવ્યમાં આજ અર્થમાં ફૂલનું રૂપક પ્રયોજે છે ટૂંકમાં રૂપક અભિવ્યક્તિને પ્રભાવક સમૃધ્ધ કરવા માટેજ હોવું ઘટે.

સાહિત્યના સર્વ સ્વરૂપોમાં, ગદ્ય અને પદ્ય બન્નેમાં જ્યાં જ્યાં પ્રસંગનો ઉલ્લેખ હોય ત્યાં પાત્ર નો ઉલ્લેખ હોય ઘટનાનો કરનાર જ

kalpana's

પાત્ર હોવાથી પાત્ર શબ્દ અનેક સાહિત્ય સ્વરૂપોમાં કર્તાના સ્થાને છે. આત્મકથા, જીવનકથા, રેખાચિત્રો, ચિત્રાંકનો, નવલિકા જેવાં વિવિધ રૂપોમાં નાટકમાં આવતી પાત્રસૃષ્ટિ વધુ સુરેખ અને સ્પષ્ટ હોય છે. ત્યાં પાત્ર પ્રત્યક્ષના સંપર્કમાં હોય છે કાવ્યસાહિત્યમાં આત્મલક્ષી, પરલક્ષી* કાવ્ય પ્રકારોમાં, પાત્ર તેમ જીવન અને કાર્ય મર્યાદિત પંક્તિ સંખ્યામાં આલેખાતા હોય છે. ખંડકાવ્યો, પ્રસંગકાવ્યો દીર્ઘકાવ્યોમાં પંક્તિની મોકળાશ હોય છે. ઊર્મિકવિતા અંતર્ગત સંવેદનકવિતા ઉપરાંત દીર્ઘવિરહોર્મિકવિતામાં કરુણ પ્રશસ્તિ કાવ્યમાં અને લઘુવિરહોર્મિકાવ્યો** માં પાત્રનો ઉલ્લેખ અનિવાર્ય પણે આવતાં હોય છે. જોકે વિષાદકાવ્યો લઘુવિરહોર્મિ વર્ગની ઊર્મિકવિતા અંતર્ગત ગણેલા શોકોર્મિકાવ્યનો જ એક ઉપવર્ગ છે કારણ કે શોકોર્મિકવિતા માં શોકની અભિવ્યક્તિ મુખ્ય હોય છે. અને વિષાદકાવ્યોમાં વિષાદની અભિવ્યક્તિ હોય છે. પણ વિષાદ શોકનો જ વિભાવનુભાવ છે. માટે ભાવાભિવ્યક્તિ અને રસની દૃષ્ટિએ કરુણની રસનિષ્પત્તિનું બન્ને કાવ્યોમાં સામ્ય હોય છે. બહોળનો વિષાદ ***કાવ્યોમાં તીવ્ર શોકની અભિવ્યક્તિ આપનારાં ઘણાં કાવ્યો છે. તેથી એવી કહેવું વધું ઉચિત છે કે સઘન શોકની અભિવ્યક્તિ આપતા અર્વાચીન ગુજરાતીનાં કેટલાંક વિષાદ કાવ્યોમ ઉત્તમ શોકોર્મિકાવ્યો છે તેમાં પણ અનિવાર્ય સ્થાને હોય છે.

અન્ય કાવ્યપ્રકારોમાં આવતાં પાત્રનિર્દેશની સરખામણીમાં શોકોર્મિકવિતામાં આવતા પાત્રગત ઉલ્લેખો માટે કેટલીક બાબતો વિશેષ જુદી તરી આવે છે. કાવ્યની બાનીમાં ઉલ્લેખાતું પાત્ર કાવ્યનો નાયક નહીં પણ વ્યક્તિવિશેષ તરીકે ઓળખાય છે કારણ કે તે અન્ય સંદર્ભ થી વિશેષ અર્થમાં હોય છે. શોકોર્મિકવિતામાં ચાહું પાત્ર સદ્ગત હોય છે. તેથી તેની પરોક્ષ રજૂઆત જ થાય છે. અન્ય કાવ્ય પ્રકારોની તુલનામાં તે સદગત કક્ષામાં હોવાથી તેની સીધી કોઇ ઉક્તિ આવતી નથી આવે તો

kalpana's

સંદર્ભ તરીકે આવે છે તે તેના ઉલ્લેખ તરીકે જ વજૂદવાળી છે. તેના સંવાદ કે તેની બોલાયેલી ઉક્તિ તરીકે કાવ્યમાં તેનું સ્થાન નથી. ખાસ રસપ્રદ વાત એ છે કે સદ્‌ગત હોવાથી પરોક્ષ પાત્ર હોવા છતાં તેનો મોભો અન્ય કાવ્યપ્રકારોમાં આવતા પાત્રોથી જરાય પણ ઉતરતો નથી. શોકોર્મિકવિતામાં મોટે ભાગે એક જ સદ્‌ગત વ્યક્તિવિશેષ પાત્ર સંભવે પણ કેટલાંક કાવ્યોમાં સહાયક પાત્રોના ઉલ્લેખ હોય છે પણ તે બધા પાત્રો સદ્‌ગતના વ્યક્તિત્વ કે કાર્યને દીપાવવા પૂરતાં જ હોય છે. તેથી સદ્‌ગત પાત્ર અન્ય કાવ્ય પ્રકારોના નાયકની કક્ષાનું પાત્ર, વ્યક્તિ-વિશેષ છે.

અન્ય કાવ્યપ્રકારોમાં નાયકને સ્થાને આવેલા પાત્રનો વિકાસ, વ્યક્તિત્વ, પ્રભાવ આલેખાયેલાં જોવા મળે છે. તેવી રીતે શોકોર્મિ-કવિતામાં વ્યક્તિવિશેષના વ્યક્તિત્વનો પરિચય, વ્યક્તિત્વ વિકાસ, પ્રભાવનું આલેખન-સામાન્યમાન તત્વો લક્ષણો છે. પણ શોકોર્મિનું સવિશેષ લક્ષણ એ છે કે પ્રભાવમાંથી અભાવ અથવા અભાવમાંથી પ્રભાવ શોકોર્મિ-કાવ્યમાં અવશ્ય હોય છે. શોકોર્મિકવિતા માટે પ્રભાવને અભાવથી જુદા પાડી શકાશે નહીં, નહીં તો તે શોકોર્મિ વર્ગની કવિતા બની શકશે નહીં. પ્રભાવ પણ શોકોર્મિકવિતામાં અભાવની તુલનામાં ગૌણ છે કારણ કે શોકોર્મિ નામ સાર્થક કરવા માટે શોકની ભાવાભિવ્યક્તિ અનિવાર્ય ગણીએ તો શોકની અભિવ્યક્તિ માટે પ્રભાવમાંથી અનુભવનો અભાવ શોકના બારણાં ખોલી આપે છે. વિષાદ ઉદ્દીપનનું કાર્ય કરે છે. માટે અભાવ-વિષાદના ઉપાર્જન માટે જ પ્રભાવ હોવો જોઈએ.

શોકોર્મિકવિતામાં વ્યક્તિવિશેષના સચોટ શોક માટે તેની સાથેની આત્મીયતા અનિવાર્ય છે. આત્મીયતા જ શોકની ગંગોત્રી છે તેમાંથી અભાવે શોક વહેતા માંડે છે માટે માનવીય સંબંધો તેના અંતરંગ લાગણીભર્યા સંબંધો તેમાં તરતા દેખાય છે. જેટલી આત્મીયતા ઘનીષ્ટ

kalpana's

તેટલી શોકની ભાવાભિવ્યક્તિ ચડીયાતી હોય તો તે ઉત્તમ શોકોર્મિ-કવિતા બને છે એ સ્વભાવિક છે કે સ્વજન માટે વધુ આત્મીયતા હોય માટે શોકોર્મિકવિતા સ્વજન સંદર્ભની કવિતા છે.

આપણા સમાજે જે સંબંધોને સ્વજન માટે સ્વીકાર્યા છે તેવા માતા-પિતા - ભાઈ- બહેન- ગુરુ- દાદા- દાદી - ભાઈ- ભાભી- કાકા-ભત્રીજા- મિત્ર, દાદા, દાદી, બા, પત્ની, જેવા કુટુંબના સભ્યોને સ્વજન ગણી શકાય. જો સદ્‌ગત પાત્ર સ્વજન ના હોય તો સ્વજનના જેવી આત્મીયતા સિધ્ધ થયેલી હોવી જોઈએ. કવિ અને આલેખન થતું હોય તે વ્યક્તિ વિશેષની વચ્ચે કોઈ સંબંધ નહીં તેવી નિકટતમ આત્મીયતા હોવી જોઈએ. ગાંધી, તિલક, કસ્તુરબા જેવા પાત્રો પર કવિતા લખાય છે. ત્યારે એમની સાથેનું સાહચર્ય અને સાધેલી આત્મીયતા કેળવાયેલી કાવ્યોમાં મળી આવે છે. તેથી જ રડો ન મુજ મૃત્યુને, નિર્દોષને નિર્મળા આંખ તારી જેવા કાવ્યોમાં આસ્વાદ્ય ગુણ વધી જાય છે.

શોકોર્મિકવિતામાં આમ આત્મીયતા, ભાવ અને રસની અનિવાર્ય ઉપસ્થિતિ અનિવાર્ય છે કવિ અને તેની લેખિનીની વચ્ચે વ્યક્તિ વિશેષ જરૂરે જરૂર આડે આવતો નથી આ શોકોર્મિકવિતાના ઉત્તમ લક્ષણો છે. તે સિવાય જીવન કાર્ય, વ્યક્તિત્વ વિકાસ, ઘડતર, અંજલિ, ભાવની અભિવ્યક્તિ અન્ય કાવ્યોમાં મળી આવતા સમાન તત્વો છે. શોકોર્મિ-કવિતામાં કુટુંબીજનો અને સ્વજનનો અવસાન નિમિત્તે જાગેલો શોક અભાવમાંથી મળી આવે છે જ્યારે મહાપુરુષોના જન્મ, મહિમા, કાર્યના પ્રભાવમાંથી શોકની સમજણ ઉભી કરતી હોય છે શોકોર્મિકવિતાના પાત્ર વિષયક મુદ્દાઓ આ રીતે અન્યથી જુદા પડે છે. વિવિધ કાવ્યોમાં આવતા વ્યક્તિ વિશેષોનો પરિચય હવે મેળવીયે.

શોકોર્મિકવિતામાં સ્વજનનો સંદર્ભ તેમના મૃત્યુના શોક નિમિત્તે હોય છે. સદ્‌ગત સ્વજનના મૃત્યુના પ્રસંગનું સામ્ય અને તે નિમિત્તે પ્રગટતો

Kalpana's

શોક તેના સામાન્ય લક્ષણો છે ઘનીષ્ટ આત્મીયતા તેમાં શોકમાંથી કરુણ નિષ્પન્ન કરે છે તેવી કૃતિઓ ઉત્તમ શોકોર્મિકવિતા તરીકે ઓળખાય છે. કેટલીક શોકોર્મિકવિતામાં સદ્‌ગત સ્વજન પ્રત્યે સદ્‌ભાવ, પૂજ્યભાવ કે અહોભાવ હોવાથી અંજલિ પણ અપાતી લાગે છે એની શોકોર્મિકવિતાનો પર્યાય શોકાંજલિ કાવ્ય તરીકે ઓળખાય છે. પરંતુ આ સર્વનો આધાર વ્યક્તિ-વિશેષ સ્વજન, તેમનું વ્યક્તિત્વ, સ્વભાવના ગુણો, સ્મરણો, જીવનકાર્ય કે પ્રભાવ હોય છે. સ્વજન સંદર્ભે લાગે વળગે છે ત્યાં સુધી શોકોર્મિકવિતામાં આમાંથી કોઈ એકાદ તત્વનો વિશેષાવિશદ અને અન્યનો ઉલ્લેખ લગભગ જોવા મળે છે. પ્રસંગ કાવ્ય કે નાટકના પાત્રપરિચયની સરખામણીમાં શોકોર્મિકવિતામાં આવતું સ્વજનનું જીવન કે સ્વજન નિર્દેશ, પ્રભાવની આસ પાસે જ આવે છે આ સર્વ સામાન્ય શોકોર્મિમાં મળી આવતું સામ્ય જ શોકોર્મિકવિતાને અન્ય કવિતાના સ્વરૂપોથી જુદું પાડતું વ્યાવર્તક લક્ષણ છે. શોકોર્મિકવિતામાં સ્વજન સંદર્ભ આમ શોકકરુ પરિપ્રેક્ષ્યમાં આવે છે આ પ્રભાવ, સદ્‌ગત સ્વજનની આત્મીયતાનું કારણ છે. પ્રભાવનું નિમિત્ત કે ઉદ્‌ભવ સ્થાન સદ્‌ગતનું જીવન, જીવનકાર્ય, વ્યક્તિત્વ, કે સ્વભાવ માંથી ગમે તે હોઈ શકે પણ એનો એક માત્ર આશય પ્રભાવ સ્થાપિત કરવાનો હોય છે. પ્રભાવમાંથી અભાવ પણ સર્વવ્યાપી શોકોર્મિનું કારણ છે. અન્ય કાવ્ય સ્વરૂપોમાં પાત્રનો પ્રભાવ તો વર્ણવાતો હશે પણ અભાવ શોકોર્મિ-કવિતામાં સવિશેષ મળે અને એ ભાવકાર્ય, ઈચ્છનીય છે. કોઈ કાવ્યમાં કદાચ અભાવ પણ મળી આવે પણ મૃત્યુ નિમિત્તે ચિરકાલિન વિયોગની અનુભૂતિ આ અભાવ આપે છે એ શોકોર્મિકવિતાનું ઉત્તમ લક્ષણ છે. આ રીતે અન્ય કાવ્ય પ્રકારોમાં આવતા પાત્ર પરિચય કે સ્વજન સંદર્ભ કરતાં શોકોર્મિકવિતા પાસે સ્વજન સંદર્ભનો એક શોકકરુ ઢાંચો છે. સ્વજન સંદર્ભનું એક નિશ્ચિત સ્વરૂપ છે. તેના આલેખનની એક બીજી દિશારૂઢ છે. શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપના શોકની ભાવાભિવ્યક્તિ, કરુણની નિષ્પત્તિ, અંજલિની નૂતનતા જેવા મહત્વના લક્ષણોને સિધ્ધ- આકાર

kalpana's

માટે લખાયેલી કૃતિઓમાં પ્રાણપ્રવાહ સ્વભાવ અને તેમાંથી દ્રવતો અભાવ છે.

મહાનુભાવો પર લખાયેલાં કાવ્યોમાં ત્રણ પ્રવાહોમાં સ્વજન સંદર્ભ અને વ્યક્તિત્વનો ઉલ્લેખ આવે છે. (૧) સમગ્રજીવન કાર્ય, વ્યક્તિત્વનું આલેખન (૨) વ્યક્તિત્વનું એકાદ પાસું અથવા (૩) જુદા જુદા પાસાંઓમાંથી સૂત્રાત્મક આલેખન વ્યવસ્થિત ક્રમિક રીતે સમગ્ર વ્યક્તિત્વનો ઉઘાડ. દા.ત. 'સાંઈને' કાવ્યમાં પતીલ ગાંધીના સંત તરીકેના વ્યક્તિત્વનો પરિચય આપે છે. પણ ખબરદાર અને કરસનદાસ માણેક 'ઓ ગાંધી સંત ગુજરાત' જેવાં કાવ્યોમાં ક્રમિક રીતે વ્યક્તિત્વ વિકસાવી, ગાંધીની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવે છે. તો સુંદરજી બેટાઈ, ઉશનસ્ કે મનસુખલાલ ઝવેરી ચતુષ્કમે 'ફૂલ વિસર્જન', કે 'આજ નયનો ? રડો ' માં સમગ્ર વ્યક્તિત્વનો પરિચય આપે છે.

કુટુંબીજનો વિશે લખાયેલા કાવ્યમાં ગૌરવ, પૂજ્યભાવ, કંઈક અંશે આત્મીયતા, સંબંધોના વૈવિધ્યના સ્તર પ્રમાણેની ભેદરેખા, અને સદ્‌ભાવ લાગણીના વિવિધ રૂપો મળી આવે છે. દા.ત. હરિશ્ચંદ્રના 'નિદ્રોઠા ને મિંચી આંખ તારી' કે પિનાકીન ઠાકોરના 'પૂ.બ્હેન' માં સ્નેહભાવ, પૂજાલાલ, મનસુખલાલના 'દાદા' કાવ્યમાં વાત્સલ્ય, 'ભાઈ વિહોણું' કે 'રાવજીના 'ભાઈને' માં ભ્રાતૃભાવનું વૈવિધ્ય મળે છે. પણ રમણભાઈ નિલકંઠના 'તું ગઈ ', બ.ક.ઠા. ના 'જાગરણ', કે 'સ્મૃતિકુંજ' માં અથવા કાન્તના 'વિધુર કુરંગ' કે પ્રમાદી નાયિકા' માં પત્નીનો વિયોગ પરલોકે પત્નીમાં પતિનો વિયોગ, બાલમુકુંદ દવેના ' જુનું ઘર બદલી કરતાં' માં પુનર્વિયોગ, ઉશનસ્નું 'દાદીમાંને', જ્યેન્દ્રાબ્ર ઈન્દુલાલનું 'ભાઈનો બ્હેન પાછા વિલાપ'માં ભાઈનો સ્નેહ , ચિનુ મોદી કે જયંત પાઠકની 'પિતાની પ્રથમ પુણ્યતિથિએ કે પિતાજીની શ્રાદ્ધ તિથિએ ' માં પિતા માટેનો વિયોગ - સ્મરણ અને 'બાનું મૃત્યુ' કે બાની ગરાજાજ' જેવી કૃતિમાં માતૃવિરહની વેદનાનું, શોક અને કરુણ મળી આવે છે. આમ મુખ્ય ત્રણ

kalpana's

પ્રવાહોમાં ભાવાભિવ્યક્તિનું વૈવિધ્ય મળે છે.

આ બધાંય પ્રવાહો ઉપરાંત એક બીજો પણ વર્ગ છે. જેમાં આદર, પ્રેમ, વિરહ, વિયોગ, અંજલિ અને ક્યારેક તો ઉત્તમ આત્મીયતા પણ જોવા મળે છે. સાહિત્યકારોને અપાયેલી અંજલિ, ગુરુજનોને આપાયેલી અંજલિમાં આ તત્વો મળે છે. દા.ત. ઉમાશંકરનું 'સ્વીન્દ્ર નાથને' કે સુંદરમ્ નું અરવિંદને' આચાર્યને અંજલિમાં આત્મીયતા અને આદરનો સમન્વય છે. પરંતુ મૈત્રીના કાવ્યોમાં આત્મીયતાનું અનેરું દર્શન થાય છે. દા.ત. સ્નેહરશ્મિના સ્વ.કાંતિભાઈ કાપડિયાને અવસાન નિમિત્તે લખેલા કાવ્યો, મનસુખલાલનું મિત્ર માટે લખેલું , બેટાઈનું ચૂની સકર, ચંદ્રવદન ભાળાનું 'વિખૂટા મિત્રને' જેવા કાવ્યોમાં મૈત્રી અને વિરહમાં આત્મીયતા અનુભવી જાય તેવી રચાયેલી છે.

સ્વજનના વ્યક્તિત્વનો પરિચય આપવાની કેટલાક કાવ્યોમાં ઉપયોગમાં લેવાયેલી પધ્ધતિ સચોટ છે. જટીલ સમસ્યાના વાતાવરણમાંથી વ્યક્તિવિશેષ સ્વજનોનો સુખદ ઉકેલ આપે તેવી કુનેહ, તો કેટલાંક કાવ્યમાં મુખ્ય ઘટનામાંજ અન્ય ગૌણ ઘટનાના ઉલ્લેખોમાંથી સ્વજનપરિચય મળે છે. એક જ પ્રસંગના અનેક કવિઓએ આપેલા પરિચયનું સામ્ય શોકોર્મિ-કાવ્યોમાં વિષયવસ્તુનું આશ્ચર્ય છે. ગાંધી, સરદાર, સ્વીન્દ્રનાથ, કાન્ત માટે ઘણું લખાયું , અનેક કવિઓ દ્વારા અનેક વ્યક્તિવિશેષના પરિચય, અનેક દ્વારા એકનો પરિચય અને એક દ્વારા અનેકનો પરિચય એમ બંને રીતે કાવ્યો જોતાં સ્વજનચેતનાની ઝાંખીની ઝાંખીઓ મળી આવે છે. 'ઓ ગાંધી સંત સુજાણ અને થંભો હવે નિષ્ફળ અશ્રુ મારા' કાવ્યો સમસ્યામાંથી વ્યક્તિત્વનિર્દેશના દૃષ્ટાંતના કાવ્યોમાંના છે. બ.ક.ઠા.ના 'ગયો નર્મદ' પદ્યને અંજલિ- ગુચ્છ બળના કાવ્યે મુખ્ય ઘટના અને ગૌણ ઘટનાઓમાંથી કેન્દ્રવર્તી મુખ્ય ઘટનામાં સ્થાન શોકની અભિવ્યક્તિ આપે છે. એક જ પ્રસંગ વિશે અનેક કવિની ભાવાભિવ્યક્તિમાં સામ્ય-વિભિન્નતા માટે

kalpasri

ગાંધીને ચાપાયેલી અંજલિઓ- તેનું દૃષ્ટાંત છે એક જ કવિએ ચાપેલી પાનગત વિવિધ અંજલિઓમાં સુરેશ દલાલ, પિનાકીન ઠાકોર, ઉશનસ્ વિશેષ યાદ ચાવે. અનેક કવિઓ વદારા એક વ્યક્તિ વિશેષના પરિચય માટે સ્વીન્ટનબર્ન કે કાન્ત કે ગાંધીને માટે લખેલી કવિતાઓ તેના ઉત્તમ દૃષ્ટાંત છે.

શોકોર્મિકવિતામાં સ્વજનસંદર્ભ અને વ્યક્તિવિશેષની પ્રતિભાવે રજૂ કરવાના વિવિધ દૃષ્ટિકોણનું વૈવિધ્ય મળી ચાવે છે. એ ઉપરથી અન્ય વ્યક્તિઓને અને સમાજને અસર કરી જનારા વ્યક્તિત્વના વિવિધ રંગ પણ તેમાંથી જાણી શકાશે.

વ્યક્તિવિશેષના વ્યક્તિત્વને રજૂ કરવામાં સર્જકને અસર કરી ગયેલું, પ્રભાવિત કરી ગયેલું પાસું અને તેથી સમાજ પાસે અપેક્ષા. કવિ સિધ્ધ કરી દે છે કે સામાન્યજનના વ્યક્તિત્વમાં જે અસામાન્ય અથવા આદરમાન જાગે તેવું લક્ષણ સમાજના અન્ય માનવો માટે અનુકરણીય હોય તો તે વ્યક્તિત્વ અન્યના ઘડતર માટે એક આદર્શ બની જાય છે. 'સ્વામી શ્રધ્ધાનંદજી' કાવ્યમાં તેથી જ ખબરદાર શ્રધ્ધાનંદજીની સુદ્રઢશક્તિના લક્ષણોને ઉપસાવી તેના અનુકરણ તરફ આંગળી ચીંધે છે. આપણે એને 'બોધલક્ષી અભિગમ' કહી શકીયે ધર્મરક્ષા માટે સ્વામી શ્રધ્ધાનંદજીએ શું શું વેઠ્યું તેના આલેખનમાં કવિ પરાર્થી જીવન, જીવનમૃત્યુનું આલેખન કરી દે છે. સ્વામી શ્રધ્ધાનંદજી'ના વ્યક્તિત્વને અંજલિ અને શોકોર્મિકવિતા, તેમના પર લખાના ઉત્તમ કાવ્ય કે પ્રભાવ તરીકે પંક્તિ આપે છે કે

૧૪૪. ''તમારા મૂંક સંદેશા ઘર ઘર ભારતુ ઝીલો.....''

કાવ્યના વ્યક્તિવિશેષના સંદર્ભને આદર્શ અને અનુકરણીય જીવન તરીકે ઓળખાવવાનો તેમનો પ્રયત્ન છે.

'સ્વ.મોહનલાલ પંડ્યા' એક એવુંજ કાવ્ય છે. કવિ મોહનલાલના વ્યક્તિત્વના કેટલાક ગુણો તારવી તેને વ્યક્ત કરતી ઉત્તમ પંક્તિઓ આપી

kalpanas

મોહનલાલના તે ગુણો માટે આદર વ્યક્ત કરે છે. દા.ત. વૃધ્ધ હોવા છતાં

૧૪૫...''વૃધ્ધોનો ચલન -સ્પર્શ પામતી, જુવાનીએ ખીલી રહી કુમારી થી''

વૃધ્ધાવસ્થા કિનારે પણ તનમ્યસ્તું'તું જુવાની છટાને''

જુવાનને લજ્જા ને ત્યાગ નહીં ઝીલી જતો''

''આત્માની ચંપતો મોંઘી, ભૂમિને ચરણે ધરી

જામતી શર્ત ગાઢેરી, વિચારો આવવા તણી

હોડમાં ટપવા જાતાં, શોભતો વૃધ્ધ એ હતો

વૃધ્ધની ભાવના ઝંખે, તાજગી પામતા અમે''

જીવનભર કાર્યરત રહેવાની વૃત્તિ -પ્રવૃત્તિની કવિ નાડ નોંધ લે છે.

૧૪૬...''કાંતી અંબેરા ઉંડ કાર્ય ચૂગ, કાયા વિરામી તકલી સમાન''

સ્વાવલંબી મોહનલાલ ગામ નો ગાંધીવાદી જના તેથી કવિ ગાંધી વિચારનું અનુસરણ પણ પંક્તિમાં ટાંકે છે.

૧૪૭...''ગાંધીના પ્રેમને દીયે દિવટ કરી દીધી,આત્મની ઉગ્ર શક્તિ

ગેલીને ચેતી તોયે સ્થિરદ્યુતિ, લસદ્યુતી સમય ગતિમે ચે''

કવિ સમગ્ર કાવ્યમાં શબ્દચિત્ર, ભાવચિત્ર અને વ્યક્તિત્વના ઉત્તમ ગુણો તારવે છે. આ સર્વના પાયામાં સદ્‌ગત પાત્ર માટે આત્મીયતા જ દેખાય છે.

૧૪૮...''ધન્ય એ દેશની ભસ્મ,ભૂમિને ફલદા કરો

આત્માની ગેલી જ્વાલાઓ ચંદારા ફેંક્વા સ્ફુરો''

મોહનલાલના સ્વભાવ અને વ્યક્તિત્વનું મિશ્રણ એમાં છે.

''મહાદેવ દેસાઈના સ્મારક પારે' રામચંદ્ર પટેલની અછાન્દસ કૃતિ છે. મહાદેવભાઈના વ્યક્તિત્વના મૂલાવની કલાત્મક અભિવ્યક્તિ થાયતાં કવિ લખે છે.

kalpatarु

''પરોઢે
શાંત વહેતા પવનની પાંખમાંથી
ખરી પડેલા
ઝાકળના સ્વેત હૂંફની ધ્રુજતું મંદ સ્પંદની
ઘડીભર.....
માટીની અંદર
ગાજ ઘુઘી ઉઘાડી ગુપ્ત ડાયરી વચ્ચે
પડી રહેલી કલમ વડે
અચાનક
કોકે મારી ડાયરીમાં નામ લખી નાખ્યું
ત્યારે મે
મારી આંખ ખૂલી
અને
તમે જાગીને પછી.....''

'સુભાષચંદ્ર બોઝ્ને' અંજલિ આપી કવિ તેમના આદર્શની નિતિ ત્યાગ, વીરતા ના ગુણો બતાવી તેમને તારુણ્યમૂર્તિ, રાષ્ટ્રીય નેતા મુક્તિના વીર તરીકે ઓળખાવે છે. હસિત બૂચ લખે છે કે.....

૧૪૯...''અમારી પ્રેરણા ગાથા તમારી જિંદગી મરી!''

સુભાષચંદ્ર બોઝના આદર્શ વ્યક્તિત્વને કવિ કાવ્યમાં સ્થાપે છે.

'સુરતાની વાડીના મીઠા મોરલા' કાવ્યમાં કાન્ત કલાપીને કેન્દ્રમાં રાખી આલેખન કરે છે. કેટલાક કાવ્યોમાં સ્વભાવ અને વ્યક્તિત્વનો પ્રભાવ અંજલિનું નિમિત્ત કે માધ્યમ છે તો કેટલાંક કાવ્યોમાં સદગત વ્યક્તિ વિશેષનું જીવનકાર્ય-કર્તુત્વ અંજલિને પાત્ર લેખાયું છે. કાન્ત 'સુરતાની વાડીના મીઠા મોરલા' કાવ્યમાં જીવનકાર્ય- કર્તુત્વને અંજલિ

'alpana'

ગાયે છે એ તેનું કાવ્ય વિશેષ છે કલાપીનું કાવ્યત્વ, વાણી, તેજસ્વીતા, કેકાસ્વરની દિવ્ય લલના કરી છે. કવિભાવાત્મક શબ્દચિત્ર પણ દોરે છે. xxxxxx કલાપીની ઉષ્ણ કવિતાને લીધે તેને 'સુરતાનો મોરલો' કહ્યો છે. આકાશથી વહેતા સૂરોમાં તેનું હૈત બતાવી, આકાશથી આપણા અંતર સુધીની વ્યાપકતા અને આત્મીયતા પૂરવાર કરી છે. સ્વર્ગના નંદનવનના પ્રાસાદો પર કલાપી કેકા કરે છે. એ કેકા વદારા સૂર્યનું તેજ પૃથ્વી ઉપર આવે છે : સૃષ્ટિ સુંદર છે.

રેખાચિત્ર, શબ્દચિત્ર, ભાવચિત્ર અને પાત્રાલેખનમાં ઘણાં ગુણો સમાન રૂપે મળી આવે છે. વળી આલેખન કરવામાં તો સ્વાભાવિક રીતે વિસ્તાર થઈ જાય પણ તેવી સ્થિતિમાં જે પાત્ર પરિચયમાં સુનાત્મકતા અને લાઘવ સહિત સચોટતા, તાદૃશતા મળી આવે છે તે પ્રમાણમાં સારું વર્ણન કરી શકાય 'ગાંધીજી' કાવ્યમાં 'પ્રિયકાન્ત મણિયાર લખે છે કે.....

૧૫૦. ''દૃઢબદ્ધ દૃઢબદ્ધ પગલાં કરી ગયાં શું કામ' ચલતા તો રામની સાક્ષીએ કંઈ પણ કરનારની પાસે રામ સિવાય શું હોય ? પૂજ્ય એની તાકાતથીજ ગાંધીએ આખી સલ્તનતને જડમૂળથી ઉખેડી નાખી બાકી વિલાસ વિના સચોટ શુદ્ધ ચિત્ર સદ્ગતપાત્રને ઓળખાવવાનો ઉત્તમ નમૂનો છે.

વિનોદીન ઠાકોર 'પૂ.બાપુ' કાવ્યમાં માતૃત્વનો પરિચય કરાવે છે.

૧૫૧. ''ચાદ પદમ, ચમન્ત ત્ત્વ માતૃત્વનાં અમૃત ઝરે
નિત ઉભરે
મુજ મન ભરું
ને ચા ચણુરાં હૈતના મોતી ઘરું
જે બાળકોએ કોડ શા, શા જોય મા ?

માતૃત્વ જ્યાંથી ઉભરાય ત્યાંથી મારું મન ભરી હૈતના મોતી ઘરું છું

માતૃત્વ માટે કવિ ઉત્તમ તત્વોનો સમન્વય બતાવે છે કે પવિત્રતા ગંગાની, માધુર્ય અને માયા જ્ઞાનની ઉદારતા, સરસ્વતી વ્હારા માતાના વિવિધ ગુણો બતાવે છે કે.....

૧૫૨...'મળે પાવિત્ર્યની ગંગા, ચિર જેમાં ભળે
માધુર્ય અને માયાની યમુનાને ઢળે
ઓઢાયું જ્ઞાન સરસ્વતી શુભ્ર સંગનાં

જુદા જુદા ઘટકો વ્હારા કવિ સમગ્ર માતૃત્વ, માતાનું સંપુર્ણ વ્યક્તિત્વ આલેખે છે. આ પણ પાત્ર પરિચયની ઉત્તમ રીત છે. 'ગુરુતાની વાડીના મીઠા મોરલા' માં કાન્ત કલ્પનાને આધારે વ્યક્તિત્વ વર્ણવે છે. વિનાકીન ઠાકોર 'પૂંબાને' કાવ્યમાં દૃષ્ટાંત, તુલના, સમન્વય ને આધારે પૂંબાના વ્યક્તિત્વનો પરિચય કરાવે છે.

કોઇ સર્જકને અંજલિ આપવાની હોય ત્યારે તેની સર્જક-પ્રતિભા તેનું કવન વિશેષ અંજલિ પાત્ર બને છે. શરીર-સ્વભાવ કે વ્યક્તિત્વ કરતાં તેનું કાર્ય- સર્જન તેની સર્જક પ્રતિભાને ઉપસાવે છે. દા.ત. 'મહર્ષિ રવિન્દ્રનાથ ટાગોરને' કાવ્યમાં સ્વીબાલુની કાવ્યત્વને અંજલિ આપી છે. સ્વીન્દ્રનાથે કાવ્યોમાં જ્ઞા, પ્રકૃતિ અને સ્વાસ્થની મહિમા ગાયો છે તેથી કવિ કહે છે કે સ્વીબાલુના અવસાનથી આ ત્રણેય થંભી ગયા- કે હવે કોણ કાવ્યમાં મહિમા ગાશે કુદરતના ઉત્તમ દૃષ્ટા અને કવિતાના અવિદતિય સૃષ્ટા સ્વીબાલુ જ્ઞાં.

૧૫૩...'છાયેલ મૌનાડંબરે, સજેલ દીપ કલીસ્વરે
તરત દીઠા અન્તર-ચરે જે નિવિધ જ્યાં તે ઉજ્જ્વલા
સ્મરણે ગુલાસિત ચમર જેનાં, ગીત, સાહિત્ય ને કલા.''

સ્વીબાલુએ સાહિત્ય, ગીત, કલાના દીપ તરતા મૂક્યા હતા. તે સ્વીબાલુના અભાવમાં, અંધકારમાં આજે પ્રકાશ ફેંકે છે. કવિની દૃષ્ટિએ સ્વીબાલુ

kalpana's

માનવ કરતાંય માનવના જન્મદાતાના રાજી હતાં માટે કવિ કહે છે કે ''ઘર ઘર પ્રગટતા કવિ રવિ'' તેમના શિરનો વ્યક્તિત્વ અને કવિત્વ ઉદારતા પ્રગટે છે. સ્વીકારની અવિરામ કવિપ્રતિભા કવિ સ્થાપે છે. આ ક્લાત્મક પણ લાગે છે.

કેટલીક કૃતિઓમાં સદ્‌ગત સાહિત્યકારને અપાતી અંજલિમાં તેની કાવ્ય વિભાવના, નોંધપાત્ર કાવ્યકૃતિઓ કે સાહિત્ય સેવા તેમની કવિ-પ્રતિભા કે સર્જક પ્રતિભાના પરિચયનું માધ્યમ હોય છે. કાન્તને અપાયેલી અંજલિઓમાં તેમની કાવ્ય કૃતિઓ અને સ્વભાવના પાસાંનો ઉલ્લેખ છે તો બં.ક.ઠા.ને અપેલી અંજલિમાં કાવ્ય-વિભાવનાનો ઉલ્લેખ છે. નર્મદને અપેલી અંજલિમાં તેની સમાજ સુધારાની પ્રવૃત્તિનો ઉલ્લેખ છે. હાનાલાલ, કલાપી, ઇન્દુલાલને અપેલી અંજલિ કવિતામાં તેમની x સાહિત્ય સેવાની xxx કદર કરવામાં આવી છે તેથી તેનું સાહિત્યિક મૂલ્ય પણ ઊંચું છે.

'બં.ક.ઠા.'ને કવિતામાં સુરેશ દલાલ બં.ક.ઠા.નો મીજાજ અને કાવ્ય વિભાવનાનો ઉલ્લેખ કરે છે જુઓ.....

૧૫૪...''નકશ લક્ષ્ય ઇમારતને નહીં, વૃક્ષ લીલાને વળગો
તમારી અડબે-પડબે ખમો''

છતાં બં.ક.ઠા.ની લોકપ્રિયતા તરફ અંગુલી નિર્દેશ કરે છે કે.....

૧૫૫...''તમે તમારો મિજાજ લઈને ચાલ્યો
સાક્ષર યુગને ગાંધી યુગને પછી નિરંજન લગી
તમે તમારા લાડ-નાડથી કરી લીધા દિલલગી
ભલે ઠગાયા તમે, તમે નહીં કદી કલમને ઠગી
કાળ સ્વયં ચાલીને ચાપે માન અને મરતબો'

સ્વજન સંદર્ભ માટે ઘનીષ્ટ આત્મીયતા xxxxxx ચાલ્યા છે. કાવ્યમાં ભાવાભિવ્યક્તિની અસરકારતા માટે આત્મીયતા જરૂરી છે. દા.ત.

kalpana's

બ.ક.ઠા. 'ધુતિકુંજી' કવિતામાં સદગત પત્નીનો આત્મા પરમાત્મામાં લિલિન થયો છતાં આત્મીયતા તંતોતંત જાળવી બતાવે છે.

૧૫૬..''ઝકારણ ઉઠે શમે, સ્થળે બ્રમે, દશા સર્વમા
બધે મુજ સંહે સદાય અવિભાજ્ય છાયા સમા.''

પત્નીના આત્મા સાથેની એકરૂપતા કવિ સૂક્ષ્મ વ્યાપક, પાર્થિવ, અપાર્થિવ, સાકાર-નિરાકાર સર્વમાં વ્યાપ્ત બતાવે છે.

૧૫૭..''ચહે, નવ ચહે, બલે, ધૃતિકુંજી ઝૂલો સર્વદા
બન્ને વિમલ, વિમલ, વિમલ નયન શ્રોત ઉરકુંડમાં.''

આ ધૃતિકુંજીનું ઉદ્ભવ સ્થાન કવિનું હૃદયજ છે તોજ તેનું અનુસંધાન શક્ય છે. પત્નીના આત્માને અમરત્વ મળવાની ભાવના કવિ સુંદર રીતે વ્યક્ત કરે છે. પત્નીના સ્નેહને ધૃતિકુંજી બનાવી તેના વિના શોકના અંધારમાં તેને પ્રકાશ યોતાની દુઃખદ સ્થિતિમાં સહાયરૂપ માનેછે છે અને આ સ્નેહ જગવ્યાપી સ્નેહનું જ રૂપ છે તેથી તે સર્વવ્યાપી બને છે.

'પૂ. અનિરુદ્ધ ભાઈસાહેબને' કાવ્યની વિશેષતા એ છે કે વ્યક્તિવિશેષ અનિરુદ્ધની અંતિમ અભિલાષા પ્રત્યુત્તર રૂપે કાવ્ય બનાવું છે.

૧૫૮..''અરે, નયનનર પંખીનું ગીત સાંભળવા માટે તો,
બહેરી થઈ ગયેલી દિગંતિજોને -
બસ પડ્યો તમારી શ્રવણેન્દ્રિયનો,
સાવ અજાણ્યું કુલ મ્હોર્યું, બેટલે તો
તમારી પ્રાણશક્તિ
કેવાઈ ગઈ અગણિત પુતંગિયાઓમાં
ને તમારી ઘેરી વાણીનો
સુગાઈ ગઈ
કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણ એ ઉચ્ચારેલી વાણીમાં.''

kalpana's

વ્યાપક વિશ્વની વિશાળતામાં કવિના મૃત્યુને સર્જક વિસ્તરતું જુએ છે. કવિ આનંદકારી ભાવ અનુભવે છે. એ ભાવ બ્રહ્મભટ્ટને (તેમના આત્માને) અમર સ્થાન આપાવે છે. ઉપર્યુક્ત પંક્તિઓ પરથી જણાશે કે સદ્‌ગત વ્યક્તિ-વિશેષોની કાવ્યલાવનાઓનેજ અંજલિનું વિષયવસ્તુ બનાવી અનિરુધ્ધ બ્રહ્મભટ્ટની મૌલિક સર્જકમૂર્તિના ઉપસાવે છે. સદ્‌ગત કવિના કર્તુત્વનો વ્યર્થ ઉલ્લેખ માત્ર નથી પણ તેનો નવીન સંદર્ભ રચે છે. કવિની વ્યક્તિ-પરિચય એ અંજલિની આગવી ઢબ છે.

સ્વજન સંદર્ભ ચાયવાની કે રચવાની જુદા જુદા કાવ્યો અને કવિઓના દષ્ટાંતો પરથી વિવિધ પધ્ધતિઓ જોવા પ્રાપ્ત થાય છે તેમાં મુખ્યત્વે સમગ્ર વ્યક્તિત્વ, એકાદ અંશ, કર્તુત્વ, જીવનકાર્ય, સાહિત્ય પ્રદાન, કાવ્યવિલાવના, વ્યક્તિત્વ, પ્રભાવમાંથી મળતા સ્વજન સંદર્ભના દષ્ટાંતો ઉપલબ્ધ છે.

શોકોર્મિકવિતાના મુખ્ય લક્ષણોમાં સ્વજન સંદર્ભ, આત્મીયતા, વ્યક્તિ વિશેષના અવસાનનો વિષાદ, શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણની નિષ્પત્તિ આવે તો મુખ્ય લક્ષણો ગણાય, કાવ્યના પ્રકાર કે બદલાતા અવસ્થા કાવ્યસ્વરૂપો બદલાતુ પણ આ લક્ષણોને વરેલી કૃતિ શોકોર્મિકવિતાના વર્ગની કવિતા ગણાય. વિવિધ છંદો બધ્ધ કવિતાથી અછાન્દસ્ય સુધીની કવિતાનો પ્રદેશ જોતાં શોકોર્મિના કાવ્યસ્વરૂપના આ લક્ષણો સર્વસામાન્ય ઠેરાયાં છે. પરંતુ ગુજરાતી કવિતા સાહિત્યમાં ખાસ અર્વાચીન ગુજરાતી કવિતામાં મધ્યકાલિન કવિતા પછી મૃત્યુ નિમિત્તે શોકની સાથે કાવ્યોમાં કવિ પોતાની ભાવના વ્યક્ત કરતા આવ્યા છે. જેને અંજલિ કહી શકાય શોકના ભાવની વિકાસની પૂર્ણતા અંજલિ સુધી વિસ્તરી હોય તેવા સંખ્યાબંધ કાવ્યો છે. ઘણાં કાવ્યોમાં શોકની અભિવ્યક્તિ અને અંજલિનો સમન્વય જોતા એવું પણ ઘડીભર લાગે કે શોકની ભાવાભિવ્યક્તિ અને અંજલિને બે કાવ્યમાં અવિભાજ્ય સંબંધ છે તેવા કાવ્યો

kalpanaa

પરથી જ શોકાંજલિ શબ્દપ્રયોગ રૂઢ થયો છે. શોકની સઘન ભાવાભિ-વ્યક્તિ શોકોર્મિકવિતા અને શોકાંજલિ કવિતાનું સમાન તત્વ છે.

શોકોર્મિકવિતા અને શોકાંજલિના સમાન તત્વની જેમ બીજા ઘણા કાવ્યોમાં અંજલિનું સામ્ય પણ મળી આવે છે પણ અહીં સ્પષ્ટતા કરવાની કે અંજલિનું તત્વ કે સામ્ય હોવાથી તેવી બધી કૃતિઓ શ્રેષ્ઠ શોકાંજલિ બનતી નથી. કારણ કે તેમાં શોકની સઘન ભાવાભિવ્યક્તિ ના પણ હોઈ શકે, તેવી જ અંજલિના બીજો પ્રકાર વૈવિધ્ય પણ પ્રસિધ્ધ છે. જેમાં માન કે આદર સાથે અંજલિ અપાઈ હોય તેવી કૃતિ માનાંજલિ કે નિવેદનાંજલિ કહેવાય છે. શ્રધ્ધાના ભાવ વ્યક્ત કરતી કૃતિ શ્રધ્ધાંજલિ કહેવાઈ છે. ભાવાભિવ્યક્તિના પ્રાધાન્યવાળી, સદ્ભાવ વ્યક્ત કરતી કૃતિ ભાવાંજલિ કહેવાઈ છે. સ્મરણોના પ્રાધાન્યવાળી સ્મરણાંજલિ કહેવાઈ છે પણ આ પ્રકારનું વૈવિધ્યથી શોકાંજલિ એ રીતે જુદી પડે છે કે તેમાં શોકની અભિવ્યક્તિ સઘન અને અંજલિ હોય છે. શોકના પ્રાધાન્યને જાળવતી એવી શોકોર્મિ-કવિતા માટે અંજલિ કાવ્યસ્વરૂપનું વિશેષ આકર્ષણ સિધ્ધ છે.

શોકોર્મિકવિતા માટે અંજલિ જેમ ગૌણ છે તેમ અંજલિના વિવિધ પ્રયોજનોમાંથી જોવા મળતી અંજલિમાં વ્યક્ત થતી મંગલ ભાવના કે મૃત્યુને માંગલ્ય અંજલિ બદલે મંગલમય વાતાવરણની અભિવ્યક્તિથી ઉભું થતું સમારોહાત્મક અંજલિનું પણ ગૌણ કરી શકાય તેથી વિવિધ કાવ્યોમાં જોવા મળતો અંજલિનો અભિગમ, મંગલમય અંજલિ અને અંજલિની પ્રયોગાત્મકતામાં અંજલિનું વૈવિધ્ય વિવિધ કાવ્યોમાં મળી રહે છે. શોકોર્મિકવિતામાંથી શોકાંજલિના શીર્ષકને પણ સાર્થક કરતા હોય તેવા કેટલાંક અંજલિના ઉદાહરણો એક અભ્યાસ તરીકે ચર્ચી જવાનો ઉપક્રમ છે.

પતીલે 'શબ્દનો મર્મ' કૃતિમાં શબ્દને નીચેના ૪૫ શબ્દોમાં અંજલિ આપે છે.

"શબ્દ...સ્વીકાર અંજલિનો, તુજ રૂબરૂ બધે જો

kalpana's

૧૫૯. ''સ્વીકાર અંજલિ આ, તુજ રૂહને ખૂપે જો
દિલમાંથી નીકળેલી, મુજ રાગિણી રૂચે તો''

શબ્દનું સ્મરણ જેમ શબ્દને અંજલિમાં આપવા લાયક ઉત્તમ અર્ઘ્ય માની કવિ અંજલિમાં એ દુઃખદ સ્મરણ દિલમાંથી નીકળેલી, મુજ રાગિણી રૂચે તો' કહી શકાયે છે. અભિવ્યક્તિની આ નવી છટા ગણી શકાય વળી મરકુશિયાનું લોકબોલીનું રૂપ 'મરૂયો' છે. ગઝલની પ્રવાહીતા જાળવી, ઉર્દૂ શબ્દ પ્રયોગોમાં કવિ મરાશિયાના રૂપાંતરિત 'મરૂયો' પ્રયોગનો યથોચિત ઉપયોગ કરી શક્યા છે.

કોઈપણ કાવ્યમાં જ્યારે અંજલિનો સીધો, સ્પષ્ટ, ઉલ્લેખ વાંચવા મળે અથવા તેવા શબ્દપ્રયોગોમાં કવિ વ્યક્ત કરવા જાય ત્યારે અંજલિ પરંપરાગત, પ્રાથમિક કક્ષાની અથવા તો સ્થૂળતામાં સરી જતી હોય તેવું લાગે છે. દા.ત. 'લખ લખ વંદન હો...', નમન હો...., અંજલિ અર્પતો હું ..... જેવાં પ્રયોગો અંજલિની કલાત્મકતા જાળવી નાખે છે. અંજલિ એક ભાવ છે ભાવની અભિવ્યક્તિ સ્થૂળ રીતે થાય તો તેનું સૌંદર્ય મટી જાય માટે જ અંજલિ ભાવમાં પ્રગટ થવી જોઈએ કાવ્યમાં અંજલિની જાહેરાતની જરૂર નથી પણ અનુભૂતિની અભિવ્યક્તિની જરૂર છે, જો તે ઈંગિત દ્વારા પ્રગટ થાય તો કાવ્યાત્મક અભિવ્યક્તિને કારણે કાવ્ય રસાસ્વાદની કોટીનું ઉચ્ચ શિખર સાધી લે છે. જુઓ .....

૧૬૦. ''અહો કાવ્યો વાંચ્યા, અંજલ કવિના કિર્તન કર્યાં
કવિના, દૃષ્ટાંનાં, યુગ પુરુષા ગુજરાતભરનાં
સજેલી વાણીથી, સ્વજનિ ચલંકૃત કૈંક કર્યાં
સભાગો, વ્યાખ્યાનો, મધુ મેળા થયી છલ-છલ્યા''

અંજલિ સાથે વ્યક્ત થતો કટાક્ષ માર્મિક છે કે .....

૧૬૧. ''ચડાવીને કિન્તુ, ગરીબ કવિની રંકકુટિરે
કદી કો'યે જોઈ નયનમીટ માંડી ઘડીકને

kulpa.in's

શીકુની સંગાથે કવિ ગૂહિણીના નૈન લૂછતો ?
ભૂખ્યા પેટે કોની પરમ કરુણા કાજ રડતો
ગરે ગેના કાવ્યો જડ સકલને ચેતન કર્યું''

સ્વ.બોટાદકર માટેની ભાવના હૃદયદ્રાવક અને કરુણતમ છે. કવિજીવનની વાસ્તવિકતા અને કરુણતાનું આલેખન સચોટ છે. રંકકુટિરમાં રહેતા બોટાદકરનું સુદામાપણું અને બીજુ બાજુ ''.....કોની પરમ કરુણા કાજ રડતો' કહી ભાવસમૃધ્ધિ વાળી કવિતા ના ઉલ્લેખથી કવિ માટે હમદર્દી ઉભી કરે છે. ગેજ અંજલિનું ઉત્તમ ગેય છે. વ્યંગની વેધકતા પણ સચોટ છે કે ઘડકોના પ્રહારોમાંથી પળવારું, પથ્થરો સાથે ટકરાતું, ઝંતરાયોમાં સતત ચટવાતું ઝરણું કોઈ શ્રમિકને મીઠા પાણીથી શોષ મટાડી શાંતિ બક્ષે તેમ દુઃખમાં રહીને પણ કવિએ કાવ્યો વ્હારા બહુજનહીતાય શાંતિ બક્ષી છે. તૃપ્તિ અને ચેતન બક્ષ્યાં છે. કવિના આલેખનમાંજ એનું કૌશલ્ય છે કે આપણે મનોમન કવિની સાથે અંજલિ આપી દઈએ છીએ એમાં ક્યાંય અંજલિનો ઉલ્લેખ કે આદેશ નથી ક્યાંય એવો સ્પષ્ટ નિર્દેશ નથી છતાં અંજલિ ધ્વન્યાત્મક રીતે, વ્યંજિત રીતે તેમજ કાવ્યાત્મક રૂપે ઉંડારાઈ છે.

'ચૂની ચકર' એક ઉત્તમ વિષાદકાવ્ય છે. ઘેરા વિષાદની ગર્ભિતવ્યક્તિ આપતા કાવ્યમાં શોક અને ચિંતનની સાકડી કવિ મૂકે છે. કવિ, કાવ્યમાં ચિંતન આશ્વાસન પેટે મૂકે છે પણ તેની નિરર્થકતા સાબિત થઈ જાય છે. શોક અને વિષાદ જેટલાં તીવ્ર છે કે આશ્વાસન પાંગળું, ચિંતન વ્યર્થ લાગે છે. શોકોર્મિકવિતામાં શોક ઉન્નત સપાટીએ ગર્ભિતવ્યક્તિ માં ટકી રહે એ તેની ઉત્તમ સિધ્ધિ કહેવાય.

''ચકર''...વ્યર્થ આશ્વાસને ઘૂંઘવાતો કરું
ચકરમાં કેમ બાંધે ચુકાનો ?''

શોક ચિંતનથી ઉંચાતો નથી અને કરુણનો અદ્ભુત, આસ્વાદ કરાવે છે

kalpana's

તે તેની વિશેષતા છે.

ઉશનસની લખેલી કૃતિઓમાં 'વળાવી બા, આવ્યા' કરુણ રસની કૃતિ છે. બા પછી વતન 'બાના ગહેરાણું વતન ' લાગે છે. તેમાં વાત્સલ્ય અને કરુણની ગૂંથણી ઉત્તમ છે. સુંદરમ્‌ની કૃતિ 'બાનો ફોટોગ્રાફ' અને 'વળાવી બા આવ્યા' માતૃ સંવેદનને પ્રગટ કરતી કૃતિઓ છે. ૧૬૩ ''વળાવી બા, આવ્યા' ના દીર્ઘ સોનેટ શૃંખ્લામાં માતા વત્સલ જનની ઉપરાંત કુટુંબ સેવારત ગૃહિણી રૂપે આલેખન પામે છે. સુંદરમના 'બાનો ફોટોગ્રાફ' કાવ્યમાં માતાનું, ચુંબની એક લકીર વિનાનું, કૃશ થયેલી 'ફૂલ ચગ્યી ફોટી જનની' નું કરુણ સભર ચિત્ર ચહીં પણ ઉપસ્યું છે. પરંતુ ઉશનસની શોકાંજલિ પ્રકારની કૃતિમાં વિશેષાથી સર્વસામાન્ય તરફ ગતિ કરતું માતાનું સ્વભાવાલેખન પ્રત્યક્ષની ચિંતનને પણ પ્રગટાવે છે પિતાના પૂજારે પ્રસરતી ધુપસળી રૂપે કે ગગન ભરીને વ્યાપેલા શિવ-પિતાના ભાલમાંથી ઝીઝેલા રૂપે થયેલા માતાના નિરૂપણમાં વાત્સલ્યિતાની ચાકૈતાવાળી પ્રત્યક્ષિતા જોઈ શકાય છે ?

એવાં ઘણાં કાવ્યો છે જેના શીર્ષકની સાથે જ અંજલિ ગૂંથાઈને આવે છે. દા.ત. બાલમુકુંદ દવે કૃત નહાનાલાલ માટે લખાયેલી 'વીરાંજલિ' પૂજાલાલકૃત 'મારા સદ્‌ગત પિતાશ્રીને શ્રધ્ધાંજલિ' ઝવેરચંદ મેઘાણી કૃત 'ઘર ઘર છાંટ્યું અંજલિ વગેરે.

સદ્‌ગત પિતાશ્રીના અવસાન નિમિત્તે લખાયેલી કાવ્યકૃતિઓમાં પૂજાલાલનું 'મારા સદ્‌ગત પિતાશ્રીને શ્રધ્ધાંજલિ' અને નહાનાલાલ કૃત 'પિતૃતર્પણ' માં પિતૃસ્નેહ અને પશ્ચાતાપના સંવેદનોની સમાનતા છે. આ બે કૃતિઓની ચર્ચા કરતાં ઉશનસ્‌ કૃત 'પૂ.બાપા જતાં' નામની સોનેટ-માળા અને ગોવિંદભાઈ પટેલની 'પિતૃવંદના' સહજ યાદ આવી જાય : 'પિતૃવંદના'ના કવિ પોતે જ કહે છે કે ' પિતાના મૃત્યુથી પ્રાપ્ત થયેલ વિષાદ, સ્મૃતિ અને દર્શન અહીં વ્યક્ત થયાં છે.' પણ સમગ્રકૃતિને તપાસતાં વિષાદ અને પિતૃહૃદય પિતા તરફના પોતાના રજૂ થયેલા

kalbanar's

સંવેદનો ઉપર્યુક્ત કાવ્યોની તુલનામાં કેટલી ઘેરાશ પકડે છે તે વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. સંવેદનાની અભિવ્યક્તિ સ્વાસ્વાદ માટે કેટલી ભાવકચિત્તને ઝણઝણે તેવી છે તે અંગે પણ સંદેહ રહે છે. અંગત વિષાદ વ્યક્ત કરતાં ચિત્ત સ્વસ્થ થાય તેના કરતાં સ્વાનુભવાદી અનુભૂતિ તરીકે આસ્વાદની કંઈ કક્ષામાં કૃતિ મૂકી શકાય તે અભિગમની દૃષ્ટિએ જોતાં કૃતિ તરીકે ઊણી ઉતરે તેવો ભય રહે છે.

'પિતૃવંદના' અને પિતૃસ્મરણ' મારા પિતાશ્રીને શ્રધ્ધાંજલિ કૃતિઓમાં સ્મૃતિ સમાનતત્વ છે. પણ 'મારા પિતાશ્રીને શ્રધ્ધાંજલિ'માં સાહ હૃદયની ક્ષમાયાચના કૃતિનું કાવ્યવિશેષ છે. કાવ્યના શીર્ષકમાં 'શ્રધ્ધાંજલિ' પ્રયોગ મૂક્યો છે. પિતાએ કુંટુંબમાં જે કાર્યો કર્યા હતા તેનું ભાવભર્યું સ્મરણ આખા કાવ્યમાં છે તેથી તેવા કાર્યોનું મહત્વ અને તે બદલ પિતાના જીવન પ્રત્યે આદર અને શ્રધ્ધાનો ભાવ વ્યક્ત કર્યો છે. પરંતુ 'મારા પિતાશ્રીને શ્રધ્ધાંજલિ અને 'પિતૃતર્પણ' કૃતિને તુલનાત્મક ધોરણે તપાસીએ તો બે બન્ને કાવ્યોમાં સ્મૃતિ ઉપરાંત સ્મૃતિમાંથી હૃદયદ્રાવક પશ્ચાતાપની કલાત્મક અભિવ્યક્તિ 'પિતૃતર્પણ'ના અનુષ્ટુપમાં વધુ સુંદર છે. પિતાનું આખું વ્યક્તિત્વ બાર વર્ષ પછી કવિને સમજે છે. તેમાંથી વેદના અને પશ્ચાતાપ વહે છે. પિતૃવ્યથા અને પારાવાર ઝકઝોરની મનોદશામાંથી પ્રગટ થતો પ્રગટતો પશ્ચાતાપ કાવ્યાત્મક બની રહે છે. કવિના પિતા સાથેની આત્મીયતા, નેકદૃષ્ટતા પામવા માટેનું મંથન ઉશનસ્‌ની 'પૂ. બાપા જતાં' - સોનેટ માળામાં છે. 'પિતૃવંદના'માં અંગત વિષાદની રજૂઆત છે, 'મારા પિતાશ્રીને શ્રધ્ધાંજલિ'માં પિતાના વહાલની વર્ષા અને પિતા પ્રત્યેના રહી ગયેલા ઋણ માટે પશ્ચાતાપ અને પિતાના કાર્યને અંજલિ છે તો 'પિતૃતર્પણ' શીર્ષકમાં 'તર્પણ' શબ્દપ્રયોગથી અંજલિ અભિપ્રેત છે. જ્યારે પૂ. બાપા જતાં-સોનેટ માળાનાં પ્રસંગોને પૃથક રીતે વર્ણવે છે. તેમાં મુખ્યત્વે રીતે લોક, સદ્‌ગતનું વ્યક્તિત્વ અને સાંત્વન છે.''.....તેને આપણે આગળ આપેલા વિષાદ કાવ્યના વર્ગમાં

kalpsar's

મૂકીએ તે ઉચિત ગણાય''. આ ચારેય કૃતિઓમાં (અંજલિ અને ભાવાભિવ્યક્તિ 'પિતૃતર્પણ' માં ઉત્તમ કક્ષાની છે.) નું તુલનાત્મક મુલ્યાંકન એ થઈ શકે કે પિતૃવંદના કરતા 'પૂ. બાપા જતાં- કાવ્યમાં વિષાદ કંઈક વિશેષ છે તો મારા પૂ. પિતાશ્રીને શ્રધ્ધાંજલિ' માં પિતૃવંદનાની સ્મૃતિ વધારે સઘન બને છે. વાત્સલ્ય-હાલ વ્યકત થાય છે અને પશ્ચાતાપ ચુથી વિકસે છે. આ ત્રણ શોકોર્મિકાવ્યોમાં વ્યકત સ્મૃતિ, વાત્સલ્ય, વિષાદ, શોક અને અંજલિનો ઉત્તમ સમન્વય 'પિતૃ-તર્પણ' માં છે તેથી તે કરુણપ્રશસ્તિ તરીકેનું ગૌરવ મેળવે છે.

વિરહ અને વિષાદને કંઈક ઉચ્ચ કક્ષાએ ચાલેલી કૃતિને કાવ્યાત્મકતા બક્ષવાનો ઉત્તમ પુરુષાર્થ સુંદરમ્ ના કાવ્યોમાં છે. અનુક્રમે સ્રગ્ધરા છંદમાં લખાયેલું 'સ્વ.પ્રાણવંતા પૂર્વજને' ઉપજાતિ, સ્રગ્ધરા અને અનુષ્ટુપની ગૂંથણીવાળું 'સ્વ.મોહનલાલ પંડ્યા' અને અનુષ્ટુપ, ઉપજાતિમાં લખાયેલું 'ભકિત ધન નારદ' છે. ત્રણેય કાવ્યોમાં ઉત્તમ અભિવ્યકિત ભકિત ધન નારદમાં છે. પણ ત્રણેય કાવ્યો અનુક્રમે નર્મદને, મોહનલાલને અને પંડિત નારાયણ બરોડાને અંજલિરૂપ છે. કરુણ પ્રશસ્તિ સાથે સમાનતા કરતાં ત્રણેય ભાવાભિવ્યકિતના ઉદાહરણ સ્વરૂપ સારી કાવ્ય કૃતિઓ છે તેમાં 'ભકિત ધન નારદ' ઉચ્ચકક્ષાના ઘોરણે ઉત્તમ લેખી શકાય.

હાનાલાલના અવસાન પર લખાયેલી ઘણી કૃતિઓમાં હાનાલાલની કાવ્યભાવનાઓનો અને કવિપ્રતિભાનો ઉલ્લેખ થયો છે પણ બાલમુકુંદ દવે 'કવિશ્રી હાનાલાલને' સંબોધી જે કાવ્ય લખે છે એમાં સદ્ગત કવિને અંજલિ ગીતમાં કાવ્યમાં ગાવી છે.

૧૬૪...'રૂદિયાં રોવે તો ભલે રોવે રોવે રોવે રાગ ?
નેણાં તમે નીર મા ખોવો જી;
પ્રકાશ્ય ગાયાં કહી આંસુ નેનો ચાકુથી ઝાંઝ દીવો

Kalpana's

ચંદારા ચાલ્યાં ને વાયાં વાયાં વહાણુ રામ ?
જીવનભર ગાયા જીનાં ગાણાજી ;
ઝાંખો ઝાંખો ઉતરે જો હરિ તણાં હેરિયાજી
તેજોમાં તેજ હો સમાણાં રાય ?

કૃતિમાં પસંદ કરેલા લય-ઢાળ અને 'રામ' શબ્દ પ્રયોગનો કરુણસ્વર માટે મહત્વનો કાળો છે. વિલાપનો સૂર લઈને આલતો 'રામ' શબ્દ પ્રયોગ અવસાનનો સૂચક બની જ જાય છે. '' અમર કવિ પાછળ આંસુ સારવાં એ શોભાસ્પદ નથી, એની કવિતાનો ઝાંઝરીનો લય આપણે આપણાં હૈયામાં જલતો રાખીએ એજ ઉચિત છે. કવિના મૃત્યુ સાથે તો પ્રભાતનો આરંભ થાય છે. જે પ્રભાતના ગીત એણે જીવનભર ગાયાં, -હાનાલાલ પ્રેમભક્તિના કવિ હતા. તેમનું અવસાન એ તો હરિના તેજમાં કવિના આત્માનું તેજ ભળી જવાની જ ઘટના છે. મરણપ્રસંગની કેટલીક લિખિતું નિમિત્ત લઈને, અહીં બાલમુકુંદે કવિ -હાનાલાલની મહાન વિશિષ્ટ પ્રકૃતિ, પ્રતિભા તથા કાવ્યપ્રદાનને ભવ્ય અંજલિ આપી છે''.

નિરંજન ભગત 'બલ્લુકાકાને અંજલિ'માં બળવંત રાયને અંજલિ આપે છે. બળવંત રાયની પ્રભાવશાળી વાણી, બોલીનો રણકો અર્થાત્ સદ્‌ગતની વાણીની સ્મૃતિનો પ્રભાવ અંજલિનું માધ્યમ છે. સમય વહ્યે જાય છે પણ એ રણકાની તાજી સ્મૃતિ ઝાંખી થતી નથી એ ચાત્મીયતાનું પ્રમાણ છે. બલ્લુકાકાના રણકાથી વ્યાપેલી મુગ્ધતા હજી એવીજ તાજી છે. સમય કોઈનાથી પ્રભાવિત નથી સમય બધાથી.....

પદ્ય..''સદા નિતરી નીંગળે, હૃદય છાની બાની સરે
હવે ચકિત કર્યાં કાળ પણ મુગ્ધ સુણ્યા કહે ''

એમ જાણે કે ગ્રંથના શબ્દો પણ તમારી રટણના જ પડઘા પડ્યા હોય તેવું લાગે છે એમાં પ્રતિભાના પ્રભાવને અંજલિ અર્પવામાં ગાળી છે.

'-હારાં સોનેટ' માં બ.ક.ઠા. 'જ.પી. ત્રિવેદી ને અંજલિ-૧'

kalpana's

જ.પી. ત્રિવેદીને અંજલિ- ૨ કાવ્યોમાં જ.પી. ત્રિવેદીના ગુણો, અને વીરલ વ્યક્તિત્વને અંજલિ અપાયે છે.

૧૬૬...'તમે નિષ્પટ, એકતા મય ગુંથેલ પ્રેરણા પડી
તમે ઉડિ જતાં પડે ભાંગિ તે''

તેમના ગુણ માટે કવિ લખે છે કે.....

૧૬૭...'.....નીજ સ્નેહને સદૈવ વરસી રહેલ
નીજ નિરપૂહી શીલનાં''
જ્યમ કોલસુખનિ વિશેષ હીરો ક્વચિત
જ્વાત ખાણની ખિણાતુ ચહિં યે મહાત્મા થતો
ચવારથી ઉરે ધરંત અમુ શોજ - બસ ઝંખનો ''
ત્રિવેદિ, ચહું માં પરસ્પર જગાડિ સદ્ભાવના.''

સામાન્યજન કરતાં જ.પી. ત્રિવેદી ગુણવાન અને અસામાન્ય હતા તે સિધ્ધ કરતા કવિ કહે છે.....

૧૬૮...'છિયે સહુ આપણે લઘુ, નકીર જંતુ પ્રેરણા નયાં
ચહો વીરલ માનવાઓ જગતે ત્રિવેદી સમી''

ગુજરાત વિદ્યાપીઠના માજી સંગીત અધ્યાપક શ્રી સ્વ. દત્તાત્રેય પાઠક એક ખ્યાતનામ વાયોલીન વાદક પણ હતા તેમના અવસાન પર લખાયેલા કાવ્યમાં તેમનું વ્યક્તિત્વ, સંગીત અને જીવન કાર્ય ધ્યેય ને કવિ અંજલિ આપે છે.

૧૬૯...'સંગીતના ચાતુક આ રહે ક્યાં
પ્રેમી ઉરે મરમ ઘા વસમો પડેલા ''
રે ગીત થંભે.....પણ કોણ જોયે ?''

પાઠકના મૃત્યુના શોકનો ઉલ્લેખ કરી કવિ તેમના વાયોલીન-વાદકની કલાને અંજલિ આપે છે કે.....

kalpana's

૭૭૦. ''અનંતનું ગીત અગમ્ય ન્યારું
ગાઈ ગયું ઘડીક પાઠક બની તારું''

ન્હાનાલાલને અપાયેલી અંજલિઓમાં મોટાભાગે તેમની કાવ્ય-ભાવનાઓ અને કવિતા કલાની અનશ્વરતાને અંજલિ આપવામાં આવી છે. કવિના અવસાનથી શોક છે પણ સદ્‌ગત કવિની પ્રતિભાનું આલેખન પ્રભાવિત કરી દે, મુગ્ધ કરે તેવું છે. ન્હાનાલાલે ગુર્જરી સપૂતોને ચાંદની રાતના રાસ આપ્યા. ગુણાત્મક મૂલ્યાંકન કરી નીચેની કાવ્ય પંક્તિઓ જુઓ. તેમાં કવિની કાવ્યભાવનાનો પરિચય પણ છે.

૭૭૧. ''કલ્પના સુંદરી કેરો હતો તું લાડિલો કવિ
પૃથ્વીને સ્વર્ગની વચ્ચે ગૂંથી તે કડીઓ નવી
મર્ત્ય માનવને કાજે, દેવોના કુંભની સુધા
સ્વલ્પ તો યે સીંચી ને તે પ્રેરી મર્ત્ય ઉરે મુદા
ગયો તું ? ના કરી સ્પર્શ, તારા જીવન સત્વને
મૃત્યુની કળતી ચાંચા, પામ તું અમરત્વને''

ચંદ્ર, તારા, સ્વર્ગમાં રાચતા તારું હૈયું પહેલીથીજ ચાંદનીમાં રમતું હતું તે તારી સાથે યથાશક્તિ ચાખે દેવે સીંચેલા સુધાકુંભનું પાન કરાવ્યું છે. તારા શરીરને મૃત્યુ કદાચ ક્ષર કરે પણ તારા જીવન સત્વને તે સ્પર્શી શકે એમ નથી તે અર્થમાં તું અમર છે. સદ્‌ગત ન્હાનાલાલના કાવ્યોના કાવ્યજગત, ભાતજગતને કવિએ એક ચતુષ્કલમાં ચાલેખી તેમના કાવ્યત્વને અંજલિ આપી છે. કાવ્યમાં શોક કરતાં પ્રભાવ અને આદરનું આલેખન અને કાવ્યભાવના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરી અંજલિ આપી હોવાથી શોકાંજલિ કરતાં નિવાપાંજલિ કહેવું ઉચિત ગણાય.

'એક અંજલિ' કાવ્યમાં પૂજાલાલે ગાંધીજીના ગુણોનો મહિમા ગાયો છે. સત્યબાળી, ચાખે મીઠો, ભારતનો મુક્તિ ચારક, ચામ્ય ચક્ષિક, કર્મયોગી ગાંધીએ જાત જાતના ભેદભાવના દુર્ગો ભેદી નાખ્યા

kalpana's

રાને ચાપી ચાલી ચેકતાની અનેરી'' બે રીતો તેમે લિખ્યથી યે વહાલો
લાગ્યો હિંસાને અહિંસાથી નાથી, એવો ગાંધી છેટે .....

૭૨... હેતકર્તા હણાયો.....
લાખેલો યે જીવવા લાખ દેહે
ચારોલ્યો યે - મેહ - મજ માહાત્મ્યવંતો''
ચાશીવર્દિો વર્ષિા વિશ્વ માથે''

આકાશે આરોલ્ગ કરી વિશ્વના માથે આશીવર્દિોની વૃષ્ટિ કરશે એવી ભાવનામાં ગાંધીના મૃત્યુનો મહિમા વધારી દીધો ગુણાનુવાદ અને શ્રધ્ધાભાવના વ્યક્ત કરી હોવાથી આ શ્રધ્ધાંજલિ કાવ્ય બને છે. કવિ કહે છે કે.....

૭૩...''દીનો કેરા દુખડાં જોઈ દીન
સેવાયોગી સર્વ કેરો બનેલો
ભેદો કેરા દુર્ગના ભેદ ભેદી
ચાપી ચાલી ચેકતાની અનેરી
ધીરાત્માને શું રહ્યું, શું રહ્યું ના?
રાહની વેના રામજી ચેકલા જ'' ''

ઉપલબ્ધ ચંજલિ ~~કાવ્યોમાં~~ કાવ્યોમાં ઉમાશંકરનું નરસિંહરાવના અવસાન પર લખાયેલુ કાવ્ય 'મૌન ચંજલિ' જુદુ તરી આવે છે. ગુજરાતી ભાષાના ઘડતરમાં ~~ગોવર્ધન~~ પ્રેમાનંદ, નર્મદ, દલપત, મહાનાલાલ ગાંધી નો ઉત્તમ ફાળો છે જેમાં નરસિંહરાવનું શું પ્રદાન તે જણાવવા ઉમાશંકર લખે છે કે.....

૭૪. ''કદી કઢાયુ જો ગિરા થઈ તો તે નરસિંહરાવથી
વદતી સ્તુતિ યે વદાતી ત્યાં રહી દેવી નહીં મૌન ચંજલિ''

જાણે કે 'ગિરા' માન રહી એવી ચંજલિ નરસિંહરાવને આપે છે. પરોક્ષરીતે ગુજરાતીની કરેલી સેવા માટે ચંજલિ છે. આ ચંજલિ ~~શોક~~-ભાવાત્મક

Kalpana's

રીતે મૌન પણે વ્યાઇ છે એમાં શોક ચિંતન, વ્યથા જેવાં તત્વોનું આલેખન નથી પણ માન વ્યક્ત કરતી કૃતિ હોવાથી તે 'માનાંજલિ' બને છે.

અંજલિની કલાત્મક અભિવ્યક્તિ 'મનોમુકામાં' ઉશનસ્ 'ફુલ બધું' કાવ્યમાં આપે છે. વૃક્ષની ડાળ પરના ફુલની અભિલાષાંથી વંશવૃક્ષની વેલ પરનું સંતાન રૂપી ફુલની વ્યંજના વિસ્તારી કવિ ગુને એની સમાધી પર પડતું વ્યથિત હૃદયનું ઉનું આંસુ તે કવિ બદારા અર્પિત થતું અંજલિફુલ છે.

૭૫...ને એ સમાધિ પર ચૂતું મુજ અંજલિ ફુલ
આંસુનું ઉનું ઉનું એક બીજેથી કર્યું
ફુલ બધું''

ફુલ શબ્દ પ્રયોગથી મમતાની ભાવ અને ગરવાના ક્રિયાપદ પરથી વિયોગનો વિષાદ અને 'આંસુના અંજલિફુલ' નિમિત્તે હૃદયની લાગણી અંજલિમાં અર્પવાની ભાવનાની અભિવ્યક્તિ સુંદર છે. અંજલિ ફુલ રૂપકોક્તિ બનતાં વધુ કલાત્મક પણ લાગે છે.

પતિલકૃત 'એક અંજલિ ' કાવ્યમાં ગાંધીને 'સાંઇ' તરીકે ઓળખાવી સંતના ઉત્તમ ગુણો બદારા ગાંધીને સંત તરીકે સ્થાપે છે.

૭૬...'ગમતાં ન મને નાટકો, ચેષ્ટાઓ હીન મંગની
એના જતા રહ્યા પછી, બ્હારે અમારી ઘાઈને
એ એજ એકલો હતો, એના સમો ગ્રંથસ્થ સંસારમાં
છોડ્યો કદીય - મત ધરી, ન કાંઇથી ગંજાઇને
વંદન હરેક વીરના, ગુપ્તાનનાં, ગુણીઓનાં
વંદન કરી કરી પતીલ એ મહાન સાંઇને''

સંતના લક્ષણો બદારા ગાંધીનું મૂલ્યાંકન કરી કવિ ગાંધીને બીજા માટે જીવી જનાર બોલિયો સંત કહીર કહી ભાવાંજલિ અર્પે છે.

'કાળનુંવંદન' કાવ્ય લોકમાન્ય તિલકની ૧૯૩૮ ની સંવત્સરી

Kalpana's

પ્રસંગે લખાયેલું કાવ્ય છે. સામાન્ય રીતે કાળ બધાથી સર્વોચ્ચ છે. તેના બંધનમાં બધા છે તે કોઈના બંધનમાં નથી બધા તેને નમે છે તે કોઈને નમતો નથી. મૃત્યુનો પર્યાય પણ કાળ જ છે એવી માન્યતાને કારણે કવિ કહે છે કે કોણ કહે છે કે કાળ વિનાશકારી છે?

૭૭૭...''કોણે કહ્યું કાળ વિનાશ પ્રેમી ?
કોણે કહ્યું મૃત્યુ રડાવનારું ?
'કાલોત્તિમ લોકક્ષયંકૃત કરુદ્રો
ચહીં ઊંડો અંજલિ જોડી વન્દો''

લોકોત્તર એવા લોકમાન્યથી પ્રભાવિત થઈ કાળ વંદન કરી ઊભો રહ્યો છે.

૭૭૮...''વાસુકિ ફણે થી ખીલી ખો કે
પટ્ટણ કરે દટ્ટણ એજ હારે
એ કાળ જો ચહીં ચૂકી ઉપાસે
લોકોત્તરોના પદ પદ્મ પાસે''

કાળનું સૌમ્ય, નમરૂપ ચરિત્ર્યકિતનું કૌશલ્ય છે. કાળનું ગૌરવ વધારનાર તિલક હોવાથી કાળ વંદન કરી ઊભો છે એવો અંજલિનો ભાવ હોવાથી ભાવાંજલિ બની છે.

'ભર ભર છાંદું અંજલિ' અમરચંદ મેઘાણીનું અંજલિકાવ્ય છે. અમરચંદના અંજલિ કાવ્યોની વિશેષતા એ છે કે ગેયતા, વીરતા અને ભાષાની પ્રવાહીતા લોકબોલીના હુર્હકારા જીવંત પડઘા તેમના કાવ્યોમાં છે. રાજસ્થાની પ્રજાના એક અને કવિના પરિચિત મિત્ર સ્વ.મણિલાલ ત્રિવેદીના અવસાન પર લખાયેલા કાવ્યમાં મિત્રવિયોગ, વ્યકિતત્વ, પ્રતિભાની ઝાંખી અને અંતમાં અંજલિ આપી છે. મણિલાલની હિંમતને કવિ બીરદાવે છે કે તારા પડકારથી બડબીરોની ફોજું ભાગી જતી તે હિંમતનું બખ્તર ધારણ કર્યું હતું.

kalpana's

૧૭૯...'તમારી ધાક ઉપર, ગાઝા લ્યો ગુલાર
ભરભર છાંટું અંજલિ, બબ્બરિયા જોધાર
ને દઉં દઉં પડકાર ભાગી કોયું બેડલી''

સરળ શબ્દાવલિમાં, સરળ લયમાં ગહન ભાવાભિવ્યક્તિ કાવ્યનું કૌશલ ગણાય.

'લલિતનો લલકાર' સંગ્રહમાં કવિ લલિતે 'મહાકવિ પ્રેમાનંદને પુષ્પાંજલિ' અર્પી છે. શ્રીરાગુર્જરીના સ્તમાનનો સંદર્ભ આપી કવિ આખ્યાન બદારા પ્રેમાનંદે કરેલી કાવ્ય સાહિત્યની સેવાને અંજલિ આપે છે.

૧૮૦...'પ્રેમે તું સ્વાત્માને, ને આનંદે તું સ્વાકાર
પોષ્યો પ્રસન્ન ઓજસ્વી, પ્રેમાનંદ મહાકવિ''

ચદ્ભાવ અને આદર વ્યક્ત કરતા કાવ્યને માનાંજલિ તરીકે ઓળખાવીયે તે યથાર્થ છે.

'આચાર્ય' ભિલ્લજીને પુષ્પાંજલિ' લલિતની જ કૃતિ છે ભારતની ઋષિપરંપરાની શિષ્યોના સંસ્કાર સિંચની ગાથા પ્રચલિત છે. વશિષ્ઠ બદારા રામચરિત અને સીદીપની બદારા કૃષ્ણચરિત થયું તેમ ગિજુભાઈના સંસ્કાર ઝીલી ગુલાબોનું ઘડતર થયું હતું તેથી તેમના વ્યક્તિત્વ પ્રત્યે માનની લાગણી વ્યક્ત કરી છે કે

૧૮૧...'મોને-કર્મે, કરચરણથી, શીખતાં સ્વાગ્રયે ચૌ
સ્વાર્પીનોગે ભરત-ભૂમિને, સેવતો સ્વાર્પિ ચૌ''

'સંતકવિથી સાગરને પુષ્પાંજલિ' માં સાગરે કલાપીને ગઝલ માટે ગુરુપદે સ્થાપ્યા ના તે પછી સૂફી ગઝલોની ઉત્તમ રચના આપવા બદલ સાગરને અંજલિ આપે છે કે.....

૧૮૨...'કલાપીના મધુર કેકારવે, વરસ્યો તું સ્વધર

kalpana's

ગંધાજીના સખા તું સંત, નીવડ્યો ગુરુજીવનભર''

સદ્‌ગતના અવસાન પ્રસંગે લખેલી લલિતની રચનાઓને તે 'પુષ્પાંજલિ' તરીકે ઓળખાવે છે લગભગ બધીજ અંજલિઓમાં સદ્‌ગતનું જીવન, વ્યક્તિત્વ, સેવાની નોંધ અને તે માટે માનની લાગણી વ્યક્ત કરી હોવાથી બધી પુષ્પાંજલિ ઉર્ફે માનાંજલિ જ છે.

ડૉ. સુરેશ દલાલે કેટલાક અંજલિકાવ્યો આપ્યાં છે તેમાં કેટલીક કૃતિઓ ભાવાંજલિ તો કેટલીક સાહિત્યાંજલિ છે. 'સદ્‌ગત મુન્શીજીને' કાવ્યમાં મુન્શીની કૃતિઓ મુન્શીના સાહિત્યવડની ડાળ પરના પાન સમી હતી અને દરેક કૃતિમાં ગરમીતા અને ભાવના હતી.

૧૮૩...'ડાળ ડાળ પર માળો, મહાવૃક્ષ તો ઢળી પડ્યું
(રે કાળ, આખરે કાળો ?)
પણ પંખીઓના કુંઠ નમારી લીલાશ લઈને
સૂર્ય ચંદ્રના કિરણ થઈને, ફરકાવે છે દશેદિશાએ''

પંક્તિમાં ચિરંજીવ સાહિત્ય વારસો અને બીજી બાજુ કાળનું કૃત્યનો ઉલ્લેખ હૃદયદ્રાવક છે કૃતિ ભાવાંજલિ બની છે.

'કાન્તને' પણ તેમની કાવ્ય ભાવના, વ્યક્તિત્વ, કાવ્યોના ઉલ્લેખ સાથે અંજલિ આપી છે. એ કાવ્ય કવિ આદર ભાવ વ્યક્ત કરે ત્યાં ભાવાંજલિ કે માનાંજલિ બને છે જ્યાં કૃતિઓનું ઉત્તમ લાઘવયુક્ત સમર્પણ કરે છે ત્યાં સાહિત્યાંજલિ અને જ્યાં પ્રભાવ કે અભાવ કે પ્રતિભાવ લાવે છે ત્યાં સ્મરણાંજલિ બની રહે છે.

૧૮૪...'તમે ત્યારે બધું બધું કર્યું છે એકાન્ત
મન્થને રચી દીધુ કેવું આ મિથુન
નિયતિના અંતરમાં થયો એક ઘુન
ઊર્મિઓના તંતુ તંતુ કેમ કરી તોડું

kalpana's

મંથન અને ક્લેશ
મૃત્યુને આશ્લેષ કરી થઈ જાય શાન્ત''

આગ આપણે શોકોર્મિ કવિતામાં ઉપલબ્ધ બાહ્યાકર્ષ નો અભ્યાસ પૂરો કરીએ.

P.T.O.

Kalpataru

ભાષાકર્મ :-

સંદર્ભ ગ્રંથ - સૂચિ :-

ક્રમાંક ૧.	કાવ્ય/કવિતા ૨.	કવિ ૩.	સંદર્ભ/ગ્રંથ ૪.	પાન નં. ૫.
૧.	રહો ન મુજ મૃત્યુને	ઉમાશંકર જોશી	કાવ્ય સૌરભ	૨૧૯
૨.	-''-	-''-	-''-	-''-
૩.	ક્યાં છે પ્રહ્લાદ	ધીરુ પરીખ	ઉદ્ગાર	૧૨૫
૪.	ગો ગાંધી સંત સુજાણ	ખબરદાર	રાષ્ટ્રિકા	૮૨ થી ૮૬
૫.	થંભો એ નિષ્ફળ અશ્રુ મારા- કરસન ડાસા માણેક -મધ્યાહ્ન			૨૧૩
૬.	કવિ કાન્તને	પ્રજારામ રાવળ	પદ્મા	૧૧૦
૭.	કવિ કાન્તને	સુરેશ દલાલ	તારીખનું ઘર	૧૭/૧૧
૮.	ધૃતિ કૃતી	ધ.ક.ઠાકોર	ભાસ્કર ગુચ્છ-૩	૧૮૧
૯.	જાગરણ	-''-	-''-	૧૮૫
૧૦.	ચમર પંથ	સ્નેહરશ્મિ	અર્ઘ્ય	૧૭૩
૧૧.	-''-	-''-	-''-	-''-
૧૨.	અંજલિ દલાલની પ્રથમ પુણ્યતિથિએ	નલિન રાવળ	આકાશ	૮૩
૧૩.	ફૂલ ખર્યું	ઉશનસ્	મનોમુદ્રા	૨૦
૧૪.	ચદ્ગત્ મિત્રને	મકરંદ દવે	તરણાં	૨૭
૧૫.	નર્મદને	રમણ પટેલ	ચિત્રલેખા	૯૫.
૧૬.	-''-	-''-	-''-	-''-
૧૭.	-''-	-''-	-''-	-''-
૧૮.	-''-	-''-	-''-	-''-
૧૯.	ટિપ્પણ પૂલ લિપ	ન.ગો.દિ.	પૂલ લિપ	૨૭૪

Kalpataru's

૧.	૨.	૩.	૪.	૫.
૨૦.	વત્સલ નયનો	કાન્ત	પૂર્વવિલાપ	૧૫૪
૨૧.	ભર ભર છાંટુ ગંજસિ	મેરુશંદ મેઘાણી	એક તારો	૫૬
૨૨.	-''-	-''-	-''-	-''-
૨૩.	~~સરદાર~~ સરદાર વલ્લભભાઈને	પૂજાલાલ	ગુર્જરી	૭૯
૨૪.	મલબારીના આત્માને (ક્વાર્ટરમ્)	ખબરદાર	રાષ્ટ્રિકા	-''-
૨૫.	-''-	-''-	-''-	-''-
૨૬.	-''-	-''-	-''-	-''-
૨૭.	સ્વામી શ્રધ્ધાનંદ	-''-	-''-	-૮૭-
૨૮.	વિધિની વાટે	-''-	-''-	૮૦
૨૯.	દાડા	પૂજાલાલ	પારિજાત	૧૮૮
૩૦.	ઉપોદ્ઘાત -કાન્ત	રા.વિ.પાઠક	પૂર્વવિલાપ(ભા. પમી)	૩૭
૩૧.	પરલોક પત્ર	હીરાબેન પાઠક	પૂ.ગુ.કા.પરિચય-ભાગ-૨	૧૬૮થી ૧૭૪
૩૨.	-''-	-''-	-''-	-''-
૩૩.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર ભટ્ટ	-''-	૨૧૪
૩૪.	મ.સા.નર્મદા ભટ્ટને	બ.ક.ઠાકોર	બાકોર ગુચ્છ-૩	૧૬૭
૩૫.	-''-	-''-	-''-	-''-
૩૬.	સ્વ.ગટુભાઈને	ખબરદાર	રાષ્ટ્રિકા	૧૦૮
૩૭.	કવિ -હાનાલાલને	ઉશનસ્	વાનાં	૧૦૦
૩૮.	ગો ગાંધી રીત ગુજા	-''-	-''-	૮૨
૩૯.	ગમ૨ પંથ	સ્નેહરશ્મિ	ગર્જ્ય	૧૭૩
૪૦.	સ્વપ્ન	-''-	-''-	૧૭૪
૪૧.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર ભટ્ટ	ઊર્મિકવિતા	૮૨

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૪૨.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર બૂચ	ઊર્મિકવિતા	૮૪
૪૩.	–''–	–''–	–''–	૧૦૫
૪૪.	–''–	–''–	–''–	૧૦૬
૪૫.	સ્વ. મૂળાઈને	ખબરદાર	રાષ્ટ્રિકા	૧૦૮
૪૬.	શોણલાર શાને પહેર્યાં	પરિલ	પતીલના ચૂંટેલા કાવ્યો	૧૮૫
૪૭.	થંભો હવે નિષ્ફળ ચક્ષુ મારા	કરસનદાસ માણેક	મધ્યાહ્ન	૨૧૩
૪૮.	દાદીમાની ગોરડો	બાલમુકુંદ દવે	પરીક્રમા	૧૦૬
૪૯.	રાવજી	ચંદ્રકાંત શેઠ	પદ્મની રૂપેરી	૩૦/૩૧
૫૦.	કુતિકની	બ.ક.ઠાકોર	ભાસકાર	૧૮૧/૧૮૨
૫૧.	સ્વ.શંકર દત્તાત્રેય પાઠકને–		સુંદરમ્	વસુધા ૧૯૭
૫૨.	સ્વ.જ્યંતિદલાલની પ્રથમ પુણ્યતિથિએ	નલિન રાવળ	આકાશ	૮૩
૫૩.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર બૂચ	ઊર્મિકવિતા	૧૦૪
૫૪.	–''–	–''–	–''–	૧૦૫
૫૫.	ગાંધીજીને	ઉશનસ્	ચાકર્	૬૪
૫૬.	વિધિની વાટે	ખબરદાર	રાષ્ટ્રિકા	૮૦
૫૭.	–''–	–''–	–''–	–''–
૫૮.	માન્ન હું રાજ ઘાટે	ઉશનસ્	ચાકર્	૬૪
૫૯.	હું મુજ પિતા	ઉશનસ્	તૃણનો ગ્રહ	૯૩
૬૦.	રૂપે ઘેર જતાં	ઉશનસ્	–''–	૯૦
૬૧.	દર્શન	સ્નેહરશ્મિ	અર્ઘ્ય	૧૭૭
૬૨.	–''–	–''–	–''–	–''–
૬૩.	અનાદિક જાદુગર	–''–	–''–	૧૮૪
૬૪.	–''–	–''–	–''–	૧૮૪

Kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૬૫.	પાઠક સાહેબને	મનસુખલાલ ઝવેરી	ગમુભૂતિ	૧૩૦/૧૩૧
૬૬.	ટાગોરને	પતિલ	પતિલના ચૂંટેલા કાવ્યો	૧૮૧
૬૭.	શોગલાર શાને પહેર્યાં	–''–	–''–	૧૮૫
૬૮.	કાગગડી કબા	–''–	–''–	૧૮૪
૬૯.	–''–	–''–	–''–	૧૮૪
૭૦.	સિધાવો કવિ	મનસુખલાલ ઝવેરી	ગમિસાર	૬૩
૭૧.	સ્વીન્દ્રનાથને	ઉમા શંકર જોશી	અમિસા	૧૧૭
૭૨.	–''–	–''–	–''–	૧૧૮
૭૩.	એક અંજલિ	પતિલ	પતિલના ચૂંટેલા કાવ્યો	૨૦૨
૭૪.	સદ્‌ગત મિત્રને	મકરંદ દવે	તરસા	૨૭
૭૫.	વીર જતીન્દ્રના સંભારણા–	ઝવેરચંદ મેઘાણી	એક તારો	૫૭ થી ૫૯
૭૬.	–''–	–''–	–''–	–''–
૭૭.	–''–	–''–	–''–	–''–
૭૮.	આજ નૃત્યનો રડો	મનસુખલાલ ઝવેરી	કાવ્ય સરિતા	૦૪
૭૯.	ટિપ્પણ–'અર્જુન!'	મંજુલાલ મજમુંદાર સુરેશા મજમુંદાર	અર્જુન!	૧૬
૮૦.	નિસ્તેજ વાડી	સુરેશા મજમુંદાર	'અર્જુન!'	૧૧૯
૮૧.	અર્જુન!–ટિપ્પણ	મંજુલાલ મજમુંદાર	–''–	૦૬
૮૨.	લાલબહાદુર શાસ્ત્રીને અંજલિ	બાલમુકુંદ ઍ દવે	સમર્પણ	૦૧
૮૩.	રડો ન કુજ મૃત્યુને	ઉમાશંકર જોશી	કાવ્ય સરિતા	૨૧૯
૮૪.	ઊર્મિકવિતા	રવિશંકર રાવળ	ઊર્મિકવિતા	૧૯૧
૮૫.	ફૂલમાળ	ઝવેરચંદ મેઘાણી	એકતારો	૭૪/૭૫
૮૬.	ગઈકાલ મરણ	નરસિંહરાવ ભો. દિવેટિયા	કુટવગીના	૦૩

Kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૮૭.	ચકાલ મરગ	નૂરસિંહરાવ ભો. દિવટિયા	ભૂદગીના	૦૩
૮૮.	ક્ષમાપીને	કે.હ.શેઠ	પદ્મરાગ	૧૨૫
૮૯.	-''-	-''-	-''-	-''-
૯૦.	વસંતાગમને	રમા કોઠારી	વલ્લરી	૧૬૪
૯૧.	-''-	-''-	-''-	-''-
૯૨.	-''-	-''-	-''-	-''-
૯૩.	ફુલવિસર્જન	સુંદરજી બેટાઇ	વિશેષાંજલિ	૯૬
૯૪.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર ભટ્ટ	ઊર્મિકવિતા	૧૭૪
૯૫.	ચૂની ચકર	વેણીબાઇ પુરોહિત	કાવ્યસૌરભ	૨૧૫
૯૬.	ફૂલ ખર્યું	ઉશનસ્	મનોમુદ્રા	૨૦
૯૭.	પ્રિય કાન્તને	પન્ના નાયક	કાવ્યકોડિયા	૮૫
૯૮.	બે.ક.ઠા.ને	સુરેશ દલાલ	તારીખનું ઘર	૧૨
૯૯.	-''-	-''-	-''-	-''-
૧૦૦.	-''-	-''-	-''-	-''-
૧૦૧.	પૂ.અનિરુધ્ધ બ્રહ્મભટ્ટને	યોગેશ જોશી	કવિતા-ઓગષ્ટ-૮૧-	૪૬
૧૦૨.	બાપુ જતાં	સ્નેહરશ્મિ	પનઘટ	૧૯૫
૧૦૩.	ગેડ્સીત	ઉશનસ્	પ્રસૂન	૧૧૫
૧૦૪.	-''-	-''-	-''-	-''-
૧૦૫.	-''-	કાન્ત	પૂર્વાલિાપ	-''-
૧૦૬.	વત્સલના નયનો	કાન્ત	પૂર્વાલિાપ	૧૫૪
૧૦૭.	'દાદા'	પૂંજાલાલ	પારિજાત	૧૮૮
૧૦૮.	'પૂ.બહેનને'	પિનાકીન ઠાકોર	ગાલાપ	૫
૧૦૯.	-''-	-''-	-''-	૫

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૧૧૦.	રાવજી	ચંદ્રકાંત શેઠ	પ્રતન ચૂંટેરી	૩૦/૩૧
૧૧૧.	-''-	-''-	-''-	-''-
૧૧૨.	-''-	-''-	-''-	-''-
૧૧૩.	જાગરણ	ધૂ.ક.ઠા.	ભાસ્કર	૧૮૧
૧૧૪.	બાનો ગરબાળ	ડૉ.ગોપાલ શાસ્ત્રી	મૌનઘર	૪૮/૪૯
૧૧૫.	મૌન ઘર-મુખપૃષ્ઠ	ડૉ.હર્ષદ ત્રિવેદી	-''-	-
૧૧૬.	બાનો ગરબાળ	ડૉ.ગોપાલ શાસ્ત્રી	-''-	૪૮/૪૯
૧૧૭.	મૌનઘર-પુસ્તક પરિચય વિવેચક લેખ	હરિશ્ચટાવવાળા	કુવિલોક-સંપાદક-ધીરુભાઈ પરીખ	૧૧૭
૧૧૮.	પિતાની પ્રથમ પુણ્યતિથિ-ડૉ. ચિનુમોદી		ધૂ.ગુ.હા.પરિચય ભાગ- ૧	૧૫૧
૧૧૯.	-''- નું વિવેચન	ઉશનસ્	રંગતરંગ-એપ્રીલ-૯૦.	૨૧/૨૨
૧૨૦.	***** પિતાજીને'	સુરેશ દલાલ ચયન। જયંત પાઠક	ચા.ગુ.કવિતા	૨૮/૨૯
૧૨૧.	-''- ટિપ્પણ વિવેચન	-''-	-''-	૧૩૪/૧૩૫
૧૨૨.	-''-	-''-	-''-	-''-
૧૨૩.	રાજઘાટ પર ટિપ્પણ (મુકતક)	જામુખ પાઠક	સાયુજ્ય	૨૦
૧૨૪.	-''--	જયંત પાઠક રમણ પાઠક	ગુ.ઊર્મિકાવ્યો	૧૪૮
૧૨૫.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર શુક્લ	ઊર્મિકવિતા	૧૦૩
૧૨૬.	-''-	-''-	-''-	૧૦૪
૧૨૭.	-''-	-''-	-''-	૧૦૫
૧૨૮.	-''-	-''-	-''-	૧૦૪
૧૨૯.	-''-	-''-	-''-	૮૫
૧૩૦.	-''-	-''-	-''-	૧૯૧
૧૩૧.	રડો ન મુજ મૃત્યુને	ઉમાશંકર જોશી	કુલ્વ ચોરસ સંપાદક-હિમ્મતલાલ ગજારીયા	૨૧૯

૧.	૨.	૩.	૪.	૫.
૧૩૨.	વિધિની વાટે	ખબરદાર	રાષ્ટ્રિકા	૮૦/૮૧
૧૩૩.	–''–	–''–	–''–	–''–
૧૩૪.	–''–	–''–	–''–	–''–
૧૩૫.	ગાંધીજીને	પ્રિયકાન્ત મણિયાર	વ્યોમલિપિ	૧૫
૧૩૬.	ચપૂત	કૃષ્ણલાલ શ્રીધરાણી	કોડિયાં	૧૫૬થી ૧૫૭
૧૩૭.	ગાંધીજીને	પ્રિયકાન્ત મણિયાર	વ્યોમલિપિ	૧૫
૧૩૮.	પરલોકે પત્ર	હીરાબેન પાઠક	ધૂ.ગુ.કા.પરિચય ભાગ–૨	૧૩૮થી ૧૭૪
૧૩૯.	'શોકકવિતા' વિભાગમાંથી–દક્ષા વ્યાસ		સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા	૩૪૯ થી ૩૫૧
૧૪૦.	રજાની માગણી	–''–	–''–	–''–
૧૪૧.	પિતાના ફૂલ	ઉમાશંકર જોશી	નિશીથ	૬૭
૧૪૨.	પૂ.બાપા જનાં	ઉશનસ્	તૃણનો ગ્રહ	૮૬
૧૪૩.	સદગત મુન્શીને	સુરેશ દલાલ	તારીખનું ઘર	૧૩
૧૪૪.	સ્વામી શ્રધ્ધાનંદજીને	ખબરદાર	રાષ્ટ્રિકા	૮૭/૮૮
૧૪૫.	સ્વ.મોહનલાલ પંડ્યાને	શૈદ રમ	વસુધા	૧૫
૧૪૬.	–''–	–''–	–''–	–''–
૧૪૭.	–''–	–''–	–''–	–''–
૧૪૮.	–''–	–''–	–''–	–''–
૧૪૯.	સુભાષ ચંદ્ર બોઝને	રચિત ધુરુ	રૂપના ઝરી	૫૮
૧૫૦.	ગાંધીજીને	પ્રિયકાન્ત મણિયાર	વ્યોમલિપિ	૧૫
૧૫૧.	પૂ.બાને'	પિનાકીન ઠાકોર	આલાપ	૪
૧૫૨.	–''–	–''–	–''–	૪
૧૫૩.	મહર્ષિ, રવીન્દ્રનાથ ટાગોરને	શશીન શોઝા	અભ્યર્થના	૧૦૪
૧૫૪.	બ.ક.ઠા.ને	સુરેશ દલાલ	તારીખનું ઘર	૧૨

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૧૫૫.	બ.ક.ઠા.ને	સુરેશ દલાલ	નારીખમું ઘર	૧૨
૧૫૬.	દ્યુતિકળી	બ.ક.ઠા.	ભણકાર	૧૮૧
૧૫૭.	–''–	–''–	–''–	–''–
૧૫૮.	પૂ.ચન્દ્રિકુધ્ય બ્રહ્મભટ્ટને	યોગેશ જોશી	કવિતા–ઓગષ્ટ–૮૧.	૪૬
૧૫૯.	શબ્દનો મરચો	પતિલ	પતિલના ચૂંટેલા કાવ્યો	૨૩થી૨૪
૧૬૦.	સ્વ.બોટાદકરને	સુરેશ ગાંધી	વરદાન	૭૮/૭૯
૧૬૧.	સ્વ.કવિબોટાદકરને	–''–	–''–	–''–
૧૬૨.	ચૂની સકર	વેણીભાઈ પુરોહિત	કાવ્યસરિતા	૨૧૫
૧૬૩.	ઉશનસ્–સર્જક અને વિવેચક	રમણ સોની		૧૫૩
૧૬૪.	કવિશ્રી –હાનાલાલને	બાલમુકુંદ દવે	પરિક્રમા	૧૦૯
૧૬૫.	બકુલકાકાને અંજલિ	નિરંજન ભગત	છંદોલય	૭૪
૧૬૬.	જ.પિ.ત્રિવેદીને અંજલિ	બ.ક.ઠા.	મ્હારાં સોનેટ	૮૩/૮૪
૧૬૭.	–''–	–''–	–''–	–''–
૧૬૮.	–''–	–''–	–''–	–''–
૧૬૯.	સ્વ.દત્તાત્રેય પાઠકને	સુંદરમ્	કાવ્યપરિચય–ભાગ–૨.	૧૯૫
૧૭૦.	–''–	–''–	–''–	–''–
૧૭૧.	–હાનાલાલને	ઋષિ જયંત પાઠક	મર્મર	૫૪
૧૭૨.	એક અંજલિ	ગુજાલાલ	વૈજયંતી	૫૨/૫૩
૧૭૩.	–''–	–''–	–''–	''
૧૭૪.	મૌન અંજલિ	ઉમાશંકર જોશી	નિશીથ	૭૨
૧૭૫.	ફૂલ ખર્યું	ઉશનસ્	મનોમુદ્રા	૨૦
૧૭૬.	સાંઈને	પતિલ	પતિલના ચૂંટેલા કાવ્યો	૨૦૨
૧૭૭.	કાળનું ભૂલન	અમરચંદ ગેલાણી	એક તારો	૧૬૨
૧૭૮.	–''–	–''–	–''–	–''–

kalpanaa

૧.	૨.	૩.	૪.	૫.
૧૭૯.	ઘરમર છાંટુ ગંજલિ	ઝવેરચંદ મેઘાણી	ચેકતારો	૫૬
૧૮૦.	મહાકવિ પ્રેમાનંદને પુષ્પાંજલિ	કવિ લલિત	લલિતનો લલકાર	૫૦૪
૧૮૧	આચાર્ય ગિરવાણજીને પુષ્પાંજલિ	-''-	-''-	૪૬૯
૧૮૨.	સંત કવિ રાગરને પુષ્પાંજલિ	-''-	-''-	૪૯૨/૪૯૩
૧૮૩.	સદ્‌ગત મુન્શીજીને પુષ્પાંજલિ	સુરેશ-દલાલ	તારીખનું ઘર	૧૩
૧૮૪.	કાન્તને	સુરેશ દલાલ	-''-	૧૦/૧૧

kalpana's

-: શોકોર્મિ કવિતામાં અંજલિનું વૈવિધ્ય :-

ગુજરાતી કવિતમાં અંજલિકાવ્યોનો વ્યાપ નાનો સૂનો નથી અનેક આંતરપ્રવાહો અને પ્રકારોમાં પથરાયેલા આ પ્રકારમાં વર્ગમાં અનેક પ્રકારની અંજલિની વિવિધતા જોવા મળે છે. નિવાપાંજલિ (નિવાપાંજલિ) અને માનાંજલિ માત્ર એક જ સીક્કાની બે બાજુ જેવી ઉભયાન્વયી ગોળાકૃ છે આદર કે માન વ્યકત કરી કવિ નમ્રહૃદયની ભાવભરી અંજલિ આપે તેવા કાવ્યને નિવાપાંજલિ, માનાંજલિ કે ભાવાંજલિ તરીકે ગોળાકૃતિ છીએ પરંતુ ભાવના વ્યકત થતી હોય માન કે આદર સાથે સદ્‌ભાવ ઉપરાંત જેમાં હૃદયના વિશેષભાવો ભળતા હોય કાવ્યમાં માત્ર બયાન કે વૃત્તાંત નહીં પણ તેને આધારે ભાવવિશ્વ રચાતું હોય અને કવિ ચેતે ભાવમગ્ન કક્ષામાં કાવ્યત્વને પહોંચાડે તેમાંથી અંજલિ આપાય તે ભાવાંજલિ * છે એ સિવાય શ્રધ્ધા સાથે આપાયેલી અંજલિ શ્રધ્ધાંજલિ, માત્ર સ્મરણોજ વર્ણવાયા હોય તો સ્મરણાંજલિ, કવિ કાવ્યને અંતે કોઈ અર્ઘ્ય અર્પણ કરતા લેખ તો અર્ઘ્યાંજલિ કે માત્ર સ્નેહભર્યું આલેખન હોય તો સ્નેહાંજલિ એમ અંજલિના અહીં ચૂચવેલા આંતરપ્રકારો કરતાં પણ વધારે પ્રકાર-વૈવિધ્ય વિકસે તો નવાઈ નહીં.

ઉપર્યુકત સર્વ પ્રકારોમાંનો જ એક કાવ્યપ્રકાર શોકાંજલિ પણ છે પ્રકારગત એની વિશેષતા એ છે કે શોકના ભાવમાંથી આકાર પામતી અંજલિ આ કાવ્યમાં નિરૂપાયેલી હોય છે. આ શોક મૃત્યુજન્ય હોવાથી તેમાં અભિવ્યકિતનું ગાંભીર્ય અને કરુણતાનું પ્રાધાન્ય હોય છે સદ્‌ગતના વિરહ કે વિષાદમાં વ્યકત થતા ભાવો શોકાંજલિમાં હોય છે માટે તેમાં કરુણ પર, દુઃખ, પીડા, વેદના, મૃત્યુ, અભાવ, ગમગીની પર વધુ ઝોક હોય છે. હૃદયની સંવેદનાની સાચી તાસીર, શોકાંજલિમાં હોય છે. એમ કહું તો અતિશયોકિત ન કહેવાય કે સાચી શોકભરી અંજલિ-શોકાંજલિ આત્મીયતાનો કાર્ડિયોગ્રામ, બની જાય છે તેમાં કશું જ કૃત્રીમ હોય તો પકડાઈ જાય અંજલિમાં મુખ્ય બે તત્વો અવશ્ય દરેક શોકાંજલિમાં જોવા મળશે ભાવની

સચ્ચાઈ અને અભિવ્યક્તિની સઘનતા, આ બે તત્વો જે શોકાંજલિમાં સહજોદ્ગારની જેમ સચવાયા હોય તે કાવ્યમાં અંજલિ પણ કલાત્મક રૂપે આવે છે. અંજલિ-કાવ્યોના વિવિધ સૂચિત પ્રકારોમાં માનાંજલિ, ભાવાંજલિ, શ્રધ્ધાંજલિ કેટલીકવાર મૃત્યુજન્ય સંદર્ભમાં પણ રચાતી હોય છે. અને કોઈકવાર માનાંજલિ જેની રચનાનો જીવનકાળ દરમિયાન કોઈ પ્રસંગે પણ લખાયેલી હોય છે તેથીજ અન્ય સર્વ પ્રકારોમાં શોકાંજલિ એ રીતે સવિશેષ છે કે તે મૃત્યુના સંદર્ભમાં જ લખાયેલી હોય છે તે સ્પષ્ટ છે.

અન્ય અંજલિ-કાવ્યોના સંદર્ભમાં શોકાંજલિ મુખ્યત્વ નીચે દર્શાવેલા લક્ષણોથી સવિશેષ બને છે.

૧. મૃત્યુ-જન્ય વિષાદ
૨. મૃત્યુના પ્રસંગે શોક નિમિત્તે સ્વજન-સંદર્ભ
૩. શોક અને કરુણમાંથી અંજલિનો આકાર
૪. અભિવ્યક્તિમાં સચ્ચાઈનો રણકો
૫. અભિવ્યક્તિમાં ગાંભીર્યનું તત્વ
૬. માત્ર અંજલિ જ નહીં પણ શોક, કરુણ અને અંજલિ ત્રણેય કાવ્યમાં મહત્વના અંગ રૂપે.
૭. શોકાંજલિમાં શોક-નિર્ઝર અંજલિ વ્યવહાર નામ સાર્થક્ય.

અભ્યાસ દરમિયાન અનેક શોકાંજલિ અને અંજલિના અન્ય પ્રકારોમાં જુદાં જુદાં લક્ષણો, રૂપો, અને દર્શનો તેમજ અભિગમ સાંપડે છે. વૃક્ષનું સાર્થક્ય જેમ ફળમાં છે. ફળ નહીં તે વૃક્ષનું હોવું નિષ્ફળ તેમ શોકાંજલિમાં અંજલિ, સંપૂર્ણ કાવ્યનું ફળ છે. કાવ્યની ફલશ્રુતી છે. વૃક્ષે વૃક્ષે નોખાં ફળ મળે નોખા રંગ અને નોખા સ્વાદ મળે તેમ શોકાંજલિઓમાં કાવ્યે કાવ્યે અંજલિમાં વિવિધ લક્ષણોનું વૈવિધ્ય, રંગરૂપની વિવિધતા, વિવિધ ભાવ-જગત, અને અભિગમમાંથી અનોખા આસ્વાદ પ્રાપ્ત થાય છે. અંજલિના વૈવિધ્યોમાં લક્ષણો, અભિગમોથી આકાર પ્રાપ્તી અંજલિ ચોના પાયામાં

Kalpana's

સાત વિવિધ વિચારધારાઓ વહેતી જાય છે.

૧. સ્વજન સંબંધના વિવિધ રૂપો
૨. વ્યક્તિત્વ અને જીવનનો આધાર
૩. સદ્‌ગત પાત્ર અને કવિના પરસ્પરના પ્રતિભાવો
૪. સદ્‌ગત પાત્રનો જીવન-સૌંદર્ય અને સમગ્ર પરિવેશ
૫. રચનાકૌશલ અને વિવિધોજ્જની ક્ષમતા
૬. કાવ્યસ્વરૂપ અને કવિ-ચૂઝ
૭. અભિગમની નૂતનતા-મૌલિક સંસ્પર્શ

આ સાતેક દૃષ્ટિકોણથી અંજલિમાં વૈવિધ્ય જોવા મળે છે. એમાં પણ બે સ્પષ્ટતા જરૂરી છે કે શોક અને કરુણ તો મહત્ત્વના અંગો છે જ પરંતુ ક્યાં તત્ત્વો બદારા શોકની ભાવાભિવ્યક્તિ થઈ છે કવિએ પસંદ કરેલાં સ્થાયી, સંચારી ભાવો, સ્થાપિત્યનો પણ મોટો આડકતરો ફાળો હોય છે. કવિએ પસંદ કરેલા માધ્યમો, પ્રયુક્તિઓ, કૌશલ્યો, આધાર સ્તંભો, ઉપકરણોથી ભાવલિક્ષ રચાય છે. ભાવ અંજલિના આકારનું વાતાવરણ સર્જે છે. રસ તેમાં જીવ મૂકે છે. એને આ સર્વ પ્રયત્ને અંજલિ આકાર પામે છે.

અંજલિના આ વૈવિધ્યમાં સ્મૃતિ અને સ્મરણનો ફાળો મોખરે રહ્યો છે. વાર્તાલિપો સંબોધનો, મિલન સ્થાનો, દિવસો, કેટલાંક નોંધ-પાત્ર કૃત્યો, ઋતુવર્ણનો, મિલનના યોગોના ખાસ સૌંદર્ય વગેરે વિયોગમાં શોકના નિમિત્ત, સંચારી-ભાવ બને છે. સંયોગે સુખનું વિયોગે સ્મરણ લિરહ જાગે છે પરંતુ આ સર્વમાંથી શોક પ્રાપ્ત થવો જરૂરી છે. તોજ અંજલિને વિશેષ-સૌંદર્ય વિશેષ રૂપ મળે છે. વિશેષ ગુણવાળી, કરુણાદ્ર, શોકાભર અંજલિ જેજ શોકાંજલિની અંજલિ બની શકે આ ઉપરથી એટલું કહી શકાય છે અન્ય અંજલિ-કાવ્યોમાં નિરૂપાયેલી અંજલિ કરતાં શોકાંજલિની અપેક્ષા કંઈક નોખી, ચડિયાતી છે. આ કક્ષા સુધી ભાવ અને રસ ના વિકસે તો ઉત્તમ સ્મૃતિઓ વ્યક્તિ-વિશેષોના ઉદાત્ત ચરિત્રોનો પર નકામાં નીવડે છે.

kalpana's

કવિકર્મ, વ્યર્થ બની જાય છે. પ્રજાલાલના બધાજ અંજલિકાવ્યો 'ગુર્જરીના કેટલાંક કાવ્યો જેવાંકે 'સ્વ.મોતીભાઈ અમીન', 'શ્રદ્ધા ચરદાર વલ્લભભાઈ 'દરબારશ્રી', 'અંબુભાઈ પુરાણી', 'ડૉ. ચંદુલાલ શેલાઈ, 'કનુશંકરભાઈને' 'નિકમકાકા', હસિતબૂચની 'ઝુબાબા બોઝો', 'ચરદાસ્ત્રીને', બાલમુકુંદ દવે કૃત 'ભિક્ષુક અખંડાનંદજી', હરિશંકર ભટ્ટના સ્મરણાંજલિનાં મુક્તકો, રમણ કોઠારી કૃત 'સ્વ. આચાર્યશ્રીને શબ્દાંજલિ સુરેશ દલાલ કૃત 'સદ્ગત મુન્શીને' કૃતિઓમાં સ્મરણો છે પણ શોકાંજલી નથી.

મનસુખલાલ ઝવેરીના ગાંધીને અંજલિ અર્પતા કાવ્યોમાં અંજલિની અંદાજીય વફાદારી જોવા મળે છે. ઉપરોક્ત નામોલ્લેખવાળી કૃતિઓ શોકાંજલિ તરીકે ઊણી ઉતરે છે. કદાચ એવી ગેરસમજ રહે કે એ તો જાહેર વ્યક્તિઓના સંદર્ભમાં લખાયેલી કૃતિઓ છે માટે શોકાંજલિની કક્ષાએ ન પણ પહોંચી શકી હોય આમ તો ઘણાં કવિઓએ ચરદાસ, ગાંધી, અરવિંદ, રવિન્દ્રનાથ પર કાવ્યો લખ્યાં છે તે સૌને માટે પણ સદ્ગત વ્યક્તિવિશેષો જાહેર મહાનુભાવો જ છે. એમનાં માટે પણ તે અન્ય કવિઓ જેટલાં ઊંડા ઊતર્યા છે. તેમાં બબરદાસકૃત 'ઓ ગાંધી સંત ગુજરાતે, કરસનદાસ માણેક કૃત 'એને કમારક શાં ને સમાધિય શી,' 'ઊભો હવે નિષ્ફળ ચક્ષુ મારાં', કાવ્યોમાં ગાંધી જેવા મહાનુભાવો પર જ આલેખન છે છતાં તે શોકાંજલિની કાવ્યકોટિએ પહોંચેલી કૃતિઓ છે તેમાં અંજલિ પણ સુંદર આકારે આવે છે. ગુજરાતી ઊર્મિકવિતા કૃતિમાં, વિષાદકાવ્યોમાં ''.....૧.વિશિષ્ટ રચનારીતિથી અને દૃષ્ટિકોણથી લખાયેલું ગાંધીજીના મુખમાં મૂકાયેલી ઉક્તિરૂપે રચાયેલું અને સંતે કવિના વિષાદને સંયમિત છતાં તીવ્રપણ રીતે બે પંક્તિઓથી અભિવ્યક્તિ આપતું ઉમાશંકરનું 'રહો ન મુજ મૃત્યુને' સહજ સ્મરણીય છે અને મનસુખલાલનું 'આજ નયનો રડો' પણ ઉલ્લેખાપાત્ર છે'' ગાંધીના વ્યક્તિત્વની વિશેષતા એ હતી કે સામાન્ય માણસ દુશ્મન સાથે ભિન્નતા કે વૈર ના રાખે પણ ગાંધીને મન તો કોઈ શત્રુ ન હતા. 'રહું હો તે કોને' કાવ્યમાં મનસુખલાલ ગાંધીજી માટે કહે છે કે.....

kalpana's

૨. "ફુત્કારે વદેના દીધી, બૂઝી સ્નેહદીપિકા"

શત્રુ માટે પણ જે મિત્ર જ રહ્યા હતા તેવા ગાંધી માટે વદેનાપુંજ બનીને તેમને મારી નાખ્યા છતાં તેણે એમને મુક્તિ અપાવી અને ચમકાવે ગુજ્જુ ક્ષિતિજમાં તેને મૂલ્યુ આપ્યું. આપણા જેવાં પામર અને લેતિયા માનવોને લોકોત્તર વિભૂતિનું દર્શન થયું જેજે ચેક સદ્ભાગ્ય પણ જે બીજના માણસો ચૂકી પણ જોઈ નથી શકતા તેમને હિમાલયના ચુલધૂંગો પર, સ્નેહ શોભની ઝલાવારા રંગવૈભવથી સંબુધ્ધ એવી ઉષાની ઝાંખી કરાવી તેનો જ જીવ હેવામાં આવ્યો ગાંધીના જીવનને અપાયેલી આ અંજલિ કરુણાર્દ છે.

૩. "ગેને આજે સ્મરી બાપુ, આનંદુ વા સું સ્મરી
હૈયાના કોરલા મુર્મો, ક્યા ઘોર પ્રલંકની"

ગાંધીનું મૃત્યુ કવિ માટે વિટંબણા બની ગયું છે. માનવજીવની આ સમસ્યામૂલક પરિસ્થિતિ/જાગેલા શોકઊર્મિથી માનાંજલિનો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે.

સદ્ગત વ્યક્તિવિશેષનું જીવનકાર્ય જ્યારે કવિમાં કાવ્યત્વ પામે ત્યારે નિરૂપકને કંઈક નવો જ રંગ મળતો હોય છે. જેમાં જીવનકાર્ય નિમિત્તે માત્ર કરેલા કાર્યોની યાદી કે અહેવાલ નહીં પણ કવિના હૃદયનો ભાવ પણ ભળી જાય છે ત્યારે ચાલેખ જીવંત, તાદૃશ બને છે. ત્યારે આપણું હૃદય પણ અંજલિ આપી દે છે. રવીન્દ્રનાથ ટાગોરને આવા કવિઓએ કાવ્યાંજલિ આપી છે તેમાં ઉમાશંકર જોશી, પાઠક સાહેબ, મણિલાલ, નાનાલાલ, લાભશંકર ઠાકર, કેશુભ હ. શેઠ, ડૉ. રણજિત પટેલે 'આમી' એ ટાગોરને આપેલી અંજલિઓમાં ઉમાશંકર જોશીની 'રવીન્દ્રનાથ -૧' કાવ્યમાં ટાગોરના જીવન અને કવન ને કાવ્યત્વનો કવિ વિનિયોગ બતાવે છે. ટાગોરે કુદરતના રૂપોને જોયે સ્વોલય, રૂપ, રૂપકો, કથ્યો અને અર્થો આપી બતાવાની શક્તિ અને ક્ષમતા સિધ્ધ કરી બતાવી ટાગોરે કવિની દૃષ્ટિમાં, સંવેદનાને તાજગી, અપૂર્વ દિશા અને નવચેતન બક્ષ્યાં. કુદરતને જોવા-જાણવા-વર્ણવવા

kalpana's

સૂક્ષ્મ આંખ અને આસ્વાદ માટે હૃદયને નવા સંદર્ભ આપ્યા, તેનું ઋણ સ્વીકારી, ટાગોરના અનુયાયી થઈ ઘણાં કવિઓએ પોતાના કાવ્યોમાં કુદરતની ક્ષિતિજો ખોલી નાંખી અને તેમાં વૈશ્વિક અનુભૂતિ ઘૂંટી વિકસાવી ત્યાં કવિના જીવન પ્રવનમાંથી તેની સૂક્ષ્મતામાંથી અંજલિ આકાર ધારણ કરે છે.

૪. ''ચૂરોની ગુફામાંથી તે કૃતિ? સરસ્વતીનાં મર્મરો
ગંભીર-જાજ્વોલ અર્ણવ તણા સ્થિતો વ્યોમનાં
ફૂલોની અભીપ્સ ગોષ્ઠિ, જ્યાં લોક કોલાં ડલો
સમીર શિહરંત મોલ મૂદ્ધ, હાંફતી છાતી શા
લયે અગર રાતે શ્વસે, આ અનન્તને અંતરે''

કવિ કૃતિ બદારા સ્વીન્દ્રનાથનું અમરત્વ ઝીલ્યા કરે છે. ડૉ. રમણિક પટેલ પણ નીચેની પંક્તિઓમાં આવો જ સંદર્ભ રચી અંજલિ અર્પે છે.

૫. ''લીલાને વહી રહ્યો સમાં સ્પેશ
પામ્યો અનંત રમ શ્યામલી કાવ્યદેશ
આત્માનું કાવ્ય વળી ધૂળનું ગાન ગાયું
આનંદ અમૃતથી, પૃથ્વીનું પાન છાયું
હું કાવ્યમાં તપ તપ્યો શું તપોબળે આ
નૈવેદ્ય કિંઈક ધરી, જીવન દેવતાને
શી સ્પ્રિ સાધના વિરલ? સાધ્યની દૃષ્ટિ પામ્યો
આનંદ ભેદ વરસી, વિભુમાં વિરમ્યો
પુલના, કળી કષ્ટા શો રવિ? તું પૂર્ણનો રવિ?
શાંતિ અદ્વૈતને શિવ ચેતના હે મહા કવિ

બન્ને કૃતિઓમાં ગુજરાતી કવિતાનો વિકાસ અને તે બદારા અંજલિનો ભાવ કવિઓ આકારે છે.

મેઘધનુષ્ય એક રંગપૂંજીનું નામ કહીયે તો તે એક નામમાં જેમ અનેક રંગો ઉભરાતા ઓસલતા જોવા મળે તેમ કેટલાંક કાવ્યોમાં અંજલિના એક પ

kalpana's

કરતાં વધારે લક્ષણો (વધારે અંજલિના લક્ષણો) એમાં ઢળતા-ભળતા જોવા મળે છે. અંજલિની કલાત્મકતામાં આ પ્રક્રિયા કલાત્મકતાની દૃષ્ટિએ, ગુંથણીની દૃષ્ટિએ નોંધપાત્ર કહી શકાય પણ એ બધામાં 'સરદારશ્રી' એટલા માટે સવિશેષ કૃતિ બની જાય છે કે કાવ્ય, આમતો, શ્રધ્ધાંજલિ પ્રકારનું હોવા છતાં, એમાં સ્મરણાંજલિ, ભાવાંજલિ ગ્લાનિનો ભાવ જોઈ શકાય છે. વિરોધાભાસ અલંકાર વડે સરદારના લોકસ્વીકૃત વ્યક્તિત્વની સાથે જ કવિ તેમાંથી જ ગૂઢ સત્ય તારવીને સરદારનું અગમ્યિજ્યું રૂપ બતાવે છે. 'માટી'માંથી મ્હેક, વજ્રમાંથી ઝરણું, વીરમાંથી ધીર, મૃતપ્રાય-માંથી સંજીવનીના અન્વયોમાંથી કવિ અભિવ્યક્તિની કલાત્મકતા સાધે છે.

૬. ''જિંદગીને તમે મારી કહીને મ્હેકતી કરી
વજ્ર જેવા રહીને એ, વહાવી ગૂઢ નિર્ઝરી
તમારા પગલાં માંઢ વીર હે, ધીર હે અહીં
ગતિ મેરી રહે, શ્રધ્ધા ભરે આ ચરણો મહીં''

સ્મરણની શક્તિથી તરબોળ, ભક્તિથી સરદાર માટે આંસુ ભરેલું જેવા પ્રનિરૂપણમાં અશ્રુમરી અંજલિનો ભાવ કવિ ગૂંથે છે.

૭. ''તમારા સ્મરણે જો હું, ઝૂકીને ના તરું - તરું,
ભક્તિથી માન્ન તો વ્યર્થ જૈન આ ના ભરું ભરું''

સ્મરણ, ભક્તિભાવ, અશ્રુનો સંદર્ભ, શ્રધ્ધાનો ઉલ્લેખ પ્રભાવનો સ્વીકાર અનુક્રમે સ્મરણાંજલિ, ભાવાંજલિ, શ્રધ્ધાંજલિ, માનાંજલિના છાંટણા છાંટે છે.

અંજલિ એક ભાવ છે. તે ભાવવિશ્વ રચે અને તેના આસ્વાદથી રચાયેલા ભાવવિશ્વની અનુભૂતિ અનુભવાય તેમાંજ કાવ્યનું અને અંજલિનું સાર્થક્ય છે. ટૂંકમાં અનુભૂતિ અને આસ્વાદની ઊંચી માત્રા, ગુણો અંજલિમાં હોય તેવી અંજલિ કલાત્મક બને અંજલિનો સ્પષ્ટ નિર્દેશ ના હોય પણ સૂચિત કે ઈંગિત હોય અને તેનો ભાવ વાચક કે ભાવક અનુભવે તે ઉત્તમ અંજલિ કહેવાવી જોઈએ. પરંતુ કેટલીક અંજલિ કવિતાઓમાં ''.....લખ લખ

kalpana's

વંદન હો', '.....નમન હો,.....અંજલિ અર્પતો હું'' જેવી ઉક્તિઓ આવે ત્યારે ભાવની દૃષ્ટિએ તે બેહૂદુ લાગે છે. કાવ્યાત્મક અંજલિનું એક દૃષ્ટાંત જોઈએ :

૮...''અહો કાવ્યો વાંચ્યા, સજ્જ કવિના કીર્તન કર્યાં
કવિનાં, દૃષ્ટાંનાં ગુણપુરુષા ગુજરાતભરનાં
ગજેલી વાણીથી સ્મૃતિ અહીં અલંકૃત કૈંક કર્યાં
સલામો, વ્યાખ્યાઓ મૃદુ મૈયા થકી છલબલ્યા''

૯...''ચડાવીને કિન્તુ, ગરીબકવિની રંકકુટી રે
કહી'કો ને જોયું નયનમીટ માંડી ઘડીકને
શીઘ્રની સંગાથે કવિ ગુહીલીના નેન લૂછતો
ભૂખ્યા પેટે કોની પરમ કરુણા કાજ રહતો ?''
અરે એના કાવ્યે જડ-ચકલ જે ચેતન કર્યાં''

અનેકની વેદના સંવેદનાને પોતાના હૈયા સરસી લગાડી બ્રજ લગાવી કવિતામાં ગાનાર, રોનાર કવિની કોઈને કોઈ દિવસ કીકર થઈ છે ? આ આલેખન પાછળ હૃદયદ્રાવકતા, કરુણતા અને વાસ્તવિકતા બદારા બોટાદકર ઘાટેની ભાવના જાણે કે સજીવન કરી દે છે. રંકકુટીમાં રહેતા બોટાદકરનું સુદામાપણું અને બીજી બાજુ કાવ્યોની મૂલ્ય-અર્થ સમૃદ્ધિની વચ્ચે સમતુલા જાળવી રાતા કવિ પ્રત્યે કવિ આબેહૂબ હમદર્દી ઊભી કરે છે. આ વ્યંગની વેધકતા કરુણતા-કરુણ સભર બને છે. ખડકોમાંથી ઝરણું જેમ મીઠા મીતા પાણીથી શાંતી બક્ષે તેમ દુઃખમાં રહીને કવિએ લોકોને અકાવ્યો બદારા તૃપ્તિ અને ચેતન આપ્યાં છે. કવિએ ક્યાંય આ આલેખનમાં અંજલિનો સ્પષ્ટ નિર્દેશ કર્યો નથી છતાં મૃદુ શયનના ઝુકી લોકોને બોટાદકરની વેદનાથી આંખા પાડી આબાદ કરુણતા જગાવી છે. શોક કે અંજલિનું માત્ર વર્ણન ન કરતાં કવિ તેમાં સહાનુભૂતિ ધરાવતો હોવો જોઈએ.

kalpana's

ગંજલિ-કાવ્યોમાં વૈવિધ્યમાં એક વિશેષતા એ સાંપડે છે કે કવિ વ્યક્તિને નહીં પણ વ્યક્તિત્વને ગંજલિ આપે છે પ્રભાવ વ્યક્તિ કરતાં વ્યક્તિત્વનોજ વિશેષ હોય છે અને તે વ્યક્તિત્વ વડારા જ તે માણસ પછી જીવતો રહેતો હોય છે. વ્યક્તિત્વને ગંજલિ આપવામાં પરોક્ષરૂપે વ્યક્તિને ગંજલિ અપાઈ જ જાય છે. પણ તેમાં તે ચુંદર સાર કાઢે છે કે નમતા, સાદાઈ, સહનશક્તિ ગ્રન્થ ગુરુની પૂંજી છે તે માણસ માટે ધનવાનોના ધન કરતાં પણ મૂલ્યવાન છે.

૧૦. ''ઘસ્યે વિસર્યે જાત વિકસતું શીલ
સમુજ્જ્વલિ કાયા
પરિભ્રાવાન પુંમાન લક્ષાણે જાણે
ચમીર જાયા''

નઃ બદૈઃ ગંજલિ એક નમૂનેદાર શીલને' કાવ્યમાં બ.ક.ઠાકોર ઉંચા ગુણોને ગંજલિ આપે છે. કાવ્યે કાવ્યે જુદા જુદા ક્રમ ઉદ્ગમસ્થાનો અને તરાહોમાંથી ગંજલિ નવીનતાઓ સાથે કાવ્યના શબ્દદેહે અવતરતી જોવા મળે છે.

સામાન્યતઃ એવી સમજ પ્રવર્તે છે કે ગંજલિ કાવ્યાંતે હોય, પરાકાષ્ઠાના ભાવમાં કે છેલ્લા ચુગ્મમાં કે સોનેટની છેલ્લી બે પંક્તિમાં હોય એ પ્રમાણે જોવા મળે છે તે પણ પરંપરાગત છે પણ જ્યારે શ્રધ્ધાંજલિ, અશ્રુંજલિ કે નિવાપાંજલિ આપવાની હોય ત્યારે વૃત્તાંત પછી સાર કથનના ક્રમ પ્રમાણે ગંજલિમાં ભાવ સમેટાઈ જતો લાગે પરંતુ કેટલાંક કાવ્યોમાં ભાવ વિકસતો જાય તેમ ગંજલિનો આકાર બંધાતો જતો હોય છે. કાવ્યમાં સૌથી વિચિત્ર તત્વ જ ભાવ છે માટે એક, બે નહીં પણ ભાવ વિકાસની સાથે જ્યારે ગંજલિ વિકસતી જાય ત્યારે તે સ્વભાવિક, સાહજિક લાગે છે, એમાં આયાસપૂર્વકનો સરવાળો દેખાતો નથી. મેઘાણીકૃત 'ભર ભર છાંટુ ગંજલિમાં' 'ફૂલ ખર્યું ફોરમ રહી' કહી વ્યક્તિત્વને ભાવો આપી છે એમાં ચિંતનનો સ્પર્શ પણ છે. સદ્ગત મણીલાલના જીવન, વ્યક્તિત્વ, કર્તૃત્વને આવરી લઈ ''હરિયાળી ધરતી કરી હાલ્યા મેઘ-મલ્હાર'' માં જીવન કાર્યનું સ્મરણ છે. 'ભર ભર

kalpan .'s

છાંડુ ચંજલિ' આગા હજો જુહાર'' જેવી ઉક્તિમાં શોક નિર્ઝર શ્રધ્ધાંજલિ છે. કવિ સદ્‌ગતે બતાવેલી વીરતાનો ઉલ્લેખ કરી 'તે દઈ પડકાર, ભાંગી કોકું ભેડલી'' કહી તેની વીરતાને ચંજલિ આપી છે.

ભાવમાંથી ચંજલિનું પ્રાગટય- જે કાવ્યોમાં સદ્‌ગતના જાથી પડેલી ખોટનો રંજ, ખટકો સાલતો હોય તેવી કૃતિઓમાં જોવાં મળે છે. ખબરદાર, ઉમાશંકર જોશી, સુંદરમ્ વગેરેએ શંકર દત્તાત્રેય પાઠક, પંડિત બરે, ખુશરો, ને સંબોધી લખેલા કાવ્યોમાં ઈશ્વરને પણ સંગીતની જરૂર પડી એવા ચંદર્ભમાં તારા વિના અમે અને તારા વાજિંત્રો સૂનાં છે એવા બાલીયાના ભાવમાંથી ચંજલિ આપે છે કે.....

૧૧...રહ્યાં તંબૂર રે ગરજન કરત ચંગાલિ ગઈ''

માથે સરસ્વતીચંદ્ર અને દેખાવનાં બાળકની સ્નેહમુદ્રા જેવી ચાતુરી નિમિત્તે ગો.માત્રિને તેમના ગ્રંથો દ્વારા ચંજલિ આપે છે.

૧૨...જેમાં તારા મધુરા સ્વપ્નાં કળીશ હું'' કહી ભાવાત્મકતા આપે છે. કેટલાક કાવ્યોમાં ચંજલિ લાઘવયુકત પંકિતઓમાં પ્રયોગાત્મક શૈલીમાં જોવા મળે છે. દૃશ્ય અને વિરોધાભાસમાંથી કંડારેલી ચંજલિ સદ્‌ગતનું વ્યકિતત્વ અને ભાવજગત વેધક રીતે ઉપસાવે છે.

૧૩...નીલ-ભૂંગળા ઘૂમ ગૂંજતા, વચ્ચેથી સ્વર્ગની
ચૂરાવલિ સ્ફુરતું વિહંગ ગાતું ગાતું કો ચરી જતું
કલહંસે ભરી બજારમાં, કાળમીંઢ મૌનનાં
વક્ષ:શૈલને ચકાટ ભેદીને ગરી
ગુર્જરી તણી અશેષ શબ્દ-માધુરી
અભિમુખાત્ત ઉંબના
બની સ્વયંવિષ્ઠો વિરાટ ઝંખના ગઈ સ્નેહની
સદા વસંતની
મૂકી ગયા શી મ્હેક મ્હેક શી અબોધ ગાત્રની''

Kalpataru

'કલાધર' શીર્ષક હેઠળ ડૉ. રણજીત પટેલે ન્હાનાલાલને આપેલી અંજલિમાં પણ ન્હાનાલાલની કવિપ્રતિભા કવિ ઉપસાવે છે.

૧૪...'તેં તો કલાધર ? મધુર સરસ્વતીના ?
શું પ્રેમભક્તિ' સુરનાં પૂર કે વહાવ્યા
બ્રહ્માત્મના ધવલ ચંદ્ર શું ગીત ગાયાં;
સૌંદર્યકૃતિના સુર, ર સેલ્વર ગુર્જરીનાં ?
તું તો કલાધર ત્રિવિધ પૂર્ણ યશસ્વી
કેકા, સુધા, જનની વહાવી સ્વશ્રી''

પંક્તિઓમાં ન્હાનાલાલનું ભાવજગત, સૌંદર્ય, કેકા અને સુધા અને જનની સ્વશ્રી વહેવડાવનાર કલાધર કહી સરસ્વતીના પુત્ર સારસ્વત તરીકે તેમને ઓળખાવી કવિપ્રતિભા વંદના અંજલિ અપી છે. બન્ને કાવ્યખંડોમાં ડૉ.અનામીની અંજલિની અભિવ્યક્તિ કાવ્યાત્મક અને બલવત્તર લાગે છે. ન્હાનાલાલની કૃતિમાં મીલ ઊંગળા, કુંડોર કસુમિતાનું જીવનમાં વસંતના ગીતો, સ્વર્ગની સુરાવલી અને રાત્યાની ન્હેંકનો ઉલ્લેખ કરે છે પણ લય, લાઘવ, કવિપ્રતિભા અને અંજલિની દૃષ્ટિએ ડૉ. રણજિત પટેલનો કાવ્યખંડ ભાવાભિવ્યક્તિમાં ચડિયાતો લાગે છે.

ખુમારીમાંથી અંજલિનો ભાવ [redacted] પ્રગટ થતો હોય તેવું સ્નેહરશ્મિના 'જશો બાપુ' કાવ્યની પંક્તિઓ વાંચતા લાગે કવિ મૃત્યુને પણ ટકોર કરી બાપુને અંજલિ આપે છે કે.....

૧૫...'ભલે ને મૃત્યુ ભલકારે, હકી તમ દેહને બાપુ
તમે તો છો અમારા'ને અમારા સર્વદા બાપુ''

બાપુની હૃદયમાં અંકિત થયેલી પ્રતિભા અવિચ્છિન્ન છે, તેવી ભાવભરી અંજલિ ઢુંકી પણ રહે છે.

મનસુખલાલ ઝવેરી 'દાદા' ને નમ્ર હૃદયની અંજલિ આપે છે સ્મરણ તે બાબારે અંજલિ આપતાં કહે છે કે તમારા ગુણો, સ્મૃતિ, ઉચ્ચભાવનાનો

kalpana'3

વારસો, અને તે બધા સાથે તમારી ગૌર પ્રસન્નાકૃતિ નજર આગળથી ખસતી જ નથી કાળે તમારી અને મારી વચ્ચે આપણો પાર્થિવ જૂનો સંબંધ કાપ્યો પણ પોતાની ભૂલના પ્રાયશ્ચિત્તરૂપે એ પોતે જ મારા હૈયામાં તમારી મૂર્તિ ઉંડારી રહ્યો છે. અંજલિમાં લાગણીભર્યો વત્સલભાવ જાતે જ જોવા મળે છે.

''દીન હીન છાં મેં યે, અમે વંશ જ આપના
આપના પ્રાણમાંથી આ, પ્રકટી પ્રાણની પ્રભા
ભાવ xxxxx ક્યારેક હૈયામાં, જાગશે વેણ જાગશે
અને અંતરની મૂર્છા, દાદાજી યે નીવારશે
ત્યારે દાદાજી ? ખુંજે આ, કરીથી પ્રિય આપની
માંગલ્યે માધુરી વીણા, લઈ રહેશે વસંતની
હું નમું પિતૃદેવાય ? દાદાજી ? આ હું આપનો
લાડીલો પૌત્ર આજે આ હૃદયાંજલિ''

સદ્‌ગત પિતાશ્રીને અપાયેલી અંજલિઓ કલાત્મકતાની દૃષ્ટિએ 'પૂ. પિતાશ્રીનું સ્મરણ થતાં.....'' કાવ્યમાં જયદેવ શુક્લ પિતાના વ્યક્તિત્વને પહેલાં ઉંડારે છે. ધાર્મિક પરિવેશમાં ઊભો કરી, ઋગ્વેદની પોથી જોતાં વેદની ઋચાઓ ઉદાત્ત અનુદાત્ત સ્વરોમાં લયમાં ગૂંજી ઉઠે છે તેના ધ્વનિમાંથી પિતાનો ધ્વનિ અને દેહ-આકાર ધારણ કરે છે અને કવિ એક મૂર્તિમંત ધર્મગુરુના તરીકે તેમની આગળ મસ્તક નમાવે છે. પ્રયોગમાં નવિનતા અને ગૌરિકતા છે.

''૬...પરા મંત્ર ।।
ઘરા મંત્ર ।।
કપા મંત્ર ।।
પ્રપા મંત્ર ।।
નપા મંત્ર ।।
આકાશ મંત્ર પણ xxx આવાસ મંત્ર ।। પ્રકાશ મંત્રા।

kalpana's

ૐ મંત્ર ।।

ૐનોમ મંત્ર ।।

હું

મંત્ર પુરુષ ।।

ધાર્મિક સંદર્ભમાંથી અંજલિ તરીકે નોંધપાત્ર ગણી શકાય.

શોકાંજલિમાં સ્મરણ એક ચારકારક રથાથી ભાવ -માધ્યમ તરીકે ઘણા કાવ્યોમાં જોવા મળે છે. સ્મૃતિ કે સ્મરણનું શોકના સંચારીભાવ તરીકે પણ શોકાંજલિમાં ખૂબ મહત્વનું સ્થાન છે. કુસુમશસ્ત્રિતમાં પણ સ્મરણ ઘણા કાવ્યોમાં જોવા મળે છે. મનસુખલાલ ઝવેરી અને પૂજાલાલનો 'દાદાજી' અને 'દાદા' કાવ્યોમાં સ્મરણોથી જ દાદાના પ્રભાવને વર્ણવે છે હસિત બૂચની 'મા. ચતુરબાઈને' સ્મરણને સહારે આપાયેલી અંજલિ છે. ગુરુ પ્રત્યેનો પ્રત્યુત્તર કવિ સહજ રીતે વાળે છે.

૧૭...'રહ્યું જીવતું હવાં, મારે શું કાળનું છલ ?

બાપુએ કરતા જોવા તમને, ના ઘર । ન લઈ તમારા

પાર્થિવ દેહને મારી પાસેથી મૃત્યુ છીનવી ગયું એ તો કાળનું છલ છે. મારા સ્મરણોમાંથી તે તમને ખૂંચવી શકશે નહીં અહીં કવિ આશ્વાસન તરીકે સ્મરણને કાવ્યમાં સ્થાન આપે છે. હસિત બૂચના કાવ્યોમાટે જયંત પાઠક ટિપ્પણમાં લખે જ છે કે.....

૧૮...'મૃત્યુ ક્ષણો કેવળ સ્મરણમાં જ સાક્ષાત્ કરવાનું રહ્યાં'' સ્મરણનો આ સંદર્ભ મનસુખલાલ ઝવેરીના 'દાદાજી' ના સ્મરણના સંદર્ભ સાથે ખૂબ સમાનતા ધરાવે છે. શોકની ચરમાવસ્થાવેદનામાં સ્મરણ એક ***** જીવાદોરી બની જાય છે. ૧૯.'' મંથન, વિષાદ વ્યગ્રતા જેવા ભાવો કવિ અનુભવે છે. પણ એમાંથી અભિભૂત થઈને તેઓ નિરાશા અનુભવતા નથી'' એમ જયંત પાઠક પણ હસિત બૂચના સ્મરણનું તત્પર્ય સ્પષ્ટ કરે છે.

'વીર જોશીના સંભારણા' વીર ***** સ્મરણથી અંજલિનું દૃષ્ટાંત

પૂરું પાડે છે.

૧૬. ''આગવા જ્વાળો એક દિન આવશું
ઝૂકરી પતાકા ચમાં લાવશું
અમારા રક્તના હોજ છલકાવશું
માતની ધ્વજ કરીવાર રૂંગી જશું ''

ઘેર, ઘેર, મંદિર, મંદિર, પારણે, પારણે જનીન્દની વીરતા ગાવાનાં ગેલાન જનીન્દના રંકારના વારસાને, સ્વભાનને ઝીલવાનો અને તે રીતે જ જીવનમાં સદ્ગુણો ઉતારી સાચા અર્થમાં અંજલિ આપવાનો ભાવ પણ કવિ કાવ્યમાં લાવે છે.

વિવિધ કાવ્યોમાં જેમ વ્યક્તિત્વને અંજલિ અપાઈ છે તેમ કવિના સંદર્ભમાં લખાયેલા કાવ્યોમાં કવિ નહીં પણ તેના કાવ્યત્વને અંજલિ અપાયેલી જોવા મળે છે. મજારામ રાવળે 'કવિ કાન્તને' પ્રગટ કરેલી અંજલિના કેન્દ્રમાં કાન્તનું કાવ્યત્વ અને કવિત્વ છે.

'કવિ કાન્તને' 'ગુર્જર કવિતાનો મહિમા' કહી કવિતા દ્વારા તેમના પ્રભાવને યાદ કરી કવિ કહે છે.

'સાવની ગુપ્ત થઈ તવ વિનગ્ન સરસ્વતી''
અતિ લઘુ કિન્તુ અમૂલ્ય સમય ગ્રહાય પાત્ર''

કાન્તની કવિતા એટલે 'લઘુ કિન્તુ અમૂલ્ય સમય ગ્રહાય પાત્ર''
કાન્તની સ્મરણિકા માટે મજારામ રાવળ અંજલિ આપે છે.

પ્રાણ રમણ પટેલ કૃત 'નર્મદને' કાવ્યમાં અંજલિનો ભાવ સુંદર છે. કાવ્યમાં કવિ ભાવાંજલિનો ભાવ ઉભો કરે છે. કારણ કે નર્મદના કેટલાક વિશિષ્ટ અર્થને લીધે કવિ કહે છે કે ભલે કોઈ કહે કે તું કદાચ કોઈપણ રીતે વિશિષ્ટ નથી પણ સાહિત્યમાં એકવિતામાં તે જે કામ કર્યું છે તે કાવ્યની ઈમારતમાં હું એકાદ ઈંટ મૂકી શકું તો તેમાં મારા જીવનનું સાફલ્ય થાનીશ.

૨૧.''સખા, સ્વામી, નેતા, જન ગણુરામાં મૂકી શકું

kalpatru

૨૧. ''ગુણ, સ્વામી, નેતા, જીવન ચંદૂરામાં મૂકી ચાલું
શીલા ચેકાડી એ મુજ જીવન તો સાર્થ થયું હું''

નર્મદના વ્યક્તિત્વ કરતાં તેના કાર્ય વ્યવહાર કવિ અહીં અંજલિ આપે છે. નર્મદને મેસાટ્યુર્તિ ગણે છે. એ વ્યક્તિત્વ તેમજ કાર્ય વ્યવહાર પ્રજાના થયેલા નર્મદને કશું નહી છતાં પોતાના કરતાં સવિશેષ ગણી અંજલિ આપે છે. એમાં ઔચિત્યની બાધના પણ આવેલાઈ છે. 'સજીવન શબ્દો' પણ આવું જ કવિના કાર્યને અંજલિ આપતું બાલમુકુંદ દવેનું કાવ્ય છે. મેઘાણીનો સ્વભાવ, ફુલંદ મિજાજ, નક્કર ભાવાભિવ્યક્તિની શાક્ષરી પુરસ્કૃા તેમના ગ્રંથો, રચનાઓ આપણી પાસે વારસામાં છે. શબ્દદેહે મેઘાણી ગુજરે પણ આપણી વચ્ચે છે. એમનો પ્રાણ શબ્દના દેહે સજીવન બની વાતાવરણમાં આજે પણ વિલસી રહ્યો છે.

શોકાંજલિમાં, અંજલિ મહત્વનું અંગ હોય તો તેની કલાત્મકતાનો વિચાર કરવો યથાર્થ છે. જ્યારે કૃતિ તેની સ્થૂલતામાંથી સૂક્ષ્મતામાં, માંજરી અને વર્ણનમાંથી કાવ્યતત્વમાં પ્રવેશે, નિષ્ફળ શબ્દ દેહ ખરી જઈ જીવન ભાવવિશ્વને ત્યારે કૃતિ આસ્વાદ્ય બને બને તેમાં દ્રશ્ય, ચિંતન, મંથન, ઈન્ક્રીગ્રેડ્યાપાર, (વિનિમય યોજના) વિનિયોજન કલા, પ્રયુક્તિઓ ઉપકરણોનું રચનાકૌશલ્યમાં ભાવ અને સ્વનિષ્પત્તિની દિશામાં સ્વાત્મક સંકલન થયું જોઈએ.

અંજલિની કલાત્મકતાનો આધાર સજ્જન ભાવાભિવ્યક્તિ અને કરુણની નિષ્પત્તિ તો છે જ. તે પછીની સોપાન અંજલિની સિધ્ધિ છે. જો શોક કોઈપણ પ્રયત્ને નમી જાય તો અભિવ્યક્તિમાં ચમત્કૃતિ ન આપે પણ શોકને બાંધનારા તત્વોમાંથી પણ શોક છટકે, પ્રયાસો નિષ્ફળ નીવડે ત્યારે શોકનો અભિવ્યક્તિ સજ્જન બની જાય તેનાથી અંજલિ પર અસર પડે છે. અંજલિ વધુ ભવ્ય, જીવંત બને છે. ઉમાશંકરના 'કુલખાવું' કાવ્યમાં ચિંતન કે સમાધાનના કોઈ આગ્રહીને શોક વશ થતો નથી તે રીતે

kalpsansar

'શિશાવો કવિ' કાવ્યમાં શોક, મૃત્યુ ચિંતનની ગૂંથણી છે તે ચાકળાંક છે તેમાં કવિ એક નવીનતા લાવે છે કે કાળ બધાથી ચઢીયરી છે બધાને તે મરજી મુજબ રમાડે છે તેનાજ અધિપત્યમાં લોક જન્મે છે, મરે છે, પણ તેની કશી પરવા એને નથી એ કાળ મૃત્યુના રૂપે આવી શોક દઈ જાય છે. શોક ફ લાચાર છે પરવશ છે શોક કોઈને ગમતો નથી કાળ મૃત્યુના શોકની અસરગ્રસ્ત થતો નથી. એક માણસના મૃત્યુની આપણને જેટલી અસર થાય છે તેના પ્રમાણમાં કાળને એક ઝાપટાં થતાં મરણના ચાહકી રૂપે કેવી ક્લેશદ વેદના થવી જોઈયે પણ કાળ બધાથી પર છે, એ કોઈને નમતો નથી એ કાળને કાવ્યસૃષ્ટિમાં કવિ નમાવે છે.

૨૨...ને મહાકાલ કેરા આ સાગરે કૈંક ઊઠશે
અમંતી બુદ્બુદ્કો નાના મોટા એ કૈંક નાચશે
જે ઘૂરી નીજ હૈયામાં, બ્રહ્મ વ્યોમની છબી
ક્ષણ બે ક્ષણ સૌંદર્ય, નભલક્ષ્મીનું દાખવી
જશે બુદ્બુદો એંગે એ જશે, સાગર લહેરશે

× × × ×

૨૭...એકલો અવિ રહેશે, અસીમ અનન્ત એ.

જ્યારે મહાકાલ સાગરના બધા બુદ્બુદો જન્મી નાચી શમી જશે સાગર પ્રશાંત જ્યારે એક એકલો પડી જશે ત્યારે મહાકાલ સાગર પાસે કશું જ નહીં હોય.

''ત્યારે ગુર્જરવાણી, રમશે આપને કવિ
ગયો બુદ્બુદ તોયે, રંગો જેનાં રહ્યા રહી''

બુદ્બુદ તો ગયો પણ કાવ્યરંગો, સામયકટોરાં રાજે છે. ન્હાનાલાલની સ્મૃતિના રંગોથી, આ કટોરાંથી મહાકાલના સાગરમાં વધુ ચકિત થશે તેને સાગર નામશેષ નહીં કરે કાળ અન્ય કરતાં ન્હાનાલાલને વિશેષ સ્થાન આપશે. એ દ્વારા કવિ એમ સ્થાપિત કરે છે કે કાળના વહેતા

kalpataru

પ્રવાહમાં -હાનાલાલની કવિપ્રતિભા ગદ્ય કરતાં સવિશેષ ચિરંજીવ બની રહેશે કવિની ગૂંજલિ આ રીતે ભાવાત્મક અને કલાત્મક બંને બને છે. એમાં ચમત્કૃતિ પણ માર્મિક છે. 'ગયો બુદ્બુદ ? તોયે ગંગો જેમાં ગયું રહી'' કહી કવિ એક બીજી પ્રાપ્તિ પણ બતાવે છે કે દેહ તો નશ્વર છે પણ વ્યક્તિત્વ , કાર્ય, પ્રતિભા શાશ્વત્ છે. નશ્વર દેહનું આ શાશ્વત્ નજરાણું શું ગદ્ગદ્ભૂત નથી ?

૨૪...''જીવનકલા કેરો એ કવિ ? વિજય છે વડો એને
મટ્ટી નશ્વરથી જ્યાં , xxxxx શાશ્વતી આત્મની કલા''

'ભર ભર છાંદુ ગંજલિ' કવિતામાં મૃગીલાલનું સમગ્ર વ્યક્તિત્વ, કાર્ય, જીવન લાઘવયુક્ત રીતે પંક્તિઓ વર્ણવી ભાવાત્મક ગંજલિ આપે છે.

૨૫...''હરિયાળી ધરતી કરી, હાલ્યા મેઘ મલ્હાર''
ભર ભર છાંદુ ગંજલિ, ઝાઝા હજો જુહાર''

મનુભાઈ ત્રિવેદીના 'દાદા' કાવ્યમાં ભાવ ગદ્ય ગંજલિને સ્મરણાંજલિ ભાવાંજલિ, હૃદયાંજલિ, શબ્દાંજલિ અને શોકાંજલિથી ભરી દે છે. ઈ નમો પિતૃદેવાય - મંત્ર બની પોત આંખ મીંચે ત્યાં પ્રસન્નગૌર આકૃતિ આંખ સામે તરવરે છે.

૨૬...''અને ગદ્ગદ્ભૂત કેવો આ દાદાજી,? જય આપનો ? પોત આનંદ અને ગૌરવ અનુભવે છે કે.....

૨૭...''આપની સ્મૃતિનાં પુણ્યો દાદાજી? પુણ્ય પાવન
પુત્રના રંક હૈયામાં, સદાના છે ''સજીવન'' પોત દાદાને કહે છે. આપનું વર્ણન અકથ્ય છે બાકી હું પ્રત્યેક શ્વેત રેખામાં આપની આકૃતિને આંકું છું. એમાં દાદાના તાદૃશરૂપ અને હૃદયના ઘવાયેલા સંવેદનની આંતરી કરવે છે. કાવ્યના માળખામાં શબ્દ ગૂંથણ ગૂંથાતો નથી પણ ઘોરી ઉઠે છે. નર્મદ-શતાબ્દી - કાવ્યમાં ખબરદારે નર્મદને ગંજલિ આપી છે. તેનું રચનાકૌશલ ભાવની ગૂંથણી - એને ગંજલિ કલાત્મક છે. દરેક

Kalpana's

કાવ્યખંડ મુક્તક જેવો છે. કવિ પ્રાસચાતુરી વ્દારા ચોકીલો,ટેકીલો, હીરલો, વીરલો , શૂરમર્દ, વીર નર્મદ વગેરે ગોઠવી પાનાબેધન, પ્રાસ-ચાતુરી અને ક્લાત્મકતા બન્નેય સિધ્ધ કરે છે. કીર્તિ અને પાર્થિવ સુખોનું ચિંતન ગીતસંગીતમાં ફુટતી તત્વો વ્દારા ગોઠવેલી વ્યતિરેક જેવી પ્રશ્ને પ્રયુક્તિથી ઉચ્ચતરતા શોક અને કરુણરસને ઠીક ઠીક જમાવે છે. * કાવ્યત્વ, કલાતત્વ અને ભાવતત્વના ભેવડે ભરતે ચંજલિને કવિ ગૂંથે છે. કવિ કહે છે આપણા માટે નર્મદે જિંદગી આપી દીધી આપણે તેને આપણી જિંદગી આપવાના છીયે? પ્રેરણા તેણે જેવી આશા પણ રાખી છે? ચે તો કબીર અને બાઈબલનો પણ બાઈબો છે. આપની જિંદગી લેવાને ક્યાં હાજર છેક રાજાનો કક્ષાયની ગ્રહેજીમાં કશું કરતાં નથી. એને કશું કહેવા માટે શબ્દો કે ભાષાદ્રવ્ય ક્યાં આપની પાસે છે? ચે ભાષા પણ એણે જ આપીને? આપની પાસે એને આપવા જેવું છે જ શું? રાજ, કાજ, તાજ, કીર્તિને ત્યાગીને તો તેણે સેવા કરી છે. કીર્તિ તો તેના પગમાં પડી છે. આપણે ચંજલિ પણ કેવી રીતે આપીયે? શબ્દોય નથી, આપી શું તો ચંજલિ પણ મજૂરી x રહેશે, તે તો ઠીક ન કહેવાય કવિ ખૂબ મંથન પછી કહે છે કે નર્મદ પછી બધાજ ગુજરાતીઓ નર્મદના જેવા સ્વમાનથી જીવે એજ તેની ઉત્તમ ચંજલિ છે કાવ્યાંતે રજૂ થતી ઉદાત્ત ભાવના ચંજલિને ક્લાત્મક, હૃદયંગમ, જીવંત બનાવી દે છે.

મૌન ચંજલિની વિશેષતાએ છે કે કાવ્યમાં વ્યક્તિવિશેષાપણે ચદ્ગત નરસિંહરાવ છે. નરસિંહ થી નરસિંહરાવના સમય દરમિયાન વિવિધ કવિઓ વ્દારા થયેલા વિકાસને નોંધી કવિ નરસિંહરાવનું સ્થાન નિશ્ચિંત કરે છે) નિશ્ચિત સ્થાન ચૂકવે છે. એ રીતે નરસિંહરાવ ને તો ચંજલિ આપે જ છે પણ ગુર્જરગીરા'ને પણ ચંજલિ આપે છે. કવિ કવિતામાં પરોક્ષ ભાવે નરસિંહરાવ માટે માન અને આદર વ્યક્ત કરે છે ગુર્જરગીરાને અપાતી ચંજલિનું કવિ ભાવસભર દ્રશ્ય ઊભું કરે છે આ ચંજલિની વિશેષતા એ છે કે આ પાછી 'મૌન ચંજલિ' છે. ભાવમુદ્રા ગંભીર છે તેથી તે ભાવસભર લાગે છે.

kalpna's

૨૮.''કદી આજ દ્રઢાસુ થઈ જો ગીરા
થઈ તો તે નરસિંહરાવથી
વડતી સ્તુતિ એ વધતી ત્યાં
રહી દેની નહીં મૌન અંજલિ'' - આ અંજલિમાં કલાત્મકતા, ઉપરાંત માનાંજલિ અને નિવાસાંજલિના ગુણો પણ છે.

'ફુલ બધું'માં ધરેલા આ ફુલની મૂળભૂતનો ઉલ્લેખ નથી મળતો તેથી ઉશનસ્નો પુનઃ વિયોગ તીવ્ર બની જાય છે.

૨૯.''વેલ કેરા માંડવેથી ફુલ બધું
ને ત્યાં જ મારું મન નયન''
વિશ્વનાં બધાંય બન્ધ-ઉપબન ફરી વળ્યા છતાં કવિને પોતાના ફુલનો વિયોગ શમતો નથી ચિંતન કવિને મનાવવા જાય છે. પણ તેની કંઈ જ અસર થતી નથી.

૩૦.''ને એ સમાધિ પર ચૂંટું
મુજ અંજલિ ફુલ ચણિનું ઉનું
એક બીજેથી કરુણાર્દ્ર - ફુલ બધું''
ઉકેલ ન મળવાથી શોક ઉત્કટ બને છે. હૃદયને ઝણઝણાવી મૂકે છે. ચણિનું એક અંજલિ ફુલ ધરેલા ફુલની સમાધિ પર તેની સ્મૃતિમાં ધરે છે. ત્યાં કવિની શોકમગ્ન સ્થિતિ પરાકાષ્ઠાએ પહોંચે છે. વેલનું ફુલ, ચણિનું ફુલ, અંજલિફુલ પોતાની પુનઃ પુનઃ ફુલના સંદર્ભમાં અનેક અર્થસંદર્ભ આપી દે છે.

'ક્યાં છે પ્રહ્લાદ' કહી પ્રહ્લાદ પારેખને ગુમાવ્યાનો અફસોસ કવિ ધીરુ પરીખ કાવ્યમાં વર્ણવે છે. અભાવમાંથી, અફસોસમાંથી અંજલિ અવતરે છે. પ્રતિજ્ઞા ભંગિત કરનાર પ્રહ્લાદને પર્વત પરથી ગબડાવતાં ઈશ્વર ઈશ્વરે ઝીલી લીધો . કવિ આ પુરાકલ્પનને નવા સંદર્ભે પ્રયોજે છે કે શબ્દને લેવા ગયાં, કલિતાને નવા લય આપી અર્થની ઊંચાઈ જેવી ઊંચાઈ આપી કવિ અદ્રશ્ય થઈ ગયો તેને ઝીલવા અદ્રશ્ય હાથ ફેલાયેલા જ છે પણ પ્રહ્લાદ ક્યાં છે ?

kaipana'o

કયાં છે પ્રહ્લાદ' જેવી પુનરુક્તિ હૃદયની વિહ્વળ, હતાશ સ્થિતિ વ્યક્ત કરે છે. શબ્દ-સિધ્ધિ, શબ્દ-સિધ્ધિ, અને ભાવ-સિધ્ધિની પુરાકલ્પનને મૌલિક રંગે રંગવાનો યત્ન પ્રશંસાપાત્ર છે.

સાહિત્યનો સંદર્ભ રચી અપાતી અંજલિ ગુજરાતી શોકાંજલિની વિશેષતા છે. કાવ્યત્વ અને ગહોભાવ વ્યક્ત કરી 'સિધાવો કવિ' માં અંજલિ અપાઈ છે કે.....

''[illegible] સ્વાસિધ્ય તમે સર્જી, સુષ્ટિ શોભિત કાવ્યની
જ્યાં સદા સ્નેહ માં ઝર્યે, વાગી કેરી વિરાજતી
હિંડોળો ઝૂલતો ઝાકળકોપ, જેમ વિરાટનો
ને જ્યહીં પુણ્યની પાળ, સ્વસાગર હેલેરતો''

સ્વપુણ્યના ઊર્મિકવિ ન્હાનાલાલને અપાયેલી [illegible]નિવાપાંજલિ પ્રશસ્ત્યાત્મક છે.

'શબ્દાનો મર્મજ્ઞ' કાવ્યમાં પતીલ કહે છે.

'સ્વીકાર અંજલિ આ તુજ ચરણે ધર્યો જો ''

શબ્દને સંબોધી કહે છે કે તારી અસીમ કૃપાથી મને જે દિશાઓમાં અનુભૂતિનો આનંદ મળ્યો તે આનંદ, તને અંજલિમાં આપુંછ તારી ગેરહાજરીની નિરાશાના ભાવમાં તારી આત્મીયતાનો [illegible] તારા [illegible] જેનાથી માણતા આનંદના અનુભવમાં, ઉલ્લાસ વગેરે તારા અનુસંધાન રૂપે જે જે ભાવો જાગશે તે બધા ભાવોનો પુંજ તને અંજલિરૂપે ધરું છું. શબ્દના વિયોગે જાગેલા ભાવ કવિ શબ્દને અંજલિરૂપે આપી આત્મીયતા પુરવાર કરે છે. પતીલે આપેલી દર્દીલ અંજલિ નીચેની પંક્તિમાં છે.

૩૩.''દિલમાંથી નીકળેલી મુજ રાજિની રૂપે જો
સ્વીકાર અંજલિ આ, તુજ ચરણે ધર્યો જો''

આ સ્વીકારમાંથી અંજલિ પતીલકૃત 'તારી જીવતી સમાધિ'માં છે.

૩૨.૪' ન કોઈ તની દૃષ્ટિએ હજી ચ હું પડેલ હતો

kalpana's

લીધો ઝડપી ભાવ તો ગુરુદેવ જ રામકૃષ્ણરાયને
ઉંડો રસ ભાદરે, ઉંડો શોકનાં કારણ
અને સહુ રહ્યા કહી હું ઉંડો શેષ વેલો હતો''

આ પંક્તિઓમાં શેષ-રામકૃષ્ણરાયની ગહનતા જ અને અભાવ વ્યક્ત થયા છે.

અરવિંદ પર અનેક પ્રસિદ્ધ કવિઓએ કૃતિઓ આપી તેમાં ભીન્નભીન્ન સંદર્ભ છે પરંતુ હરિન્દ્ર દવેની કાવ્યપંક્તિમાં ચમત્કૃતિ છે.

૩૩.''હજી કંઈકોનું કે, કુટિર થકી દીવો ક્યહીં ગયો
પછી ચોળું આંખો નભ મહીં થઈ સૂર્ય વિલસ્યો''

કુટિરનો દીવો, ગગનનો સૂર્ય લિયોં કહી શ્રી અરવિંદના કાર્યની વ્યાપક ગહનનો આનંદ વ્યક્ત કરે છે. બે પંક્તિમાં લાઘવયુક્ત મનનાંજલિ છે.

મીનુ દેસાઈની 'રાષ્ટ્રપિતાને' અંજલિમાં - માંગલીમાંથી અંજલિનો ભાવ વર્ણવ્યો છે કે.....

૩૪.''અહો ગાંધી બાપુ, વધુ નૃહિ કહું માંગુ બસ કે
મહા તારી જ્યોતિ, તણું કિરણ એકાદ દઈ દે''
નહીં માંગુ કોઈ વિભૂતિમય તારું જીવન હું''

ગાંધીના મહાન વ્યક્તિત્વમાંથી એકાદ અંશની આકાંક્ષાની માંગલીમાં ભાવાંજલિ છે.

નમ્રતાના ભાવમાંથી અંજલિનું દૃષ્ટાંત 'યુગાવર્તક તપસ્વીને' છે. કવિ નર્મદને' અપાયેલી અંજલિમાં કવિ કહે છે.

૩૫.વાગીશ્વરીના પરમ પૂજારી
યાદથી માંગુ વહેશે
નર્મદ તારું નામ ચિરંતન
ઈતિહાસે ચિર રહેશે

તેમાં શોક નહીં પણ ગહોભહના આંસુ ઉભરાય છે. અંજલિમાં ઐતિહાસિક

kalpana's

ઉલ્લેખ છે. સાહિત્યમાં ઉજ્જ્વળ યશ મેળવનાર ગુર્જરવીરોના રત્નો તરીકે કાન્ત, ન્હાનાલાલ, નર્મદ, નરસિંહરાવની સાહિત્ય સેવા અને સાહિત્ય-પ્રદાનનાં સંદર્ભમાં અપાયેલી અંજલિઓમાં નર્મદમાં ગુજનો વ્યક્તિત્વ, ન્હાનાલાલની કાવ્યપ્રવૃત્તિ અને ભાવ સૃષ્ટિ અને કાન્તની કાવ્યવિભાવના અને કાવ્યોના જુદા સંદર્ભ છે.

પીનાકીન ઠાકોર કૃત 'પૂ.બહેનને' કાવ્યમાં અંજલિની ગૂંથણી સુંદર છે. કાવ્યમાં અંજલિનું રૂપ વિશિષ્ટ છે. મોટાભાગના કાવ્યોમાં કાવ્યનો કર્તા કવિતામાં સહજ પાત્રને એકપક્ષી અંજલિ આપતો હોય છે, અહીં તો અંજલિનો પરસ્પર વિનિમય જોવા મળે છે. તેમાં શોક અને કરુણને પણ કવિ સિધ્ધ કરે છે કે.....

ઉર..।સ્મરણે અમૂરાં શમણે ભરું
અરવી અંજલિ કે ઝીલતા ધરું ?!'

કવિ કહે છે તારા વિના તારા સ્મરણોને શમણામાં ભરી તને યાદ કરું છું પણ તે સ્મરણોને શમણામાં ભરી તને યાદ કરું છું પણ તે સ્મરણો એટલાં તાદૃશ, જીવંત છે કે તેમાં સ્પર્શ અને કૃતિની અનુભૂતિ પણ થાય છે. એવી ભ્રમણા થાય છે. એ અભિવ્યક્તિની કલા અને ભાવની પરાકાષ્ઠા છે. અંજલિમાં સ્મરણની પરાકાષ્ઠા એ પ્રકારાંતરે વિયોગ કે વિલાપની પરાકાષ્ઠા છે. મિલનની ભ્રમણા, અને ઝંખનાનું પરિણામ છે. આમ મિલન અને વિયોગના મિશ્રભાવોમાં 'અરવી અંજલિ' કહી આંસુનો અર્થ પણ આપે છે માટે શોકાંજલિ, સ્મરણાંજલિ પણ બને છે. હું મારા આંસુની અંજલિ તને આપું છું તારા, મારા તરફના સ્નેહને કારણે તું પણ આંસુની અંજલિ આપે છે. તાણાવાણાની જેમ ભાવગૂંથણીને અંજલિને કલાત્મક બનાવે છે. અંજલિની સ્થિરતા, ભાવ-વશ મુદ્રા, હાથની અંજલિનું દૃશ્ય બિંદુ દ્વારા અંજલિના ભાવનો બન્ને ભાઈ-બહેન વચ્ચે વિનિમય રચાતો લાગે છે. શોક કરુણની વેધકતા, ચરમસીમા અને આર્દ્રતા શોકાંજલિનો શ્રેષ્ઠ ભાવ ઉભો કરી દે છે. ભાવાભિવ્યક્તિમાંથી કલાત્મકતા સાધતા એક રમ્ય અંજલિ છે.

kalpana's

સ્નેહી સ્વજનની આત્મીયતાનો અનુભવ કરાવતી અંજલિઓમાં કેટલીક અંજલિઓમાં પ્રકૃતિના વિવિધ તત્વોનો ઉલ્લેખ થયો છે. ઉશનસ્ બાલમુકુંદ દવે અને શેષની કાવ્યપંક્તિઓમાં મૃણાની અંજલિમાં કુલનું વિનિયોજન સુંદર છે. 'પરિક્રમા' માં 'આર્દ્ર નિમિત્તે' પત્નીને આપેલી અંજલિમાં કહે છે કે.....

૩૭...'અર્પિતા ભેટ કશું ય ન લાવ્યો
ઉર ને ઉખાડો લઈ આવ્યો
ઉઘડી રાતે
પવન પ્રભાતે
માધવીનાં ઘરે ફૂલ
જેનાં એક બે અક્ષુ-મુકુલ ''

અનુથી આવતી અંજલિનો અર્થ આપતી આ પંક્તિઓ કરતાં શેષની પંક્તિઓ એક વિશિષ્ટ અર્થ અને સંદર્ભ સૂચવે છે.

૩૮...'વેણીમાં ગૂંથતા' તા
કુસુમ ત્યંહી રહ્યાં
અર્પિતા અંજલિથી''

૩૯...'આત્મસ્મૃતી સંવેદનાનું, સ્મરણોની એકજ પંક્તિનું મધુર ગુંજારવ-ભાવથી શરૂ થતું, કરુણ ભાવમાં પર્યવસાન પામતું અનુષ્ટુપ મુક્તક છે.'' પિતાના અવસાનથી જાગેલાં વિષાદ, સ્મૃતિ અને દર્શનનું વર્ણન આપતી ગોવિંદભાઈ પટેલની 'પિતૃવંદના' કૃતિ પણ નોંધપાત્ર અંજલિ છે.

મમતા અને દયાભાવનામાંથી શોકમિશ્રિત ભાવમાંથી અંજલિની પ્રાપ્તિ સુરેશ જોષી કૃત 'રવ. મણ્યાનિલને' કાવ્યમાં છે. સર્જનહાર જેમ દેખાતો નથી પણ સંસારમાં અણુએ અણુમાં વ્યાપેલો છે કોઈપણ તુચ્છની ઉપેક્ષામાં તેની ઉપેક્ષા થઈ જાય માટે સર્જનહારના સર્જનને પણ તેટલું જ ચાહો. એ કર્તાની ગેરહાજરીમાં તેની કૃતિ જ કર્તા સાથેનું માધ્યમ બને છે.

kalpana's

ગલથાનિલ ભલે ન હોય પણ તેમની બધી વાતોમાં તેમનું સર્જન છે તેમની દરેક મજૂરી- પૂરી વાતોમાં ગલથાનિલ કોઈને કોઈ સ્વરૂપે છે જ તેથી તેમની કૃતિ ખીજશો નહીં કૃતિનો આદર એજ કર્તાનો આદર ખૂબ જ બાલુકતામાંથી કવિ શોકળીની અંજલિ આવા અર્થમાં નીચેની પંક્તિઓમાં આપે છે.

૪૦...જેના બધા ફૂલ ખીલ્યાં હશે નહીં
જ્યાં ખીલ્યા કોક હશે કળી રૂપે
એમાં હશે વારી ન હોય તોય શું ?
એ ફૂલનું સુંદર કો ન છેદશો
વાળી તમા વિશ્રામ વજ્રભાવથી
એ પુષ્પના ભીતર મૌનમાં ઉભો
નિત્ય પથિક પેલો.....

કવિ આર્ષ્ણભરી ઋજુહૃદયની શોકળીની અંજલિ આપે છે તેમાં ઉંડે ઉંડે કવિ મને તેમની વાતોની મમતા દેખાયા કરે છે. કલાની ઉપાસનાનો આદર્શ આ અંજલિમાં વ્યક્ત કર્યો છે.

કવિના કાવ્યો, કાવ્યવિભાવના, કવિતા સર્જનનાં વિશિષ્ટ પ્રદાન ને આધારે શીરુભાવમાં નિખાલસતાથી કે.હ.ઠે 'મહર્ષિ રવીન્દ્રનાથ ટાગોરને' કાવ્યમાં રવીન્દ્રનાથના મૃત્યુનો પ્રભાવ વર્ણવતા કહે છે કે રવીબાબુનો અસ્ત એટલે ચેતનામાંથી હવા અને શ્વાસ ઘટી ગયા જેવી ઘટના બનવી શકાય આમેય રવીન્દ્રનાથના કાવ્યોમાં પ્રકૃતિ, હવા, શ્વાસનો અદ્ભુત રીતે મહિમા ગાયો છે. પણ તેમના જવાથી બધે ચેતન ઘટી ગયું સર્જન પણ ચૂંથું પડી ગયું '' રવીબાબુ તો એ કવિ આદર્શ દ્રષ્ટા અને કવિતામાં નવા રૂપોના નવા સૃષ્ટા હતા.

૪૨...છાયેલ મેઘાડંબરે સર્જે દીપ કળી સરે
તરતા દીઠા અન્તર

Kalpana's

અરે જે ત્રિવિધ જ્યાં તે ઉજ્જવલા
સ્મરતો ચુતાસ્થિત
અમર જેનાં ગીત સાહિત્ય નું કલા

સાહિત્ય ગીત અને કલાના સ્વીકારમાં તરતા મૂકેલા દીપકા સ્વીકારના, જ્યાંથી વ્યાપેલા ગ્રંથ અંધકારમાં પ્રકાશ પાથરશે સ્વીકારવુ સામાન્ય માનવ ન હતા પણ ચમત્કૃત જનહૃદયના રાજવી હતા. માટે જ કવિ તેમને 'ઘર ઘરમાં પ્રકટના કવિરવિ કહે છે. વ્યક્તિત્વ અને કવિત્વના કિરણોથી સ્વીકારની પ્રતિમા અધિક્ષ ગરિમાવંતી બનશે. કાવ્યમાં ગંજલિનો ભાવ સૌથી કરુણાદ્રભાવે વ્યક્ત થયો છે. દીવડા ના ઉપકરણથી ગંજલિમાં ચિંતાત્મક ભાવ ઉમેરાય છે.

માનવજીવનની અને સ્વભાવની કેટલીક વિશેષતાઓમાં એક ત્રુટિ કે લક્ષણ દુઃખનો અણગમો અને તિરસ્કાર અને તેનાથી મોઢું ફેરવી લેવાની વૃત્તિ, ભય અને ત્રાસથી દૂર રહેવાની વૃત્તિ હોવા છતાં લાચાર સ્થિતિમાં મનના સમાધાન માટે સુખના સ્મરણ સ્વપ્નાં, યાંત્રિક્યું ભાવારોપણ ક્યારેક જોવા મળે છે. સાહિત્ય જીવન સાથે અટૂટ સંબંધ ધરાવે છે. સાહિત્ય માનવ - જીવનની અભિવ્યક્તિ છે. તેથી તેના સંસ્કાર સાહિત્ય પર પડે છે. માનવ જીવનની ચટલ, સકરુ ઘટના એક સનાતન સત્ય તે મૃત્યુ છે તેના નિમિત્તો બદલાય છે પણ પરિણામ અને સ્વરૂપ અંતે સરખું જ છે. જે ઘટના નિશ્ચિત છે તેનાથી દૂર જવાથી, બચવાથી બચવા મૂકો કોઈપણ પ્રયત્નની મૃત્યુ પર કશી અસર નથી થવાની તેનો સ્વીકાર પણ નિશ્ચિત છે પણ તો પછી તેના તિરસ્કારની હીન ચેષ્ટા કરતાં તેનો આદર, નમ્ર સ્વીકાર એજ માનવ માટે ઉપાદાનમૂલ્ય છે. તેના ભય અને ખેદથી ત્રસ્ત રહેવા ચિંતકો, વિચારકો, ૪ બૌદ્ધિકો તેને માંગલ્ય ગાઈને તેને વધાવે છે. તેની સામે ટકવાનું ધૈર્ય, તેને જોવાનું , શાંતિથી સમજવાનું કૌવત , ક્ષમતા કેળવે છે માનવનો આ પ્રયત્ન તેની દુઃખદ સ્થિતિમાં આશ્વાસનનું બળ પૂરું પાડે છે. વજ્રપાત

kalpana's

જેની મૃત્યુની અનુભૂતિ 'હુલ મચ્યું' જેવી સહજ અનુભૂતીએ અને ચિંતનક્રમથી વેરવિખેર થઈ જનાર માનવની સ્વસ્થતા જાળવાય એ મૃત્યુના માંગલ્યના ભાવારોપની નાનીસૂની સિધ્ધિ નથી. આ સંભિગમને કલા અને સાહિત્યમાં ઉંચો મોભો મળ્યો, પુરસ્કાર મળ્યો અને તેની કલાત્મક અભિવ્યક્તિ સશક્ત થઈ બની શોકાંજલિમાં પણ મૃત્યુનો નિર્દેશ કેન્દ્રસ્થાને છે તેમાં વાસ્તવિક ભૂમિકા પર વિલાપ, કલ્પાંત, ખેદ, ખિન્નતા, શોક, સંતાપ હતાશા, વિષાદના ભાવો તો આવેજ છે પણ ~~xx~~ વાસ્તવિક અનુભૂતિના નિરૂપણ પછી તેનો કલાત્મક કાયાકલ્પ તેની અંજલિ દ્વારા આવે છે. માટે પણ કહી શકાય કે અંજલિનો સંભિગમ અને સ્વરૂપ શોકાંજલિના કલાસ્વરૂપનો સૌથી વધુ મહત્વનો મુદ્દો છે.

સામાન્ય માણસના સુખ, ચેન અને સ્વસ્થતાને હણી નાખી અનુભૂતિની ચોતરફની ચહીયાં ચેહ્લો મૂકી, વેરવિખેર ~~xxxxx~~ દશામાં મૂકી, તેના આનંદને જડમૂળથી ઉખેડી દઈ, મૂળે હુંકારા વાત કરનાર જીવનનું સૌથી મોટા ~~xx~~ રૂપ મૃત્યુ કાવ્યમાં કલાત્મક રૂપ ધારણ કરી મ્હોરી ઉઠે છે આ સંભિવ્યક્તિ એ અંજલિની કલા છે, ક્ષુબ્ધ અસ્વસ્થ સ્થિતિ, બેકાર, સન્નાટા અને એકાંત, અશાંતિ, ઉચાટ લાવનાર મૃત્યુ વાસ્તવિકતામાં જે, ખેદ જનક, લાચાર સ્થિતિમાં મૂકનાર મૃત્યુ ~~xxxxx~~ કલાત્મક લાગે જ પણ તેની કૃતિ ~~x~~ કલાત્મક સંભિગમને કારણે આસ્વાદ્ય અને અનુભૂતિ જડ અને મન-ભાવન બની જાય છે. ગુજરાતી કવિતામાં આ ભાવારોપણ માટે શોકાંજલિનો નોંધપાત્ર ફાળો છે. વાસ્તવિકતામાં માનવ ચિત્તને અસ્વાસ્થ્યતાની હચમચાવી મૂકનારી અનુભૂતિના ચાલેબત્રાળી શોકાંજલિમાં નિરૂપાયેલી અનુભૂતિ મમળાવવી, વાંચવી, સમજવી ગમે છે આ મૃત્યુના, અંજલિના નવા સંભિગમની શોકાંજલિની સિધ્ધિ છે. નીવડેલી શોકાંજલિમાં અંજલિ ચુંટદાર રીતે ચાલેલાવેલી હોય છે જ પણ કેટલીક ઓછા પાત્ર શોકાંજલિઓમાં અનેક રૂપે મૃત્યુ અને અંજલિ વિવિધ રૂપો લઈ આવે છે તેની કલાત્મકતા જોઈએ.

kalpana's

૪૩ 'ખબરદાર ફૂલ' ૨વ. મૂળાઈનો કાવ્ય એક દીર્ઘકવિતા છે તેમાં બાળકનું વર્ણન મૃત્યુના ચુંદણીમાં કવિ કરે છે અને અંજલિ આપતાં મૃત્યુનું ગૌરવ કવિ વર્ણવે છે. આમ તો ગુજરાતી કવિતામાં જ્યારે કવિઓ સંધ્યા અને ઉષાની ઉષાના રંગો, સાગર અને જેવા રમણીય તત્વોનું આલેખન આગળી હતા ત્યારે બાળક - મધ્યાહ્ન પણ કવિનું જ નિર્માણ છે તેની ઉપેક્ષા સામે બાળકને આલેખનના વિષય તરીકે આવકાર અને તેના મૃત્યુ અભિગમ માટે આ કાવ્ય કાવ્ય સાહિત્યમાં ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે. બાળ-મધ્યાહ્નની સરિયામ ઉપેક્ષામાં તેનો આવકાર અને તેને માંગલ્યથી નવાજ્યું અને તે પણ મૃત્યુના અવસરે- એ રીતે કાવ્ય માટે ક્રિટિકલ સિધ્ધિરૂપ બની જાય છે.

૪૪ 'અદ્ભુત તારામંડળી ઉઘડ્યાં
સૂરજ દેવે કિરણ મોકલ્યાં
અજાણતા બાળના ચૂમ્યા
મધુરા પંથ હજો તુજ વીરલા રે
ધીરા મધુ પદમાં મંગલ બોરે
દીઠી જ્યોત મધુર આનંદની રે
ને તું ચાલ્યો કેવી જોત જો
મધુરાં પંથ હજો તુજ વીરલા રે'

મૃત્યુનું એક અર્થઘટન એવું છે કે આત્માનું પરમાત્મામાં વિલય અને આત્માનું ઉર્ધ્વીકરણ કવિ કલ્પના કરે છે કે મૃત્યુ કવિના આત્માને લેવા આવ્યું મુઠ્ઠીમાં આત્માને લઈને શરીર નશ્વર કરી ગયું અને મુઠ્ઠી ખોલીને જોયું તો મુઠ્ઠી તો હતી તેવી ખાલીખમ હતી અને કવિનો આત્મા બહાર વિલસી રહ્યો હતો આત્મા પરનો મૃત્યુનો પરાજય બતાવી 'દિવંગત ગુરુદેવને' કાવ્યમાં બતાવી માંગલ્યની ભાવ ગાયે છે. 'ખાલી મુઠ્ઠી જોઈ બસીયાનું પડેલું મૃત્યુ બતાવી કવિ કહે છે

kalpana's

૪૫. "મથ્યું એ ઢુંઢી તેને, ગોળી નાખવાં જ એ
લાખ લાખ શિરા થઈ ત્યાં પ્રકૃતિ પાળની ધિશે
ધિરાજે એ અને સ્વે.....
આવ્યું'તું જિંદગી લેવા, આપી ગયું અમરત્વ એ"

ટાગોરના આત્માને સામાન્ય માણસના આત્મા જેવો માની મૃત્યુ આત્મા લેવા તો આવ્યું. પણ આત્માની મહાનતા અને પ્રભાવ જોઈ તેના પર વારી જઈ તેને અમરત્વ આપી ચાલ્યું ગયું. કારણ કે ટાગોરે પોતાના કાવ્યોમાં પ્રકૃતિને નવા રંગરૂપે લાડ લગાવ્યા છે. નવા અર્થોના શણગાર અને નવા સંદર્ભના ઘર આપ્યાં છે. પ્રકૃતિનું એ જોવાનું નવું દર્શન આપ્યું છે. પ્રકૃતિ ટાગોરને કોઈપણ રીતે ભુલાવવા માંગતી નથી કારણ કે ટાગોરે કુદરત ને કવિતામાં નવેસરે નવજીવન, તાજગી બક્ષ્યા છે. ટાગોરને કોઈ હાની પહોંચાડે તે પહેલાં ટાગોર અને પ્રકૃતિ કવિતા દ્વારા ઓતપ્રોત થઈ ગયાં છે. મૃત્યું મારશે તો ટાગોરના નશ્વર શરીરને મારશે, નશ્વરને મોત શું રે જીવન શું ? બાકી આત્મા તો પ્રકૃતિમાં ચમ એ ગયાં વ્યાપીને વિલસી રહ્યો છે. પ્રકૃતિ અમર છે. વ્યાપક છે. ટાગોરના આત્માને લેવા આવેલું મૃત્યું આ જોઈ ટાગોરથી પ્રભાવિત થઈ તેમના આત્માને લેવાને બદલે અમરત્વ આપી જાય છે. આત્માથી મૃત્યુ પ્રભાવિત થાય છે. પોતે હાર કબૂલ કરે છે. કવિએ આપેલ આ અંજલિ પ્રતીતિકર, કલ્પક અને કાવ્ય-સંદર્ભે વાસ્તવિક, હૃદયંગમ, અનોખી અને કાવ્યાત્મક, ભાવસભર કલાત્મક બની જાય છે. અભિવ્યક્તિ આહ્લાદક અને આસ્વાદ્ય છે.

૪૬. "મૌલિક ચિંતન થોથી માંગલ્યનું આલેખન 'રડોન મુજ મૃત્યુને' માં છે. અભિવ્યક્તિની કલા માટે ગુજરાતી વિષાદ કાવ્યોમાં ગણનાપાત્ર છે. 'રડોના મુજ મૃત્યુને' માં કવિએ ગાંધીજીને કલાત્મક, તર્કબદ્ધ અંજલિ આપી છે. કાવ્યના છેલ્લા ગુચ્છમાં ભારતીય પ્રજાનો, ભારતીય પ્રજાનો સચોટ ભાવ છે. તેમાં વક્રોક્તિ અને પરાકાષ્ઠા પણ છે. ગાંધીએ જીવન દરમિયાન અનેક લોકોને આશ્વાસન આપ્યું છે. ગાંધીની મહાનતા

kalpana's

નો સામાન્ય માણસ તાગ નહી પામી શકે. જીવન દરમિયાન અનેક ભાંગ્યા હૈયાને આશ્વાસન આપનાર ગાંધી પોતાના મૃત્યુ માટે પણ સમગ્ર આમ જનતાને આશ્વાસન આપે છે કે 'રડો ન મુજ મૃત્યુને' ગાંધીમુખે મૂકાયેલી ઉક્તિ સંવાદ બદલ્યા લેખીનું પણ નાવીન્ય લાવી દે છે. ગાંધીની લોકપ્રીતિ, કલ્યાણ ભાવનાને લીધે સહાનુભૂતિ પણ સુંદર છે. પોતાના મૃત્યુથી ગાંગડો ન ઝાલ્યો લોકોના શુભ-કલ્યાણનો વિચાર છેલ્લા શ્વાસે પણ કરનાર ગાંધી સાચેજ મહાન છે. બધા જ લોકોથી પોતાને સૌથી છેલ્લો મૂકી મૃત્યુ પર રંજ ન કરવાનું કહેનાર આ ગાંધી આદર્શ છે. આદર્શ તેની ચરમસીમા પર ગાંધીએ જીવી-પાવી બતાવ્યો છે. ત્યાં જ ગાંધીની માનવતા ઝૂકી ઉઠે છે. આ પરિસ્થિતિમાં ભારતીય જનોનું માત્ય સંવેદન અને સાચું માત્યનિરિક્ષણ તેમજ નમ્ર કબૂલાત એક ઉત્તમ અંજલિ બની જાય છે. ભારતીય જનોની - સમૂહ ભાવનામાં કવિ અંજલિ વર્ણવે છે.

કે.....

૪૭.. "અમે ન રડીયે પિતા, મરણ આપનું પાવન
ક્લંકમય દૈન્યનું બિજ રડી રહ્યા જીવન ''

હે ગાંધી, તમને અમે ગુમાવ્યા પણ તમે અમને મળ્યા, તમારા થકી આજેય આ દેશ અને અમે બધા પાવન થઈ ગયા, આદર્શ ચરિત્રવાન પુરુષો આ દેશને આઝાદી બોક્ષ અપાવ્યાં છે. અરે, તમને પામીને તો મૃત્યુ ય પાવન થઈ ગયું એવો અમારો અનુભવ કહે છે. તમને ગુમાવ્યાનો શોક અસહ્ય તો છે જ પણ તેના કરતાં તમારા બદલા મળેલી પાવનતા અમે તમને અંજલિમાં અર્પિયે છીયે.

ચિંતનમાંથી,, નિર્લેપ ભાવ જેવી અંજલિની ઉત્તમ અભિવ્યક્તિ જોવા મળે છે, 'દાદા' કાવ્યમાં મનુભલાલ ત્રેવેરી કહે છે.

૪૮.. "ભેદભરી ભૂમિ ત્યાંથી, વ્યક્તિ પાછી ના ફરે
કે ને પદ્યે નહીં જેમાં , વેશભૂષા નવા ધરે ''

kalpana's

એવા એક એવી મૃત્યુનું રૂપ તેનો શોક અને આઘાત ચિંતન જ્યારે જ શમી પ્રશ્ન થકે માટે કવિ ઈશ્વરનિર્મિત નિર્ણય માથે ચડાવે છે કે.....

૪૪ ''હરિએ મર્યું તે યોજી, હરિના પ્રિય કાર્યમાં
મર્યું હરિને અંતે જીવને એવ ભાવના
આપે ધારી' તી દાદાજીને યાવજ્જિવ એવું
અનુષ્ઠાન કર્યું આપે, પછી કાર્ય રહ્યું જ શું ?''

હરિના કાર્ય માટે હરિએ આપેલી જીંદગી હરિને પાછી આપી તેમાં અફસોસ ક્યાં છે. ગઢીગની દઢીવાવાનું મુક્તકનો ભાવ મળતો આવે છે.

૪૫ ''જિંદગાની દુલ્હનની જેમ શણગારી ગની
જેમની હતી તેમને પાછી સોંપી ગની''

એમાં આદરનો ભાવ, નમ્રતાનો ભાવ જોવા મળે છે. કવિ દાદાના મૃત્યુને જુવે છે કે જે જીવને જીતીલે, મૃત્યુમાંથીય અંજલિ મેળવી લે, તેમાંથી અમૃતનું પાન કરી શકે, અંજલિ મેળવે, અને તે પછી અમૃતત્વની અંજલિ તો થકે તે પોતેજ સાક્ષાત્ મૃત્યુંજય બની જાય છે. પછી તેને મૃત્યુનો ભય રહેતો નથી અને તેથી જ સહજ રીતે 'દાદા' રમી ગયા.

૫૦ ''આપ તો જીવને જીત્યા
મૃત્યુમાંથી ય અંજલિ
અમરત્વ તણી પીને
મૃત્યુંજય બની ગયા''

દાદાને મૃત્યુંજયને સ્થાને બેસાડી, ઉચ્ચ આસને સ્થાપી ભાવભરી અંજલિ આપી છે.

કરુણની કરુણતામાંથી શોક અને અંજલિને મંગલમય રૂપ આપી ઉંડારવાનું કામ ઝવેરચંદ મેઘાણીએ 'ફુલ માળ' કાવ્યમાં કર્યું છે. ગળામાં ફાસી છે પણ કવિ તેને વિજયની 'ફુલમાળ' કહે છે. ભગતસિંહની સાથે બીજા બે નવયુવાનોને પણ ફાસી અપાઈ તેમના ચહેરા તો હજીય ફુલ જેવાં માસુમ હતાં હસતે મોઢે

kalpana's

તેમને શહાદત સ્વીકારી લીધી ઘાસલેટ છાંટવા છતાંય જ્યારે સરળતાથી દહન ના થયું ત્યારે કવિ કહે છે.

૫૧.''વીરા તારી નહીં રે એ પ્રાણ ઝાળ
ઠારેલી બહે ટાઢિયું હોજી
વીરા તારા વસમાં જીગરના જેમ
લાડકડી બબ્બા બબ્બા રે

નવજુવાન છોકરાંઓની અદ્‌ભુત વીરતાનું ચાલેબન આ પ્રકાવ્યમાં છે. જ્વાળામાં પરોવાયેલી ફાંસીને જોઈ કવિ વર્ણવે છે કે મૃત્યુએ તને પૂજ્ય પૂજનીય બનીને પોંખ્યો છે. તેથી જ તારા મોઢા ઉપર હાસ્ય વિલસે છે. એ હાસ્યમાં સ્વાધીનતાનું સ્વપ્ન રમે છે. કાવ્યમાં શોક તો શહાદત ને કારણે છે પણ તેથી હિંમત કે વીરતાને લજવાનું પડે તેમ નથી, પ્રસંગ શહાદતનો ભાવ શોકનો, વર્ણન વીરતા ભર્યું અને લય કરુણસ્વરનો હોવાથી આ સુંદર શોકાંજલિ બની રહે છે.

ધ.ક.ઠા. એ ગાયેલી 'ચંદ્રમણી' ને અંજલિ પણ કલાત્મક છે. કવિ કહે છે કે અક્ષારમાં ગાયેલો વિરહ, વિરહીઓ સુધી પહોંચીને અક્ષાર દેહ અક્ષારધામ પામશે પછી ક્ષાર દેહ ના હોય, અને વિરહ રહે, સ્મૃતિ રૂપે ચાચા સ્નેહીઓમાં તે અમર બનશે કારણ કે તો જીવનમાંથી જડેલો અને અંતરની ગુહામાંથી ઝરેલો સ્રોત છે. તેની કડીએ કડીમાં જીવનનો વાસ્તવિક તાલ સુર છે. દા. ત.

૫૨.''ગયો રતિજ્ય ગામ
શેથી સુરન્સુર વાસ્તવી
વળી બ્હાલી તુજ નામ
ચંદ્રમણી હીમ ધામ, અક્ષાર ચાહિત્યે જ્યો''

અક્ષારધામ બદારા આત્માની ઉન્નતિ બતાવી છે.

'ચૂની ચહરમાં જીવનની નશ્વરતા સમજાવી કવિ ચિંતન વ્યક્ત કરે

kalpana's

છે. પણ ચિંતનથી શોકનું શમન થતું નથી. શોક ચિંતનથી વધારે ઘડિયાનો ઘેરો બનાવ્યો છે.

૫૩. ''વ્યર્થ આશ્વાસને ઘૂંઘવકનો કહું
ચકરમાં કેમ બાંધે સુકાનો ?''

ચકર ચૂની છે. આશ્વાસનો ઘૂંઘવે તેવા છે. વ્યર્થ લાગવા છતાં ચકરમાં આશ્વાસનના સુકાનો બાંધવાનું મન થાય છે. જેની આગળ આશ્વાસન પાંગળું પડી જાય એ શોક વેધક અને કરુણ રસ થી ભીંજાયેલો છે. કાળના સમુદ્રમાં કવિનું નાવ સુકાન વિના ડામાડોળ છે. તેમાં શોકાક્ષર કરુણતા છે. 'ઉશનસ્'નું કાવ્ય પણ આ પ્રકારનું વેધક છે. તેમાં વેદ, પુરાણ ધર્મના ગ્રંથોનો ઉલ્લેખ છે, પણ તેમની પુત્રીની મરણનો શોક ઓછો કરી શક્યા નથી. તેમાં ચિંતન પર શોક તો વિજય બનાવ્યો છે. શોકચિંતનથી બંધાતું નથી માટે જ કવિ કહે છે કે વ્યર્થ આશ્વાસને ઘૂંઘવાતો કહું 'અંજલિમાં પણ ચિંતન અને શોકનું આલેખન છે જ. 'ચૂની ચકર' માં બે તરાહોમાં ચિંતન વિકસે છે. પોતાના આશ્વાસન રૂપે અને આકાશેસારના નિર્ગંથના રૂપે ચિંતન વિકસે છે. જન્મ પછીનું જીવન એક ચકર છે એ ચકરમાં સૌથી વધારે સાથ મિત્રનો હતો પણ ચકર દરમિયાન અચાનક મૃત્યુને કારણે ચકરમાંથી મિત્ર જતો રહ્યો અને આ 'ચૂની ચકર' મિત્ર વિના કવિ માટે અસહ્ય થઈ પડી એકાંકી અટવા કવિને ચકર લાંબી લાગે છે મિત્ર માટે કવિ ચિંતન કરે છે કે.....

૫૪. ''તે જાની નથી બોઈ મારા મુજ
રે, જાની તને બોઈ બેઠી''

તારામાં હતી એવી જાનીને ઉત્તમ જાની કહે છે જાનીએ તને ચાહવો જોઈએ પણ તને બોઈ બેઠી છે આ ભાવાત્મક, કલાત્મક અભિવ્યક્તિ છે.

જીવનકાર્ય અને વ્યક્તિત્વમાંથી અંજલિનો આકાર બોલવાનો સુંદર ઉપક્રમ બાલમુકુંદ દવેના 'ભિક્ષુક ગાંડાનંદજી'માં છે. કળની ઇચ્છા વિના

kalpana's

સતત કાર્ય કર્યું જ્યારે ખંડાનંદજી કર્મયોગી ને ત્યાગ કહે છે. તેમને શસ્ત્રોની પણ સેવા કરી સંસારમધ્યે, માનવ સેવા કરતાં રહી જ્ઞાનના દીપક પ્રગટાવ્યા છે. સાહિત્ય અને સેવા દ્વારા તેમણે ગુજરાતની કરેલી સેવાને યાદ કરી તેમના વ્યક્તિત્વને નમન કરી કહે છે.

પદ્ય ''કર્મને દંડ ધરીને, કાયા કીધી કર્મઠું
ઉદ્ઘોષ્યો યોગ ને ત્યાગ, કર્મયોગી નહું નમું''

વ્યક્તિત્વને અપાયેલી આ શબ્દાંજલિ છે.

કવિની અંગત અનુભૂતિ જ્યારે વૈશ્વિક અનુભૂતિની કક્ષા પામે ત્યારે તે કૃતિ કલાકૃતિ બને સાહિત્યનો આ પણ પ્રચલિત છે અંજલિનો ભાવ પણ જ્યારે વ્યક્તિમાંથી સમષ્ટિને સ્પર્શતો બને ત્યારે તેની સિધ્ધિ વધી જાય છે. 'દાદીમાનો ઓરડો' કૃતિમાં બાલમુકુંદ દવે દાદીમા વગરનો સૂનો ઓરડો કવિને જાણે બરડી જવા માગતો હોય તેવો ભયાનક લાગે છે કવિ દાદીમાના દર્શન કરવા આતુર છે. પરંતુ આ જગત ઉપરથી ચિરવિદાય લીધી હોવાથી દાદીમાંનું મમતાભર્યું સ્વરૂપ જોવા દર્શન કરવા માટે સમસ્ત વિશ્વ-વૃધ્ધત્વને કવિ ભાવભરી શ્રધ્ધાનજરે પ્રણામ કરે છે અને તેમાં દાદીમાંના દર્શન કવિ કરે છે.

પદ્ય ''નિરખી રહું પોલ્યા, સકલ વિશ્વ વૃધ્ધત્વને
અને સકલ વૃધ્ધમાં વિલસતાં દીઠો બા તમે''

વિશિષ્ટ પ્રકૃતિ પ્રતિભા અને કાવ્ય વિભાવના, સાહિત્ય પ્રદાનનું વ્યક્તિરેખાં આલેખન કરી 'વીરાંજલિ' નામે ન્હાનાલાલને બાલમુકુંદ દવેને આપેલી અંજલિ - કરુણ સભર છે. મૃત્યુ નિમિત્તે આપેલી અંજલિમાં કવિ વિશેષ આગ્રહ થી કરે છે કે તેના મૃત્યુ પ્રસંગે આપણે હિંમતથી કામ લેવાનું છે. કોઈને તેના મૃત્યુ નું કારણ લગાડવી નથી એવી કવિતાનાં, ભાવનાનો અંડ દીપ, આપણે આપણા હૈયામાં ચેતનવંતો રાખવાનો છે મૃત્યુવિશે જેટલું ગંભીર ચિંતન થવું છે એના ન્હાનાલાલ પાછળ આંસુ સારવા ઉચિત નથી.

kalpana's

૫૭...'કુદિયાં રોવે તો બલ રોવે રોવે રોવે રામ
મેલા તમે નીર મત બોવો જી
સાધાં કરી આંસુ મેનો બાજ્યો ચાંડ દીવો
બીતરમાં જો મેનો જોવો જી ''

૫૮...'કવિશ્રી નાનાલાલના અવસાન વિશે સુંદરમ્ મનુભાઈ અને બીજી કેટલાક કવિઓએ અંજલિ કાવ્યો લખ્યાં છે. પરંતુ બાલમુકુંદ દવેની કૃતિ સૌથી વધુ વેધક છે. લોકગીતના ઢાળ અને લોકભાષામાં કવિના અવસાનના શોકનું સચોટ નિરૂપણ કરવા સાથે તેમના વ્યક્તિત્વની ધૂપ સુગંધ જેવી ચાહી પણ આબેહૂબ ઉપસાવી આ કાવ્ય વાચકના ચિત્તમાં મૂકી જાય છે. નાનાલાલનું સ્મરણ કરાવે તેવી ઉર્ધ્વમુખિત અભિવ્યક્તિ બાલમુકુંદની આ રચનામાં સધાયેલી છે.''

'જીવન શબ્દો' માં અંજલિ સીધી રીતે પારખી શકાય એમ નથી પણ પંક્તિ વર્ણન પછી તેમના જીવન કાર્ય બદલ અંજલિનો ભાવ કળી શકાય. અવ.મેઘાણીની દેહ તો જીવંત નથી પણ શબ્દો અક્ષરદેહે અમર છે. વાતાવરણમાં તેમની પહાડી અવાજ આજે સજીવન થઈ જાય છે. તેમના લખેલા સાહિત્યના અને સાહિત્ય સેવાના સંદર્ભમાં પંક્તિઓ સમજીયે તો અંજલિની મહત્વ જણાય છે.

૫૯...'આભના ગાલ્ય ચીરી ગાજે બુલંદ ઘેરા
ઘૂંટાઈ ઘૂંટાઈ ઘુમરાયાં
મેહુલ સીમાડે કોઈ ઉભેલા પાણિયારા
પ્રાણમાં પેસીને પડઘાય
પહાડી.....? તારા શબ્દ હો સજીવન થાય''

'પરિક્રમા' ના વિવિધ અંજલિ કાવ્યોમાં બાલમુકુંદ દવે ગુજરાતના સ્વભાવદર્શન, વ્યક્તિત્વ, ભાવનાઓમાંથી અંજલિ આકારે છે. ભિક્ષુક

kalpana's

ચંદ્રકાન્તજી' જેવી કૃતિમાં ગાંભીર્ય અને સત્વશીલતા જેવા મળે છે. 'દાદીમાના ઓરડા' માં પ્રૌઢ ગાંભીર્ય છે વીરાંજલિની શબ્દરૂપા અને ભાવજનનો લય, પ્રવાહીતા અને કરુણરસ ઉભો કરે છે. અંજલિને વર્ણવતી દરેક કવિની કાવ્યે કાવ્યે નીતિ-રીતિ જુદી જુદી હોય છે એના વિશેના વૈવિધ્ય માટે આપણે કવિગત કરતાં કાવ્યગત વૈવિધ્ય કહીયે તો પણ અસ્થાને નથી.

શોકમાંથી, ચિંતનમાંથી, મૃત્યુમાંથી, સ્થાયીભાવોમાંથી, પ્રસંગ અને જીવન કાર્યમાંથી, સાહિત્ય પ્રદાનને સ્મરણ કરીને, વ્યક્તિત્વમાંથી, અભિવ્યક્તિની છટામાંથી, ભાવ-રસ-લક્ષણમાંથી , શબ્દ ગૂંથણી અને છંદ-ઢાળમાંથી, પ્રસ્તુતિ- ઉપકરણ અને નિમિત્યોજનના કૌશલ્ય દ્વારા, ક્યારેક રચના કૌશલ્યમાંથી શૈલીમાંથી એમ વિવિધ પ્રયત્નો, પ્રકારે કવિઓ સદ્ગતને આપેલી અંજલિને શણગારે છે. જેમાં કથ્યો ઉભા કરી, સંવાદ જેવી શૈલીની છટાઓ લાવી કરુણને તીવ્ર બનાવી અંજલિનાં સુંદર આલેખનના ઉદાહરણો પણ મળે છે. આ સર્જમાં તાદૃશતા , જીવંતપણું, મુગ્ધતા, ભાવસૃષ્ટિ અને રસવિધિ ના તત્વો જળવાયાં હોય તેવી કૃતિ ઉત્તમ અંજલિ બની શોકાંજલિના કલા સ્વરૂપને પૂર્ણતા બક્ષે છે.

આમ, આપણે જોયું કે શોકોર્મિકવિતામાંથી વિવિધ સ્વરૂપે અંજલિ મળે છે.

P.T.O.

kalpana's

અંજલિનું વૈવિધ્ય

સંદર્ભગ્રંથ-સૂચિ

ક્રમાંક ૧.	કૃતિ ૨.	કવિ/લેખક ૩.	ગ્રંથ/સંપાદક ૪.	પાન ૫.
૧.	ઊર્મિકવિતા	શંકરલાલ પંડ્યા		૧૬૧
૨.	રડું હું ને કોને	મનુભાઈ ત્રિવેદી	અનુભૂતિ	૧૬૫
૩.	-''-	-''-	-''-	-''-
૪.	સ્વીકૃતાર્થને -૧	ઉમાશંકર જોશી	સમન્વય	૧૭૭
૫.	હે મહાકવિ	ડૉ. રાજેન્દ્ર પટેલ	રટણા	૨૧૦
૬.	સરદાર શી	હસિત બૂચ	સાન્નિધ્ય	૫૦
૭.	-''-	-''-	-''-	-''-
૮.	બોટાદકરને	સુરેશ ગંધી	વરદાન	૭૮-૭૯
૯.	-''-	-''-	-''-	-''-
૧૦.	ન.બ.દે.નમૂનેદાર શીલને	બ.ક.ઠાકોર	ભાકરાર	૧૭૪
૧૧.	સંગીતકારને	ઉમાશંકર જોશી	નિશીથ	૭૨
૧૨.	ગોવર્ધન રામભાઈ	ન.ભો.દિવેટિયા	નૂપુર ઝંકાર	૭૭
૧૩.	-હાનાલાલને	સુંદરમ્	યાત્રા	૧૦૦
૧૪.	કલાધરને	ઝાવી	રટણા	૨૧૧
૧૫.	બાપુ જાતાં	સ્નેહ રશ્મિ	પનઘટ	૧૮૮
૧૬.	પૂ.પિતાજીનું સ્મરણ થતાં	જયદેવ શુક્લ	કાવ્ય સંચય	૧૮૨/૧૮૩
૧૭.	પ્રા.ચતુરભાઈને	હસિત બૂચ	સાન્નિધ્ય	૪૬
૧૮.	સાન્નિધ્ય ટિપ્પણ	જયંત પાઠક	સાન્નિધ્ય ટિપ્પણ	
૧૯.	-''-	-''-	-''-	

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૨૦.	વીર જીનેન્દ્રના સંભારણા	મેઘાણી	એક તારો	૫૭ થી ૫૯
૨૧.	નર્મદને	રમણ પટેલ	ખિસકોલા	૬૫
૨૨.	ચિંતાતો કવિ	મનસુખલાલ ઝવેરી	ચકિલાર	૬૩
૨૩.	-''-	-''-	-''-	-''-
૨૪.	-''-	-''-	-''-	-''-
૨૫.	ખરબર છાનું ખંજલિ	મેઘાણી	એકલારો	૫૬
૨૬.	દાદા	મનસુખલાલ ઝવેરી	ચકિલાર	૪૫ થી ૬૦
૨૭.	દાદા	-''-	-''-	-''-
૨૮.	મૌન ખંજલિ	ઉમાશંકર જોશી	નિશિથ	૭૨
૨૯.	ફુલ ખર્યું	ઉશનસ	મનોમુકુર	૨૦
૩૦.	-''-	-''-	-''-	-''-
૩૧.	શ્રદ્ધાનો મરચો	પતીલ	પતીલના ફુલેલા કાવ્યો	૨૩ થી ૨૪
૩૨.	તારી જીવતી સમાધિ	પતીલ	પતીલના ફુલેલા કાવ્યો	૨૨૦
૩૩.	શ્રી માતાજીને	હરિન્દ્ર દવે	ક્ષણાની	૧૦૭
૩૪.	રાષ્ટ્રપિતાને	મીનું દેસાઈ	અરધાર	૨૮
૩૫.	યુગ પ્રવર્તક નર્મદને	-''-	-''-	૬૩-૬૪
૩૬.	પૂ. બાપુજીને	પિનાકિન ઠાકોર	આલાપ	૫
૩૭.	અર્પણ નિમિત્તે (પત્નીને)	બાલમુકુંદ દવે	પરિક્રમા	
૩૮.	મુક્તક-ઋષિ કાવ્ય	ર.ભિ.પાઠક	શેષના કાવ્યો	
૩૯.	ઉર્મિકવિતા	શંકરલાલ ભટ્ટ	ઉર્મિકવિતા	૧૧૨-૧૨૩
૪૦.	સ્વ.મહાત્મા ગાંધીને	સુરેશ ગાંધી	વરદાન	૨૫
૪૧.	મહર્ષિ રમણ-પ્રભાવને	સુરેશ ગાંધી	વરદાન	૧૩-૧૪

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૪૨.	મહર્ષિ રમિકનાથને	સુરેશ ગાંધી	વરદાન	૧૩-૧૪
૪૩.	સ્વ. મટુલાઈ	ખબરદાર	રાષ્ટ્રીકા	૧૦૮થી ૧૧૧
૪૪.	દિવંગત ગુરુદેવને	પ્રહલાદ પારેખ	કાવ્ય ચાંદલા	૩૪-૩૫
૪૫.	-''-	-''-	-''-	-''-
૪૬.	રડો ન મુજ મૃત્યુને	ઉમાશંકર જોશી	વસંત વર્ષા	૧૪૬
૪૭.	-''-	-''-	-''-	-''-
૪૮.	દાદા	મનસુખલાલ ઝવેરી		
૪૯.	મુક્તક -દુહા	ગની દહીંવાળા		૪૫ થી ૬૦
૫૦.	દાદા	મનસુખલાલ ઝવેરી		૪૫ થી ૬૦
૫૧.	કુલપાળ	મેઘાણી	ગેબુભારો	૭૪-૭૫
૫૨.	ગંગમણિને અંજલિ ૧૯-સમાપ્તિ	ધ.ક.બારકોર	બારકોર	૧૯૧
૫૩.	ચૂની ચકર	નંદીબાઈ પુરોહિત	કાવ્યરશ્મિ	૨૧૫
૫૪.	-''-	-''-	-''-	-''-
૫૫.	ભિક્ષુક ચંડાનંદ	બાલમુકુંદ દવે	પરીક્ષા	૧૦૮
૫૬.	દાદીમાનો ઓરડો	-''-	-''-	૧૦૬
૫૭.	વીરાંજલિ	-''-	-''-	૧૦૯
૫૮.	ઉપોદ્ઘાત	ઠા.ધીરૂભાઈ ઠાકર	કુમુદશસ્ત્રિત કાવ્યો	૨૨
૫૯.	સજીવને શબ્દો	બાલમુકુંદ દવે	પરિક્રમા	૧૧૦

P.T.O.

kalpana's

-: શોકોર્મિકવિતાની સિધ્ધિ-મર્યાદા :-

(શોકોર્મિકવિતામાં સિધ્ધિઓ)

-: સિધ્ધિ :-

ભાવ, રસ, આસ્વાદ, અને એક સ્વતંત્ર સ્વરૂપ ધરાવતા કાવ્યસ્વરૂપ શોકોર્મિનો અનેક દૃષ્ટિકોણથી આસ્વાસ કરતાં એટલું તો ચોક્કસ કહી શકાય કે શોકોર્મિ કવિતા એક સમૃદ્ધ અભ્યાસનો વિષય છે. તેમાંથી મળી આવતું કાવ્યવિશેષ શોકોર્મિકવિતાને ઓરસ આપવે તેનાં તત્વો તરફ સંપૂર્ણ નિર્દેશ કરે છે. કેટલાક સ્પષ્ટરૂપે ધ્યાન ખેંચે તેવી આકર્ષક સિધ્ધિ વિશે વાત કરવાનો અહીં ઉપક્રમ છે. કેટલીક સિધ્ધિઓ વિભાગવાર વહેંચી શકાય તેવી સવિશેષ પણ લાગે છે. જેમાં શોકોર્મિકવિતાના હાર્દમાં કે કેન્દ્રમાં રહેલા સ્વજન સંદર્ભને ગણી શકાય :

શોકોર્મિકવિતામાં મૃત્યુ નિમિત્તે સ્વજન સંદર્ભ એક અનિવાર્યક અંગ છે. કદાચ એના વિના શોકોર્મિ કવિતા મૃત્યુના વિષયની કવિતાના વર્ગમાં ગણાઈ જાય તેવી શક્યતા છે. મૃત્યુના સંદર્ભમાં તેમાં સ્વજનનો સ્પષ્ટ ઉલ્લેખ અને મૃત્યુ પામેલા વ્યક્તિ તરીકેનો ઉલ્લેખ તેને શોકોર્મિના વર્ગમાં મૂકવાનું નિર્ણાયક પાસું છે. અન્ય વ્યક્તિ કે પાત્રની સરખામણીમાં તેનું મહત્વ એ છે કે બીજા પાત્ર જીવંત હોવાં છતાં, પ્રત્યક્ષ હોવા છતાં અને આ પાત્ર મૃત્યુ પામેલું હોવાં છતાં, પર હોવા છતાં કાવ્યના સ્વરૂપની દૃષ્ટિએ કેન્દ્રસ્થાને છે. અર્થાત્ અન્ય વ્યક્તિના ઉલ્લેખોની તુલનામાં મૃત્યુ પામેલી વ્યક્તિનું સ્થાન શોકોર્મિકવિતામાં વ્યક્તિવિશેષ આ દૃષ્ટિએ છે. વ્યક્તિને કેન્દ્રમાં રાખી લખાયેલા અન્ય કાવ્યોની સરખામણીમાં શોકોર્મિકવિતામાં વ્યક્તિવિશેષ તરીકેનો આ સ્વજન સંદર્ભ અને તેના આલેખનની રીતી નિમિત્તે શોકોર્મિકાવ્ય સ્વરૂપ સાથે સીધો ઋણ સંબંધ છે.

kalpana's

નાણીનો સંબંધ છે.

સ્વજનસંદર્ભ નિમિત્તે સહગત પાત્રનો સ્વભાવ, જીવન કાર્ય અને અભાવમાંથી જમે તે એક પાસું કાવ્યમાં મહદંશે જોવા મળે છે આ પ્રકારના આલેખનમાંથી સહગત વ્યક્તિ વિશેષના વ્યક્તિત્વનો પરિચય કે ઓછા વત્તા પ્રયાસે મળી આવતી ઉપલબ્ધિ છે. પરંતુ આ વ્યક્તિત્વ જ તેને વ્યક્તિ-વિશેષ પુરસ્કાર કરતું તત્વ છે આ બધો અભ્યાસ આપણને શોકોર્મિકવિતામાં બે સ્વરૂપે મળે છે. સ્વજન નિરૂપણનું વૈવિધ્ય અને નિરૂપણરીતિનું વૈવિધ્ય, પત્રાલેખનોની વિવિધ તાસીર, વ્યક્તિચિત્રો, રેખાચિત્રો, સ્મૃતિચિત્રો, સ્વભાવચિત્રો, વ્યક્તિપરિચય જેવાં નિરૂપણનાં વૈવિધ્યો શોકોર્મિકવિતામાં એક સ્વજન સંદર્ભનો આગવો વિકાસ વિસ્તાર છે આપણે બને સ્વજન સંદર્ભમાં સ્વરૂપ વૈવિધ્ય પણ કહી શકીયે. અને બીજો વિકાસ નીરૂપણરીતિનું વૈવિધ્ય લાવે છે. જેમાં આંશિક અને સંપૂર્ણ જેમ બન્ને સ્વરૂપે પાત્રાલેખન વ્યક્તિ પરિચય જોવા મળે છે પણ મહદંશે આંશિક જ હોય છે. પરંતુ આ સર્વ આલેખન વૈવિધ્યમાંથી મળી આવતા તારણો જ શોકોર્મિકવિતાની વિશેષ ઉપલબ્ધિ ગણાય.

અનેક કાવ્યપ્રકારોનું વૈવિધ્ય ધરાવતા શોકોર્મિકવિતાના કાવ્ય-સ્વરૂપમાં સ્વજનનું અવસાન, શોકોર્મિ, ચિંતન, કરુણરસ અને અંજલિના મુખ્ય અંગોની કાવ્યાત્મક અભિવ્યક્તિની ભેટ રહેલા, આ કાવ્ય સ્વરૂપની રચનીરીતિ સહજ સુલભ રહી છે. સમાન તત્વો ધરાવતા આ કાવ્યસ્વરૂપમાં અભિવ્યક્તિનું કૌશલ્ય અને વૈવિધ્ય તેમજ તેમાં જણાતી ઉચ્ચસ્તરતા, અને કલાના સિધ્ધ થતા સોપાનોને આધારે કાવ્યતત્વોનો પરિચય, તુલનાત્મક અભ્યાસનો વિષય બની રહે તેવું સમૃધ્ધ, કાવ્યસ્વરૂપ શોકોર્મિકવિતાનું છે. સામાન્યતઃ શોકોર્મિકવિતામાં સ્વજનનો પ્રત્યુદ્દિષ્ટ શોકોર્મિનું આલેખન, કરુણનું સ્વાલેખન અને ક્યાંક ચિંતન, સમાધાન કે અંજલિનો ક્રમ મહદંશે જોવા મળે છે, પરંતુ કેટલાંક કાવ્યો આ ક્રમમાં પણ કંઈક નવો ચીલો ચાતરી જાય છે.

kalpana's

અને તે કાવ્ય માટે કોશ પુરસ્કાર કરી યશસ્વી નીવડે છે. દા.ત. પુજાલાલકૃત 'મારા સદ્‌ગત પિતાજીને શ્રધ્ધાંજલિ' કાવ્યમાં સમાધાન કે આશ્વાસનને બદલે પિતાની પ્રત્યેની સદ્‌ભાવ વધુને વધુ જાગૃત થતો બતાવે છે : જેનો સંયુક્ત પ્રતાપ ઝરણાંમાંથી સરિતા રૂપે, પૂર ઝનૂને વહેતો લાગે છે. જેમાં આવતા વળાંકો ઈચ્છા તે લાગણી ભીંજી તેની સંવેદના પ્રગટ કરે છે. અહીં ભાવનાનું કેન્દ્રીકરણ નહી પણ વિસ્તૃતિકરણ સુખદ અને શ્રેયસ્કર લાગે છે. કવિ કહે છે.

"...પેટે પ્રાણ તણા પુરાવાહો પ્રેમનાં વહો
પિતૃભક્ત તણા ઓજ ઉર્મિ ઉર્મિ ગજાવતાં"

સ્વરૂપ વૈવિધ્ય કરતાં આલેખન રીતિના વૈવિધ્યમાંથી ઘણી વિશેષતાઓ મળી આવે છે. આદર્શ વ્યક્તિત્વમાં લક્ષણો, ક્યારેક સંક્ષેપમાં સિધ્ધાંત-વિચાર, વ્યક્તિનિર્ભર છતાં સનાતન કક્ષાએ મૂકી શકાય તેવું ક્રાન્તિક ચિંતન અને આ સર્વમાં આલેખનનું ચિત્રાકારી પણું અને ચોટતા શૌકોનું ગૌરવ છે. આદર્શ વ્યક્તિત્વના લક્ષણોમાં આદર્શ નેતાના લક્ષણો, આદર્શ સાધુ-સન્યાસી રાજવી, દેશભક્ત, જેવા ઉત્તમ આદર્શો પુરા પાડનારાં ઉદાહરણો મળી આવે છે. આવા વ્યક્તિવિશેષો આપણી સામે ઉત્તમ પાત્રાલેખનનો આદર્શ મૂકી જાય છે. દા.ત.

વ્યક્તિત્વના આલેખનની વિવિધ પધ્ધતિઓ કે કોર્ટિકવિતાની વિશેષતા પ્રાપ્ત છે. આ વૈવિધ્યનું એક કારણ એ પણ હોઈ શકે કે મર્યાદીત પંક્તિઓમાં સમાવવા જતાની પ્રયોગાત્મકતા અંશ વ્યક્તિ અખિલાઈને જો આંબી શકાતું ન હોય તો કવિને એનો વિચાર ના કરવો પડે પણ જેમ કરવામાં કંઈ ખોટપ રહેતી હોય તો પછી કવિ એકાધિક પ્રયત્નો કરી જુએ છે આપણે તેને પ્રયોગાત્મકતા કહી શકીયે. દા.ત. ઘણા ગાંધી વિષયક કાવ્યોમાં દરેક દરેક જુદે જુદે અંશ વ્યક્તિ અખિલાઈ આંબવાનો પ્રયત્ન છે. વળી 'એક નર્મદની જરૂર છે' કાવ્યમાં ખબરદારે મિશ્રશીખા જેવે છંદમાં અ

kalpana's

કવિ નર્મદને અંજલિ આપી છે પણ વિવિધ વિશેષણો જેમાં કે દેકીલો, વીરલો, હીરલો, શૂર- જેવાં વિશેષણો જોડારા નર્મદના સમગ્ર સંપૂર્ણ વ્યક્તિત્વને આંકડો છે. વિવિધ સમસ્યાનો ઉત્તમ ઉકેલ નર્મદ જોડારા બતાવી નર્મદના મુખે સ્વભાવિક રીતે વક્તિાર્થ કરી બતાવવાનું કૌશલ્ય સ્વજનસંદર્ભના આલેખનમાં સિધ્ધિ જણાય. ક્યારેક વિશેષણો વ્યક્તિવિશેષના વ્યાપક વિશાળ જીવન કલકનો સંદર્ભ બનીને આવે છે. ચુંદડી બેટાઈ કુલ 'સત્યવ્રત હો' ગાંધીજીના જીવન પર પ્રકાશ પાડતું કાવ્ય છે. એમાં કવિ શ્રી ગાંધીજી ને લોકવ્રત, પુણ્યસ્મર, ઉધ્ધારક, હિંસાના વિધ્વંસક, જ્વાલાતર પરિશામક, શાંતિ-ક્રાંતિના ઉદ્ગાયક, જીવનના પરમ વિધાયક, આત્મક્રાંતિના પરમ અધિ-પ્રજ્ઞપ્ત નાયક તરીકે ઓળખાવે છે.

"લોકવ્રત હો ? સત્ય વ્રત હો ?
દલિત અને દુખારૂ ઉધ્ધરનાં પુણ્યસ્મર જિવ્ય ઉધ્ધારક હો ?
પતિત તણા પયગંબર સદ્ધ્રુત સ્પર્શી મુખદ્ સંજીવક હો ?
બીતિ-ભ્રષ્ટ મમ અંતર માંહે, જ્વાલ તણા પ્રોત્સાહક હો ?
હિંસાના વિધ્વમય વિધ્વંસક, જ્વાલાના પરિશામક હો ?
ક્રાંતિઓની રંગ ભૂમિમાં, શાન્તિ-ક્રાંતિ ઉદ્-ગાયક હો ?
જીવન કેરા પંથ પરમ વિધાયક આત્મ તંત્ર અધિનાયક હો ?
લોકવ્રત હો ? સત્યવ્રત હો ?"

શોકોર્મિકવિતાની પૂર્ણતા અંજલિની કલાત્મક પ્રાપ્તિ પછી છે. તે અર્થમાં આપણે તેને શોકાંજલિ કહી શકીયે. અન્ય અંજલિ કાવ્યોથી શોકાંજલિ કે શોકોર્મિકાવ્ય કલાસિધ્ધિની દૃષ્ટિએ તેતરેવું છે. કારણ કે ઘણા કાવ્યો જ્યાંથી ચટકી જાય છે. ત્યાંથી જ શોકોર્મિને કલારૂપ રચવાનું શરૂ થાય છે. ભાવ રસ અને અંજલિની જે શોકોર્મિકવિતામાં પરિપૂર્ણતા છે તે કાવ્ય શોકાંજલિના નામે ઓળખાય છે. બધાં કલાતત્વો સિધ્ધિરૂપ નીવડે ત્યારે કૃતિ કલાકૃતિ બની રહે છે એમાં ભાવસિધ્ધિ, રસસિધ્ધિ, અભિવ્યક્તિની સિધ્ધિ ઉત્તમ કક્ષા સિધ્ધિઓ છે એ દૃષ્ટિએ પૂજાલાલના 'ગુર્જરી' ના ઘણી

kalpana's

કાવ્યોના મુકાબલે બબરદારનું 'એક સ્મરણ-ધ્વનિત' કલાસૂઝનું દૃષ્ટાંત પૂરું પાડે છે. પ્રાકૃતિક દૃશ્યો બદારા બિનના શુષ્ક સ્મરણોને આધારે મધુર છબી, મધુર સ્વભાવ બતાવે છે. શુષ્ક સ્મરણો બદારા વર્તમાનને વેધક બનાવવો એ અભિવ્યક્તિની એક કલા છે. વેધકતા માટે ક્યારેક કટાક્ષ પણ આવો જ ચમત્કારક નીવડે છે. દા.ત. ઉશનસનું 'ગાંધીજીને' કાવ્ય, કટાક્ષની ક્ષમતાનું આશ્ચર્ય એ છે કે લાઘવયુક્ત હોવા છતાં ખૂબ જ ચમત્કારક નીવડે છે.

શોકોર્મિકવિતામાં કેન્દ્રસ્થ શોક અનેક માર્ગે આવે છે. એમાંનો અનેક કવિઓને કાવી ગયેલો માર્ગ અભાવમાંથી શોકની અભિવ્યક્તિ છે. વ્યક્તિનો અભાવ મૃત્યુપ્રસંગે વેધક બને ચમત્કારક બની જાય છે. અને વેધક શોક જ કરુણ માટે કળદાયી છે. કરુણવિનાનો શોક અધૂરો છે. કરુણ તેને પૂર્ણતા આપે છે. આવો અનુભવ કરાવે તે ઉત્તમ શોકોર્મિકવિતા છે. મનસુખલાલ ઝવેરી 'દાદાજી' કાવ્યમાં કહે છે કે .....

૩. "હું સર્વસ્વ છતાં જાણે, શૂન્ય સર્વસ્વ થઈ ગયું
મારો આશ્રય બે ચાલી જતાં હું લથડી જ પડ્યો."

મનસુખલાલ બચ, રોક, ખીલીપામાંથી શોક અને કરુણ નિષ્પન્ન કરે છે. એ દાદાજી કાવ્યની વિશેષતા છે.

૪. "ઝંઝાની ઝડીઓ તીખારૂક, સપાટા શૌર્યના અને
નિષ્ઠુની વજ્રિઝાળોનાં, સરી દુર્ગમ પથને
વાધતો વાધતો ચાલ્યો, દાદાજી વડ આપનો
તિતિક્ષા તપનાં મૂર્તિ, દૃઢમૂલ બની રહ્યો."

શોકની ભાવાભિવ્યક્તિમાટે મૃત્યુનું આલેખન ચમત્કારક હોવું જોઈએ. કારણ કે શોકોર્મિના ક્ષણ જિરને પામતા આ બધા તો એક બીજાને ચણાયરૂપ નીરાશાના પગથિયાં છે. મૃત્યુમાંથી શોક, શોકમાંથી કરુણ, કરુણમાંથી અંજલિ એમ શોકોર્મિનું કલારૂપ ઉઘડતું જાય છે. એ રીતે મૃત્યુની

kalpana's

વેધકતા પણ ઓછી મહત્વની નથી. અરુણલાલે 'દાદા' ના મૃત્યુની ગંભીરતા આ રીતે નોંધે છે.

૫.''અશ્વત્થામાની છાયા શું, સદા કાજે અહીં ખડી ?''

મહાભારતમાં પાંચ પુત્રોના મરણના શોકથી અને અહીં દાદાના મરણનો એક મરણનો શોક સહેજેય ઉતરતો નથી.

શોક અને કરુણની વેધક અભિવ્યક્તિ શોકોર્મિકવિતાની સ્વતંત્ર સિદ્ધિ છે કાવ્યે કાવ્યે તેની નોખી ભાત મળી આવે છે. એમાં ઉમાશંકરના 'રડો ન મુજ મૃત્યુને' કાવ્યની નાટ્યાત્મક અભિવ્યક્તિ સવિશેષ છે. સદ્‌ગત પાત્રના મુખે જ પોતાના મરણનો શોક ન કરવાની રજૂઆતમાં નાટ્યાત્મકતા, કરુણતા, વેધકતા આબોટ છે. કવિ સ્વજનનો આક્રોશ ઊભો કરે છે પણ અરેરાટ તો કરુણ હૃદયદ્રાવક બને છે. વ્યંગવેધક બને છે તેજ કવિતાની ખૂબી છે.

૬.''અને નહીં શું મૈત્રધાર ઉછળી અરે ? કે રડો?
હતું શું બલિદાન આપું જ પૂરું ન કે ?
સ્વરૂપ દીઠી શું કે મુજ અક્ષમ્ય તેથી રડો ?
X X X X
ચૂકો ભ્રકુટ ચત્થા વૈર પ્રતિ પ્રેમ મે પ્રેમ જ
હસો છતુ, હસે ફુલો ચુકતુ, સોમ્ય સંતો હસે
રડો ન મુજ મૃત્યુને, હરખ માય આ છાતીમાં
ન રે ? ક્યમ તમે ય તો હરખતાં ન હોય મહિં ?''

માત્ર એક વ્યક્તિ સિવાય સમગ્ર માનવ સમુદાયની શોક કવિએ વક્રોક્તિ વડે વર્ણવ્યો છે. કવિ કાવ્યમાં ક્યાંય વચમાં આવતા નથી શોકની ભાવાભિવ્યક્તિની તીવ્રતા લાવવા માટે નાટ્યાત્મકતા ઊભી કરી છે. તેમાં ગાંધી માર્મિક રીતે એકોક્તિમાં ઊંડાણ લાવે છે. પણ તેમાં વેદના છે. તેમાં મજા તરછી મૃત્યુત્તર જ ભાવનાની પરાકાષ્ઠા વાળો છે. ગાંધીના અવસાન નિમિત્તે લખાયેલાં કાવ્યોમાં જુદી જુદી રીતે

kalpana's

અભિવ્યક્તિ પામતી ગાંધી-વિરક્તિયા જોવા મળે છે. કલાત્મક અભિવ્યક્તિનું એક દૃષ્ટાંત 'રડી ન કુજ મૃત્યુને' છે. ઉમાશંકરનું એક આવું જ બીજું કાવ્ય "ક્રાંત અગ્નિની ચિનગારી" છે. ગાંધીના મૃત્યુનું ગૌરવ કરતાં કવિ એ કાવ્યમાં કહે છે.

૭. "ક્રાંત અગ્નિની ચિનગારી વડે
પ્રભુ, ચૂંટી લીધું આયુષ્યતેં
વર એની વિભૂતિ રૂપાંતર।
ન ઘટે અગ્નિથી ઓછું શુદ્ધ હું"

'ગાંધી-પ્રતિમા જોઈને' કાવ્યમાં ઉચિત પ્રાસ વૈધક અભિવ્યક્તિ આપે છે કે

૮. "ગાંધી તમારી છે કીધી પ્રતિમા ખડી ?
ક્રેા તમે ?
માંડ્યો કદમ આગળ તમે ધરતા નથી ?
× × ×
ઝલક લાઈટથી શોભા અધિક
ક્રેમી અહીં ચરખાય છે ?
ખુલ્લી તમારી પાંસળી દેખાય છે ?

ભાવ અને ભાષાનું એક ધાર્યું વહન કરુણ નિપજાવે છે. અને બિન સ્નેહ ગાય છે.

૯. "રહી ચમિરખી હવે, નવલરૂપ સંધ્યા, અને
દિગંત શિર પશ્ચિમે, ચનક તારલો એ ભલે
સખા ? નિરખતો રહું તવ પ્રશાંત રાની મુખે હવે
જીવું ચિરહાસ્ત તારક સમો વ્યથા રુદનને,
સ્મરીને હસતો, નિહાળી જગનાં ઠગારા પગાં
અને ચમકતો રહું ચમર સ્નેહમાં ગાવા."

કરુણભાવ અને વૈરાગ્ય ઉચિત અને સાર્થ શબ્દોમાં દર્શાવાયા છે. xxxxxxx

kalpana's

ખબરદાર પોતેજ કહે છે કે ૧૦.૧૧મા સોનેટમાં બાબાનું ચેક વાયું વહન ચારી પેઠે વહે છે. અને અર્થ બોધ વાંચતા વાંચતા સરળતાથી થઈ જાય છે. આ એની પ્રથમ સિધ્ધિ છે. એમાં ફક્ત ચાર સોનેટ પેટ્રાર્કની અથવા મિલ્ટનની સિધ્ધિના કહી શકાય જાળવાનું સોનેટ છે. 'અમર સ્નેહનો તારો' આવાજ ગુજરાતી ઘરાવતું સફળસોનેટ છે. તે શોકોર્મિ-શોકાંજલિ ઉપરાંત એની કાવ્ય પણ છે.

શોકોર્મિકવિતાનું બાલ, રસ અને ફક્ત અંજલિની દૃષ્ટિએ સાહિત્યિક મૂલ્યનો ઉણુ છે જ પણ સાંસ્કૃતિક અને ઐતિહાસિકની દૃષ્ટિએ પણ તેનો કાળો અમૂલ્ય ગણી શકાય એવા કાવ્યો સમયના સિમાચિહ્ન રૂપ ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. નર્મદને આપેલી અંજલિઓમાં તત્કાલિન ગુજરાતની ઝાંખી અને Better Gujarat———— ની ભાવના વ્યક્ત થતી જોવા મળે છે.

કવિશ્રી ખબરદારે 'કવિ નર્મદનું મંદિર' કાવ્ય આપીને તેનું સાહિત્યિક મૂલ્ય સ્પષ્ટ કરી આપ્યું છે. સોનેટના ગુજરાતીમાં વિકાસમાં બ.ક.ઠા.નો પ્રભાવ લગભગ સીમાચિહ્નરૂપ છે. ત્યારે આ કાવ્ય સોનેટના વિકાસ માટે નોંધપાત્ર બની રહે છે. બ.ક.ઠા.ને મળે ઈટાલિયન સોનેટ અંગ્રેજી સાહિત્ય-સાથે ગુજરાતીમાં બ.ક.ઠા.ની કવિતાના સોનેટમાંથી મળે છે. પરંતુ અહીં સ્પષ્ટતા જરૂરી છે કે બ્રહ્મ એટલે માત્ર ૧૪ પંક્તિ અને વિચારનો એક બિન્દુ પરથી બધતો વિકાસના તત્વો શરૂઆતના સોનેટમાં જ્યાં બાકી એમના એક પણ સોનેટ (પોતાના સોનેટમાંથી) યુરોપીય સાહિત્યમાં એની સિધ્ધ થયેલી બતાવ્યા પ્રમાણે લખાયું નથી જ. ખબરદાર સ્પષ્ટતા કરતાં ટિપ્પણમાં લખે છે કે ૧૧.૧૧સોનેટની દેહરચના માટે આવૃત્ત સંધિતાના પ્રણાલી છંદોની તેમજ પ્રાસાનુપ્રાસની જે ખાસ સિધ્ધિ યુરોપમાં સિધ્ધ થયેલી છે. તે (બ.ક.ઠા.ના) બે સોનેટમાં જળવાયેલી જ નથી બે મુખ્ય વિધિ પ્રમાણેનું બરાબરનું સોનેટ ઈ.સ.૧૯૦૬ માં સો કવિ નર્મદનું મંદિર ' પ્રથમ જ લખાયેલું છે એ ઐતિહાસિક સત્ય અહીં નોંધવું ઈષ્ટ થયું છે.

kalpana's

શોકોર્મિકવિતા કાવ્યપ્રકાર નહીં પણ કાવ્યસ્વરૂપ છે. તેના કલાસ્વરૂપનો વિચાર અભિવ્યક્તિના કૌશલ પર આધારિત છે. માટે જ તે અનેક પ્રકારોમાં ઉપલબ્ધ છે. ખંડકાવ્યો જેમાં કેટલાંક દીર્ઘકવિતામાં મૂકી શકાય તેમાં કાવ્યોથી માંડી લાયકુ, મુક્તક સુધીનું પ્રકારવૈવિધ્ય ધરાવતું આ કાવ્યસ્વરૂપ છે. ત્યારે મનમાં પ્રશ્ન થાય કે શોકની ભાવાભિવ્યક્તિ સૌથી વધારે કયાં પ્રકારના શોકોર્મિકાવ્યોમાં હશે ? તેના પ્રત્યુત્તરમાં સંખ્યાબંધ લખાયેલાં સોનેટ આપણી નજર સમક્ષ તરવરી ઉઠે છે. ભરતદાસી શરૂ થયેલા સોનેટ આપણને રાવની પટેલના 'ભાઈ' પછી પણ મળે છે. ત્યારે તેમાંથી નવો વિચાર સૂઝે છે કે સોનેટના કયાં બંધારણમાં શોકોર્મિ વધારે માણી શકાય છે ? પેટ્રાર્કન અને શેક્સપિરિયન સોનેટમાં શોકની ભાવાભિવ્યક્તિ વધુ માણી શકાય છે. ભાવનો ક્રમિક વિકાસ, પરાકાષ્ઠાના ભાવની કલાત્મક અભિવ્યક્તિનો સંતોષ સોનેટમાં મળે છે. સ્નેહરશ્મિએ સ્વ.કાંતિભાઈ કાપડિયા ઉમાશંકરે ઘણા સોનેટમાં , ઉશનસે પૂ. બાપા જતાં' ના સોનેટ ગુચ્છમાં, બ.ક.ઠા. એ સોનેટમાં, અને અન્ય ઘણાં કવિઓએ સોનેટનું જ અજમાવ્યું હોવાથી કહેવાનું મન થાય કે સોનેટમાં શોકોર્મિની ભાવાભિવ્યક્તિ શોકોર્મિના કલા સ્વરૂપની સિધ્ધિ છે.

કલાનુભવનો પ્રેરક ભાવ્ય આસ્વાદ હોય છે. આસ્વાદ રસ વિના હોઈ શકે નહીં માટે જ કલાકૃતિનો 'આસ્વાદ' આસ્વાદનો પર્યાય બની ગયો છે. શોકોર્મિકવિતામાં કેટલીક કૃતિઓ રસનિષ્પત્તિ અને રસ-સંક્રાંતિ માટે સવિશેષ છે. રસ નિષ્પત્તિ શોકના ભાવમાંથી થતી હોય ત્યારે કરુણની જ અપેક્ષા હોય એ સ્વભાવિક છે પણ રસસંક્રાંતિ હોય તેવા કાવ્યોમાં કરુણ ઉપરાંત અન્ય રસનો સમન્વય અને સંક્રાંતિની સ્થિતિ જોવા મળે છે. આ ભાવ કાવ્યોમાં કરુણ સિવાયનો રસ ગૌણ સ્થાને અને તેમાંથી સંક્રાંત થતો કરુણરસ મુખ્ય રસ બનાય છે. આઠ કે નવ રસોમાંથી શૃંગાર , વીર, વાત્સલ્ય, રૌદ્રમાંથી રસસંક્રાંતિ વધુ જોવા મળે છે. અન્ય રસની સ્મૃતિમાં કરુણ અને શાંત મળે ત્યારે કૃતિની કલાત્મકતા દીપી ઉઠે છે 'નિર્દોષ મેં

kalpana's

નિર્ઝરી આંખ તારી' હરિશ્ચંદ્ર ભટ્ટનું એક જૂનું કાવ્ય છે. એમાં બહેનનું વાત્સલ્ય અને તેમાંથી કરુણનો ઉદ્ભવ છે શમન ક્રમે શાંતમાં છે. પ્રજાલાલના પિતા' કાવ્યમાં પણ વાત્સલ્ય છે. રાષ્ટ્રીય નેતાઓની અંજલિમાં વીરરસ છે. 'તું જતાં' જેવા દાંપત્યના કાવ્યોમાં શૃંગાર, વાત્સલ્ય છે. પણ તેમાંથી કરુણમાં રસસંક્રાંતિ થાય છે. સીધા કરુણના આલેખન કરતાં સંક્રાંત થયેલા રસમાંથી કરુણની અભિવ્યક્તિ વધારે કમનીય, કલાત્મક લાગે છે.

આનિ શોકનો અને શોક અંતર્ગત વિષાદનો અનુભાવ છે. ઉદાસી, હતાશા, નિરુત્સાહ, ગમગીન સંધ્યા, સૂની રાત આદિ પ્રગટ કરનારા કુદરતી દૃશ્યો છે. આમેય કવિઓની આંખમાં કવિતાના વિષયના આલેખન માટે કુદરતના દૃશ્યો વસ્યા નથી કવિતામાં ગાંધીવાદ પછી સ્વાતંત્ર્યોત્તર કવિતામાં જોવા મળતા વિષયમાં ઉપરોક્ત જેવાં વિષયો પર કવિતાઓ માંડ લખાઈ અને તે પણ અર્વાચીન કવિતામાં આ નવીનતા કે રાહત જોવા મળે છે પણ જ્યારે વર્ષો પહેલાં ખબરદાર જેવા કવિ 'સ્વ. મટુભાઈ' કવિતામાં મધ્યાહ્નના બપોરનું ગૌરવ કરે શોકોર્મિ કવિતાનું ગૌરવ વધે છે. મટુભાઈનું મૃત્યુ એટલે 'ગગનના બપોરના ક્ષિતિજોનાં દોર પર તેજ હિંડોળે મટુભાઈની સવારી'', વળી ત્યારે મૃત્યુનું ગૌરવ કરી કવિ શોકોર્મિમાં થતા આલેખનનું ગૌરવ પણ વધારી દે છે.

ઉત્તમ અભિવ્યક્તિનું કૌશલ ઉશનસના 'કુલવધૂ' કાવ્યમાં મળે છે. કાવ્યશાસ્ત્રના મનાતુસાર કવિતા એક કરતાં વધારે અર્થોની ગુંજાશ ધરાવતી હોય તો તેમાં પ્રકટ કલાત્મકતાની ચુકવતા છે. ઉશનસના આ કાવ્યમાં અભિધા, વ્યંજના અને લક્ષણાની ગૂંથણી સુંદર છે. કાવ્યનો ઉપાડ કુદરતના ઠાલે આવતાં ફલની અભિધાથી કરી, કુટુંબોમાં પર આવેલું સંતાનરૂપી ફૂલ અને બૂતે વ્યંજનામાં તેના બાલમુખથી માંથી, ખરતું આંસુનું 'અંજલિ ફૂલ' તેની લક્ષણા છે તેમાં શોક અને કરુણ ઘૂંટાય છે પણ રસનું ઉત્તરોત્તર થતો ભાવનો વિકાસ જ કૃતિની કાવ્યાત્મકતા અને કલાત્મકતા છે. કાવ્ય રસ, રૂપ,

kalpana's

કલાનો સમન્વય સાધે છે.

સર્જક અને ભાવક માટે અભિવ્યક્તિ એ અનુભૂતિની ઉત્તમ સજાવાની અપેક્ષા રાખતું 'હાઈકું' સ્વરૂપ લાઘવનું ઉત્તમ ઉદાહરણ છે. ચાકચિમક મંતની અનુભૂતિમાં ચારણ્ય ચાપની ચોટ તેની ખૂબી છે. એવો દરેક કાવ્ય ખંડ એ પંક્તિ લગભગ અનિવાર્ય કાવ્યાંગ છે. એમાં શોકોર્મિ - કવિતા કેવી કમનીય બનતી હશે એનો ચંદેહ ચમાં થાય કંઈ પંક્તિમાં સ્વજનસંદર્ભ, કંઈ પંક્તિમાં ભાવાભિવ્યક્તિ, કંઈ પંક્તિમાં પ્રકૃતિ સ્વારવાદ થતો હશે એવો પ્રશ્ન ચા થાય પણ કહેવું પડે કે સ્વજન સંદર્ભ ઈંગિત હોય છે ભાવની ગોપ્યતામાંથી સ્વાદોલ્લ વહે છે. અને કાવ્યાંત તેની વેરી ચમાર મૂકી જાય છે. કવિકૌશલ એમાં કાવેધિયત પ્રકારાર કરી દે છે. માટે શોકોર્મિ- કવિતા તરીકે, હાઈકુ ચામેય ઓછાં મળે છે. એમાં સ્નેહરશ્મિના જેવા કોઈક હાઈકુ ઉત્તમ કવિતા ચાપી જાય છે કે.....

૧૨.''ચાકળા જેવું
જીવી ગઈ તું
હવે સ્મરણો બીનાં''

સદ્ગત પુત્રી ઉમાના ટૂંકા ચાયુષ્ય બાદ થયેલા મરણ પ્રસંગે સ્નેહરશ્મિએ ચાપેલી આ ચંજલિ શોકોર્મિ કવિતાનું હાઈકુ છે. અખરદારે પણ પુત્રી તેમીના' ના અવસાન પ્રસંગે મુલ્યના ચાઘાતથી પ્રેરાઈ 'દર્શનિકા' કાવ્ય લખ્યું, પરંતુ તેના કરતાં તે કાવ્ય ગ્રંથનું સર્વકાવ્ય 'તેમીનાને' (૧૯૩૧) સ્મરણકાવ્ય શોકના ચાલેખન માટે વિશેષ ઉલ્લેખનીય છે.

૧૩.'' ચાત ને વીસ નક્ષત્ર વર્ષો તણી
તુજ જીવન શૃંખની કેરી પૂરી
શુભ્ર કોમાર્યે તે ચકળ કીધું ચુતા
રહી ચમારી જ સેવા ચૂરી
ચૂધુ માતાપિતા કેમ ઉરચોમાં

kalpana's

ચન્દ્ર તારક બધાં તિમિર ભાવે,
તોય નિજ હૃદયમાં જ્યોતિ તુજ
નવ થશે લુપ્ત ત્યાં કોઈ કાળે ?

X X X X

તું જ કવિતા બની રંક મુજ જીવનની,
દર્શનિકા બની તું જ મારી;
વિશ્વચૈતન્યમાં ધન્ય વસજે, સુતા ?
તુજ સ્મરણમાધુરી આ સ્વીકારી ?

કવિના હૃદયનો રંજ આ પંક્તિઓમાં સચોટ રીતે વ્યક્ત થાય છે કે પુત્રીએ તો શુભ્ર કીર્તિમાર્ગ સફળ કીધું પરંતુ માતાપિતાએ શ્રદ્ધા કરવાની ફરજ કે સેવા અધૂરી રહી ગઈ એનો ડંખ પિતૃહૃદયમાં અસહ્ય છે. અહીં રૂપષ્ટ રીતે જોઈ શકાય છે કે સ્નેહરશ્મિના હાઈકુમાં સંવેદનાની સચોટ અભિવ્યક્તિ છે. ''મૌન મંજરિ'' માં ગુણાત્મક અભિવ્યક્તિ અને લાઘવ નું શ્રેષ્ઠ અનુસરણ છે. ''જ્યંતિદલાલની પ્રથમ પુણ્યતિથિએ'' કાવ્યમાં શોકના એક કરતાં વધારે રૂપોનું વૈવિધ્ય છે. છંદોબધ્ધ કિરિટ કવિતા કરતાં અછાન્દસ કવિતામાં વિકાસની કોઈ નવી જ તરાહ જોવા મળે છે. જેમાં પ્રયોગશીલતા અને નવીનતા બન્ને છે.

સ્નાકૌશલનું વૈવિધ્ય ઘણા કાવ્યોમાં છે પણ જે કાવ્યોમાં ભાવાલેખન અને વ્યક્તિત્વદર્શનનો સમન્વય છે. તેવાં કાવ્યો કલાત્મક લાગે છે. 'થંભો હવે નિષ્ફળ ગુરુ મારા', 'સ્વ. મહાદેવભાઈને', અને બબરદારકૃત 'ઓ ગાંધી સંતસુજાત' નું સ્નાકૌશલ ખાસ ધ્યાન ખેંચે છે. દરેક કાવ્યખંડમાં કવિ એક કોચકો લાવે છે. જટિલ સમસ્યાનો ઉકેલ મળતો નથી . અને વિકટ પરિસ્થિતિથી ભાવકની જિજ્ઞાસા જગાવે છે. અંતે આ ઉકેલ કોણ કરી આપે ? એ પ્રશ્નમાં વિયોગ કરુ અને કાવ્યનો સહજાત વ્યક્તિવિશેષ આવી શકે એમ હતો કહી તેના વ્યક્તિત્વનો પ્રભાવ પણ વાસ્તવિકતા એ છે કે હવે એ નથી એવાં ઉલ્લેખમાં નોંધારા પણામાંથી જાગતો [illegible] વિષાદ

kalpana's

કાવ્યને દર્દથી ભરી દે છે. એને તેની કરુણતા ઉત્કટ બનાવે છે. કવિ પ્રત્યેક કાવ્યખંડ પાસેથી કમિક વ્યક્તિત્વ વિકાસમાંથી ક્રમાવ વ્યવહાર કોણ ? પ્રશ્નથી વિષાદને ફૂટે છે એ ક્લાત્મક લાગે છે. દા. ત.

૧૪...જીવતાં પણ મૂકેલાં બોખાં, અહીં નહીં કરતા ભારતભોમ
જાણે નહીં લેવા દમ પૂરો, થયરે શીત પડે કે ધોમ
જ્યારે માના કેસ પીંખાતા
સુત વધૂ ચિંતામાં વટકાતા
લડતા ભ્રાતા શું પ્રિય ભ્રાતા, ત્યારે ચૂંથી ધરતી વ્યોમ
કોણે ફૂંકયા ચીમાં પ્રાણ ?
એ ગાંધી સંત ગુજરાત
એ ગાંધી સંત ગુજરાત,
એ નવ ભારતનો પ્રાણ''

કોણ ? પ્રશ્નમાં ગર્ભિત જવાબ છે જ પ્રશ્નના ગોઠવામાંથી ડોકાતો જવાબ વધારે હૃદયદ્રાવક બને છે. 'સ્વ.મહાદેવભાઈ'પણ આવું જ કાવ્ય છે.

અર્વાચીન ગુજરાતીમાં ઉતરી આવેલી શોકોર્મિકવિતામાં કંઈક નવી ચૂગ મળે છે. શોક કે ક્રમાવને પ્રતીત કરાવતો એક નવો વળાંક નવા કવિઓની કવિતામાં છે. કલિકાન્તને અપાયેલી અંજલિઓમાં કાન્ત, ક્લાન્ત, એકાન્ત, કાંત, શ્રાંત, શાંત જેવી પ્રાસચાતુરી તો સર્વસામાન્ય છે. પણ સુરેશ દલાલ, પ્રજારામ રાવળ જેવાનાં કાવ્યોમાં આ સમાનતા ઉપરાંત કાન્તના કવિગુણો અને કાવ્યગુણોનો શ્લેષાર્થ યોજી અંજલિને પોતાક ચાલેબન બનાવાયું છે. કાન્તનું પદરચનાકૌશલ મહત્ત્વની નોંધપાત્ર કૃતિઓમાં કાવ્યવિશેષ, તેનો કાવ્યાત્મક સંદર્ભ અને સાર્થક વિનિયોજનની ગૂંથણી કાન્ત વિશેની અંજલિઓમાં જોવા મળશે. કાવ્યનો પ્રકાર કોઈપણ હોય. ગેય, ગઝલ, ગીત, કે અછાન્દસ પણ સર્વમાં શ્રાન્ત, ભ્રાન્ત, કાન્તનું ચાલેબનકૌશલ મળી જ છે. ડૉ.સુરેશ દલાલની 'કલિકાન્તને' કૃતિમાં લખે

kalpana's

છે કે.....

પ્રભુએ રચી દીધું, કેવું આ મિથુન
નિયતિના કોતરમાં મથી એક ધુન
ઉર્મિઓના તંતુ તંતુ કેમ કરી તોડું ?
મંથન અને ક્લેશ
મૃત્યુને આશ્લેષ કદી થઈ જાય શાન્ત
X X X X
પ્રિય કવિ કાન્ત
તમે મારું જીવું બધું કર્યું છે એકાન્ત
X X X X
ખિલતી રહ્યાં છે અહીં સાગર અને શશી
થઈ પરિક્ષ
સ્વેત કમલને પ્રાન્ત
X X X X X
વસંતવિજય
જન્મસિદ્ધ પ્રકૃતિનાં ઉછાળાનો વહી રહે લય
X X X X X
જ્ઞાન તણી પિપાસાથી પ્રેરણાને પાળ્યો કવ
આરંભાં દેવયાની મળી ગઈ અવચ
X X X X X
જેમ તમે ઘૂંટી ઘૂંટી ગાયો કરુણાન્ત
પ્રિય કવિ કાન્ત

શોકોર્મિકવિતામાં કાવ્યત્વને કલાત્મક બનાવનારાં કલાતત્વોમાં રૂપક, અંકારની જેમ યુક્તિ-પ્રયુક્તિ અને ઇન્દ્રિયવ્યત્યયનો વ્યાપાર પણ કૃતિઓમાં મળી આવે છે. વીર, હાસ્ય કે વત્સલભાવથી શોકની ભાવાભિવ્યક્તિ આપણાં ઘણા કાવ્યો પામે છે પણ વસ્તુપ્રપંચમાંથી ચમત્કૃતિનો ચમત્કાર

kalpana's

કવિ કહે છે:

"વિષ્ણુનાં સ્વપ્નો પવનની હેલેથી ઘનઝર્યાં
તે કુમળો થઈ લક્ષ્મીની વેણીમાં વસ્યા, અને
તે પુષ્પો પવન બદારા આકાશના તારા રૂપે
બેસાયા, અને જગતની ઉષા બની સૂર્ય સમ
પ્રસરી ગયા."

ઉપરોક્ત પંક્તિઓમાં દૃષ્ટિગમ્ય અને કૃતિગમ્ય (અનુક્રમે સ્વપ્ન અને વિષ્ણુ-વીણાના તારના ઘનઝરાટમાં) અને તે પછી પુષ્પમાં રૂપાંતર કરી ઘ્રાણેન્દ્રીય અને આકાશના તારા રૂપે માનું દૃષ્ટિગમ્ય રૂપાંતર કરી કવિ ઈન્દ્રિય-વ્યત્યયની કલાત્મક રીતિમાં ચૈત્યની લીલાસ્મિતની આહ્લાદ વ્યક્ત કરે છે. આ સમગ્ર વ્યાપારને અંતે કવિ કહે છે કે આવા સુખદ સંભારણા અને વિષ્ણુનું સ્થાન બીજું કોઈ નહીં પણ તું જ હતો આ ચૈત્યને બદલે તારા વિયોગમાં હવે 'વેદના ગાનઝારા' છે અને સામે 'હું મેઘલો મંદ બાગી હું' ઘટકૂતમાંથી કરુણ વિલાપ નિષ્પન્ન કરવાની આ આ લોક સ્નેહરશ્મિની કવિતાકલાનો નિખાર છે.

"ને તેનું તે સ્મિત મધુર હું જીવું ના જીવું ત્યાં હા
બીડાયું તે, મુજ નભ મૂકી, વેદના-ગાન ધારા ?
ના જાણ્યું કે સુખદ ? તું હતો વિષ્ણુનું સ્વપ્નસાક્ષિ
બંધેડું રે ? કર મુજ હવે મેઘલો મંદબાગી ?"

ગુજરાતી કવિતા પર સ્વીન્ટનાથ ટાગોરનો પ્રભાવ, કવિતાની દિશા કેવી બાંધનારો, કાવ્યત્વને નવું કલેવર ચાપનારો પુરસ્કાર થયો છે. સ્વીન્ટનાથની પહેલાંના કાવ્યોમાં મળતું કાવ્યત્વ માત્ર દર્શન ગણવા દર્શનનું આલેખન છે પણ સ્વીન્ટનાથની ગીતાંજલિની કાર્યો પછી ઘણા કવિઓના કાવ્યત્વના દિશાદોર અને કલેવર બદલાયાં કુદરતના દર્શનની વ્યક્તિગત ભાવાભિવ્યક્તિની સીમાને કવિઓએ વૈશ્વિક અનુભૂતિ સુધી વિકસાવી

kalpana's

સ્વીન્દ્રનાથે કુદરતના રૂપોને જે નવો લય, રૂપ, રૂપકો, કલ્પો, અને ભાષા આપી બાનાની શક્તિ અને ક્ષમતા સિધ્ધ કરી બતાવી તેનું તેનો અનુજની કાર તેમના અનુગામી કવિઓની કાવ્યત્વમાં ઢબાતાં કાવ્યની નવી દિશાનિજો વિસ્તરી તેમાંથી શોકોર્મિકવિતા કેવી રીતે મુક્ત રહી શકે ? શોકોર્મિકવિતાના ક્ષેત્રમાં પણ આ પ્રભાવ મળે છે.

૧૮. "સૂરોની ચુબ્બાથી તેં કવિ ? અરણ્યના મર્મરો
ગણી ૨– જડ – બોલ અર્થ મજ તણા સ્વિપ્નો વ્યોમનાં
તૂટ્યોની ચમકીલ ગોષ્ઠિ, જડ લોક કોલાહલો
ગમી ૨–વિલસંત મોલ મૂઢ લાંપતી છાની શા
લયે ગમી ૨ સૌ સ્વરે, બસ અનન્તને અંતરે ''

સ્વીન્દ્રનાથને અપાયેલી અંજલિની આ પંક્તિઓમાં કવિવર સ્વીન્દ્રનાથનું બાનવીનું ઋણ અને સમજણ તો છે જ પણ એમાં કવિતાના વિકાસનો અણસાર પણ છે. એમાં પ્રાતત્વના અને ઐતિહાસિકતાનું ઉમેરણ જુઓ છે. કાવ્યત્વની સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રાનો અણસાર પણ છે. શોકોર્મિકવિતાપ્રિય આ સંદર્ભે ગુજરાતી કવિતાના દિશામોડમાં નૂતનતા પ્રાપ્ત કરે છે. તે સિધ્ધ ગણાય.

શોકોર્મિકવિતા વ્યક્તિત્વની કલા વ્યક્ત કરતી કલા છે. મૃત્યુ ના ગૌરવ વિષય પર વ્યક્તિત્વની વૈવિધ્ય ભાવતી શોકોર્મિકવિતામાં ખરેખર તો Art of Presentation જ છે. સ્વજન વ્યક્તિના સંદર્ભમાં મૃત્યુ ઘેરો છે અને નવે નવે રૂપે કાવ્યમાં પ્રગટ પામે જ શોકોર્મિની એક સિધ્ધિ છે. "વસંતાગમને" એક જૂનું જ ન્હાનાલાલના મૃત્યુ પ્રસંગે લખાયેલું કાવ્ય છે. ન્હાનાલાલ એટલે શોર્મિકવિતાનો શહેનશાહ. ન્હાનાલાલના ચાહકો માટે ન્હાનાલાલ વિનાની વસંત દુઃખદ છે. વસંતોત્સવના કાવ્યોમાં ઘેરાયેલી વસંત જોતાં જાણે એમ લાગે છે કે કુદરતમાં પાંગરેલી વસંતપ્રકરતાં ન્હાનાલાલના કાવ્યોમાં વસંત વધુ પાંગરી છે. હવે વસંત નામની છે તેનો જીવનમાં અનુભવ કર્યો છે ? કારણ કે અનુભવ કરાવનાર ન્હાનાલાલ જ નથી.

kalpana's

જાણે કે વસંત પોતે જ પોતાની રૂપપ્રસક્તિ માટે ન્હાનાલાલ વિના વલખે છે.

૯૦.''વસંત તો નૂતન સૂર ન્હાનલ'' એ માત્ર કહેવાનું છે. કદાચ સામાન્ય જનને સૃષ્ટિ પદ્યે ખરી લીલી લાવે પણ વસંતને પોતાને થયા છે કે ન્હાનાલાલ વિના પોતે કોઈ કસર, ચોટ્યા, ઝાંખપ અનુભવે છે. કુદરતમાં ચારે તરફ ચેતનસભર હોવાની વસંતને ન્હાનાલાલે જાગારી કરી. ન્હાનાલાલના શબ્દોમાં વસંત-હોરલી કરી. ન્હાનલાલે કલ્પનાના વાઘાં, રૂપ અને ઉપમાના ચાયાં હતાં એ માત્ર અફસોસ છે કે વસંત કવિ વિના અજાણી, અધૂરી છે.

૯૦.કવિ તો ગુજરાતે કવિ કેરી વધુ,
આવી ઊભા ઝાંખી વસંત રાણી
સૂના શ્રોતાજનો પક્ષા, સૂના કવિજન દેશ
સૂના પ્રણય કથાનકો, બધું સૂના વસંત વેશ''
વસંત કોડામણીથી વધાવ્યા, સ્નેમાન મોંઘા કરીને પધારો
વસંત વૈતાલિક હે કવીન્દ્ર, વસંત આતિથ્ય શું ના સ્વીકારો ?''

વસંત બહારના જ કવિ ન્હાનાલાલનો મહિમા ગાય છે.

શોકોર્મિકવિતાની વિશેષતા જ એ છે કે પ્રસંગ, વિષાય, ભાવ અને રસનું સર્વસામાન્ય સ્વરૂપ હોવા છતાં તેમાં વિવિધતા આણી આવે છે આનું રહસ્ય અભિવ્યક્તિની વિશિષ્ટતામાં છે. કાવ્યે કાવ્યે નીત્યનૂતનતા જુદી જુદી રીતે થતી અભિવ્યક્તિ પૂરી પાડે છે. 'જાગૃતિ ગંગા' સુંદરજી બેટાઈની 'ગાંધીજી માટે લખાયેલી કવિતા છે. ભારતની પશ્ચિમે સૌરાષ્ટ્રના પોરબંદરમાં ગાંધીનો સૂરજ ઊગ્યો એમાં કવિ કુદરતના ઉપેક્ષાતા ક્રમનું આશ્ચર્ય અભિવ્યક્તિમાં લાવે છે. અભિવ્યક્તિની આ છટા કાવ્યનો ક્લાબ છે.

૨૧.''ગુજરાતથી પૂર્વમાં ઊગીને, તપતા તપતા પશ્ચિમમાં આથમું''
જ્યોતિરોની સદા જાણ્યો, ક્રમનિશ્ચિત વિશ્વનો

kalpana's

હતો ભારતમાં જ્યારે, પશ્ચિમે સૂર્ય ઉદ્ગમ્યો''

વળી નીચેની પંક્તિમાં કવિએ ઉપમા પણ સરસ ગોઠવી છે કે

૨૨. ''પ્રતાપણાતુના જેવો, સોહ્યતા સોમની સમી''

પ્રાચીન અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્યમાં કાન્ત મોખરે છે. એમની 'લલિત કોમલ કાંત પદાવલિ' કવિતાની ઉત્તમ સિદ્ધિ છે. સંસ્કૃત વૃત્તોનો યથોચિત ઉપયોગ તેમની બીજી સિદ્ધિ છે. અન્નમાકા સાહિત્યના છંદોના ઉત્તમ વિનિયોજનમાં પણ કાન્તનો ઉત્તમ ફાળો છે મરાઠી ભાષાના ગેયની છંદને ગેય પ્રકરણિત પ્રકરણિત અને ગેય માત્રામાં ઉતારતું 'વિપ્રયોગ' કાવ્ય તેમનું ઉત્તમ લોકોર્મિ કાવ્ય છે. સદ્ગત પત્નીના વિયોગ અને મનોપાતને વ્યકત કરતું કાવ્ય લાઘવયુક્ત છે પણ જેમાં પ્રયોજાયેલા છંદની અસર પ્રલાપીને પણ થઈ હતી. 'વિપ્રયોગ' ની અસરને વર્ણવતાં પ્રલાપી લખે છે કે ''ત્રણ-ચાર દિવસે કોણ જાણે હું કેટલીય વાર બોલ્યો હોઈશ અને બીજે જ દિવસે એ રાગમાં લખવા જેવી જ કેટલીક લાગણીઓ આવતાં મેં કેટલાક ટુકડા લખ્યાં છે.'' (પ્રલાપીના પત્રો - ૧૨- ૫ માંથી) - ૨૪.૬' પ્રલાપીના કેટલાય ગીતોમાં કાન્તનાં જ ગીતોનો રણકાર , શબ્દોનું અનુકરણ, ઝીલની છાયા હોય છે. (૨૧.વિ.પા૭૬). 'વિપ્રયોગ' માં પ્રયોજાયેલો આ મંજની છંદ નવો છંદ, લય, અને શૈલીની નવી ભાત ઉપસાવે છે. એજ રીતે કાન્ત સૉનેટ રચનારાઓ પૃથ્વી અને તોટક લખવામાં પણ સફળ છે. 'પ્રમાદી નાવિક' અને 'વિધુર કુરંગ' પૃથ્વી અને 'ખિન્ન નિવેદન' તેમજ 'વત્સલના નયનો' તોટકના દૃષ્ટાંત છે. શોકોર્મિકવિતાની છંદકોષે આ સિદ્ધિ છે.

બ.ક.ઠા.નું 'જાગરણ' કાવ્ય શોકોર્મિકવિતામાં આવેલુંઅ ચિંતાંકન શક્તિનું દૃષ્ટાંત પૂરું પાડે છે. શોકોર્મિકવિતામાં વિરહની પરાકાષ્ઠા એકત્વના પરિણામે કાવ્યમાં આવેલુંઅ કથ્ય આયાસ રચાઈ જાય છે. કાવ્યમાં અડધી રાતે વિચારચંટોળ અને વિરહમાં ઝટવાયેલી કવિને ઊંઘ આવતી નથી

kalpana's

ચારે બાજુ માઝમ રાત વિખરી છે. કવિની કલ્પના શક્તિસીમા ચોળાઈ ચૂકી છે. ધીમો ધીમો પવન વસ્ત્રોમાં સાગર શો તરંગ ઘળવળતો હતો. ત્યારે કવિને એમ થાય છે, કે મૃદુ સ્વાસે પત્ની ખાસમાની નીંદ લઈ રહી છે. ચાંદનીના વસ્ત્રો પણ અનેરી શોભા પાથરતા હતા. ત્યારે મનોવ્યથાથી વ્યથિત કવિ પત્નીને ધીમે રહીને સ્પર્શવા જાય છે. એમ થાય છે કે લાવ, બટન દાબી દીવો કરી દઉં બે વિચારને મનમાં મૂકવો કે ન મૂકવો એની ગૂંચવણમાં છે ને હાથ અમાયાસે બટન પર જતાં દીવો ઝળી ઉઠ્યો.

રૂપ..."ઊઠ્યો બે પ્રકટ્યો ન સ્પષ્ટ નહીં તો
પ્રકટી ઉઠ્યો દીપ બે
બાલી પુત્રી જ ચાંપતો જઈ પડ્યો
તેમાં સન્નિવાસ હું ''

માર્મિક વિયોગ, કલ્પના, મનોવ્યથા, વિરહ, ચિંતાત્મકતા, પત્ની સાથે ભાવાત્મક મેકરૂપ સ્થિતિ, કાવ્યના ઘાતત્વો છે. સુંદર શબ્દ-ચિત્રાંકન શક્તિનું 'જાગરણ' કાવ્ય ઉદાહરણ છે.

નાટ્યાત્મકતા અને ચિંતાત્મકતા દ્વારા શોકની ભાવાભિવ્યક્તિ આપવાની સૂરત બ.ક.ઠા. ના 'વિસ્મૃતિ' કાવ્યમાં છે. ત્યારે મનોમનુષ્યા મગજ અને મતિ, ભાવ અને બુદ્ધિ, મન અને મગજ વચ્ચેનું સંઘર્ષ ચાલતો હોય છે. કવિ તેવી પળોમાં પોતાની જાતે ચિંતુ જેવી સ્થિતિ અનુભવે છે. વિયોગમાં પત્નીના ઉઠતા સંસ્મરણો અને સવાલોની તડાપીટમાં ઝોલાતી કવિ હૃદયની ભાવના અને વેદના કવિ 'વિસ્મૃતિ'ની નીચેની પંક્તિ-ઓમાં કહે છે.

૨૬..."અરે મગજ ? રે મતિ ઉર જીવ તારો વૃથા
ગયું ચક્રમ, ઠગે સ્મૃતિ ય, તહિં, દુકામ દેનાર જો.''
થયા દિવસ કેક, પ્રશ્ન પૂછતાં સતાવ્યા કરો
દિલાલ ઘડિયાળની પળની જેમ જરીય થોભતાં જ નથી ?''

kalpana's

મનોવ્યથાની માર્મિક સંવેદના, સૂક્ષ્મ ભૂમિકા પરનો માનસિક સંઘર્ષ કવિ કલાત્મક ઢબે રજૂ કરે છે. ભાષા પાસે કવિ સૂક્ષ્મ ચિંતન અને મનોવ્યથા નિમિત્તે વેદના પ્રકટ કરવાનું જે કામ કવિ લે છે તે પરથી ભાષાની કુંજાસનો પરિચય પણ આપી દે છે. શોકોર્મિ-કવિતાનો આ બધા દૃષ્ટાંતો કલા વૈભવ છે.

ઊર્મિકવિતામાં કેન્દ્રસ્થાને ઊર્મિ છે. શોકોર્મિકવિતામાં શોકની ઊર્મિ કેન્દ્રસ્થાને છે. અન્ય કલાતત્વો કવિતામાં કાવ્યના કેન્દ્રસ્થ ભાવના શણગાર નિમિત્તે હોય ત્યારે એ સિદ્ધિરૂપ બની જાય છે. અલંકારની જેમ વિવિધ યુક્તિ-પ્રયુક્તિ પણ જમાવે છે. ઈન્દ્રીય વ્યત્યય, વિનિયોજન, રૂપકની જેમ દૃષ્ટાંત પણ કવિતા માટે ઉપકારક નીવડ્યા છે. ઘણાં કાવ્યોમાં કવિ સમગ્ર કાવ્યાત્મકતાને નોખો રંગ આપે છે. કાવ્યના ભાવને ગહનતા અને આસ્વાદ્યતા માટે પણ તે મહત્વનો ભાગ ભજવે છે. ખબરદારકૃત 'એક સ્મરણ ધ્વનિત' આ દૃષ્ટિએ મહત્વનું છે. એક જ કાવ્યમાં અનેક દૃષ્ટાંત કરતાં જ્યારે એક જ દૃષ્ટાંતની સંકલના થાય ત્યારે ભાવસ્થિરત્વ રક્ષવામાં તે ઉપકારક નીવડે છે. એકજ દૃષ્ટાંતનું ચુસ્ત રેખાંકન, સ્થિર કમ્પ વર્ણન, અને તેના બદલાતા જ ભાવ, સ્થાને વર્ણવવામાં કવિની કસોટી થાય છે. કવિની ખબરદારે એક વર્ષના સમયના ગાળાને સૂર્યના ભ્રમણથી ઉદ્ભવતા રાશીના ૧૨ ઉપાકના ચક્રમાં ફેરવી સહજતા ખિલની સ્મૃતિને વેધક બનાવી દીધી છે. સમયની વાસ્તવિકતાનું કવિ જ સમયમાં રૂપાંતર ભાવાભિવ્યક્તિને ઉપકારક બનાવે છે.

ઉપકરણનું વિનિયોજન પણ કાવ્યને કલાત્મકતા બક્ષે છે. શોકોર્મિ-કવિતાના વિવિધ ભાવો જેવાં કે દુઃખ, શોક, સ્મૃતિ માટે પ્રકૃતિના ઘણા ઉપકરણો મળી આવે છે પણ સમગ્ર ઉપકરણ શોકોર્મિની શોભા બની રહે છે. કાવ્યમાં કવિ કહે છે કે પહેલાં સમય પિતાને કવિથી દૂર ધકેલે છે. અર્થાત મૃત્યુના નજીકના દિવસોમાં કવિ ભૂલવા માંગે તો પણ પિતા ભૂલી શકાતા નથી. ત્યાં વેધકતા વધારે છે. એ બરેબરનો સ્મૃતિની

kalpana's

વેધકતા છે. કાવ્યના ગેતે સમય જ પિતાથી દૂર કવિને લઈ જાય છે. અર્થાત્ પિતા જ પહેલાં જેટલાં પુત્રોને યાદ નથી આવતા કોઈવાર આવી જાય તે પણ સમયની જ બલિહારી છે. ચૌદ વર્ષમાં સમયની પડતી સ્થિતિ બદલાતા પુત્ર પાસની આપણી કલ્પનાઓ પર તે તાદૃશ રૂપે અહીં બતાવ્યું છે. સમયનું ભાન સાથે અહીં ક્લાત્મક વિનિયોજન છે.

કુદરતી તત્વોનો ઉપયોગ સ્નેહરશ્મિ અને ન.ભો.દિ.ની શોકોર્મિ કવિતામાં સમાનસ્તરે જોવા મળે છે, છતાં સ્નેહરશ્મિનો રચનાબંધ મહિયાતો લાગે છે. સમાન ઉપકરણોના વિનિયોજનવાળા કાવ્યોમાં કવિચેતની સૂઝથી અને પ્રજ્ઞતાની પરખ છે. દા.ત. કાન્ત-વિષાદક કાવ્યોમાં ઘણા કવિઓની શબ્દ પસંદગી માત્ર પ્રાસચાતુરીની મર્યાદામાં રૂંધાઈ રહે છે. પણ કાન્ત, ક્લાન્ત, શાંત, ભ્રાન્ત, શબ્દોની માવજત સુરેશ દલાલ અને પ્રજારામ રાવળના કાવ્યોમાં વધારે કાવ્યાત્મક બને છે. કવિ જેમાં હોવાનો હોવાપણું શોધે છે. એમાંથી પદરચના પર્યન્ત કવિનું પ્રભુત્વ પણ જાણી શકાય છે. કાવ્ય ગેય, અગેય, મુક્તછંદ, ગઝલ ગમે તે પ્રકારનું હોય પણ તેમાં આવા પ્રયોગો સાર્થક લાગે છે.

શોકોર્મિકવિતામાં મહિમાગાન સર્વસામાન્ય જોવા મળતું બયાન છે. વ્યક્તિના વ્યક્તિત્વને ઉપસાવવા માટે મહિમા તો પ્રાચીન પહેલાંના કાવ્યોમાં આવતો હતો અને આજે પણ તે કાવ્યોમાં છે જ પણ પહેલાંના કાવ્યોની બાની ચોટની સરાણ સુધી જઈને વ્યક્તિત્વની પ્રશંસા કરતી હતી કે કાવ્યની છેલ્લી પંક્તિમાં અહોભાવ સર્જાઈ જાય અને પછી જેની વ્યક્તિનો આજે અભાવ લાગતાં જે દુઃખદ વિસ્મયમાંથી શોકની બને અનુભૂતિ જ આવે પણ અત્યારનાં અર્વાચીન કાવ્યોમાં મહિમામાંથી શોકપ્રાપ્તિની પદ્ધતિ નવી છે. સહજ વ્યક્તિના સ્થાપિત મહિમાનો વ્યાપક છેદ, અવમૂલ્યનમાંથી વ્યાપની હતાશા અને તેમાંથી આકાર લેતો મહિમા, તેમાંથી ઘેરો બનતો અભાવ અને તીવ્ર શોક અર્વાચીન કવિતાની પદ્ધતિ છે. દુઃખમાં

kalpana's

આપણે કરી કહી શકીએ કે શોકોર્મિકવિતા અભિવ્યક્તિની ક્લાનું સ્વરૂપ છે. વક્રોક્તિ, વ્યંગ અને વિરોધાભાસનું પણ એ રીતે અભિવ્યક્તિમાં ઘણું મૂલ્ય છે. દા.ત. ઉશનસ્‌ના આંધી કાવ્યમાં આવો પ્રયોગ આપ્યો.

શોકની ભાવાભિવ્યક્તિની નૂતનતા એક બીજી સ્વરૂપે પણ આવે છે. સત્તરમાના કાવ્યોમાં તત્કાલિન સ્થિતિમાંથી શોક અને કરુણ વર્ણનો આવે. પરંતુ અર્વાચીન શોકોર્મિકવિતામાં જેમ વ્યક્તિના જીવનમાં સર્જાયેલા કાવ્યોમાં તત્કાલિન અને તે વ્યક્તિના xxxx સમકાલિન તેમજ વર્તમાન સમયની મનોભાવના, આઘાત અને તેના વિરોધાભાસમાંથી શોક-કરુણ પ્રગટે છે. એ દૃષ્ટિએ સત્તરમાના કાવ્યોમાં જોવા મળતી મર્યાદાની પાળ તોડી નવા શોકાંજલિ કાવ્યો ખરેખર તત્કાલિન અને વર્તમાન સમયની સ્થિતિઓને આંખી સમયનો વધુ વિશાળ પટ રજૂ કરે છે. આ સમગ્ર આલેખન શોકોર્મિમાં અને શોક પ્રતીતીકરણ છાપ પણ xxx રજુ કરે છે. ઉપરોક્ત બન્ને સિધ્ધિનો પરિચય આ બે પંક્તિમાં આપ્યો.

૭૭. "તમને ગમી ગયે છે આ પ્રજામાં રસ ?
આપની જ્યાં ત્યાં થતી કરતી કરે પ્રતિમાં બસ ?
તેજ મૂર્તિમાન, આ જેની મૂર્તિ તમ વાક્યમાં
આદર્શોનો સમૂહ જ્યાં છે આપ્યા."

ભાવાભિવ્યક્તિની બીજી અજમાયશ માનસપ્રક્રિયા -માનસિક વ્યથામાંથી કરુણ્યના આલેખનની પણ છે. માનસિક વ્યાપારનો આરંભ કવિતામાં મૃત્યુના અસ્વીકારમાંથી આવે છે. ત્યારે મૃત્યુની સ્થિતિમાંથી ઘેરાતું કારુણ્ય અને ક્લાનિમય શોકાત્મક વાતાવરણ શોકની ભૂમિકા બાંધે છે. તેમાંથી કરુણતા જાગે છે. નવા અભિગમ, નવા Concept જુના પ્રતિકોમાંથી જન્મેલા, સાંપડેલા નવા અર્થો, અને સઘ શોકાર્દ્ર કવિતામાં કાવ્યની ક્લાત્મકતા અને કાવ્યાત્મકતા વધારે છે. આંધીકાવ્યોમાં આ પ્રકારના ઉદાહરણો આપ્યા.

kalpana's

ભાવાભિવ્યક્તિની સંપૂર્ણતા માટે કવિતામાં ક્યારેક 'કલાનું સત્ય' મહત્ત્વનું ગણાય છે. વાસ્તવિક સત્ય કરતાં કલાનું સત્ય જુદી ભૂમિકા પરથી વિચારવું પડે છે. કૃતિમાં તે પ્રતીતિકર લાગે છે. પ્રસ્તુત 'ગુર્જરીનો અશ્રુ-પ્રવાહ' કાવ્ય એ દૃષ્ટિએ મહત્ત્વનું છે. કાવ્યમાં બે ઋતુનું વર્ણન કવિ આલેખે છે. ગ્રામ તો વર્ષા અને વસંત એક બીજાથી તદ્દન ભીન્ન ઋતુઓ છે. પણ કાવ્યમાં કવિ કહે છે કે 'અહીં બાળ રોયાં'' કહી 'જ્યાં વર્ષા ત્યહીં આજ વસંત જોય'' એનાથી કવિ શોકના જ અભિવ્યક્તિનો આશય સિધ્ધ કરે છે.

૨૮. ''વર્ષા ત્યહીં આજ, વસંત જોય
જે વાટિકા અશ્રુ બિન્દુ તણાય
વાયુ ગયો – પુષ્પ તૂટ્યું જાય.''

કાળના એક ઝાટકે બાળકની પુષ્પ ખરી પડ્યું તેથી વસંતમાં ખંડન થતાં તેટલી ધરતી ઊંડાઈ અને ત્યાં તે કારણે રોયાં તેથી આંસુની વર્ષા થઈ વસંતમાં ધરતીની ફળદ્રુપ અને તેથી અશ્રુપ્રવાહ એ વર્ષાનો પ્રભાવ ગણાવી શોકની ચિરાત્મક અભિવ્યક્તિ આપી છે. આ ઉપરાંત શોક દ્વારા આત્મીયતા, ઘનીષ્ટતા, ચિંતનનું મનોભાવ, માનસિક ચર્ચા, ભાવારોપણ આત્મલક્ષી ભાવની પરલક્ષી રજૂઆત રૂપકાયોજન, વિલાપમાં સંપૂર્ણતું મહત્ત્વ, ભાવની સઘન અને વ્યાપક અસર સહિત શોકના વિવિધ લક્ષણોનો પરિચય કરાવતું 'ગુર્જરીનો અશ્રુ પ્રવાહ' ભાવસમૃધ્ધ કાવ્ય છે.

સ્નેહની એક અભિવ્યક્તિ સ્નેહ છે તો બીજી અભિવ્યક્તિ શોક છે. પ્રિયજનના વિયોગનો શોક ઈશ્વર સામે રોવાનું બને છે. જેમાં ક્રોધ નહીં પણ ગહન શોકની સ્થિતિ હોય છે. રોષ જેમ વધે તેમ શોક ઘૂંટાતો લાગે ઉત્કટ રોષમાં છેવે છેવે શોકની જ પરાકાષ્ઠા વ્યકત થાય છે. હૃદય-વિદ્રાવી આ કેવી હિંસા છે કે લોહીનો એક પણ છાંટોય જોવા ના મળે ને આખો માણસ ઠરી જાય ! શ્વાસ શમી જાય, મૃત્યુ પામે.

kalpana's

માણસને આમ અકળાવી રાખીને તો ખોટો પાડવાનું માણસના મગજનું બનાવવાની શિક્ષાનું કામ કેની નિષ્ફુર રીતે અદથ વિશ્વ કેટલા યુગોથી કરતો આવ્યો છે ? ભિન્નના મૃત્યુ નિમિત્તે મૃત્યુ અંગે આવું આ ચિંતનક્ષમ દર્શન મૌલિક છે. સાહિત્યમાં જેને સહજ રીએલકરીવ આર્ટ અને પ્રેઝન્ટેશન કહે છે. તેના લક્ષણો ધરાવતું આ કાવ્ય શોકની ક્ષણાત્મક અભિવ્યક્તિને નીચેની પંક્તિઓમાં આપે છે.

૨૯...અહો જો તે સામે, હૃદયજ ને છેક મુખે
ઘડી રોકી તેને મુજ ઉર તણી હાય ધકો હું
બધું બાળી તેનું , જગવદનથી ક્રૂરપદનું !!

ભિન્ન વિયોગની ઉત્કટ વ્યથા અને ઈશ્વરનું ક્રમ કાર્યનું પ્રશ્ને મૌલિક ચિંતન તેમજ રોષમાંથી શોકની અભિવ્યક્તિનું આલેખન રોચકપણ છે.

'દર્શન' કાવ્યમાં શોક અને રોષનું આલેખન બદલાતા સમીકરણની પદ્ધતિએ આવે છે. આલેખન આદર્શવાદી નથી પણ વાસ્તવિકતા તેમજ માનવ સહજ પ્રકૃતિનું પ્રતિબિંબ પાડે છે. મારનાર ને મરનારની પરવા હોય છે એવો અહીં કવિના રોષમાંથી નીકળે છે. કવિના હૃદયને કેટલી વ્યથા છે. કે મારા ભિન્નને મારવાથી કેટલી ચોટ લિંગ થઈ છે તેનો ખ્યાલ મનુને કેવી રીતે આવશે ? કારણ કે આ તો તેનો રોજનો ક્રમ થઈ જાય છે. ભિન્ન વિયોગથી લાગેલી હાયથી હું પણ તેનું અહીં જગત બધું બાળી નાખીશ તેના ક્રૂર વદન પર ધટકીશ અને ઉન્હા નિસાસાથી પૂછીશ કે 'કેમ ! તૃપ્ત થઈ કે ?' રોષની સામે રોષ, ક્રોધની સામે ક્રોધ, હત્યા સામે હત્યા, હિંસા સામે હિંસાના ધાતકી બદલાપ્રેરે વલણના મૂળમાં ભિન્ન વિયોગની પારાવાર વ્યથા અને શોક છે. 'દર્શન' કાવ્યનું આ આલેખન મહત્વનું એ રીતે લાગે છે, કે ઘણા શોકોમાં ઈશ્વર નિયતિ હુકમનો નમ્ર સ્વીકારનું શરણાગત, આત્મસાત્ત્વન, શોક પછી કલ્પિત થાય છે તે આદર્શવાદી લાગે પણ ક્યારેક આપણા ક્ષણ સાથે તેનો મેળ ના પડે જ્યારે અહીં નમ્ર સ્વીકારને બદલે રોષ વ્યક્ત થાય છે પોતાની

Kalpana's

પીડા ના કારકને તેટલીજ તીવ્ર માત્રામાં પીડાની વેદના આપવાની તીવ્રેચ્છા-માં અંતરમાં ઉઠેલી હાયેની જ તીવ્ર માત્રા છે. શોકની તીવ્ર ઝણઝણિતું બે દૃષ્ટિએ ક્લાત્મક નિરૂપણ 'દર્શન'માં છે.

શોકોર્મિ કવિતામાં ઇન્દ્રિયવ્યત્યય ઘણા પ્રકાર કાવ્યોમાં મળે છે. સ્નેહરશ્મિના 'સ્વપ્ન' સોનેટમાં તેની ઝુંપડી સુંદર છે. 'ગુરુતાની વાડીના મીઠા મોરલા' એવું જ કાન્તનું ક્લાપીને અંજલિ આપતું કાવ્ય છે. સદગત કવિનું કવિત્વ, કાવ્યત્વ, વ્યક્તિત્વ, વાની, તેજસ્વીપણું વર્ણવે છે. આ બધા સાથે કેકાના સ્વરની દીવ્ય તુલના મૂકવી છે. કવિ ભાવાત્મક રીતે શબ્દચિત્ર આંકે છે. કવિની કવિતાને કારણે ક્લાપી ગુરુતાની વાડીનો મીઠો મોરલો' બન્યા છે. કવિ કહે છે. આકાશમાં વાંસળીના સૂરમાં જેમ વહે છે. જેમ ગગનગુંજ્ય છે. સૂર સુતિગમ્ય છે. ત્યાં ઇન્દ્રીયવ્યત્યયનો વ્યાપાર થતો લાગે છે. કવિ, ક્લાપીનો પ્રભાવ દિવ્ય રીતે વર્ણવે છે કે સ્વર્ગના નંદનવનના પ્રાસાદોની ટોચ ઉપરથી ક્લાપીનો મોરલો કેકા કરે છે તેથી નંદનવનની ગુંજન-સુરભિ હંમેશાં આવે છે. તેથી મારું આંતર-હૃદય વધુને વધુ જાગૃત-પ્રફુલ્લિત બને છે. ઇન્દ્રિયવ્યત્યય એ મનોહર રૂપક કાન્તની આ કાવ્યની સિદ્ધિ છે.

શોકની ભાવાભિવ્યક્તિ હૃદયદ્રાવક બને તેવા પ્રયત્નોમાંનો એક પ્રયત્ન ધર્મભાવનાયુક્ત આલેખન પણ છે. 'મનુભાઈ ત્રેવડી 'દાદાજી' કાવ્યમાં ધર્મની ભાવના, પાવનતા ઉપેરીને, લોકરીવાજનું દર્શન કરાવી, શોકનું ઊંચી રકમ અને તેને ચિંતનની પાસ ચડાવે છે ત્યારે ઋ નિષ્પન્ન શોક-કરુણનો રંગ કાવ્યમાં તરી ઉઠે છે. મૃત્યુ સમયે લગભગ બંધ થઈ ગયેલા દાદાના લોચનો જોઈ કવિ ગાઈ ઊઠે છે.

૩૦. "ઢળેલાં લોચની હોડા, આવતા આત્મ સાગરે
મળ્યા મુક્ત મોતીના, મૂલવી મુક્ત બહારનાં"

ઘેરો શોક અને ગહન ચિંતન વ્યક્ત કરતી પંક્તિઓમાં ચિત્રાત્મકતા પણ છે.

kalpana's

સમયના ઉપકરણનો ઉત્તમ વિનિયોગ ચિનુ મોદીના 'પિતાની પ્રથમ પુણ્યતિથિએ' કાવ્યમાં જોવા મળે છે. મનોભાવો, વિચારો વિયોગ અને સ્મરણને વ્યક્ત કરતા બીજા કવિઓ કરતાં સમયનું બેઝજુદું જ ઉપકરણ કાવ્યમાં પ્રયોજે છે. સદગત પિતાશ્રીના મૃત્યુના પ્રથમ નજીકના દિવસોમાં પિતા મનમાંથી ખસતા નહોતા, વ્યવહારમાં પણ સ્નેહીઓ તેમના પિતાશ્રીના જ દૃષ્ટાંતો કહેતા હોવાથી આખો દિવસ પિતાનો જ વિષાય ચર્ચાતો હતો. ત્યારે કવિ પિતાના સ્મરણોથી દોરાયેલા લાગતા હતા,અને તેમને વ્યવહાર ચલાવવા જતાં એમ થતું હતું કે.....

૩૧...'' તમે મારાથી કાં દૂર જાવ,
તમને ધકેલે ધીમેથી સમય''

એ પણ સમયની બલિહારી હતી. એજ સમય ધીમે ધીમે કવિને પિતાથી કેટલા દૂર કરી દે છે ? આ સમયે હવે પુત્રથી પિતાને જેટલા અળગા કરી દીધા છે કે હવે પિતાને કંઇ જેવી કોઈ વાત બને તો જ પિતા યાદ આવે છે પહેલાં એવું ઝાઝું યાદ આવતાં નથી સમય જાણે કે પિતા પુત્રની વચ્ચે બલનાયક જેવો લાગે છે. કવિ કહે છે કે.....

૩૨...''તમારાથી હું યે દૂર દૂર થતો જાઉં
હાલે મને યે દે ધકકો સમય''

મૃત્યુ પછી પિતા તો જ્યાં છે ત્યાંજ છે પણ સમય પુત્રને પિતાથી દૂર થઈ જાય છે. નિકટતા અને દૂરીની વચ્ચે અનુભૂતિમાં તો કવિ પિતાને જ વાગોળી રહ્યા છે. પિતાશ્રી ગુજરી ગયા અને પ્રથમ પુણ્યતિથિ આવી તેની વચ્ચેની સ્થિતિ દરમિયાન સ્મૃતિમાં થયેલું આમૂલ પરિવર્તન કવિ સૂચવે છે. વિયોગની વાસ્તવિકતાને કવિ સમયના ઉપકરણની સહાયથી અનોખી રીતે વર્ણવે છે. સમય વિયોગનું નિમિત્ત છે. કાવ્યમાં સમયનું નવું અર્થઘટન છે. રચનાકલા અને સમયના ઉપકરણની દૃષ્ટિએ કાવ્ય નોંધપાત્ર છે.

છંદકૌશલના એક વધુ ઉદાહરણ તરીકે હસિત પુરાણું 'સ્વ.મા.' ચતુરભાઈને એક નોંધપાત્ર અંજલિકાવ્ય છે. સ્વ.ચતુરભાઈના સ્વભાવને કવિ પંક્તિઓમાં યથાર્થ ઉતારી શક્યા છે. કૃતિ સંયમ અને લાઘવપૂર્ણ છે. કાવ્યમાં માલિની, વાસિની અને અનુષ્ટુપની ગૂંથણી સુંદર છે.

શોકોર્મિકવિતાનો એક ખાસ્સો સ્વરૂપવિકાસ અંજલિનું આલેખન પણ છે. વિવિધ વર્ણોના વૈભવથી શોભતી અંજલિની અભિવ્યક્તિ વિવિધ છે. મીનુ દેસાઈ કૃત 'રાષ્ટ્રપિતાને' કાવ્યમાં ગાંધીને આપેલી અદના આદમી તરીકેની અંજલિની ભાતાભિવ્યક્તિ સુંદર છે.

૩૩.''અહો ગાંધી બાપુ, વધુ નહીં કશું માગું બસ કે
મહા તારી જ્યોતિ તણું, કિરણ એકાદ દઈ દે''

ગાંધીના મહાન વ્યક્તિત્વને આપણે તો આંબી શકવાના નથી જ માટે કવિ કરગરી નમ્ર ભાવના વ્યક્ત કરે છે કે.....

૩૪.''અમે તો મામૂલી તમ ચરણની ધાક રજના ''

મહાન ગાંધી સામે કવિ પોતાની જાતને અદના આદમી માની લે છે અને પ્રભાવશાળી ગાંધીના વ્યક્તિત્વને આદરભાવે નમ્ર અંજલિ ધરે છે.

૩૫.''નહિ માગું કો'દિ વિભૂતિમય તારું જીવન હું ''

કહીને કવિ વ્યક્તિત્વ સામે પોતાના સામ્ય વૈષમ્યને બાજુએ મૂકીને ગાંધીના અભિદાનિય વ્યક્તિત્વનું સુંદર ચિત્રાંકન કરે છે.

મીનુ દેસાઈનું 'રાષ્ટ્રપિતાને' નિર્દોષ શાહી સોનેટ છે પણ અછાન્દસ કૃતિઓમાં ચોટ અંજલિ આપે છે. 'ચાચકને' અંજલિની વિશેષતાઓ આ પ્રમાણે છે. (૧) ચાચકનો સંગીતકાર તરીકેનો પરિચય. (૨) ગીતના ગાયક તરીકેનો પરિચય તેમનો સંગીતની દુનિયામાં તુલનાત્મક અભ્યાસ અને સંગીતકાર તરીકેની વિશેષતાઓ (૩) સંગીતકાર તરીકેના પાસામાં સૂરની લહરમાં દર્દભર્યા દિલનો ખલ્લ તે કરી કોઈ દિવસ મળશે

kalpana's

નહીં. તેના દર્દભર્યા ભેદક લયથી તે દેવદાસ બન્યો ત્યારે પારુના અંતરમાં આશાનો પ્રકાશ તે ભરી શક્યો. ઠરકેહીકાકીના ગીતોની તેણે નહેરું અને ઉમરઘટ્ટામને જીતી લીધા હતા. આમ ચકુકી સાયકલની પ્રતિભા વિકસાવી ઉપસાવી શૈલે અંજલિ આપતાં કવિ કહે છે કે.....

૩૬...'મે કરી મળશે કદી
દીલની તારી સુરાવલીઓની પૂરણ સાયકલ''

કૃતિ અભ્યાસ તો છે જ ઉપરાંત ઐતિહાસિક પાત્રોના સંદર્ભથી તુલનાત્મક અભ્યાસ માટે નોંધપાત્ર બને છે.

અભિવ્યક્તિના કૌશલ માટે 'ઠકકર બાપાની અંજલિ' સ્મરણીય છે. ગહન શોક માટે સ્વજન સાથે નિકટતા અનિવાર્ય છે પણ નિકટતા ન હોય છતાં શોક ગહન રૂપે ઝાલેબાય તો તેમાં અભિવ્યક્તિના કૌશલની કમાલ જ છે.

૩૭...'હું મિત્રના હૃદયમાં લય પામી તો યે
વા'લી મને વહુ વહુ ઝંખે એવું થાય
જાણે હજી ય મુજ પાસ સુંની સુની હું''
શોપાસ શબ્દ-અલંકાર રહું સુણન્તો
હું કર્મ-મર્મ મરતું ય તને ન લાડું ''

ઉપરોક્ત પંક્તિઓ ઝવેરચંદ મેઘાણીકૃત 'તદ્દદુરે તદ્દન્તિકે'' ની છે. આ કાવ્યમાં વ્યક્ત થતી વેદના પ્રસ્તુત સ્વજનના મૃત્યુમાંથી સીધી અનુભવેલી વેદના નથી પણ મોર્ડન રીવ્યૂના તંત્રી શ્રી રામાનંદ ચેટરજીએ પોતાની પત્નીઓના અકાલ અવસાન નિમિત્તે ટાંકેલા એક અંગ્રેજી ગીત પરથી કવિએ વિયોગ અને શોકની ભાવના ઝીલી છે. અહીં એ સ્પષ્ટતા પણ જરૂરી છે કે ભાવના પ્રસ્તુતિ છે. પણ અભિવ્યક્તિના કૌશલને લીધે તેની આસ્વાદની માત્રા એટલી ઊંચી લાગે છે. કે તે પોતાની અંગત વ્યક્તિ પાછળ અનુભવાતા શોકની કૃતિ લાગે છે. કાવ્યના વ્યક્તિવિશેષ સ્વજન ન હોય, આત્મીયતા ન હોય, છતાં અનુભૂતિની વેદના સ્વજન સમી તીવ્ર હોઈ શકે તાદૃશ તાસીર

kalpana's

ઉતારી શકે એજ આ કૃતિની વિશેષતા છે.

ક્યારેક એવું પણ બને કે આખું કાવ્ય વ્યક્તિપરક ના લાગે, કદાચ ચિંતન પ્રધાન લાગે, ક્યાંય ઉલ્લેખ સરખો પણ જોવા ના મળે. છતાં કાવ્યમાં બારોબાર શોકમાંથી સાકાર થતો ચિંતનનો મધુપર્ક અનુભવાય. ઊંડો અભ્યાસ ન હોવાથી કાવ્ય આપણને કદાચ શોકો ર્મિકવિતા લાગેય પણ ખરેખર તે કોઈ ચોક્કસ વ્યક્તિના મૃત્યુના શોકમાંથી જાગેલા ચિંતનનું કાવ્ય રૂપાંતર હોઈ શકે. દા.ત. ''મૃત્યુનો મરસો'' કાવ્ય ઝવેરચંદ મેઘાણીનું છે. સુંદર માલબનમાં મૃત્યુના રૌદ્ર-સૌમ્યની શોક-પાવનતાના તેજ છાયાના રંગો તેમાં છે. તેમાં મૃત્યુના રૂપનું વર્ણન છે.

૩૮.'' માડી ? તારા પરગટ રૂપ કેના ચળતા રે
ભીતર માંડે યોહન ભાન
-કે જોયું જા જનની તે બોલ્યે રે''

આ કાવ્યપણ ચોક્કસ વ્યક્તિના મૃત્યુ પર લખાયેલું હોવાથી કલ્પિત કે પાયા વગરનું નથી પણ ઉત્કટ અનુભૂતિનું રૂપાંતર છે. ૧૯૩૦ માંડારાવાસમાં સૈનિક નિવિકમનું અવસાન થયું ત્યારે તેના સબને જોઈને આ કાવ્ય અને ચિંતન રૂપનું માટે આ પ્રકારના શોક કાવ્યોનો એક નવો વળાંક જોવા મળે છે અને તે એકે શોક ના મળે પણ કૃતિની પૂર્વ ભૂમિકામાં બારોબાર શોક હોય અને કૃતિ તેનું કલાત્મક રૂપાંતર હોય. અભિવ્યક્તિની દૃષ્ટિએ આ વિશેષતા, સિધ્ધિ ગણી શકાય આમ ઉપર ટપકે જોતાં કૃતિ ચિંતનની લાગે પણ અંતરંગમાં વ્યક્તિવિશેષના અવસાનનું નિમિત્ત હોય, અવસાન શોકમગ્ન હોય વ્યક્તિનિર્દેશ કૃતિમાં ના હોય પણ નિશ્ચિત વ્યક્તિનું મૃત્યુ જ તે કૃતિનું નિમિત્ત હોય. આ પણ એક વિશેષતા છે.

પ્રભાવ બંદારા સ્વજન સૌંદર્ય યોજી ગહોભાવ સ્થાપી મૃત્યુ પ્રસંગે તેમનો વ્યાપક, ગહન અભાવ શોક વ્યક્ત કરવાનું એક શોકો ર્મિકવિતામાં સામ્ય જોવા મળે છે. 'જાગૃતિ ગંગા' શીર્ષક હેઠળ બેટાઓ લખેલી કૃતિમાં

kalpana's

ગાંધી બદારા વ્યાપેલી જાગૃતિનો તંદા જ કવિ આપે છે. સૂકાપાનની માફક કાંપતી પ્રજાને કંઈ લોખંડી શક્તિએ સ્ત્રી-કુણી બાવી જાગૃત કરી દીધી. નિર્માલ્ય પ્રજા સજીવન કરી દીધી તે વર્ણવતા કવે છે કે.....

૭૬...'દુઃખ દારિદ્રયને દેખી, પારકી જાળમાંધ્યને,
સંજીવની તણા મંત્રે, જગાડ્યાં નવ જીવને
ઢંઢોળ્યા કંઈ સુષુપ્તોને, જાગાડ્યા અર્ધ જાગતાં
જાગેલાને ઘસાવ્યા'ને, દોડાવ્યા ચાલતાં જ્યો.'

ભાવનાની દૃષ્ટિએ સ્ત્રીઓમાં સ્ત્રીત્વ ખ્હોર્યું, ગાંધીના પ્રતાપે પુરુષોમાં પૌરુષ પ્રગટ્યું નવોધમ, નવું જોમ , નવો થન , નવો ઉમંગ, નવું ધ્યેય, નવાં પ્રેમ, નવાં શ્રેય, ચારે બાજુ નવજાગૃતિનો સંચાર, જેનાનો સંચાર થયો. જડતામાંથી ગતિપ્રગતિ- ઉન્નતિ તરફ સંચાર થયો ગાંધીનો વિસ્તરતો વ્યાપક પ્રભાવ કવિએ રાષ્ટ્ર જેનાની જાગૃતિ બદારા બતાવ્યો છે.

રૂપાંતર શક્તિની કાવ્યોચિતતા દૃષ્ટાંત તરીકે હરિચંદ્ર ભટ્ટનું 'પ્લેટોનો આત્મા' વિશિષ્ટ કાવ્ય છે. કાવ્યનો વિષય માનસિક નથી પણ કાવ્યોચિત માનસિકતા પૂરવાર કરી દે છે. એક નાટ્યાત્મક કથ્ય બદારા લાઘવપૂર્ણ, ચોટ રીતે સંજ્ઞા આપી દે છે. પ્લેટો આકાશમાં ગરુડની જેમ પથરાઈ ગયો છે. કહી કવિ પ્લેટોની પ્રચલિત લોક પ્રતિમા અને વિચારધારાનું સમર્થન કરે છે અને કહે છે કે..... ગ્રીસ પાસે છે જે તો માત્ર જ કબર છે. એક પ્રકાર વૈવિધ્ય, રૂપાંતર પ્રક્રિયા, ભાવ-નિરૂપણ, અને સ્વરૂપની દૃષ્ટિએ પણ 'પ્લેટોનો આત્મા' નિવાળાંજલિ પ્રકારનું નોંધપાત્ર કાવ્ય છે.

શોકોર્મિકવિતામાં શોકની ભાવાભિવ્યક્તિ, તેના પ્રકારસ્વરૂપનું મહત્વનું સ્થાન છે. વ્યક્તિથી શોક વ્યાપે તે સ્વભાવિક છે પણ ક્યારેક ઉત્કટ શોક બધું વાતાવરણ ઊભું કરી દે છે. ત્યારે વ્યક્તિથી શોક અને શોકમાંથી બધા અનુભવાય છે. કૃતિમાં ભાવું ભાવોદ્રેક હોય તો કાવ્યાત્મકતા વધી જાય છે. સુંદરજી બેટાઈએ શોકની અભિવ્યક્તિ બાપની ઘણી કૃતિઓ આપી છે.

kalpana's

પણ બે સર્ગમાં 'અદ્ભુત ચમત્કારી' ઉત્તમ કાવ્ય ગુણો ધરાવતી ગુજરાતી કવિતા પ્રશસ્તિ કાવ્યોમાંની એક સુંદર કૃતિ છે. કલાત્મક અંશોના વિનિયોજન વ્યાપાર, મંથન, ચિંતન, શોક, કરુણ જેવા અનેક કાવ્યતત્વોની નવીનતા-નવીન તાજગી તેમની આ કૃતિમાં અનુભવાય છે. સદ્ગત પત્નીના અવસાનના શોકથી ચાલ્મીયતાજી તો જડ થઈ ગયા છે પણ આખું વાતાવરણ જડાઈ ગયું હોય એમ લાગે છે. આ જડતાની જેવી માઠી અસર થઈ છે કે આંસુનો સ્વભાવ તો વહેવાનો છે પણ વહેતા આંસુ પણ જડ થઈ ગયા છે. જાણે કે ઉલ્કાપાત થયો હોય તેવી વ્યાપક અસર આ મૃત્યુની છે તેથી ઘટના પ્રજ્ઞાત જેવી લાગે છે.

"દિગ્મૂઢતા ઘરે કેવી, વ્યાપેલી સર્વના દિલે
જડ જેમ થયાં પૂતળી, વહેવાનું ચુના ભૂલે
જ્યોત્સ્નાનીલ રૂની, તારું હસું આ કે મરે સહે
જેમ ના ચાળી છેદે, ઉલ્કાની ઉગ્ર વૃષ્ટિએ."

અનુષ્ટુપનું, જડતા અને સન્નાટો રૂતબ્ધતા વ્યાપી જાય છે. શોક અને ભયનો ચાલંક ઘેરો અને કલાત્મક છે.

કવિતાના વિવિધ કલાતત્વોમાં વ્યુત્ક્રમથી આવતી અભિપ્રાયક્તિની અસરકારકતા અને વક્રોક્તિ પણ કૃતિને ખૂબ ઉપકારક નીવડે છે. ઉક્તિની વિવિધ છટાઓમાંથી ભાવની ચમત્કૃતિ જન્મે છે. આ છટાઓમાંની વ્યુત્ક્રમ અને વક્રોક્તિ પણ છટા છે. શોકોર્મિ-કવિતામાં કાન્ત આ ભાવની ઓટ પૂરે છે. રજાની માંગી કાવ્યમાં કાન્ત લખે છે. "રજા આ રંક માનસને ....." અહીં વ્યુત્ક્રમ છે. પ્રાચીન કાવ્યોમાં ઉલટક્રમના દૃષ્ટાંતો ઘણા જોવા મળે છે. નરસિંહની દયારામ સુધી આવા પ્રયોગો થયા છે. જેમાં ભાષાની એક ઓર જ ખૂબી અનુભવાય છે....." આધુનિક સાહિત્યમાં રચનાવૈચિત્ર્ય માટે, વર્ણનના માટે, શબ્દો અને અક્ષરોના લાઘવ માટે ભાષાને પ્રતિકૃતિ જેવી છૂટ લેવાય છે. પણ આ રચના વૈચિત્ર્યનો કોઈ બુદ્ધિપૂર્વકનો ઉપયોગ જણાતો નથી કાન્તે આ પ્રયોગોની

kalpana's

ગુજરાતીના અભ્યાસથી ક્યાં હોય કે કેમ તે કહી શકાતું નથી પણ ભાષાના પ્રણુત્વ અને રક્ષણકીક્ષની દૃષ્ટિએ તે સિધ્ધિ છે. બે લક્ષિકત બે મત છે 'સખી ને ચાલંતા' કહી કવિ 'છાયા તરુવરભર' કહે છે એમાં પણ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લુપ્ત છે તે જ રીતે નરસિંહ મહેતા પણ ૪૨.''વાત પકવાનથી ધૂપ ના લાગે '' બે ઉદાહરણોમાં પકવાનની વાતમાં પ્રત્યય લુપ્ત જ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વ્યુત્પન્ન વિના પણ વિભક્તિનો પ્રત્યય લુપ્ત રહી શકે છે. સંસ્કૃત ભાષામાં સમાસથી જે લાઘવ આવે છે તે ગુજરાતીમાં આ રીતે આવે છે. આવા પ્રત્યય લુપ્ત શબ્દોને સમાસ ના ગણવા જોઈએ અને તે જુદા પાડવા તે ઘણુ પણ નથી. ભાષાકીય દૃષ્ટિએ શાસ્ત્રીય તર્ક આમાં બાધારો છે. એ સિધ્ધિ ગણી શકાય.

કાન્તના કાવ્યોમાં અન્યોક્તિના ભેદ વધારે છે. વિધુર કુરંગ, પ્રમાદી નાવિક કે રજાની માંજરી જેવા ઘણા કાવ્યોમાં તે નાયક અને નાયિકાના આત્મા માટે અન્યોક્તિ નાવિક, રાજ હંસ કે કુરંગના રૂપકો આપે છે. કાન્તની આ બાબિયત છે કે કવિતામાં લગભગ આલંબકીતા પરોક્ષ રીતે રજૂ કર કરવી. તેથી ભાવ વધારે સઘન, ચિત્રાત્મક અને આસ્વાદ્ય બને છે. કવિતા આ પ્રમાણે નવું રૂપ ધારણ કરે તેમાં કાવ્યાત્મકતા અને કલાત્મકતા વધારે દીપી ઉઠે છે. આ ઉદાહરણો પરથી જ તારણ કાઢી શકાય એમ છે કે અન્યોક્તિ કાવ્યને કલાત્મક બનાવતી હોવાથી સિધ્ધિરૂપ છે.

શોકોન્મિલિતામાં શોકની અભિવ્યક્તિ માટે રમેશચન્દ્રએ એક કાવ્યમાં નિયતિ સામે આક્રોશ ઠાલવ્યો હતો. આવેશ કે રોષ પણ શોકને કારણે આવી શકે જેમ ઈર્ષા એક પ્રેમનું જ રૂપ છે તેમ રોષ પણ શોકની જ કલાત્મક અભિવ્યક્તિ છે. નિયતિની નઠોરતા સામે લાચારી ક્યાં આક્રોશ ય.ક.ઠા. પણ ઠાલવે છે. જીવની કંગાલો વ્યકત કરતાં તે કહે છે કે.....

૪૩. ''ક્યું, ક્યું ક્યું જતાં જ મુજ દૃષ્ટિનો મેર તું
ન કયમ કંઈ ભાષાનો, મદ્રુપ રૂપ જાતે''

kalpana's

આ પંક્તિમાંથી જ હૃદયની બાતરા મળે છે.

પ્ર.:..'કમરે ચુબતી ઢાળો , દુઃખરૂપ જાન જીવને'..

પત્નીના ખોળે જીવને ઝન્નત તો છે જ તેમાં સ્મૃતિઓ હોવાય છે અને બધી છે. ત્યાં કવિ ચિંતન આપે છે કે '' આમ રમણીથી સુખ માની લઉં તો તેમાંથી પણ કંઈ દુઃખ આપે છે ? કંઈ તો દયાળુ, કરુણાળું જણાય છે. બીજાને મારી આનંદ સેવામાં તને ક્યો આનંદ કે તૃપ્તિ થાય છે ? કવિ આલોક ઠાલવે છે કે તને કંઈ હૃદય જેવું જ નથી , એમ લાગે છે પ્રત્યક્ષ કારણ કે તને લાગતી જ થતી નથી. તારી બુધ્ધિ જડ અને હાસ્ય નઠોર છે. હું વિરાટ અને ચલિત છે અને અમે મોટી શક્તિવાળા બન્ને હોઈએ પણ અમારી શક્તિ મોટી નથી. કંઈ માનવજ્ઞાનને બેક બાજુ રાખી આપ નહીં પ્રાપ્ત કરી શકે ? અહીં તો લોકપ્રવાહ લહેરાય છે. થોડા બી-દૂને બાળવાથી સમૂહને કંઈ ધોવાનું છે ? તારો અને અમારી સ્પર્ધા ચાલુ જ રહેશે. કંઈ બેક , અને અંક ગણી બુધ્ધિપૂર્વકની મૃત્યુની રમત સ્વભાવિક લાગે છે.

પ્ર.:..'મળે હરિ કરી મને, ન કાંઈ ઉકલે'' કહી નિયતિ અને માનવના વિચારો બંદારા મૃત્યુ પર વિજય સેવાની તરકીબ લાગે છે.

વિરહ કાવ્યોમાં પ્રારબ્ધ આધારી પાત્રોના બેઉ બંદારા કવિ મનોવ્યથાની કલાત્મક અભિવ્યક્તિ આપે છે. બેમાં શોક વાક્તવિકતા છે. મતિ અને મજ ના વિચાર બંદ-દમાં કવિની નિયતિ સિંધુ જેવી થાય છે.

પ્ર.:..ઘરે મજ ! રે મતિ ઉર, ઠગીસ શું તારો ધણી.

X X X X X

થયા દિવસ કેટ પ્રશ્ન પૂછતાં રતાવ્યા કરો?

દિવાલ ઘડિયાળ શો પણ ન જેહ થતો ઉત્તરો !!

ઘડિયાળ ચાલ્યા કરે છે મજ અને મતિના સૂક્ષ્મ સંવાદ ચાલ્યા કરે છે. તેના અવિરત પ્રવાહ ને ઘડિયાળની અવિરત ગતિ આપે કવિ સરખાવે છે એ ઉત્તમ ઉપમા છે. અભિવ્યક્તિ માટે સાર્થક બની રહે છે.

kalpana's

સ્નેહરશ્મિના કાવ્યોમાં અભિવ્યક્તિની એક નવી વિધિ હાંસલ થતી જોવા મળે છે. કાવ્યમાં આલેખનનો આશય સિધ્ધ કરવા માટે ઉપકરણની કાવટનું કૌશલ સ્નેહરશ્મિ પુરવાર કરે છે. સ્વ. મિત્ર કાંતિલાલ કાપડિયાના ચોનેટ ગુચ્છમાંથી 'સ્વપ્ન' માં એક મોટું દ્રશ્ય વર્ણવી તેમાં મિત્રનું સાન્નિધ્ય પણ સ્વપ્નવત્ અનુભવે છે. તો 'અશ્રધ્ધા' માં નાની નાની પ્રાકૃતિક ઘટનાઓ દ્વારા કાવ્યસુરતા પ્રતિબીંબિત કરે છે. એક ઉપકરણથી પણ આશય સિધ્ધ કરી શકે છે. અને અનેક ઉપકરણોની ગુંથણી પણ કરી શકે છે. એ સિધ્ધ કરવા માટે વિવિધ દૃષ્ટિકોણથી દ્રશ્યો ગોઠવી નવા બિંબો રચાપી કાવ્યને પ્રભાવકતા આપે છે.

મનસુખલાલ ઝવેરી 'દાદાજી' કાવ્યમાં ધર્મભાવના, લોકરીવાજ દર્શન અને ચિંતનના હેતુ સિધ્ધ કરે છે પણ આશ્ચર્ય એ છે કે શોક ચિંતન સુધી પહોંચે છે. અને પ્રસંગ તાદૃશ ચિત્રો દ્વારા કરુણ નિષ્પન્ન કરે છે. કેટલાં શોકોર્મિ કવિતાના મુખ્ય બે તત્વો શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણની સ્વાનુભૂતિ કવિ સરસ રીતે છે.

"...દળ્યાં' તાં લોચની ઉંડા, આપના આત્મ સાગરે
માણવા મૂલ્ય મોતીનાં, મૂલવી મૂલ્ય બહારનાં ''

મૃત્યુની મુદ્રામાંથી શોક અને ચિંતન કવિ સાધે છે એ કૌશલ આ પંક્તિઓમાં જોવા મળે છે.

મહાપુરુષોના જાહેર પ્રભાવ અને જ સેવાને આધારે લખાયેલાં કાવ્યોમાં ગાંધીજી વિશે જ ઘણાં શોકોર્મિ અને અંજલિ કાવ્યો લખાયાં 'ગાંધીજી' મિથકાન્ત મળિયાનું સ્મરણાંજલિ કે ભાવાંજલિ કરી શકાય તેવું ગદ્યાન્વય ભાવસભર કાવ્ય છે પ્રભુ રામની સાક્ષીએ દરેક કામ કરનાર ગાંધી પાસે પ્રેરે રામેય રામનામ સિવાય બીજું કોઈ હતું નહીં છતાં આશ્ચર્ય કે ગાંધી સહજતાને ઉથલાવી, આ ચમત્કારને કવિ લાઘવ પૂર્વક સચોટ રીતે ચાલખે છે. કૃષ્ણલાલ શ્રીધરાણી કાવ્યમાં ગાંધી માટે કહેતાં હતાં કે .....

kalpana's

૪૮. ''મોખરે ધર્યે હસી હસી જવાન ડોસલો''

૪૯. ''દડબડ દડબડ પગલાં, કરી ગયો શું કામ ?
ચલાયમાં કેવલ એક પ્રશ્નનું નામ'' અપંક્તિ શૈલીના નમૂના તરીકે પણ નોંધપાત્ર છે.

'જાગૃતિ ગંગા' હેઠળની બેટાઈની કૃતિ છે. કલાનું સત્ય ચરિતાર્થ કરતી નીચેની પંક્તિઓ જુઓ.

૫૦. ''યુગોથી પૂર્વમાં ઉગીને તપતાં તપતાં પશ્ચિમમાં આથમું''
જ્યોતિર્ભોનો સદા જાણ્યો, ક્રમ નિશ્ચિત વિશ્વનો
હતો જ્યારે ભારતમાં પશ્ચિમે સૂર્ય ઉદ્‌ગમ્યો''

કવિ કહે છે યુગોથી પૂર્વમાં સૂર્યોદય થતો આવ્યો છે. પણ ભારતની પશ્ચિમે આવેલા પોરબંદરમાં ગાંધીનો સૂર્ય ઊગ્યો જેમાં કવિ સૂર્યોદયના કુદરતી ક્રમને ઉથલાવીને થતી વાસ્તવિકતાને વ્યંજનાથી સિધ્ધ કરે છે. જેમાં કાવ્યાત્મકતા અને કલાત્મકતા ખૂટે છે. પશ્ચિમમાં સૂર્યના ઉગે પણ ગાંધીજી પશ્ચિમમાં જન્મી વિશ્વમાં અજવાળાં પાથર્યાં તેથી 'જ્યાં પશ્ચિમ ઉગે ત્યાં' ની ઉક્તિ પ્રમાણે સૂર્ય પશ્ચિમમાં ઉગતો બતાવ્યો એ વ્યંજનાની દૃષ્ટિએ કલાનું સત્ય છે. બાકી કુદરતી ક્રમ પ્રમાણે સૂર્ય પૂર્વમાં જ ઉગે આ પણ બાલેખનનું એક કૌશલ છે. તો નીચેની પંક્તિમાં ઉપમા પણ સરસ યોજે છે કે ૫૧. '' પ્રતાપભાનુના જેવાં, સાંજના સોનલી સળી'' કવિની આ ચણિયાકૃતિ ભાવાત્મક વ્યંજનાયુક્ત, કાવ્યાત્મક, કલાત્મક અને મૌલિક છે 'જાગૃતિ ગંગા' કાવ્ય ગુજનાત્મક સંવાદ, અને કાવ્યના કલાશાના દૃષ્ટિએ ખૂબ મહત્વનું છે. પ્રસ્તાવના પૌરાણિક શૈલીની કવિ સુંદર ગુંથના ગોઠવે છે. ગંગાવતરણની સિધ્ધ કવિ ગાંધીના કાર્ય સાથે સરખાવે છે. જેમ ભગીરથે, ભાગીરથી પૃથ્વી પર લોકોના કલ્યાણ માટે લાવી તેમ ગાંધીજીએ જાગૃતિ ગંગા ઠોર ઠોર વહેડાવી વળી 'ભગટી જેમ જડતા અને

kalpana's

મંદતા' માટે 'જાડ્યમાંધ' શબ્દપ્રયોગ મૌલિક છે. જે સમયમાં સ્ત્રીઓ ઘૂમટામાંથી બહાર જોઈ શકતી નહોતી કે બહાર કરી શકતી ન હતી તે સમયમાં સમાજ અને દેશની સેવામાં સ્ત્રીઓ જોડાવા લાગી, તેનો યશ ગાંધીજીએ ચાલેલી જાગૃતિને ફાળે જાય છે. ત્યાં શ્રી ૦કિની યથાર્થતા પણ જળવાય છે. ગાંધીજીના જીવનની સિધ્ધિઓ પણ કવિ વર્ણવે છે કે (૧) રાજકારણ, વકીલાત, વેપાર ન્યાયમાં સત્યની પ્રતિષ્ઠાની હિમાયત (૨) ગાંધી એક અડગ પ્રકાશના જ્યોતિ હતા. આમ 'જાગૃતિગંગા' અનેક દૃષ્ટિએ નોંધપાત્ર બની રહે છે.

મહાત્મા ગાંધીના અવસાન નિમિત્તે લખાયેલાં કાવ્યોમાં નોખી અભિવ્યક્તિની દૃષ્ટિએ તરી આવતું વૃજિન રાતળાનું ''ગાંધીજીની હત્યા'' કાવ્ય સવિશેષ ગણી શકાય. સ્મરણરૂપે ગાંધીજીના વ્યક્તિત્વનું આલેખન કરતાં કવિ કહે છે.

૫૨. ''મારા ને તારા હૈયાની વચ્ચે કયાં પ્રવાહો બેહતા
જેને લઈ રક્ત વહ્યું
તારું જાગી મારું રક્ત બહુ કળપી ઊઠ્યું
X X X X
મારા શ્વાસ મહીં હું મોત તારા છેલ્લા શ્વાસ
ફરી''
જ્યારે માનવ કરશે યાદ
બોલવું આપણે ત્યારે અંધ''

મૂળ પોર્ટુગીઝ ભાષામાં રચાયેલી, બાઈબલની કથિની શૈલી લેતી ગાંધીજીની હત્યા વિશે લખેલી કૃતિ પરથી ભાષાંતરિત આ કાવ્ય છે. કરુણ, ચાડ અને શાંતનું નિરાલય પ્રકટીકરણ એના આલેખનની વિશેષતા છે. ચાલ્ય વિવેક પ્રકટાવતી આ પંક્તિઓમાં મનુષ્યત્વનો ઉત્તમ મર્મ પ્રગટે છે.

kalpana's

૫૩...ગાંધીજીને પ્રિય હોવા સઘળા મદ્ય પદાર્થો, એમને પ્રિય સઘળા સિધ્ધાંતો અને માનવીય અનુકૃતિઓનું કાવ્યાત્મક સ્મરણ કાવ્યમાં સર્વત્ર ગૂંથી રહ્યું છે.''

સ્મરણ પર આધારિત નલિન રાવળની કેટલીક કૃતિઓમાં શ્રી બળવંતરાય ઠાકોરના સ્મરણ સાથે સંકળાયેલી રહ્યા 'બુધ્ધા' છે.

૫૪...''ચોપાટી નહીં ચુંબક નહીં વીંઝાય
આંખ મહીં જાલ્યા જાનું મુંબઇ ભૂલે-નીંદાય
રાત બધે પથરાય
રાત બધે પથરાય ને બે બુધ્ધ ધીરે ક્યાં જાય ?
દરિયો લઈને આંખમાં બે બુધ્ધ ધીરે ક્યાં જાય ?

બ.ક.ઠા. ના પ્રભાવશાળી વ્યક્તિત્વનો ચમત્કાર બાપની આ પંક્તિઓમાં માર્મિકતા છે.

'અવકાશ' - કાવ્યસંગ્રહમાં નલિન રાવળ કાન્તને સ્મરતાં નીચેની પંક્તિ કહે છે કે.....

૫૫...''મનમાં
ગહન કો સ્વપ્ન થઈ
સંવેગમાં ઊડી
(નીરવ એની ગતિને સાંભળી હતાં
મારાં - તમારા કાનમાં)''

'ગુલાબ' ની સાથે જ સ્મરણ તાજું થાય એવા પંડિત જવાહરલાલ નહેરુની સ્મરણાંજલિ 'રાતું ગુલાબ' છે. નલિન રાવળ જવાહરલાલના મૃત્યુનું ગૌરવ આ રીતે આંકે છે કે.....

૫૬...''ક્યારે ક્યારે મૃત્યુ સૌરભનો ગુંજ પાથરી લિયે
એક બધે

kalpana's

કિરણોની પાંખો પર ઊડી
દ્યુતિ ખંડોની પાર
ઉછાળતા ઝળઝળ ઝળઝળ તેજ સાગરે તરતી
સૂર્ય સાગરે સાગર થઈ ઝળહળ્યું''

'ચદીક સવારી'ની નોંધપાત્ર સિધ્ધિઓમાં વિવિધ શબ્દ પ્રયોગો, મૃત્યુદર્શનની વાસ્તવિક રજૂઆતની કાબેલિયત, ભાવયુક્ત કરુણ સભર અભિવ્યક્તિમાં ક્લાત્મકતા ઉમેરતા છતાં અનુભૂતિ અને અભિવ્યક્તિમાં કૃત્રીમતા આવતી નથી. બે પ્રકારે મૃત્યુનું આલેખન સુંદર સમન્વય પામે છે. (૧) એક વાસ્તવિક અનુભૂતિપૂર્ણ આલેખન (૨) ક્લાત્મક સંસ્કારોપિત મંગલ દૃષ્ટિકોણથી મઢેલું મંગલ મૃત્યુ બીજી વિશેષતા અર્વાચીન ગુજરાતી કવિતામાં નૂતનતા છે અને દાહોરની અસર પણ તેમાં વર્તાય છે. મૃત્યુને જોઈ શકાતું નથી માટે તે 'ચદીક સવારી', વજ્રચક્ર, સહસ્રધા ચક્રમ્'નું જેવા પ્રયોગો દ્વારા તેની અજ્ઞાનકતા, આકસ્મિકતા અને વેધકતા વ્યક્ત કરે છે. 'ચદીક સવારી'માં એક શબ્દ પ્રયોગ ઉઘડતા યૌવન માટે, કૌમાર્ય માટે છે. કવિ કહે છે 'સંપુરી યૌવન' જેમાં વ્યક્ત થતો માનસિક સ્ત્રિ સ્વિદજત્વનો ભાવ સુંદર છે. જીવનના નવા પ્રદેશમાં મંગલપ્રવેશ, નવા સંસ્કાર નવું ઘડતર દાંપત્યથી માણે છે. જાણે કે એવું લાગે છે કે અપૂર્વ, દાંપત્ય સ્વિદજત્વ લાધ્યું.' માનસિક અભિવ્યક્તિની સિધ્ધિ ગણી શકાય.

'ચદીક સવારી'માં શોક અને કરુણ પણ સુંદર રીતે ગૂંથાય છે. મૃત્યુ માટે ના મંથન અને ચિંતનમાંથી શોક અને કરુણનું નવું રૂપ બહાર આવે છે. મૃત્યુની ઘટનાની અજ્ઞાનકલાત્મ વર્ણનતા કવિ કહે છે કે મૃત્યુથી ચેતનશીલ જીવંત આત્મીયજનો પણ જાણે કે જડ થઈ ગયા. અરે જે રુદનથી શોકને અભિવ્યક્તિ મળે તેવા આંસુ જડની જેમ થંભી ગયા ? તેનો વહેવાનો ધર્મ ભૂલી ગયા ? માટે જ આ ઘટના વજ્રાઘાત જેવી કે ઉલ્કાપાત જેવો છે.

૫૭.''દિગ્મૂઢતા અરે કેવી ? વ્યાપેલી સર્વના હિલે

kalpana's

જડ નેત્ર ગયાં ખૂલી, વહેવાનું ચૂકયા જ્યે
જ્યોત્સ્નાશીલ રખી ? તારું હૈયું ગા કેમ રે
કેમ ના રાગણી છેડે, ઉલ્કાની ઉગ્ર વૃષ્ટિ ગે ''

રૂતબ્ધતા પણ શોકની જ ચેક ગતિવ્યક્તિ અને વ્યથામાંથી શોકનું વાતાવરણ અને શોકમાંથી વ્યથાનું વાતાવરણનો વિનિમય પણ કલાત્મક અને કાવ્યાત્મક છે. ચેકોક્તિ હોવા છતાં પ્રાકૃતિક તત્વો સાથેનો યોજેલો સંવાદ કલાત્મક રૂપકો યોજનવાળો છે. લગ્નની સ્મૃતિ, મૃત્યુના સ્વરૂપની વિવિધ છાયાઓ જેમકે સાગર ઘેરો ગયો, આંતરબાહ્ય, મંગલ કુમકુમ તગેરે 'અદીઠ સવારી'ની ગતિવ્યક્તિના કલાતત્વો છે. શોકોર્મિકવિતાની ગતિવ્યક્તિનું કૌશલ સુંદરજી બેટાઈ કાવ્યબાની શબ્દ અને પંક્તિ રચના, ભાવાભિવ્યક્તિ, મૃત્યુનું માંગલ્ય વગેરે સિધ્ધ કરે છે.

'અદીઠ સવારી' ના પાંચમાં કાવ્યખંડમાં ઉત્કટ શોકની ગતિવ્યક્તિ છે શોકોર્મિકવિતા મર્યાદિત પંક્તિઓમાં શોકની ગતિવ્યક્તિ આપે છે પણ કરુણ પ્રશસ્તિમાં સ્વાયત્તિક-ચર્ચા પામેલું, ટૂંટાયેલું સ્વરૂપ જોવા મળે છે. ઝરતા કરુણ ગણાય જાણે કે બુધ્ધિ શબ્દોને નિરર્થક લાગે છે. કવિ બુધ્ધિ કરતાં પણ ભાવને અને હૃદયને વધારે મહત્વ આપે છે આ ગતિવ્યક્તિની સિધ્ધિ ગણાય. શોકોર્મિકવિતામાં ઘણા ઓછા કાવ્યોમાં શોકની ઉચ્ચ ગતિવ્યક્તિ ધૂમકેતુ, ઉશનસ્ અને સુંદરજી બેટાઈ જેવા કવિઓની આ વીરલ ગતિવ્યક્તિ છે શોક અને સંવેદન બુધ્ધિ અને હૃદયની રસાત્મક સૃષ્ટિમાં જ્યાં શોક જીવે છે ત્યાં કવિ કરુણને અને શોકને સચોટ ગતિવ્યક્તિ આપે છે. અને સાબિત કરી દે છે કે 'તત્વનું રૂપકું તુચ્છ લાગે'' આ ગતિગમ પણ ઉત્તમ છે.

શોકોર્મિકવિતામાં ખબરદારથી સુરેશ દલાલ સુધીના કાવ્યો પર નજર નાખતાં જણાશે કે આ પ્રકારે તેમાં પરિવર્તનની ગતિવતા રહ્યા છે. કવિગત પરિવર્તન, કૃતિગત પરિવર્તન અને સમયગત પરિવર્તન તેમાં પણ પ્રયોગવાદી કવિતામાં પ્રયોગની નૂતનતા પણ છે જ . દા.ત. ખબરદારના અંત્યાનુપ્રાસ

Kalpana's

છે પણ નોંધ કારણ માત્ર પ્રાસમાધુર્ય છે ક્યારેક માત્ર શબ્દસૃષ્ટિની લીલા જોવા મળે છે. પણ સુરેશ દલાલના શોકોર્મિકવિતાના અંત્યાનુપ્રાસમાં ભાવમાધુર્ય તો છે જ ઉપરાંત અંજલિ કલાત્મક બને છે. ભાવ અને રસ આસ્વાદ્ય બની રહે છે. બ.ક.ઠા. ને કવિ કાન્તની જેવાં કાવ્યોમાં અંત્યાનુપ્રાસ ગોઠવી શબ્દો પાસેથી ધણું કામ કઢાવી લે છે. એવાં ૪૫ કાવ્યોની સાહિત્યિક ઉંમેજ ઉંચી બંધાય છે. શબ્દોનું લાલિત્ય અને વિનિયોજન 'પ્રિય કવિ કાન્તને' માં સુંદર છે. દા.ત.

૫૮.૧ પ્રિય કવિ કાન્ત
તમે માડુ ભર્યું ભર્યું કર્યું છે એકાન્ત
X X X X X X
મૃત્યુને આલેખ્યા કહી જાય શાન્ત''

શોકોર્મિકવિતાની એક નવી વિશેષ ઉપલબ્ધ આદર્શ વ્યક્તિઓનો પરિચય આદર્શ વ્યક્તિત્વની ઓળખ છે. વિવિધ છંદોને કારણે ઉત્તમ અને આદર્શ પાત્રાલેખનો કેટલાંક શોકોર્મિ કાવ્યોમાંથી મળે છે. દા.ત. સદ્ગત કાંતિભાઈ કાપડિયા પર લખાયેલા સોનેટ ગુચ્છમાં સ્નેહરશ્મિ 'કોલ' નામનું એક સોનેટ મૂકે છે. મંત્રીનો આદર્શ સમજાવતા આ સોનેટમાં ભાવાભિવ્યક્તિ પણ સુંદર છે. આદર્શ દાંપત્યનો પરિચય બ.ક.ઠા.ના પત્ની વિષયક કાવ્યોમાંથી મળે છે. ન્હાનાલાલના 'કુલમોગિની' ને પણ નોંધપાત્ર બનાવી શકાય છે. આ રીતે આદર્શ નેતારૂપ માતા, પિતા, ગુરુ તો પરિચય આપતા કાવ્યો પણ છે. જેમાં સ્નેહ, શૃંગાર, કરુણ, વાત્સલ્ય, વીર જેવાં અનેક રસ અને ભાવોનું આલેખન પણ સુંદર છે.

'એક અંજલિ' પત્નીલક્ષી ગ્રામ્ય અંજલિ કાવ્ય છે. 'સાંઈને' અંજલિ આપવા માટે લખાયેલા કાવ્યમાં કવિ સાચા સંતના લક્ષણો અને દંભી, કહેવાતા સંતના લક્ષણો તેમની ઓળખનો ભણકાર આપે છે. જ્યારે કાવ્યમાં સાંઈ, નેતા નો ગુણાત્મક, સચોટ પરિચય આપી ગાંધીના ઉત્તમ વ્યક્તિત્વને

kalpana's

પ્રમાણિત કરે છે. ગાંધીને જ ઉત્તમ નેતા, અને ઉત્તમ સંત અને રાજકીય પુરુષ તરીકે પ્રસ્થાપિત કરે છે. એ આ કાવ્યની સિધ્ધિ છે. ઉદાત્ત ચરિત્ર ધરાવનાર ગાંધી માટે મસ્તક ઝૂકી જાય એ 'એક નમ્ર અંજલિ છે. માટે જ્ઞાનપીઠ 'એક અંજલિ' શીર્ષક પણ યથાર્થ છે. 'ગુર્જરીનો અશ્રુ પ્રવાહ' કલાનું સત્ય શીખવતું કાવ્ય છે. જો કે કલામાં પણ તે પ્રતીતિકર લાગે છે. કુદરતમાં વર્ષા અને વસંતની વચ્ચે મોટો ગાળો રહેલો છે. વળી બન્ને પરસ્પર વિરોધી ઋતુ છે. પરંતુ કવિતામાં 'સહુ બાળ રોય' કહી 'વર્ષા ચહીં આજ વસંત જોયે'' કહે છે.

પદ..''વર્ષા ચહીં આજ વસંત જોય
બે વાટિકા અશ્રુ વિશે તણાય
બાપુ ગયો પુષ્પ તૂટ્યું ગણાય''

કાળને ઓકે બાળ રૂપી પુષ્પ તૂટી પડ્યું તેથી વસંત નેટલી કાંઠિત થઈ અને બધા રોયા તેથી વર્ષાઋતુનો ભાવ આવ્યો માનસિક ભૂમિકા પર કવિ પરસ્પરને ઋતુમાં અસર બતાવે છે. પ્રકારાંતરે આપણેઆને આત્મલક્ષી ભાવની પરલક્ષી રૂપાંતર માત્ર કહી શકીયે. 'ગુર્જરીનો અશ્રુ પ્રવાહ' એ દૃષ્ટિએ સિધ્ધહસ્ત કલમની કાબેલિયતનો પરિચય કરાવે છે.

અન્ય કાવ્યસ્વરૂપોથી ભિન્ન સ્વરૂપ ધરાવતા શોકોર્મિકવિતાની વિશેષતા એ છે કે શોકની કાવ્યાત્મક અને કલાત્મક ભાવાભિવ્યક્તિ આપણું આ કાવ્યસ્વરૂપ છે તેમાં ઊર્મિ, કલ્પના, દૃષ્ટાંત રૂપકને અવકાશ છે પણ મુખ્ય ઘટના સત્યમૂલક, વાસ્તવિક છે. એનો મૂર્ધન્ય ઉપસાવી કાઢેલો કે કાલ્પનિક નથી માટે વાસ્તવિક ઘટના નિરૂપણ ને કલાત્મકતા અર્થે ઊર્મિ, કલ્પન તેની અભિવ્યક્તિના સેતુ તરીકે કાવ્યમાં આવે છે. શોકોર્મિકવિતા સત્યમૂલક નિશ્ચિત ઘટનાની જીવંત કાવ્યાત્મક ભાવાભિવ્યક્તિ આપણું કાવ્યસ્વરૂપ છે. તેમાં મૃત્યુની ઘટના સર્વ સામાન્ય છે પણ સ્વજન-સ્નેહનું વૈવિધ્ય છે. કાવ્યસ્વરૂપની વિવિધતાનું એક મુખ્ય પરિબળ આ સ્વજન

kalpana's

શોદર્શનું વૈવિધ્ય છે. સ્વજન સાથેનો સંબંધ, તે પ્રમાણેની આત્મીયતા તે પ્રમાણે જ ભાવજગત અને શોકની અનુભૂતિનો તે રીતે ક્લાસ તેમાં જોવા મળે છે. શોકોર્મિકવિતાનું આશ્ચર્ય જ એ છે કે મૃત્યુની સર્વસામાન્ય ઘટના છતાં ભાવાભિવ્યક્તિમાં ક્લાત્મકતાની રંગપૂરણી ભરી દે છે તેથી જ મૃત્યુજન્ય શોક અને કરુણનો આસ્વાદ ભિન્ન તરકીબે જુદો પડી આવે છે.

સ્મૃતિ શોકની જનની છે. સ્મૃતિની ગોદમાંથી શોકઝરીતા વહે છે. ચિંતન તેમાં રંગીનતા બક્ષે છે. કરુણ તેના આસ્વાદનું ભૂત છે. આ સ્વાસ્વાદની અનુભૂતિ કાવ્યનું આકલ્પ હોય તો કરુણ તેની ઉત્તમ પ્રાપ્તિ છે. અંજલિ તેમાં વશ છે. અને આ તત્વોને સથવારે શોકોર્મિકવિતા ક્લાસ્વરૂપ પામે છે ને વિના સ્મરણાંજલિમાં સરી પડવાનો ભય રહે છે. તે કોઈપણ એક પ્રકારની અંજલિ બની રહે છે પણ તેને શોકાંજલિ કે શોકોર્મિકવિતાનું પદ મળતું નથી ત્યારે કહેવું પડે છે કે દરેક શોકોર્મિકવિતા કે શોકાંજલિ કવિતા અંજલિ કવિતા છે પણ દરેક અંજલિ પ્રકૃતિ કવિતા શોકોર્મિ કે શોકાંજલિ કવિતા નથી અર્થાત શોકોર્મિકવિતા અંજલિ કવિતાને ચાંપી જાય છે. ભાવાંજલિ, માનાંજલિ, અર્ઘ્યાંજલિ, નિવાપાંજલિ, શ્રદ્ધાંજલિ, સ્મરણાંજલિ એમ અંજલિ વિવિધરૂપે હોઈ શકે પણ એ સર્વમાં કાવ્યતત્વની દૃષ્ટિએ અને ક્લાતત્વની દૃષ્ટિએ શોકાંજલિ અને શોકની ઊર્મિ વિશેષ છે. શોકોર્મિકવિતામાં શોક કેન્દ્રસ્થાને છે અન્યતત્વો તો શોકની ભાવાભિવ્યક્તિ માટે છે.

ઉપર્યુક્ત પ્રકરણમાં ચર્ચાના દૃષ્ટાંત રૂપે ઉશનસનું 'કુલમર્યું' સ્વરૂપબદ્ધ કાવ્ય લાગે તેવું છે. 'કુલમર્યું' શીર્ષકમાં જ પરવાની ક્રિયાના નિર્દેશથી ઋણસ્વીકારની આત્મીયતાને શોકનો અનુભાવ બનાવે છે તે ચમત્કૃતિ, વ્યંજના અને લક્ષણાના અર્થમાં વિસ્તરે છે સઘન અભિવ્યક્તિ પામે છે. ચિંતન સાથે પણ ટકી રહે છે. ચિંતન નિર્ણયક સાબિત થતાં જ શોક તીવ્ર અનુભવાય છે. અનુભૂતિ દ્વારા શોકને નવે સ્વરૂપે કાવ્યમાં ઝીલે છે. સમગ્ર કાવ્યમાં શોક કેન્દ્રસ્થાને છે. એને અંધમાંથી ધરતા ભાનુ વડે સદ્ગત બાળકીને અંજલિ પણ

kalpana's

આવે છે ત્યાં કાવ્ય પૂર્ણ પૂર્ણતા પામે છે.

આવી જ સુંદર અભિવ્યક્તિ, ઘેરા શોકનું આલેખન 'ચૂની સકર' માં છે. એમાં શોક અને ખિન્નતની સ્વાકૃતી છે. કવિ મૃત્યુ જીવન, નશ્વરતા સંસાર, સર્વનું ચિંતન કરે છે. માનવતા વિચાર વ્યવહાર એ માટે વ્યર્થ છે. છતાં એ શોકને ચમાવી શકતો નથી એજ શોકની ભાવાભિવ્યક્તિની સર્વોપરિતા છે.

"વ્યર્થ આ સંસારને હુંફાવતો કંઈ
સકરમાં કેમ બાંધે ચુકાનો ''

કાળના ચમૂહમાં કવિનું જીવન ચુકાન વગરનું છે. એની શોકઝરમર કરુણતા આલેખાઈ છે. પુત્રીના અવસાનનો શોક ઉમાશંકરના કાવ્યમાં, વેદ, પુરાણ, ધર્મ, ચિંતન આધ્યાત્મિકતા, દર્શનને [illegible] ઝંકારે છે. એવો જ ઉંચી કક્ષાનો શોક કવિ 'ચૂની સકર' માં ગાયે છે. અન્ય પાસાંઓ પણ યથાર્થ નિરૂપાયેલાં હોવાથી બન્ને કાવ્યો ગુણવાન શોકોર્મિકાવ્યોના ગુણો ધરાવે છે.

લાઘવયુક્ત સચોટ અભિવ્યક્તિ નવા કાવ્યોની મોટી સિધ્ધિ છે. અને અભિવ્યક્તિની ચમત્કારકતાની ખામનતા તેમનું બીજું લક્ષણ છે. ઉત્તમ કાવ્ય માટેની કવિચુસ્ત સાથેની રચના નવી કવિતાની ખાસિયત છે, નવા કાવ્યોમાં જુના ઉપકરણો, દૃષ્ટાંત, રૂપકોના સંદર્ભમાં નૂતનતા પણ નોંધપાત્ર સિધ્ધિ છે. ભાવાભિવ્યક્તિમાં બે પ્રવાહો જોવા મળે છે. નવા અલંકારો, પ્રાસ, અર્થઘટન, અથવા જુના અલંકારો અને અન્ય ઉપકરણોમાં નૂતનતા, ઢંકમાં આધુનિક ગુજરાતી અને અર્વાચીન ગુજરાતી કવિતામાં નૂતનતા (કોઈપણ સ્વરૂપની) સિધ્ધિ છે. શોકોર્મિકવિતામાં ભાવનુસંધાન પ્રયોગો ઘણા કાવ્યોમાં મળી આવે છે. જેની ચર્ચા જે તે કાવ્ય સાથે થઈ છે. અર્થાત્ શોકોર્મિ-કવિતા અર્વાચીન કાવ્ય સ્વરૂપ છે અને અર્વાચીન કાવ્ય સ્વરૂપમાં મળી આવતાં અર્વાચીન કવિતાના લક્ષણો શોકોર્મિકવિતામાં પણ છે તે સહજ્ઞાત્ય છે.

શોકોર્મિકવિતાનું એક નજરાણું ગુચ્છકાવ્યો પણ છે. સ્નેહરશ્મિનાં

kalpana's

સદ્‌ગત કાંતીભાઈ કાપડિયા માટે લખાયેલા સોનેટનાં ગુચ્છકાવ્યો, સુંદરજી બેટાઈના કાવ્યો, કાન્તના સદ્‌ગત પત્ની માટે લખાયેલાં કાવ્યો ગુચ્છમાં મૂકી શકાય તેવાં છે. બ.ક.ઠા. ના ગુચ્છકાવ્યો, પિતાના અવસાન પર લખાયેલા ઉશનસ્‌ના ગુચ્છકાવ્યોમાં કાવ્ય માટેનો ઉત્તમ પુરુષાર્થ મળી આવે છે. ગુચ્છકાવ્યોના સંદર્ભે કોઈપણ કૃતિને સ્વતંત્ર વિચારીએ તો કૃતિને કે કાવ્યને અન્યાય કરી બેસીએ તેવો ભય છે માટે સમગ્ર ગુચ્છ માં પણ તેનું શું સ્થાન છે તેવા સંદર્ભે ગુચ્છના કોઈપણ કાવ્યનો વિચાર કરવાનો હોય દા.ત. ઉશનસ્‌ કૃત 'હું જાણું' સ્વતંત્ર રીતે જોતાં શુધ્ધ ચિંતન લાગે પણ જ્યારે ચાગર્ભ્રાહ્મણના કાવ્યો જોઈ તપાસી તેનું મૂલ્યાંકન કરતાં કાવ્યનો તાગ પામી શકાય છે.

શોકોર્મિકવિતામાં સ્વજનનો નીર્દેશ સ્પષ્ટ પણે હોય અને ના પણ હોય ક્યારેક એવા કાવ્યો પણ મળી આવે જેનો સંદર્ભ ન જાણતા હોઈએ તો કદાચ આપણે તેને બોટા વર્ગની કવિતામાં ગણતા થઈ જઈએ. સંદર્ભ વિના તે કાવ્ય વર્ણનાત્મક કે ચિંતનાત્મક લાગે પણ શોકોર્મિકવિતામાં તો ચિંતન એક કાવ્યના વિષયવસ્તુનું અંગ છે એ પોતે કાવ્યનો વિષય ન ગણી શકાય તેથી શોકોર્મિકવિતાના સંદર્ભની તપાસ પણ મહત્વની ગણી શકાય કાવ્યમાં ચિંતન કોઈ વ્યક્તિના અવસાનને કારણે હોય તો તે શોકોર્મિકવિતાના લક્ષણગત ચિંતન ગણાય પણ ચિંતનકાવ્યમાં ન ગણાય. કાવ્યના અંગરૂપ ચિંતનને મહત્વ આપી તે કાવ્યને ચિંતનાત્મક કૃતિ કહેવી ઉચિત નથી. બધેર તો એવું કાવ્ય સવિશેષ ગણવું જોઈએ કારણ કે સામાન્યતઃ મળી આવતાં કાવ્યો કરતાં તેની ગણિત્યકિત કંઈક જુદી રીતે થઈ જાય. 'અમૃતલાલ પેટલીકર કૃત' મૃત્યુનો ગરબો' આવી કૃતિ છે. ૧૯૩૦ માં ત્રિભુવનનું અવસાન થયું ત્યારે તેના શબને જોઈને કવિને આ કાવ્ય ૠ સ્ફુર્યું. શોકની નવીન અભિવ્યકિતનું તેથી આ એક શોકોર્મિકાવ્ય કહી શકાય.

શોકોર્મિનું એક જ્યા પાણું ચંજલિનો ભાવ છે. સમાન ઉપકરણો

kalpana's

દૃષ્ટાંતો, રૂપકો હોવાં છતાં કવિકર્મ તેના વિનિમયથી પરખાય છે. ઉ.ત. સૂર્ય, ચંદ્ર, તારા નું ચાલેખન ન.ભો.દિ. કરે છે અને સ્નેહરશ્મિનું કવિકર્મ જ ચડિયાતું લાગે છે. રચનાબંધ સ્નેહરશ્મિનો ચડિયાતો લાગે છે. શોકોર્મિકવિતામાં અંજલિ હોય જ એવી અપેક્ષા નથી પણ હોય એ આવકાર્ય છે. કેટલાંક કાવ્યમાં તો અંજલિ સમન્વય સાધતી લાગે છે. ઉમાશંકરના 'પ્રણિદત્ત બુદ્ધો' માં શોકાંજલિ અને નિવાપાંજલિનો સમન્વય છે. કવિતામાં કવિ કસ્તુરબા માટે મૈત્રેયીમૂર્તિ તરીકેનો અહોભાવ વ્યક્ત કરે છે. કસ્તુરબાના સ્વભાવના ગુણોને કારણે ગાંધીના ગુરુપદે રહ્યાં છે. અહિંસક આંદોલનમાં કસ્તુરબા કવિને પણ કામ લાગ્યાં એનાં નમ્ર સ્વીકારમાં નિવાપાંજલિનો ભાવ છે. પણ જ્યાં કવિ 'ઉર નીતર્યું' કહી ભાવ પ્રગટ કરે છે ત્યાં શોક અને દુઃખ ના ભાવો વ્યક્ત થઈ જાય છે. અષ્ટકમાં નિવાપાંજલિ અને ષાદકમાં શોકવીની અંજલિને કારણે 'કાવ્ય શુંકન' સુંદર બની જાય છે.

અંજલિની અભિવ્યક્તિ માટે રચનારીતિની પણ જેવી, કવિએ ગણાય. કાવ્યમાં જેનો ઉલ્લેખ છે તે કવિતા કાવ્ય ગ્રંથો કે ગ્રન્થ કૃતિ અથવા પંક્તિનો બદલે કાવ્યમાં સ્વૈચ્છા, રૂપક રચીને જેવી કાવ્યાત્મકતા સિદ્ધ કરે છે. ઈ.'ડબ્લ્યુ બી. ટોલ્સ ને' કાવ્ય તેમજ 'રાતા ગુલાબ' માં

Red rose, proud nose, sad rose, of my all days ની ભાવ The roses પૃ. ૩૫ નો અનુવાદ જ છે. તેમજ 'ગીત પ્રેમની ચારુ પ્રયોગમાં અને ચેટ્સની ઘણી કૃતિઓમાં નોંધપાત્ર લાગે છે. દા.ત. When you are old - પૃ. ૪૬ , 'આબાદ પ્રયોગમાં પણ 'ચેટ્સના કવનનું ખરું ભારતીય આંખે જોવાના નિદર્શન રૂપ છે.'' જે હોય સુંદર બધું જલ શું તણાતું આવે'' ની પંક્તિમાં The old man admining themselves in the water પૃ.૯૧ નો અનુવાદ છે.'' આ પ્રકારની પ્રયુક્તિઓ ગુજરાતી કવિઓને ગમાયેલી કાવ્યાંજલિ, શોકાંજલિ કે ભાવાંજલિ અથવા નિવાપાંજલિ-

kalpana's

માં મળી આવે છે. કાન્ત, ન્હાનાલાલ, નર્મદ, ન.ભો.દ. ગો.મા.ત્રિ મોંથી ન્હાનાલાલના કાવ્યોમાં આવી પ્રયુક્તિઓ વધારે એકરૂપ સ્થિતિમાં મળી આવે છે. શૈદર્ભની દૃષ્ટિએ તો અર્થ હોય છે જ પણ કાવ્યનાં આલુ પ્રવાહમાં પણ તે તેટલોજ ખ્યાલ લાગે છે. 'નર્મદને વધાઈ' માં આનંદના ભાવમાં 'સ્મૃતિ વર્ષની ગુર્જરી ગૌરવંતી થઈ' કરી નર્મદને ચહેલા કવિ તરીકે અંજલિ આપે છે એ કાવ્યનું બીજું પાસું લાલિત્યપૂર્વક નર્મદનું કર્તૃત્વ વર્ણવે છે તે વિધિ જણી શકાય.

શોકોર્મિકવિતા કાવ્યગત ભાવ, સ્વ અને અન્ય વચ્ચે સમાનતાનો ધરાવતું કાવ્ય સ્વરૂપ છે એ સુવિદિત છે. એમાં કૃતિગત કંઈ નોખાપણું નકશીકામની જુદી ભાત પાડવામાં રચનાકૌશલનો મહત્વનો ફાળો છે. શોકની ભાવાભિવ્યક્તિનું માત્ર ઉલ્લેખમાંથી સીધી સાદી રીતે આલેખાતી હોય તેના કરતાં એમાં કંઈક ને કંઈક વિશેષ વિશાલ્પકતા, નાટ્યાત્મકતા, ક્રમ્ય, તાદૃશતા, ઉક્તિવૈચિત્ર્ય વગેરા કવિ પોતાનું રચનાકૌશલ બતાવી શોકોર્મિકવિતાને સંસ્કૃત અને કલાકૃતિની કક્ષામાં મૂકે છે. કાવ્યે કાવ્યે અનેક પ્રકારનાં વિવિધ વિનિમય-વિનિયોજન જણી આવે છે. ઉત્તમ ભાવાભિવ્યક્તિ માટે અને સ્વના ગાસ્વાદણ માટે પદાવલી કોષ્ઠક, છંદ, સંસ્કૃત વિદ્યાનો, કહેવતો, લોકપ્રાચ્યતા, લોકોક્તિઓ, વિરામ ચિહ્નો, વિરોધાભાસનું વૈવિધ્ય જણી આવે છે. ચરિત્ર વ્યક્તિના પ્રભાવ અને વ્યક્તિત્વ માટે પણ કવિપત્નીની ક્રોટી થતી જોવા મળે છે. 'ધંબો હતે નિષ્ફળ ગયુમારાં'' ગણ્યા માણેક કૃતિ'સ્વ. મહાદેવભાઈનું' રચનાકૌશલ ધ્યાન ખેંચે છે.

કેટલાક કાવ્યોમાં કુલિ તત્સમ શબ્દો પારોથી કાવ્યાત્મકતા સિધ્ધ કરે છે. દા.ત. 'કેશુભાશંકર બહુને' કાવ્યમાં પૂજાલાલ વ્યક્તિત્વના ઉઘાડ માટે તત્સમ શબ્દપ્રયોગો પ્રયોજે છે જેમાં કે ચક્રાશાસ્ત્ર વિશારદ ચિરચિંતનો, બ્રહ્મતત્વ, ક્ષમા, વિમલાત્મચિત્ત જેવાં સંસ્કૃતપ્રચુર શબ્દો નવા અર્થો અને ઈંદર્ભો આપતા નવા શબ્દપ્રયોગો પણ મળી આવે છે. 'લાલ નર્મદા' કાવ્યમાં શહાદત માટે 'શક્તિનો સેતુ બંધ' ગિરિજા કંકરી હેમુ'

kalpane's

કવિ જ્યારે કાવ્યમાં એક કરતાં વધારે રૂપો વૃદ્ધારા ભાવાભિવ્યક્તિને વધુ ને વધુ પુષ્ટ કરે અને તેમાં લયનું સાતત્ય પણ રાખે ત્યારે ભાવની જીવંત અભિવ્યક્તિ બની જાય છે. અમરચંદ મેઘાણી કૃત 'ભર ભર છોટ્ટ ઈ અંજલિ' માં શુદ્ધ ભાષા, રાજસ્થાની ભાષા, હિન્દીના પ્રયોગો દુહાગો, સોરઠી લયને કવિ કાવ્યમાં લાવે છે તેથી ભાવ વધુ ને વધુ અસરકારક બને છે. દા.ત.

"બસ બસ બોલ્યે બટકતાં
ન જડે જોડીદાર
જિનકી હેડી હલ ગઇ
નાકા બૂરા હાલ
બૂરા તેણે લાલ
હેડી જિણ ગાયન હુવા"
ભાઇ મરે બસ હારિયે, બેન મરે દુઃખ દશ જાત
માહીતર મરે ઉના, ચૌદમા વા વાય
(પણ) સબ દુઃખ જેગા થાય
હેડી ? એક તમે બૂઝો"

કુલનામક પરિચય આપતાં વ્યક્તિવિશેષ સ્વજનના અવસાનથી પડેલી ખોટ અને આઘાત બહુ બેહજબક છે. મૃત્યુથી થયેલા ભિન્નવિયોગની અસર વ્યક્ત કરવા માટે કવિ ફૂલ, મેઘમલ્હાર, તૂટ્યા તંબૂર ની લાઘવ યુક્ત તુલના લાવે છે. ભિન્નનો આકાર છે પણ સ્મરણ નિરાકાર છે. તે આલેખવા માટે કવિ તંબૂર અને સૂર અને તેના ભાકારને તપે છે. કાવ્યમાં ભાષા તો એક જ છે પણ તેની બોલીઓનો કલાત્મક વિનિયોગ કરી બતાવે છે. આખું કાવ્ય સોરઠી લયમાં છે. લોકબોલીના પ્રયોગો પણ છે. ભાષાની સંપૂર્ણતા અને સિદ્ધિ માટે આ કાવ્ય ગણનાપાત્ર છે.

રચનારીતિની દૃષ્ટિએ કેટલાક શોકોર્મિકાવ્યો અને અંજલિ કાવ્યો નોંધપાત્ર છે. શ્લોક અને દુહાના અર્ધોનો એમાં વિનિયોગ કરેલો છે.

kalpana's

§૩.,,

Red rose, proud rose, sad rose
of all my days'' 'The rose'

(સ્વપ્ન પ્રયાણ- હરિકૃષ્ણ પટ્ટ) નો અનુવાદ છે. તેમજ 'ગીત પ્રેમની ચારસુંં' પ્રયોગ વાંચતા પણ વર્ડ્ઝી ચેટ્સની કૃતિઓ સાંભરે છે. દા.ત.When you are old પૃ.૪૬ 'આળાદ' પ્રયોગમાં પણ ચેટ્સના કવનને ભારતીય આંખે જોવાના નિદર્શનરૂપ છે. ''જે હોય સુંદર બધું તે જ શું તણાયું આવે'' ની પંક્તિમાં ''The old man admiaring themselves in the water '' (પૃ.૯૧) નો અનુવાદ છે. આવી વિવિધ પ્રયુક્તિઓનું વિનિયોજન હરિકૃષ્ણ પટ્ટની નિવાપાંજલિ અને ભાવાંજલિઓમાં મળે છે. કાન્ત, ન્હાનાલાલ, નર્મદ, ન.બો.દિ. ગો.માધવ.ના કાવ્યોમાં સવિશેષ જોવા મળે છે. ન્હાનાલાલના કાવ્યમાં પ્રયુક્તિનું વિનિયોજન અર્થસંદર્ભવાહી અને એકરૂપ લાગે છે. કાવ્યોમાં અનુવાદના સંદર્ભમાં અન્ય કાવ્યાંશો કરતાં કે પંક્તિઓના મથાળે કરતાં 'તરજૂમાની શક્તિનું કવિકર્મકૌશલ'ના સંદર્ભમાં બે કાવ્યો તપાસીએ તો કદાચ વધુ ઉચિત લેખાશે.

§૪.,,

Eagle ! whp soarest thon
above the tomb
To what sublime and
starry eaven no me
Floatest thon ?
I am the emage of swift
plato's spirit
Asconding heaven; A thens doth
in herit his coppse below

તેનું રૂપાંતર

આ પ્રમાણે છે.

કવિ: "આ કબર ઉપરે ગરુડ ચાંહી કયાં તું ઉડે
ઉડી વિશ્વ તારકા પ્રથ, સૂર્યxx શુક્રય ધ્રુમે જતો
ઉડે ગગનમાં ઉંચે, ન રહું ચાત્મ પ્લેટો નગો
જતો શબ ચહીં, નીચે ગ્રીસ ભલે રહે સાગરી"

શોકોર્મિકવિતામાં ઉર્મિકવિતાના 'લાઘવ' ના લક્ષણને જાળવી સચોટ ભાવાભિવ્યકિત અને ઉત્તમ સંજ્ઞિનો સમન્વય પન્ના નાયકની 'પ્રિયકાન્ત ને' કાવ્યમાં છે. કાવ્યની અંતર્ગત રૂપક એ મૃત્યુના સ્વભાવનું ઇંગિત ચાલેખન ખૂબ જ પ્રતીતિકર છે. જગતના મેળાxx મેળામાં ચટવાઇ ગયેલા જીવ રૂપી બાળકને મેળામાંથી બહાર નીકળવું ગમતું નથી અને મેળાની માયામાં x ઘર યાદ ચાવતું નથી. ત્યારે તેના ઘર ભણી મોકલી જવા મૃત્યુ તેની આંગળી ઝાલે છે ચમિત્ર થઈને પણ જીવ-ચાત્માના પોતાના ઘરની દિશા બતાવવાની યાટે કૃત નિશ્ચયી મૃત્યુ ચડગ છે, એ તેનો સ્વભાવ છે. કાવ્યાંતે કવયિત્રી વિસ્મયનો ભાવ ઉભો કરે છે. એવું લાગે પણ અંતિમ પંકિતમાં લાગશે કે ભીતરમાં તેમનો ભારે શોક, ઝણનો અને કરુણરસની હૃદયદ્રાવક સ્થિતિ વ્યકત કરી દે છે. શોકની ભાવાભિવ્યકિતની રીત તાજગી, નવીનતા ચહીં ચનુભવાય છે. કાવ્યનું બીજ પણ સવિશેષ મહાન છે. 'પ્રિયકાન્તને' કૃતિ ઝાન્દસ છે. લય ગેય કાવ્યોથી જુદો હોવા છતાં, પ્રસંગના ચાલેખનમાં xxxxxxx નાટયાત્મકતા કે તાદૃશતા લાવે છતાં તે ભાવસભર, સઘન બની રહે છે અનેક કલાતત્વોનો સુંદર સમન્વય તેમાં થતો જોવા મળે છે તેથી રોકાધિક સિધ્ધિઓનો પુંજ કાવ્યને યશ અપાવે છે.

શોકોર્મિકવિતામાં કાન્તનું પદ કૌશલ- લલિત કોમલ કાન્ત પદાવલી અને છંદ કૌશલનું ઉત્તમ ઉદાહરણ xxxxxx પત્નીના અવસાન પછી વિયોગ વ્યકત કરતું 'વિપ્રયોગ' કાવ્ય છે. મરાઠી ભાષાનું x સરલ-મધુર ગંજુની છંદનો ઉત્તમ સફળ ઉપયોગ વિવિધયોજન અને તે પણ માત્રાબધ્ધ અવતરણ અર્વાચીન ગુજરાતી કવિતાનું ગૌરવ ગણાયો છે પણ જે કવિતામાં આ છંદ

kalpataru

પ્રયોજાયો એ 'વિપ્રયોગ' સદ્ગત પત્નીના અવસાન નિમિત્તે લખાઈ હોવાથી એક શોકોર્મિકવિતાના વર્ગની કવિતા બને છે. ઐતિહાસિક મૂલ્યની દૃષ્ટિએ આપણે વિચારીએ તો પણ 'વિપ્રયોગ' અર્વાચીન કવિતાનું પ્રતિમા-ચિહ્ન હોય તો છંદ પરત્વે કહી શકાય કે 'વિપ્રયોગ' શોકોર્મિકવિતામાં શી રમોર છે છંદકૌશલ ઉત્તમ દૃષ્ટાંત રૂપ 'વિપ્રયોગ' શોકોર્મિકવિતાએ અર્વાચીન ગુજરાતી કવિતાને ઉત્તમ દેન છે. ભાવાર્દ્રચિત્તને વ્યથાવલોવતી, હતાશા વ્યર્થ આશ્વાસન પછી કારમી વાસ્તવિકતા સામે 'સાવ લાચારી' માં મૂકી દેતો ચક્ષોસ વ્યક્ત કરતી પંક્તિ

૬૬. ''આકાશે ચેની એ તારા
ચેની એ જ્યોત્સ્નાની ધારા
કરુણ નિશા ચેની રે
પણ દ્વારા ક્યાં છે ચેની એ ?''

ગુજરાતી કવિતાનું ઉત્તમ નજરાણું છે. આ છંદના સફળ પ્રયોગ પછી ઘણાં કવિઓ પર તેની ખૂબ અસર થઈ અને કાવ્ય માટે આ છંદ પર પ્રયોગો થયા એમાં કાન્ત અપવાદરૂપ રહ્યા. બાકી બધા કાન્તનું અનુસરણ સ્વીકારે છે કલાપી પર પણ તેની ખૂબ અસર થઈ તે પોતે જ જણાવે છે. કે

૬૭. ''આકાશે ચેની એ તારા'' એ એક દિવસ કોણ જાણે હું કેટલી વખત ઘૂંટ્યો હોઈશ અને બીજે જ દિવસે એ રાગમાં લખવા જેવી જ કેટલીક લાગણીઓ આવતાં મેં કટકા લખ્યા છે.'' (પ્રાપુના પત્રો-૧૨.૫)

''કલાપીના કેટલાક કાવ્યોમાં કાન્તના જ ગીતોની ઝંકાર, શબ્દોનું અનુકરણ અર્થની છાયા દેખાય છે.'' રા.વિ.પાઠક પૂર્વાલાપની પ્રસ્તાવનામાં આ વિશે 'વિપ્રયોગ' ની અસર-છંદની અસરના દૃષ્ટાંતરૂપે ઉલ્લેખ કરે છે.

કાન્તની ગુજરાતી શોકોર્મિકાવ્યોમાં છંદ અને ગન્ધોકિત તેમજ રૂપકના વિનિયોજન માટે આપેલો કાળો બુલાવ એમ નથી મિશ્રવૃત્તોના વિનિયોજનનું ઉત્તમ કૌશલ તો કાન્તમાં છે જ 'વિપ્રયોગ' તેમની 'રચના-

kalpana's

કૌશલ'ના ઉત્તમ ઉદાહરણ છે ઋણ વાત્સલ્યરસભાવવાળો પૃથ્વી અને તોટક લખવામાં પણ કાન્ત કાબેલ છે. તેમાં દૃષ્ટાંતરૂપ 'પ્રમાદી નાવિક', 'વિધુર કુરંગ', અને 'ખિન્ને નિવેદન' તેમજ 'વત્સલના નયનો' કાવ્યો છે 'પ્રમાદી નાવિક' અને 'વિધુર કુરંગ' પૃથ્વીના દૃષ્ટાંત છે અને 'ખિન્ને નિવેદન' તેમજ 'વત્સલના નયનો' તોટકના દૃષ્ટાંત છે.

'પૂ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને' યોગેશ જોશીનું કાવ્ય છે. અભિવ્યક્તિની એક નવીન ચમત્કૃતિ એ મંદાક્રાન્તા રચનામાં છે. કાવ્યમાં પ્રગટ થતા વિચારને કવિ કલાત્મક અર્થ ઘૂંટી ઘૂંટીને સ્પંદવે આપે છે. અને પરોક્ષરૂપે એ નિમિત્તે મૃત્યુનો પરિચય કવિ આપે છે કે 'સીમામાંથી અસીમમાં રૂપાંતર પામવું એજ મૃત્યુ' સદ્‌ગત કવિની જ સ્વૈરવિહારની જબાબ કાવ્યની અભિવ્યક્તિ છે. કવિએ યોજેલી તુલના પણ કાવ્યાત્મક છે.

૬૮..'અને નવતર પંખીનું ગીત સાંભળવા માટે તો
બહેરી થઈ ગયેલી શ્રુતિઓને
ખપ પડ્યો તારી સર્વેન્દ્રિયનો
સાવ જરાયે કૂણ ન્હોતું, એટલે તો
તારી પ્રાણશક્તિ,
કૈલાસ થઈ અગ્નિત પર્યંકિકાઓમાં
ને, તમારી ધૂપેરી ચકની તો
સમાઈ ગઈ
જ કુરુક્ષેત્રમાં કૃષ્ણે ઉચ્ચારેલી વાણીમાં''

અસીમનું વિસ્તરતા મૃત્યુના પ્રભાવનું આનંદકારી રૂપાંતર અને પરમકોટી 'કૃષ્ણ ઉવાચ' ની વાણીમાં પ્રગટ કરી સ્વૈરી કક્ષાએ જઈ અંજલિ અર્પે છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની જ કૃતિના વિચાર સાથે અંજલિરૂપે પોતાનો પ્રતિભાવ ઝીલી કાવ્યનું સૌંદર્ય ઉઘાડે છે. ઈન્દ્રિયવ્યત્યય, વિભિયોજન, નવીન ટેકનીક, મંદાક્રાન્તામાં અભિવ્યક્તિનું કૌશલ, અસીમમાં ઓગળતા મૃત્યુનો અર્થ કાવ્યની સિદ્ધિ છે.

kalpana's

શોકોર્મિકવિતામાં વિવિધ તબક્કે પ્રયોગો જોવા મળે છે જેમાં કે છંદનાં પ્રયોગો, નવીન ટેકનીક્સ, મૃત્યુનું માંગલ્ય, પ્રકાર વૈવિધ્ય, શોક અને અંજલિની ભાવાભિવ્યક્તિનું વૈવિધ્ય વગેરે. આ સર્વમાં દૃષ્ટાંત પરત્વે પણ એક નવીન સમાયણ મળે છે. જુના ક્લેવરનો પ્રયોગ આપણા કાવ્ય સાહિત્યમાં બાલાશંકરે જુના યુથમાં નવા ઊર્મિ, અર્થો પરોવી કર્યો હતો. શોકોર્મિ કવિતામાં એ પ્રમાણે જુના દૃષ્ટાંતોના પરંપરાગત અર્થોને બદલે નવા concept- સંકલ્પના, અર્થ, સંદર્ભ મળે છે એ વિશિષ્ટ ગણાય. બબરદારે સદ્‌ગત શ્રી બરડાની અંજલિમાં આવો સફળ પ્રયત્ન કર્યો છે. સામાન્ય રીતે રવીશશીનું દૃષ્ટાંત સાહિત્યમાં તેજ, પ્રકાશ ઉજ્જ્વળતા, ચિરંજીવીતા, કે કોઈક વાર ધવલ રંગ માટે પ્રયોજાય છે પણ બબરદાર સદ્‌વિદ્યા અને સંસ્કૃતિ, જે જ્ઞાની તેજીલી આંખો અને હૈયાની શિતળતા માટે રવીશશીના દૃષ્ટાંતનો ઉપયોગ કરે છે. પહેલી નજરે પુનરાવર્તન દોષનો ભય ઉભો કરતા આ દૃષ્ટાંતની ખૂબી એ છે કે એકજ કાવ્યમાં એકજ પાત્ર-સંદર્ભે દૃષ્ટાંત પુનરાવર્તન પામે છે પણ પુનેમાં સંદર્ભમાંથી પ્રગટતા અર્થની નવીનતા છે. એમાં માર્મિક ભાવાશ્લેષણ પણ છે.

શોકોર્મિકવિતામાં શોકની ભાવાભિવ્યક્તિ બે રીતે અસરકારક રીતે નિરૂપાઈ છે. દૃષ્ટાંત શૈલીથી સઘન બનાવાતી અભિવ્યક્તિ. દા.ત. અમાસે ચંદ્ર વગર આકાશમાં અંધારૂ લાગે, તારા હોય છતાં ઉજાસ ન લાગે તેમ અન્ય સ્નેહી હોવા છતાં સ્વજન વિના બાકી અંધકારમય લાગે પરંતુ ઘણાકાવ્યોમાં વિરોધાભાસથી ઘેરી અસર વ્યક્ત કરવામાં આવી છે. આ બન્ને પ્રકારો છે પણ બન્નેની નિરુપણશૈલીમાં ભીન્નતા છે. એક સમાનતાના ધોરણે અર્થ-સંદર્ભ રચે છે અને બીજો અંધકાર ભિન્નતા. આમૂલ પરિવર્તન દ્વારા અર્થ સંદર્ભ રચે છે. અનેક શોકોર્મિ કાવ્યોમાં આ બેમાંથી એકાદ પધ્ધતિ મળી આવે છે પણ ક્યાંક ક્યાંક નવો વળાંક પણ મળી આવે છે એ શોકોર્મિકવિતાનું નવું સોપાન ગણી શકાય. કવિ પોતાની લાગણીને જ્યાં અભિલાષામાં વિસ્તરતી બતાવી જ્યાં હોય ત્યાં પ્રિય-સ્વજન અભાવને દૂર કરવા માટેના પ્રયત્નોમાંથી

kalpana's

વ્યાપનો શોક વ્યક્ત કરી કાવ્યોચિત સમાધાન સાધે છે. કવિ વિવિધ ઉદાહરણોના વિસ્તારથી શોકનો વિસ્તાર બાંધે છે એ પ્રયોગની નૂતનતા છે.

ભાવાભિવ્યક્તિની એક નોખી તાસીર 'મુખર મૌનનો ઝરો' કાવ્યમાં છે. કાવ્યમાં ગહન શોકની અભિવ્યક્તિ કરતાં વિચારોની ઉચ્ચસ્તરે માનસિક ક્રિયા હોવાથી શોકોર્મિ નો ક્લાસિક લાગે બાકી ભાવાંજલિ, માનાંજલિ કે નિવાપાંજલિ પ્રકારનું કાવ્ય કહી શકાય કાવ્યમાં મૌનગંભીર ચહેરા ઉપર ઉભરાતા ભાવોનું નર્તન, શૈલકંકર જેવા ભાવોનું રસપ્રમત્ત રૂપાંતર કવિ ચાલેખે છે કે .....

૬૯.''ગાઈ રહે રસળતા તતત્થૈ, શો વહે મુખર મૌનનો ઝરો''

કવિ ધન્યતાનો ભાવ પુણ્ય પ્રગટ કરે છે કે ''ધન્ય એ તવ ચિંત્યુ કર્યું'' કવિ મુખરમૌનનો ઝરો કહી ઝરામાંથી ઉભરાતા ભાવોનું ચાલેખન xક્ષ કરે છે.

'એક બાળકીના મરણ વિશે' કાવ્યમાં ન.ભો.દિ. શોકની ફલાત્મક અભિવ્યક્તિ ચાખી શક્યા છે. મૃત્યુ પછીની દિવ્ય ભૂમિની પૌરાણિક કલ્પનાનો કવિ ભાવાત્મક સ્વીકાર કરે છે. શોક, વિયોગ અને ચાસ્વાસન'- એમ ત્રણેય સંદર્ભમાં કવિ દિવ્યભૂમિ- સ્વર્ગનો ઉલ્લેખ કરે છે.

૭૦.''હાવી દિવ્ય મુજ કોકિલા, જાતાં ઉંડો ચેકાચેક
કેમ નયનમાં ભા રહુ રે, મૃતાકુની રેખ ?'' પંક્તિઓમાં ઉલ્લેખાયેલી 'કોકિલા' મધુરકંઠના' સંદર્ભમાં લઈ શકાય અને કવિના કાવ્યકુંજમાંથી ઉડી જઈ મને ગીતવિહોણો બનાવ્યો છે એમાં ચહોભાવ અને દુર્ભાગ્યના શોકના મિશ્રભાવોનું ચાલેખન છે. કવિ કહે છે. 'દિવ્યભૂમિનો તો મને ખ્યાલ જ નહોતો કવિના કાવ્યકુંજમાં ગીત ગાતાં એ કવિનું ચહોભાગ્ય અને દિવ્યભૂમિમાં ઉડી જવાથી હવે એ ગીત ચાંભળવા નહીં મળે એ દુર્ભાગ્યથી તને, તારા કંઠને ખોવાના શોકમાં હવે ગાવું ચાસ્વાં રહ્યાં.

kalpana's

૭૧. "એ ઉપકાર ગો કોકિલા ! કેમ વિસારે આ પાર ?
એહ સ્મરી નવ ઢાળું શું ? ઝીણાં આંસુ બે ચાર
હાવિ દિવ્ય ભુજ કોકિલા, જાતાં ઉંડો એકાએક
કેમ નયનમાં ના સ્ફુરે, અમૃતાજ્ઞની રેખ ?"

કોકિલાના દિવ્યભૂમિ ગમન અને તેથી વિયોગ શોકનું નિમિત્ત છે. બાળકી પ્રત્યેના વાત્સલ્યને લીધે હૃદયઝંઝાનું ગાનનું કરુણ સ્વભાવિક લાગે છે. શોકના સ્થાયી ભાવ તરીકે કવિએ સ્મરણ સ્મૃતિને પણ કાવ્યમાં મહત્વનું સ્થાન આપ્યું છે. વાત્સલ્યમાંથી વિયોગ, વિલાપમાંથી વિરહ વ્યથા દ્વારા ઉત્કટ શોક વ્યક્ત કરી કવિ સમાધાન પ્રેરે છે કે તારા સ્મરણો અને ગીતોના સ્મરણો સ્મરી લઈ હવે આશ્વાસન લઈશ. કાવ્યની વિશેષતા મારે મત એ છે કે ઉત્કટ શોક નિમિત્તે ઘણાં કાવ્યોમાં સ્મરણનો ઉલ્લેખ છે પણ આ કાવ્યમાં શોક, આંસુ, આશ્વાસનના ઉપાય તરીકે સમાધાન નિમિત્તે સ્મરણનો ઉલ્લેખ આપે છે. મૃત્યુ પ્રસંગે હસતા રહી ગયેલા ચહેરાનું ભાવપૂર્ણ કવિનું અર્ઘઘટન ઉલ્લેખનીય છે.

૭૨. "અમરભૂમિને આંગણે દિવ્યગાન ગવાય
સૂણીને તે તુજ મુખ પરે, મીઠું સ્મિત લહેરાય "

સ્વર્ગના ગાનથી તને તારા ગીતો યાદ આવ્યા હશે અને હવે તું તારા વાસમાં પાછી જઈ રહી છે તેનો આનંદ તારા સ્મિતમાં પ્રગટ થાય છે આ કવિનું અર્ઘઘટન છે. તે પછી બાળકી સાથેની ચાત્મીયતા, દિવ્યભૂમિનાગીતો, તેમજ બાળકીનો મહિમા વ્યકત કરતી નોંધપાત્ર પંકિત આપે છે.

૭૩. "તે સ્મિત પાન કરી કરી, દિવ્યભૂમિ મેં જોઈ
એ ઉપકાર ગો બાળકી, સ્મરણે રહીશ હું રાખી"

કવિ મન મનાવી લે છે કે તારા સ્મિતપાનમાં જ મેં દિવ્યભૂમિના જાણે દર્શન કરી લીધાં છે, તારા જેવું બીજું ભાગ્ય કોનું હોય ? પણ તારા ચહેરા પર ફેલાતા સ્મિત અને આનંદમાં મને દિવ્યભૂમિની ઝાંખી થાય છે.

kalpana's

ન. ભો. દિ.ની કાવ્યવાનીમાં વિચાર ઉપર ભાવ અને હૃદય વધુ છવાઈ રહે છે. તેથી શોક વધુ હૃદયંગમ બને છે. બાળકી પ્રત્યે વાત્સલ્ય છે. અને તેનો ઉપયોગ કવિ શોકોદ્દીપન માટે જ કરે છે. તેમાં ઝરઝોસ, વિલાપ, રુદન, ગ્લાનિની વિવિધ ભાવછાયાઓ લાવે છે. તેથી શોકોર્મિકાવ્યમાં કાવ્ય એક જુદી ભાત પાડી જાય છે. સ્મરણને કાવ્યમાં નવું સ્તર આપવામાં કવિ સફળ રહ્યા છે.' એ ઉપકાર ઓ બાળકી, સ્મરણે રહીશ હું રાખી©માં આત્મીયતા, કવિની નિખાલસતા અને બાલસહજ ભાવુકતા દેખાય છે.

વિલાપનું પણ કાવ્યમાં આગવું સ્થાન છે, કવિએ મૃત્યુ પામેલી બાળકીને પૂછેલા પ્રશ્નોમાં ગૅતરની વેદના, લાગણીસભર દર્દ, માનસિક પરિતાપ છે. કવિ કહે છે તને વારંવાર હું સાંભરી આવ્યું ? તારી દિવ્યભૂમિ સાંભરી કે હું ? જીવનના ઉપવનમાંથી ઝટ કેમ ઊડી ગઈ? લોકો શોક કરવા ના કહે છે પણ તારા ગાયેલા ગીતોના શ્રવણો સંભારણા મને છોડતા નથી, લોકો તો લવે, દિવ્યભૂમિનો તે કરાવેલો પરિચય ભૂલાશે નહીં એ ઉપકારક કેવી રીતે ભૂલું ? તેનો બદલો કેવી રીતે વાળું ? મરતાં મરતાં પાથરેલાં સ્મિતમાંથી પ્રગટી સ્વર્ગની ઝાંખી– મારે માટે એના સ્મરણોનું ભાથું બની રહેશે. દિવ્યભૂમિની ઝાંખી કરાવનાર તું મારે મન દિવ્ય જ છે. તેના જવાથી કેમ નયનમાં ઝમુલાઝુમો રહે ? આ કલ્પાંત હૃદયદ્રાવક છે. શોકની અભિવ્યક્તિ માટેની કવિનો પ્રયત્ન ઉત્તમ છે તેથી સારું શોકોર્મિ-કાવ્ય છે.

સદ્‌ગત બહેનનો મહિમા વ્યક્ત કરતા 'સ્વ. બહેન શાંતાને' કાવ્યમાં કવિ બહેનના સ્મરણોની મૂડીનું ઉણ મૂલ્ય આંકે છે કે બહેનનો ગઈ પણ હવે તેના સ્મરણોની મૂડી ગુમાવી નથી માટે જ કવિ કહે છે કે 'મને સ્મરણ હજો' કાવ્યમાં કવિ બહેનના બે રૂપ વર્ણવે છે. અને તેના સ્નેહની ભાઈ તરીકે પ્રતીતિ કરાવે છે કે.....

૭૪. ''નિરંતર સ્મિત સુહાવતી મુજ ચક્ષુતિ દોખને'' અને દુઃખમાં

૫૦ ''રડી રડી જ ચક્ષુલાટ નીજ વેદના ઠાલવે''

kalpana's

આનંદ અને કરુણા બન્ને પળોમાં બહેનનું વાત્સલ્ય સરખું જ અનુભવાય છે બહેન માત્ર સુખદુઃખની સાથી નહીં પણ ભાઈની સંસ્કારમૂર્તિ પણ હતી. જીવનમાં ડગલે અને પગલે મન અને ચારિત્ર્યની કસોટી થાય છે. તેમાંથી જ્યારે જ્યારે હું પાર ઊતરું છું ત્યારે મારું મન બહેનના ચરણોમાં ઝૂકી જાય છે. અને અંજલિ અર્પી જાય છે.

૭૫...તને નમન આજ આ , ઉર તણા ઘરું બહેન હું
વહો, સકલ વંદના, જગત પાવની બહેન જ્યાં''

કાવ્યમાં બહેનનું વ્યક્તિત્વ કવિ ખીલવે છે. મમતા, વાત્સલ્ય અને સંસ્કારની મૂર્તિ બહેન છે. અંજલિનું નિમિત્ત કવિ નવું શોધે છે કે.

૭૬...''હો સકલ વંદના, જગત પાવની બહેન જ્યાં''

ચારિત્ર્યશક્તિનું ઓજસ પાથરતી ચંદ્રવદન મહેતાની 'ગાઠે નીંદર' કૃતિ ચિંતન અને મૃત્યુના માંગલ્યના આલોકનની દૃષ્ટિએ નોંધપાત્ર બની શકાય.

૭૭...''ધરતી પર પળભર થાંડી વિરમતા
વાયું ચે થંભ્યા છે દર્શનલોભથી
ગજવાળાં ચે ગમખ જ્યોતિ પામતા
થંભીને લેતાં ગમરત્વ મથી મથી''

૭૮...''બહેનના મૃત્યુ વિશે પ્રથમ જ જાણી કૃતિ 'ગાઠે નીંદર'માં પણ સ્વજનના મૃત્યુ પ્રસંગનું ચિત્ર છે. ગોળ ગોકુળે દાળી લેતું ચિંતન કાવ્યમાં આદિથી અંત સુધી પથરાયેલું છે. ગજવાળાં પણ જેને પામતા થંભી જતાં હોય એવી 'ગમખ જ્યોતિ' નું દર્શન કાવ્યમાં મુગ્ધત્વનું હૃદયંગમ વાતાવરણ જમાવે છે.'' નિર્દોષ નિર્મળ આંખ તારી' પણ સદ્ગત બહેનના સ્મરણ પર હરિશ્ચંદ્ર ભટ્ટે લખેલી કૃતિ છે. પરંતુ એ નબળિ કલા કૃતિ છે. તેમાં ચિંતન નથી પણ તેનો સૂરદર્શક કાવ્યનો છે.

જૂના રૂપકોને તવા અર્થ અને સંદર્ભ આપવાનું કાર્ય શોકોર્મિ કવિતાની

Kalpana's

પોટી દેન છે. કાન્તરચિત 'રજાની માંગણી' નોંધું ઉદાહરણ છે. પ્રકાર આપણા પુરાણોમાં અને સાહિત્યમાં પ્ર ઢંચું દૃષ્ટાંત અને આત્માના સંદર્ભમાં તેની તુલના રૂઢીગત છે. પરંતુ 'રજાની માગણી' કાવ્યમાં હંસના રૂપકને અર્થનો નવો પ્રદેશ પ્રાપ્ત થયો છે. કવિ કહે છે કે ઈશ્વરનું સાન્નિધ્ય એટલે જ માનસરોવર. ત્યાંજ તેનો મૂળ વાસ છે પૃથ્વી પર તો તે ઘડીક ઉડીને આવ્યો છે. આત્મા ત્યાંથી છૂટો પડેલો રાજહંસ છે. પાછો ઉડીને એ માનસસરમાં જ જવાનો છે તે અહીંના સંબંધોમાં વાગોળાશે. નિયતિના નિશ્ચિત ક્રમને કવિ કાવ્યાત્મક પરિભાષામાં ગૂંથે છે.

૭૯...'જવા દેવો ઘટે, માલેકની એવી મરજી' અને સંસારની નશ્વરતા પણ સિધ્ધ કરી બતાવે છે કે.....

૮૦...'જવાનું જો બધાને એક દિન ત્યાં આત્માને'' એમાં આશ્વાસનનો ભાવ પણ છે. આગ ચલ્યાણાના પથે, આત્માના ખરા નિવાસ તરફ જવા માટે સ્વજન પાસે રજાની માંગણી કરે છે. શોકની ચાયે નમ્રતા અને પ્રાર્થના સ્પષ્ટ દેખાઈ આવે છે. સ્નેહીથી છૂટા પડતાં દુઃખ થાય એ સ્વભાવિક છે મન, રજા આપવા માટે ઈચ્છે નહીં પણ નારાજી હોવા છતાં રજા આપવી તે જ ઉચિત છે કવિ કહે છે હું તો જાઉં છું પણ.....

૮૧...'આપણું જૂનું નહું તું સંભારી રાખજે'' કારણ કે આત્માના મૂળ આવાસમાં હું તું આવીશ ત્યારે બધી વાતો કહેવી પડશે હોં'' અહીં કવિ શ્રેષ્ઠ સ્વભાવત્ પ્રજ્ઞ અને આશ્વાસન શોકને ઢાંકતા ચાલેલે છે. રૂપકને ઢાળવાની રીત સુંદર છે.''

૮૨...'વળી રજા આ હંસ માનસને'' પંક્તિ જુ વસુલક્ષ્મનું દૃષ્ટાંત છે. આપણા પ્રાચીન કવિઓના કાવ્યોમાં શબ્દોમાં આવા ઉલ્લેખોના દાખલાઓ મળી આવે છે. નરસિંહ દયારામથી આવા પ્રયોગો થતાં આવ્યા છે તેમાં ભાષાની કંઈ ચોર જ ખૂબી ગુંથાય છે.....'' આધુનિક સાહિત્યમાં રચનાવૈચિત્ર્ય માટે, અર્થઘનતા માટે, શબ્દો એ સંકારોના

kalpana's

લાઘવ માટે ભાષાને પ્રતિકૂળ એવી છૂટછાટ લેવાય છે પણ આ રચનારીતિનો કોઈ બુધ્ધિપૂર્વક ઉપયોગ ક્યાંય જણાતો નથી કાન્તે આ પ્રયોગ જૂની ગુજરાતીના અભ્યાસથી ક્યાં હશે કે કેમ તે કહી શકાતું નથી. પણ ભાષાની મૂળગત અને સ્વભાવિક રચનાકૌશલ્યથી તેમને આ સિધ્ધ છે દા.ત. 'રણને આંગણામાં છાયા તરુવર તીર' કહે છે. એમાં પણ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લુપ્ત છે. તેજ રીતે નરસિંહ મહેતા પણ 'વાત પકવાથી ખૂબ લાગે'' કહે છે પકવાનની વાત' માં છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લુપ્ત જ છે. (કહેવાનું તાત્પર્ય એ છે કે) વ્યુત્પન્ન સિવાય વિભક્તિનો પ્રત્યય લુપ્ત રહી શકે છે સંસ્કૃત ભાષામાં સમાસોથી જે શબ્દ લાઘવ આવે છે. તે ગુજરાતીમાં આ રીતે આવે છે. આવા પ્રત્યય લુપ્ત પ્રકૃ શબ્દોને જુદા પાડવા જોઈએ અને તે જુદા પાડ્યા તે ભૂલ નથી'' (ટિપ્પણ- રસ્તો પાન -પૂર્વાલાપ- નોંધ.૬) જૂદુંમાં વ્યુત્પન્ન સિવાય પણ વિભક્તિનો પ્રત્યય લુપ્ત રહી શકે - એવું ઉદાહરણ આ કાવ્ય આપે છે તે વિશેષ છે.

કાન્તના કાવ્યોમાં ભાવ લયનું સાતત્ય જાળવતી પ્રાસચાતુરીવાળા કાવ્યોમાં, શોકોર્મિકવિતા હોવા 'વિધુર કુરંગ' , 'મિત્રને નિવેદન' 'વત્સલના નયનો' વિશેષ છે પંક્તિનો વાક્યાર્થ બે ચરણમાંથી ઉભરાઈને બીજા ચરણમાં ભાવ લયને સાંકળી સુંદર ગતિ આપે એવા ઉદાહરણો પ્રાસ-ચાતુરીના સફળ પ્રયોગોના સાક્ષી રૂપ છે.

૮૩...કદીક સ્મરણ આવતાં ધૂસિર-નેત્રને ભરે
ત્યાં સ્વજનને થતા વદન પાસ પાણી ધરે
નહીં સ્વજન તે સખી, સ્વજન એકલી તું જ
સહસ્રશત શલ્યમાં, હૃદયની યથારથી જ્ઞી'' વિધુર કુરંગ

આ પંક્તિઓમાં પત્નીના સાહચર્યને કવિ આબેહૂબ ઉતારે છે.

૮૪-તદને બહુ નીર ભરાય સખે ?
તનુ ચેતન માત્ર હરાય સખે

kalpans's

જાને પડદે સઘળે નીરખું
નીરખું નહીં, નેહ ભરાય સખે
કર ભાર સખે
છંદ સાર સખે

આ પંક્તિઓમાં સુખ-દુઃખ અને શોકના ભાવ ઉભરાય છે.

અલંકારોમાં કવિ વર્ણસગાઈનો ઉત્તમ, વ્યાપક ઉપયોગ કરે છે. 'કલાપીને સંબોધન', કાવ્યની નીચેની પંક્તિઓ જુઓ.

૮૫...'હૈન હૈયાના વહેની વાજે વાંસળી હની'' 'વર્ણસગાઈ માટે કવિ 'વ' - વર્ણનું પુનરાવર્તન સાધતા શબ્દો પ્રયોજે છે એમાંથી સુરની પ્રવાહીતા વહેતી કરવાનો આશય લાગે છે. કાન્તના કાવ્યોમાં પદલાલીત્ય પ્રાસ-ચાતુરી, વક્રોક્તિ, વ્યુત્ક્રમ, અલંકારિકતા, રૂપક, દૃષ્ટાંત ભાવ-લયની સરલ તરલતા હોવાથી કાન્ત 'લલિત' કોમલ કાન્ત પદાવલીના કવિ તરીકે ઓળખાયા. સોકો ભિંકવિતાની સંખ્યાબંધ પંક્તિઓ, કાવ્યો એ સિધ્ધિને વરેલાં છે.

કેટલાંક શોકોર્મિ કાવ્યોમાંથી તાદૃશચિત્રો સુંદર મળી આવે છે. વાચકના ચિત્ત સમક્ષ ભાવજગત ઝીણું કુરી દે એવા સચોટ શબ્દ ચિત્રો બ.ક.ઠા.ના કાવ્યોમાં છે. 'ધ્રુતિકુંજ' તેમનું એક એવું જ કાવ્ય છે. મૃત્યુપછી પત્નીનો આત્મા પરમાત્મામાં વ્યાપી ગયો પણ તેનું એક અનુસંધાન કવિનું હૃદય પણ છે તેમાંથી હવે ધ્રુતિકુંજ રૂપે છૂટી પાડી સર્વત્ર પ્રકાશ રૂપે ફેલાઈ ગઈ છતાં પણ કવિને હજી એવીજ આત્મીયતા છે તેજ એ ધ્રુતિકુંજ સાથેનું અનુસંધાન પુરવાર કરે છે.

૮૬. 'ઓકાર ઉઠે, સમે, રચ્યો બધે, દિશા સર્વમાં
બધે મુજ સહે સદાય, અવિભાજ્ય છાયા સમા''

પત્નીનો આત્મા આકારમાંથી નિરાકાર બની ગયો. સૂક્ષ્મમાંથી વ્યાપક બની ગયો. કવિએ ધ્રુતિકુંજને કહે છે.

kalpana's

૮૭..."ગ્રહે, નવગ્રહે, વહે, ધ્રુતિકુળી ઝરો સર્વદા
બની વિમલ વિમલ વિમલ, નયનસ્રોત ઉરબંધ આ."

આત્માના અમરત્વ, વ્યાપક રૂપ વિશેની પુરાણોક્ત તુલના હોવા છતાં કવિની મૌલિકતા એને પાશ પાડે છે પત્ની સાથેની એકરૂપતા સિધ્ધ કરી દે છે.

સોકોર્ષિ કવિતામાં મૃત્યુના અર્થઘટન અને આલેખનમાં પ્રયોગાત્મકતા અને નૂતનતા જોવા મળે છે. એમાં મૃત્યુના વરને વધાવવાના હેતુથી અથવા નિયતિની નિશ્ચિત ઘટનાને સ્વીકારવાના હેતુથી કે આશ્વાસનના હેતુથી એક અર્થઘટન વિકસ્યું કે મૃત્યુ પર જીવનની અભિવ્યક્તિ, આ આલેખનને ચિંતનમાં પણ કોઈ ✗ વટાવે, પણ આ કવિતાની દેન છે એ સત્ય સ્વીકારવું રહ્યું બ.ક.ઠા. પહેલાં બ્રહ્મ હૃદયે લખે છે કે .....

૮૮..."ગયું, બધું ગયું, જતાં જ મુજ સૃષ્ટિનો મેર તું
ન કયાંય છું બાકુતો અનુપરૂપ જાને વહે"

વિરહની જ્વાલની અભિવ્યક્તિ પણ ખૂબજ હૃદયદ્રાવક છે.

૮૯.."મરે સુખ તણી ક્ષણો, દુખ હવે જલત જીવને"

પત્નીના અવસાનથી જીવ અને જીવન બળે છે. એમાં સ્મૃતિઓ હોમાતાં જલન વધે છે. ત્યાં કવિ સુંદર ચિંતન આપે છે કે "હે નિયતિ, આમ ક્રમશઃથી સુખ માની લઉં તો તેમાંથી પણ તું દુખ આપે છે હે ઈશ્વર, તું તો દયાલુ, કરુણાલુ જણાય છે બીજાને મારી તને કયો આનંદ મળે છે ? કઈ તૃપ્તિ થાય છે ? કવિ નિયતિ સામે આક્રોશ પણ ઠાલવે છે. તને હૃદયજ નથી એવું લાગે છે. તારી બુધ્ધિ જડ અને નઠોર છે. તું વિરાટ અને અમે અલ્પ પણ ચિરંતન છીએ. તું શક્તિશાળી ને અમે અલ્પશક્તિવાળા છીએ પણ એટલું સ્પષ્ટ છે કે બહીં તો લોક રાગ લહેરાય છે સોટો ઉમેરાય કે લેવાયદેવાયો તો ગાતો જ રહેશે. તારા મૃત્યુના ઘાતથી પોઠા બિન્દુઓ ઉડી જશે, બળશે, રાગરને શું ✗ ફેર પડે છે ? તું માનવજાતને નામશેષ નહીં કરી શકે. તું એક અમે અનેક,

kalpana's

મમારી સ્પર્ધા ચાલુજ રહેશે, લોકસાગરને આંચ નહીં આવે. દરિયો સુકાયો કોઈ દિવસ જાણ્યું છે ? મૃત્યુ સામે આ પડકાર છે. આવો જ પડકાર નિજ કાંતિભાઈ કાપડિયા માટે લખેલા કાવ્યમાં સ્નેહરશ્મિ આપે છે એમાં ખૂબ આવેશમય આક્રોશ છે એ પણ એક અભિવ્યક્તિ છે પણ તુલનાત્મક દૃષ્ટિએ જોઈએ બ.ક.ઠા ની અભિવ્યક્તિમાં પડકાર , આક્રોશ છતાં ઠહાપણ અને ખુમારી છે. કવિ કહે છે કે હે નિયતિ તારો સ્વભાવ છે કે.....

"અમે, કરી કરી મથે, ન કશું ઉકલે
તો થ ના વિસ્મતાં "

નિયતિ અને મૃત્યુના સંઘર્ષમાં માનવની જીત કવિ બતાવે છે. આ શોકોર્મિની સિધ્ધિ છે બ.ક.ઠા. ની આ અભિવ્યક્તિની તાજગી જોતાં ટાગોરના મૃત્યુ વિશે બીજા નવા અભિગમની થાઉ કરાવી દે તેવી અભિવ્યક્તિ છે.

બ.ક.ઠા. ના 'વિસ્મૃતા' કાવ્યમાં સ્મૃતિ વિષયક ચિંતન સુંદર છે સ્મૃતિના આલેખનની બે વિશેષતા તેમાં મળે છે. સ્મૃતિના સ્વરૂપનું વર્ણન અને સ્મૃતિનો મહિમા , તેનું રૂપ એવું છે કે માનવને યથાવત્ રાખી તેના મનનો કબજો લઈ લે છે. મન તેને વશ થઈ જાય છે. વર્તમાનમાંથી ઉઠાવી લઈ સ્મૃતિ તેને ભૂતકાળમાં, કોઈ અગોચર ભૂમિકામાં, વિરહનું મૂકી દે છે. મન પોતે જ પોતાના દેશ, કાળ, સમયમાંથી અજાણતાં જ ક્યાંક સરકી જાય છે. સ્મૃતિની બે ઉલમતાજુદી છે. સ્મૃતિ-ભૂતકાળના દેશ પ્રદેશ અને ચાબોલુનો આબેહૂબ અનુભવ કરાવે છે. માનવને બે સ્મૃતિવિભોર કરી દે છે. ક્યારે દુઃખી કરી મૂકે છે. સ્મૃતિ માનવની બેબસતાની મહામૂડી છે. સ્મૃતિનો સ્વભાવ ઉદાર, સ્વૈરવિહારી છે ને નાદુરસ્તા, સંકોચતા, અસરકારકતા ઊભી કરી શકે છે. સ્મૃતિનો મહિમા બીજી વિશેષતા છે. મૃત્યુને કોઈ હરાવી શક્યું નથી બે તો ઠીક પણ મૃત્યુનો કોઈ સામનો કરી શક્યું નથી બધા તેને મૂકી ગયા છે. માત્ર સ્મૃતિજ મૃત્યુની બરોબરી કરી, પડકાર ઝીલી, સ્પર્ધા કરી હંફાવી શકે છે. તેને સર કરી શકે છે. મૃત્યુ પ્રાયઃ ને પણ ક્યારેક મહાત કર

kalpana's

સજીવન કરી દે તેવી શક્તિ સ્મૃતિમાં છે, કવિ તેને આમ ટાંકે છે. કે.....

૬૧. "ઘણા વરસ વીતતાં ગયે લે ભૂલે
છાંટી દે છે ધૂળ
પુરાણ ચિતાર મૂર્તિ બસ
સરલબૂર બચવી છટા
સજીવન સજીલ થોવન મટે
ભરી દાખવી."

મૃત્યુ સામે અને તે વ્યક્તિના મૃત્યુ પછી કોઈ સામે ટકી શક્યું હોય તો માત્ર સ્મૃતિ જ છે માટે જ મૃત્યુ પર સ્મૃતિનો જય થયો ગણાય. સ્મૃતિ ધારે તો મૃત્યુની ચુપ્પુતિ કરાવી શકે, ધારે તો જીવંત જાગતું બતાવી શકે." બ.ક.ઠા. ની કેટલીક વ્યક્તિઓના વિશ્લેષણોમાંથી કેટલીક મૌલિક ચમત્કૃતિઓ અને ચિંતન મળે છે. ચિંતન, બૌધિક અને પ્રતીતિકર લાગે છે તે વ્યક્તિની સિધ્ધિ ગણી શકાય.

વ્યક્તિચિત્રની છટાની વિશેષતા મુકુ. અમૃતલાલ મેઘાણીના મૃત્યુ શોકોર્મિ કાવ્યો કરતાં 'મૃત્યુની ગરબી' અને 'તદ્દદ્રે તદનન્તરે' માં મળે છે. 'મૃત્યુની ગરબી' કાવ્ય પહેલી નજરે માત્ર ચિંતાત્મક કવિતા લાગે પણ ટિપ્પણના સંદર્ભે તપાસતાં ખબર પડે છે કે અમૃતલાલ મેઘાણીએ ૧૯૩૦ માં કારાવાસમાં સૈનીક શિબિરમાના અવસાન નિમિત્તે આ કાવ્ય રચ્યું છે, માટે તે ~~[illegible]~~ ચિંતનાત્મક શૈલી ધરાવતું હોવા છતાં ઊંડા લાગણીની ગરબી વ્યક્તિચિત્ર રૂપે લખાયેલું કાવ્ય છે. વિવેચકો કહે છે કે કાવ્યમાં ક્યાંય એવો સ્પષ્ટ સંદર્ભ આવતો નથી. સ્વજન પ્રેરે અદ્રશ્યકાર- અદૃશ્ય રૂપે છે.' 'તદ્દદ્રે તદનન્તરે' કાવ્ય પણ મુ.ઉમર શેખના નોબતી રામાનંદ ચેટરજીએ શોકગીત ટાંકયું હતું તેમાંથી પ્રેરણા લઈ અમૃતલાલે શોકકાવ્ય લખ્યું. બન્ને કૃતિઓ કવિરચિત છે, અવસાનનિમિત્તે છે, શોકગ્રસ્ત વ્યક્તિના અવસાનથી થયેલા ઊંડા શોકની વ્યક્તિચિત્રની છટા વ્યક્ત કરે છે, બન્નેની વિશેષતા એ છે કે મૃત્યુ પામેલા સ્વજનનો નિર્દેશ કૃતિમાં નથી જ પણ ખુલાસો તે કાવ્યોના

kalpana's

ટિપ્પણમાંથી મળી રહે છે.

લોકબોલી અને કવિતાની ભાષા ભિન્ન હોઈ શકે ? હોય તો તે કવિતા માટે યથાર્થ છે ? ના હોય તો ભાષાનું કયું સ્વરૂપ કવિતા માટે ઉચિત ગણાય ? જેમ કાવ્યની ભાષા અંગેનો વિચાર કરતાં લોકોક્તિ કવિતાની ભાષાનો વિચાર કરવો અસ્થાને ન ગણાય. કવિતા ઉત્તમ સાહિત્ય સ્વરૂપ છે. અને બીજી રીતે કવિતા હૃદયની કલા છે. તેથી ઉત્તમ સાહિત્યની દૃષ્ટિએ કવિતામાં શાસ્ત્રીય ભાષા નો આગ્રહ હોઈ શકે પણ હૃદયની કલાનો વિચાર કરતાં એમ લાગે છે કે હૃદયની લાગણીના તરજન્ય સ્વરૂપને પામવું હોય તો શાસ્ત્રીય ટાપટીપ તેમાં ન હોય કાવ્યની ભાષા કેવી હોય એનું મનાય પણ બીજી બાજુ વાસ્તવિકતા, તાદૃશતા, ચોટતાપ્રૂ, ચારુચિત્ય, ચીલંતપણું, વૈયક્તતા ના ગુણો પણ સાહિત્યમાં સ્વીકૃત છે. આ બે સ્વરૂપમાંથી ભાષાનું કયું સ્વરૂપ કાવ્યમાં શોભ્યું ? એના ઉકેલ- સમાધાન માટે એક બીજો મુદ્દો ધ્યાનમાં જોઈએ. કે ઉત્કટ ભાવાભિવ્યક્તિ એજ ઊર્મિ કવિતા જો માનીએ તો કાવ્યની ઊર્મિ કવિતામાં ભોગે કેળવણી ના જોઈએ ઉત્કટ ઊર્મિની અનુભૂતિ જ ઊર્મિકવિતાની કક્ષા આપે છે. એમાં મૂલ્યનો ચોથી કોટીનો , શોકાવસ્થા અનુભૂતિ કરાવે છે. એટલે હૃદયમાં જાગેલી શોકોર્મિ ટાપટીપ વિના કાવ્યમાં અવતરણ પામે તો વધુ આસ્વાદ્ય રહે છે. ટાપટીપથી સંસ્કાર કરવામાં ઊર્મિ પોતાનું ચોજ્ય, સંવેદનની માત્રા ખોઈ બેસે તો ? એમાં કૃત્રીમતા આવે તો ? એવી પરિસ્થિતિમાં ઉત્કટભાવની તાજગી ટકવી નહીં, તરત અભિવ્યક્તિ પામી ભાષામાં મળે છે પછી જે બોલાતી ભાષા હોય તો પણ કે એમાં ઉત્તમ ભાવાભિવ્યક્તિની ક્ષમતા હોવાથી, તળપદી હોવા છતાં ઊર્મિની તાની ઝટ ઉતારવાની ભાષામાં છે એમાં ઊર્મિને તેજ માત્રામાં ઉતારવાની શક્તિ, વફાદારી છે આપણા લોકસાહિત્યનો હૃદય સોંસરવો ઉતરી જતો ટુકડો તેનું ઉદાહરણ છે . શાસ્ત્રીય ભાષાના પોતમાં પણ જો લોકલય, લોકબોલી તેના જીવંતપણાને ટકાવી રાખતી હોય તો તે આવકાર્ય છે. જેનો સમન્વય બાધક નથી. વહોવાતા હૃદયના

kalpana's

શોકોદ્ગાર- શોકોર્મિની વધુ કરુણાદ્ર અભિવ્યક્તિ આપે છે. અને કરુણનો સાક્ષાત્કાર કરાવે છે. અરેબ્રિક મેઘાણીના ઘણા કાવ્યોમાં આવો સમન્વય જોવા મળશે તેમના શોકોર્મિ કાવ્યોમાં આ સમન્વય વિશેષતા રૂપે છે.

શોકોર્મિકવિતાને વિશાળ ફલકમાં જોતા દીર્ઘ કવિતાથી લઘુકાવ્ય અને મુક્તક સુધી વિકાસ જોવા મળે છે. તો બીજી બેક પ્રગતિ અભિવ્યક્તિની છટામાં જોવા મળે છે. વ્યક્તિના પ્રભાવ, અભાવ, જીવનકાર્ય, શોકની અભિવ્યક્તિનો ઘણા કાવ્યોમાં સર્વ સામાન્ય લાગશે પણ કાવ્ય પ્રકારોના વૈવિધ્યની સાથે કાવ્ય સ્વરૂપોનું વૈવિધ્ય પણ મળે છે. લઘુ કાવ્ય, વ્યંગ કાવ્ય તેના દૃષ્ટાંત છે. કાવ્ય જગતમાં આલેખાયેલા વિરોધાભાસમાંથી કવિ કરુણની સ્નિગ્ધોત્પત્તિ મેળવે , શોક હવે, જે ચમત્કારક લાગે છે (સુમુખ પાઠક કે ઉશનસના આંતરિ વિશેના વ્યક્તિગત નિમિત્તે લખાયેલા) કાવ્યો આનાં ઉદાહરણ છે. જેમાં અભિવ્યક્તિ સચોટ, નક્કર થઈ રહે છે. ભાવી ધારદાર, વેધક અભિવ્યક્તિ કાવ્યમાં ચમત્કૃતિ સર્જે છે અને અભિવ્યક્તિ પ્રભાવક બનાવી દે છે. કટાક્ષ જેમાં વક્રોક્તિ લાવે છે. અને તેથી પણ ચમત્કૃતિ સર્જાય છે તેથી અભિવ્યક્તિ ચમત્કારક લાગે છે.

૬૨"...તે જ મૂર્તિ તાત, આ જેની પ્રજા તમ વારસ,
આદર્શનો અંશ જ્યાં છે આસ..."

કવિ કટાક્ષ બદારજ વક્રોક્તિમાંથી વ્યંજના આવે છે આ ઉપરથી જેમ પણ કહી શકાય કે વક્રોક્તિ, કટાક્ષ , લ્લેષ, અતળતાની, શબ્દની ચુસ્ત પૂર્વકની ક્ષણ તાજોડ (આસ- આ + સ) ની પ્રયોગાત્મકતા અભિવ્યક્તિનો કોઈ નવો વિક્રમ સાધી જતી હોય તેમ લાગે છે.

'પ્રસીદત્વ દુઃખે' કાવ્ય શોકોર્મિ અને નિવાણાંજલિનું મિશ્રરૂપ લઈને આવે છે.સોનેટના ષટકમાં શોક અને અષ્ટકમાં નિવાણાંજલિ છે કસ્તુરબા પ્રેરણા મૂર્તિ ગણાવી તેમનું દૃઢ સંકલ્પ બળ અસહકારમાં અહિંસક આંદોલન વખતે અને પણ કામ લાગ્યું કરી કવિ કસ્તુરબાને ગાંધીના શુભપદે સ્થાપે છે એનો નમ્ર સ્વીકાર

kalpna.c's

નીવાંજલિના અષ્ટકમાં પ્રગટ થાય 'ઉત્તીર્ણ' પ્રયોગમાં શોક અને રુદનનો ભાવ છે. એક જ કાવ્યમાં શોકોર્મિ અને નિવાંજલિના બે સ્વરૂપોનું હું ક્રમ ગુંથન કાવ્યની ચમત્કૃતિની સિદ્ધિ છે.

શોકોર્મિકવિતાની ચમત્કૃતિની નવીન છટા હીરાબેન પાઠકના 'પરલોકે પત્ર'માં અન્ય કાવ્યોથી જોયી તરી આવે છે આ કૃતિનું અનેક રીતે મૂલ્ય આંકી શકાય પત્રકવિતા, કરુણ પ્રશસ્તિ કવિતા શોકની સુંદર ચમત્કૃતિ એમાં સવિશેષ છે. પત્ર કવિતા આમ તો નવીન કાવ્ય પ્રકાર નથી ચંદ્રશંકર ભટ્ટ કહે છે કે ૯૩.'' પત્રકવિતાની શૈલી આત્મીયતાના અંશોવાળી હોવી જોઈએ.' એ દૃષ્ટિએ પરલોકે પત્રનો વિચાર કરીએ તો તેની શૈલી સ્વજન સાથેની આત્મીયતા અને આત્મીયતામાંથી માધુર્ય પ્રગટ કરે છે. સંસ્મરણો હૃદયસ્પર્શી છે. ૯૪.''પત્ર કાવ્યો તેમના પ્રસન્નમધુર દાંપત્ય જીવનના અને સાથે વિરહના ઉદ્‌ગાર રૂપ છે.'' ગુજરાતી પત્રકવિતામાં 'પરલોકે પત્ર' ૯૫.'' હિરાબેનનું પ્રદાન તેમાં સર્વોત્કૃષ્ટ છે .''કવયિત્રી તેમાં પ્રેષકનું સરનામું, કુશળક્ષેમ, સામાન્ય સમાચાર , મુખ્ય વિષયની ઉત્તમ ચમત્કૃતિ અને લિખિતનનો, ક્રમ પ્રમાણે પત્રના માળખાને જાળવે છે. ગદ્યમાં પદ્યનો લય પરોવી કાવ્યાત્મકતા રચે છે. ગદ્યમાં પદ્ય અને ઝાન્દસ્‌ની શૈલીમાં સવાદની છટા ઉભી કરે છે. મુહાર તો એમાં ચેકોસ્લિત જ છે. શૈલીની વિશિષ્ટ એ છે કે કવયિત્રી મર્મસ્થાનોનો ભાવ ઉજો કરી શક્યાં છે. સંભારણા, વ્યથા, ચેકલતા, વિયોગ, ઝંખના, સ્મૃતિ જેવા વિવિધ ભાવોને વિકસાવે છે. શોકોર્મિ ના વિવિધ લહરાઓ પણ કાવ્યમાં જોવા આવે છે. 'પરલોકે પત્રની' ભાવાભિવ્યક્તિ વિશેષ જો કોઈ સ્વતંત્ર વિશેષતા હોય તો કાવ્યબાની+ શૈલી છે બીજી વિશેષતા સ્વજન પ્રત્યેની હૃદયંગમ લાગણી વ્યકત કરતી પત્રના ઢાંચામાં ***થી વણી લીધેલી સુંદર અંજલિ છે. એમાં ચેકોક્તિ છતાં વાત્સલ્યનો ધબકો જીવંત પણ રજી દે છે. એમાં વિયોગ, પત્નીત્વ, સ્મરણો, શોકમંથન, શોત્વન, આશ્વાસન સમાપન ના તબકકાઓમાં રૂપકો, ગંધ, સ્પર્શ, ઝંખના , રોમાંચ, વિરહ, મિલનનું સૂક્ષ્મ ગુંથી લીધેલું આલેખન છે. કાવ્યના

kalpana's

વિવિધ ખંડોમાં ચાન્દ્રીયતા પરખાય છે. 'પન જ હેયું ખોલ્યાનું સ્થાન'ની પ્રતીતિ કરાવે છે માર્મિક છતાં ચોટ અભિવ્યક્તિ વાળી પંક્તિઓમાં મળી આવે છે.

૬૬. ''દિન એકકે, પન વિના
ચસ્વરથ થતા છેક
લખો ને જો ના પામો સત્વર'' તે
જો ચાટલે દૂર ગયા પછી કેમ પન સંભારતા નથી
તમને ધન્ય છે હે ધૈર્યવાન ચકી૨''

આ પંક્તિઓમાં 'હે ધૈર્યવાન ચકી૨' માં પ્રગટ થતો મીઠો ઠપકો, વ્યંગ, અને વિરોધાભાસ સુંદર છે.

'પરબોડે પન' ની શૈલીના કેટલાક વિશેષ તરી આવતાં અંશોમાંથી વિશિષ્ટ શબ્દપ્રયોગો નોંધપાત્ર છે દા.ત. કવયિની 'કાં કે' પ્રયોગ કરે છે પારદર્શક ભાવાભિવ્યક્તિ, નિર્ભયતા, સંયત ચાન્દ્રીયતા ખાસ જોવા મળે છે. રચનાકૌશલની દૃષ્ટિએ કેટલીક પંક્તિઓ જેવી કે.....'રાત શુકલ કૃષ્ણ પક્ષ નિર્ભય' પણ નોંધપાત્ર છે. પોતીકા પણાનો ભાવ, સચ્ચાઈનો રણકો, હિરાબેન પાઠકની કાવ્યવાનીમાં સતત સંભળાયે.

કેટલીક લોકોક્તિઓમાં પ્રથમ નજરે શુષ્ક અથવા અતિસામાન્ય લાગતા તત્વો સૌંદર્ય તપાસતાં મહત્વનાં લાગે છે. દા.ત. સુંદરજી બેટાણીના 'સત્યવ્રત હો' કાવ્યમાં આવતા વિશેષણો ઉપર ટપકે નિરર્થક લાગે પણ ગાંધીજીનો પ્રભાવ પાડવા માટે એ વિશેષણો ખૂબ ઉપકારક છે. ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૪૨ ની રાષ્ટ્રીય મુક્તિ સંગ્રામમાં ગાંધીજીએ શીખવેલા પાઠો એક ઐતિહાસિક સૌંદર્ય આપે છે. કાવ્યમાં આવતા વિવિધ વિશેષણો જેવાં કે સત્યવ્રત, યુગ પ્રભાવ ઉધ્ધારક, પતિતના પયગંબર, જીવંતક, અભયના પ્રોત્સાહક, હિંસાના વિધ્વંસક, જ્વાલાના પરિશામક, ચેતનના ઉદ્દીપક, શાંતિમંત્રના ઉદ્ગાયક, જીવનના પરમવિધાયક, સત્યજ્ઞાનના અધિનાયક આપે છે.

kalpana's

જેમાં કવિના આદર્શો, કાર્યો, વ્યક્તિત્વ- બધાનો હેતુ સિદ્ધ કરે છે. તેથી કાવ્યની કલાત્મક અભિવ્યક્તિ પણ ગવાઈ શકાશે.

કોઈપણ કવિતામાંથી ખાતી ના વિદ્યાર્થીને આપણે તેનું કાવ્યવિશેષ કહીશું તો ઉચિત લેખાશે.

(P.T.O.)

Kalpana's

શોકોર્મિ કવિતાની વિવિધ- ભાતિ

(વિવિધ) ૬-

સંદર્ભ ગ્રંથ- સૂચિ-

૪૪.

ક્રમ. ૧.	કવિતા ૨.	કવિ/કર્તા ૩.	સંદર્ભ/ગ્રંથ/સંપાદન ૪.	પાન ૫.
૧.	મારા સદગત પિતાશ્રીને શ્રધ્ધાંજલિ	પૂજાલાલ	પારિજાત	૧૮૩
૨.	સત્યવૃત્ત હો	સુંદરજી બેટાઇ	વિશેષાંજલિ	૮૯
૩.	દાદાજી	મનસુખલાલ ઝવેરી	અસ્મિતા ૨	૪૫ થી ૬૦
૪.	-''-	-''-	-''-	-''-
૫.	-''-	-''-	-''-	-''-
૬.	રડો ન મુજ મૃત્યુને	ઉમાશંકર જોશી	કાવ્યાસ્વાદ-સંપાદક હિંમતલાલ જાંજરિયા	૨૧૯
૭.	ન બુઝાતી જ્યોતિ ગુ.કા.માં ગાંધીવંદના લેખ	ઉમાશંકર જોશી	ગાંધી કાવ્ય નવનીત સંપાદક-શાંતિલાલ મેઘાણી	૦૮
૮.	ગાંધી પ્રતિમા જોઇને ગુ.કા.મા ગાંધીવંદના	હસિત બૂચ	-''-	૧૧
૯.	અમર સ્નેહનો તારો	કોલક	સંધ્યાગીત	૭૭
૧૦.	ટિપ્પણ -''-	-''-	-''-	[illegible]
૧૧.	કવિ નર્મદનું મંદિર -ટિપ્પણ	ખબરદાર	રાષ્ટ્રકથા	૬૨/૬૩
૧૨.	આંખ્યો જેવું-હાઇકુ અર્પણ કાવ્ય	સ્નેહરશ્મિ	સોનેરી ચાંદ રૂપેરી સૂરજ	
૧૩.	તેમીનાને અર્પણ કાવ્ય	ખબરદાર	કરુણ પ્રશસ્તિ કાવ્યો સંપાદક-ડો.વી.પ્રભાકર	૯૭/૯૮ ઠાકર

Kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૧૪.	ઓ ગાંધીસંત ગુજરાત	બબરદાર	રાષ્ટ્રિકા	૮૨
૧૫.	કવિ કાન્તને	ડૉ. સુરેશ દલાલ	તારીખનું ઘર	૧૦/૧૧
૧૬.	સ્વપ્ન	સ્નેહરશ્મિ	અર્ઘ્ય	૧૭૪
૧૭.	-''-	-''-	-''-	-''-
૧૮.	રવિન્દ્રનાથ-૧	ઉમાશંકર જોશી	સમન્વય	૧૧૭
૧૯.	વસંતાગમને	રમણ કોઠારી	વલ્લરી	૬૧
૨૦.	-''-	-''-	-''-	-''-
૨૧.	જાગૃતિ ગીત	સુંદરજી બેટાઈ	વિશેળાંજલિ	૯૪/૯૫
૨૨.	-''-	-''-	-''-	-''-
૨૩.	ઉપોદ્ઘાત પૂર્વાલાપ	રામનારાયણ વિ. પાઠક	પૂર્વાલાપ	૩૯
૨૪.	-''-	-''-	-''-	-''-
૨૫.	જાગરણ	બ.ક.ઠાકોર	બહારા સોનેટ સંપાદક-ઉમાશંકર જોશી	૭૮
૨૬.	૧૬-તર્કવિતર્ક	બ.ક.ઠાકોર	બારકાર-ગુચ્છ-૩	૧૮૬
૨૭.	ગાંધીજીને	ઉશનસ્	અઢાં	૬૪
૨૮.	ગુર્જરીનો ગાજુવાડ	બબરદાર	રાષ્ટ્રિકા	૭૦૧
૨૯.	દર્શન	સ્નેહરશ્મિ	અર્ઘ્ય	૧૭૭
૩૦.	દાદાજી	મનસુખલાલ ઝવેરી	ચણિયાર	૪૫ થી ૬૦
૩૧.	પિતાની પ્રથમ પુણ્યતિથિએ	ત્રિભુ મોદી	બહુરૂપ ગુજરાતી કાવ્ય પરિચય ભાગ-૨	૧૫૧
૩૨.	-''-	-''-	-''-	-''-
૩૩.	રાષ્ટ્રપિતાને	મીનુ દેસાઈ	અક્ષરા	૨૬
૩૪.	-''-	-''-	-''-	-''-
૩૫.	-''-	-''-	-''-	-''-

Kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૩૬.	સાયગલને	મીનુ દેસાઈ	અસા૨	૩૭/૩૮
૩૭.	તદદ્રે તદન્તિકે	ઝવેરચંદ મેઘાણી	યુગવંદના	૧૮૩
૩૮.	મૃત્યુનો ગરબો	ઝવેરચંદ મેઘાણી	યુગવંદના	૧૬૦/૧૬૧
૩૯.	જાણુતિ ગંગા	સુરે સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૯૪/૯૫
૪૦.	ચદીઠ્ઠ ચવારી	સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૭૪થી ૮૦
૪૧.	ટિપ્પણ-રજાની માંગણી	રામનારાયણ વિ. પાઠક	પૂલિાપ	૨૯૬
૪૨.	-''-	-''-	-''-	-''-
૪૩.	વિરહનું ગાણુ	બ.ક.ઠાકોર	ભૂમિકા૨	૧૮૩
૪૪.	-''-	-''-	-''-	-''-
૪૫.	-''-	-''-	-''-	-''-
૪૬.	૧૩- તકંવિતકં	બ.ક.ઠાકોર	ભૂમિકા૨	૧૮૯
૪૭.	દાદાજી	મનસુખલાલ ઝવેરી	ચબિલા૨	૪૫ થી ૬૦
૪૮.	સપૂત	કુજલાલ શીધરાણી	કોકિયાં	૧૫૬/૧૫૭
૪૯.	ગાંધીજી	પ્રિયકાન્ત મણિયા૨	વ્યોમલિપિ	૧૫
૫૦.	જાણુતિ ગંગા	સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૯૪/૯૫
૫૧.	જાણુતિ ગંગા	સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૯૪/૯૫
૫૨.	ગાંધીજીની હત્યા	નલિન રાવળ	અવકાશ	૧૧૯/૧૨૦
૫૩.	ગાંધીજીની હત્યા	નલિન રાવળ	અવકાશ	૧૧૫
૫૪.	ધ્રુવ્ય (બ.ક.ઠાકોર)	નલિન રાવળ	અવકાશ	૬૩
૫૫.	ક્રાન્તન	નલિન રાવળ	અવકાશ	૭૪
૫૬.	(સ્વ.નહેરુને) રાતુ ગુલાબ	-''-	-''-	૩૨
૫૭.	ચદીઠ્ઠ ચવારી	સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૭૪ થી ૮૦
૫૮.	કવિ ક્રાન્તને	સુરેશ દલાલ	તારીખનું ઘર	૧૦/૧૧
૫૯.	ગુર્જરીનો ચાકુ પ્રવાહ	બબરદા૨	રાષ્ટ્રિકા	૧૦૪ થી ૧૦૭

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૬૦.	સુની ચકર	વેણીલાઇ પુરોહિત	કાવ્યસરિત સંપાદક-હિંમતલાલ ગંજારિયા	૨૧૫
૬૧.	સ્વપ્ન પ્રયાણ (ઉપોદ્ઘાત)	હરિશ્ચંદ્ર ભટ્ટ	સ્વપ્ન પ્રયાણ	૦૨
૬૨.	ભરબર છાંટુ ગંજલિ	અમરચંદ મેઘાણી	ગેબના રો	૫૬
૬૩.	સ્વપ્ન પ્રયાણ ટિપ્પણ	હરિશ્ચંદ્ર ભટ્ટ	સ્વપ્ન પ્રયાણ	૧૬
૬૪.	-''-	-''-	-''-	-''-
૬૫.	-''-	-''-	-''-	-''-
૬૬.	વિપ્રયોગ	કાન્ત	પૂવલિાપ	૧૩૭
૬૭.	ઉપોદ્ઘાત	ગ્રામનારાયણ વિ. પાઠક	પૂવલિાપ	૩૯
૬૮.	પૂજ્ય અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટને	યોગેશ જોશી	કવિતા-ઓગસ્ટ-૮૧ તંત્રી-સુરેશ દલાલ	૪૬
૬૯.	મુબર મૌનનો ગરો	ઉમાશંકર જોશી	ગાતિથ્યુ	૪૬
૭૦.	એક બાળકીના મરણ વિશે	ન.ભો. દિવેટિયા	હૃદયવીણા	૮૨
૭૧.	એક બાળકીના મરણ વિશે	ન.ભો. દિવેટિયા	હૃદયવીણા	૮૨
૭૨.	-''-	-''-	-''-	-''-
૭૩.	સ્વ.બેન શાંતીને	સુરેશ ગાંધી	વરદાન	૩૮
૭૪.	-''-	-''-	-''-	-''-
૭૫.	-''-	-''-	-''-	-''-
૭૬.	-''-	-''-	-''-	-''-
૭૭.	ગાઢ નીંદર	ચંદ્રવદન મહેતા	કરુણ પ્રશસ્તિ કાવ્યો	૧૦૦
૭૮.	ઉપોદ્ઘાત	ડોંધીરુભાઇ ઠાકર	કરુણ પ્રશસ્તિ કાવ્ય	૨૧
૭૯.	રજાની માંગણી	કાન્ત	પૂવલિાપ	૧૪૫
૮૦.	-''-	-''-	-''-	-''-
૮૧.	-''-	-''-	-''-	-''-

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૮૨.	ટિપ્પણ-પૂર્વલિાપ	ન.લો. દિવેટિયા	પૂર્વલિાપ	૨૬૬
૮૩.	વિદુર પ્રસંગ	કાન્ત	પૂર્વલિાપ	૧૩૫
૮૪.	-''-	-''-	-''-	-''-
૮૫.	કવચીનું સંબોધન	કાન્ત	પૂર્વલિાપ	૧૮૭
૮૬.	દુર્લિકલ્પી	ખ.ક.ઠાકોર	બુકાર	૧૮૧
૮૭.	-''-	-''-	-''-	-''-
૮૮.	સુખી જીવન	ખ.ક.ઠાકોર	બુકાર	૧૮૪
૮૯.	-''-	-''-	-''-	-''-
૯૦.	-''-	-''-	-''-	-''-
૯૧.	એક આશા	ખ.ક.ઠાકોર	બુકાર	૧૯૦
૯૨.	ગાંધીજીને	ઉશનસ્	આદિ	૬૪
૯૩.	ઊર્મિકવિતા	રમણીકલાલ જોષી		૨૧૪
૯૪.	-''-	-''-		-''-
૯૫.	-''-	-''-		-''-
૯૬.	પરલોકે પત્ર	ઈશ્વરભાઈ પાઠક	ગુજ ગુ.કા. પરિચય ભાગ-૨	૧૪૯ થી ૧૭૪

(P.T.O.)

kalpana's

-: શોકોર્મિકવિતામાં સિધ્ધિ-મર્યાદા :-

* શોકોર્મિકવિતામાં મર્યાદાઓ *

શોકોર્મિકવિતાનું કાવ્ય સ્વરૂપ જે રીતે અભ્યાસ દરમિયાન નજર સમક્ષ રખાતું જાય છે તેમાં મોટું તો નિર્વિવાદ છે કે શોકની ભાવાભિવ્યક્તિ એકમાત્ર અનિવાર્ય, કેન્દ્રવર્તી કાવ્ય તત્વ છે. એમે પીલવવામાં અન્ય કાવ્ય તત્વો જ્યારે સહજ અને ચુપકી નીવડે છે ત્યારે શોકોર્મિકવિતા સિધ્ધ સ્વરૂપની કક્ષા મેળવતું લાગે છે પણ જ્યાં, જે કાવ્યોમાં આવા વિવિધ કાવ્ય તત્વોની ગજમાયશમાં કયાંક ઓછપ, અનૌચિત્ય, અનાવડત વરી, બીન અસરકારક અથવા હાનીકારક લાગે ત્યારે શોકોર્મિકવિતા માટે તે મર્યાદા બની જાય છે. આવી મર્યાદાઓ કયાંક કયાંક નજરે ચડે છે. ઘણી કવિતાઓમાં કેટલીકવાર ભાવનું ભારણ, એક પ્રકારના ઘેનનું આવરણ એવું છવાઈ રહે છે કે કવિતા તેમાંથી બહાર નીકળી શકતી નથી ક્યારેક પાંડિત્ય મોહ, પુનરોક્તિ, પુનરાવર્તન, લાઘવનો લોપ નિરસતા, કૃત્રીમતા વ્યર્થ વાકવિલાસ કાવ્યના સિધ્ધિ પથમાં નડતર બની જાય છે. દા.ત. ઉશનસ્ કૃત 'કસ્તુરબા' કાવ્યમાં ગાંધીના અનુયાયીની તરીકે પ્રભાવ ઉભો કરવા માટે પંક્તિઓનો અતિરેક થતો લાગે છે. ખરેખર તો ''કાયની છાંયે.....પતિની પૂંછે..... વહી લઈ'' માં અર્થ સરતો હોવા છતાં વર્ણન આગળ ધપે જ જાય છે જેની ઝાઝી કલકુલિ કંઈ નથી.

સ્નેહરશ્મિ મિત્રને 'શાશ્વત પદે' સ્થાપિત સ્વરૂપે જોવા માટે રવિ - શશી તારાઓમાં મિત્રને પ્રકાશ તરીકે જોઈ, સ્થાપી, ગૌરવ કરે છે. કવિ મિત્રના મૃત્યુથી દુઃખી હોવા છતાં, પોતાની સામે ચમકતા રવિ-શશી, તારા વધુ પ્રકાશ આપતા અને હસતા લાગે છે. ત્યાં કવિ પોતાના શોકનું સમાધાન મેળવે છે કે મિત્રનો આત્મા અમર તત્વોમાં શાશ્વત્ સ્થાન પામ્યો છે. સજીવારોપણ પણ એમાં કલાત્મક લાગે છે ત્યાં ઉપકરણના વિનિયોજનનું કવિ-કૌશલ સિધ્ધ થાય છે. ન. ભો. દિ. પણ આજ તત્વોનો આજ અર્થમાં

kalpana's

વિનિયોગ કરે છે પણ 'અકાલ મરણ' કાવ્યમાં તે સ્નેહરશ્મિની સરખામણીમાં કલાત્મક નીવડતું નથી આકાશનાં તારોમાં ખિજની પત્નીને મૃત્યુ પછી ગરબે રમતી આકાશમાં જોઈ કહે છે કે 'તું આમ ગરબે રમતી રહેજે અને હું જોતો રહીશ'. શોક જેવા ગંભીર ભાવાલેખનમાં ગરબે રમવું અને જોતા રહેવું કેટલું ઉચિત લાગે તે એક પ્રશ્ન છે. વળી ગંભીર ભાવ માટે લક્ષિત લય, ગરબાનો ઢાળ અને શબ્દ રચના ભાવનો મોળો સાચવી શકે છે કે શોકની ગંભીરતામાં ક્ષતિ બને છે તે પણ વિચારવાનો વિષય બની જાય છે. સ્નેહરશ્મિનાં 'શાશ્વત્' માં અને ન.ભો.દિ. ના 'અકાલ મરણ' માં રવિ, શશી, તારા નું વિનિયોજન સામ્ય ગણાય પણ તે વિનિયોજનની ઉપલબ્ધિ 'શાશ્વત્' માં ચડિયાતી લાગે છે. શોકોર્મિ કવિતાનો ભાવ, રસ અને કાવ્યતત્વોમાં કાવ્યે કાવ્યે કંઈક સમાનતા તો કંઈક વૈષમ્ય જોવા મળશે. આ વૈષમ્ય થી ઉભા થતાં વ્યવસ્થાનોનો આ રીતે વિચાર કરી શકાય.

કાવ્યમાં શુષ્કતા પ્રવર્તે અને કૃતિ નિરસ બની જાય તેમાં પુનરાવર્તન દોષ બની રહે. પુનરાવર્તન પણ અનેક સ્વરૂપે કાવ્યોમાં મળે છે. શોકોર્મિ-કવિતામાં સ્વી- શશી- તારા -ઋતુ વર્ણ મંગેના ઉપકરણો ઘણા કાવ્યોમાં એક સરખાં મળી આવે છે. એક જ કવિની વિવિધ કવિતાઓમાં આ સમાનતા મળે છે અને અનેક કવિતામાં અનેક કવિઓ વ્યવહાર પણ આ સમાન ઉપકરણનું વિનિયોજન મળે છે ત્યારે વિદ્વાનોએ ધ્યાનમાં રાખી શોકોર્મિની થતી અભિવ્યક્તિમાં થતી અસરની દૃષ્ટિએ ઉપકરણનો કાવ્યમાં કાળો તપાસીએ તો ઘણા કાવ્યોમાં જોવા મળતો, ઉપકરણના સંદર્ભમાંથી ફલિત થતો ચિંતનનો પ્રવાહ સરખો જૂ ઢોવાય છે એટલે કવિયશ વંચિત કવિતા બની રહે છે. તેવા સંદર્ભમાં ઉપકરણના વૈવિધ્યની ઓછપ પુનરાવર્તન દોષ ઉભો કરતી લાગે છે. અને પુનરાવર્તનો વિરલતા, શુષ્કતા લાવતાં હોવાથી કવિતા માટે તે નિરર્થક બનતાં લાગે છે. વળી આ એક સરખું ચિંતનનું ચાલેખન કદાચ એક સરખાં ઉપકરણને લીધે માની લેવું કેટલે અંશે યથાર્થ ગણાય છે પણ એક પ્રશ્ન છે જ પણ આશ્ચર્ય તો એ બાબતનું થાય છે કે ઉપકરણો જુદાં હોય તો પણ

kalpana's

ચિંતનમાં નહાવત ના દેખાય . સમાન ઉપકરણોના વિનિયોજનમાંથી ચિંતનના આલેખનું સામ્ય મળે એમાં પણ કવિ પ્રતિભની ગુંજાશનો તાગ મળી રહે છે. શોકોર્મિ કવિતામાં 'સામ્ય' - નો વિચાર કરતાં - ઉપકરણોના સામ્યમાંથી મળતું ચિત્રમાંથી મળતું કયું દર્શન શોકોર્મિ માટે લાભદાયી બની શકાય એવો વિચાર કરવાનો હોય તો બે દર્શનો મળે છે સમાન ઉપકરણોમાંથી આલેખનમાં વૈવિધ્ય અને વિવિધ ઉપકરણોમાંથી કાવ્યોમાં મળી આવતું આલેખનનું સામ્ય એમાં પહેલું દર્શન તુલનાત્મક અભ્યાસ તરફ આંગળી ચીંધે છે જ્યારે બીજું દર્શન કવિ કર્મશક્તિ અને ઉપકરણની યથાર્થતાનો ખ્યાલ આપે છે.

વિધ્વિ અને મર્યાદાનો વિચાર કરવાનો પ્રશ્ન હોય ત્યારે વિવિધ શોકોર્મિમાં નજરે ચડતાં વિવિધ પ્રકારના સામ્યનો ખ્યાલ કરવો રહ્યો, ઘણાં કાવ્યોમાં કાવ્ય પ્રકાર ગૌણ હોય અને છંદ તેમજ બંધારણનું પણ સામ્ય મળી આવે છે. ત્યારે શોકોર્મિની વ્યક્તિગત માટે કયાં કાવ્યપ્રકારનું સામ્ય ફળદાયી બને છે એવોજ વિચાર ઉત્તમ ગણાય છંદ વિચાર એવું પણ એમાં જાણવા મળે કે કાવ્યને ઉત્તમ સ્થાનની કક્ષા માટે આ સામ્ય કરતાં બીજુ કોઈ વિશેષતા પણ કામ કરી ગઈ હોય . સામ્યનું એક બીજું સ્વરૂપ પાત્ર નિરૂપણવિષયક છે. નેતાઓ અને મહાનુભાવોની શોકોર્મિકવિતાઓમાં આ સામ્ય દેખાઈ આવશે. અનેક કવિઓ જુદાં જુદાં કાવ્ય પ્રકારોમાં કવિતા લખે, વળી તે જુદી જુદી રીતે અભિવ્યક્તિ આપતી હોય છતાં પાત્રનો પ્રભાવ સામ્ય તારવી આપે. કાવ્ય પ્રકાર, કવિની ભિન્નતામાંથી આલેખનું સામ્ય મળી આવે છે. ત્યાં લોક માનસમાં ઝીલાયેલી છબી પ્રગટ થાય છે. સામ્યનું ક્યાંથી તદ્દન વિરોધાભાસી (ભિન્ન) સામ્ય પણ શોકોર્મિમાં મળે છે. વિવિધ કાવ્ય પ્રકારોમાં જુદાં જુદા કવિઓએ પોતાના સ્વજનોમાંથી બહેન, ભાઈ, માતા, પિતાના (વ્યક્તિગત પાત્રો જુદાં છે એવા) પાત્રો પર આત્મીયતાની રંગ પૂરી શોકોર્મિ કાવ્યો લખ્યાં છે. છતાં જે તે પાત્ર જુદાં હોવા છતાં તેમાં રહેલી સંવેદની સમાનતા, આદર્શનું રૂપ- સ્વરૂપ લોક સ્વીકૃત ઢબે જ મળી આવે છે. બહોળાવ, મમતા, વાત્સલ્ય, પ્રેમ ના જે વિશ્લેષ્ટ સ્વરૂપો [illegible] સમાજે સંસ્કૃતિના

kalpana's

સોપાન તરીકે સ્વીકાર્યાં છે. તેનું સામ્ય પાત્ર વૈવિધ્ય અને ભિન્ન કવિ હોતાં છતાં મળી આવે છે. ત્યારે શોકોર્મિ કવિતામાં તેનું ઔચિત્ય સંસ્કૃતિના લોક સ્વીકૃત માપ દંડોના અનુસરણને લક્ષમાં રાખી સામ્યનું મૂલ્યાંકન થયું થવું જોઈએ. એમાં સંસ્કૃતિની સુગંધ પ્રસરેલી મળે છે. શોકોર્મિ કવિતામાં ભાવાસિક્ત બંધ કાવ્યો મળશે.

જે શોકોર્મિકાવ્યોમાં એકજ પાત્રના સમાન પ્રભાવમાંથી પુષ્ટ કોઈક ઉચ્ચતમતા સંભવિત છે તેના હાર્દમાં આત્મીયતાની જેટ રહેલા કારણીભૂત છે. દા.ત. ગાંધી માટે લખાયેલા કાવ્યોમાં ઘણા કાવ્યો યાત્ર શુષ્ક નિરુપણનાં બની રહે છે જ્યારે આજ નથનો ? રહો, રહો ન પુજ મૃત્યુને જેવા કાવ્યો કરુણ નિષ્પન્ન અભિવ્યક્તિ પામે છે. શોકોર્મિકવિતાનું આ વિશેષ પ્રદાન ગણી શકાય. પ્રશસ્તિમાંથી બહાર આવી પાત્રના સાક્ષાત્કારના સ્મરણોમાંથી કે પ્રભાવમાંથી અભાવ અને શોકની ક્લાત્મક અભિવ્યક્તિ આપી જાય છે. એનું જ સુંદર આલેખન કવિઓ, સાહિત્યકારોને અપાયેલી અંજલિમાં પણ છે. -હાનાલાલ, સ્વીન્દ્રનાથ અરવિંદ, કાન્તના શોકમાં લખાયેલાં કાવ્યોમાં બહીરંગમાં મળતી આવતા આલેખનના વૈવિધ્યમાં ઉંડે આત્મીયતા, શોકની અભિવ્યક્તિનું સામ્ય હોય છે.

એકજ સમયના ગાળામાં ગઈ ગયેલા કવિઓના કાવ્યોમાં છંદ, લય, શબ્દ ભંડોળ, શૈલી, રચના પદ્ધિયા, ભાવ વિકાસ, રૂપકોનું સામ્ય જોવા મળે છે દા.ત. બબરદાર, ન.ભો.દિ. ના કાવ્યોમાં ઘણી સમાનતાઓ છે આ સામ્ય ને સમકાલિનતાની અસર હેઠળ લિખાયેલી કવિતા ગણી શકાય એમાં ક્વચિત કંઈક નવા કે પરંપરાગત અભિગમો એક જ દિશામાં ઉઘડતાં જોવા મળશે. શોકની અભિવ્યક્તિ પણ સમકાલિન કવિઓમાં એક સરણી ઢબે નિરૂપાતી જોવા મળશે આ પ્રકારના સામ્ય માટે સમકાલિનતાનો પ્રભાવ કારણભૂત છે.

મૃત્યુનું આલેખન અને ચિંતન પછીના સમાધાનના આલેખનમાં બે પ્રવાહો જોવા મળે છે. પ્રારંભકાળના અર્વાચીન કવિઓમાં પુરાણોક્ત અને

kalpana's

ધર્મ, આધ્યાત્મની માન્યતાના દૃઢ સ્વીકાર રૂપે મૃત્યુની ગોળ, ચમિત્રાય અને આત્માની ગતિ લાગે છે. જ્યારે આધુનિક કવિઓમાં મૃત્યુનો નવો અભિગમ, તેમાં માંગલ્ય, પડકાર , [illegible] સ્પર્ધા, વિજયનો ભાવ વિકાસ જોવા મળે છે. મૃત્યુ પછી આત્માની સ્થિતિ પ્રભુ પાદમાં સ્થિત, સ્વર્ગ પ્રયાણ, સત્કાર્યોનો મહિમા, દેવગણમાં સત્કાર વગેરે માન્યતાગત સામ્ય પ્રવર્તે છે.

અનેક વિધ સામ્યની સાથે એક વૈષમ્ય નોંધપાત્ર છે. ભિન્નના અવસાન પર લખાયેલા મૈત્રીકાવ્યોમાં વિવિધ ઉપકરણોમાંથી શોકનું દર્શન થાય છે પણ એમાંથી પણ ભાવનો જે પુષ્ટપ્રવાહ વહે છે તે ગેરહાજરી, સ્વભાવ, સ્મૃતિ, શૂન્ય-મનસ્ક સ્થિતિના આલેખનનું સામ્ય નથી આવે છે. આમ શોકોર્મિકવિતામાં જોવાં મળતા સામ્યને સ્પષ્ટ રૂપે વિભાગવું હોય તો એમ કહી શકાય કે (આલેખનમાં મળતું સામ્ય નહીં) આલેખનનું સામ્ય અને પ્રાપ્તિનું સામ્ય.

શોકોર્મિકવિતામાં પ્રકૃતિ સાધક કે બાધક ? એ વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે કારણ કે લગભગ મોટાભાગની શોકોર્મિકવિતાઓમાં વધતે ઓછે અંશે પ્રકૃતિનું આલેખન થયું છે. ત્રણ પ્રકારે પ્રકૃતિનું આલેખન મળે છે અર્થાત્ પ્રકૃતિ ત્રણ સ્વરૂપોમાં ત્રણ નિમિત્તે છે. વિરહ, વિયોગ અને શોકની અભિ-વ્યક્તિ માટે, ચિંતન કે સમાધાનની ભૂમિકા માં અશ્રુ અંજલિની તાદૃશતામાં છે કરુણ પ્રશસ્તિની સજાવટીમાં શોકોર્મિ કવિતામાં પ્રકૃતિનું આલેખન શોકની અભિવ્યક્તિ માટે ઉત્તમ રહ્યું છે એ ગૌરવ પ્રદ છે.

જે શોકોર્મિકાવ્યોમાં શોકની અભિવ્યક્તિ ખીલી નથી એ કાવ્યો શોકોર્મિ તો નથી જ બનતા પણ એમાં આયાસ, કૃત્રિમતા, વેવલાપણું દેખાય છે. કેટલાક કાવ્યો જીવન ઝરમર લાગે છે તો કેટલાંક પંક્તિ પદ્યમાં ખરખરો બની રહે છે. એવાં કાવ્યો નથી સારા સ્મરણાંજલિ બની શકતાં કે નથી સારા નિવાણાંજલિ બની શકતા કારણ કે એમાં કાવ્યમાં રસાવણની કચાશ વર્તાય છે.

શોકોર્મિ કવિતામાં દીર્ઘ કાવ્યો માટે લાઘવ લોપની મર્યાદા

kalpana's

જણાય છે. પણ એમાં પુનરાવર્તન અને પુનરોક્તિ જેવા દોષો પણ વધતો જાય છે. પુનરાવર્તનથી કાવ્યનો જો કોઈ મુખ્ય હેતુ સરતો હોય તો કદાચ તે નભાવી લેવાની લાલચ રહે પણ એકજ અર્થ દોહરાવતાં અનેક શબ્દોનાં વપરાશમાં તો પ્રાસ માટેના કવિનાં ફેરફારો જ પુરવાર થાય છે. પ્રવરદારના નર્યદને અંજલિ આપતાં લખાયેલા કાવ્યમાં શૂર, શૌર્ય, શૂરો, શૂરલો, વીરલો, હીરલો જેવાં શબ્દોનું પ્રયોજન પુનરાવર્તન સિવાય બીજું કોઈ આપી શકતું નથી. ક્યાંક તો અતિશયોક્તિ પણ એક દોષ કયારેક બની જાય છે આ કાવ્યમાં તો અતિશયોક્તિ પણ કઠણી લાગે છે. શોકોર્મિ કવિતા માટે લગભગ તો દીર્ઘ-કવિતાઓ વ્યર્થ લંબાણને કારણે શાપરૂપ નીવડી છે. એમાં અનેક દોષની સંભાવના વધી જાય છે. પ્રકારાંતરે એમ પણ સિધ્ધ થઈ જાય છે કે શોકોર્મિ કવિતા લાઘવને વરેલું કાવ્ય સ્વરૂપ છે એમ કહેવું યથાર્થ લાગે છે. શોકની સઘન અભિવ્યક્તિ લાઘવ વધ્ય શોકોર્મિમાં થાય છે ત્યારે ઉત્તમ શોકોર્મિ કવિતાની આશા બંધાય છે.

શોકોર્મિકવિતામાં નિરસતા માટે એક બીજું વિશેષધાન શોકની અભિ-વ્યક્તિની અલગ અલગ આવા આભારમાં દેખાતી કૃત્રિમતા છે. સહજ રીતે વ્યકત થઈ જતો શોક તીવ્ર કે ગહન વેદના વિરહ કે અભાવની પ્રતીતિ કરાવે ત્યારે શોકોર્મિકવિતા ગુણવત્તાવાળી બને છે. એવી અભિવ્યક્તિ માટે વર્ણનાં પરિચય અને સાહચર્યથી કેળવાયેલી આત્મીયતા અનિવાર્ય છે. એમાં સ્પર્ધા, ચમત્કારિકતા કે ચિષ્ટાચારને જરાય પણ અવકાશ નથી જ માટે જ મૃત્યુ-પ્રસંગે લખાયેલી શ્રંજલિઓમાંથી કોઈ એક બે કૃતિમાં શોકોર્મિ કવિતાના ગુણો સંભવે છે. બાકીની કૃતિઓ અંજલિના અન્ય કોઈ પ્રકારે ગોઠવાય છે. અથવા માત્ર પ્રસંગમાં પ્રશસ્તિ બની રહે છે. પ્રસંગના સંદર્ભે કદાચને અપ્રસ્તુત અધ્યાંજલિ બની રહે પણ અન્ય સર્વ અંજલિ કાવ્યોમાં શોકોર્મિકવિતા સાહિત્યિક ગુણોને કારણે ચોંટારે છે. તેવી જ તે ચિરંજીવ સ્થાન મેળવે છે અન્ય કૃતિ જેવી અલ્પ જીવી જાતી નથી તેને સાહિત્યિક મોભો પણ મળે છે. આ અંગેનો ખ્યાલ અનુક્રમે છેલ્લુ દર્શન કે હૃદય ખૂણે પૂરી કસ્તુરબા, અને સ્વ.મોતીભાઈ

kalpana's

ગમીના' કાવ્યો વાંચતા આવશે. કોઈપણ અંજલિ કાવ્ય મરણ પ્રસંગે લખાયેલું હોવાથી મરણનિમિત્તક હોઈ શકે પણ તેમાંથી શોકની ઉત્તમ અભિવ્યક્તિ વાળું કાવ્ય જ શોકોર્મિ કવિતા બની શકે એમાં સાહિત્યિક કક્ષાનો અભિ-વ્યક્તિની અપેક્ષા અભિપ્રાર્થ રહેલી છે. 'ઇલમકકાનો હાજી' કાવ્ય વાંચતા આ ખ્યાલ સ્પષ્ટ થશે. કવિશ્રી પતિલ ના એક કાવ્યનું શીર્ષક 'આંસુની ભેટ' છે પરંતુ અંતરના ભારને કાવ્યમાં ભારોભર ઉતારી શકાય નથી કવિની અભિવ્યક્તિની મથામણ દેખાઈ આવે છે પણ તે ફળદાયી બનતું નથી. મેઘાણીની વિવિધ સ્મૃતિઓને આધારે કવિ સચોટ ચિત્ર આપી શક્યા હોત, પણ તે વિધિ પણ સાંપડી નથી . 'ઇલમકકાનો હાજી,' 'આંસુની ભેટ' જેવા ઘણા કાવ્યો શોકોર્મિ કવિતાનામાર્ગમાં અધવચ અટકી પડી પ્રાસચાતુરીમાં સરી પડી માત્ર જીવન- ઝરમર બની રહ્યાં છે. પ્રાસની વધારે પડતી માવજતની ચિંતામાં કવિ પ્રાસ ચાતુરીને બદલે ગુલામીનો ભોગ થઈ પડતા લાગે છે. દા.ત. કવિ ખબરદારના 'રવ. મહાત્મારીના આત્માને' કાવ્યનાં ઉજાગ ને બદલે સંદેશ ના પ્રાસમાં 'ઉજેશ'પ્રયોગ કરે છે.

કવિતામાં દૃષ્ટાંત, રૂપક, અલંકાર કે ઉપકરણનું વૈવિધ્ય હોય અને તેમાંથી પાત્રના વ્યક્તિત્વમાં વૈવિધ્ય ખીલી આવે તો તે સ્વભાવિક લાગે કારણ કે આ દૃષ્ટાંત કે રૂપકના ગુણને અનુકૂળ પાત્ર પ્રકાશ દેખાશે. પણ એક જ કાવ્ય સંગ્રહમાં અનેક પાત્રો માટે એક સરખાંજ રૂપક, પ્રતિક, દૃષ્ટાંત, ઉપકરણ પ્રયોજી પાત્રનું વ્યક્તિત્વ વિવિધ રૂપે વર્ણવે તો કવિ કૌશલને ક્યાં માપદંડથી મૂલવવું ? આ મૂંઝવણ બની રહે છે. ઉપકરણ સરખાં, તેમની અભિવ્યક્તિ સરખી હોય તો પછી વ્યક્તિગત ભિન્નતા લાવવામાં ઉપકરણોનો શોખ કાળો ? ઉપકરણોમાંથી કંઈક પણ નવીનતા ન મળે તો તે પ્રયોજન વ્યર્થ છે. દા.ત. મલયાગીરની તુલના નર્મદ માટે કરે છે અને ~~XXXX~~ કે.હ.ધ્રુવ ખબરદાર માટે પણ 'મલયાગીર' ની તુલના પ્રયોજે છે. પ્રમાણમાં ખબરદાર કરતાં નર્મદ જુસ્સાના વ્યક્તિત્વવાળો કવિ છે. અને મલયાગીર શિતળતાના અર્થ માટે પ્રચલિત છે.

kalpana's

નર્મદ માટે તે લખે છે કે.....

૧...''ચટલ હાકલે મડો મેરૂ શો મધુરો મલયાગીર'' એમ કહી ચુધારાનો સમીર લાવવા માટે 'ચુધારણ હાર' શબ્દ પણ પ્રાસ માટે પ્રયોજે છે એમાં કૃત્રિમતા આવી જાય છે.

ખબરદાર માટે લખે છે કે.....

૨...''ત્યાં તુજ મધુર બોધ ઉછળતા
મલયાગીર મધુ વાતે''

બન્ને પંક્તિઓમાં પર્વત અને પવનના અર્થગાંજ કવિ મલયાગીરનો ઉલ્લેખ કરે છે. વળી ગડગ પણા માટે કોઈપણ પર્વતનો ઉલ્લેખ આપી શકે મંદ સમીર, શીતળવા માટે જ મલયાગીર ઉલ્લેખનીય છે એ પણ સર્વને વિદિત છે તે સંપૂર્ણપણે સચોટ નથી.

ગંજલિ કરતાં પણ શોકોર્મિ કવિતામાં શોકની અભિવ્યક્તિ વધારે મહત્વની છે પણ કવિતામાં જ્યારે આલેખન [illegible] દિશાવિહીન બની જાય ત્યારે કવિતા કોઈ ચોકકસ સ્વરૂપને પામી શકતી નથી. 'એક સ્મરણ-૨ ' માં ખબરદાર [illegible] કેમ્પ્રશરો' ને સ્મરે છે . સંગીતકાર તરીકેના વ્યક્તિત્વનો પરિચય પણ અજાણતો હોવાથી કાવ્યમાં તે પ્રભાવશાળી બનતું નથી. કાવ્યમાં આલેખન છે કે દિવ્યપ્રકાશમાં ઉન્નતિ અને કવિ તે માટેની અપેક્ષા, અને તે અપેક્ષા માટે મૃત્યુ પામેલા મિત્ર પાસે સહાય માંગે છે કે તું ગમને તે પ્રકાશ દેખાડ, ભાવ સારો રહોવા છતાં પણ તેને વિકસાવવાને બદલે કવિ સંગીતના વર્ણનમાં ઉતરી પડે છે બે દૃષ્ટાંતોમાંથી એક પણ દૃષ્ટાંત પાસેથી પૂરો હેતુ સિધ્ધ કરી શકતા નથી. તેથી બન્ને દૃષ્ટાંતો અધૂરાં અને અસ્વાભાવિકપણે રાખિત થાય છે. દા.ત.

૩...''કર તેજ ઉરે, ઉરતાર ચઢાળ સહુ'' પંક્તિમાં બન્ને દૃષ્ટાંતો ભેગાં થઈ જાય છે. તેથી ભાવવિકાસની ખામી પણ વર્તાય છે અને કવિતા સંજલિ માટે પણ અધૂરી લાગે છે. વિવેક, ઔચિત્ય અને અભિવ્યક્તિ ત્રણેયની

kalpana's

બાબી વર્તાય છે.

જે શોકોર્મિ કવિતામાં જૂના દૃષ્ટાંત, રૂપક, પ્રતિક નવા અર્થ સંદર્ભમાં આવે છે ત્યાં કવિતામાં કાવ્યત્વની ન્યૂનતા પરખાય છે. દા.ત. ધીરુ પરીખના 'ક્યાં છે મલ્લાહ'માં પ્રતિક, રૂપક , દૃષ્ટાંતનું આધુનિકરણ જોવા મળે છે અને ભાવાભિવ્યક્તિમાં નવીનતા દેખાય છે પણ જુના પ્રતિકો, રૂપકો જો જૂનવાણી રૂપે જ કાવ્યમાં આવે તો તે કાવ્યને ચલકાં ફળદાયી બનતાં નથી. એવું જ અલંકારો માટે પણ કહી શકાય : અલંકાર અભિવ્યક્તિની અસરકારકતાની માત્રા સ્પષ્ટ, સુરેખ કરી આપે છે. દા.ત. અતિશયોક્તિ અલંકારમાં અતિશયોક્તિ ભાવની અસરકારકતા માટેજ છે પણ એમાં જો અવાસ્તવિકતા કે અતિરેક પ્રવર્તે તો કાવ્યને ગાંધપ લગાડે છે. સૂર્ય, ચંદ્ર, xx તારાનું ઉલ્લેખ યથાવત્ પ્રકાશકુંજનાં અર્થમાં 'મુકાલત્યન મોતીલાલજી' માં છે. મોતીલાલજી વિના તે બધા ઝાંખા લાગે છે. કારણ કે મોતીલાલજી તો ભારતમાતાના કીરીટનો મણિ છે . તે નહીં હોવાથી બધું જ પ્રકાશહીન લાગે છે તુલના કે રૂપકની પસંદગી સામે વાંધો ન હોય તો પણ તે દ્વારા થતી અભિવ્યક્તિમાં ક્યાંક કશુંક ખૂટે છે. બે બાબી કવિપદો લાગે છે તેથી કાવ્યને પણ ખોટ જાય છે.

ભાવસિંહજીને અંજલિ' બ.ક.ઠા. ની બેક દીર્ઘ કવિતા છે. પંક્તિએ પંક્તિઓ ભાવસિંહજીના ગુણાનુવાદ હોવાથી નિવાલાંજલિ બનતી લાગે છે. પણ ક્યાંય કવિનો વ્યક્તિગત રંજ કે ગાત્મીયતા ઝંખાતી હોય તેવી અભિવ્યક્તિ મળતી નથી. પ્રારંભમાં યૂરેલો પ્રસંગ પણ અનિવાર્ય લાગતો નથી. તેથી તે પણ શોકોર્મિ કવિતા બનતી નથી.

ચારાં રૂપકે અભિવ્યક્તિના બભાવે ગેળે જાય છે ત્યારે કૃતિ અનેકતાં બન્ને ટીકાપાત્ર બની જાય છે. 'ચકાલ પરણ' માં દિવ્યભાવ માટેનું રૂપક છે. ન.બો.દિ. ગાલેબનમાં વૈવિધ્ય લાવવા માટે ચંદ્ર , તારા, અમરત્ન કુસુમો, તેજ રેખા, વસંતની માધવીની કલીથી ભાવ ગૂંથે છે ત્યાં શોકની અભિવ્યક્તિ માટે આશા બંધાય છે. પણ કાવ્યાંતે તેમાં પણ ભ્રમંતોષ વર્તાય છે. કાવ્યમાં

kalpana's

દેખાતુ ગરબાનું દ્રશ્ય પણ ન્હાયુ અને શોકના ગંભીરભાવ સાથે તાલમેલ વરસતું લાગે છે. શોક વિના કરુણભાવ અને રસ સિધ્ધ થતો નથી. 'એક બાળકીના મરણ વિશે' કાવ્યમાં રુચે તેવું દિવ્યભૂમિનું દ્રશ્ય અને ક્લાત્મક આલેખન છે તેવું 'અકાલ મરણ' માં નથી મળતું રૂપક પણ બેઠોળ, પ્રાણહીન, શુષ્ક લાગે છે.

સામાન્યતઃ શોકોર્મિકવિતામાં શોકની આબોહવા સમગ્ર કૃતિમાંથી મળે છે. કાવ્યાંતે ક્વચ કે કોઈ એકાદ પંક્તિમાં શોકની લકીર દેખાવાથી આખી કૃતિ શોકોર્મિ બનતી નથી. બ.ક.ઠા. ભાવસિંહજી દિવાનની પ્રભાશંકર પટ્ટણીને' અંજલિ આપતાં કાવ્યાંતે આંસુનો ઉલ્લેખ આપે છે કે.....

"...અંધક ભાવિ દિગંત, અતનવી ચિંતા ભારે
હિંદ ચુણી તુજ કાળ, અશ્રુ એકાળે આંસુ સારે" પંક્તિમાં અતિશયોક્તિ પણ બેહદની છે શોકોર્મિકવિતામાં હિંદ આંસુના સારે પણ કવિ પોતે આંસુ સારે, કારણ કે સ્વજન ગમી જાત્મીયતામાંથી શોકની અનુભૂતિનું આલેખન થતું જોઈએ. ઉપર્યુક્ત પંક્તિઓમાં બંધાતી વાતની છાયા કવિની હવે પછીની પંક્તિઓમાં તેવાઈ જાય છે.

"...ક્યાં ન્હાનો નવ ચીંટિયા- વીછિ ઝેની પાકે
તને તત્કાળ તે પલટ, ગજબ રીઢની દીધ
ભૂંગો પાઠ દીધો ન્હાને, તેહ વેર યે લીધ"

શોકોર્મિકવિતાનાં મુખ્ય નડતરોમાં દીર્ઘસૂત્રીપણું, વર્ણનની અતિશય શુષ્કતા, શબ્દના રૂપ વિરૂપ બનાવી પ્રાસ અને લયને ટકાવવાની હઠ, કાવ્યના ભાવ અને રસને માટે વિક્ષેપકતાં નીવડે છે. 'સ્વ. મોતીલાઈ ચમીન' આ પ્રકારની શુષ્કતાનું દ્રષ્ટાંત છે. પૂજાલાલ અને ખબરદાર જેવાના ઘણાં કાવ્યોમાં સ્મૃતિ અને વ્યક્તિત્વ વર્ણન જેટલું બહુ વધી જાય છે કે શોક માટેની કોઈ ચમત્કૃતિ ઉપલબ્ધ નથી. કરુણ રસની પ્રાપ્તિ પણ થતી નથી. જે કૃતિઓમાં સ્મૃતિ, વિરોધાભાસ જેવા અનુભાવો માત્ર ઉપરછલ્લી રમતમાં સીમિત રહે છે અને કોઈ સિધ્ધિ સુધી પહોંચતા નથી તેવા કાવ્યોમાં ભાવનો વિકાસ થતો નથી. ઘણાં ચોક્કસ કાવ્યોમાં કરુણનો ઉદ્દામ આસ્વાદ મળે છે. કવિતામાં સહજ

kalpana's

રીતે ગાવતા સ્વપ્નદૃષ્ટા કૃતિના ચારસ્વાદ માટે ઝારકારક નીવડે છે. તેમાં કૃત્રિમતા કવિતાને ખટકે છે. અન્યથા શોક અને કરુણ માટે ચાર્મક નીવડે નહીં તો કવિતામાં કચાશ રહી જાય છે. દા.ત. 'મલબારીના આત્માનેક કાવ્ય જુઓ:

"ગાજે ગગન ઘનઘોર, ઉરીને વીજ કરે ચમકાર
પડતા પ્રલયના પડવા, પરિણામાં પ્રગટાવે ચમકાર"
ચૂકે નવ ત્યાં સીધી રે, દીસે ધ્રુવ તંડળી
વીજ ત્યાં કયમ ધારે છે, હિન્દ ભૈયાની ચાંખડી"

પંક્તિઓમાં રૌદ્રરસનું વર્ણન, ભયાનક તોફાનનું વર્ણન છે પણ પંક્તિઓમાં ગહેલાઈથી સંદર્ભ જોયતાં નથી તેથી કલકૃતિ કૃત્રિમવત્ લાગે છે.

શોકોર્મિકવિતામાં કવિતા અભિવ્યક્તિમાં અલબત્ય ખટકી પડતી લાગે છે તેનું કારણ પ્રભાવમાંથી અભાવ સુધી ગાદી કવિતા તેમાંથી શોક ને ખાલેખાતી નથી કરુણ સિધ્ધ થતો નથી શોકાંજલિ આકાર પામતી નથી. ઉત્તમોત્તમ ઉપકરણો, બહુઅર શબ્દ ઝંકોળ, હોવા છતાં અભિવ્યક્તિની કચાશ હોય તો કવિતા કાવ્યત્વ પામતી નથી. કાવ્યકૃતો તેમાં વિકસતા નથી. કાવ્ય સામગ્રીના વિનિયોજનની અનાવડત અને અભિવ્યક્તિના કૌશલની કચાશ જેમાં સચવાઈ ગઈ હોય તે કૃતિ સારી કૃતિ બને છે. સોનેટ શુષ્ક કાવ્યોના વિષયમાં બે ચપટતા જરૂરી ગણાય કે ચમત્ય શુષ્કની દૃષ્ટિએ સદનેટનો ભાવ એક બેડ્ય જેવો લાગશે પણ બે સોનેટને સ્વતંત્ર રીતે નપાસીયે તો શોકની ભાવાભિવ્યક્તિમાં નિષ્ફળ લાગે પરંતુ શુષ્કતા અન્ય કાવ્યોમાં વિકસતા ભાવના તબક્કાઓના વિકાસક્રમપ્રમાણે તેનું મૂલ્ય આંકવું ઉચિત ગણાય ઉશનસના 'પૂ : બાપા જતાં-ત્યજ્ય સ્થાં માં

"...શિશિરોની ઝાડી દીઠી ન ચડવા ચંત્ય મનને"

કહી કવિ સ્મૃતિમાંથી વાત્સલ્યને ખોલેખતાં લાગે પરંતુ કરુણની સ્વાભાવિક અભિવ્યક્તિમાં કવિ તેનો ઉત્તમ ઉપયોગ કરતા હોવાથી તે સંદર્ભમાં સોનેટ જોતું જોઈએ

kalpana's

જેમ સોનેટમાં વાત્સલ્યમાંથી શોક અનેકરૂપ બનતાં નથી પણ કાવ્યોના ગુચ્છમાં તે ક્રમિક વિકસે છે.

'અકાલ મરણ' અને 'એક બાળકીને ના મરણ વિશે' બન્ને કૃતિઓમાં શોકની અભિવ્યક્તિની દૃષ્ટિએ, એક જ તુલનાનો ઉપયોગ હોવા છતાં એક બાળકીના મરણ વિશે' ચડિયાતી કૃતિ છે. શોકની અભિવ્યક્તિ ઉપરાંત કરુણની નિષ્પત્તિ અને કાવ્યાત્મકતા સાધતી સાધ્ય બધ્ય કૃતિ છે. 'અકાલ મરણ' દીર્ઘકવિતા અને આત્મીયતાના અભાવ ઉપરાંત ગર્ભે રમતી કન્યાને જોવા જેવું દૃષ્ય ગણાવી કાવ્યને અંત આવે છે તેમાં ભાવ કે રસની પરાકાષ્ઠા નથી. ગરબો આનંદનું પ્રતિક છે. મૃત્યુ શોક નિર્દેશ કરે છે. આનંદ અને શોક સાથે સંભવે નહી ગરબો લલિત મૃદુ નૃત્ય, લય, રાગ નો વિષાય છે. શોક અને મૃત્યુ ભેળી૨ વિષાય છે. આ વાસ્તવિક બેઠકોના વચ્ચે પણ કવિ કાવ્યાને કહે છે કે 'રહું શોક-મોહમાં ડૂબ્યો' જે રીતે ચંદ્ર , તારા, રવિ ૪ અજ્ઞ બ્દારા આત્માની શાસ્વત્ સ્થિતિ સ્થાપિત કરવાની હોય તેને બદલે ઘૂમતા ગ્રહોની બેરસમજ પ્રવર્તે તેવું આલેખન લાગે છે. ઉપકરણનો ઉચિત ઉપયોગ ક્યાંય દેખાતો નથી તેથી પ્રમાણમાં 'એક બાળકીના મરણ વિશે' ચડિયાતી કૃતિ ગણાવી શકાય.

'સત્યવ્રત હો' સુંદરજી બેટાઈની કૃતિ છે. કવિતાનું આકર્ષણ તેમાં આવતા વિશેષણોની હારમાળા અને તેમાંથી ક્રમિક રીતે વિકસતું ગાંધીનું વ્યક્તિત્વ છે. કૃતિમાં ગાંધીનું જીવન-કાર્ય અને પ્રભાવ સારી રીતે આલેખાયા છે. પણ ગાંધીનો પ્રભાવ ઉભો કરવા માટે સ્વાભાવિક ઝાંખપ, રાષ્ટ્ર પ્રેમ, યુધ્ધમાં ગાંધીજીની અસરને આલેખે છે. રાષ્ટ્રના આંદોલન, ઝાંખપના સંદર્ભમાં કવિ યુધ્ધભૂમિ, સંગ્રામ કે રણ ભૂમિ શબ્દ પ્રયોગ ને બદલે રંગભૂમિ શબ્દ પ્રયોજે છે.

"...અંગ્રામોની રંગભૂમિમાં, શાંતિ કાવ્ય- ઉદ્ગાયક હો ?"

એ વિચાર માંગી લે છે. 'સત્યવ્રત હો' ના ટિપ્પણમાં બેટાઈની આ રચના

kalpana's

માટે અંતરાય રાવળ પણ કહે છે કે ૬. ''ઝંડાઓની રંગભૂમિમાં શાન્ત-કાવ્ય- ઉદ્ગાયક હો ?'' અહીં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ , અને યુધ્ધનો ભાવ હોવાથી વીરરસ છે ત્યાં કવિએ રંગભૂમિને બદલે રણભૂમિ શબ્દ વાપર્યો હોત તો ?'' શબ્દસૂઝની દૃષ્ટિએ આ ટીકા કેટલી ઉચિત લાગે છે ? આજ પ્રમાણે ગરબાના ઢાળ' માં લખાયેલી ન.ભો.દિ. ની 'ચકાલ મરણ' કૃતિમાં આકાશી તત્વોના ઉપકરણ તરીકે નું વિનિયોજન ઔચિત્ય ભંગનો દોષનું દૃષ્ટાંત છે. એજ પ્રમાણે સુંદર શીર્ષક વાળી પતીલની 'આંસુની ભેટ' માં સ્મૃતિ શોકની અભિવ્યક્તિ નથી આપતી માટે શોકોર્મિ કે શોકાંજલિ ને બદલે કૃતિ યાત્ર 'સ્મરણાંજલિ' બની રહે છે.

અતિશયોક્તિનો અતિરેક કવિતા માટે સંકટ બની જાય છે. કવિતામાં સંદિગ્ધતા સર્જી દે છે. 'ભર ભર છાંટ ગંજલિ' કવિતામાં ઝવેરચંદ મેઘાણી શોકનું ગંભીર વાતાવરણ ઉભું કરે છે. મણિલાલ ત્રિવેદીના અવસાન નિમિત્તે તે લખે છે કે.....

૧૦. ''બાઈ મરે બહુ હારિયે, બેન મરે દસ જાત- ત્યાંસુધી ભાવ દઢી રહે છે પણ પછી આગળ લખે છે.

૧૧. ''માવીતર મરતે ઉનાં, સો દશનાં વા વાય''

સોદિશના વાયરા ફૂંકાયા પછી અભિવ્યક્તિ અધૂરી લાગતી નથી. હવે કશું પણ પ્રક્ષિપ્ત બીનજરૂરી જ લાગે પણ અતિશયોક્તિ ભાવાભિવ્યક્તિની અસરકારકતાને નડતર બને છે કે.....

૧૨. ''પણ એ સાત દુઃખ ભેળાં થાય, એક નમે મુજ'' - સાત દુઃખ જોતાં થાય ઉક્તિમાં કોઈ પણ સ્પષ્ટ અર્થ મળતો નથી.

કાવ્યમાં વારંવાર પુનરોક્તિ, પુનરાવર્તન પામતા શબ્દોમાંથી કૃતિનો ભાવ પામવા જતાં પુનરાવર્તનો પ્રશ્ન છે. દાન, શિક્ષણ અને લોક-સેવાના ક્ષેત્ર ક્ષેત્રે ભીખાભાઈએ કરેલા કામોની નોંધ પરથી તેના વ્યક્તિત્વની પ્રભાવ અને શોકનો ભાવ અંકિત થવો જોઈએ અને તે પણ લાઘવયુક્ત રજૂઆતથી

kalpana's

સૂચિત થવું જોઈએ. કાવ્યમાં તે માટે પુનરાવર્તન જોવામળે છે. વળી પંક્તિ રચનામાં પણ કૃત્રિમતા સર્જાય છે.

૧૩. ''જ્ઞાનની ગંગા વહાવી બીબાબાઈ.....
ઝળહળ જ્યોતિ જગાવી બીબાબાઈ.''

બન્ને પંક્તિમાં ભાવ એક જ છે. શબ્દ ફેરથી જ્ઞાન વિસ્તારની નો જ ઉલ્લેખ છે.

શોકોર્મિકવિતામાં ઉર્મિકવિતાના લાઘવનું લક્ષણ જળવાવું જોઈએ પરંતુ લાઘવના ચુસ્ત પાલનથી લાઘવ દોષ કે અન્ય કોઈ પ્રકારનો દોષ ઉભો ના થાય તો જ લાઘવ જળવાયું ગણાય. આ બંને ડૉ. દક્ષા વ્યાસનો હીરાબેન પાઠકના 'પરલોકે પત્ર' માટે આપેલો અભિપ્રાય ઉચિત લેખાય છે. ૧૪.'' આ કૃતિમાં પંડિત પુનીત પાંડિત્ય સભર ભાષા અને ઘરાળુ શબ્દો બોલી બહેકાનું વિલક્ષણ મિશ્રણ છે. કવયિત્રીને ઘણું બધું કહેવું છે અને તે પણ લાઘવથી, અને તેથી જ વારંવાર અભિવ્યક્તિ સાંકેતિક બની જાય છે.(ત્યારે એમ) થાય છે કે સાંકેતિક શબ્દોનું ભારણ ઓછું હોત ને અભિવ્યક્તિનો પ્રવાહ વધુ સ્વાભાવિક હોત તો કેવું ? કંઈક ભારતા પણ જણાય છે. કેટલીક વાર ધ્વનિ કે પ્રાસ સાહચર્યમાં ઠસોઠાય છે.'' ગદ્યાત્મક કવિતામાં અભિવ્યક્તિનો સહજ પ્રવાહ હોય તો તે કાવ્યત્વને મુલાયમ બનાવે છે. માપણી દીર્ઘ-શોકોર્મિ કવિતાઓ પણ આ દૃષ્ટિએ ફેરતપાસ માંગી લે તેવી શક્યતા છે.

અભિવ્યક્તિની પ્રવાહિતાનો વિચાર કરવાનો હોય ત્યારે સહજ અભિવ્યક્તિ પ્રવાહીતા ટકાવી રાખવામાં લય, છંદનો, ઢાળનો કાળો શું હોઈ શકે ? કારણ કે કવિતામાં એક પ્રકારની પ્રવાહિતા, સાતત્ય, લય ની પ્રવાહિતા થી પણ આવે છે. 'અકાલ મરણ' કવિતામાં ન.ભો.દિ. મધ્યકાલિન કાવ્ય સ્વરૂપ 'ગરબો' પસંદ કરી 'રેખતો ' પ્રયોજે છે. સામાન્યતઃ રેખતો એટલે કવિતામાં પ્રયોજાતી ઉર્દુ ભાષા પણ કાવ્યમાં કવિ માત્ર રેખતાનો લય જ સ્વીકારે છે. નર્મદે આ શબ્દનો ઉલ્લેખ કર્યો હતો તે પરથી

kalpana's

એનું બાપ તો ગઝલ જેવું જ હોય છે. પણ ન.ભો.વિના કાવ્યમાં મધ્યકાલિન ગરબો અને પરણાછની રેખતાનો મેળ બેસતો નથી. કાવ્યમાં રેખતાની ચમિલાર્યતા સાબિત થતી નથી કારણ કે રેખતામાં મોટાભાગના શબ્દો તો ગુજરાતીમાં જ છે. ટૂંકમાં રેખતાના વિકલ્પમાં બીજા કોઈ સ્વરૂપનો વિચાર મૂકવાનું ઉચિત લેખાય કાવ્યમાં ભાવ, લય અને પ્રવાહિતાનો આ દૃષ્ટિએ વિચાર કરવો હિતાવહ ગણાય.

બ.ક.ઠા. કાવ્યખંડ 'વિસ્મૃતિ' માં 'ગઈ' શબ્દના પુનરોચ્ચારણથી પત્નીના અવસાનનો ખેદ, અફસોસ સરસ વ્યક્ત કરે છે. ત્યાં પુનરોક્તિ દોષ નથી લાગતો.

"ગઈ સ્મૃતિથિ ઝાંખી થૈ ન, લઉં ક્યાહરે ગે ખરી.
ગઈ, છબી હતી છપાઈ મુજ ચાત્મબોધાબ્જે
યથા કાનનિકા"

"મારા સદ્ગત પિતાશ્રીને શ્રધ્ધાંજલિમાં" પુનરાવર્તન પામતી પરિસ્થિતિઓના બયાનમાં સૌંદર્યનું નાવિન્ય છે માટે કાવ્યમાં તે નૂતનતા પાથરતું હોવાથી પુનરોક્તી દોષ લાગતો નથી.

ooooo

(P.T.O)

kalpana's

શોકોર્મિકવિતાની ત્રિધ્વન્યાર્દા

(ત્રયાર્દા)

સંદર્ભ ગ્રંથ- સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	સંગ્રહ/ગ્રંથ/સંપાદન	પાન
૧.	૨.	૩.	૪.	૫.
૧.	નર્મદ કવિને	કેશવ હર્ષદ શેઠ	પદ્યપરાગ	૧૧૭
૨.	કવિ ખબરદારનો ચતુર્થ શતાબ્દી ઉત્સવ	-''-	-''-	૧૨૧
૩.	એક સ્મરણ -૨	ખબરદાર	રાત્રિકા	૭૧
૪.	ભાવસિંહજીબાપા શંકર પટ્ટણીને અંજલિ	બ.ક.ઠાકોર	ભારકાર-(ગુચ્છ-૩)	૧૭૦
૫.	-''-	-''-	-''-	૧૭૦
૬.	મહાબારીના આત્માને	ખબરદાર	સૈદેવિકા	૫૨
૭.	પૂ.બાપા જતાં (ઋ- વાત્સલ્ય રસ)	ઉશનસ્	પૂનમનો ગ્રહ	૮૪
૮.	સત્ય વ્રત લો	મુંઝરજી બેટાઈ	વિશેષાંજલિ	૮૯
૯.	ટિપ્પણ -''-	અનંતરાય રાવળ	-''-	૧૯૪
૧૦.	બર બર છાંટું અંજલિ	અમરચંદ મેઘાણી	એક તારો	૫૬
૧૧.	-''-	-''-	-''-	૫૭
૧૨.	-''-	-''-	-''-	૫૬
૧૩.	લીખાભાઈ	જશભાઈ કા. પટેલ	પૂર્વાંજલિ	૩૫
૧૪.	'શોકકવિતા'	ઠાકોરલાલ વ્યાસ	સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા -એક પરિદર્શન	૩૪૯થી ૩૫૧
૧૫.	વિસ્મૃતિ	બ.ક.ઠાકોર	ભારકાર-ગુચ્છ-૩	૧૮૮

kalpana's

:- શોકોર્મિકવિતાનો તુલનાત્મક અભ્યાસ :-

શોકાંજલિકાવ્યોમાં શોકના ભાવની અભિવ્યક્તિનું વૈવિધ્ય, એક-સરખાં ઉપકરણોનું વિનિયોજનનું વૈવિધ્ય, રચનાકૌશલનું વૈવિધ્ય વિવિધકાવ્ય-પ્રકારોનું વૈવિધ્ય, અંજલિનું વૈવિધ્ય, સરખાં ઉપકરણોની આગવી-નોખી અભિવ્યક્તિ, જૂદા જૂદા ઉપકરણોમાંથી મળતી આવતી સરખી લાગતી અભિ-વ્યક્તિ, અને તેમાંય અંજલિકાવ્યો સાથેનો શોકાંજલિનો વિશિષ્ટ નાતો (સંબંધ) આમ સામ્ય, વૈષમ્ય, અંજલિકાવ્યો અને રચનાકૌશલમાંથી મળતી અભિવ્યક્તિની રંગપૂર્ણથી વિવિધ શોકાંજલિને તુલનાત્મક રૂપમાં એક નજર નાખવાનું અસ્થાને નથી.

વિષાદકાવ્યો તેમજ અંજલિકાવ્યોના અન્ય પ્રકારો જેવાં સમાન તત્વો મૃત્યુ જન્ય શોક, સ્વજન સંદર્ભ, વ્યક્તિવિશેષનું જીવન-કાર્ય,સ્વભાવનું આલેખન, ભાવ, છંદ, લય, ખાસ કરાવે શ્રધ્ધાંજલિ, માનાંજલિ, ભાવાંજલિ નિવાપાંજલિમાં એમ વિવિધ અંજલિકાવ્યોમાં જોવા મળે છે. પણ આ બધા પ્રકારોમ્ર કરતાં સ્વરૂપને લાગે વળગે ત્યાં સુધી શોકાંજલિની અપેક્ષાએ તે કાવ્યમાં આત્મીયતાની સંવેદનાનુભૂતિ તીવ્ર માત્રામાં હોય તો શોકાંજલિમાં શોકની અભિવ્યક્તિ ઘેરી બને છે. આમ બને તો જ કરુણ રસની નિષ્પત્તિ શક્ય બને છે. શોકાંજલિમાં રસસિધ્ધાંત પ્રમાણે રસ પ્રક્રિયા, સ્થાયિ ભાવમાંથી શોકના ભાવની અભિવ્યક્તિ આવે તો કૃતિ રસાસ્વાદ્ય બની જાય છે. અન્ય અંજલિકાવ્યો માત્ર શ્રુતિગમ્ય, દૃષ્ટિગમ્ય-વાંચન પૂરતાં છે તો શોકાંજલિ અનુભવજન્ય, માણવા જેવી કૃતિ છે તે માત્ર નિરૂપણ નથી પણ નિરૂપની કસોટી છે. ઉત્તમ શોકાંજલિ કવિને પડકારે છે. સરખાસ્ર્ર નામ ધરાવતી બે વ્યક્તિનાં કદાચ નામ પણ એક બની ગયાં હોય પણ બે વ્યક્તિ જૂદી હોય તેમ સમાન તત્વો હોવા છતાં અંજલિકાવ્યના બીજા કોઈપણ પ્રકારથી શોકાંજલિ સ્વતંત્ર કલા સ્વરૂપ ધરાવતી કૃતિ અને કાવ્યવિશેષ છે.

એક જ પાત્ર પર અનેક કવિઓએ જ્યારે કૃતિ આપી હોય, એક જ

kalpana's

પાત્ર પર એક જ કવિએ જ્યારે અનેક કૃતિ આપી હોય અને પાત્ર એક હોય, સંગ્રહ પણ એક જ હોય પણ કૃતિ વૈવિધ્ય જોવા મળે ત્યારે રસાકસી ભરી તુલનાને અવકાશ છે. કાવ્યના સદ્ગત વ્યક્તિ વિશેષની સરખામણી કોઈ આદર્શપુરુષ, ચરિત્ર સાથે કરવામાં આવી હોય ત્યારે તુલના આવે છે. સરખામણી કે તુલના પણ સૂઝ માંગી લે છે કાવ્યમાં ચમત્કૃતિ અને ઉપકારક જેવી ચૂંટેલી વિગતોથી તુલના યોજી કાવ્યને પાસાંદાર, કટીકામય બનતા ચમત્કૃતિ કૃતિ બનાવી જાય અને કથાંકૃતિરેક ના હોય, આત્મસ્તવ ન દેખાય. તુલનાના ત્યાથી કૃતિ નબળી ના પડે, ભાવ, રસ, કે અંજલિને હાની ન પહોંચે ત્યારે તુલના કાવ્યને શોકાંજલિ' તરીકે કલાકૃતિ બનાવી રસ આપી જાય છે.

એક અંજલિ તુલનાની દૃષ્ટિએ સવિશેષ લાગે છે. ગાંધીને કવિ એક જ કાવ્યમાં સાંઈ સાથે સરખાવી, સાંઈના સામાન્ય લક્ષણો ઉપરાંત ગાંધીમાં બીજા મહત્વનાં ગુણો પણ બતાવે છે. આમ તો રાજકીય રંગે રંગાયેલો કોઈપણ પુરુષ સંપૂર્ણ સાફ ન હોય એવી માન્યતા પ્રવર્તે છે પણ એક બહુજનસ્વીકાર્ય મત ગાંધી માટે પ્રવર્તે છે કે તે સાફ દિલના સાફ ચરિત્રના પુરુષ હોવાથી સંત કે સાબરમતીના સંતપ્ર નરી કે આદર્શ સંત બની શક્યા છે અને સત્ય, અહિંસા, પ્રેમને મન, વચન કર્મથી પાળનાર આદર્શ નેતા પણ બની શક્યા. કાવ્યની કેટલીક પંક્તિઓ વાંચતા ભાવાંજલિ, માનાંજલિ ભોગ, તુલના જોતાં નિવાળાંજલિ પણ બને, કવિ શીર્ષક જ 'એક અંજલિ' આપી કલાત્મક અંજલિ તરીકે તેને સ્થાપે છે. અને આદર્શ પુરુષ ગાંધીના વિયોગ વ્યથા શોક પણ સિધ્ધ કરે છે. ગભાલ વ્યથા શોકની અભિવ્યક્તિ આપે છે.

"...ગમતાં ન મને નાટકો, ચેષ્ટાઓ હીન મંચની
ચેનાં જતાં રહ્યા પછી, બ્હારે અમારે ધાયને...
o o o o o
એ જેજ ગેડલો હતો, ચેના સમો સિંચારમાં

kalpana's

છોડ્યો કદીય મત ખરો, ના કોઈથી ડરાઈને
ધસ્યા એ હજી છે અહીં, પૂજારીઓ પ્રમાદમાં
શું તેમણે સુખ મેળવ્યું ? દોલત વિશે દટાઈને ?
વંદન હરેક વીરનાં, સુપાત્રનાં, સુધીરનાં
વંદન કરી કરી પલિલા એ મહાન સાંઈનાં''

ગાંધીકાવ્યોમાં કરસનદાસ માણેક, મનસુખલાલ ઝવેરી, પૂજાલાલ ના નિરૂપણમાં અને કાવ્યત્વ એક બીજાની ખૂબ નજીકથી વહે છે. ગાંધીના વ્યક્તિત્વ, કાર્ય, જીવન, મૃત્યુના આલેખન નિમિત્તે પૂજાલાલ કહે છે કે ગોડસેથી ગાંધી મર્યા જ નથી બલ્કે હૈયે હૈયે સજીવન થયા છે. એની ખૂબ નજીક જઈ મનસુખલાલ ઝવેરી 'આજ નયનો ? રડો ' કાવ્યમાં ગોડસેથી ગાંધી મર્યા નથી, હિંસા અહિંસાને મારી શકી નથી એમ કહી અહિંસાનો હિંસા પર, રાગનો દ્વેષ પર, સત્યનો અસત્ય પર, પ્રેમ અને શાંતિનો ક્રોધ પર, વિજય બતાવ્યો છે. વિજયની આ ભૂમિકા પૂજાલાલ 'એક અંજલિ' અને ઝવેરીના આજ નયનો ? રડોમાં જુદા શબ્દોમાં છે પણ સમાન છે. બન્નેની વિચારધારા એક જ છે. મનસુખલાલ ઝવેરીનું ગાંધી ચિંતન અને કરસનદાસ માણેકની 'નમન' કાવ્યમાં મૂકાયેલું ગાંધી ચિંતન અને ગાંધીના વ્યક્તિત્વનો પ્રભાવ ઉંચી ભૂમિકાપર વર્તાયા છે. છતાં સરખાં તત્વો ધરાવે છે. વ્યક્તિત્વ ને પ્રભાવ 'એક અંજલિ' માં પણ છે પણ બાહ્ય વિશેષણોની ઝાકીમાં ચારણી નાંખવામાં આવ્યો છે. તેમાંથી વ્યક્તિત્વ ઉપર થતું નથી તે માત્ર કાચી સામગ્રી બની જાય છે. ચોથી શ્રેષ્ઠ, આસ્વાદ્ય, કલાત્મક રૂપ તો મનસુખલાલના 'આજ નયનો ? રડો' માં જ છે. કાવ્ય જૂજ સંવાદની ઉક્તિથી શરૂ થાય છે માટે શૈલીની દૃષ્ટિએ પણ ઉલ્લેખનીય બને છે.

પૂજાલાલ ' એક અંજલિ' માં ગાંધીગૌરવ વ્યક્ત કરતાં કહે છે.

૨...ઝારોહ્યો એ – મેહ, મહાહાલ્ચલંતો
ગાજીવરંદો વર્ષવા લિલ્ય માથે' એણે

kalpana's

''એકતાની આપી ગનેરી''– આવી ચોખી આઝાદી આપવી લાખોનો લાડીલો લોક માટે જીવતો હતો તે ગોડસેની ગોળીથી ''હેત વંતો હણાયો'' પણ હવે ''લેખેસો લાખ દેહે જીવે ગે'' એમ કહી ગાંધી હૈયે વ્યાપક રીતે સજીવન થયેલો બતાવ્યો છે. હત્યાની આવી જ ટકોર કરી મનસુખલાલ તેને વખોડી કાઢે છે અને કટાક્ષ કરે છે.

૩''શત્રુ જેવું નાતું વિશ્વમાં કોઇ યે
શત્રુ તેને શું રે તારો તું ગણે ?'' અને
બ્રહ્મા નેને નાતો જગતમાં કોઇનો
તેહનાં બુધ્ધ ને કુલ્લ ક્રમો ગયા
લોચને બ્રહ્મા તે દેશ કેરો દીઠો ? '' અને હત્યા થવાથી
''શાંતિને ક્રાન્તિની દિવ્યતા દઇવી
રામ હે, રામ હે
પોઢી ગાંધી ગયા, અમર આને બ્રહ્મા

ગાંધીના મૃત્યુથી પ્રજા રાંકડી –ગરીબ બની ગઇ તેવી ભાજનાં જાગતાં જ કવિ અંજલિ આપી દે છે.

''ગાંધી શા પુરુષને જેહ પ્રગટાવીને
વર્તમાને બની પરમ મહિમા મયી
તેહ ને મેં કહી – રાંકડી ?
ના નહીં રાંકડીના .....
તું તો મૂર્તિ સભિાગ્યના'' રામ, બ્રહ્મા, વેરે, ઝવેર, હિંસા, અહિંસાનું પુત્રોથી ચાલતું કૃષ્ણ યુધ્ધ– તેમાં
''કાંક દુર્બુધ્ધિએ મર્મ જે માર્યું
વીંધ્યું
તે જિજ્ઞાસુ હૃદય ગાંધી નથી
ગાંધી અર્થ નથી.

..૬૫..

kalpana's

એ યુધ્ધમાં ગાંધી ગયા એમ ન કહેતાં એવું કહ્યું જોઈએ કે

''તે અહીં આજ ફરીવાર ગાંધી વડે
વિજયગાથા રચાઈ શી માનવ્યની
.....
પ્રેમમય સત્યની દિપ્તી શાશ્વત્ ઝગે
.....
ગાંધી તો આ રહ્યા
.....
ગાંધીનું જીવન તે વિજય છે જીવનનો
ગાંધીનું મૃત્યુ છે વિજય માનવ્યનો''

કરસનદાસ માણેક 'નમન' માં ગાંધીજીનું આવું જ ગૌરવ કરે છે કે.....

૪.''હૃદયનું સત્ય સવિવેક ગાંધી હતાં
માનવી-હૃદયની ભવ્ય આશા હતાં
ગાંધી તો ભૂમિની એક વર્ષા હતા
સત્ય શુધ્ધની અટલ શ્રધ્ધા હતા
સ્નેહનું સાર સર્વસ્વ ગાંધી હતા''

પ્રજાલાલ, મનસુખલાલ અને કરસનદાસ-ત્રણેયની કૃતિઓમાં ગાંધી વ્યક્તિત્વ-ગૌરવ- અંજલિની ઉચાઈ હોવા છતાં આજ નયની ? રહો' માં મનસુખલાલ ઝવેરી નિમિત્તે ચિંતન આપી અંજલિ અને ઘૂંટાતા શોકને કલાત્મક અભિવ્યક્તિ આપે છે. હત્યા, હિંસા અને ગાંધી પ્રભાવની ઉદ્ઘોષ તો એક વિશ્વસંતની વિદાય' માં પણ છે. પણ કવિ એમાં મૃત્યુને શોક વધુ ગહન કરી તેનો કારુણ્ય ભાવ ઝીલે છે. 'એક વિશ્વસંતની વિદાય' માં વિરોધાભાસ સુંદર છે તો વર્ણન કૌશલની દૃષ્ટિએ 'એક અંજલિ' સુંદર મ કાવ્ય છે. 'એક અંજલિ' માં અનેક તુલનાઓ વડે ગાંધીજીના વ્યક્તિત્વ પર કવિ પ્રકાશ ફેંકે છે. એક સંત તરીકે, એક રાજકીય પુરુષ તરીકે, તેઓ રાજકારણ વચ્ચેય પવિત્ર

kalpana's

આદર્શ પુરુષ તરીકે ટકી રહીને વ્યક્તિત્વ પ્રભાવશાળી બનાવે છે. 'વિશ્વ-શાંતિની વિદાય' ના વીરતા, અહિંસા અને ઉપરોક્ત મુદ્દા આવીજ 'એક અંજલિ' માં આવી જ જાય છે. તે ઉપરાંત ગાંધી માટે, આપેલી ક્રિયાઓ તુલનાએ કવિતાની સિધ્ધિ બની જાય છે.

શોકાંજલિમાં શોકની અભિવ્યક્તિ વિનિયોજન, અને કવિલીલા પર આધાર રાખે છે. ઉપકરણોનો ઉત્તમ સમન્વય સાધી કવિ કલાતત્વ સાધે તો કવિકૃતિ પ્રતાપે કૃતિ કલાકૃતિ બને કેટલીકવાર ઉપકરણો સરખો હોય છે તેથી જ કહેવું જોઈએ કે શોકાંજલિ કવિકૃત્ય માટે પડકાર સમાન છે.

શોકાંજલિમાં અનેક પ્રકારની સમાનતા હોવા છતાં ક્યારેક જે સૂક્ષ્મ ભેદરેખા પરખાય છે તેનું કારણ આ વિનિયોજનનું કૌશલ્ય અને કવિદૃષ્ટિઓ તફાવત છે કૃતિને કલાકૃતિ તરીકે સ્થાપિત થવા માટે તેની ચિરંજીવિતા એક લક્ષણરૂપ છે. તે લક્ષણ માટે કૃતિ દીર્ઘકાલિન કેટલે અંશે છે તે માપદંડ છે. કૃતિને દીર્ઘકાલિનતા પ્રક્રિયા પક્રિયામાં અનુભૂતિની ભિન્નભિન્ન વૈવિધ્યક વિસ્તારની ક્ષમતાનો મોટો ફાળો છે આ દૃષ્ટિએ કૃતિમાં મૃત્યુજન્ય સંવેદનાની દીર્ઘકાલિન ચમકનું મૂલ્ય ઓછું ન આંકવું જોઈએ જે કૃતિઓ મૃત્યુજન્ય સંવેદના તત્કાલિનતામાં જ જીવી જઈ થંભી જાય છે ચીરકાલિનતા સ્થાપી શકતી નથી તે કૃતિ તે સમય પૂરતી સમકાલિનતામાં સમેટાઈ જાય છે તે માનાંજલિ બની રહી જાય છે. પણ ભંગત અનુભૂતિ તીવ્ર માત્રાએ દીર્ઘકાલિન આયુ ભોગવી શોકની અભિવ્યક્તિવાળી સક્ષમ કૃતિ બને ત્યારે તે શોકાંજલિ બને છે. માટે અંજલિમાંથી શોકાંજલિ પારખવા માટે ઝીણી નજરની જરૂરિયાત જરુર છે. વ્યક્તિ માટે સદ્‌ભાવ કે આદર હોવાથી તે માનાંજલિ કે નિર્વાણાંજલિ તો બને જ પણ બધા અંજલિકાવ્યો દીર્ઘકાલિનતાની દૃષ્ટિએ શોકાંજલિ બની શકતાં નથી.

ક્ષોભ, ભાવ, વિચાર, ઉપકરણ અને વિષય વસ્તુની સમાનતા હોવા છતાં કાવ્યે કાવ્યે, કવિગત ભિન્નાવસ્થાઓમાંથી તરતી આવતી ચિંતનની અને

Kalpana's

વ્યક્તિત્વની ભિન્નતા જોવા મળે છે. ઉમાશંકર કૃત 'સંગીતકારને' સુંદરમ્ કૃત 'ભક્તિ-ધન-નારદ (શંકર દત્તાત્રેય પાઠકને) અને બબરદાર કૃત 'કેશુશરો નવરોજી કાવસજીને' - ત્રણે સંગીતના તજ્જ્ઞોને અપાયેલી અંજલિ કાવ્યો છે જેનું કાવ્યત્વ સંગીતની દુનિયાનું છે છતાં તેમાંથી દ્રવતા કરુણની માત્રામાં ઘણો તફાવત છે. કવિ તેમાં ગાત્મીયતા (બબરદાર) સુંદરમ્-ગેકલતા અને ઉમાશંકર ભાવવાહી અંજલિનો આકાર બાંધે છે.

ઉ.''કર તેજ ઉરે ? ઉર નાર ચઢાવ ચઢ્ય
દૂર દિવ્યપ્રકાશ વિશે ઝબકે વીર હું
અમ ચાક્ષ ચમે એ પ્રકાશ વિષા જડિયે
અમર અંતર જ્યાં, તિમિરે ગૂંચવાય બધુ'' - છતાંય
તું જ ન્હેર હરિ''..... કરી ઈશ્વરના નિર્ણયને બબરદાર માથે ચઢાવે છે.

સુંદરમ્ સ્વ.પંડિત નારાયણ મોરેશ્વર ખરેના વ્યક્તિત્વનો પરિચય આપે છે કે.....

સ.''થેલો ક્રમે ભમતા જાણે કો ભક્તિ-ધન-નારદ
.....
ગુણીતી ક્રાન્તા ગનીબી સરજી તમે ય છે.....
''તમે કર્યું તે કર્યું છે જ ઝળ્યે, ઘટા ઘટા છે. જગત ગાતુ જ્યે''
એક કહી પરમશાંતિનો માર્ગ ચૂકતે છે કે.....
''શાંતિકુટીર નિર્યો વસ્યા..... અંતમાં કહે છે.
''તમારે બીડ જો એના દિવ્ય વાદકની પડી
અમારો આજ તંબૂર બ્યો શાંત ક્યાં પ્રભુ'' આ વર્ણન પછી સુંદરમ્ મૃત્યુની કલ્પના કરી પંડિત નારાયણ મોરેશ્વર ખરે નો પ્રભાવ બતાવી મૃત્યુના પાશમાં લાચાર થયેલા ભક્તિ-ધન નારદ માટે વિયોગ અને વિષાદ સુંદર શબ્દોમાં વ્યકત કર્યા છે.

''અબ હમ અમર થયે, ન મરેંગે

kalpana's

''અબ હમ અમર ભયે ન મરેંગે

.....

મૈં બૂઢ્ઢે કાયાં ગિરિ જૈમ ઉન્નત, નિહાળતાં ખ્યાલ મને થતો કદી
હે મૃત્યુ અને ખિસરે જતાં જનાં, હાંકી, થાકી, પાછું જો કરી કે ?

.....

પણ એ દૂર નાસતું બીતું ને હાંફતું
તમોને શીંગની ટોચે ભરાવી રહેલમાં જશે
મૈં તો ન મેં ધ્રુજ્યું હતું કદી યે''
સ્મરાવની રાંજ અનેક સાંજ ને, જગાડતા સૂર અનેક સૂરને....''

વિષાદના જાગેલા સંતાપનું શમન પણ સુંદર છે કે

''પ્રભુના પદમમાં પાછી, વિખૂટી પદમ પાંખડી
પડી મૈં જાણી આ રોતી હ્યાંથે રહેજ આંખડી''

સુંદરમ્ અંતમાં વિષાદ-સંતાપ કરુણ અને અંજલિને બદલે લાઘવપૂર્તિ એક જ પંક્તિમાં વ્યક્ત કરે છે.

મર્હૂમ ખાન સાહેબ અબ્દુલ કરીમ ખાંના અવસાનથી સંગીતની દુનિયામાં પડેલી ખોટ વ્યક્ત કરતાં કહે છે કે તારા ગયા પછી પડી રહેલો તંબૂર તેની સાર્થકતા સિદ્ધ કરવા તારી આંગળીઓની સ્પર્શ શોધમાં છે તો સ્મૃતિના જગતમાં શ્વાસે શ્વાસે સૂરો રેલાશે, તારા વિના સાત સૂર, બેસૂરો સંસાર કેમ વેઠાશે ?

૭...''રહ્યાં તંબૂર , રે ગજબ કરતી ગૈબૂલિ ગઈ''

ગુજરાત વિદ્યાપીઠના સંગીતના માજી અધ્યાપક શ્રી તાયો લિન નિષ્ણાન શંકર દત્તાત્રેય પાઠક ને અંજલિ આપતાં સુંદરમ્ કહે છે

૮...''અનંત નું ગીત અગમ્ય ન્યારું
ગાઈ ગયું ઘડીક પાઠક વીન તારું ''

તંબૂરના તાર શ્વસે તેમ તારા વિલયથી સંગીત શમી જતાં

kalpana's

''સંગીતના ચાતક આ રહે ત્યાં
પ્રેમી ઉરે ચરણ – ઘા વસમો પડે હા''

બે પંક્તિઓમાં મૃત્યુજન્ય વિષાદ – વિરહ શોક અને કરુણ ઢબે છે. ટૂંકમાં સુંદરમ્, ઉમાશંકર, બબરદાર જેવા કવિઓની કૃતિઓ જતાં જણાય છે કે વિષાય અને ઉપકરણ સરખાં હોય પણ કવિસૂઝ અને કવિપ્રતિભા પ્રમાણે અભિવ્યક્તિ વળાંક લે છે.

કરુણપ્રશસ્તિ અને શોકાંજલિના ઘણા લક્ષણોમાં સામ્ય છે. કેટલાક કાવ્યો અને ગુચ્છકાવ્યો લગભગ કરુણપ્રશસ્તિ સુધી પહોંચી ગયાં છે. તેમાં નિરૂપાયેલી ભાવાભિવ્યક્તિ, ચિંતન, કરુણરસ, આત્મીયતા વગેરે લક્ષણોને જ્યારે તપાસીએ ત્યારે લાગે છે કે થોડો પ્રયત્ન વધારે હોત તો આ કૃતિ જ ગુચ્છકાવ્યને બદલે કરુણપ્રશસ્તિની કક્ષામાં પહોંચી જાત. ઉશનસ્ કૃત 'પૂ. બાપા જતાં' ના આઠે ય કાવ્યો આનું એક ઉદાહરણ છે આઠમાંથી છ કાવ્યોમાં પ્રસંગ સ્મૃતિચિત્ર, અંતરના ભાવ, પ્રેરક પૂરક વાત્સલ્યરસ, નાનામોટા પ્રસંગોમાંથી શોક તેમજ સ્થિતિપ્રાપ્તિ જોવા મળે છે. મહાપુરુષોને સાથેની તુલનામાં ધર્મ પુરાણ, શાસ્ત્રના સંબંધો અને પ્રતીકો અહીં સુદામા, દધિચી, બુધ્ધ, શંકર નોંધપાત્ર છે જ્યારે આત્મીયતા માટે કુટુંબભાવ, કુટુંબનું વાતાવરણ, આત્મીયતા, પ્રસન્ન, વત્સલરસ અને પ્રતીક્ષાના ભાવોમાં છે. વેદાન્તીચર્યા સમયે ઘડપણમાં ભીંતે ઓઠેલી બેઠેલી મુદ્રામાં, માથે ટોપી લઈ હંતાશ વૃધ્ધ કરે વગેરે શબ્દચિત્રો, આકર્ષક અને જીવંત છે. સ્વભાવનો પરિચય મૃતપાત્રના અંતરંગ, બહિરંગ, ભાવની પરાકાષ્ઠા (દા.ત. સંધ્યાલીપિ સુદામાની બચકી) પ્રતીક્ષા પરસ્પરની ચિંતા ટળી, છતાં 'ગોઠે નહીં' ની ભાવના, માતાના વૈધવ્યનો ભાવ, વગેરેમાં શોકનું ગૌણીકરણ ધ્યાનાકર્ષક છે. કાવ્યપ્રારંભમાં માયા, વૈરાગ્ય, યમતા, વેદાન્ત, જ્ઞાન ઉપરાંત 'પ્રિય પિતાજી'માંથી 'સ્મિતમાં વાત્સલ્ય, કાવ્યખંડ–છમાં પિતૃત્વ મૃત્યુના ઝબકારા, અને માનવસ્વભાવ વગેરેમાં પ્રાસંગિક છતાં સઘન મનન–ચિંતન જોવા મળે છે. કાવ્યખંડ છમાં શબ્દચિત્ર ઉપરાંત વ્યક્તિત્વને પણ

kalpana's

ઉપસાવે છે. આમ પિતૃભાવનાનું નિરૂપણ લગભગ કરુણપ્રશસ્તિ સુધી વિકસી જાય છે ને 'પૂ. બાપા જતાં' ની સિધ્ધિ છે. ન્હાનાલાલમાં પિતૃતર્પણમાં જે માનાચે પ્રાયશ્ચિતનો ભાવ છે તેવો જ પિતૃભાવ-ભક્તિ રૂપે ગહોળભાવ અને આત્મીયતા રૂપે 'પૂ. બાપાજતાં' માં ઉજાગર થવી શક્યા છે સિધ્ધિ અને દામતાની દૃષ્ટિએ ઉજાગર અને ન્હાનાલાલ બન્નેનો પિતા તરફનો પ્રણતભાવ સરખો છે. ઉજાગરની ભાવાભિવ્યક્તિ 'અગ્નિવિરામ' જેવી ભાવવાહી અને કલાત્મક છે. ભાવ, રસ, આત્મીયતા અને પ્રસંગના તત્વોનું સમેય કાવ્યમાં સામ્ય છે.

૬.''પિતા અને માતાનાં સ્વભાવોક્તિચિત્રો ઉપસાવતાં કાવ્યોમાં કવિની કલ્પના શક્તિ અને ચિંતનશીલતાનો સંયોગ થયો છે એ હુધ છે એમાં વેદાંતી પિતાનું નિરૂપણ છતાં અપત્યવત્સલ વ્યક્તિત્વ નોંધપાત્ર આલેખન પામ્યું છે. પિતા પ્રત્યેનો કવિનો ભાવ શ્રી ભક્તિ-જનિત પ્રેમનો છે. આ પ્રેમની ઉત્કટક્ષણે કવિ પોતાને પિતારૂપે રૂપાંતર પામેલા પ્રત્યે અનુભવે છે. એમાં પિતા અને સંતાનની પરંપરામાં સંક્રમિત થતા જીવનરહસ્યને કવિએ આલેખ્યું છે. આત્મસ્મરણીતાના પ્રભાવલયમાં સ્ફુરી રહેતી આ પરસ્મરણીતા નોંધપાત્ર છે. 'પૂ. બાપા જતાં ' સોનેટ ગુચ્છમાં કવિએ નાદૃશના, અને ભાવ-જગતની માવજત પણ ખૂબ સાચવી છે. આત્મસ્મરણી ઊર્મિનું પારદર્શક આલેખન આ ગુચ્છમાં થયેલું જોવા મળે છે. જીવાતા જતાં જીવન અને અનુભવની સંવેદનાનો ધબકાર બે ગુચ્છ કાવ્યમાં- પ્રત્યેક કાવ્યમાં જોવા મળે છે. ૧૦. ''પૂજ્ય બાપા જતાં' - માં પિતાના મૃત્યુ પછી કવિ ના ચિત્તમાં જાગતાં સ્મરણોમાં એક કુટુંબવત્સલ વડીલ ને એક વેદાન્તી પ્રૌઢ પુરુષ તરીકેનું પિતાનું વ્યક્તિત્વ તેમજ વતનનું ને કુટુંબનું એક વિશિષ્ટ વાતાવરણ ઉપસતા જાય છે. ગંગતતાનું આલેખન કરતાં આ કાવ્યો બિન ગંગતતાની સરહદને પણ સ્પર્શે છે. 'વત્સલ રસ' નામના સોનેટમાં કવિને પિતા પૃથ્વી પર વિચરતા સાક્ષાત્ વત્સલરસ રૂપે પ્રતીત થાય છે તો છેલ્લા સોનેટ 'હું પુજ પિતા' માં તો પિતાના વ્યક્તિત્વની કેટલીક બાહ્ય લાક્ષણિકતાઓની પોતાના વ્યક્તિત્વમાં

kalpana's

પણ સમાનતા જોતાં કવિ ક્રમશઃ એક તાદાત્મ્યતાનો અનુભવ કરતાં જણાય છે પુત્રનું પિતારૂપે થતું આ રૂપાંતર એને જતાં ખૂબ ઉત્કટતાપૂર્વક પ્રતીત થાય છે.

''નનામી થે મારી નીકળું પછી-ને બહુ બહુ ચિંતા
રહું જોઈ મારું શબ બળતું હું ; હું પુત્ર પિતા''

ગૃહજીવનના કાવ્ય તરીકે, મૃત્યુજન્ય શોકાચ્છાદિત વિષાદકાવ્ય તરીકે, ગુચ્છકાવ્ય તરીકે, અને સોનેટ તરીકે 'પૂ. બાપા જતાં' ગુ. કાવ્યસાહિત્યમાં ઉશનસ્‌ની ઋણસ્વીકારની કવિતા ગણાશે ૧૧.''.....આનું એક કારણ એમની કવિતાની વર્ણનાત્મક રીતિ લાગે છે. 'ભારત દર્શન', 'પૂ.બાપા જતાં' , વળાવી બા, આવ્યા બે સોનેટમાળાઓ સ્થળ-કાળ-ક્રિયા -વ્યક્તિચિત્ર કે કવિની મનઃસ્થિતિ બદલાતાં પડતાં સોનેટ બંધોથી રચાતી દીર્ઘ વર્ણનાત્મક રચનાઓ જેવી લાગે છે.'' ..... ૧૨.''- ગૃહજીવન અંગેની ઉશનસ્‌ની સમગ્ર કવિતા ગુજરાતી કવિતાની પણ એક આગવી વિશેષતા બની છે ;

શોકાંજલિમાં, આલેખનનો સૌથી મહત્વનો હેતુ શોકની અભિવ્યક્તિ માટેનો હોવો જોઈએ, કૃતિમાં ઝીલાતા શોકની અભિવ્યક્તિની હોવી જોઈએ શોકાંજલિના કલાસ્વરૂપના લક્ષણો તરીકે પણ કલાત્મકતા તે પછી મહત્વની બને છે. આ કલાત્મકતા પણ સિધ્ધ કરવા માટે વિવિધ ઉપાદાનો અને ઉપકરણોમાંથી પ્રાપ્ત થતી ભાવસૃષ્ટિ છે. ઉપકરણોના વિનિયોજનના હેતુઓમાંનો એક હેતુ આશ્વાસન અને સમાધાનની ગજરકારકતાનો પણ છે. 'કબર' અને 'દિલાસો' કાવ્યમાં શોકની અભિવ્યક્તિનું સામ્ય છે પણ 'દિલાસો' માં પુરાણકથાને આધારે શોકની ક્રમિક અભિવ્યક્તિ આપી છે અને 'કબર' કાવ્યમાં કબરમાં સૂતેલા મિત્ર જેવીજ સ્થિતિ, મિત્ર વિના કવિની કબર વગર થઈ ગઈ છે. બન્ને માધ્યમોની લક્ષ્યપ્રાપ્તિ એક છે પણ ઉપકરણો અને તેના આયોજન -વિનિયોજનમાં નવીનતા છે. બન્ને કાવ્યો સદ્‌ગત મિત્ર કીર્તિભાઈ કાપડિયાના ગુચ્છકાવ્યમાં સ્નેહરશ્મિએ લખેલાં છે. દિલાસો કાવ્યમાં શોકની અભિવ્યક્તિ માટે કહે છે.

kalpana's

૧૩.''રોઉં આજે જગ અખિલનાં દુઃખ તેં આંસુ ચણી

. . . . . .

આશાળીનાં સુજ ઉરને, ક્રૂર આઘાત સાથે
ભાંગી છુંદી કબરી મલકે, મૃત્યુ જા અટ્ટહાસ્યે

. . . . . .

રાખ્યા આંસુ ઉર તણી બૂંગી વેદનાના દિલાસા''

કબર' કવિતામાં કબર બદારા જીવનની સ્થૂલતામાંથી જડતાનો અર્થ વિસ્તારી કવિ જડતા બદારા શોકની અનુભૂતિ વર્ણવે છે કે.....

૧૪.''જોઉ રે' તું કબર પ્રતિ તે નીરવે મીટ માંડી''

. . . . . .

તે તેજે ને પરિમલ થકી મૃત્યુની પાંખ્યાંથી
જાગી બહાલાં સ્વજન મળી તે , અક્ષરી સ્નેહીને જાય પોઢી''

. . . . . .

ને શ્વાસો બે અટકી પડીને સ્પંદના,હોય જાણે''

. . . . . .

છતાં હું તો નિત્યે અનિમિષ દૃગે રાહ નીરખી
જાણી તારી માળા તપીશ અહીં કાળાન્ત અવધિ''

સ્નેહરશ્મિ ''શ્વાસો બે અટકી પડીને સ્પંદના .....'' વર્ણવી જડતાની પરાકાષ્ઠા, બધું જ કબર વત્ વર્ણવી શોકની પરાકાષ્ઠા વ્યક્ત કરે છે.

શોકની અભિવ્યક્તિ માટે ઘણા કવિઓએ સ્મરણનો સહારો લીધો છે સ્મરણથી શોક સઘન બનતો હોય તેવી અભિવ્યક્તિ પણ છે અને સ્મરણ શોકમાં આશ્વાસન, હૈયાધારણનો સહારો બનતું હોય તેવી અભિવ્યક્તિ પણ છે. આ તફાવત પરથી ખ્યાલ આવી જાય કે, મૈત્રક યુગના ઉપકરણના ઉપાર્જન વિવિધ હોય છે. હરિત બૂચ 'સ્વ. મા. ચતુરભાઈને' માં શુદ્ધપ્રત્યે આદર, મમતા બતાવી સ્મરણના સહારે સુંદર પ્રત્યુત્તર વાળે છે.

kalpana's

૧૫.'' રહ્યું જીવતું હાવાં, મારે હું કાળનું છલ
લાહું રે કરતા જોવા, તમને, ના ધરાતલ'' મૃત્યુના નિમિત્તે મારાથી તમને છૂટા પાડવાનું આ 'કાળનું છલ' છે. પણ કાળ તેમાં સંપૂર્ણ ફાવશે નહીં કારણ કે સ્મરણ આગળ કાળનું જંઈ ચાલશે નહીં હ સ્મરણથી તમારું સાન્નિધ્ય ટકાવી રાખીશ મણુભલાલ 'દાદાની' માં સ્મરણને આવું જ પ્રાધાન્ય આપે છે. અંત પાઠક પણ ઉચિત ઘૂમના કાવ્ય માટે કહે છે કે ૧૬.''મૃત્યુ પછી કેવળ સ્મરણમાં જ સાક્ષાત્ કરવાના રહ્યા'' ઉ૦. પાઠકનું વિધાન અહીં યથાર્થ એ રીતે લાગે છે કે સંભ્રમ, વિષાદ, વ્યગ્રતા જેવા ભાવો કવિ અનુભવે છે પણ તેનાથી અભિભૂત થઈને જ તેઓ નિરાશા અનુભવતા નથી. કવિ સ્મરણને આધારે મધાનો સંબંધ સાચવે છે તેમાં સ્મરણનું કલાત્મક વિનિયોજન થાય છે. કવિએ શોકને અન્ય શોકાંજલિની તુલનાએ માંસિક અર્થઘટન આપ્યું છે.

કાવ્યમાં વ્યક્તિવિશેષ, પ્રસંગ, કાવ્યરૂપ – અભિવ્યક્તિ માટે ગૌણ બાબતો છે. કાવ્યના વિષાયનિરૂપણનું પાત્ર-વ્યક્તિવિશેષ કેવી હોય કે પુરુષ, તેનાથી અભિવ્યક્તિની છટામાં ઝાઝું સહન કરવું પડતું નથી મૃત્યુનું માંગલ્ય એક નવો અભિગમ છે. રા.વિ. પાઠક, અને ઉમેરચંદ મેઘાણી ઉપરાંત અન્ય કવિઓએ પણ આ અભિગમ અપનાવ્યો છે. પરંતુ મંગલ અભિગમની અભિવ્યક્તિ કવિનિર્ભર છે. જેમાં લય, છંદ, કે કાવ્યપ્રકાર કે સદ્ગત પાત્રનું વૈવિધ્ય વ્યવધાનરૂપે આડે આવતાં નથી. ઉમેરચંદ મેઘાણી 'વીર જતીન્દ્રના શ્રીમુખથી' માં કહે છે.

૧૭.''મૃત્યુને ગણું તેં ગોદ માતા તણી
કે હું પ્રિય મિલનની રાત સોહામણી
આવે મંગલ અવસરે, કોણ વિલાપ કરે ?
વેગળી જાઓ રે, અશ્રુની વાદળી
વીરનાં તેજ ને નવ રહો આવરી
નીરખવા દો મુને, લાભ નયનો કરી

kalpana's

આહુતિ જ્વાળ મે બાલની ખૂબ ઠરી'' ર. વિ. પાઠક

'છેલ્લુ દર્શનમાં વહેતી મૂકે અશ્રુધાર રોકવા આંસુને વિનંતી કરે છે કે

''ધમાલ ના કરો, નહીં નૈન ઝીનાં થશો.

..... નયન વારિ થંભો જરા.....''

આ વિલયતા સૌંદર્યને માણી લેવા દો, જેમ કલેજામાં સૌંદર્યને જોવાની ભાવના છે. અને ઝેરચંદ પણ 'નિરખવા દો મુને લાખ નયનો કરી' જેટલું જ ચૂકવે છે કે આંસુ તમે વહો નહીં, આ દૃશ્ય જોવા લાયક સમજવા લાયક છે. તેનું માંગલ્ય અને ભવ્યતાને આંસુના વિઘ્નથી આંચપ લાગે છે. ઝેરચંદ વીરતાની ભવ્યતા અને ર.વિ. પાઠક મૃત્યુની ભવ્યતા-પાવનતા- માંગલ્ય સાચવવા આંસુને વિનંતી કરે છે. સ્ત્રીને સૌંદર્ય શોભે અને જતીન્દ્રને વીરતા શોભે- એ બન્ને માટે આંસુ રોકવા જોઈએ. ઝેરચંદ વીરતાના જતન નિમિત્તે મૃત્યુનું માંગલ્ય સાચવે છે, ર.વિ.પાઠક સૌંદર્યના દર્શન માટે મૃત્યુનું માંગલ્ય સાચવે છે. વિચારસૃષ્ટિ, અભિવ્યક્તિની દિશા એક છે પણ બે જુદે માર્ગે એક માર્ગે મળે છે. મૃત્યુનો મંગલ-અભિગમ બબરદાર, ઉમાશંકર, સુંદરમ્ અને અન્ય કવિઓમાં પણ જોવા મળે છે. તેમાં શબ્દ ઉપાદાન-વિનિયોજન અને અભિવ્યક્તિનું વૈવિધ્ય તેવાયેલું પડ્યું છે અને એક પ્રયોજનની સિદ્ધિ ચરિતાર્થ થતી લાગે છે.

જંજલિ કાવ્યોમાં મીનુ દેસાઈ કૃત 'સાવજલને' કાવ્યનું સૌન્દર્ય રચના તરીકે મૂલ્ય છે. સંગીતકાર, ગાયક તરીકે સાવજલની વિશેષતાઓ કરી બતાવી સૂરલહરમાં કરી નહીં મળે તેવો દ્રઢ દર્દીલ કંઠ હોવાથી કવિ કહે છે.

૮૮...દર્દે ભર્યો દિલનો અનલ.....

ના કરી શકશે કદી

દિલની તારી ઝુલતીચોની ખૂબ્બૂ સાવજલ

પારુ તણા અંતર મહીં રેલી રહ્યો આશા-પ્રકાશ''

kalpana's

દેવદાસ, પંડિત નહેરુ, શાહજહાં, મુમતાઝ, ઉમ્મર ખય્યામના દરબારમાં ખોટ પડે તેવો સાયગલ હવે મળશે નહીં એવી તેની મૃત્યુની પડેલી ખોટનો ગુલઝાર અને મજાન્દરા કુલિ તરીકે સાયગલ જોવી ઘટે.

શૈલી, રચના કૌશલ, વ્યક્તિત્વનું આલેખન, સુંદર શબ્દચિત્ર અને લાઘવયુક્ત કાવ્ય તરીકે પ્રિયકાંત મણિયારનું 'ગાંધીજી' કાવ્ય રમણીય છે. કાવ્યમાં બાતાંજલિ ગજર કરી જાય છે કે રામની ચાકરીએ હરેક કામ કરનાર ગાંધીનું શબ્દચિત્ર ચમત્કૃતિ પ્રગટ્યું છે.

૧૯.''દડબડ દડબડ પગલાં કરી ગયાં શું કામ ?

ચલાયમાં કેવલ – જે એક મનુનું નામ'' – પંક્તિઓ શીઘરાણીના 'જી જી ઘર્યે જ્યાન ઠોરલો'ની યાદ અપાવી જાય છે. કાવ્યનું ભાવનું સામ્ય પણ આલેખનની નોખી ભાત નોંધપાત્ર છે.

શોકાંજલિમાં દૃષ્ટાંતનો તેના સંદર્ભથી અર્થ બદલાઈ જાય છે અને અભિવ્યક્તિનું કારણ ગાયબ પણ બદલાઈ જાય છે. 'કિસા ગોતમી' નું દૃષ્ટાંત મૃત્યુ અને શોકના વિષાયની જ્યાં જ્યાં રજૂઆત થઈ છે ત્યાં હંમેશાં યાદ આવતું રહ્યું છે. બુધ્ધચરિતમાં ન.ભો.દિ. જેવું 'કિસા ગોતમી' નું કાવ્ય મૂકી મૃત્યુની એક અનિવાર્ય ઘટનાનો પરિચય આપ્યો છે અને મૃત્યુનો સ્વીકાર એ જ માનવધર્મ, તેનો બીજો કોઈ વિકલ્પ માર્ગ નથી ભગવાન બુધ્ધ પણ તેની એ વજ્ર, રહસ્ય કે અનિવાર્ય મોભાની યાદ કરી તેમાંથીજ આશ્વાસન લેવાનો માર્ગ સૂચવતાં કિસા ગોતમીને કહે છે.

૨૦.''જે ઘેર મૃત્યુ થયું જ ના હોય

ત્યાંથી તોલો રાઈ લઈ આવ'' મૃત્યુને સ્વીકારવામાંજ શાણપણ– એવા અર્થમાં સ્નેહરશ્મિ પોતાના કાવ્યમાં કિસા ગોતમીના દૃષ્ટાંતને ટાંકે છે. પરંતુ દૃષ્ટાંતના વિનિયોજનનું મૂલ્ય સ્નેહરશ્મિ કરતા ન.ભો.દિ. ના કાવ્યમાં વધારે છે. નરસિંહરાવ પોતાના ચિત્તને આશ્વાસન રૂપે કિસા ગોતમીના દૃષ્ટાંતથી મૃત્યુના સ્વીકાર અંગે સમજાવતાં હોય છે જેમ

kalpana's

દિવસો તેમને ઘેર લર્વાંગિકાનું મૃત્યુ થાય છે ત્યાં શોક વધારે ગહનતા પકડે છે દૃષ્ટાંતનો વિસ્તાર અને શોકની બેવડી મનિષ્યકિત બન્ને પ્રસંગોમાં ગાત્મીયતાનું સામ્ય હોવા છતાં - ન.ભો.દિ. માં વધારે છે. બૌધ્ધધર્મની નિર્વાણિકલા -ચૌરાણિક સૌંદર્ય સાથે યથોચિત ટાંકી ન.ભો.દિ.એ સુંદર ભાવ સૃષ્ટિ રચી છે. મનની કરુણ સ્થિતિને ન. ભો. દિ. વધારે તાદૃશ કરી શક્યા છે. એમ પણ કહી શકાય કે સ્નેહરશ્મિએ કિસા ગોતમીની માત્ર નોંધ આપી છે. માત્ર સ્મરણ કે ગાલ્લાસનમાં કિસા ગોતમીનો ઉલ્લેખ સીમિત છે પણ ન. ભો. દિ. માં શોકની મનિષ્યકિત - બેવડી ભૂમિકામાં રજૂ કરી કિસા ગોતમી કાવ્યનો વિશેષ સૌંદર્ય બની જાય છે. ન.ભો.દિ. પંકિતઓમાં ઉલ્લેખ ગા પ્રમાણે છે.

૨૧. "પ્રભાતે ભિક્ષની પાસે, કિસા ગોતમીની કથા
તોલો ગાઈ' તહી બ્હે જો, વર્ણવી ના ઘરી વ્યથા
ન જાણું તે ક્ષણે દુઃખ, મૃત્યુનો દૂર દેશથી
ગાવ્યું માહરું બ્હદાર ઠોકતો શુધ્ધ વેશથી "

બૌદ્ધ કાવ્યોમાં શોકની ભૂમિકા માટે સ્મરણ મોટાભાગે બધા કાવ્યોમાં સફળ નીવડ્યું છે. કોલકના 'વિખૂટા પિઝનો' કાવ્યમાં ચંદ્રને પાછું [illegible] વિરહિત્વનું સાન્નિધ્ય મળે પણ મને પિઝ નહીં મળે એ ગાલેખનમાં દૃશ્ય તુલનાત્મક રીતે કાર્યક્ષમ વિરહની ક્ષણ નજીક છે ત્યાં ભિન્ન-વિરહ પીડાથી બતાવ્યો છે ગહીં ચંદ્રથી બતાવ્યો છે બન્ને વિરહ-વિયોગ માટે જ છે.

શ્રંજલિ ગાપવાનો બદલાતો ઉપક્રમ, સાહિત્યિક ભાવ ઉભો કરતો ઉપક્રમ કવિઓ અને સાહિત્યકારોને ગપાતી શ્રંજલિઓમાં મળે છે. તે બિન સાહિત્યિક વ્યકિતઓના સૌંદર્યમાં તેમની તુલનાએ મનિષ્યકિતની સવિશેષ ભાત ઉપસાવી દે છે. શ્રંગ્રેજી ભાષાના શબ્દાર્થ અને ભાવાર્થના સામ્યનું દૃષ્ટાંત હરિશ્ચંદ્ર ભટ્ટની નિવાણાંજલિ 'ડબ્લ્યુ. બી. યેટસને' છે. રચના-કૌશલની દૃષ્ટિએ હરિશ્ચંદ્રની નોંધપાત્ર કૃતિ છે તેમાં કવિતા કાવ્યગંધ

kalpana's

કે કૃતિઓ અથવા તેની નોંધપાત્ર પંક્તિઓમાં સ્લેષ કે રૂપક જેવા અર્થોમાં વિનિમય ગોઠવી પ્રાત્મજ્ઞા સિધ્ધ કરે છે. આ કાવ્યમાં રાતા ગુલાબના ઉલ્લેખમાં ૨૨.'' Red rose, proud rose, sad rose, of all my days ની ભાવ The rose - પૃ. ૩૫ નો અનુવાદ જ છે. તેમજ 'ગીતનો પ્રેમની ચારસૂ' પ્રયોગમાં ચેટ્સની ઘણી કૃતિઓ સાંભરે છે. દા.ત. ૨૩.'' When you are old ' - પૃ.૪૬ 'આષાઢ'પ્રયોગમાં પણ ચેટ્સના કવનને ભારતીય ચાંચે જોવા નિદર્શન રૂપ છે હરિશ્ચંદ્ર બૃહ યુરોપ, સંસ્કૃત મરાઠી, હિન્દી, બંગાળી, અંગ્રેજી, પોલિશ , ચેક, અને ગ્રીક ભાષાઓનો અભ્યાસ કર્યો છે. ૨૪.''દેશ પરદેશના સાહિત્યમાં સઘન અભ્યાસના ફળ સ્વરૂપે હરિશ્ચંદ્ર પાસેથી આપણને વૈશ્વિક ભાવ-બોધની કવિતા સાંપડે છે..... તે ખરે બાબત ગુજરાતી સાહિત્યનાં ઈતિહાસમાં ખાસ ઉલ્લેખનીય છે.'' વિવિધ ભાષાઓમાંથી તેમની મનઃસ્થિતિને અનુકૂળ અવતરણો જોવા મળે છે. ઉમાશંકર જોશી કહે છે. રચે.'' કાવ્યોના વસ્તુ, વિચાર,વિભાવના - આદિમાં યુરોપીય સાહિત્યની ઝરો અભ્યાસીઓના જોવામાં આવશે....'' 'ડબ્લ્યુ બી. યેટ્સને, 'શેલીને,' 'રાઈનર મારિયા રિલ્કેને', 'મણ્ણો-મુખ બોદલેરને' સ્લોવાદરકીન' કાવ્યોના નામ વાંચી વાચકને મનમાં થશે કે હરિશ્ચંદ્રે પોતાને પ્રિય પરદેશી કવિઓને અંજલિ આપી છે પણ એનાં કરતાં એ સત્ય સ્વીકારવું જોઈએ કે પરિચયના સર્જકો, વિષયો સાથે અત્યંત નિકટતા, આત્મીયતા સાધી શક્યા છે. એ સિવાય આવું અપૂર્વ સંયોજન શક્ય ન બનત રહ.''હરિશ્ચંદ્ર પાશ્ચાત્ય સાહિત્ય, સંસ્કૃતિ, કળા વિશેના પોતાના જ્ઞાનનો કવિતામાં વિનિયોગ કર્યો છે સુંદરમ્ હરિશ્ચંદ્ર માટે લખે છે કે રજ.'' અંગ્રેજી સિવાયની બીજી વિદેશી ભાષાઓની મૂળ કૃતિઓ પરથી આપણે ત્યાં કવિતા નહીં. જેવી જ , બહુ કે નથી જ ઉતરી, અને એ રીતે પણ કવિનું આ યુરોપીય ભાષા તરફનું પ્રસ્થાન મહત્વની ઘટના કહેવાય' મુક્તક શિરોમણી હરિશ્ચંદ્રના પાસાદાર શ્રેષ્ઠ મુક્તકો, અંજલિ અને પાશ્ચાત્ય ભાષાના અનુવાદ જેમ -કાવ્ય સ્વરૂપ અને ઐતિહાસિક બન્ને રીતે નોંધપાત્ર

Kalpana's

છે. ૨૮.'' જે હોય સુંદર, બધું જ શું તણાતું આવેજ' પંક્તિમાં "The old man admiring them selves in the water." નો અનુવાદ છે અનેક દૃષ્ટિએ આ બદલાયેલો ઉપક્રમ ગુજરાતી કવિતાને પ્રશ્ન નવી દિશા ચીંધે છે.

ઉર્મિ હરિશ્ચંદ્રના મુક્તકોમાં ઝીલાઈ છે પરંતુ નહાનાલાલની કૃતિઓ તપાસતાં લાગશે કે તેમના કાવ્યોમાં યુક્તિ-અયુક્તિ-દૃષ્ટાંત ઉપકરણ એકરૂપ અને સાહજ સ્વરૂપે મળશે ભાવ અને ઉર્મિનું રસાયણ નહાનાલાલના કાવ્યોમાં ઉત્તમ રૂપે સ્વરૂપે મળશે ભાવ અને ઉર્મિના કાવ્યમાં થયેલા અવતરણ નિમિત્તે ર.વિ. પાઠકનું 'કવિવર રવીન્દ્રનાથને' કાવ્ય જોવું ગમે તેવું છે. તેમાં મૂળ બંગાળી કાવ્યનો ભાવ યથાવત્ ર.વિ. પાઠક ગુજરાતી કાવ્યમાં ઉતારી શક્યા છે. રવીન્દ્રનાથનું ભારતમાં, સાહિત્યજગતમાં જે સ્થાનને જુદી જ રીતે ટાંકી જગત અને સાહિત્ય જગતના ઉત્તમ કવિ તરીકે પાઠક સાહેબ રવીન્દ્રનાથને અંજલિ આપે છે. રવીન્દ્રનાથનું ગૌરવ, અંજલિ, અને ઉત્તમ ભાવાનુવાદ તરીકે કૃતિ મહત્વની બની છે. પાઠક જે સાહેબ લખે છે.

૨૯.''એમ આ પરતંત્ર દેશને, જગમાં સ્થાન ન, માન ના હતું
નિજ માત તણા જ ખોળલે, રહી અસ્પૃશ્ય બન્યા હતા સ્વયમ્
કરવી કરમાદ ના ઘટે, લીધી હાથે થી જ માંગી જે દશા
પણ સૈરકૃતિ પુણ્ય પૂર્વની, સમથી નિન્દિત ? હા અસહ્ય એ''

આજ ભાવ બંગાળી ભાષામાં જોઈએ.

''હે મોર, દુર્ભાગા દેશ, જાહેર કરે છ અપમાન
અપમાને હતે હબે, તાહા દેહ સબાર સમાન
માનુષેર અધિકારે, વંચિત કરે છ જા રે
સમ્મુખે દંડા ધે રેખે, તમુ કોણે દાવો જાઈ સ્થાન
અપમાને હતે હબે, તા હા દેહ સબાર સમાન
માનુષેર પરશેરે' પ્રતિદિન કેડાઈ યા દૂરે

kalpana's

ઘૃણા કરિ ચા છ તુ ભિ, માનુષ્ઠોહ પ્રાણેહ ઠાકુરે
વિધાતાર, રુદ્ર રોષો, દુર્ભિક્ષોહ ન્દારે બે સે
ભાગ કેરે તેને હલે, સકલે હ સાથે અન્ન પાન
અપમાને જો હલે, તારા દેહ ચાભાર સમાન'' ચા રવીન્દ્રનાથની જ બંગાળી રચનાની પંક્તિઓનો ભાષાનુંવાદ લઈ પાઠક સાહેબ માત્ર અર્થનો સંદર્ભ બદલે છે -'ચા પરતંત્ર દેશને જાતમાં ક્યાંય સ્થાન હતું નહીં જાણે કે અસ્પૃશ્યભાવ હતો તેને તેજ ઉંચું સ્થાન અપાવ્યું. બંગાળી કાવ્યમાં ઝાં ચાગળા વધે છે કે ' હે મારા દુર્ભાગ્યી દેશ, જેમને તે અપમાન કર્યું છે તેમના જેવું જ અપમાન તારે વેઠવું પડશે, મનુષ્યના અધિકારથી જેમને તે વંચિત રાખ્યા છે જેમને સામા ઉભા રાખ્યા છે અને ખોળે બેસાડ્યા નથી તેમના જેવું અપમાન તારે કેહું અમારે તારે વેઠવું પડશે મનુષ્યના સ્પર્શને રોજ રોજ દૂર રાખી રાખીને તે માનવના પ્રાણમાં વસતા ઠાકોરની ઘૃણા કરી છે. વિધાતાના રુદ્રરોષથી દુષ્કાળને ચાંગણે બેસી તારે બધાની સાથે વહેંચીને અન્નપાન ખાવા પડશે. ચા સચોટ અવતરણનું ઋણ રા.વિ. પાઠક નગીનદાસ પારેખ પાસેથી સ્વીકારે છે. વિલાપ, વિષાદ કે કોઈપણ રસ માટે મેઘાનંદ જેમ કથાનું તંતુ ઝડપી પૌરાણિક કાવ્યસૃષ્ટિ રચે છે તેમ બંગાળી કાવ્યના આધારે, રવીન્દ્રનાથની કૃતિથી જ રવીન્દ્રનાથને રા. વિ. પાઠક અંજલિ ચાપી પૌરાણિક કાવ્ય વિશ્વ રચે છે.

પ્રસંગ -પરિસ્થિતિભાવ અને ઉપકરણોનું સામ્ય હોય અને તાદૃશતા પણ નખશીખ હોય ત્યારે કાવ્યો વચ્ચેની ઉચ્ચાવચતા માપવી મુશ્કેલ મુશ્કેલ મુશ્કેલ બને છે. રા.વિ. પાઠક 'છેલ્લું દર્શન' માં લગ્નની વિધિ, ક્રિયા અને સામગ્રીના ઉલ્લેખથી શોકને ગંભીરતા, પાવનતા અર્પે છે કે,

૩૦...ધરો અગરુ, દીપ, ચંદન, ગુલાલ, ને કુંકુમ
ધરો કુસુમ, શ્રીફળો, નકરી જીવને ચા થવો

× × × × ×

kalpana's

યુગોના અમૂલ્ય, સુંદર, સુહાગી, માંગલ્યનો

'અદીઠ સવારી' માં સુંદરજી બેટાઈ વાતીજ સામળીથી વસ્ત્રાલંકારો, અને માંગલ્ય અર્થની વસ્તુઓ નદારા શોક પછી માંગલ્ય રચે છે.

૩૧...'હા એજ પીતાંબર, પુષ્પયાન એ
હા બંધુબોધીય હતો સમાજ એ'' પણ કવિ ઘટઘટોટ કરે છે
ચકલ્પ્ય કિન્તુ સ્થિતિ વૈપરિત્યે
જ્યાં ત્યાં મૂર્છિત શોક - છાયમાં''

એમ પણ કહી શકાય કે ઉપકરણ અને વિભિન્નોજન ક્રમમાં પણ બન્નેમાંથી પાઠકપ્રાહ્યે માંગલ્ય લાવે છે તો બેટાઈ શોક લાવે છે.. એક લાક્ષ એવું પણ કરી શકાય કે કરુણ પ્રશસ્તિની બધી નજીકની શોકાંજલિઓમાં એવું સ્પષ્ટ અને સુરેખ સામ્ય જોતાં મળશે કે શોકાંજલિ કરુણ પ્રશસ્તિને ચાંપી હોવા જતી હોય એમ લાગે છે અદીઠ સવારીમાં પાંચમાં કાવ્યખંડમાં પ્રસિધ્ધ જ્ઞાન, જ્યાં શોક ચાલતા ત્યાંથી જાય છે ત્યાં અને ધમાલ મકરો.....કહી ના શોદર્શને જોવામાં, કે આંસુ વિઘ્ન ન કરો કહે છે ત્યાં અભિવ્યક્તિ ક્લાત્મકતા સિધ્ધ કરી દે છે એકનાં શોક ભાવ તરીકે છવાઈ જાય છે બીજામાં માંગલ્ય ભાવ તરીકે છવાઈ જાય છે . જોકે 'છેલ્લું દર્શન' માં દર્શનની પાવનતાની ભીતરમાં જ્વોલ્લ્ય આંસુનો શોક છે જ.

એક જ કવિની વિવિધ શોકકવિતા જોતાં ક્યારેક તેમાં લાગતાં પુનરાવર્તન દોષથી અભિવ્યક્તિની નવીનતાની અપેક્ષા મનમાં રહી જતી લાગે છે પુનરાવૃત્તિ કાવ્યની ક્લાત્મકતા, કાવ્યાત્મકતા અને આસ્વાદના ગુણને પણ હાની પહોંચાડી જાય એમ બને.

૩૨...પ્રિયા ? પ્રિયતમા જાતાં, જાણ્યું સર્વ ગયું થયું
ગયું સુખ ગયું બધું, ન પણ જીવવું ગયું
X X X X X
સુધા વરસતી બધે, નહિ જ અબ્ધ હોય વરે

Kalpana's

કરે તરફડે કરે નહિ જ, દેહ શાથી ધરે ?

X X X X

કદી સ્મરણ આવતાં, દુઃખિની૨ નેત્રે ઝરે
ત્યાં સ્વજનને થતાં, વદન પાસ પાણી ધરે
નહીં સ્વજન તે સખી ? સ્વજન ગેબ્રલી તું હતી
સહસ્રશત શબ્દમાં, હૃદયની પથારી હતી!'

'વિધુર કુરંગ'

આજ ભાવ વિપ્રયોગમાં જોઈએ:

૩૩...આકાશે ગેની એ તારા
ગેની એ જ્યોત્સ્નાની ધારા
તરુણ નીશા ગેની ધારા
ક્યાં છે ગેની એ ?
શું એ હાવાં નહીં જોવાની ?
આંખડલી શું નહિ હોવાની
ત્યાં એ ત્યારે શું રોવાની
દારા ગેની એ... ''

આ પંક્તિઓમાં ભાવ, રસ, ગેબ્રલતા, રૂપક, દૃશ્યનું સામ્ય છે. ઉપર ઉપરે જોતાં દેખાતાં સમાન ઘોરણોથી બન્ને કરુણ વિલાપની કૃતિઓ લાગે પણ ઊંડે ઊંડે તપાસતાં જણાશે કે 'વિપ્રયોગ' ને ભાવાભિવ્યક્તિ માટે ઘણું સહન કરવું પડ્યું છે. કારણ કે ભાવનું પુનરાવર્તન છે બાકી તે સિવાય ઘણું નોખાપણું છે. આવા સંજોગોમાં રચનાકૌશલ ખૂબ ચિવટ માંગી લે છે નહીં તો કાવ્ય નિષ્ફળતામાં જઈ પડે.

વ્યતિરેક અને અતિશયોક્તિ તેમજ ઐતિહાસિક ઉલ્લેખો કાવ્યના વહેતા પ્રવાહમાં પ્રવાહી થઈને ભળી-ભળી જાય તો તેનાથી કાવ્યત્વને ફાયદો થાય. નહીં તો તે કાવ્યને નડતર બની જાય તો છેલ્લે કવિતાનેજ સહન કરવાનું

kalpana's

થાય. ૫.૬.૬૧.ની ભાવનગરના દિવાન ભાવસિંહજીને કુસિની પંક્તિઓ જોઈએ.

૩૪. "કર્ઝન, ક્લાર્ક, વિલિંગ્ડન, રેડિંગ, રામ્સે, હોર
સ્કૂલ, રસ્કી, ગાંધીજી, નામ ઠગે છું જોર
મેક મેકથી અતિ જુદાં, વિશિષ્ટ પાણી જાપ
હીરા, મોતી, રત્ન મણિ,-બેટે કનક જ આપ
તેમ કૂરત્નો રહું ગહે, તુમ્બે, શાશ્વત્ મિષ્ટ
જેજ પટ્ટણી તારકરી પ્રભા, પ્રભાવ, ગરિષ્ઠ

કવિ પ્રભાશંકર પટ્ટણીને રાજકર્તા, યુગપ્રવર્તક તરીકે મહાન વિભૂતિઓની કક્ષામાં મૂકે છે તેમાં કર્ઝન, રામ્સે, મેક ડોન્ટાલ્ડ, સ્કૂલબ્રાનજીની જેમ "ગંગો થયો .....ગાલો થયો..... ઐતિહાસિક ઉલ્લેખ છે. એમાં વિભૂતિઓની યાદીને બદલે ગંગાથી મોડી ગરિષ્ઠ યાદીઓમાંથી ઉત્તમોત્તમ નામ નિર્દેશ બદલ પ્રભાશંકરના વ્યક્તિતત્વને ઉપાડવાનું ઈષ્ટકાર્ય કૂ રહી ગયું ને કુસિ બોટી લાંબી થઈ ગઈ. વ્યતિરેકના કરતાં, અતિશયોક્તિનાં કરતાં, સજીવારોપણનો પ્રયત્ન હજી રુચિકર લાગે છે. અનેકરશ્મિ 'શાશ્વત'માં રવિ-શશી- તારા આકાશમાં જુએ છે તે જોઈ શોકનું સમાધાન મેળવે છે કે આકાશાચ્છાદિત અમરતત્વોમાં મારો મિત્ર પણ છે. આમાંથી મેઘાદ્ર પ્રકાશ મેળો પણ હજુ. મિત્ર શાશ્વત્ પદ પામતો હોય તો તે સમયે બસ કે શોક ના શોભે.

૩૫. "ઝુમાવી રે મોંથી તક મિત્ર મે તો ભ્રમ રહી
સખા ? નો' તો હું કો, મમ તનુજ - હું શાશ્વત્ પ્રભા
બધા મિત્રો કેરી, મુજ ગરીબે માંગણી વહી
મને સ્વપ્ને રાખી, ઉડી જઈ ગ્રહી શૂન્ય નભમાં"

આકાશી તત્વોથી શોભતું ગાઢ કરુણ ભાવવિશ્વ કરે છે પણ ન.બો.દિ. 'અકાલ મરણ' માં મિત્ર પત્નીના ચાલ્યાને તારા, ચંદ્ર, સૂર્ય કરે છે ત્યાં ગરબે રમતી જુએ છે તે શોકની અભિવ્યક્તિ કે સમાધાન બેમાંથી મેક પણ

kalpana's

લક્ષ્યને સાધી શક્યું નથી.

૩૬. "તદપી કલ્પનાઓ ભેદી, જાનિકા એ મુજ્યુ કેરી
નજર્યું હું એ છબી અધિક એ રૂડી
પૂર્ણ દિવ્ય જ્યોતિ માંહિ બૂડી
જગતરૂપી અરણ્યમાં તે શૂન્ય ઘુઘવે
તારા નાથને રઝળતો મૂક્યો"
ઝાકી દિવ્ય પાંખે ગઈ ઉડી
દિનનિજમાં ઉડી, દિનનિજમાં ચમી
રહ્યું પ્રતિબિંબ રમજુમાં રમી"

ભિન્નપત્ની ચારકાની તત્વોમાં વીરાજે ત્યાં સુધી ભાવ કાવ્ય સામે ગોઠવાતો લાગે પણ ચારકાશના તારાઓમાં ભિન્ન પત્નીને ગરબે રમતી જૂને અને કવિ કહે કે બસ આમ એ ગરબે રમતી જ રહેશે, ગરબે ઘુમતી જ રહેશે. અને હું એ જોતો રહીશ- આલેખનનો વળાંક શોકના ભાવની દૃષ્ટિએ પણ અને ઉર્મિના યોગ્ય વહનની દૃષ્ટિએ યોગ્ય નથી લાગતો. શાશ્વતા માં જે દૃશ્ય રુચિકર લાગે છે એ જોતા નજરો. દિ. એ તારા, શશી વચ્ચે મૂકેલી ભિન્ન પત્ની કલાત્મક રીતે કે કાવ્યાત્મક રીતે પણ ઉચિત કે રુચિકર

kalpana's

નથી લાગતું વળી શોક અને x કરુણ માટે અભિવ્યક્તિનો આ વળાંક અને ગરબાનો લય શોચનીય લાગે છે. ભાવ, પ્રસંગ, રસ, ઉપકરણ, મૃત્યુ, સ્વજન, આત્મીયતા, બધું જ સરખું હોવા છતાં – અભિવ્યક્તિની કોઈ x ખૂટતી કડી અહીં ઉણપ વ્યાપી જાય છે.

ગગનગોખના તારા, આકાશ, નભમંડળમાં વિરાજતા વિવિધ ગ્રહઋક્ષ જેવી તત્ત્વોનાં કવિઓ, શોક, વિરહ, એકલતાના ભાવ પ્રદર્શન માટે વિનિયોજન કરે એ પરથી જાણી શકાય છે કે ઉપકરણનું અર્થઘટન અને વિનિયોજન કવિપ્રતિભા પર આધાર રાખે છે. ગમે તે ઉપકરણનું કવિમનમાં રહુરેલી અભિવ્યક્તિ અને અર્થઘટન જુદું હોઈ શકે મૂલ્યના મંગલ અભિગમ અને સમાધાન વહે બબરદાસજી 'રવ. મહુબાઈને' કાવ્ય જોવું ગમશે. જે સમયમાં કવિઓ માત્ર સૌંદર્ય અને વક્રોક્તિના વૈભવને જ કાવ્ય નિરૂપણનો વિષય માનતા હતા તે સમયમાં કવેજ વિસ્તારમાં મૂકી દે તેમા બધોના વૈભવને બબરદાર શોક કવિતાના આલેખનમાં સરસ રીતે આલેખે છે.

૩૦. 'આજુતા બધોના ગૂલા
ગ્રહઋક્ષ તારા મારગ ઉઘડ્યા
સૂરજ દેવે કિરણ મોકલ્યા

kalpana's

દીઠી જ્યોત ઝળ ઝાનંદની રે
ને તું ચાલ્યો કેરી નેજ જો
મધુરા બંધ હજો તુલ વીસારે .....''

સ્વ. મધુભાઈને મૃત્યુ પ્રસંગે કવિ માંગલ્ય અને શુભેચ્છા પણ બક્ષે છે કે.....

૩૮. ''ઘડીમાં કીધું પળમુંમા કામ જો
વીરા, લે અવિચલ વિશ્રામ જો
પ્રભુ ચોકે રાં ધારુ હતારજે રે.....
વીરા ? પ્રભુપદમાં મંગલ બધે રે.....

સમાધાનનો ભાવ શોકાંજલિ હોવા છતાં કરુણપ્રશસ્તિમાં નિરૂપણ પામ્યો સાંત્વન અને સમાધાનની ભૂમિકાનો છે.

મહર્ષિ અરવિંદ પર ઘણા કાવ્યો લખાયાં છે. અરવિંદનું કાર્ય, જીવન, સિદ્ધિ,વ્યક્તિત્વને આલેખતા કાવ્યોમાં 'અદ્ભુત અરવિંદ' માં કવિ અરવિંદને એક 'રવિરશ્મિ' તરીકે ઓળખાવે છે.

૩૯. ''રશ્મિ એક રવિ બે મહાન શું
રશ્મિ-કિન્તું , રવિ શું મહાન બે
ખીલવંત મનુજા૨વિંદ કુ''

kalpana's

કેટલાય માણસોમાં વિલક્ષણતાના સંસ્કારનું સિંચન અને સંચાર તે કરે છે. કવિ રવિરશ્મિ, મનજારસિંદ અને અદ્ભુત અરસિંદ એમ બધા ઉલ્લેખ આપે છે.

એક કરતા વધારે દૃષ્ટાંત, રૂપક વગેરે દ્વારા વ્યક્તિ-વિશેષનો પરિચય આપતાં છતાં લાલજીને સાંગ આવતી નથી. વળી આ કાવ્યમાં પણ આકાશી તત્ત્વોમાંથી રવિ, રશ્મિ વગેરે દ્વારા વ્યક્તિ પરિચય આપ્યો છે તે દીવ્યતા અને ભવ્યતા બન્ને સાધી જાય છે. બાલમુકુંદ દવેનું 'હરિનો હંસલો' કાવ્ય આવું જ એક દૃષ્ટાંત છે. અરસિંદ જેમ એક 'અદ્ભુત રવિરશ્મિ' છે તેમ ગાંધી 'હરિનો હંસલો' છે. ગાંધીના અવસાન પર કવિ શોક વ્યક્ત કરે છે કે.....

"...દુધિરે ઈસાયો હરિનો હંસલો" આપણે તેને જાણી શક્યા નહીં.

રૂપક- પ્રતીક, યુક્તિ- પ્રયુક્તિ - અલંકારો- ઉપકરણોના વિનિયોજનનો અનેક કવિતાઓને આધારે અભ્યાસ જોયો તેમાં સંદર્ભ અને પ્રસંગની ક્ષમતા ખૂબ જોવા મળી છે. એક સરખાં રૂપક કે દૃષ્ટાંતમાંથી વિવિધ ભાવોની પ્રાપ્તિ, વિવિધ

kalpana's

રૂપકોમાંથી સમાન ભાવાભિવ્યક્તિ, - છતાં તેની અભિ-
વ્યક્તિ અને તે દ્વારમાં દેખાતી ઉચ્ચતા અભ્યાસનો
સ્વામ્રદ મુદ્દો છે. ક્રિસાગોતમી, અરવિંદ, ગાંધીના ઉલ્લેખ-
વાળા કાવ્યો વાંચતા જણાશે કે એક વાતના જુદાં
જુદાં દૃષ્ટિકોણ કવિતામાં અભિવ્યક્તિનું વૈવિધ્ય સર્જે છે.
પ્રાસચાતુરી, ઝડઝમક, યમક, શબ્દાનુપ્રાસ, અલંકાર આમ
તો ઘણા કાવ્યોમાં વણાતાં આવતા હોવાથી જેમાં
નવીનતા ઓછી લાગે તેમ છતાં કાવ્યના પોત અને કાવ્ય-
દેહ માટે આ તત્વો શોકાંજલિમાં પણ જાવાતાં આવ્યાં
છે તેમના સહયોગથી કાવ્યમાં દેખાતો ઉઘાડ કે ચમત્કૃતિ
પણ શોકાંજલિને માની તાજગી અનુભવાય છે. પ્રજારામ
રાવજીના કાવ્યોમાં સાર્થક શબ્દાનુપ્રાસ જોવા મળે છે.
કાવ્યની બાહ્યસ્વર સંવાદિતા માટે સુરેશભાઈ દલાલ,
ક મળવદાર અને પ્રજારામ - ત્રણેયનો ફાળો સુંદર છે. શાન્ત,
પ્રાન્ત, વિશ્રાન્ત, એકાન્ત, કલાન્તમાં શબ્દ ફરીફરીને
ગૂંજે અને શબ્દ પ્રણિત્વનો લાગ પણ મળે છે. વિનિયોજનનું કૌશલ

kalpana's

અનેક રૂપે, અનેક રીતે શોકાંજલિમાં જોવા મળે છે એ પરથી કલાતત્વોના સમન્વય એ શોકાંજલિને કલાસ્વરૂપ આપવામાં કલાતત્વોના સંયોજનની શક્યતા કોઈ પણ સંજોગોમાં હજી નકારી શકાય તેમ નથી.

પ્રજારામ રાવળ કાંતને અંજલિ આપતાં લખે છે કે.....

૪૧"...મૃદુમય કોમલ કાંત
શિર ઉત્તરવયથી લસિતા શી કવિતા
જાણે જાણવિજાણદલ કુંદલ ઇંદુની ઉદય
તપ્ત જીંદગી રણે, રસવતી
ઘુમ્યા અહં તવ ચિત્ત પ્રસન્ન સરસ્વતી"

જ્યારે સુરેશ દલાલ અંજલિ આપતાં લખે છે કે.....

૪૨"...ઝાકળે રચી દીધું કેવું આ ચિત્રણ
નિર્મલિના કંઠમાં મધી ગેબ ધુન
ઊર્મિઓના બંધ તંતુ કેમ કળી લીધું
બંધ ચમે ક્લેશ
મૃત્યુને આલેખ્યા કદી થઈ જાય શાન્ત"

kalpana's

સાહિત્યકાર કે કવિને બાતી શોકાંજલિમાં
તેના ગુણો, સ્વભાવ કે સાહિત્યમાં તેમના અર્પણની
ગુંથણી કાન્ત વિધાયક કાવ્યોને બાદબાકી જોઈ પણ
કોઈ મહાનુભાવને સમાજસુધારક કે નેતાને અંજલિ
અપાય ત્યારે તેની સિધ્ધિઓ છટાબો, કાર્યો વગેરેની
નોંધ ટૂંકી લેવામાં આવે છે. બન્નેના કાર્યને એકરૂપમાં
બાંધી એ તો તેમના જીવન દરમિયાન લોકહિતાર્થે
કરેલા કાર્યોની નોંધ વળી લેવાય છે પરંતુ પતિત 'ચાંઠિને'
કાવ્યમાં આજના નેતાના અવલક્ષણ જેવાં કે મંચ પરથી દીન
ચેષ્ટાઓ, વાણી વર્તનનો ભેદ, નેતાગીરીના નાટકબાજીઓના
ઉલ્લેખ અને તુલના બદારા, સમાજદર્શન, રાજકીય રંગદર્શન,
રાજકીય વિદ્રની અવળીબાજુ બતાવાયે વર્ણની તેની તુલના બદારા,
નેતાથી વિરુધ્ધ ગાંધીનું બાદર્શ સાંઠ તરીકેનું વ્યક્તિત્વ જીવા
ઉલ્લેખ વિના બાકારેલ છે તે બસરકારક, બભિવ્યક્તિ પણ
કલાત્મક બને બસ સરસ રીતે બાવે છે. પ્રમાદ, ઢોંગ, દોલતની
મુહામાં બનીતિ, બન્યાય જેવાં સમાજના કલંકો ખુલ્લા પાડી
સમગ્ર વિશ્વ ચરાચરમાં સહજ રીતે બાપીદે છે સહેજપણ પ્રયત્નનો
સંદર્ભ બાવેલો કાવ્યોક્તિઓથી ચાયા નેતા અને સંતનાબદ્ધ
લક્ષણ બદારા બાંધીનું ચિત્ર. . . . . .

kalpana's

મૂલ્યાંકન પ્રસ્તાવક રીતે ઉપસાવે છે. ગાંધી કાવ્યોમાં વ્યક્તિત્વની નોખી નોખી છટાઓનું વૈવિધ્ય જોવા મળે છે એ રીતે ગાંધીનું આદર્શ પુરુષ, નેતા, અને સંત જેવું વ્યક્તિત્વ ઉપસી આવે છે.

શોકાંજલિના વર્ગીકરણની દૃષ્ટિએ (૧) કૌટુંબિક પાત્રોના મૃત્યુના શોકની અભિવ્યક્તિ નાં કાવ્યો. (૨) જાહેર- રાષ્ટ્રીય પ્રતિભા ધરાવતા મહાનુભાવોના મૃત્યુ નિમિત્તે શોકની અભિવ્યક્તિના કાવ્યો. (૩) મૈત્રી કાવ્યો સખાને, સખીને, મિત્રને, સંબોધાયેલાં કાવ્યો. (૪) સાહિત્યકાર- કવિઓને વિશેષાંજલિ : (૫) કુટુંબીજનોમાં - પુત્રને, પત્નીને, પિતાને, માતાને, દાદાને, બાઈને, બ્હેનને, ભિન્ન પત્નીને, સંબોધીને વિપુલ પ્રમાણમાં કાવ્યો લખાયાં છે. - આ પ્રકારની શોકાંજલિ વધારે દુઃખ ને વિયોગ વિષાદ- શોક થી આલેખાયેલી છે કારણ કે તેમાં આત્મીયતાના બીજમાંથી કાવ્ય અંકુરિત થાય છે જાહેર -રાષ્ટ્રીય વ્યક્તિઓ માટેના કાવ્યો જીવનના કાર્યો ઓ સેવામાંથી સિદ્ધ છે માટે તેમાં સમાજે અનુભવેલી ખોટ, તેમની સેવા પ્રત્યે ઋણ- ઋણ માદર ના ભાવ વધારે છે. તેમાં મહોભાવ છે પણ કુટુંબીજનોના પાત્રોમાંથી લખાયેલી કવિતાના બીજમાં આત્મીયતા હોવાથી મૂલ્યમમત્વકથિતિ, ખાલીપો, જીવનમાં નિર્જનતા જોવા મળે છે. પ્રમાણમાં શોકની ઉંચી કક્ષાની અભિવ્યક્તિ આર્તસ્વરે, નાભીમાંથી આપમેળે વછૂટતી જોવા મળે છે તેથી ક્યારેક જાહેર- વ્યક્તિના કાવ્યો મઠારેલાં - માવાસ બધ્ધ - ગ્રન્થ કાવ્યો કવિઓમાં જેક મુરીલી ચિંતનવાળી વર્ણનથી ભરપૂર લાગે છે પણ અંગત મૃત્યુ જન્ય કાવ્યો કાવ્યે કાવ્યે નોખા તરી આવે છે વધારે માર્મિકી અને જાહેર પ્રભાવમા આલેખન - વાળા મહાનુભાવો પર લખાયેલા કાવ્યોમાં શોકના કયાંક કયાંક રસભર છાંટણા છે પણ અંગત મૃત્યુજન્ય શોક કવિતામાં તો શોકની હેલીઓ વરસતી હોય એવું કયાંક ક્યાંક લાગે છે તેથી શોકાંજલિનું સુબધ્ધ કલા સ્વરૂપ અંગત- શોક કરતી કવિતામાં સ્વચ્છ, સ્પષ્ટ રૂપે મળે તેમ છે. કુટુંબીજનોના અવસાન પર લખાયેલી કૃતિમાં રૂદન, શોક વિલાપ, વિષાદ જોવા મળશે. જાહેર- વ્યક્તિઓના કાવ્યો પર લખાયેલા કાવ્યોમાં આદર-માન- ગ્રહ સન્માન- સેવા

Kalpana's

નમતા જાય છે. આ સ્વીકાર-શ્રદ્ધાંજલિના તત્વો જોવા મળશે. જાહેર વ્યક્તિઓની શ્રદ્ધાંજલિઓમાં રાજકારણ, દેશવિદેશના મહાનુભાવો સાથેની તુલનાઓ જોવા મળે છે જ્યારે કુટુંબીજનોના મૃત્યુપર લખાયેલી શોકાંજલિમાં હૃદયની લાગણીઓનું આંતર પ્રવાહ ને ખેલન, વલોપાત, પુરાણોક્ત ઉલ્લેખોના તાણાવાણા વણાતા આવે છે. આ બધા કાવ્યોમાં પ્રતિકો અને રૂપકોવાળા કાવ્યો નોંધપાત્ર બની આવે છે એનું સંગીત-ભાવવિશ્વ વધારે સઘન બને છે. બન્ને વર્ગોની કવિતામાં શૈલી જેતે સમાજને, સ્થિતિને, લોકજીભે ચઢેલા અને ધારી અસરકારી છતાં શિષ્ટ હોવાથી કાવ્યનું પોત સાહિત્યિક કક્ષાએ પહોંચેલું માની આવે છે 'સ્વ. મહાદેવ ભાઈ,' 'એને સમાચાર શાને સમાધી થશે ?''' , નિર્જીવ સંધ્યા, 'રહો ન દૂર મૃત્યુને, આજ નયનો રહો, છેલ્લું દર્શન, સદ્‌ગત બહેનને, 'ભાઈ' વળાવી બા - આવ્યા , 'પૂ. બાપા જતાં,' સ્મૃતિકલી' ઉદ્‌ગાર' ફૂલ ખીલ્યું', 'હું ગઈ' , વિખૂટા પડેલાને' 'ગકરડું' , 'ભાઈનો બ્હેન પાછળ વિલાપ', ' જાગરણ' માં અભિવ્યક્તિની છટાઓ જોવા મળે છે.

શોકાંજલિમાં નિરૂપિત વ્યક્તિ વિશેષ સાથે સંબંધનો પ્રકાર ચઢતો હોય, કવિતાની શૈલી પણ સામ્ય ધરાવતી હોય છતાં કવિગત અને કાવ્યગત ભાવાભિવ્યક્તિમાં વૈવિધ્ય અને ઉચ્ચતરતા જોવા મળે છે એમાં અન્ય અસરકર્તા પરિબળો કરતાં સૌથી વધુ ગણનાપાત્ર કવિકૌશલને અને રચનાકૌશલને ગણી શકાય 'દાદા' ના સંબંધમાં લખી શોક કવિતાઓ લખાઈ છે. 'દાદા'ના વ્યક્તિત્વને ઉપસાવતી શોકાંજલિ તો પૂજાલાલે પણ લખી છે. પરંતુ મનસુખલાલ ઝવેરીની કૃતિ 'દાદાજી' માં દાદાનું વ્યક્તિત્વ પોતની કલમે જ વર્ણવાયું હોવા છતાં વ્યક્તિગત અનુભવો, વત્સલ રસ ઉચ્ચતરતા અને આલેખનનું કૌશલ વધુ જોવા મળે છે. બન્ને કાવ્યોનું પોત જીવનના સ્મરણોથી વણાયેલું છે. દાદાનું જૈન, વિયોગ, શૈશવના સ્મરણોનું સામ્ય છે. અર્થગૌરવતા પણ બન્ને કાવ્યોમાં ઓછી નથી દાદા વિનાના દિવસો બન્ને કાવ્યોમાં સુંદર રીતે વર્ણવાયાછે. ઉપમાઓથી શોભતા વત્સલનિઝર વિલાપ પણ છે કવિ પોતાના જીવનમાં અને ઘરમાં દાદાના વ્યક્તિત્વનો પ્રભાવ પણ સારી રીતે ઝીલ્યો છે.

kalpana's

એમના ગયા પછી ઘરમાં બેઠેલી પાનબર કવિ વર્ણવે છે કે.....

૪૩.''આપણા દુઃખની કુંજે, પણ વ્યક્ત કંઈ કર્યાં
દાદાની કુંજ કરી એ કમનીય કલા ક્યહીં?
એ વિરૂપ ગબડ્યા ક્યાં, એવી છબી ગાજ્યા ?''

પૂજાલાલ પણ '' અમારા એ દાદા'' વિપુલ વદના કુંડ ચરણા

૪૪.'' વિશાળી છાયા એ એમ સક્ત શંતાય હરતાં'' કહે છે દાદા 'ચદનના કંપુ હતા.' એકસો છી એક પ્રસંગોની રમગટ બોલાવી પૂજાલાલ દાદાનું પ્રગલ્ભ વ્યક્તિત્વ કંડારે છે. પણ મમુખલાલ પ્રસંગોથી પ્રારંભ માંડી કુટુંબ દર્શન અને પછી વિયોગ અને સ્મરણોની વ્યાપ્તિમાં વત્સલ રસ વહેવડાવે છે તેમાં જંજલિ કાવ્યોના વ્યાપ્ય રૂપો ગણતાં જાણે પ્રયોગ રચાતો હોય એમ લાગે છે સ્મરણાંજલિ, શ્રધ્ધાંજલિ, બાલાંજલિ, નિવાણાંજલિ અને વિયોગના વિષાદથી શોકાંજલિ પણ રચે છે સ્વજન સૌદર્ય, પૂર્વજન્ય શોક, સ્મરણયાત્રા, શોક, વિયોગ, વિલાપ, કરૂણ, મંથન, ચિંતન, લાચારી અને વ્યર્થપણાનો ભાવ અને કરૂણની વિધિ જોતાં કરૂણ પ્રશસ્તિની હદે પહોંચી કુતિ બની જાય છે લાંબા પટમાં પથરાયેલા બન્ને કાવ્યોમાં શોકાંજલિના ભાવ-રસ- અને જંજલિના તત્વો ઉપરાંત કરૂણ પ્રશસ્તિના લક્ષણો પણ ડોકાયા કરે છે આ બન્ને દીર્ઘ-કવિતાઓ હોવા છતાં સ્મરણોના કંઠે વહેતી શોક લહરી જેવાં ભાવસભર કાવ્યો છે. ટૂંકામાં ટૂંકા રૂપમાં, ગાઈ હંકી માંડી આ દીર્ઘ કવિતામાં પણ શોકના ચાંતસ્પોલન જોતાં ઠરીઠાર ઠલવાતું મન થાય કે શોકાંજલિ સ્વરૂપ-મૂલક નહીં, વિષયમૂલક કાવ્ય કહેવામાંજ યથાર્થતા છે.

શોકાંજલિમાં શબ્દો ચરમા હોય, પ્રસંગનું પણ સામ્ય જોવા મળે, પદ-રચના પણ લગભગ સરખી લાગે છતાં તેમાં લયકેર અને લાલિત્યમાં નવીનતા જણાય તો માનવું પડે કે ભાવાભિવ્યક્તિમાં કવિનો ક્રમબ જ નવીનતા ઉતારી શકે છે. 'ગુસ્તાની વાડીના મીઠા મોસલા' એવું સંબોધન કાન્ત કલાપીને કરીને કાવ્યની બીજી કડીમાં કવિ લખે છે.

૫૫...''હેત હૈયાની વહેતી વાજે વાંસળી
ઉઠે સ્વર ચાકાશે ચંદર દૂર જો''

ન્હાનાલાલ ચાજ ભાવ માટે આજ શબ્દોને કેરવીને વાપરે છે તો ભાવનો ચાખો લય બદલાઈ જાય છે.

૫૬...''હૈયાના હેત વહેતી વાંસળી વાગી
વાંસળી વાગી ને મારી છાતડી જાગી'' તુલનાત્મક રીતે જોઈએ તો 'છાતડી જાગી' વાંચતા એમ થાય કે કવિ કાન્તની પંક્તિ-રચના વધુ કાવ્યાત્મક અને કલાત્મક છે એમાં વાંસળીના સૂરનું માધુર્ય જળાતું નથી ઉમાશંકર જોશી ન્હાનાલાલની ગુજરાતીની સેવા નોંધતા લખે છે કે.....

''લલિત ઉર્મિના ભાતોથી
દલપતે તેના ક્રાંડ પૂર્યા'' તેના કરતાં કોડ સખિની કમનીયતા કોમળતા, ભાવની માવજત કાન્તની પંક્તિમાં વધારે અનુભવાય છે. ગામેય કાન્ત તો 'લલિત કોમલ કાન્ત પદાવલી' ના કવિ છે જ જ્યારે એમની પંક્તિ ભાવને લલિત લયમાં નચાવતી, રમાડતી 'ઉઠે સ્વર ચાકાશે ચંદર દૂર જો' માં ભાવનું વહન અને મૂર્હતા, કોમળતા જાળવી રાખે છે. શબ્દલંડોળ સરળ પણ શબ્દ સ્થાનો આઘાં પાછાં કરી કવિઓ લય, અર્થને કેરવી અભિવ્યક્તિની નવીનતા લાવે છે.

અભિવ્યક્તિની આવીજ તાજગી પૂજાલાલ અને મનુભલાલ ઝવેરીની રચના 'દાદા' અને 'દાદાજી' વાંચતા મળે છે. બન્ને કાવ્યોમાં પ્રસંગ, રમણો, અંત શોક, કરુણ, દાદા પ્રત્યેનું હેત, વાત્સલ્ય, દાદાની પ્રભાવ, અભાવ, મૃત્યુ ચિંતનનું વૈવિધ્ય અને સામ્ય હોવા છતાં, સમાનતત્વોની તિનિયોજનની અસરે પૂજાલાલની કૃતિમાં કાવ્યારસની ચાદો છતાં ચિત્રાત્મકતા જોવા પ્રશ્ને મળે છે પણ શોક, વિયોગ, વિલાપ મૃત્યુના વાતાવરણનું વર્ણન, મંથન, ચિંતન, નિર્વેદ સુંદર હોવાથી મનુભલાલની કૃતિ સુરેખ શોકાંજલિના ચંશો ધરાવે છે ચાર્યકુળના સંસ્કાર ઝીલતા ગુજરાતી કુટુંબજીવનની તાદૃશ છબી બન્ને કાવ્યોમાં છે.

Kalpana's

ગાંધી-વ્યક્તિત્વ-દર્શન તો 'એક અંજલિ' અને 'વિશ્વસંતની વિદાય' બન્ને કાવ્યોમાં છે ; બન્નેમાં ગાંધીની હત્યાનો ખેદ વ્યક્ત કર્યો છે પ્રસંગ પાત્ર- અને ઘટના નિરૂપણનું સામ્ય હોવા છતાં 'વિશ્વસંતની વિદાય' માં માત્ર અહિંસાના વ્રતધારી ગાંધીની ગોળીથી લોહિયાળ મૃત્યુ અને તેથી વ્યાપતો શોક દર્શાવાયો છે. પરંતુ આ બાબતના ઉલ્લેખ ઉપરાંત , ભેદા રાજકારણના કાદવમાં ગાંધી 'આદર્શ મુકુટા' બની રહેતાં ગાંધીની બહુપ્રસૂતી પ્રતિભા વગેરે વર્ણન-કૌશલના સારા અંશો હૈ ઠેબાઈ આવતાં પ્રમાણમાં 'વિશ્વસંતની વિદાય' કરતાં 'એક અંજલિ' માં કલાત્મક અંશો વધારે છે.

મૃત્યુના સંગ્રહ્યના નવા અભિગમ પાછળ કવિઓએ મૃત્યુને ઓળખવાનો, તેના સ્વરૂપને, તેના સનાતન સત્ય પ્રત્યે સમજદારી કેળવવાનો, આઠદ કે ભયને ટાળી તેનો મહાજો સાચવવાનો જ સંદેશ આપ્યો છે. મૃત્યુથી મો કેરવવાથી મૃત્યુમાં કોઈ ફેર પડવાનો નથી માટે આપણો તે સમયનો વ્યવહાર- સંયમી નવો અભિગમ કીળવવાડે છે ત્યારબાદ વિવિધ કાવ્યોમાં આમભિગમનું રૂપ વૈવિધ્ય ગવનવા વાતાવરણ , સામગ્રી અને પરિવેશો સાથે બદલાતું રહ્યું તેમાં 'છેલ્લું દર્શન' માં દુર્ભાવન દર્શનીય કરુણ ગણાવી ધર્મ અને માંગલ્યનો પાશ ચડાવ્યો છે. વીરતા પર વારી ગયેલા મૃત્યુનો આદર 'વીર જતીન્દ્રના સંભારણા' માં છે. બન્ને કાવ્યોમાં તેના મહિમાને ગાવા માટે આંસુને રૂપક કરવામાં આવ્યું છે કે રડીને મૃત્યુનો મહાજો લઈ ના નાખો સમાનવિચાર- ધારા હોવા છતાં બન્ને પોતાની રચનામાં ઉત્તમ અભિવ્યક્તિ પામે છે રા.વિ. પાઠક 'છેલ્લું દર્શન' માં કહે છે કે.....

''ધમાલ ન કરો, જરાય નહિ નેન બીનાં ઘસો
ઘડી -બઘડી- જે બની - નયનવારિ ઠંડો જરા -
કૃતાર્થ થઈ લો, ફરિ ન મિ મળે જ સૌંદર્યું આ
સદા જગત જે વડે જ્વતું, જ્વવતું માંગલ્ય કો''

વીર જતીન્દ્રના સંભારણામાં ઝવેરચંદ કહે છે.

''વેગળિ ના ચોરે, અકુની વાદળી

kalpana's

''વેગળી રહ્યા રે, મારી વાદળી
વીરતાના તેજને, નવ રહો ઝાંખરી
નીરખવા દો મુને, લાખ ગ્રહનેત્ર નયનો કરી
આહુતિ જ્વાલની એ બાલની ઝગઝગારી''

ચંદ્રમુખે કરેલું ઉદ્‌બોધન જૂદું પણ એક જ આશયની ભિન્ન-ભિન્ન અભિવ્યક્તિ કાવ્યોમાં માંગલ્ય જૂદે રૂપે લાવે છે. સોરઠી દુહાના લયમાં વ્યતિરેક બનાવી મૃત્યુની મહત્તા કવિ, મણિલાલના મૃત્યુ નિમિત્તે ગાય છે.

''ભાઈ મર્યો બદ હારિયે, બ્હેન મર્યે દશ જાત
માવતર મરણે ઉનાં, ચોદિશ ના વા થાય
(પણ) સુ ચાળ રે દુઃખ ભેળાં થાય
હે ઠી ? એક તમ મુવે'' મણિલાલના મૃત્યુથી ભાઈ- 'બ્હેન ક્ર અને માવતર મર્યાના દુઃખ ભેળાં થઈ તૂટી પડે તેવો કારમોધ્યા લાગે છે. સોરઠા અને વ્યક્તિરેકમાં મૃત્યુની અભિવ્યક્તિ માટે આ દૃષ્ટાંત જૂદું તરી આવે છે. સ્નેહરશ્મિનાં 'શાશ્વત' કાવ્યમાં કવિ રવિ-શશીતારામાં હસતો મિત્ર જોઈ સજીવારોપણ બદારા ક્ર આશ્વાસન મેળવે છે. જ્યારે સુરેશ દલાલ, પ્રજારામ રાવળ, ખબરદાર જેવાં કવિઓ સ્લેષ, વ્યતંના, ચમક , વર્ણ સગાઈ અને પ્રાસ ચાતુરી યોજી અભિવ્યક્તિમાં ઝગમગ લાવે છે. કેટલાક કાવ્યોમાં રૂપક અને દૃશ્યાવલીઓ તેમજ પ્રતિકો બદારા તુલના યોજી સદ્‌ગત પાત્રના વ્યક્તિત્વનું વર્ણન કરવામાં આવ્યું છે. માત્ર ગુણાનુવાદ, કે કાર્યોની વાદીને બદલે જ્યારે રૂપક કે પ્રતિક કાવ્યમાં યોજાય ત્યારે કાવ્ય બાની સુંદર ભાવ-વિશ્વ રચી દે છે. રંગોનો રાજા મોર અને તેની સાથે રંગ-દર્શી કવિ કલાપીની તુલના 'કલાપીને' માં કરવામાં આવી છે કલાપી અને મોરના સમાન ગુણધર્મો બાલેશી કવિ કલાપીના વ્યક્તિત્વનો પરિચય કરાવે છે તેમાં કવિ કહે છે કે લોકો તો સ્વાર્થ પરાયણ થઈ, લોકોને ખોટી આનંદ લૂંટે છે જ્યારે સંત નિસ્વાર્થ પણે દુઃખ ભોગવી લોકોને આનંદ આપે છે. મોર પોતાની અંગભંગિથી ખુશ થઈ, લોક ને ખુશ કરે છે. બન્ને જણ સુખ વહેંચવામાં સુખ સમજે

kalpana's

છે. દુઃખ વહેંચી લેવામાં સેવા સમજે છે. કવિ પણ કવિતા રચી આનંદિત થઈ લોકોને પ્રફુલ્લિત કરે છે. આંસુ સાથે મોર નાચે ત્યારે લોકો જુએ છે કવિ પણ ભાવવિભોર દશામાં હોય ત્યારે તેની રચનાથી લોકો પ્રસન્ન થાય છે મોર અને કવિ બન્ને કલાશિરોમણી છે બન્ને સૌંદર્યના ચાહક, મુદ્દ ઉપાના જીવ છે સુરેશ મજમુદાર સરખાવે છે કે કવિ દુઃખી હોવા છતાં ~~દુઃખી~~ ~~દુઃખી~~ ~~દુઃખી~~ ઉદાસ લોકોને આનંદ આપ્યો છે. 'હરિનો હંસલો' કહી ગાંધીજીનેજ હરિનો હંસલો કહી કવિ ગાંધીજી માટે કહે છે કે મુક્તાફળનો ચાહક હરિનો હંસલો માન ~~સરોવર~~ સરોવરમાં ઉડી ગયો આપણે તેને સાવલીના શક્યા બાલ-મુકુંદ દવેએ જેમાં રૂપક જ યોજ્યું છે પણ 'કલાપી' ને કાવ્યના રૂપક જેવું સુરેખ સ્પષ્ટ નથી.

મૃત્યુ એટલે આત્માનું ઉર્ધ્વગમન એવી વિચારસરણી પ્રમાણે વિચારીયે તો સ્નેહરશ્મિના 'ચાસ્વત' માં , આકાશમાં સ્ત્રી-શશી- તારા માં હંસનો મિત્રનો આત્મા અને તે માટે કવિ એ યોજેલું સજીવારોપણનું કથ્ય 'અકાલ મરણ' ના ભાવાર્થ કરતાં વધારે રુચિકર લાગે છે 'અકાલ મરણ' માં મિત્ર પત્નીનો આત્મા આકાશી તત્વોમાં ગરબે રમતો જુએ, ગરબાનો લય વગેરે ન. બો. દિ. એ સંકલન કર્યું હોવા છતાં કાવ્યાત્મકતા અને કલાત્મકતાની દ્રષ્ટિએ અન્ય કૃતિઓની તુલનામાં તેમની કૃતિ ઉણી ઉતરે છે એની સરખામણીમાં બાલમુકુંદ કહે છે તેમ 'હરિનો હંસલો' હરિનો સંદેશ આપી સ્વર્ગમાં પાછો જતો રહ્યો એ ભાવ વધુ ભાવવાહી સહજ અને કાવ્યાત્મક લાગે છે. બધેય કાવ્યોમાં આત્માનુ ઉર્ધ્વગમન અને આકાશમાં તેમની સ્થાપનાનો આદર ભાવ છે પણ બધેય કાવ્યો તપાસતાં સ્નેહરશ્મિ અને બાલમુકુંદની ભાવાભિવ્યક્તિ વધારે કાવ્યાત્મક બને છે.

સંજલિ કાવ્યો, અને તેમાંય બાર શોકાંજલિઓમાં જાહેર વ્યક્તિઓનાં સંદર્ભમાં અપાયેલી શોકાંજલિની તુલનામાં કુટુંબીજનો માટે અપાયેલી શોકાંજલિની રચના સંખ્યા વધારે છે . આત્મીયતાની આડે અભિવ્યક્તિ આવતી નથી. બેક કે મર્મજ્ઞતા અભિવ્યક્તિનું મહિયર છે તે સહજ રીતે ખીલે છે ત્યાં આયાસની

kalpana's

ઝાંખી જરૂર નથી પડતી . કાવ્યત્વને મોકળાશ મળે છે. આત્મીયતા કાવ્યત્વની ફળદ્રુપ ભૂમિ છે. માટેજ કાવ્યોના અભ્યાસ પછી તારવી શકાય છે કે મુંબઈમાંની શોકાંજલિમાં સંવેદનાનું હૃદય ધબકે છે. જ્યારે જાહેર વ્યક્તિમાં કોઈ ચિરંત બધ્ધ ચિહ્નસ્તો અને બ્યાન દેખાયા કરે છે તેમાં કવિની આંખે આંસુ જવલ્લે સ્વભાવિક લાગે છે શોકાંજલિ પણ આત્મલક્ષી ઊર્મિકવિતા હોવાથી આત્માની આત્મીયતા સંગત સ્વજનની શોકાંજલિમાં તરવરે છે. કયારેક જાહેર સન્માનનીય વ્યક્તિઓને અપાયેલી અંજલિ કવિતાઓ તરકારી મુસદ્દાનો પદ્યાનુવાદ લાગે છે પણ સ્વજનના મૃત્યુનો વિષાદ સંગત શોકાંજલિઓમાં ટ્વતો દેખાય છે બન્ને વર્ગોની વિવિધ શોકાંજલિઓ પર નજર નાંખતાં તરી આવતાં આ મુદ્દાઓ શોકાંજલિને ખીલવાની શુંજાશ, અનુકૂળતા અને શકયતાઓનો અંદાજ આપે છે. સંગત ભાવની શોકાંજલિમાં કવિ પોતે સંવેદનાનો સાક્ષી હોય છે જાહેર વ્યક્તિના સંદર્ભની કવિતામાં કવિ લગભગ દ્રષ્ટા તરીકે મળ્યો છે માટેજ 'મેને સ્મારક શાં, મે રમાધિય શી,' 'સ્વ. મહાદેવ ભાઈ', કે નિવૃત્તિ સંધ્યા' કરતાં 'સદ્ગત બહેનને, છેલ્લું દર્શન, કે મનસુખલાલ કે પૂજાલાલની 'દાદા' ની કવિતા મનહરી લે છે. ગાંધી વિષયક કાવ્યોમાં પણ વ્યક્તિત્વનો પ્રભાવ અને તેમની સેવા, સિધ્ધિ જ નિરૂપણનો વિષય બની બહો સામ્ય ધરાવે છે તેથી નિરૂપણમાં કોઈને કોઈ પ્રકાર સમાનતા જોવા મળે છે પણ સંગત ભાવમાં સંબંધોના રૂપ સરખા સમાન હોય છે પણ આત્મીયતાના માના તેર, વાત્સલ્યના દોરસંચાર સુખ દુઃખના ચારોહ અવરોહ, ઘાત-પ્રત્યાઘાતની તેજ છાયા અને સ્મરણોની સંગત પ્રકાર આગવી ભૂમિકા વૈવિધ્ય લાવે છે. પૂ.ગાંધીજી કાવ્યના નિરૂપિત પાત્ર તરીકે હોવાથી તેમના વિશેના વર્ણનમાં સમાન અંશો મળી આવે, પણ બા, બાપા, કે દાદા, ભાઈ, બહેન કે પત્ની વિશેના સંગત-સ્વજનના કાવ્યોમાં આલેખનમાં સમાનતા ચોકી જોવા મળશે એ પરથી પણ સમજી શકાય કે સંગત જીવનની આત્મીયતાને નિતાંત પારદર્શક રૂપે ઉતારતી શોકાંજલિ સંપૂર્ણ આત્મલક્ષી કવિતા છે.

kalpana's

બંધનું શમન એ સમાધાનની ભૂમિકા છે. ખબરદાર કૃત 'સ્વ.મટુભાઈ-માં કવિ કહે છે કે ચમે તારી સ્મૃતિથી તારક ગુરુ ગાઈને ચલવીશું ૪૭.''તું જ ગુરુ ગાવા છે અમ લોગ જો''. વીરા, પ્રભુ પાદમાં બંધા બધે રે..... કવિએ મૃત્યુ - બંધન - શોક -કરુણ અને શાંત્વન બદારા કરુણ પ્રશસ્તિ જેવો ક્રમ આદર્યો છે પણ ભાવની ચઢાણ કરુણ પ્રશસ્તિની કક્ષાની લાગતી નથી પણ ભાવ, અને કરુણની દૃષ્ટિએ સ્મરણ, વિયોગ, બંધન, કરુણ ગૂંથેલી એક સુંદર શોકાંજલિ અવશ્ય બની રહે છે.

બેકજ પાત્ર 'ગોવીંદ સ્વામી' પર લખાયેલી ઉમા શંકરની' વિદાય દુનિયા' કરતાં સુંદરમ્ ની કવિતા 'અગ્નિ વિરામ' ભાવપ્રધાન, ચિંતનપ્રધાન વ્યક્તિત્વલક્ષી, ચિન્તાત્મક, વિચારવંત, ભૂમિકાવાળી દીર્ઘ કવિતા છે. કાવ્યની ગતિ કરુણપ્રશસ્તિ પ્રકારની છે. કાવ્યપ્રકારને લીધે પણ અભિવ્યક્તિ માં ફેર પડી જાય છે. કવિતાની મનમાં રહી ગયેલી વાતને યાદ કરતાં પ્રેમ શંકર ગોવિંદ સ્વામી માટે 'વિદાય દુનિયા' માં ઉમાશંકર જોશી લખે છે કે

૪૮''બહે સુધરજે અને સુધરજે ક્યારેક તો
અદમ્ય ઉરસ્વપ્ન બેક લઈ ઓસરી જાઉં
ઉરે તવ પ્રભાત સ્વપ્ન રમ સરી જાઉ હું '' આ પંક્તિઓમાં વૈચારિક પીઠબળ, તરુણાવસ્થામાં મૃત્યુ થવાથી ઉરસ્વપ્ન ઓસરી જવાની વ્યથા, તેમાંથી જાગતી કરુણા, ચિંતન અને શોકનું વર્તન છે. સુંદરમે લખેલા -હાનાલાલ નર્મદ, મોહનલાલ પંડ્યા, ગાંધીજી, કસ્તુરબા, પંડિત નારાયણ બરોના મૃત્યુ પ્રસંગે લખેલા અંજલિ કાવ્યોમાં ગોવિંદ સ્વામીના અવસાન પર લખેલી 'અગ્નિ વિરામ' શોક, સ્મરણ અને ચિંતનના આલેખનની નોંધપાત્ર કૃતિ છે પરંતુ સુંદરમની 'અગ્નિવિરામ' કરુણપ્રશસ્તિ છે જ્યારે 'વિદાય દુનિયા' શોકોર્મિ કવિતા છે બન્ને કાવ્યોની મુખ્ય ભેદરેખા છે.

પિતાને અપાયેલી અંજલિઓમાં ઉમા શંકર, પૂજાલાલ, ઉશનસ્, -હાનાલાલની કૃતિમાં વ્યક્ત થતા અંજલિના ભાવ નોંધપાત્ર છે. ઉશનસનો

Kalmann's

'શબ અને ફૂલ' કાવ્યમાં અસ્થિ પધરાવવાની હિન્દુધર્મની મરણોત્તર વિધિનો ઐતિહાસિક ઉલ્લેખ છે. પિતાને મહાન વિભૂતિ કહી તેની ''.....વિભૂતિ ચપટી ચાટલી જરા ?'' કહી અસ્થિ અંગે ક્ષણિક ચિંતનને સ્પર્શે છે. આ ચિંતન સાથે ઉમા શંકરના 'પિતાના ફૂલ' કાવ્યનું કાવ્યાંતે મૂકેલું ચિંતન ક્યાં ? સમાનતા ધરાવે છે. કે પિતાના ફૂલની ધવલતામાં વંશની ફલશ્રુતિ જુવે છે. જ્યારે આ કાવ્યમાં દધિચી મુનિની સાથે પિતાને સરખાવી .....

૪૯''.'' પિતા (રૂપી) વૃક્ષના ફૂલ અમે
જેમનો વંશ વિસ્તાર અમે
પિતાના ફૂલ લઈ ભસ્મમાં ઘુમ્યા''' માં ફૂલ' શબ્દમાં શ્લેષ-યોજી ક્ષણિક પણ માર્મિક ચિંતન સાધે છે. તે તલસ્પર્શી છે. એની વિશેષતા એ છે કે બીજી કાવ્યોના જેવું ચિંતન બહોળા પટમાં નથી પણ આ તો જીવનમાંથી જડેલી ચિંતન કણિકા છે. આ ચાર્ત્ય રહસ્ય પોતીકું છે. આ માત્ર સંભારણ કે બાષ્પ નથી પણ માત્ર અનુભવબિન્દુ છે. તેથી તે ક્ષણિક છતાં સચોટ છે. બીજું ચિંતનાત્મક વર્ણન બધુ વૈશાખી શિવ સાથે કલ્યાણ વાંછું પિતાના સ્વભાવની તુલનામાં છે. શોકાંજલિમાં ચિંતન માટે પણ તુલનાનો પ્રયોગ થયો છે. સરખામણી, ઉપમા, વ્યતિરેક, સજીવારોપણના આધારે શોકાંજલિમાં ચિંતન, સમાધાન, આશ્વાસન વર્ણવાયું છે. બધુ ચોપડનાર પિતાનો ઠેબાવ શિવ જોવો અને સ્વભાવ કલ્યાણ વાંછું હતો. વ્યક્તિ અવ્યક્તિત્વ અને ચિંતનને જેવડે દોરે કવિ કાવ્યમાં વિયોગ ગૂંથે છે. તેમાં તુલના દોરાવાગાનું તાણાવાણાનું કામ કરે છે. પિતા પ્રત્યેનો ઋણસ્વીકાર તો પુજાલાલ 'મારા સદ્‌ગત પિતાશ્રીને અંજલિ' માં કહે છે ન્હાનાલાલના પણ પિતૃતર્પણમાં આજ મુદ્દાઓપર કાવ્યત્વ [illegible] છે બન્ને કાવ્યોમાં પ્રસંગ, ભાવ, ઋણ સ્વીકાર, પિતા પ્રત્યે દુર્લક્ષ, આદર્શ માતા-પિતા, ચાર્યત્વ, જાગવા સમયે હોવાની જરૂર બદલ શરમીંદા પણું ચોકારમાં નિખાલસતા, ના સમાનતત્વો છે પણ ભાવનીતરતી પંક્તિઓમાં ઝૂકે ઝૂકે ઊભ દેતા વેદના, અને ઉરતો પશ્ચાતાપ તેમજ ટપકતી પિતૃભક્તિ અને ચોકરાર સરખે ભાદે 'પિતૃતર્પણ'

યાદગાર બની રહે છે..

૫૦. "બહુ ઘવાયા તાત ? અસત્કાર્યા, અનાદર્યા,
ને અપમાનને ગારે આ હાથે દેવ ચગિયાં,
ખીજ્યા, પજવ્યા પૂરા, કુમળુ દિલ કાપિયું
ને તમારા દિનો છેલ્લા ગેર કીધા ? રહું શરમું ગયું,
ગયો તે ગુણ જ્ઞનીનો , હું ઓગવાનો ગયા બધાં
આપના મૃત્યુ થે, તાત? ચાળાં નીર ઊંડા કીધાં
રહીને ને બનીને હું આવ્યો હું આપ છાંયમાં
દેજો થે છાંયડી શીળી દીધી છે જેમ કાય આ
સૌ બળીતરાંની થે ક્ષમા તાત? આપ જો
નં જોશો માટીને દેવા ? માનજો પંક પંકજો."

શોક એવો ભાવ છે કે તેમાં કૃત્રિમતા નજરે દેખાઈ આવે તે પોતાના આગવા રંગરૂપે છતો થનારો ભાવ છે. તેને જે બરાબર પામી શકે, તેમાંથી કોઈક જ આત્મસાત કરી તેની અભિવ્યક્તિ આપી શકે કવિ જો એ ભાવમાં રસતરબોળ થાય તોજ કૃતિમાં તેની ભાવાભિવ્યક્તિ અસરકારક રીતે ઉતરી આજે સદ્‌ગત વ્યક્તિ/વિશેષના મૃત્યુથી થયેલા શોકને વ્યાપમાં ફેલાવવાનું કૌશલ કવિમાં હોય તો જ કૃતિ સુભગ બને. જે કૃતિમાં શોકની અનુભૂતિ નથી તેમાં કરુણની સ્વાનુભૂતિ થતી અશક્ય છે અને તેવી કૃતિમાં બાયાસથી કૃત્રિમતા આવવાથી કલાનું પોત બેડોલ બની જાય છે. કવિએ શોક નિષ્પન્ન કરી કરુણની અનુભૂતિ માટે કૃતિને શોકાંજલિ બનાવવા માટે ઊંચી માત્રામાં સંગત આત્મીય અનુભૂતિનો પ્રવાહ કાવ્યમાં ઉતારવો પડે ન.ભો.દિ. ના 'એક બાળકીના મરણ વિશે' માં આવી શોકાનુભૂતિ છે. એકજ રૂપક કે ઉપમાનો ઉપયોગ કરી કાવ્યાત્મક રીતે શોકાનુભૂતિ વ્યક્ત કરી છે. તેમાં કવિએ લાઘવ પણ જાળવ્યું છે. મૃત બાળકીને કોકીલા કહીને કવિએ વિલાપ અને વિષાદનો પ્રવાહ વહેવડાવ્યો છે. દુનિયાની આંખે હાડ પંજરું ઝાલી

Kalpana's

બાળકી -કોકિલાના મીઠા ગાન વિના કવિની કુટિરકુંજ -સૂની, ઝંખારી છે. દિવ્યલોકમાં ઉડી ગયેલી કોકિલાના માત્ર ગાનની સ્મૃતિઓથી આ હૃદયને સહારો માગે.

પરંતુ "એક સ્મરી નવ ઠાલું શું ? ઝીણા ચાંચુ બે ચાર" કહી કવિ વિયોગ વ્યક્ત કરે છે.

"ને સ્મૃતિપાન કરી કરી, દિવ્યભૂમિ મે ઝબી
એ ઉપકાર ઓ બાળકી, સ્મરશે રહીશ હું રાખી
હાવી દિવ્ય મુજ કોકિલા, જતાં ઉડી એકા એક
કેમ નયનમાં ના રહે, યમુનાકુની રેખ"

સદ્‌ગતના મૃત્યુની બનેલી ઘટનાનો શોક વાચક સુધી લાવનાર કવિજ હોય તો અને તેનું માધ્યમ કવિતા જ હોય તો, કવિએ શોકમાં ડૂબવું પડે, તે માટે ગદ્યાસ કરતાં આત્મીયતા વધારે ભાવકારક નીવડે છે. સામાન્યતઃ ગરબો આનંદ-મંગળ પ્રસંગે થતું મૃત્ય ગાન છે તેમાં ઉત્સાહ, આનંદ, ઉમંગ ઉત્સવની અનુભૂતિ વણાયેલી છે. મિત્રપત્નીના અવસાન નિમિત્તે ગરબાના ઢાળમાં કવિ પ્રસંગ વર્ણવે અને ગરબે રમતી મિત્રપત્નીને હું જોતો રહું એવો ઉલ્લેખ આપે ત્યાં મૃત્યુના શોકની ગંભીરતાને બદલે મૃત્યુનો ઉપહાસ થતો લાગે છે દિવ્યદર્શન, સમાધાન, આશ્વાસન, કે શોકમાંથી કશું રુચિકર લાગ્યું નથી. મૃત્યુના ગંભીર પ્રસંગે તારા, ચંદ્ર, રવિ, શશી માં ગરબે રમતી મિત્રપત્નીનું દૃશ્ય ભળતું લાગે તેવું પણ બને બહું આ ઉણપથી કાવ્યમાં રસભંગ થાય છે આમેય આકાશી તત્વો સાથે દિવ્યતા અને ભવ્યતાનો અર્થ જેટલો સહજ લાગે છે તેટલો રમણીય દૃશ્ય કે કરુણનો અર્થ સરતો નથી, એ તત્વો તો ચિંતન, સમાધાનની ઊંચાઈ ધરાવતા આકાશી તત્વો નથી માટે જ સ્નેહરશ્મિના 'શાશ્વત' માં કવિએ મિત્રને રવિ-શશી - તારામાં જોઈને તે બધાના હાસ્યમાં મિત્રને હસતો જોવાનું મનનું સમાધાન ન. ભો. દિ.ના કાવ્ય કરતાં મનમાં વસી જાય છે. આલેખનના કસબને કારણે સ્નેહરશ્મિની અભિવ્યક્તિ કલાત્મક બની જાય છે. ઉપકરણની પસંદગી, અને વિનિયોજનની કુશળતા ન.ભો.દિ.માં એ કાવ્યપૂરતી

Kalpana's

વતિ છે. 'એક બાળકીના મરણ વિશે' કાવ્યમાં મૃત્યુ પછીની સ્વર્ગલોકની દિવ્યભૂમિની પૌરાણિક માન્યતાને કવિ ભાવાત્મક રીતે સ્વીકારી લે છે બાળકીને કોકિલા નામે સંબોધી સ્વર્ગમાં તું ગાઈશ હવે મારા સૂના હૃદયમાં તારી સ્મૃતિઓના ગાન વહેતે એમ કહેતા પાછળ એવું સમજી શકાય કે બાળકીનું નામ કોકિલા હોય અથવા એના ગીતોમાં કે કંઠમાં કોયલનું માધુર્ય હોય માટે જ દિવ્યભૂમિમાં સ્થાન કરાવવા તું અહીંથી ઉડી જા છોડજે વિષાદને ઘેરતી વારતાઓ કરીબંધ્ય વાસ્તવિક લાગે છે તે પણ 'એક બાળકીના મરણ વિશે' ના વિશેષતા છે.

'' એ ઉપકાર ઓ કોકિલા, કેમ વીસરે આ પાર ?
એવ સ્મરી નવ ઢાળું હું, ઝીલ્યાં અંશુ બે ચાર ''

કવિ શોકના, સ્થાયીભાવ તરીકે સ્મૃતિને લઈ હૃદય કુંજમાં કોકિલગાનનો સુમેળ સાધે છે તે રુચિકર લાગે છે. વત્સલમાંથી વિરહ, વિરહમાંથી વિષાદ વિષાદ-વિલાપમાંથી શોક, શોકમાંથી કરુણ અને સમાધાન ક્રમવાર વહે છે. ઘણા કાવ્યોમાં સ્મૃતિમાંથી શોક ઉદ્ભવતો બતાવવામાં આવે છે. જ્યારે અહીં શોક આંસુ અને તેના આશ્વાસનના ઉપાય તરીકે સમાધાનના સ્થાને સ્મરણને કવિ મૂકે છે. આમ કવિ વાત્સલ્યમાંથી શોક તથા કરુણને સુંદર રીતે નિરૂપાવે છે બાળકીની આત્મીયતાના આલેખનમાં વાત્સલ્ય જોવા મળે છે માટે કાવ્યમાં વિચાર કરતાં ભાવ અને હૃદયની લાગણી છવાતી રહે છે. વાત્સલ્ય હોવા છતાં, શોક, કરુંત, બાલસહજ તેની સાથે જાવાની ભાવુકતા, અફસોસ, વિલાપના તત્વો કાવ્યને શોકાંજલિ બનાવે છે. વિલાપનું પણ કાવ્યમાં આગવું સ્થાન છે. બાળકીના મૃત્યુ નિમિત્તે પૂછાયેલા પ્રશ્નો લાગણીસભર દર્શાવ્યા છે. એમાંથી કવિનો માનસિક પરિતાપ મળે છે. કવિ કહે છે તને વારંવાર તારી ભૂમિ સાંભરી કે શું ? જીવનના ઉપવનમાંથી ચાટલી ઝટ કેમ ઉડી ગઈ અમે બુદ્ધિવાળા તારો ચમત્કાર શું જાણીયે ? લોકો તો જીવશે પણ હું તારા સ્મરણો વિના નહીં જીવી શકું. દિવ્ય-ભૂમિનો ગીતો દ્વારા કરાવેલો પરિચય- તારો ઉપકાર છે. એને યાદ

kalpana's

કહું છું ચિંતન-મિશ્રિત વિલાપ કવિતામાં વિષાદમય બની જાય છે. મૃત્યુ સમક્ષનું હાસ્ય જોઈ કવિ કલ્પના કરી મનનું સમાધાન મેળવે છે કે સ્વર્ગના ગાનથી તને તારા ગીતો યાદ આવ્યા હશે અને હવે તું તારા સ્થળે, તારા વાસમાં પાછી જઈ રહી છે તેનો આનંદ તારા ચહેરા પરના સ્મિતમાં દેખાય છે.

૫૨. 'અમર ભૂમિને આંગણે, દિવ્ય ગાન ગવાય
સુણીને તે તુજ મુખ પરે, મીઠું સ્મિત હસેરાય'

ભાવ- રસ- સ્મૃતિ- આત્મીયતા - ચિંતન - સમાધાન જેવા વિવિધ કલા-તત્વો અહીં સુંદર રીતે સમન્વય પામ્યાં છે માટે એક સારી શોકાંજલિ બને છે કવિ ભાવને વહન કરાવે તેનો લય પણ પંક્તિમાં જળવાય તેમ શબ્દ અને પંક્તિ-રચના ગોઠવે છે જ્યારે મિત્ર-પત્નીના અવસાન નિમિત્તે લખેલી કૃતિમાં લય વિશે પણ વિચારવા જેવું લાગે લયની દૃષ્ટિએ બે 'ગરબો' તો મધ્ય - કાલિન રૂપ છે . તે પસંદ કરી તેમાં 'રેખતો' વાપરે છે. રેખતો' એટલે કવિતામાં વપરાતી ઉર્દૂ ભાષા પણ કવિ માત્ર 'રેખતા'નો પણ લય જ લે છે અને તેમાં શબ્દો, ઉર્દૂભાષાના યુક્તને બદલે ગુજરાતીના મૂકે છે. - નર્મદ-શંકરે આ શબ્દ વાપર્યા હતો તે પરથી કવિ આ શબ્દ વાપરે છે. જેનું માપ તો ગઝલ જેવું હોય છે. કવિ 'રેખતા'નો મેળ બેસાડે તો પણ મધ્ય-કાલિન 'ગરબો', મૃત્યુનો મર્મ પ્રસંગ, દિવ્ય દૃશ્ય, રેખતાનો લય અને તેમાંય ગુજરાતી શબ્દો થી કૃત્રિમતા - બેડોળ કલેવર સર્જાય છે. કાવ્ય માટે આ યથાર્થ બનતું નથી પ્રયોગ કાવ્યને હાની પહોંચાડે છે કાવ્યમાં અનેક ઊતપો વનથિ છે પણ 'એક બાળકીના મરણ વિશે' માં કલાતત્વોનો શ્રેષ્ઠ સમન્વય સધાયો લાગે છે.

ગાંધીવાદી વિચારસરણી ધરાવતા વ્યક્તિ વિશેષોમાં સુંદરજી 'સ્વ. મોહનલાલ રંગ્યાને' કાવ્ય લખે છે પણ આત્મીયતાને બળવે અને ગુણાનુવાદને કારણે ગદ્યોભાવયુકત માનાંજલિ કે નિવાણાંજલિ બને છે પંક્તિઓમાં

kalpana's

તેમના સ્વભાવ અને શબ્દ ચિત્ર જ દેખાય છે. જુવાનોને શરમાવે તેવો જુસ્સો, કર્મયોગી જેવું જીવન તેમના મુખ્ય અંશો છે.

૫૩.''વૃધ્ધ તો યૌવન ઝપટે પામતી, જુવાની મેં ખીલી રહી ખુમારીથી
વૃધ્ધાવસ્થા જ્યારે પણ તન ધરતું તું જુવાની છટાને
જુવાનીને ત્યાગ મહીં ટપી જતો
આત્માની સંપત્તો મોંઘી, ભૂમિને ચરણે ધરી
જામતી ઝર્ં ગાઢેરી, વિચારો ભાવના તણી
હોડમાં ટપવાં જાતાં, શોભતો વૃધ્ધ યે ભલો''
વૃધ્ધની ભાવના જૂની તાજગી પામતા અને
કાંતી ચહેરા ઝૂંર કાર્યરત, કાયા વિરામી લડતી સમાન''
ગાંધીને મેમને દીલે, દીવા કરી દીધી આત્મની ઉગ્ર શક્તિ
જેલોને જેવી તોયે સ્વિયરહતિ, લડતી'તી અમે ચંક્રમે યે
ધન્ય યે દેહની ભસ્મ, ભૂમિને ફળદ્રુપ કરો
આત્માની જેની જ્વાલાઓ, અંધારા દેહવા રહ્યુરો'' છેલ્લી
બે પંક્તિઓ શ્રધ્ધાંજલિનો ભાવ છે.

સ્વ.મોહનલાલ ચૂનક પંડ્યાને' અપાયેલી અંજલિની તુલનામાં '-હાના-લાલને' અપાયેલી અંજલિ ભાવ સભર છે.

૫૪.''નીલ ભૂરા- ધૂમ - ગુંજા
વચ્ચેથી સ્વર્ગની સુરાવલી સહુરાવતું
વિહંગ ગાતું ગાયું કો સરી જતું
કલબ્લે ભરી અજકરમાં, કાળમીંઠ મૌનના
વક્ષ શૈલને ભટકાટ, ભેદીને ઝરી
ગુંજરી નવી સવેદ્ય કાવ્ય માધુરી
. . . . . .

૫૫.''અનિમ-ભાવ ઉંધ ના

kalpana's

૫૫..''અસિમ- ભાવ ઝંખે ના
ચહીં સ્વર્ગ વિભૂતિ મિશે
ઝંખના ગાઈ સ્નેહની સદા વસંતની
મૂકી ગયા શી મ્હેક મ્હેક શ્રી ઋષિ ગાત્મની''

-હાનાલાલની પ્રાકૃતિક ભાવના, આદર્શ, વસંત ગાનના કાવ્ય સત્વોને વણી લઈ - જીવનની કઠોરતા , કૃત્રિમતામાં વસંતના ગીતો, સ્વર્ગની ચુરાવલી એ ગાત્માની મ્હેકને મૂકી જનાર -હાનાલાલને અપાયેલી આ લાઘવ યુક્ત વૈધક સાહિત્યાંજલિ, નિવાણાંજલિ એ શ્રધ્ધાંજલિ છે.

'મુન્શીને' કાવ્યમાંઃ પણ આ પ્રકારનું જ કાવ્ય છે. તેમાં ગુજરાતની અસ્મીતાનો પૌરાણિક સંદર્ભ, મુન્શીની પાત્ર ઘડતરની કલાપ્ર , આદર્શ- સાહિત્ય પ્રકાર તરીકે કનૈયાલાલ મુન્શી, ગુજરાતના ચાહક , પ્રચારક, સંસ્કૃતિના છડીદાર, તરીકે મુન્શીનો પરિચય આપી કેટલીય સંસ્કારમૂર્તિઓમાંના એક એવા 'મુન્શીને' અંજલિ અપાઈ છે એમાં તેમની ભાવના, આદર્શો અને કાર્યોનોજ ઉલ્લેખ છે શોક કે કરૂણ નામક્ષેત્ર સ્થિતિમાં છે તેથી તે શોકાંજલિ કહી શકાય નહીં, આજ કક્ષામાં મૂકી શકાય તેવું કાવ્ય 'કવિ દલપતરામને' એટલાં માટે યાદ આવે છે કે પિતૃતર્પણની ગહનતા, હૃદય ભાવકતા, વૈચારિક માનસિક વ્યાપાર, શોક, વિયોગ, ઉર્મિ, સંવેદના, વેદના, નહીં હોવાથી માત્ર અંજલિ બને છે. એમાં પૂજાલાલ 'મારા સદ્ગત પિતાશ્રીને અંજલિ' જેટલી પણ ભાવાભિવ્યક્તિ નથી. -હાનાલાલની જ બે કૃતિઓ 'પિતૃતર્પણ' અને 'કવિ દલપતરામને' સામ સામેના છેડાની કૃતિઓ બની રહે છે. 'કવિ- દલપતરામને' માં માત્ર અવસ્થા પ્રમાણેના ગુણોનું વર્ણન છે. દૃષ્ટાંત, રૂપક રૂપક છે પણ તેમાંથી કશું ફલિત થતું નથી. એક જ કવિની એક જ હાથે એક જ પાત્ર માટે લખાયેલી આ બે કૃતિઓ જોતા કહી શકાય કે શોકાંજલિને કવિ કરતાં, કવિતા પ્રકાર કરતાં, કાવ્ય સ્વરૂપ અને તેનાં માપદંડો જ તેના કલા સ્વરૂપની પરખ માટે યોગ્ય પ્રમાણ છે.

kalpana's

'દિલાસો' , 'કબર' , 'સ્વ. મટુભાઈને', 'હરિનો હાંલો', 'અકાલ મરણ', 'એક બાળકીને મરણ વિશે', 'અમર પંથ', શાશ્વત જેવી અનેક કૃતિઓમાં પ્રકૃતિ કરતાં બ્રહ્માંડના સનાતન સત્યરૂપ ઊંડા તત્વોનું વિનિયોજન કોઈને કોઈ હેતુએ થયું છે તેમાં કોઈ કવિતામાં તે સુંદર ભાવાભિવ્યક્તિ પામ્યું છે અને કોઈ કવિતામાં તે બિનજરૂરી લાગ્યું છે તેમાં કવિ અને તેની અભિવ્યક્તિના કૌશલ પર ચોક્કસ નિર્દેશ છે 'ગોવર્ધન ભાઈ કૃતિમાં પણ કવિ ચાકાશી કથ્યોની રજાવટ લાવે છે પણ 'અમર પંથમાં ' સ્નેહરશ્મિ વર્ણવે છે કે.....

પદ...ને પોઢ્યો જઈ ગગન નયનાં નીલ દોરે વિતાને'' પણ 'સ્વપ્ન' કવિતામાં ચાકાશી ચાલેખન દ્વારા શોક ભાવે છે. કાવ્યમાં ઘેરી અસર જાવવા માટે કવિએ કૃતિગભ્ય પાસું વિકસાવ્યું છે કે

''.....સ્નેહની શાંત કુંજે

પછ... જાગી ગાનો લલિત મધુરાં પુષ્પ કો બાળ કુંજે
તેની મીઠી લલક લલકે, સુપ્ત સાં તાર જાગ્યા
કુંજે મારે હૃદય સરજ્યા, છંદના છંદ જાગ્યા''

ત્યારપછી ચાકસ્મિક ઘટના દ્વારા ભાવ પલ્ટો લાવી ચાઘાત દ્વારા ખેદ જાગ્યા અને કરુણતા લાવે છે. વિવિધ દૃશ્યોની ગતિશીલતા ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. સ્નેહરશ્મિ 'કબર' ની જડતા દ્વારા શોકગ્રસ્ત સ્થિતિ સ્વસ્થ રીતે ઉતારે છે. અને 'દિલાસા' માં શોકને પ્રતિબિંબિત કરવા પુરાણ જ્ઞાની ચાશ્રય લઈ પોતાની સ્થિતિ પર પ્રકાશ પાડે છે. બન્ને કાવ્યોમાં જુદી જુદી રીતે શોકની અભિવ્યક્તિ થાય છે. પણ બન્નેની લક્ષ્ય પ્રાપ્તિ એક જ છે. બન્ને કૃતિઓમાં મિશ્રિત શોક અને આશ્વાસનનો ત્રિવેણી સંગમ છે બન્ને કાવ્યો બબે સોનેટ હોવાથી અંતિમ કડીમાં પરાકાષ્ઠાનો ભાવ વ્યક્ત કરતા હોય પણ જુદા બંધારણના બન્ને સોનેટોમાંથી નીચે પેટ્રાર્કન સોનેટ છે. 'છેલ્લું દર્શન' શેક્સપિરિયન સોનેટ છે . રા.વિ.પાઠક

kalpana's

દૃષ્ટિગમ્ય ઉપકરણો વડે સૌંદર્ય લક્ષી વિભાવનાને કાવ્યમાં ઉંડારે છે. સ્નેહરશ્મિ કુતિગમ્ય મૌનની વિભાવના વિસ્તારે છે. છેલ્લું દર્શન' માં શાંતિની વિમાયત અને વિક્ષોપ વિનાનું ઘાંઢ સૌંદર્યના ચાદરની ચૂના કવિ ચાપે છે કે.....

૫૮.''ધમાલ ના કરો, જરા ય નહિ નેન ઝીના થશો
નીરવમાં સ્નેહરશ્મિ કહે છે.

૫૯.''કરું શાને ત્યારે રુદન થકી એ ગાન બધું
સખા વ્હાલા હું તો વિશ્વનું બન્યો મૌન બધું''

બેકમાં સૌંદર્ય, અને દર્શનને વિક્ષુબ્ધ નહીં કરીને ચાદર વ્યકત કર્યો છે તો બ્ર બીજામાં મૌનનો મ્હાજો પાળી વિક્ષુબ્ધ, નહીં કરી, શાંતિ બક્ષી છે ચનુભૂતિની બે પળને બન્ને જા અમોલ ઘડી માને છે.

૬૦.''.....ન કરી જીવને આ થવો
સુયોગ, અક્ષુન, સુંદર , સુહાગી મંગલ્યનો''
ઘડી બ ઘડી માટી બે.....કૃતાર્થ થઈશો'' કારણ કે
રહ્યું વિકસતું જ અહીં સુધી સૌંદર્ય તે
કહે અધિક બન્ય મંગળ નથી શું બે સુંદરી ? જ્યારે 'નીરવ'માં સ્નેહરશ્મિ કહે છે.

૬૧.''શું હું કે ઝીલું સુહૃદ, તવ બે મૌન કવિતા
સખા વ્હાલા હું તો વિશ્વનું લાવ્યો મૌન મધુરું
કરું શાને ત્યારે રુદન થકી બે ગાન બધું ?''

બન્ને કાવ્યોમાં શોકના ઉદ્દીપન પછી ભાવશમન ચિંતન અને મંગલમય - વલણના ક્રમની સમાનતા છે. જુદા જુદા ઉપકરણો વડે બે જુદા રૂપોમાં જુદી કક્ષાના માંગલ્ય અર્થાં પરિણામ વ્યકત કર્યાં છે. બન્ને કાવ્યોમાં આત્મીયતા છે. પ્રાસાદગુણ બન્નેમાં છે. ચિંતન અને મનોવૃત્તિનું પ્રાધાન્ય તેમજ મૌલિક ભાવગ્રહનની ચૂત્ર બન્નેમાં નોખી છે. બન્ને કાવ્યોમાં મૃત્યુની

kalpana's

ઘડી શ્રેષ્ઠ માની છે. શોકની ઉદ્વસ્તથી સમ સુધીનો ક્રમ, તાદૃશતા, મંગલ અભિગમ, ઋંજુતાનો આદર, શાંતિની હિમાયત, વિક્ષુબ્ધતાથી બચાવવાનો ભાવ, પાવનકારી પરાકાષ્ઠાની ક્લાત્મકતા સ્વજનની ઉચ્ચકક્ષાની આત્મીયતા, અને અમોલ ઘડીના મૂલ્યની સમાનતા બન્ને કાવ્યોમાં છે. શૈલીની દૃષ્ટિએ બન્ને કાવ્યોમાં સ્વગતોક્તિ છે. સ્નેહ, વત્સલતા, મિત્ર-ભાવ, સખાભાવનું આલેખન બન્નેમાં છે. બન્નેના શીર્ષકો ધ્રુધ્વિગમ્ય ઉપાડ વ્યક્ત કરે છે. કાવ્યના ભાવ અને વિષાયની દૃષ્ટિએ બન્ને કાવ્યોના ભાવ અને વિષાયની દૃષ્ટિએ બન્ને કાવ્યોના શીર્ષક સાર્થક છે. શોકાંજલિ-ઓમાં સુંદર તુલનાત્મક અભ્યાસ આપી શકાય તેવી કાવ્ય જોડીઓમાંની એક આપણા કાવ્ય - જોડી છે જોકે છેલ્લું દર્શન' તો અદીઠ સવારીના પણ કેટલાંક ક્લાત્મક અંશો ધરાવે છે. માટે ઉચ્ચતમતાની દૃષ્ટિએ 'છેલ્લુ દર્શન' મોખરે મૂકાય તેવી સુંદર ક્લાકૃતિ છે. કુલ્લક ભાવત ને જોઈએ તો એકમાં ભિન્નનો વિરહ છે, બીજામાં પત્નીના મરણનો વિષાદ છે. એકમાં ધાર્મિક પરિવેશ માંથી માંગલ્ય ઉઘડે છે. બીજામાં ચિંતનમાંથી માંગલ્ય ઉઘડે છે. પરંતુ બન્ને કાવ્યોની ગતિવિધિ- વિષાય ઉઘાડ - વિષાય વર્ધન પરાકાષ્ઠામાં સમાનતા છે.

કુંદનિકાના પર લખાયેલી શોકાંજલિઓમાં વિવિધ પ્રસંગો અને વાત્સલ્ય-ના સ્મૃતિચિત્રો વત્સલના ભાવ તરીકે આવે છે કવિ તે બદારા શોકને ઘેરો બનાવે છે. યુધ્ધ, શહાદત અને દેશ ભક્તિના કાવ્યોમાં ઉલ્લેખવાળા કાવ્યોમાં ઐતિહાસિક પ્રસંગો, વીરતામાંથી શોકની અભિવ્યક્તિ લાવી વીરરસમાંથી કરુણ રસ બહેલાવે છે. વીરતાની વીરદાવલી દુશ્મનના હાથે, મોઢે કરાવી કાવ્યનાં સદ્ગત વ્યક્તિ વિશેષનું વ્યક્તિત્વ ઉપસાવવામાં આવે છે. દા.ત. 'ધ્રુવાનંદજી' કાવ્યમાં ધ્રુવાનંદના સ્નેહ, સૌંદર્ય, અને શાન્ત સ્વભાવ છતાં બલિદાનની ભાવના પર સૌ કોઈ વારી જાય છે. પૂજાલાલ કવિ લખે છે કે.....

kalpana's

૬૨. 'પૂજા ગાદરથી' 'ધન્ય ?' 'ધન્ય' શબ્દ થ ઉચ્ચાર' એમાં વીરરસની સાથે શ્રધ્ધાનંદનું વ્યક્તિત્વ આચાર્યે શ્રી ઉપસી આવે છે કવિ મુખ્ય ભાવ અને રસની પીઠીકામાં વીર રસ અને મહિમા વર્ણવે છે. પોતાનાજ દુર્બુદ્ધિને હાથે ધર્માત્માને નામે થતી હત્યાના બયાનમાં કપટ વ્યવહાર ઉત્કટ રીતે કરુણ રસ વર્ણવ્યો છે. વીરતા અને શોક, ઉત્સાહ અને નાશા, વિરોધાભાસી લાગે છતાં કવિએ શોક અને કરુણની પ્રાપ્તિ માટે વિરોધાભાસમાંથી ચમત્કારક અભિવ્યક્તિ કેળવી છે. કાવ્યમાં ક્યાંય વેવલાપણું, લાગણીવેડા, રૂપક, દૃષ્ટાંતના ટેકા દેખાતા નથી. માત્ર બયાનમાંથી આપમેળે કરુણ રસ ઉદ્ભવે છે. કવિ પોતે પણ સર્જક ઉપરાંત ભાવક જેવો ભાવમગ્ન દેખાય છે. સહજગત પાત્ર સાથે આત્મીયતા આપમેળે સધાઈ જાય છે. શ્રધ્ધાનંદ માટે આદર્શ વ્યક્તિત્વ ઉપરાંત બલિદાનને કારણે આદર, માન જાગવાથી માનાંજલિનો બને જ છે. પણ શોક અને કરુણનું પ્રાધાન્ય હોવાથી શોકાંજલિ પણ બને છે. નાટ્યાત્મક રજૂઆત સુરેખ, સચોટ પ્રસંગોની ચિત્રાત્મકતા તેમાં પણ એકોક્તિ અને સંવાદની છટા હોવાથી કાવ્ય જીવંત અને ઘટના ગતિશીલ બને છે. કવિની કાબેલિયત એ છે કે ૧૪ પંક્તિના સોનેટમાં એક પ્રસંગમાં બે ઘટના, બે રસ, બે ચિત્રશ્રેણી, અને ક્રિયાશીલતા પૂરી શક્યા છે. 'કલતા દગો'માંથી કવિ કરુણ અને શોક સાધી લે છે. સહાનુભૂતિ પણ તેમાં ડોકાય છે. બયાન ખૂબ જ સચોટ અને ચમત્કારક પુરવાર થાય છે. આમ સમગ્ર અભિવ્યક્તિની દૃષ્ટિએ કાવ્ય નોંધપાત્ર શોકાંજલિ બની રહે છે.

એકજ કાવ્યમાં દૃષ્ટાંતો, અને તુલનાઓનું વૈવિધ્યના ઉદાહરણ તરીકે નોંધપાત્ર કહેવા કરતાં પ્રસંગ કરતાં ભાવનું પ્રાધાન્ય અને તેમાંય વિલાપ, વિરહની મૂંઝારો, ઉત્કટ અભિવ્યક્તિ જેવી વિવિધ સિધ્ધિઓનો સંગમ 'ખિન્ન વાજ સૂરમાં' છે. ચમત્કૃતિમય રીતે કવિ ભાવ વ્યક્ત કરવા માટે 'વા નિમેહ મન બેતર, માળા જપ્યા કરવી, બાપ છે તે કેમ ચહીએ ?' જેવી મુંઝવણ વ્યક્ત કરે છે. કાવ્યમાં ચિંતન નથી પણ વિલાપ, વિરહ, તડપન, મિલનો અભાવ, સચોટ અને વેધક રીતે વણાઈને આવે છે. 'મન બેતર સોશાય' માં

kalpana's

એકલતાનો ભાવ સુંદર ગોઠવાઈને આવે છે. શોક કરતાં પણ કવિ વિલાપ, ક્રંદન, રુદનાભાસ, મૂંઝવણ વગેરા કરુણ રસ સાધી લે છે. શોકાંજલિના ઘણાં ગુણો આ કાવ્યમાં મળી આવે છે.

ચન્દ્રિકાકૃતની દૃષ્ટિએ સ્નેહરશ્મિકૃત 'બાપુ જતાં' , સોનેટ યુગ્મ નોંધપાત્ર છે. એક જ શીર્ષક હેઠળ એક જ પ્રસંગ માટે, એકજ પાત્રના સંદર્ભમાં એક જ કવિએ એક જ ભાવમાં લખેલી આથે મળી આવતી આ બન્ને કૃતિઓના રચનાબંધ-સોનેટનું પણ સામ્ય છે. વિવિધ પ્રકારની સમાનતા હોવાં છતાં બન્ને કાવ્યો પોતાની આગવી ગુણવત્તા ટકાવી રાખે છે. બન્નેમાં સદ્‌ગત વ્યક્તિવિશેષ પૂ. ગાંધીજી છે. અલગ ગુણવત્તા અને પ્રતિભા ધરાવતા હોવા છતાં ખિદલની જેમ બન્ને કાવ્યો એક શીર્ષકના ભાવથી જોડાયેલાં છે. બન્ને કાવ્યોમાં અભાવ અને વિયોગનું જ આલેખન છે. પરંતુ પહેલા કાવ્યમાં 'બાપુ જતાં' દેશ, સમાજ અને પ્રજાની થયેલી કરુણ સ્થિતિનું વર્ણન છે. તેમાં પૂ. ગાંધી હોવાને લીધે અને પછી નહીં હોવાને લીધે ઊભી થયેલી મુશ્કેલીઓ વર્ણવી ગાંધીનો પ્રભાવ સ્થાપિત કર્યો છે. કવિતાના બયાનમાં વચ્ચે લાવ્યા વિના ગાંધીને ત્રી. પુ. એ. વ. તરીકે કાવ્યમાં સદર્ણે લાવી તેમનો પરિચય આપ્યો છે. ગાંધી વિશેની વાતો લોકો અને સમાજ કરે છે કવિ બહુજન હૃદયનો ધબકાર કવિતામાં ઉતારે છે. ગાંધી તેમાં ચર્ચીય રીતે આવતા નથી. પછી બીજા કાવ્યમાં ગાંધીનો કાવ્યમાં પ્રવેશ થાય છે. કવિ અને ગાંધી વચ્ચે સીધો વાતલાપ સધાય છે. અહીં ગાંધી બી. પુ. એ. વ. તરીકે કાવ્યમાં આવે છે. એમ કહી શકાય કે કવિ ગાંધીની કવિતામાં ગાંધી પ્રવેશ કરાવે છે તેથી કાવ્ય નિરૂપણમાંથી સંવાદ શૈલીમાં ફેરવાય છે. પહેલા કાવ્યમાં ગાંધી જવાથી કેવી સ્થિતિ સર્જાશે એની અટકળો પરનો લોકપ્રબકાર કવિતામાં ઝીલે છે પણ બીજા કાવ્યમાં એ સ્થિતિ વિશે ગાંધીજી શું માને છે તે જાણવા ગાંધી સાથેજ સંવાદ રચે છે. બન્ને કાવ્યોમાં ગાંધીનું જ વ્યક્તિત્વ ઉપસાવવા નો ઉપક્રમ છે પણ તેની ચન્દ્રિકાકૃતનું નોખાપણું કલાત્મક ઢબે વિસ્તરે છે બન્ને કવિતાઓમાં ગાંધીના જાહેર જીવનનો અને લોક પ્રતિષ્ઠાનો ગાદર

kalpana's

વ્યક્ત કર્યો છે. આદર્શો બદારા, ગાંધી સ્મૃતિ , મૃત્યુની જોહુકમી, નિરુકારનો ભાવ બન્ને કાવ્યોમાં છે પણ પહેલા કાવ્યમાં પ્રજાની નોંધારી સ્થિતિની ચમત્કૃતિપૂર્ણ ચોટ ઉતરી છે. પૂ. ગાંધીજીનાં જીવનકાર્ય બન્ને કૃતિઓમાં છે. સાગર વીંધીને જ્યારે આવતાં જ આઝાદીને ગ્રહણ નડી જ્યારે બીજા કાવ્યમાં કવિ કહે છે.

કડ..''પડેલાને ઊઠાડી જે, જીવન આપ્યું તમે બાપુ

તમારી દિવ્ય છાયામાં જશે તે ખીલશું બાપુ - માં ગાંધીજીને તર્પણ નો ભાવ છે. જીવન-કાર્યની ઉલ્લેખ પણ છે. રહું હું તે કોને ? પણ ગાંધીના સંદર્ભમાં લખાયેલી કૃતિ છે. બન્નેમાં શોક, વિલાપ અને અફસોસ ઝળોલાવ છે. પણ સ્નેહરશ્મિ જેને 'મ્રદુલબાણ' કહે છે તેને મનસુખલાલ 'ગુણપુરુષ' કહે છે બન્ને કાવ્યોમાં બાપુ ગયા' નો પસ્તાવો છે . છતાં. બન્ને કાવ્યોની રજૂઆત જુદી જુદી છે. સ્થૂળ-જગતના ચોટ ઉપકરણોનું કાવ્યાત્મક વિનિયોજન સ્નેહરશ્મિના 'બાપુ જતા' સોનેટ યુગ્મમાં છે. મનસુખલાલ માનસિક છતાં વાસ્તવિક પશ્ચાતાપને મહત્વ આપે છે. ગાંધીની હત્યાને અઘટિત ઘટના તરીકે બન્ને વખોડી કાઢે છે. બન્નેમાં માનવ સ્વભાવનું દર્શન છે કોઈક વાર તો ગાંધી માટેનો વિલાપ ખૂબ નજીકથી વહેતો હોય એમ લાગે છે.

દા.ત. કઇ..''મ્રદુલ બાણ ક્યાંથી ? ઘરાનો પ્રાણ હણાયો'' (સ્નેહરશ્મિ)

કપ..''અહીં બારે જોયે બળતી ઘરની ચિનગારી'' (મનસુખલાલ બન્ને કાવ્યોમાં આત્મ લક્ષી સંવેદના પરલક્ષી રૂપે વહે છે. બન્ને કાવ્યોમાં અંજલિનો ભાવ ગુંજે છે.

કદ..''નહીં અમે શક્યા મીછી, દેવી પ્રભુ વર તણી મૂર્તિ કરુણા

કઇ..''અમ પ્રતિ તું જુવે છે શે ? ગણજ અમે ચરી રંક

બની બોમ ગાંધી વિનાની ? તૂટી હો ? ઠંડી ઘરાવી ''

ગુજરાતી શોકાંજલિઓમાં અને ગાંધી કાવ્યોમાં ઉમાશંકરના રડો ન મુજ

kalpana's

મૃત્યુને, કે મનુભલાલના આજ નયનો સહીનું કથાન બહે ગ્રહીમ હોય પણ 'બાપુ જતાં' કથયિતવ્યની દૃષ્ટિએ યાદ કરવું ગમે તેવું શોકો મિકાવ્ય છે જુદા જુદા ગાંધી કાવ્યોમાં ગાંધીનો લોક વ્યવહારની પ્રશંસા અને લોકનો ગાંધી સાથેની વ્યવહારની ટીકા વિવિધ દૃષ્ટિકોણ સાથે રજુ થઈ છે.

૬૮. 'મુક્તિના ગમ કષ્ટને મૃત્યુની આપી દક્ષિણા
રે અમે જન્મ-જન્મોનાં, સંચિતો ધૂળ મેળવ્યા (કમરુ સદભાગ્ય)

૬૯. 'અરે ભોળા મારા ગત સમય સંસ્કાર ગરબા
રજોટી નાખ્યો રે, ધવલયશ ધૂળે તુજ અમે
સુધા લે ચાપીને વમન વિષ કેરું કર્યું અમે
અમે તો આરાધ્યું તરણિ વિસરીને તિમિરને
મુખર છાયા ઝાંખી પડી ગઈ અહીં કાલ-નયની (રહ્યું હો તે કોને) શોક અને પશ્ચાતાપ માટે કહે છે કે.....

૭૦. 'અને આજે કેમરી બાપુ, આનંદુ વા રહ્યું કેમરી
હૈયાના કોરતી મર્યો, ક્યા ઘોર કલંકની
રહ્યું છું તે કોને ?.....ઝૂરા કાર્યોને ?
રહ્યું છું જેને ને, જગતને
મુખર છાયા ઝાંખી પડી ગઈ અહીં કાલ-નયની

ગાંધી કાવ્યો કરતાં કવિએ પાઠક સાહેબ સાથે વધુ આત્મીયતા સાધી લાગે છે 'પાઠક સાહેબને' કુતિ વાંચતા લાગે છે કે તેમાં શોકની ઉપસ્થિતિ સવિશેષ છે.

૭૧. 'તથાપિ તમ આ નીરખી પ્રયાણ
આ ને જ આમ ઉરમું ઠરી જાય ધર્યું
.....
જાતાં તમે જાણું ઊડી ગમ છત્ર એક
.....

kalpana's

બજતાં બજતાં તાર આ ચસકયાં
ને રણકાર બની યે મેરી જાલે રચ્યા કરે ''

આ આત્મીયતાનું રહસ્ય સાહિત્યકાર તરીકેની એક બીજાની નીકટતા અને ખિલભાવ છે.

ગઝલના ક્ષેત્રે ઝીણું કથન વણાવતા કલાપીને ગઝલમાંજ આપેલી પતીલની અંજલિ શીર્ષક, વિષાયની રજૂઆત, વ્યક્તિત્વનું આલેખન અને સાહિત્યકાર તરીકે કલાપીના અર્પણની નોંધ આપણું નાનું છતાં સુંદર ગઝલાત્મક શ્રધ્ધાંજલિ પ્રકારનું કાવ્ય બની શકાય કવિ ભાવોચિત શીર્ષક 'કાગળ કી કલમ' આપી કવિતામાં માન નેના સાહિત્ય પર પ્રકાશ ફેંકી લાઘવ પૂર્વક કહે છે કે.....

૭૨''સાયર, ચૂની, સોર શાહ, આ બાદ કલાપી''

'૨૪. નરસિંહરાવને ' રંગી મહેતાની કૃતિ છે. નરસિંહરાવની પ્ર પ્રતિભાનો પરિચય કરાવતાં કવિ કહે છે કે દલપત પાનનવર્ષનો ખેલાડી ભલે હોય પણ નરસિંહરાવ નર્મદ દલપત કરતાં પણ સવિશેષ એ રીતે છે કે નરસિંહ રાવ બાબાશાસ્ત્રી હોવા ઉપરાંત કવિ હતા અને કવિ તરીકે સવિશેષ ચેટલા માટે જાણવા જોઈએ કે બીજા કવિઓ કવનથી છેટા દૂર રહ્યા છે જ્યારે ન.ભો.દિ. ની રગરગમાં કવન વસે છે. જીવનની રગ રગમાં અને કવિતાના પ્રત્યેક પ્રાસમાં એમ કવન ગ્રથિત જાણે જીવન અને કવનનું ખાસ અનુસંધાન બની ગયો ઉર્મિના ઘબકારમાં માત્ર કવનનેજ પ્રજે અનેક પ્રસંગે ભાળીને '' આ વાદળે કવન ગાન વિશે જ જાણે'' ઉક્તિ યથાર્થ ભાસે છે. પ્રકૃતિનું માંસિક દર્શન, માનવતાવાદી વલણ, કવિ તરીકેની પ્રજ્ઞા અને કવન સાથે ઓતપ્રોત થઈ ગયેલા ન. ભો. દિ.ને અંજલિ આપે છે.

નાનાલાલના 'પિતૃતર્પણ' નું પ્રાયશ્ચિત્ત યાદ આવી જાય તેવો ચચોટ પશ્ચાતાપ વિનાકીન ઠાકોરના સોનેટ 'પૂ. પિતાજીને' માં મળી આવે છે બન્ને કવિઓ પ્રાયશ્ચિત્ત અને પશ્ચાતાપમાંથી કવનને સાધે છે. એકરારમાં

kalpana's

પિતાજીને ચાલ્યા ગયા છે તેની પ્રબળ પ્રતીતિ પણ નીચેની પંક્તિઓ કરાવે છે.....

૭૩...'હવે હૃદયના નભે ચહું તોફાન, મેં આ જાણ્યું,
ત્યજે ધરતી ઓટના માળ નિધાર શો નિર્ધ્વંસ
રમે સ્ફટીક નીરમયું સ્વપન, મીન શાં નિર્વંશ
નટે હસ્તિ અંકુરો-ઉદિત કામનાનો જય
પિતા ? પદ ધરી હવે નમે, ક્ષમાશિલો સાધના
ધરો વરદ-મસ્તકે નત, શિલત્વ આરાધના.'

જીવનનાં તોફાનો શમી જતાં પિતાના વાત્સલ્યનો વિચાર ક્ષુબ્ધ ન નહીં કરનારને વારંવાર પસ્તાવો થાય છે. નિર્મળ હૃદય પિતા પ્રત્યે સમર્પણ નતમસ્તકે મેઘરાજ કરે છે. 'ક્ષણ ક્ષણકાર્યા અનાદ્યા.....' કહી બાળ-હાનાલાલ પણ પ્રાયશ્ચિતથી શુધ્ધ થયેલા હૃદયને પંકજોની, હૃદયકમળ પિતાના ચરણોમાં મૂકે છે. ભાવ-રસ - વિચાર વિકાસ અને પ્રાયશ્ચિત્ત મેઘરાજ બન્ને કવિઓના આલેખનના સમાન તત્વો છે 'પિતૃતર્પણ' ને અનુસરે તેવી એક સુંદર શોકાંજલિ 'પૂ. પિતાજીને' છે.

માતાને અપાયેલી અંજલિઓમાં 'વાત્સલ્યની વાત્સલ્યા' જેવી કૃતિના જેવી આલેખન રીતિ ધરાવતા 'પૂ. બા ને' કાવ્ય-ની વિશેષતા એ છે કે વિવિધ નદીઓનાં ઉત્તમ ગુણોનો ભંડાર તે જનની-માતા છે. પરંપરાગત ઉપમાઓ લાગે છતાં એ નોંધવું પડશે કે કૌશલ્યની દૃષ્ટિએ કાવ્યનું પોત ઘટ્ટ નવીન ભાત પાડે તેવું છે. કવિની માર્મિક આલેખન શક્તિનું તે સ્મરણ કરાવે છે જુઓ પંક્તિઓ.

૭૪...'ગંગે પાવિત્ર્યની ગયા, ચિર જેમાં ઝીલે
માધુર્ય અને માયાની યમુનાને ટળે
ભાદાર્થ રૂપી સરસ્વતી, ગુપ્ત રીતમાં.....'

શોકાંજલિ કવિતાના વર્ણમાં એક જોવો પણ સમૂહ થાય છે કે તે કવિતામાં

kalpana's

અંજલિનું માધ્યમ તુલના જ હોય પિનાકીન, પ્રજારામ, સુરેશ દલાલ, ભવરદાર જેવા કવિઓ કાન્તના ગ્રંથો કાવ્યની વિભાવનાઓ અને કાવ્ય-સંગ્રહોને ચૂંથી તેમાંથી નવો અર્થસંદર્ભ ઉભો કરી અંજલિ આપે છે તેમાં ગુણાકુવાદની નવકે તુલનાઓ પણ જોવા મળે છે. 'વીર જતીન્દ્રના શ્રંબારણા' માં મેઘાણી પણ તુલના આપે છે. આંધી-કાવ્યોમાં પણ કાવ્ય નિરૂપણમાં તુલના એક મહત્વનું માધ્યમ બની આવે છે. એટલે એમ તારવી શકાય કે પૌરાણિક, સાહિત્યિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક તુલના પાછળ સદ્ગત વ્યક્તિ-વિશેષની વ્યક્તિત્વની પ્રતિભાનો પરિચય આપવા શોકની અભિવ્યક્તિ નું પ્રયોજન છે તે ઘણા કવિઓ હાંસલ પણ કરે છે. કહેવું દર્શના માં પણ ધાર્મિક સંજ્ઞાવિધિના રૂપકમાં પુનઃકથન કરીએ તો તુલનામાંથી જ કહેવું દર્શના વિશેષ સંદર્ભ અને અર્થ પામે છે.

મૃત્યુના માંગલ્યનો નવો સંદર્ભ ખ.ક.ઠા. પ્રકારના મુક્તકમાં આપે છે કે પત્ની મનુજ યોનિથી ઉન્નતિ પામી રહી છે ત્યારે આપણાથી છેવે જનાર હોવાથી તેને પુણ્યપ્રભાવ આપવો ઘટે તે સમયે શોક વ્યકત કરવામાં અનાદર લાગે અને એમાંથી આપણું સ્વાર્થપણું અને વદેવા જ સિધ્ધ થઈ ઉઘાડો પડે એ પણ અયોગ્ય છે. માટે કવિ આંસોને પૂણ ચિંતન કરી કહે છે હે આંસો આત્માની ઉન્નતિના આ કલ્યને ગૌરવ આપવા નેમ નીહાળો, કલ્યાણ પ્રાર્થના કરો, રડો નહી, રડીને આ ઉન્નતિગમનને અંધિપ ના લગાડો, પાવનતાને લૂછો નહીં...

૭૫... પ્રિયે, મનુજ-યોનિથી ચડિ, ઉદાર દેવી બન્યાં
નમોસ્તુ લલમને – મરે નયન રોતું રોતું છાંડો જરા...

૨૫. વિ. પાઠકની પંક્તિનું સ્મરણ થાય છે કે.....

૭૬... કુતાર્થ થઈ લો, કવિ નહીં મળે જ સૌંદર્ય આ
ઘડા જગત જે વડે હસતું, હસવું માંગલ્ય લો
ઘડી – ૫ – ઘડી જે મળી, નયનવારિ રોળો જરા...

kalpana's

બ. ક. ઠા. કહે છે.

૭૭. "પ્રભો, શમન કરાઈ જન્મ, ઉર- શોક તોફાનને
કરુ સ્વજનની ઉજાગર, શોક ચારાત્રિકા" જેમાં મૃત્યુનો ઉંડાણભાવ છે.

આમ તો તુલનામાં પણ વૈવિધ્ય ઘણું મળે છે. સદ્ગત પાત્રના સંદર્ભમાં નામ, સ્વભાવ, કાર્ય, દેખાવ, સિધ્ધિ, વિશેષતા, ગુણવાન વગેરે જેવાં અનેક પાસાંનું તુલનામાં વૈવિધ્ય છે. આપણે જોયું તેમ મૃત્યુના સાંકલ્પના આલેખનમાં પણ કેટલા વિવિધ દૃષ્ટિકોણનું વૈવિધ્ય છે જ કવિ સમાન તત્વોની તુલનાયોજી પોતાના અભિપ્રાય, સંવેદના કેન્દ્રીકરણ અને ચોક્કસતાને બળો અભિવ્યક્તિને અસરકારક બનાવવા પ્રયત્ન કરે છે. વ્યક્તિ પ્રતિમા ઉપલાવતી તુલનાનું વૈવિધ્ય આપણે ગાંધી કાવ્યોમાં, સદ્ગત સ્વજનના મૃત્યુ નિમિત્તે વિવિધ શોકાંજલિઓમાં જોયું આ સમરૂપાત્મક વ્યક્તિપ્રતિમાની તુલનામાં પણ કેક નવા મર્મનું ઉદ્ઘાટન જોવા મળે છે. વીરુ પરિખ 'ઉઘાડ' કાવ્ય સંગ્રહમાં 'ક્યાં છે પ્રહ્લાદ' કૃતિમાં પૌરાણિક પાત્ર પ્રહ્લાદ સાથે સંઘર્ષની કેટલી સમાનતાઓ શોધી પ્રહ્લાદ પાત્રને માટે લઈ છે.

૭૮. અર્ધનિદ્રિત ઉષા ખિસકોલી
કેકારવોને ઝીલવા માટે
ઉંડી બીલમાં મૂક્ષ્ય શબ્દોનક હાથ
તત્પરતો છે પણ
ક્યાં છે પ્રહ્લાદ
ક્યાં છે પ્રહ્લાદ
ક્યાં છે ?"

કવિ પૌરાણિક સંદર્ભમાં સદ્ગત પ્રહ્લાદ પાત્રના સંદર્ભમાં માર્મિક રીતે નવો સાક્ષાત્કારિક સન્દર્ભ પૂરે છે. પ્રહ્લાદને ઝીલવા જેમ ભગવાન પ્રત્યક્ષ થયા હતાં અહીં પણ મૂક્ષ્ય બીલમાં બે હાથ ઝીલવા તત્પર છે પણ ત્યાં

kalpana's

પ્રહ્લાદ પર્વત પરથી પડ્યો હતો ત્યારે અર્જુનિકના ઉંચા શિખરેથી પ્રહ્લાદ અદૃશ્ય થઈ ગયો છે પ્રહ્લાદ ક્યાં ક્યાં છે ? કવિ કુલિશત પ્રભ પાત્રના વ્યક્તિત્વના વિવિધ અંશો વ્યંજિત કરવા માટે પૌરાણિક પાત્રનો સંદર્ભ યોજે છે. ક્યારેક આ પ્રયુક્તિ સમર્થક તો ક્યારેક અસમર્થક નીવડે છે. જેથી આ પ્રયુક્તિ પુરાકલ્પનની કોટીએ સંપૂર્ણપણે પહોંચતી નથી કવિ મૌલિક અન્વય અને પ્રયુક્તિ ગજાવે છે પણ તેમાં ધારી સફળતા મળતી નથી.

આવોજ પૌરાણિક સંદર્ભ મેવાડી વીર જતીન્દ્રના 'સંભારણા' માં યોજે છે. જતીન્દ્રની વીરતા વ્યક્ત કરવા માટે કવિએ , દધીચિ, મોર-ધ્વજ, અને બીજાનો ઉલ્લેખ કરી કહે છે કે મોર ધ્વજે ટેક ખાતર કરવત મૂકાવ્યું, દધીચિએ શસ્ત્રો માટે પોતાના હાડકાં આપ્યાં અને બીજાએ બાણશૈયા સ્વીકારી પણ પોતે પ્રતિજ્ઞામાંથી ચલિત ના થયા. તે રીતે જતીન્દ્ર પણ ટેક ખાતર બલિદાન આપી વીરતા દીપાવે છે. ટેક કરતાં વધારે પ્રાણોના ત્યાગથી પણ ચડિયાતો ત્યાગ, શહાદત જતીન્દ્રની છે. કવિ નિરૂપણમાં વ્યતિરેકની યુક્તિ ગજાવે છે. વીર જતીન્દ્રની વીરતા બતાવવા માટે ગજોડ છે કે (પોતાની ટેક સાચવવા માટે) દુશ્મનો સામે ટકી રહેવા તલવારોની પણવાજીની વીરતા કરતાં બેઉ હાથે ટેકને વળગી રહેવું અને માત્ર ચલન શક્તિથી જ સામનો કરવાના શસ્ત્ર તરીકે પાસે હોય તેની વીરતા પણ વીરલ છે. મૃત્યુ સામની ગર્જના મૃત્યુ સમયે ચહેરા પર તરવરતી હતી તે પણ વીરતાનું ઉત્તમ લક્ષણ છે. કવિ વીરતાના ભાવ બૃહદ્ વહ્નિત વ્યક્તિની મહિમા ગાય છે. રણ સંગ્રામના દૃશ્યથી વીરતા અને જતીન્દ્રની શહાદતથી તેની વીરતાની તુલના કવિ યોજે છે. તેમાં અનેક દૃષ્ટાંતો આપી તેમાં વર્ણવાયેલી વીરતા બૃહદ્ જતીન્દ્રની વીરતા સ્થાપિત કરી છે. કવિએ ચિત્રાંકિત કરેલું પાત્રાલેખન ગદ્યપદ્ય છતાં પ્રભાવક લાગે છે. પ્રતિજ્ઞાપાલક ક્ષત્રિય, વરદાન કરનાર દધીચિ અને મોર ધ્વજનો ઉલ્લેખ કવિએ આપતાં કહ્યું છે કે.....

kalpana's

૭૯. "બાણ પથારી ભિષ્મની, દધી ઋિાં વપુદાન
મોર ધ્વજે કરવત મૂક્યા એ ઇતિહાસી ગાન
જીર્ણ ઇતિહાસના ગાન વૈવિસરીયાં
જૂઠી ભાવનાનાં થરો થર થયાં
નવેલાં શૌર્ય- આદર્શ તે સ્થાપીયાં
સમર્પણનાં નવા મૂલ્ય તે આંકિયા"

ગુરુના સ્નેહાદર માટે સ્વજનો નડાગાઃ બનતાં દધી ઋિષે પોતાનાં હાડકાં આપ્યા ટેક ખાતર મોર ધ્વજે કરવત મૂકાવ્યું ભીષ્મે બાણ શૈયા સેવી પણ જતી-દે દેશ માટે જેલ ભોગવી, જ્યારે ચોદે સ્વાર્થચિન્તે ચાલતા રહીને ભાવીજનો માટે કલ્યાણની ભાવના બહારી અંતરીક્ષ થઈ વેદના વેઠી બલિદાન આપી વીરતાનાં નવા મૂલ્યો, આદર્શ સ્થાપ્યાં છે. કવિઓ પોતાના મર્મને સ્પષ્ટીકરણ માટે તુલના કે દૃષ્ટાંતો યોજે છે પણ્યેક જ દૃષ્ટાંત કે એક જ વર્ણનું દૃષ્ટાંત હોવા છતાં તેમાં અભિગમ જુદો હોઈ શકે છે. દા.ત. ન.ભો.દિ. ઋિષિ ગોતમીનું ઉદાહરણ આપે છે તે પુરાણોક્ત છે પણ તે મૃત્યુની અટલતા માટે છે અહીં વીર જતીન્દ્રની ટીકની અડગતા માટે કવિ બીજા ચાર ઉદાહરણો આપે છે. ત્યાં પરિસ્થિતિની અડગતા છે અહીં પાત્રની અડગતા પુરસ્કાર થાય છે. એજ રિષિ ગોતમીના દૃષ્ટાંતનો ઉલ્લેખ સ્નેહરશ્મિ પણ કરે છે. એક જ દૃષ્ટાંત કે તુલનાના વિનિયોજનામાં કાવ્યગત અભિગમની વિવિધતા જોવા મળે છે. ત્યારે સ્પષ્ટ થાય છે કે ઉદાહરણ કે તુલનાનો વિષય કરતાં તેનાં વિનિયોજનની પાછળ કાવ્યની અભિવ્યક્તિની આવશ્યકતામાં મોટો આધાર બની જાય છે. માટે દૃષ્ટાંત કરતાં કે તુલના કરતાં, ઉપકરણ કે પ્રયુક્તિ કરતાં તેમાંથી તારવેલુ સત્ય અને કવિએ અપનાવેલો અભિગમનોજ મહત્વનો ફાળો છે. તેમાં કવિશ્રી મહત્વની વાત બને છે તેથી પણ સ્પષ્ટ થાય છે કે શોકાંજલિમાં અભિવ્યક્તિનો અહીં Art of Presentation થી રહે છે. અર્થાત્ શોકાંજલિ Art of presentation સ્વરૂપ Form ની મહત્તા પુરસ્કાર કરે છે. વિષય તો કંઈ સામાન્ય હોઈ શકે બધી જ

kalpana's

શોકાંજલિમાં પ્રસંગતો મૃત્યુનો- સામાન્યતા છે પણ તેની xxx કલાત્મક રજુઆત તેની ઉચ્ચતા પુરવાર કરે છે માટે કહી શકાય કે શોકાંજલિ સ્વરૂપ મૂલક કાવ્યપ્રકાર છે વિષય મૂલક નહીં.

૮૦. "પ્રભાતે મિત્રની પાસે, ક્રિયા ગોતમીની કથા
તોલો રજાઈ તણી ખાલે જો , વધુની ન ઘરી વ્યથા
ન જાણ્યું જે ટાણે દૂત, મૃત્યુનો દૂર દેશથી
આવેલો માહરું બ્દાર, ઠોકતો ગુપ્ત વેશથી"

મિત્રને મૃત્યુ પ્રસંગે આશ્વાસન આપી ઘેર જતાં પત્ની પૂર્વજિંદગીના મૃત્યુથી 'ક્રિયા ગોતમી' ના ન.પો.દિ. શોકાંજલ દૃષ્ટાંતમાં આશ્વાસનમાંથી ઘેરો કરુણ સર્જે છે. પણ સ્નેહ રશ્મિમાં મિત્ર કાપડિયાના મૃત્યુમાં આશ્વાસનનો હેતુ રહે છે. દૃષ્ટાંત કેવી રીતે કવિ કયા સંદર્ભમાં પ્રયોજે છે તેના પર તેના દૃષ્ટિકોણનો આધાર રહે છે.

પૌરાણિક દૃષ્ટાંત અને કથ્યાંત કથાનો, પાત્રો અને પ્રસંગો કવિ તુલનાના ઉપયોગમાં અભિવ્યક્તિની અસરકારતા માટે પ્રયત્ન કરે છે પૂ.બાપા જતાં' માં શિવશિલ્પકૃતિનું ચિંતન, ફુલ પધરાવવાની વિધિ, હિન્દુધર્મની મરણોત્તર ક્રિયાઓ, વિભૂતિ-અભૂતિ, શાં કરી છટામાં પણ પુરાણોક્ત દૃષ્ટાંત- પ્રયુક્તિઓ છે. ૮૧. "સંસ્કૃત સાહિત્ય કૃતિઓનાં પરિશિલન સંસ્કારે ઉમાશંકરની કવિતામાં પૌરાણિક કથાંશ સૌંદર્યો ઘણા આવે છે પરંતુ એ કથા - સંદર્ભોનું એમની કવિતાના રચનાસંવિધાનમાં પુરાકલ્પન (myth) તરીકે પ્રયોજન કેટલું અને કેવું કાર્ય - function છે તે તપાસવું જોઈએ." એની પ્રબળ ઉત્કંઠા પૂ. બાપા જતાં' ના સોનેટ શુચ્છના અભ્યાસ માટે પ્રેરે છે સમગ્રતઃ અભ્યાસ પરથી કહી શકાય કે પુરાકલ્પનનો આશય વેધક અભિવ્યક્તિ અને અસરકારતા કવિ પ્રતિભા પર હોય છે.

અંજલિકાવ્યોમાં તુલનાઓનું વૈવિધ્ય જોવા મળે છે વિવિધ કાવ્યોમાં તુલનાઓના પ્રયોજનના વૈવિધ્યમાં ખાસ કરીને અર્થ , સંદર્ભ અને અસરકારની દૃષ્ટિએ પ્રસંગ, ભાવ, કથ્ય, શોક, સ્વ, પાત્ર, નિરૂપણમાં નોખાપણું દેખાય

kalpana's

છે તેમ કેટલાંક કાવ્યો તપાસતાં ઉપર્યુક્ત પાસાંઓના તુલનાના આલેખનમાં કેટલીક સમાનતાઓ પણ જોવા મળે છે.

કોઈપણ કૃતિ તેમાં સંકળાયેલા અને નિરૂપાયેલાં વિભાવ, અનુભાવ, સંચારીભાવના વિનિયોગના પ્રભાવે રસાસ્વાદ બને, તે રીતે શોકાંજલિમાં શોકના ભાવને ઉદ્દીપ્ત કરનારી ચર્યાથી સંચારી ભાવો, અનુભાવો, સ્મરણ કથ્યો, વિચારો, પ્રસંગો, રૂપક, કથ્ય, અને ઉપકરણોના રસાત્મક સંયોજનથી શોક અને કરૂણની પ્રાપ્તિ થાય , એમાં પણ સંયોજન- વિનિયોજનની કવિકૃત રચાતી કલાત્મકતા અને તેમાંથી તૈયાર થતી રસપ્રક્રિયાની રસનિષ્પત્તિ માટે ખૂબ મોટો આધાર છે. દા.ત. 'શાશ્વત' માં તુકા પછીનું આશ્વાસન પ્રતીતિકર, ભાવવહ અને ક્રાન્ત્યક લાગે છે. જ્યારે 'મૃકાલમરણ' માં મિત્ર પત્નીને ગરબે રમી જીવનના નિરૂપણમાં ક્રાન્ત્યકતા રચાતી નથી એટલે પણ સિધ્ધ થાય છે કે રસ નિષ્પત્તિની સફળતા- નિષ્ફળતાનો આધાર તેમાં થતી રસ પ્રક્રિયા અને રચાતી કલાત્મકતા પર જ છે. બન્ને કવિઓએ જંજલિ નિમિત્તે જાડાણી તત્વોનું વિનિયોજન કર્યું છે. પણ 'અકાલ મરણ' માં થયું વિનિયોજન રુચિકર નથી જ્યારે 'શાશ્વત' નું વિનિયોજન રુચિકર, સ્વભાવિક , પ્રતીતિકર લાગે છે.

ગીત -સંગીત અને સૂરની દુનિયામાં વિકસેલી પ્રતિભાઓમાં મોખરે નામ ધરાવતી વ્યક્તિઓ જે સુંદરમ્, બાલમુકુંદ દવે, ઉમાશંકર જોશી એ ખબરદારે વિવિધ કાવ્યોમાં જંજલિ આપી છે. જંજલિ માટેના વિષયનિરૂપણનું વિષયવસ્તુ સામ્ય પ્રગટ કરાવે છે સંગીત ક્ષેત્રે પડેલી ખોટ અને તેમની સેવાઓ તેમની પ્રતિભાનું આલેખન કાવ્યમાં છે છતાં કાવ્યે કાવ્યે વિવિધતા જોવા મળે છે બધા જ કવિઓની કવિતાના આલેખનમાં ઉલ્લેખ -સંગીત ક્ષેત્રે પ્રદાન અને પ્રતિભા - જંજલિ અને શોક અભિવ્યક્તિનો ઉપક્રમ છે. વિવિધતા આલેખનમાં છે. દા.ત. પંડિત પરે તેમજ દત્તાત્રય પાઠકને અપાયેલી જંજલિમાં તેમની પ્રતિભાના આલેખન પછી ઈશ્વરના દરબારમાં પણ ત્યારે સંગીતની ચૂરાવલી

kalpana's

છેડવામાં જ તેમજ ઈશ્વર પાસે સેવામાં રહેવાની નિશ્ચિંતી (નિશ્ચંતી) નો ભાવ વ્યક્ત કર્યો છે જીવનનો તાર તૂટતાં તંબૂર શાંત થઈ ગયાનો વિષાદ મોટા ભાગે બધા કવિ યોજી કવિતામાં સામ્ય ધરાવે છે. ઉમાશંકર કહે છે ''રહ્યા તંબૂર રે ગજ કરતી ગંગૂલિ ગઈ'' માં જગત છોડવાની વાતનો ઉલ્લેખ છે.

શોકાંજલિમાં થયેલી શ્રંજલિ પરથી અને આલેખન પરથી એમ જરૂર કહી શકાય કે બધાં જ સદ્ગત વ્યક્તિ વિશેષો એક યા બીજા કારણસર વિવિધ ક્ષેત્રોમાં વિશેષ પ્રતિભા ધરાવે છે. આદર્શનેતા, સાર્થ, સાધુ, વીર, માતા, પિતા, મિત્ર, માનવ, કે સંગીતકાર છે. પણ દરેકની પ્રતિભા-નો વિકાસ જુદા જુદા ઉપકરણો અને પ્રયુક્તિઓથી થયેલો જોતાં નવલે રૂપે નરસિંહ મુંગતો દેખાય છે. આ વૈવિધ્ય પરથી એક સામાનતા તારવી શકાય એમ છે કે અન્ય બહુજન કરતાં સમાજ પર તેમની આદર્શ વ્યક્તિવિશેષ છાપ છે. અને તેથી તેમાંથી જે તે ક્ષેત્રની વિશેષ પ્રતિભાનો ઉપક્રમ કે માપદંડ આપણે મેળવી શકીયે છીયે. દા.ત. 'વીર જતીન્દ્રના શ્રંજારણા'ને આધારે વીરતાના લક્ષણો, ગાંધી-એક શ્રંજલિ -વિશ્વ સંતની વિદાયને આધારે આદર્શ માનવી, સાધુ, ગાંધી કાવ્યોને આધારે આદર્શ નેતા, 'સ્વ. મહાદેવભાઈ ' ના ''ચાલ્યા આત્માને'' કાવ્યમાંથી આદર્શ વ્યક્તિત્વના ગુણોનો ચપ્યાસ મળે છે.

'થંભો હવે નિષ્ફળ ગતુ મારાં', 'સ્વ. મહાદેવભાઈ ' , અને 'ઓ ગાંધી શ્રંત્રુજાણ ' કાવ્યો તત્કાલિન દર્શનને આધારે સમસ્યા અને ચિંતાજનક વાતાવરણમાંથી પ્રજા પાર પડીને તેના શિખરે યશ પતાકા ફરકાવવાનું અને વિવિધ હાંસલ કરવાનું શિખવતી કવિતાઓ છે જેમાં આ વિચારતંતુ સામ્ય ધરાવે છે. કાવ્યોમાં આપતી ચિત્રશ્રેણી અને હકારાત્મક પ્રસ્થી રચાતી પ્રભાવકતા અને વેધકતા સુંદર લાગે છે. કાવ્યોમાં દરેક કડીમાં વણવેલ ચિંતનનો રંગ કાવ્યના સદ્ગત વ્યક્તિ વિશેષના શ્રંદર્ભની સવિશેષ રંગ પડે છે.

kalpana's

સ્નેહરશ્મિ અને ન. ભો. દિ. આકાશી સૌંદર્ય અને પ્રાકૃતિક દૃશ્યો બહારા ભાવાભિવ્યક્તિ કરે છે તેમાં ઈન્દ્રીય વ્યાપાર, સજીવારોપણ અને વ્યતિરેકનું આલેખન કરી સ્નેહરશ્મિનો રચનાબંધ ચડિયાતો લાગે છે. કાન્ત વિષાયક કાવ્યોમાં તેમના કાવ્યો, કાવ્યગ્રંથો, કાવ્ય વિભાવનાઓનું કાવ્યાત્મક વિનિયોજન સુરેશ દલાલ, પ્રજારામ રાવળ, બબરદાર વગેરે કરે છે. કાવ્યમાં શબ્દાનુપ્રાસની પ્રાસચાતુરી માટે કાન્તના સમુચ્ચારી શબ્દોનો સંદર્ભ યોજી લય બાંધી ભાવને પકડી રાખે છે. પદરચનાકૌશલ્ય અને સમુચ્ચારી શબ્દોનું મંત્યાક્ષારી તોરણ કાન્તને આપેલી અંજલિઓનું સવિશેષ આકર્ષણ છે. પણ આ બધા ઉલ્લેખોમાં સુરેશ દલાલ કૃત 'સ્મરણ' કાવ્ય નોંધપાત્ર બને છે. પ્રિય જનના સ્મરણને કવિ વ્યાપક સૂક્ષ્મ અને ગહન રીતે વર્ણવે છે. શિશિર, અષાઢ, વર્ષા, વસંતમાં સાન્નિધ્ય સ્મરીને વિવિધ પ્રસંગોના સંદર્ભમાં તેને ચાહે છે. જાણે કે બહાવરી નજર તેજ શોધે છે. કવિ અનુભવે છે કે.....

૮૨. "મ હવે સ્મરણ તારું જીવનને રહ્યું આવરી"

કવિ સ્મરણને બાહ્ય જગતમાંથી સૂક્ષ્મતાના ચલિતના ઉંડાણની સંવેદનાની સફર કરાવે છે. જેમાં પણ શબ્દચૂડ રચનાબંધ, દૃશ્યાવલીઓ મોટો ભાગ ભજવી જાય છે.

કાન્ત, ગાંધી અને નર્મદ અનેક કવિઓના વિષાય બન્યાં છે. નર્મદના પ્રેમ, શૌર્ય, વીરતા, રસિક ટેકીપણું, 'જોસ્સા' ના ઉલ્લેખ ઘણા કાવ્યોમાં મળે છે. નર્મદે કરેલી નુર્મદ રેવાની ઐતિહાસિક નોંધ પણ ઘણાં કવિઓએ લીધી છે. નર્મદ વિશેના લગભગ બધા કાવ્યોમાં નિરૂપણનું આ પ્રકારે સામ્ય છે જ નર્મદનો પ્રભાવ વર્ણવતાં કવિ કહે છે. "નર્મદનો દિવ્યોર્વ થતામાં સારે પથ્થર માંયુ" તેની સ્વદેશ પ્રીતિની નોંધ પણ ઘણા કવિઓએ લીધી છે.

"ગમ ગરવી ગુજરાત તણો હો, જય જય સૂર ગણ નમ

kalpana's

"અમ ગરવી ગુજરાત તણો હો, જય જય સૂર ઝનમ
પ્રેમ અને શૌર્ય સૂર બાથી, દીધેલો જોસ્સો' હરદમ
સાહિત્યને ખોળે ઘરી નીજ, શિર શષ્ટિ ઝલાયો ગુર્જરભોમ
કાયાના કટકા થાતાં યે ઘૂમ્યો, વીર બાંધી નવ જોમ
કલમ લઈ છાતી શી ચાંપી, જીવ્યો જીવન કમર
કવર સરસ્વતીને જીવન દેનારો , તુજ સરખો કોઈ જ વીર
પળ પળ દેવા તત્પર શીર."

એક કવિ માટે જુદા જુદા દૃષ્ટાંતોમાંથી અભિવ્યક્તિનું સામ્ય પણ જોવા મળે છે. કાન્તનું 'કલાપીને સંબોધન (સુરતાની વાડીના મીઠા મોરલા) કાવ્યનું કલાપીને માટે પ્રયોજાયેલું રૂપક હૃદયંગમ છે. મૃત્યમાં મગ્ન મોર બીજાને મૃત્યથી આનંદ આપે તેમ કવિતામાં મગ્ન કવિ બધાને કવિતાથી આનંદ આપે મોર રંગોનો રાજા છે, કવિ રાજા છે, રંગદર્શી કવિ છે. મોર સ્વર્ગનું પક્ષી છે. અને સૂરમાં શ્રેષ્ઠ છે. કવિ સૂરસિંહજી સ્વર્ગે ગયા છે માટે સંદર્ભ યોજ્યો છે કે 'સુરતાની વાડીના મીઠા મોરલા' મોર પાસે મોરપીચ્છ તો કવિ પાસે કાવ્યપિચ્છ છે. બન્ને પીંછા રંગબદ્ધ છે. બન્નેથી લોકો ખુશ છે આમ કવિએ આપેલું રૂપક અને તુલના કાવ્યમાં બરાબર સચોટ રીતે આલેખાઈ છે મોર કુદરતી મૃત્યમાં રહે અને કવિ કવિતામાં રહે. પણ પ્રેક્ષક વાચક તો તેમાંથી આનંદ જ લે. બન્નેની લોકચાહના ઉત્તમ છે. કવિએ 'સુરતાની વાડીના મીઠા મોરલા કાવ્યમાં રૂપકના માધ્યમથી સહજ અભિવ્યક્તિ આપી છે. કલાપીની કાવ્ય કલા અને મોરની પીચ્છકલા તેમજ સ્વભાવના સામ્યને સુંદર રીતે તુલનાથી સરખાવ્યું છે. ગુણ, સ્વભાવના સામ્યની અભિવ્યક્તિ માટે પણ રૂપક અને તુલના પ્રયોજાય છે એમ કહી શકાય.

'સુરતાની વાડીના મીઠા મોરલા' ને આધારે એમ પણ અર્થ કરી શકાય કે મોર કેકા કરે તેમ કલાપીના કાવ્યો કલાપીનો કેકારવ' કરતા રહેશે. કલાપીના ગુણો, વિશેષતાઓ, રંગ, રૂપ, કલા આપે સરખાવતાં કહે છે કે.....

kalpana's

૮૫. "કલાપીના મધુર ટેકારવે, વરસ્યો હું રસધાર
સમાજીના રસાનું સંત નીવડશે સુર જીવનભર."

જ્યારે એક જ રૂપક પ્રતિક કે દૃષ્ટાંત એક કરતાં વધારે અને તે પણ એક જ કવિના કાવ્યમાં આવે ત્યારે કોઈ એક કાવ્યને તો પુનરાવર્તન દોષ લાગે જ અને તેનાથી કાવ્યને માનો નવો સન્વય, અને ભાવપદો કંઈક ઘુમાવતા હોઈએ એવું લાગે છે. કાન્તનાં જ બે કાવ્યો 'ગાન વિમાન' અને 'રજાની માંગણી' માં માનસરોવર અને હંસનું રૂપક આત્માના સંદર્ભમાં પ્રયોજાયું છે.

૮૬. "રજા માગે હંસ માનસને, રખી હજાં દેવી" (રજાની માંગણી)
અને

૮૭. "રખી ચે દૂર માનસમાં, અને સપનાં બારે - 'ગાન વિમાન' કાવ્યપંક્તિઓમાં માનસનો હંસ તરીકેનો ઉલ્લેખ એક સરખા અર્થમાં છે વળી બન્ને કાવ્યો પ્રથમ પત્ની નર્મદાના મૃત્યુના વિષાદ પર લખાયાં છે.

કાન્તના મૃત્યુ પર આપાયેલી અંજલિમાં કાન્તની કાવ્યવિભાવના અને કાવ્યોલ્લેખો છે તેનું વિશ્લેષણ કલાત્મક છે. તેમ જ 'સ્વ. કવિ. મેઘાણીને' કાવ્યમાં મેઘાણીના ગ્રંથોલ્લેખોથી શરૂ લેવડાવી કાવ્ય રચનાનો પ્રયત્ન જોવા મળે છે. ગ્રંથમાં વર્ણવાયેલી ભાવનાઓ, વિચારો અને લોક-લાગણીનો પણ તેમાં પડઘો પાડવામાં આવ્યો છે. બે દૃષ્ટિએ એમાં લાઘવ પણ સચવાયું છે.

૮૮. "ઢેઢોળીને ગોરસ રાબ તીરથ
કર્યા ચકામાં રસધાર - છાંટણા"
સોરાષ્ટ્રના ગીત સમુધિ દીપમાં
સચેતના નૂતન તેલ - સિંચ્યા"
દોર્હ્યથને દૈત્ય વિષે કળાયેલી
મહુ બીચો હાથ થકી વીંટાયેલી

kalpana's

સૃષ્ટિ તણી કીંતરી ભાવ-ઝંખના
કરી ધરી પીડિત યુગ્મવંદના
જ્વલંત દીવા ઉર માણસાઈના
બતાવશો ઓ દીપ ગુલ થઈ ગયો
પ્રકાશ સ્થાનો તહું મૂલ દઈ ગયો''

ભાવાંજલિ કેવળની આ રચનામાં મેઘાણીકૃત ચારણની રચનાર', 'યુગ્મવંદના' , જેવા પ્રયોગો બદારા મેઘાણીના ગ્રંથોનો નામોલ્લેખ કરી ખૂબ સ્લેષ અને અર્થભેદ ઉભા કરી જે તે ગ્રંથનું તારતમ્ય તેના ઉલ્લેખ સાથે પંક્તિમાં વણાઈ છે. મેઘાણી, કાન્ત વિશેના કંઈક ઓછા જાણીતા પરીમલના કર્યા છે પ્રહ્લાદ કાવ્યોમાં સ્લેષ ચાતુરીનું ચાતુર્ય છે.

કવિ ચિત્તમાં જાગતા પ્રયોગો જ કાવ્યને નવીનતા અને કલાત્મકતા બક્ષતા હોય છે. કવિ જેમાં જેટલું બુધ્ધિચાતુર્ય ઝબાવે તેટલાં કાવ્યમાં કલાત્મક વળાંકો આવતા હોય છે. બંગાળી ભાષાના રવીન્દ્રનાથના જ કાવ્યોનો ભંગ ગુજ ગુનુવાદમાં લઈ રામનારાયણ પાઠક રવીન્દ્રનાથના સંદર્ભમાં તે કાવ્યબંધને જોડી દઈ અંજલિ આપે છે.

૮૯.''ગમ ગા પરાંત દેશને, જગમાં સ્થાન ન માન હતું'' તે માન હેરવીન્દ્રનાથ- દુનીયામાં તે દેશને અપાવ્યું છે. તેની બંગાળી ભાષામાં ગીતાંજલિમાં રવીન્દ્રનાથે લખેલી પંક્તિ આ પ્રમાણે છે.

૯૦.''હે મોર, દુખિયા દેશ, જાહેર કરે છ અપમાન
અપમાને હલે હલે, તાહાનેર આ બાત સમાન' રા.વિ. પાઠકે કરેલી કલાત્મકતા એ છે કે રવીન્દ્રનાથે લખેલી પંક્તિઓ સંદર્ભ, બદલી તેમની જ પંક્તિથી તેમને અંજલિ આપી છે . એમાં પ્રયોગની નવીનતા છે.

મૂળ બંગાળી કાવ્યમાં અર્થ એવો છે કે'' હે મારા દુખિયારા દેશ, જેનું તેં અપમાન કર્યું છે. તેમને મળેલા અપમાન જેવું જ અપમાન તારે વેઠવું પડશે. મનુષ્યના અધિકારથી તે જેમને વંચિત રાખ્યા છે. જેમને સામા ઉભા

kalpana's

રાખવા છતાં તે બોળામાં સ્થાન દીધું નથી તેમના બદલા જેવું જ અપમાન તારે વેઠવું પડશે. મનુષ્યના સ્વભાવે રોજ રોજ દુઃ રાખીને તે માનવના પ્રાણમાં વસતા ઠાકોરને તિરસ્કાર્યો છે. વિધાતાના રુદ્રરોષથી દુષ્કાળને માંગ્યો જેવી તારે બદલી સાથે વહેંચીને અન્ન પાન જવાં પડશે બદલા જેવું જ અપમાન તારે વેઠવું પડશે.'' આ સચોટ અવતરણનું ઋણ ૨.વિ. પાઠક નગીનદાસ પારેખના સંશોધન પાસેથી સ્વીકારે છે. દુઃખમાં કાવ્યમાં વર્ણવાયેલો ભાવ જુદી ભાષામાં સ્વીકૃતાર્થે પ્રસ્તુત વર્ણવ્યો છે તેજ અર્થ માટે કવિ સંદર્ભ બદલે છે. પ્રેમાનંદની જેમ કથાનો તંતુ પકડી પોતાની મૌલિકતા બદા૨ા આખ્યાનમાં કલાત્મકતા ઉણી કરતા હતાં તેવી રીતે ૨.વિ.પાઠક કાવ્યખંડનો ગાત્ર ગાલાર લઈ તેમાં નવો પરિવેશ ઉભો કરે છે. બોળિયામાં આધુનિક સંદર્ભનો પ્રાણ પૂરી સજીવન કરે છે.

અતિ સંક્ષિપ્તમાં કહી શકાય કે સ્વીકૃતાર્થે દેશના દુર્ભાગ્યને ધ્યાનમાં રાખી કાવ્યલખ્યું હતું પણ ૨.વિ. પાઠક જેવું આલેખન રૂપાંતરિત કરી સ્વીકૃતાર્થના બદલે ગુજરાતી એ કવિતા સાહિત્યની સમૃધ્ધિને પ્રાપ્ત થયેલી દુર્ભાગ્ય સ્થિતિનો સંદર્ભ જોડયો છે. કવિતામાં ભાવની સમાનતામાં સંદર્ભની નવીનતાનો પ્રાણ પૂરે છે. તે સિવાય મૌલિકતા જોવા રહે છે. સમાનતાની ભૂમિકામાંથી ભાગ્યના કૂંડામાં મૌલિકતા જોવા જેવું આ દૃષ્ટાંત છે.

સંજ્ઞા કાવ્યોમાં સંખ્યા બદલાય અન્ય સંજ્ઞા કાવ્યોમાં દીર્ઘ કાવ્યરૂપોને બાદ કરતાં મોટા ભાગના સંજ્ઞા કાવ્યો સોનેટ કાવ્યસ્વરૂપમાં સફળ અને સચોટ અભિવ્યક્તિ પામ્યા છે. પેટ્રાર્કન સોનેટ અને શિક્ષણવાળો તેમજ શેક્સપિરિયન સોનેટ બધાં કવિઓને પસંદ કર્યા છે. ભાવનું વહન, સ્વનિષ્પત્તિ અને સંતતિ ચક્રોમાં પરાકાષ્ઠાની ભાવાભિવ્યક્તિ સાધવામાં કવિઓને ચાવાસ ખોળી બજાવવો પડે છે. બધા કેટલાંક સોનેટ કાવ્યોનો ગુજરાતીમા ગદ્યનાપાન સોનેટ નીવડ્યાં છે. સોનેટ કાવ્ય સ્વરૂપની બેક બીજી પણ સિધ્ધિ છે. વિશાળપટમાં પ્રશ્ન ભાવને ક્રમ બધ્ધ ગુથે પણ વહેલાવી સચોટ

kalpana's

ભાવાભિવ્યક્તિ આપતાં કાવ્યગુચ્છો અને 'સોનેટ ગુચ્છકાવ્યો' આધુનિક ગુજરાતી કવિતાનું ઘરેણું બની ગયા છે. એમાં 'ભણકાર' નાં સોનેટ ગુચ્છ કાવ્યો, ચંદ્રાનન ભિક્ષુ કાંતિભાઈ કારકિયાને સંબોધી રમેશ૨ શુક્લે લખેલાં ગુચ્છકાવ્યો, સ્વતંત્ર સોનેટમાં ૨.વિ. પાઠકનું 'છેલ્લું દર્શન', રાવજી પટેલનું 'ભાઈને' , પ્રહ્લાદ પારેખનું 'વિદાય', ઠાકોરના 'કોકિલ વિલાપ','ચ.ચી. નર્મદા વહે', 'વિરહનાં આંસુ, 'બાલમુકુંદ દવેનું 'જુનું ઘર ખાલી કરતાં' ઉશનસ્નું 'દાદાનીમાને' વગાડી બા - બાબ્યા વગેરે ઉત્તમ વિષાદની અભિવ્યક્તિ આપતાં શોકોર્મિકાવ્યો છે. પૂંબાણા જતાં' ગુચ્છ જોતાં ઉશનસે સોનેટ અને સોનેટ ગુચ્છ તેમજ સોનેટ ગુચ્છકાવ્યોમાં માતબર કામ કર્યું છે. કદાચ માટે જ રમણ સોનીએ સૌથી અભિપ્રાય આપ્યો હશે કે ૬૧. ''સોનેટ અને સોનેટ ગુચ્છ ઉશનસ્ને ખૂબ હાથવગાં છે.'' કવિ પોતે પણ કહે છે કે ૬૨.''રચનાકાલે આવેશ તો ક્યારેક એટલો બધો કે એક શ્વાસે જ સોનેટ જેવું ગુચ્છક પૂરું થઈ જાય અને બીજા શ્વાસે ચોટક crowning couplet સહિત ..... અને આખી કૃતિ જ તેના નિર્માણમાં - સ્થાપના, વળાંક અને અંતિમ ચોટના નિર્માણમાં - દેખાય છે. આછી પાછી રેકૅલિટોન રૂપે..... પછી તો લખિયાની માફક ઉતારી લેવાનું જ બાકી રહે છે. (મારી સર્જન પ્રક્રિયા - મૂલ્યાંકનો- પૃ. ૩૨૦) સોનેટનો ઊર્મિકવિતા અને શોકાંજલિમાં સ્વરૂપના સંદર્ભમાં સવિશેષ નોંધપાત્ર બની રહે છે. સોનેટમાં સકળ અભિવ્યક્તિ જોતાં એવું કહેવાનું મન થાય કે સોનેટ કાવ્યસ્વરૂપે ભાવાભિવ્યક્તિ માટે મોકળો મને ભેટ કરી છે. કારણ કે ભાવ, ગાત્મીયતા , પારદર્શકતા ઉપરાંત કાવ્યનું પોત બધું રૂપે વણાતું આવે છે સમગ્ર કાવ્ય દેહ સુરેખ, સુદૃઢ બની રહે છે.

પ્રત્યેક શોકાંજલિમાં મૃત્યુનો સંદર્ભ, ગાત્મીયતા, મંથન કે ચિંતન પ્રેરે શોક, કરુણ, શાંતિન કે સમાધાનના તત્વોમાંથી બહુધા કાવ્યના ફલેવરમાં વણાયેલાં જોવા મળે છે પરંતુ કવિતાનું અહું જે મુખમાંથી વહે છે તે મૃત્યુના તત્કાલિન ઘા ની વાસ્તવિકતા અને ગાત્મીયતાનું કાવ્યમાં સૌથી મહત્વું સ્થાન

kalpana's

છે. ત્યાંથી જ કવિતા આરંભાય છે. આત્મીયતા જ કવિતાની શક્યતા છે. ત્યાર પછી પ્રસંગ અને ભાવની સચોટ અભિવ્યક્તિ માટે કલ્પન, પુરાકલ્પન, પ્રયુક્તિઓ કે ઉપકરણોના વિનિયોજન પર શોકની સઘનતાનો આધાર રહે છે આત્મીયતામાંથી વહેતા ભાવની અભિવ્યક્તિ માટે ભાવની માવજતની સજ્જા-નતા ખૂબ અસર કરી જાય છે. શોકાંજલિનો અંત આપનાર કલાતત્વો ભાવાભિવ્યક્તિ, રચનિષ્પત્તિ અને અંજલિ છે. વળી નામની સ્પષ્ટતાથી આપે જ ભાવાભિવ્યક્તિમાં સઘન શોકની અપેક્ષા રૂચવાઈ જાય છે. અર્થાત્ શોકાં-જલિમાં સદ્ગત પાત્રનું નહીં પણ તેની આત્મીયતાની અભિવ્યક્તિનું મૂલ્ય વધારે છે પાત્ર ગમે તે હોય તેમાંથી શોક ફલિભૂત થવો જોઈએ તો તે શોકાંજલિ બને. માટે જ ઘણા કાવ્યો વાંચતા લાગ્યું છે કે પાત્ર ચાહનીય હોવા છતાં અભિવ્યક્તિની ઊણપે તે કાવ્ય શોકાંજલિ સુધી પહોંચી શક્યું નથી આપે જ કહેવું જોઈએ કે શોકાંજલિ અભિવ્યક્તિની કસોટી છે. આ તો થઈ શોકાંજલિની વાત. પણ કલાસ્વરૂપને લાગે વળગે છે ત્યાં સુધી કૃતિ શોકાંજલિ બન્યા પછી તેમાં સ્વતંત્ર ગદ્યાસહીન ભાવાભિવ્યક્તિ સાધન રૂપે મિતાક્ષરી રૂપે થાય તોજ કાવ્યનું પોત ઘટ્ટ થાય. અને લાઘવ જળવાય. લાઘવ તો ઊર્મિકવિતાનું મહત્વનું લક્ષણ છે. શોકોર્મિ-શોકાંજલિ લઘુવિરહોર્મિ પ્રકારગત ઊર્મિકવિતા જ હોય તો તેમાં લાઘવ અપેક્ષિત છે. શોકનું ચોથી મોટું વ્યવસ્થાન વિલાપ, પ્રલાપ, ક્રંદન, પુનરાવર્તન, શબ્દાંતરે એક જ ભાવની પુનરુક્તિ અને ખોટા પ્રસ્તાર છે અને લાગે છે કે રાજિયામાં વિરહોર્મિકવિતાના લક્ષણ હોવા છતાં ઘણા "અનિયંત્રિત પ્રલાપો તેને કલાસ્વરૂપ પામવામાં વિઘ્નકર બને છે" તે દોષમાંથી મુક્ત થવા માટે અને શોકાંજલિના કલાસ્વરૂપને પામવા માટે લાઘવ જળવાવું જ જોઈએ માટલો છેલ્લો વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે લાઘવ શોકાંજલિના કલાસ્વરૂપનું મહત્વનું લક્ષણ છે. અને ભાવાભિવ્યક્તિ દરમિયાન રચનાકૌશલ્ય માટે કસોટી રૂપ છે.

એકમાંથી અનેક અને અનેક માંથી એકનું લાઘવ નાનું સામ્ય-વૈવિધ્યના ઉભય દર્શન કરાવતું શોકાંજલિ નિરાળું કાવ્યસ્વરૂપ છે. વિવિધ કાવ્યો

kalpana's

વાંચના જણાય છે કે શોકાંજલિમાં પાત્ર, પ્રસંગ, અને કવિનું સામ્ય હોવા છતાં અભિવ્યક્તિની ઉચ્ચતાને કારણે કૃતિની સફળતા-નિષ્ફળતાનો નિર્ણય થાય છે સરખાં રૂપકો, દૃષ્ટાંતો, ઉપકરણો, તુલનાઓ, પુરાકલ્પનો, પુરાણોક્તિઓ પ્રાકૃતિક વર્ણનો પ્રયુક્તિઓ હોવા છતાં તેની ઉચ્ચસ્તરતાનું વૈવિધ્ય સ્વનિષ્પત્તિ અને રચનાકૌશલ દરમિયાન વિનિયોજનનું વૈશિષ્ટ્ય અને ચૂકે કારણે જૂદું તરી આવે છે. કાવ્યનો રચનાક્રમ સરખો હોય, કાવ્યનો , પ્રસંગ માત્ર ઉલ્લેખ પૂરતો હોય, અને એક જ ભાવ અને રસ માટે જ્યારે શોકાંજલિ-કવિતાઓ ઘણી વિપુલ પ્રમાણમાં લખાતી આવતી હોય અને તેમાંય વિસરાતી જતી કવિતાઓમાં કોઈ ધ્રુવપદ પામી જતી હોય તો માનવું જોઈએ કે શોકાંજલિ માત્ર ભાવાભિવ્યક્તિની કલા છે. તેમાં વિષાય, કાવ્યપ્રકાર કે પાત્ર કરતાં અભિવ્યક્તિ કેન્દ્રસ્થાને છે. જેમાં મૃત્યુ પછી શોકની ભાવસૃષ્ટિ રચાય તો તે પણ અભિવ્યક્તિને આભારી છે, મૃત્યુ એક વિધિનિર્માણ જેવો સ્વીકાર લોકપ્રચલિત છતાં વિષાદ, શોક, સંવેદ્ય, વિલાપ, વિયોગના ઘાડા ઉભા ધાગે જ્યારે કાવ્યપ્રેરક બળ બને ત્યારે માનવું પડે કે ત્યાં અભિવ્યક્તિનું કૌશલ જ કામ કરી જાય છે. મૃત્યુ નિમિત્તે લખાતી આવતી કવિતાઓમાં સાહિત્યિક મૂલ્ય પામેલી મરણ નિમિત્તક દીર્ઘ વિરહોર્મિ કાવ્ય- કરુણ પ્રશસ્તિના મુખ્ય લક્ષણોમાંથી "સ્વજન ના મૃત્યુ નિમિત્તે કે મૃત્યુ પોતે કાવ્યમાં "મરણ નિમિત્તક શોકોદ્ગાર અને પ્રશસ્તિ, ચિંતન, સંવિદાપ્તતા, સાકલ્ય, વિલાપરૂપ નહીં પણ એકંદ્ર આકૃતિ તૈયાર કરતી કાવ્યસ્વરૂપના શોકાંજલિમાં બહુધા શોકોદ્ગાર , ચિંતન, મૃત્યુનિર્દેશ અને કરુણ વણાઈ આવતાં હોય તો શોકાંજલિનું કલાસ્વરૂપના આગવાં લક્ષણો કયા એ વિચાર વહેજ આવે ત્યારે અભ્યાસ પરથી આપણે તારવી શકીએ કે.....

૧. મરણ નિમિત્તક - મૃત્યુ જન્ય સ્વજન સંદર્ભ
૨. શોકની સઘન ભાવાભિવ્યક્તિ
૩. કરુણરસની આસ્વાદ્યભૂમિકા પરથી સ્વનિષ્પત્તિ
૪. અન્યરસોમાંથી કરુણની રસસંક્રાંતિ

kalpana's

૫. મંથન, ચિંતન, સમાધાન, સમાપન માત્ર ઉલ્લેખ પામ્યા મર્યાદિત શબ્દોમાં.

૬. લાઘવ અનિવાર્ય.

૭. કાવ્યનું ધ્રુવપોત બંધાય તે પ્રમાણે લાઘવનું પાલન

૮. શોકની વ્યક્તાવ્યક્તિ અનિવાર્ય

૯. કરુણ-સ્પષ્ટિ-સ્પષ્ટક્રિયા અનિવાર્ય.

૧૦. કાવ્યમાં મૃત્યુ-જન્ય સંવેદના વાસ્તવિક ભૂમિકાએ અનિવાર્ય.

૧૧. શોક અંતિમ લક્ષ્ય અને સર્વસ્વ સાર પ્રાપ્તિ નહીં પણ કેન્દ્રસ્થાને.

૧૨. શોક - કરુણની નિષ્પત્તિની ઉપલબ્ધિના અંગરૂપે પ્રધાન પદે.

૧૩. કરુણ કલાત્મક રૂપે હૃદયંગમ રૂપે ચમત્કાર્ય જ્યાં તે શોકાત્મિત.

૧૪. વિવિધ કાવ્ય-સ્વરૂપો સાથે જડબંધન નથી.

૧૫. અંજલિ-શોકમાંથી સાકાર પામેલી ભાવસભર અંજલિ.

૧૬. શોકોર્મિ- શોકની ઊર્મિનું પ્રાધાન્ય ધ્રુવપદે.

૧૭. શોકાંજલિ-શોકમાંથી અંજલિ તૈયાર થઈ હોય

૧૮. શોકોર્મિ- શોકાંજલિનું નામ સાર્થક્ય

૧૯. ટૂંકા-વિષાદ-કાવ્યોના વર્ગમાં મૂકી શકાય તેવું લઘુ-વિરહોર્મિ-કાવ્ય હોય.

૨૦. વિરહોર્મિ કાવ્યોના બે વર્ગમાં -લઘુ-વિરહોર્મિકાવ્ય પ્રકારોમાં વધુ ખેડાયેલી, લખાતી ગવાતી-ચિરંજીવ ચાહુની ક્ષમતા ધરાવતી ગુજરાતી કવિતામાં અન્ય કાવ્ય પ્રકારોની તુલનામાં આગવું કલા-સ્વરૂપ અને વિકાસની ગુંજાશ ધરાવતી કવિતા.

૨૧. અન્ય લઘુ-વિરહોર્મિ-કાવ્ય પ્રકારોની તુલનામાં રાથી વધુ સાહિત્યિક ગુણવત્તા ધરાવતો કાવ્ય-પ્રકાર.

૨૨. શૈલી - છંદ પરત્વે.

- છંદો-વૈવિધ્ય અને અછાન્દસની મોકળાશ.
- કાવ્યબાની અને શૈલીના વિવિધ પ્રકાર, રૂપોની મોકળાશ.

kalpana's

- પદ્ય ઉપરાંત વિવિધ કાવ્ય રૂપોની ગુંજાશ, (પરબો કે પત્ર)
- ભવિષ્ય કિર્તનું ઊંચેરું સ્થાન.
- રચના કૌશલની ઝબાનતા અનિવાર્ય.
- ગેય, અગેય બન્ને રૂપોમાં કાવ્યની શક્યતા.
- વિનિયોજનની કલા ચૂક અનિવાર્ય.

૨૩. પ્રયોગશીલતા ચાલકાર્ય અને સફળતા.

૨૪. માનસિક પ્રતિભા -કલિત્વશક્તિની પરખ કરાવે.

૨૫. શોકાંજલિ સ્વરૂપ મૂલક નહીં- વિષાદ મૂલક કાવ્ય પ્રકાર.

૨૬. ઋતુપાત્ર ઉત્તમ વિષાદ કાવ્ય.

૨૭. ઊર્મિકવિતાનાં લક્ષણોને વરેલું લઘુ વિરહોર્મિ કાવ્ય.

શોકાંજલિ અને કરુણ પ્રશસ્તિની પેટા રેખા પણ આ ઉપરથી સ્પષ્ટ થઈ જાય છે. ઊર્મિકવિતા અંતર્ગત વિરહોર્મિકવિતાનો કરુણપ્રશસ્તિ દીર્ઘ-વિરહોર્મિ કાવ્ય પ્રકાર છે. દીર્ઘ વિરહોર્મિ કવિતાનાં પ્રકારમાં - કરુણ પ્રશસ્તિ એક માત્ર બે વર્ગનો કાવ્ય પ્રકાર છે પરંતુ શોકાંજલિ બેજ વર્ગની લઘુ વિરહોર્મિ કવિતા ના અનેક પેટા પ્રકારોમાંના આજ પર્યંત પ્રશોગાત્મક ધોરણે અને ક્રમે ક્રમાતો આવતો તેમજ પરામર્શ પામતો વિષાદ કાવ્યોના વર્ગનો પ્રધાન કાવ્ય પ્રકાર છે. કરુણ પ્રશસ્તિને મુકાબલે શોકાંજલિનો અન્ય અનેક કવિતા સ્વરૂપોની રચયિત્વિક દોડમાં વિકસતા રહી, કરુણ પ્રશસ્તિના લક્ષણો મુજી પહોંચવાનો સતત જીવંત પ્રયત્ન દેખાયા છે એકો રસ કરુણ ક્ષ અંત્ય ગેમ વસ્તુસ્થિતે કહેવું તેનું આલેખન કરવા કરુણ પ્રશસ્તિને મુકાબલે મુકાબલે શોકાંજલિમાં કરવું કવિ માટે પડકાર રૂપ છે તેનું એક માત્ર કારણ લાઘવના ક્રમ પાલન નો આગ્રહ છે. કારણ કે શોકાંજલિ લઘુ-વિરહોર્મિ કવિતા છે. કરુણ પ્રશસ્તિમાં પ્રમાણમાં થોડી મોકળાશ રહે છે. કારણ કે તે દીર્ઘ વિરહોર્મિ કવિતા છે. કરુણ-પ્રશસ્તિમાં ચિંતન, મંથન, શાંત્વન, સમાપન આવકાર્ય છે. પણ તેને સ્થાને શોકાંજલિમાં ચલિતાવસ્થા પૂર્ણ સંજલિત સ્થાન છે. કરુણ પ્રશસ્તિ કાવ્યમાં બીજા વર્ગમાં મૃત્યુ પોતે પણ શોકોદ્ગારને વ્યક્ત કરવું ઉદ્દીપનસ્થાન છે પણ શોકાંજલિમાં

kalpana's

તો એવો કોઈ વિકલ્પ નથી માત્ર સ્વજનના મૃત્યુના વિષાદમાંથી જાગતો શોક જ શોકાંજલિ રચી શકે છે કરણ કે તેના મૂળમાં આત્મીયતા છે. આત્મીયતા અંગત-સ્વજન તરફ લઈ જાય છે અને અંગત-સ્વજનનું મૃત્યુ એક રીતે વાસ્તવિક ઘટના છે જ્યારે મૃત્યુ એક વિચાર છે. આ ભેદ વિશિષ્ટ છે. કરુણપ્રશસ્તિમાં પ્રશસ્તિને કાવ્યમાં નામાભિધાનનું એક અંગભૂત-તત્વ છે તેથી તેનું સ્થાન કરુણ-પ્રશસ્તિમાં ગૌણ હોઈ શકે પણ શોકાંજલિમાં તે અનિવાર્ય નથી. ક્વચિત ઉલ્લેખ પૂરતી પ્રશસ્તિ સહી લેવાય. કરુણ - પ્રશસ્તિ અને શોકાંજલિ કાવ્ય-સ્વરૂપો શોકની અભિવ્યક્તિ અને કરુણની સ્વનિષ્પત્તિ સુધી કેટલેક અંશે સરખા રૂપે વહેતી આવતી હશે પણ સ્વનિષ્પત્તિથી બન્નેના વહેણ જુદે પ્રવાહે વળી જાય છે કરુણપ્રશસ્તિમાં ચિંતન, મંથન, સાંત્વન, સમાપન પ્રાર્થના-ના વિવિધ રંગો તેમાં ભળે છે શોકાંજલિમાં શોકની ભાવાભિવ્યક્તિ અને અંજલિની વચ્ચે માત્ર કરુણ-રસ જ છે. કરુણ પછી શોકાંજલિને અંજલિ તરફ વળવાનું હોય છે શોક અને કરુણમાંથી અંજલિના ભાવનો પુદ્ગલ બંધાય છે આ ભેદરેખાજ કરુણ-પ્રશસ્તિથી શોકાંજલિને ન્યારું પ્રસ્થાન આપે છે.

તાર-સ્વરે વિષાદ ફેલતી શોકની લાગણી મંથન અને સ્મરણોમાંથી વલોવાજ, તેમાંથી જ્યારે સમાધાન, વિધિ-વિધાયક વિધાનો, અંજલિ આકાર લઈ આપમેળે સહજ રીતે બહાર આવે ત્યારે શોક અને વ્યથાના કે વેદના અને સંવેદનાના વર્તુળમાંથી ઝરતું અંજલિનું રૂપ કાવ્યની દશકલાથી બની જાય છે. દા.ત. 'ભક્તિ-પદ - નારદ' માં સુંદરમ્ વ્યથા ઋણ અનુભવ્યા પછી અંજલિ સમર્પિત કરે છે. તે ભાવભરી છે.

શોકાંજલિની ભાવયાત્રાની પગથી કરુણ પ્રશસ્તિ અને અન્ય કાવ્યોથી નોખી પડે છે. સદ્ગતમાં મૃત્યુના તત્કાલિન કારણો દ્વારા અને આત્મીયતામાંથી અંગત-શોક અનુભવે છે. શોકની યાત્રાનો આ પ્રારંભ છે. શોક તેમાંથી વિસ્તરી સ્મરણોમાં કે પ્રકૃતિમાં અથવા વિરહ કે વિયોગ જેવા કોઈ પ્રદેશોમાંથી ઝાલીને તેમાંથી વ્યક્તિગત ભાવમાંથી નિર્મળ થઈ કરુણની નિષ્પત્તિ પહેલાં સર્વાનુભાવી કક્ષામાં ઠેલાય છે. કરુણની અનુભૂતિ પછી કવિના અભિન્ન અંગત-સ્વજનનો

kalpana's

શોક મેટલો વધુ વ્યાપક-વૈશ્વિક - સનાતન સ્વરૂપનો -અનુભાવી વિગલિત બની જાય છે કે ભાવક જ્યારે કૃતિ વાંચે ત્યારે, તે ગલિત વ્યક્તિને સ્વને પણ નહીં જાણનાર જોનાર ભાવ કૃતિના આસ્વાદથી ભાવવિભોર અને સ્વાતસ્વીલ થઈ જાય છે. જે કૃતિમાં આ લક્ષણો હોય તે ઉત્તમ કલાકૃતિ - ઉત્તમ શોકાંજલિનું ગૌરવ મેળવે છે. કૃતિમાં મૃત્યુની સર્વ સામાન્ય ઘટના કલા ગુણોનો સમન્વય પામતાં અસામાન્ય કક્ષાની બને છે. મૃત્યુ વાસ્તવિકતામાં જે પારાવાર દુખદ, વ્યથા અને દર્દનાક, શોકાર્દ છે તેનું આલેખન કરતી શોકાંજલિ આસ્વાદ્ય અને આનંદ આપતી, ભાવવિભોર કરતી કલાકૃતિ છે. મૃત્યુનું વાસ્તવિકતામાં એક જ રૂપ છે કે જીવનનું સમાપન અને આત્માનું ઉત્થાન, - એના અનેક અર્થો, રંગ, રૂપો, મહિમાઓ, દર્શનોના કલાત્મક વૈવિધ્યની રંગપૂર્ણ શોકાંજલિમાં મળશે. મૃત્યુનો પ્રસંગ શોક આપે પણ તેમાંથી રચાતી શોકાંજલિ આસ્વાદનો અને આહ્લાદ આપે છે. વિશ્વના સર્જનની પ્રક્રિયા સર્જનહાર સંતાયેલો છે વિશ્વ જેમ તેના વૈવિધ્યોનું સર્જન છે તેમ કવિતામાં ઢંકાયેલા કવિમનભાનું પ્રતિબિંબ, સર્જન શોકાંજલિ છે. વિવિધ વર્ગીકરણમાં વહેંચાયેલી શોકાંજલિના મુખ્ય બે પ્રવાહોમાંથી ગૌણ શોક સ્વજનના મૃત્યુ-જન્ય શોકની પારદર્શક અનુભૂતિ તો કુટુંબીજનો પર લખાયેલી, આત્મીયતા ભરી ગૌણ-સ્વજન-સંદર્ભના શોકાંજલિમાં જ સુલભ છે. કારણ કે આત્મીયતા તો શોકની જનની છે. શોકાંજલિમાં ભાવના આલેખન ચડતી ઉતરતી માત્રામાં ભલે હોય પણ મોટું સત્ય સાર્વત્રિક છે કે મૃત્યુ-જન્ય સંવેદના તેનો પહેલો ધબકાર છે. અને વિગલિત વૈશ્વિક વિસ્તાર તેનું પરમ લક્ષ્ય છે.

અંજલિકાવ્યોમાં શ્રધ્ધાંજલિ, માનાંજલિ, નિવેદનાંજલિ, ગદ્યાંજલિ જેમ અનેક પ્રકારો કાવ્યના બહાને થયેલા નિરૂપણને આધારે જોવા મળે છે પરંતુ બધામાં એક સામ્ય જોવા મળે છે કે મરણોત્તર ઉલ્લેખ, વિશેષ પ્રભાવ અને મૃત્યુ પછી લખાયેલી તે કૃતિ હોય છે. નિરૂપણના ગૌણમુખ્ય તત્વ સમાધાનનું તત્વ ઘણાં કાવ્યોમાં હોય છે પણ તેમાં વિવિધ દર્શનો જોવા મળે છે. બારા કરીને મૃત્યુ એક ગંભીર ઘટના, મૃત્યુ વિશેના વિચારો, ચિંતનાત્મક ભૂમિકાએ મૃત્યુનું દર્શન,

kalpana's

વિધિનિમલિનું એક સનાતન સત્ય, ઈશ્વરના નિર્ણયનો નમ્રસ્વીકાર, ઈશ્વર-સ્મરણ અને પ્રાર્થના , ઈશ્વરીય ગૈબી કરીની મહિમા, ધાર્મિક, સામાજિક, કૂટિગત , ઐતિહાસિક સંસ્પર્શ જેવા વિવિધ દર્શનો પૂરા પાડે છે. બખરદારકૃત "મલબારીના આત્માને" માં ચિંતનગર્ભ સમાધાન જોવા મળશે.

શોકાંજલિ કવિતામાં શોકની ભાવોર્મિ કેન્દ્રસ્થાને હોવાથી જ તે શોકોર્મિકવિતા કહેવાઈ એમાં શોકનો ભાવ અને કરુણરસ અપેક્ષાએ પ્રધાનસ્થાને હોય પણ કાવ્યમાં કલ્પના, ઊર્મિ અને વિચાર ક્યારેક એવી રીતે એકમેક થઈ જતાં હોય છે કે કવિનું ધ્યાન પણ કળાય તેના પર ન જાય કવિતા આ ત્રણેય સર્જન શક્તિના સમન્વયે સ્થાતી હોય છે. ૬૪." કવિતા એટલે વિચારપ્રવાહ, કલ્પનાલીલા, ઊર્મિરસ કાનમાં ટપોટપો અમૃતબિંદુ મનહર ચાંદરણાં." જ્યારે શોકાંજલિમાં ભાવને બૌદ્ધિકસંસ્પર્શ થાય છે ત્યારે તેમાંથી મનન-મંથન કે ચિંતન વિકસે છે. એમ પણ કહી શકાય છે કે કવિતાનો ભાવ અર્થોના ઋતના ઉકેલ તરફ ગતિ કરે છે કવિતામાં ચાંલીય પ્રવેશે છે. વિચારનું એક ચિત્ત ઝાંખીરૂં મનન કે ચિંતન વહે છે. પ્રમાણમાં રહુરેહું યથોચિત ચિંતન કાવ્યને ચલદાયી બનાવે છે ખૂબી એ છે કે આ પ્રમાણ બદ્ધતા જ તેની શોકાંજલિની તાસીર ટકાવી રાખી ચમકાવે છે પણ પોતાના તેજમાં તેની તાસીર ઓગાળી નાખી તેનું નામ પણ ન રહે તેવા ગતિરેખી નથી, ચલણી ચિંતનોર્મિકવિતા અને શોકોર્મિકવિતામાં તફાવત એટલો જ છે કે ચિંતનોર્મિકવિતામાં ચિંતન પ્રધાન્યે છે પણ શોકોર્મિમાં જો ચિંતન છે તો શોકકલિત, અને શોક ચાલિત પ્રાર્થિત રૂપે છે. પ્રમાણ બદ્ધ સમન્વય શોકાંજલિને કળદાયી પ્રજ્ઞ બનાવે છે. ઉમાશંકર જોશી તો સ્પષ્ટ કહે છે કે ક્યું." કવિતા માત્ર લાગણીમાંથી તો નિપજેલી હોય પણ એ નિર્મિતિની પ્રક્રિયામાં બુધ્ધિ-શક્તિનો હાથ છાનો ના રહ્યો હોય, ઉપરાંત લાગણીમાંથી, જ્યારે સ્વપર્યવસાની કવિતા કૃતિ પરીણામી હોય ત્યારે તેમાં શક્તિ નથી લાગતી કરતાં કંઈક વધું બહું વિશેષ, કહો કે હોઈ અપૂર્વદર્શન (જે ચિંતનમનનનું જ પ્રથમ નવનીત હોય છે.) મૂર્ત થયું હોય છે. ....." શોકાંજલિમાં શોક અને કરુણને સહારે વિકસેલું ચિંતન

kalpana's

કેટલી માત્રામાં હોય તેનો અંદાજ આ અર્થ પરથી મળી રહે છે. ચંદ્રશંકર પંડ્યના વિધાનથી એ ખ્યાલ વધુ સ્પષ્ટ થાય છે કે ૬૬.''ઊર્મિકવિતામાં જો ભાવોર્મિની અનુભૂતિ વિષય બને છે તો ચિંતનકવિતામાં કવિના સંવિત્માં થયેલી કોઈ બૌદ્ધિક અનુભૂતિ - Intellectual experience વિષય બને છે. આવી ચિંતનાત્મક કવિતામાં ચિંતન શુષ્ક તર્ક શાસ્ત્રની રીતિએ નહીં પણ ઊર્મિ રસિત બનીને, કવિતાની આગવી રીતિએ કવિતાના અન્ય બે તત્ત્વો આપે એક રૂપ બનીને, કવિ સંવિત્ની એક અનુભૂતિ રૂપે આવે તે આવશ્યક છે.'' આમાં ચંદ્રશંકર પંડ્યે કહે છે તેવા તર્ક, ચિંતનનું ઊર્મિરસિત રૂપની શોકાંજલિમાં અપેક્ષા છે. સ્નેહરશ્મિની શોકાંજલિઓમાં ચિંતનનું તત્ત્વ છે. સ્નેહી કે મિત્રના અવસાન નિમિત્તે જ તે લખાયેલી હોવા છતાં પાન કરતાં, મૃત્યુના ભાવને કેન્દ્રસ્થાને રાખી આલેખન એવી રીતે કરે છે કે ચિંતનની શુષ્ક વૈચારિક ભૂમિકા પણ રચાતી નથી અને શોકમાં બાલીશ વેવલાપણું કે અતિરેક પણ આવી જતાં નથી અને મૃત્યુને પ્રસંગે લખાયાં હોવાથી શોકને કવિ જીવંત રાખી શકે છે. દા.ત. 'પ્રયાણ ઘડી' માં મૃત્યુ પછી આત્માનાંસ્વર્ગે થતા પ્રયાણનું વર્ણન છે. પણ તેમાં શોકનો તરવરે છે જ ....

૬૭.''હવે જુઓ આપણા પંથ, સીમા આવી રે
ઘડી નીરખી લે આ ભોમ, દીન ગમારી રે
રે ચૂનાં આ ચમ કૂલ, ચૂની ચારો રે
નહિ ઠગ્યો ચૂની ભોમ, આત્મા xx xxxxxx તારો રે
રે નહિ રજની આંસુ સાર, દિશાઓ રોશો મા''

કાવ્યમાં શોક અને ચિંતન યોગ્ય માત્રામાં પ્રમાણબદ્ધ આવે છે. પંડિત ખરે અને દત્તાત્રેય પાઠકના કાવ્યોમાં સુંદરમ્ કેલાસવરલકમાંમાં સંગીતના સ્થાપન નિમિત્તે સંગીતકારોને સ્થાન આપ્યું છે. એવું સમાધાન કાવ્યને આપે છે. આજ ભાવ ખબરદાર કાન્ત માટે વર્ણવે છે.

૬૮.''હાલા પ્રભુપાદમાં તું ખેલે, છેડી તુજ વીણાસાર

kalpana's

૬૮. "વહાલા પ્રભુપાદમાં હું મેલે, છેડી તુજ વીણાસાર
ચહી વહેતી સ્વબર રેલે, માધુરી ધીરી સ્વરધાર
રોતી ઉર પર ઉડેલે, કુમરી તુજ ગ્રાજ પ્રકાર
શા રંગ હશે સુર મ્હેને, મુજ ચાંખ ઉડે જગપાર "

"સુરતાની વાડીના મીઠા મોરલા" કહી સ્વર્ગના ઉચ્ચ ગાયનને બેસાડવામાં પ્રકાન્ત પણ શોકનું જ સમાધાન કરે છે ખબરદાર કાન્તને સ્વર્ગે કયાંથી "સ્વદેવ પધારો ધેર" કહે છે. "સ્વ. મટુભાઈને" માં ખબરદાર, "વીર જતીન્દ્રના સ્મૃતિસ્તંભ માં" મેઘાણી, "સૂનું સૂનું તે કોને" માં નીરવમાં "સ્નેહરશ્મિ, "મદીઠ સવારી" માં બેટાઈ અને "છેલ્લું દર્શન" માં રા.વિ. પાઠક એક યા બીજા સ્વરૂપે શોક- નિરૂપણ અને ચિંતનની આલેખનમાં ગાભ્ય ધરાવે છે. આ બધા કાવ્યોમાં મૃત્યુવિષયક ચિંતન છે પણ શોકની ઉપર છવાઈ જતું નથી.

લઘુ વિરહોર્મિકવિતાના વર્ગમાં ટૂંકા વિષાદ કાવ્ય અંતર્ગત શોકાંજલિ માટે ચિંતનનું ઔચિત્ય મહત્વનો મુદ્દો બની રહે છે કારણ કે શોકાંજલિ જ એક એવો પ્રકાર છે કે જેમાં ચિંતનની કક્ષાનો વિચાર મંથનના ઘુમરાતાં પ્રવાહો મર્યાદામાં રહી પણ આવે છે અન્ય અંજલિ કાવ્યોમાંથી, શ્રધ્ધાંજલિમાં, નિવાણાંજલિમાં કે ભાવાંજલિમાં વિચારનો પ્રબળ ચીવટો, ધીમો, ઠંડો પ્રવાહ વહેતો દેખાય છે ક્યારેક એવું લાગે છે કે અન્ય અંજલિ કાવ્યોમાં માનસિક વિચાર ધારાનો જીવંત વહેતો પ્રવાહ ભાગ્યેજ પ્રાપ્ત થાય છે બહુ દુર્લભ છે તેમાં વિશાળ વિચિત્રતાં પટ કયુત પ્રણયિતમાં છે પણ ટૂંકા વિષાદ કાવ્યોમાં અંજલિ કાવ્યોમાં માત્ર શોકાંજલિમા ઠીક પ્રમાણમાં અનેક વૈવિધ્ય સાથે ચિંતનનાં ઝબકારા મળે છે તે કૃતિને ગાલોકિત પણ કરે છે તેને મુકાબલે મૃત્યુજન્ય શોક, વિલાપના સૂરમાં લખાયેલી, ગવાતી આવતી બીજી કવિતામાં ગેપીદાદ, આઈડિલ, ચોક, મર્સિ મરસિયા, એલિજિ રાગિયા, કે સંબોધન કવિતામાં ચિંતન , નહીંવત, કે દુર્લભ છે. તાત્પર્ય એ છે કે ચિંતનોર્મિ કવિતામાં તો ચિંતનના મૃત્યુ સિવાયના વિષયો પર બહુધા પ્રધાન્યે ચિંતન હોય છે જ પણ તે મૃત્યુ નિમિત્તે શોક નિર્ભર નથી હોતું , તે પ્રકારનું ચિંતન મૃત્યુ સિવાયના

kalpana's

નિમિત્તે લખાતી કવિતાઓમાંથી શોકાંજલિનું એક એવો પ્રકાર છે કે જેમાં ચિંતન ચારકારક કલાત્મક માત્રામાં દેખાઈ આવે છે. આમેય ચિંતન શોકની જ ફલશ્રુતિ છે. શોક યુક્ત હૃદયમંથનનું નવનીત ચિંતન છે માટે , તે શોકાંજલિમાં પણ હોય તો તેનું આશ્ચર્ય ન્યાયે છે કરુણ પ્રશસ્તિની જેમ શોકાંજલિમાં પણ ઉર્મિસ્રે રચાયેલાં તત્વો એકમય હોવાં જોઈએ. શોક અને કરુણમાં સચ્ચાઈનો રણકો અનુભવાતો જોઈએ. ચિંતન હૃદયમાં ઘોળાયા પછી જડેલાં રત્નો સમાન સ્વાદું પોતીકું હોય. આ બધા ય તત્વો કાવ્યાત્મક ઢબે, લયે અને સૂરે વણાઈને આવતાં હોય અને ક્યાંય અતિરેક ના હોય, સમાન ઔચિત્યમાં હોય, દરેકને પોતાની આગવી લાક્ષણિકતા, ગરિમત્વ, રણકો હોય છતાં શોકનાં વાદ્યમાં કોઈ ઊંચા કે નીચા સ્વરે ના લાગે જેમ વાદ્યોમાં ચિરતબદ્ધ સ્વર હોય છે તેમાં સંખ્યાબંધ શોકાંજલિઓનો અભ્યાસ કરતાં ઘણાં જ કાવ્યોમાં સામ્ય-વૈષમ્ય નો વિચાર કરતા જ્યાં ત્યાં પુનરાવર્તનો પણ મળી આવે છે. પુનરાવર્તન પાછળ કવિનો આશય કેવળ જાણવા મળે નહીં તો કાવ્યની કલાત્મકતા અને કાવ્યાત્મ-કાવ્યાત્મકતાના સંદર્ભે તેમના ઔચિત્ય- અનૌચિત્યનો વિચાર મહત્વનો બની જાય છે. જ્યાં ભાવ, ચિંતન, અને ઉપકરણ તેમજ ચિંતન- શમન, સમાધાનના આલેખનોમાં પુનરાવર્તન અને શબ્દ વિલાસ ખૂબ ઝીણી૨ વિચારણા માંગી લે છે.

વિવિધ પ્રકારે મળી આવતાં પુનરાવર્તનોમાં નીચે જણાવેલા ખાસ ઉલ્લેખનીય છે.

૧. જુદા ઉપકરણોમાંથી , એક કરતાં વધારે કાવ્યોમાં પ્રાપ્ત થતાં એક સરખા ચિંતન કે આલેખનના અંશોમાં આવતું પુનરાવર્તન.

૨. ઉપકરણો જુદાં પણ એક સરખી, વિચાર ધારા અને ફલશ્રુતિ.

૩. એક સરખાં ઉપકરણોમાંથી આકાર પામતું એક સરખું ચિંતન (ઘણા કાવ્યોમાં સમાન કક્ષાએ જોવા મળે)

૪. ચિંતનમાં વૈવિધ્ય હોય પણ ઉપકરણો સરખાં જ હોય.

૫. છંદ અને બંધારણ ઉપરાંત કાવ્યપ્રકાર પણ ન બદલાતો હોય અભિવ્યક્તિ પણ બદલાતી ના હોય.

kalpana's

૬. અનેક કવિઓએ કેટલાક પાત્રો માટે કથામાન્ય માટે વિવિધ માર્ગો અપનાવ્યા હોય પણ સાર તત્વ સરખું જ હોય. દા.ત. ગાંધી, કસ્તુરબા, મહાદેવભાઈ, અરવિંદ, રવીન્દ્રનાથ ટાગોર અર્થાત્ કવિ બદલાય પણ પાત્ર કે તેની વિગત ના બદલાય. પ્રકાર ક્યારેક એવું પણ લાગે કે વિગતને આલેખનવાળી રીત પણ જુદી ના પડે.

૭. સ્વજન-સંદર્ભ નિમિત્તે પાત્રનો પ્રકાર બદલાય પણ અભિવ્યક્તિના અંશોમાં નવીનતા, મૌલિકતા ઓછી વત્તિ- આલેખનમાં કવિએ માની લીધેલી પરંપરાગો વર્તાયા કરે.

૮. માતા, પિતા, ભાઈ, બ્હેન, દાદા, બાના સંબંધોમાં પરંપરાગત ચાલતાં આવતાં ,ક ચાલ્યા, સ્નેહ અને વાત્સલ્યનું એક સુરીલા પણું સંભળાતું લાગે.

૯. સામાજિક વ્યવહારો, રીત રસમ, રિવાજો, અને શિરસ્તાઓમાંથી કવિ પોતાની જાણે મૌલિક બોધ પ્રયોગાત્મક રીતે પણ આપતા દેખાતા નથી.

૧૦. ઘણા કાવ્યોમાં પ્રયોજાતી પ્રાસચાતુરી, સૌન્દર્યકારી પ્રાસમૈત્રી પ્રયુક્તિ માત્ર ચમત્કારિક રૂઢિગત પ્રભાવ સિવાય બીજું કોઈપણ આપતી નથી.

૧૧. કેટલાક કાવ્યોમાં વિશેષણોની હારમાળામાં લગભગ પુનરોક્તિદોષ દેખાય છે. શબ્દ પ્રયુક્તિમાંથી મળતા માત્ર સ્થૂળ અર્થો કાવ્યની અભિવ્યક્તિને છીછરી બનાવે છે. શૌર્ય, વીરતા અને જોસ્સા ના કવિ માટે લખાયેલી કવિતામાં પોંચાપણું વર્તાયું.

૧૨. પ્રાસની પુનરાવર્તનદોષ માટે રૂઢિગત અનુસરણ અથવા સંગીતનો તાલ કે લય જાળવવાની કુટેવ ઘેલછા જણાઈ વર્તાયું.

શબ્દની પુનરુક્તિથી શબ્દોની ઋજુતા કે પ્રકાશ ના વર્તાવી જોઈએ. કારણ કે શબ્દથી જ ભાવ વ્યક્ત કરવાનો છે માટે ભાવાભિવ્યક્તિ પર કોઈ માઠી અસર ના પડવી જોઈએ ભાવની તાજગી અને નવીનતા સતત વર્તતી રહે અને ભાવ ગહનતા પામે તો જ કાવ્ય સાર્થક બને. પણ એવાં પણ કાવ્યો મળે

kalpana's

છે કે જેમાં શબ્દોના સતત પુનરાવર્તનનો કારમો ઘા ભાવાભિવ્યક્તિને રુંધે છે. દા.ત.

૯૯.''જ્ઞાનની ગંગા વહાવી બીખાભાઈ
ઝાઝા જ્યોત જ્વાલી બીખાભાઈ

આ બન્ને પંક્તિઓમાં જ્ઞાનના પ્રકાશની વાતનું પુનરાવર્તન જ છે. એક જ વિષય પર આવતા ગાલેબના એક સરખા બયાનમાં પુનરાવર્તન નીચેની પંક્તિઓમાં જોવા મળે છે.

૧૦૦.''સિધાવો કવિ, જે માર્ગે સિધાવ્યા ગાર્ગ પૂર્વજો
જન્મ મૃત્યુ જડેલા આ દેહનો ખેદ હોય શો ?
પોદળ પાનખરે પાછા, તૃષ્ણાના વેણુનાદથી
જાગીને જીવનોના, વૃધ્ધિ ક્ષયને નાશ વર્તના
જુનાની ભસ્મ માંહેથી નાવીન્યને પ્રગટાવતાં
એ માર્ગે હરિના પ્રેર્યા, જતાં ચો ઉન્નતિક્રમે
સિધાવો હરિનાં વ્હાલાં , સ્વીકારો હરિ સર્જનું
પનોતું પ્રાણનું પદમ, ખેલકું તે દલે દલે ''

આજ ભાવ ચૈજ કાવ્યના બીજા પંક્તિ યુગ્મમાં તરત આવે છે કે.....

૧૦૧.''જન્મ મૃત્યુ જ્યે લોકે, ત્યાં દેહનો ખેદ હોય શો ?

જીવોના બુદ્બુદો જાગીને સમશે અને નાચશે તેમજ શમી જશે બન્નેમાં કવિ નશ્વરતાની જ વાત કરે છે.

''જે મહાકાલ કેરા આ સાગરે છેક નાચશે
જે ઘરી નીજ જૈયામાં ગહન વ્યોમની છવિ
ક્ષણ બે ક્ષણ સોંદર્ય, નગ્ન લક્ષ્મીનું દાખવી
જશે બુદબુદો રંગો બે જ્યો સાગર હસેશે.
બેહદો ભવધિ બ્હેલો ગણશીમ ગનન્ય બે''

kalpana's

જીવ અને જીવનની જન્મ , દૃષ્ટિ, ક્ષય અને નાશ અને તેની વસમમાંથી નવીન નવસર્જનના સનાતન ક્રમ શોકના શૈતાપના ચમત્કાર તરીકે કવિ ગાયેલ છે. પણ એક કાવ્યમાં બદલાતા મંત્રિત શબ્દોમાં એક જ સરખી ભિન્નાસ્વારાને બદલે નાવીન્યની અપેક્ષા છે. ધ્રુવપદના ઉલ્લેખની પુનરોક્તિ પાછી આશા પણ થાય છે.

૧૦૨. "આ તનું બુલબુલો સાગરે કૈં નાચશે"

'કાર્પસ વિરહ' કરુણ પ્રશસ્તિમાં દલપતરામ કાર્પસની ગેરહાજરી સ્મૃતિની સાક્ષીરૂપ પંક્તિઓ ગાય છે કે.....

૧૦૩. "દિન ગયેલા માસ ગયા.....
તોયે ન આવ્યો કાર્પસ.."

કવિના ચપિલઠમના ચહના વિચારનું સામ્ય પણ 'વિયોગી કવિ' ની ઉપરોક્ત અંતિમ પંક્તિઓમાં યાદ આવી જાય છે.

૧૦૪. "એ નહીં દિવસો જાશે, વળી યે વિતશે અને
આ વિશ્વની કરી રહેશે સૃષ્ટિનો નિયતિક્રમ"

આ પંક્તિઓમાં શબ્દ અને ભાવ બન્ને સામ્યમાં ચરણે ચરણે જ છે.

ભાવની ઉત્કટતા કે કોઈ વિશેષ ભાવછાયા, અર્થ ભેદ અથવા આસ્વાદની કોઈ તૃપ્તિ કે પ્રાપ્તિ થતી ના હોય તો પુનરાવર્તન કાવ્ય માટે મર્યાદા બની જાય. 'ઘર ઘર છાંટું શેજણિ' માં મણિલાલ નિવેદીના અજ્ઞાન નિમિત્તે લખે છે.

૧૦૫. "બાઈ બધે ઘર હાલિયે, બેન બધે દરવા જાત
અહીં સુધી ભાવ કંઈક જામતો જાય છે પણ પછી કવિ કહે છે કે.....

૧૦૬. "બાળીતર મરતે ઉતાં, ચોદીશના વા વાય"

ચોદીશના વા વાયા પછી અને તે બા વા વાયા પછી કયું દુઃખ બાકી રહ્યું ? કહેવાય ? છતાં કવિ પરાકાષ્ઠા માટે વલખાતા લાગે છે કે.....

kalpana's

૧૦૬..'સબ દુખ મેરાં થાય, મેરુ તમે મૂવે'..

તો મણિલાલના મૃત્યુથી ચૌદીશના બ્યાય ઉનાવામાં ક્યો વા ઉમેરા રે ? અલા સબ દુખ મેરાં થાય - નો ચૌદિશના ઉના વા ફુંકાય ત્યારે શું થાય ? બીજી તપાસ કરતાં સૂક્ષ્મતાને ભાવ સ્પર્શતો નથી. કોઈ નવીન ઉપલબ્ધિ નથી માટે પુનરાવર્તન બની રહે છે.

પુજાલાલ કૃત 'મારા સદ્ગત પિતાશ્રીને શ્રધ્ધાંજલિ'માં જુદા શબ્દો અને ભાવબાંધો બતાવવા પુનરાવર્તનો છે પણ ચાવ નિરર્થક ગતઉપજાઉ શુષ્ક પુનરાવર્તનો પણ છે. શૈશવ, યૌવન, પ્રૌઢાવસ્થાનો સંદર્ભ પિતાની દૃષ્ટિએ સંસ્કાર સિંચન અને પોતે તે તરફ અને પિતા માટે રાખેલું દુર્લક્ષ - એમ બે જુદા અર્થ થાય છે. એમાં પણ શૈલી છાંયડીનો ઉલ્લેખ બે વારને બદલે એકવાર હોત તો કંઈક ચાવકાર્ય હતો.

સ્વજન સંદર્ભ અને સદ્ગત વ્યક્તિ વિશેષ માટે પ્રયોજાતાં ઉપકરણો અને તુલનાઓની અભિવ્યક્તિમાં જો નવો ચમત્કૃતિ કૃતિ લાવી ના શકે તો અભિવ્યક્તિની ઓછપ અને કચાસ વર્તાય અને પુનરાવર્તન નિરર્થક ચાલ્યા થાય નહિ માટે બબરદાર માટે બલવાગિરનું દૃષ્ટાંત પ્રયોજે છે. અને નર્મદ માટે પણ એજ દૃષ્ટાંત વાપરે છે. બન્ને કવિઓનું વ્યક્તિત્વ મલિયાગિરના દૃષ્ટાંત પરથી ચડતું હોય એમ કહી શકાય પણ તે ચર્ચાસ્પદ છે એટલે કવિને બીજાની તુલના જ દોષપૂર્ણ બને છે કવિને કવિગત તુલના, દૃષ્ટાંત વ્યક્તિત્વ પ્રમાણે બદલવા જોઈએ નર્મદ માટે કવિ કહે છે.

૧૦૮..'અટલ હાકલે ખડો મેરુ શો મ્હારો મલ્લાગિર
ફુંકયો ગુર્જરસ્વરાજ સમીર.....(કે.ઉ.ચ૬)

બબરદાર માટે તે બોલાવે છે કે.....

૧૦૯..'ત્યાં તુજ મમત્વ ચોધ ઉજાગર
મલયાગિર મ્હુવાને.....'

kalpana's

'પ્રમાદી નાયિકા' માં કાન્ત ચૂક ગોઠવે છે કે સખી યથાર્થ પત્ની સાથેનું જીવન જાણે કે સાગરની સફર છે. તે સફર પ્રે કવિ ખૂબ આનંદથી વિતાવે છે. વચ્ચે બંદરો પણ આવે છે છતાં કવિ પત્નીનો સાથ છોડતા નથી જ્યારે આમ અચાનક વગર બંદરે પત્નીનો સાથ છૂટે છે ત્યારે કવિ માટે બે ઘટના દુઃખદ બની જાય છે. કાવ્યમાં સફરની સાથે સમરણ આવ્યા પણ આવે છે.

૧૧૦. 'રટતે ચુબનાતમાં સ્વજન રંગ માટે જતો
કૃતાર્થ સહચારણી પ્રણયથી હંમેશા હતો
સખી સહિત રાત્રીયો, ચલિ અનેક ગોષ્ઠિઓ કરી
ગયા દિવસને ભૂલા ? નહીં જ ચાલવા કરી - વળી
જતાં નિકટ બંદરો, નિરખતાં હસેયે વહી
ન હોય સુખ નાવની , કદર બંદરોને કદી

પત્નીના પારાવાર પ્રેમમાં તે ક્યારે ય કદર કરી નથી કારણ કે હું પ્રમાદમાં ડૂબેલો હતો.

૧૧૧. 'ચહો હૃદય હીનતા ? ચલિ છેક કાઠિન્યની
વ્યથા ન રમણી શકયો પ્રિયતમા મુખે દૈન્યની
X X X X
હતી ખિલિલ નાવલી, સ્થિર જરા ન દીઠી પ્રિયા
પડ્યો તરત ઝમ્પનો જલધિમાં 'પ્રિયા ? હા પ્રિયા?

કવિ પ્રમાદમાં પત્ની ગુમાવે છે જેનો શોક અનેક રંગોમાં હતાશા, નિરાશા, અફસોસ, ગાર્હતા , નમ્રતા, પ્રાર્થના, પશ્ચાતાપ વગેરા વ્યક્ત કરે છે. 'વિધુર હુરંગ' 'પ્રમાદી નાયિકા,' વિપ્રયોગ' જેવા કાવ્યોમાંથી ઉદ્‌ભવતા શોકમાં આઘો કેર નથી. 'વિપ્રયોગ' અને 'વિધુર હુરંગ' ના રૂપકો પણ સરસ છે.

૧૧૨. 'પ્રિયા, પ્રિયતમા ગતા ? જગત સર્વ ઝાંખું થયું
ગયું સુખ ગયું બધું ન પણ જીવવાનું ગયું
X X X X

kalpana's

સુધા વરસતી બ્હે, નહિ જ ભગ્ન હૈયા પરે
ઠરે નજીક, ઠરે નહિ જ દેહ થાથી ઘરે ?

× × × ×

કરી સ્મરણ ગાતતાં, દુધિરુનીર નેત્ર ઝરે
દયા સ્વજનને થતાં , વદન પાસ પાણી ધરે
નહીં સ્વજન તે સખી, ? સ્વજન ગેબલી તું ભની

સલ્લનવત સત્યમાં હૃદયની પ્યારી ભની - શ્રીયુત વિષ્ણુકુરંગ ગાજ ભાવ 'કિ 'વિપ્રયોગ' માં પણ જોવા મળે.

૧૧૩.।। આકાશે ગેની મે તારા
ગેની મે જ્યોત્સ્નાની ધારા
તરુણ નિશા ગેની ગૈ દારા
ક્યાં છે ગેની મે ?
હું મે કિ હાવાં નહીં જોવાશી ?
આંખલડી હું નહીં રોવાની
ત્યાં મે ત્યારે હું સેવાની
દારા ? ગેની મે ?।।

એજ જ ભાવ પર લખાયેલી બે કૃતિઓમાં જો દૃષ્ટાંત , રૂપકોનું સામ્ય જોવા બેસો તો બન્નેની અભિવ્યક્તિ સહેલાઈથી માપી શકાય છે. અને બન્નેની એક બીજા પર અસર થઈ છે. ઉપર ટપકે કાન્તની બન્ને કૃતિઓ કરુણવિલાપની કૃતિ થઈ પણ ગમે તે એક પ્રકાશ્યની કલાત્મકતા અને કાવ્યત્વ જોઇશાય છે. કાવ્યગુચ્છ તરીકે તો રૂપક કથનનું આ પુનરાવર્તન સ્પષ્ટપણે દોષ નિમિત્ત ભની જાય છે. કાન્તના અન્ય કાવ્યોમાં 'રજાની માંગણી' , 'ગાન વિમાન' માં પણ માનસર અને જેવું રૂપક ગાન્ધારાગના સંદર્ભમાં અને ગાન્ધાના અર્થમાં પ્રયોજાયું છે.

૧૧૪.।'રજા આ જંપ માનસને, અમી હાલાં દેવી''(રજની માંગણી) અને

kalpana's

૧૫૫. સખી એ દૂર માનસમાં, મને ખાતા બારે
બન્ને પંક્તિઓમાં માનસનો ઉમેરો ચાતુર્ય છે.

ચાલો આપણે વિવિધ શોકોર્મિકવિતાનો તુલનાત્મક અભ્યાસ જોયો.

(P.T.O)

kalpana's

શોકોર્મિ કવિતાનો તુલનાત્મક અભ્યાસ :-

સંદર્ભ ગ્રંથ- સૂચિ :-

ક્રમાંક ૧.	કાવ્ય ૨.	કવિ ૩.	સંદર્ભ ૪.	પાન ૫.
૧.	એક અંજલિ રાઉનિ	પરિલ	પરિલના ચૂંટેલા કાવ્યો	૨૦૨
૨.	એક અંજલિ	પૂજાલાલ	વૈજયંતિ	૫૨
૩.	આજ નયનો રડો	મનસુખલાલ ઝવેરી	કાવ્યસૌરભ	૨૦૪
૪.	નમન	કરસનદાસ	કાવ્યસૌરભ	૬૨
૫.	કે- પુથરો નરોજી કાવસજીને	ખબરદાર	રાષ્ટ્રિકા	૭૦
૬.	ભક્તિવન નારદ	સુંદરમ્	વસુધા	૧૧૫
૭.	સંગીતકારને	ઉમાશંકર જોશી	નિશીથ	૬૭
૮.	શંકર દત્તાત્રેય પાઠકને	સુંદરમ્	કાવ્યપરિચય ભાગ-૨ જંગલા	૩૫
૯.	ઉજ્જ્વલ સર્જક વિવેચક	રમણ સોની	ઉજ્જ્વલ સર્જક વિવેચક	૧૫૨/૧૫૩
૧૦.	-''-	-''-	-''-	૬૦/૬૧
૧૧.	-''-	-''-	-''-	૧૬૫
૧૨.	-''-	-''-	-''-	૦૩
૧૩.	દિલાસો	રમેશરસિક	અર્ઘ્ય	૧૭૬
૧૪.	કબર	-''-	-''-	૧૭૮
૧૫.	સ્વ.ગુરુકાકાને	હરિન્દ્ર દવે	સાંનિધ્ય	૪૯
૧૬.	દિવ્યાંશ સાંનિધ્ય	ડો.જયંત પાઠક	-''-	
૧૭.	વીર જોગીન્દ્રના સંભારણા	ઝવેરચંદ મેઘાણી	એકતારો	૫૭થી૫૯
૧૮.	સાયગ્રહને	મીનુ દેસાઈ	અનુષ્ટુપ	૬૭/૬૮

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૧૯.	ગાંધીજીને	પ્રિયકાંત મણિયાર	વ્યોમલિપિ	૧૫
૨૦.	ક્રિયા ગોત્રની-વિવર્તલીલાનું ગર્ભિત	ન.ભો. દિવેટિયા	પુષ્પ ચરિત્ર	૬૫થી૬૭
૨૧.	વિવર્તલીલાનું ગર્ભિત	-''-	કાવ્યકુસુમો	
૨૨.	(પ્લૉટો)-કપોતલાલ ટિપ્પણ	હિમશંકર જોશી	સ્વપ્નપ્રયાણ	૧૪
૨૩.	ડબ્લ્યુ. બી. યેટ્સ	-''-	-''-	૧૫
૨૪.	રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતા	પ્રવીણ પ્રજાપતિ		૮૮
૨૫.	-''-	-''-		૮૯
૨૬.	-''-	-''-		૯૨/૯૩
૨૭.	-''-	-''-		૯૪
૨૮.	સ્વપ્નપ્રયાણ	હરિશ્ચંદ્ર પટ્ટ	સ્વપ્નપ્રયાણ	૦૨
૨૯.	ટિપ્પણ	રા.વિ. પાઠક	શેષના કાવ્યો	૧૬૫
૩૦.	છેલ્લું દર્શન	-''-	-''-	૩૬
૩૧.	અદીઠ સ્વાદ	ઇંદુલાલ ગાંધી	વિશેષાંજલિ	૭૪થી૮૦
૩૨.	વિધુરકુરંગ	કાન્ત	પુત્રલિપિ	૧૩૫થી ૧૩૬
૩૩.	વિપ્રયોગ	-''-	-''-	૧૩૭
૩૪.	પ્રભાશંકર પટ્ટણીને	ઇ.ક.ઠાકોર	બાકોર	૧૭૦
૩૫.	શાશ્વત	કનૈયાલાલ	ગર્ધ્ય	૧૮૧
૩૬.	ચકાલ મરણ	ન.ભો. દિવેટિયા	કુટચરીણા	૬૩
૩૭.	સ્વ.મટુભાઈને	ખબરદાર	રાજિકા	૧૦૮ થી ૧૧૧
૩૮.	-''-	-''-	-''-	-''-

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૩૯.	અદ્જુન અરવિંદ	પ્રજારામ રાવળ	ઘટમા	૮૫
૪૦.	હરિનો ઢોલો	બાલમુકુંદ દવે	પરિક્રમા	૧૧૭
૪૧.	કવિ કાન્તને	પ્રજારામ રાવળ	ઘટમા	૧૧૦
૪૨.	કવિની કાન્તને	સુરેશ દલાલ	તારીખનું ઘર	૧૦/૧૧
૪૩.	દાદાની	મનુભાલાલ ઝવેરી	અખિલાર	૪૫
૪૪.	દાદા	પુજાલાલx	પારિજાત	૧૮૮
૪૫.	કલાપીને સંબોધન	કાન્ત	પુલલિાપ	૧૬૭
૪૬.	ટિપ્પણ	નાનાલાલ	..''..	૩૧૨
૪૭.	સ્વ.મટુભાઈને	બબરદાર	રાશ્મિકા	૧૦૮ થી ૧૧૧
૪૮.	વિદાય દુનિયા	ઉમાશંકર જોશી	ગાતિત્ય	૪૫
૪૯.	રામ અને કુલ	ઉશનસ્	ઝરણાં ગ્રા	૮૭
૫૦.	પિતૃતર્પણ	નાનાલાલ	કરુણ પ્રશસ્તિ કાવ્યો સંપાદન-વી	૨૯ થી૩૦ કુમાર ઠાકર
૫૧.	મેઠ વાળકીના વરણ વિશે	ન.ભો.દિવેટિયા	કુદરતીલા	૮૨
૫૨.	..''..	..''..	..''..	..''..
૫૩.	સ્વ.મોહનલાલ પંડ્યાને	સુંદરમ્	વસુધા	૧૧૩
૫૪.	નાનાલાલને	સુંદરમ્	ચક્રમા	૧૦૦
૫૫.	..''..	..''..	..''..	..''..
૫૬.	અમરગંધ	સ્નેહરશ્મિ	અર્ઘ્ય	૧૬૭
૫૭.	સ્વપ્ન	..''..	..''..	૧૭૪
૫૮.	છેલ્લું દર્શન x	રા.વિ.પાઠક	શેષના કાવ્યો	૩૬
૫૯.	નીરવ	સ્નેહરશ્મિ	ગાર્ગી	૧૮૨
૬૦.	છેલ્લું દર્શન	રામનારાયણ વિ. પાઠક	શેષના કાવ્યો	૩૬

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૬૧.	નીરવ	રનેહરશ્મિ	ગધ્યું	૧૮૨
૬૨.	શ્રધ્ધાનંદજી	પુજાલાલ	પા ચ્ચાન	૭૮
૬૩.	બાપુ જતાં	રનેહરશ્મિ	પનઘટ	૧૯૫
૬૪.	—''—	—''—	—''—	—''—
૬૫.	રહે છું તે કોને	મનુબલાલ ઝવેરી	અનુભૂતિ	૬૫
૬૬.	—''—	—''—	—''—	—''—
૬૭.	બાપુ જતાં	રનેહરશ્મિ	પનાટ	૧૯૫
૬૮.	મારું સદ્ભાગ્ય	મનુબલાલ ઝવેરી	અનુભૂતિ	૯૭
૬૯.	રહે છું તે કોને	મનુબલાલ ઝવેરી	અનુભૂતિ	૬૫
૭૦.	—''—	—''—	''	—''—
૭૧.	પાઠક સાહેબને	—''—	''	૧૩૧
૭૨.	કાગડી ક્રમ	પ્રતિક્ષ	પ્રતિલા ખૂંદેલા કાવ્યો	૧૮૪
૭૩.	પૂ.પિતાજીને	પિનાકિન ઠાકોર	ગાલાપ	૦૩
૭૪.	પૂ.બાને	—''—	—''—	૦૪
૭૫.	આરતી	ચં.ચ.ઠાકોર	બ્રહ્મકાર(ગુચ્છ)	૩૦૫
૭૬.	છેલ્લું કર્તવ્ય	રાજનારાયણ ત્રિ. પાઠક	સૈનિકા કાવ્યો	૩૬
૭૭.	આરતી	ચં.ચ.ઠાકોર	બ્રહ્મકાર(ગુચ્છ)	૩૦૫
૭૮.	ક્યાં છે પ્રહ્લાદ	ધીરુ પરીખ	ઉધાડ	૧૨૫
૭૯.	વીર જતીન્દ્રનાથબાબુ	અરવિંદ મેઘાણી	એકતારો	૫૭ થી૫૯
૮૦.	વિવર્તલીલાનું અર્પણ	નં.ભો.દિવેટિયા	કાવ્યકુસુમો	કપથી૬૭
૮૧.	ઉશનસ્ અર્પણ વિવેચક	રમણ સોની	ઉશનસ્ અર્પણ વિવેચક	૨૦૨/૨૦૩
૮૨.	રમસ્ત	સુરેશ દલાલ	એકાન્ત	૫૧
૮૩.	નર્મદનું મંદિર	મણિલાલ	રાષ્ટ્રિકા	૬૩

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૮૪.	કલિનર્દની શતાબ્દી	ખબરદાર	રાશ્મિકા	૯૯
૮૫.	ક્લાપીને સંબોધન	કાન્ત	પૂર્વાલિપ	૧૬૭
૮૬.	રજાની માંગણી	કાન્ત	પૂર્વાલિપ	૧૪૫
૮૭.	ગાન વિમાન	—''—	—''—	૧૫૨
૮૮.	૨૪. કવિ મેઘાણીને	શશીન ઓઝા	શ્રધ્ધાંજલિ	૧૦૧
૮૯.	રવિન્દ્રનાથને	રામનારાયણ વિ. પાઠક	શેષના કાવ્યો	૬૨/૬૩
૯૦.	હે મોર ! દુબળો દેશ	રવિન્દ્રનાથ ટાગોર	ટિપ્પણ-શેષના કાવ્યો	—૧૬૫
૯૧.	ઉમાશંકર ગ્રંથ વિવેચક	રમણ સોની		૧૫૫
૯૨.	'મારી સર્જન પ્રક્રિયા' મુન્શીજીનો			૩૨૦
૯૩.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર પંડ્યા	ઊર્મિકવિતા	૧૮૮
૯૪.	લિરિક	ધ. ક. ઠાકોર		૩૫
૯૫.	શૈલી અને સ્વરૂપ	ઉમાશંકર જોશી		૨૮૪ થી ૨૮૫
૯૬.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર પંડ્યા	ઊર્મિકવિતા	૧૭૭
૯૭.	પ્રયાણ ઘડી	સ્નેહરશ્મિ	પ્રેમ અર્ઘ્ય	૧૮૩
૯૮.	કાન્તનું સ્વર્ગ પ્રયાણ	ખબરદાર	સોદેશિકા	૫૬
૯૯.	ભીખાભાઈ	અંબાલાલ પટેલ	પૂર્વાલિપ	૩૫
૧૦૦.	સિધ્ધહસ્ત કવિ	મનસુખલાલ ઝવેરી	ચન્દ્રિકા	૧૬૩
૧૦૧.	—''—	—''—	—''—	—''—
૧૦૨.	—''—	—''—	—''—	—''—
૧૦૩.	કાર્ટૂન વિશ્વ	દલપતરામ	કરુણાશસ્ત્રિત કાવ્યો સંપાદક- ડો. ઇન્દુભાઈ ઠાકર	૧૫
૧૦૪.	સિધ્ધહસ્ત કવિ	મનસુખલાલ ઝવેરી	ચન્દ્રિકા	૧૬૩

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૧૦૫.	ભરભર છાંટુ અંજલિ	ઝવેરચંદ મેઘાણી	ચૌદારો	૫૬
૧૦૬.	ભરભર છાંટુ અંજલિ	ઝવેરચંદ મેઘાણી	ચૌદારો	૫૬
૧૦૭.	-''-	-''-	-''-	-''-
૧૦૮.	નર્મદને	ઉશનસ ઉર્ફે કે	પદ્યપરાગ	૧૧૭
૧૦૯.	ખબરદારને	-''-	-''-	૧૨૧
૧૧૦.	પ્રમાદી નાવિક	કાન્ત	પૂનલિપ્ય	૧૩૩
૧૧૧.	-''-	-''-	-''-	-''-
૧૧૨.	વિદુર પુરંગ	કાન્ત	પૂનલિપ્ય	૧૩૫
૧૧૩.	વિપ્રયોગ	-''-	-''-	૧૩૭
૧૧૪.	રજાની માંગણી	-''-	-''-	૧૪૫
૧૧૫.	ગાન વિમાન	-''-	-''-	૧૫૨

-૦-

P.T.O.

kalpana's

શોકોર્મિકવિતામાં પ્રગટ થતી દાંપત્યભાવના :-

દાંપત્યભાવના :-

શોકોર્મિકવિતા ઊર્મિકવિતા અંતર્ગત કાવ્યપ્રકાર હોવાથી ઊર્મિકવિતાનાં લક્ષણો તેમાં વણાઈને આવે છે. આ સર્વ લક્ષણોમાં સૌથી વધુ દૃઢપણે અસ્તિત્વ ધરાવતું લક્ષણ સહજોદ્‌ગારનું છે. અન્ય પ્રકારના ઊર્મિકાવ્યો કરતાં શોકોર્મિકવિતામાં લાગણીનો સહજોદ્‌ગાર' તે જ માત્રામાં અવતરતો જોવા મળે છે. કારણ કે પ્રેમ અને શોકની લાગણી જ તેના સાચા આવિર્ભાવ સાથે પ્રગટ થતી લાગણી છે. જેમાં સંસ્કારણ, ભયાસન, કે ઢાંકપિછોડો થતાં લાગણી કૃત્રિમ, નિર્જીવ , દંભથી કલંકિત થઈ તરત ભાવને ખંડિત કરી નાખે છે. આ બન્ને લાગણીનો ઉદ્‌ભવ, અનુભૂતિ અને અભિવ્યક્તિમાં કોઈ આવરણ શોભે નહીં, તે અસ્થાને છે. તેથી જ શૃંગાર અને કરુણ હૃદય પર રાજ કરે છે. વિશ્વમાં વિલસે છે. શૃંગારની આત્મીયતા, ઐક્ય, કરુણમાં વિષાદને, વિયોગને હૃદયદ્રાવક,ગ્રાહ્ય બનાવે છે. આ સંદર્ભે શોકોર્મિકવિતામાંથી દાંપત્યભાવના પ્રગટ કરતાં શોકોર્મિકવિતામાંથી મળતા શોક અને કરુણને જોઈએ તો તેની સઘન અભિવ્યક્તિ મળી આવવાની શક્યતા છે. દાંપત્યમાં આત્મીયતા, સાહચર્ય, પરસ્પર હૃદયનું ઐક્ય, જ્યારે કોઈ એકાદ પાત્રના અવસાનથી ખંડિત થાય ત્યારે વિખૂટા પડેલા, છૂટા પ્રેમી પડી ગયેલા વ્યક્તિની વેદના-સંવેદના શોક અને કરુણની કવિતા બની જાય છે. લાગણીનાં અન્ય રૂપોની અજ્ઞાતો ચ્યાલ અભ્યાસ દરમિયાન મળ્યો છે તેમાં મૈત્રી ભાવ, વાત્સલ્ય, માતા-પિતા-દાદા- બા અને ભાઈ-બહેન જેવી વાત્સલ્ય-મૂર્તિઓના સ્નેહમાંથી વિયોગ, વિષાદ અનેક કાવ્યોમાં અનેક રૂપે મળે છે પણ શોકોર્મિની તાજી અભિવ્યક્તિ, શોકની ઉત્તમ અભિવ્યક્તિ, અને કરુણની સ્થાનિષ્પત્તિ નિમિત્તે દાંપત્યભાવનાં કાવ્યો પર એક નજર કરવાનો અહીં ઉપક્રમ છે. આ પ્રકારનાં કાવ્યોને અનેક મુદ્દાને ધ્યાનમાં રાખી જોવાનો

kalpana's

આશય છે. આદર્શ દાંપત્યભાવ અથવા દાંપત્યભાવનો આદર્શ, શોકની અભિવ્યક્તિ, કરુણની નિષ્પત્તિ.

પતિ-પત્નીના દીર્ઘ સાહચર્ય પછી આકસ્મિક, કાયમી વિયોગ દાંપત્યભાવનાં કાવ્યોમાં વિષાદનું મૂળ છે. આત્માના ચૈક્યનું ખંડન, તલસાટ વલોપાત, ગફસોસ, એકાંત, ખિન્નતા, ચર્ચી દે છે. દાંપત્યપ્રેરિત શોકોર્મિકવિતાની ભાવાભિવ્યક્તિનું આ વૈવિધ્ય છે. આ વિવિધ ભાવાભિવ્યક્તિ આત્મલક્ષી અને પરલક્ષી સ્વરૂપે પ્રગટ થતી આવી છે. સુખદ મધુર દાંપત્યનો આનંદમય વાસ્તવિક ભૂતકાળ જ્યારે સ્મરણ રૂપે કાવ્યનો વિષય બને છે ત્યારે ભૂતકાળની વર્તમાન દુઃખદ બની જાય છે. દાંપત્યપર આધારિત શોકોર્મિકવિતાની મુખ્ય અભિવ્યક્તિ ભાવા સ્મરણો પર આધારિત છે એ સિવાય મૃત્યુ, વિયોગની ગ્લાનના, આત્મવાસનનો પ્રયત્ન ઘણાં કાવ્યોમાં જોવા મળે છે. કુંવારમય ભૂતકાળનું સ્મરણ શોકમય બને છે.

દાંપત્યભાવના પર આધારિત શોકોર્મિકવિતામાં મૃત્યુનો મંગલ અભિગમ, વિયોગવિષાદની ઉત્કટ અભિવ્યક્તિ, અંજલિ અથવા કાવ્યાંતે શુભભાવના, અને કરુણરસની નિષ્પત્તિ ઉત્તમ ઉપલબ્ધિ છે. ઘણાં કાવ્યોમાં શોકમાંથી સીધી કરુણની રસનિષ્પત્તિ થતી છે તો કોઈ કાવ્યોમાં અન્ય રસમાંથી કરુણની સંક્રાંતિ થતી જોવા મળે છે. અન્ય રસમાં શૃંગાર, વીર, કે વાત્સલ્ય બહુધા બને છે પણ જેમાં લક્ષ્ય તો કરુણ નિષ્પત્તિનું જ હોય છે. 'અષ્ટક સવારી' માં સુંદરજી બેટાઈ વર્ણવે છે કે.....

"...જ્યાં પ્રેમનાં મંગલ મંત્રદર્શન
અપૂર્વ-દાંપત્ય - વિજયત્વ લાદશું ...અને તરત જ
...ત્યાં મૂક ભી મૃત્યુનું વ્રજ્યક
સહસ્રધા ચકમંતુ શું દીકે..."

જેમાં મૃત્યુના ભાવથી કવિ દાંપત્યને ઝણઝારે છે. ર.વિ.પાઠક 'છેલ્લું દર્શન' માં માંગલ્ય અર્પી દાંપત્યને આ રીતે જ ઝણઝારે છે.

kalpana's

૨. "ધમાલ ન કરો, ધરો બધી સમૃધ્ધિ માંગલ્યની,
ધરો વસ્તુ દીપ ચંદન ગુલાલ ને કુંકમ
ધરો કુસુમ શ્રીફલો, ન કરી જીવને આ ચલો
સુયોગ અમૂલ્ય સુંદર સુહાગી માંગલ્યનો"

× × × ×

મળ્યા તુજ સમીપ અગ્નિ ? તુજ પાસ મુદ્દાં પિંજે
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?"

આપણાં દાંપત્યનો ઉત્તમ સાક્ષી જ અગ્નિ છે. તેની સાક્ષીએ આપણે મધુર દાંપત્ય પામેલા તેની જ સાક્ષી અંત સમયે છે. "હિન્દુઓમાં લગ્ન અગ્નિની સાક્ષીએ થાય છે માટે કહ્યું છે કે, પ્રથમ તારી સમક્ષ મળ્યાં જ્યાં અને અંતે છેલ્લું જુદું પડવાનું પણ તારી (અગ્નિના અગ્નિ) સમક્ષ થાય છે દાંપત્યના બન્ને કાલનો એ સાક્ષી છે." મધુર દાંપત્યમાં મૃત્યુ નિમિત્તે કાયમી વિયોગ જ શોકોર્મિનો ઉદ્ભવ અને કરુણ નિષ્પત્તિનું કારણ છે. પ્રસન્ન દાંપત્યની મૃત્યુથી કરુણવિષાદ અંત કાવ્યમાં શોકની અભિવ્યક્તિ આપે છે અને અગ્નિની સાક્ષીએ વિદાય-મૃત્યુનું ગૌરવ વધારી માંગલ્ય ગાયું છે.

બ.ક.ઠા. શોકોર્મિને બે વિભાગમાં વહાવે છે. 'વિરહ-પૂર્વધિ' શૂન્ય અને વિયોગ ક્ષિપ્ત ઉત્તરાર્ધ ભાગ- પૂર્વધિની કલાત્મકતા એ છે કે તેમાં વિરહને ઉત્કટ બનાવનારા સ્મરણો, પ્રસંગો, ઉક્તિઓમાં તત્સ્વરતા સાન્નિધ્યની રંગપૂરણી છે. બાકી પત્નીને મૃત્યુની ચટકણથી કવિ ચોંકાવન આપે છે.

૩. "વિદાય સખી લ્યો દિસો, ઘટક બોટી ચિંતા બધી
સિરોપિ-ચિત્ત ચ્યોત-પ્રાણ, ચિરદૃષ્ટિ જીવન નિધિ"

પત્નીના મૃત્યુની ઘડીઓમાં પ્રસન્ન દાંપત્યનો પણ અંતકાળ જોઈ કવિ એની પહેલાની એકલતાનો ચમકાર ચમકે છે. છતાં બધી પત્નીના હૈયાને હાથ વળે તેવા વચનોથી આશ્વાસન આપે છે. ઉત્તમ પ્રકૃતિધર્મ પ્રતિધર્મ, દાંપત્યભાવ

kalpana's

અને સહજીવનના સાહચર્યનાં કેમલનો પૂર્વાર્ધ ભાગમાં સુંદર છે. સાહચર્યના પ્રસંગો કવિ પૂર્વાર્ધમાં મુક્તકમાળાની જેમ ગોઠવે છે. ઉત્તરાર્ધ વધુ હૃદય-દ્રાવક વિરહ-ઝલતી વેદનાથી ભારે શોકમગ્ન લાગે છે. પત્નીના મૃત્યુ પછીની એકલવાયા કવિની સ્થિતિનો ખ્યાલ ઉત્તરાર્ધમાં છે. સહજીવનનો ખ્યાલ પૂર્વાર્ધ આપે છે. આદર્શ દાંપત્ય જીવનના મેઘ અને વિચ્છેદ સમયેની અનુભવાતા નીવડ વિયોગમાંથી સિધ્ધ થતો હોય છે. પોતાના પદની નમ્રતા, સભાનતા જાળવવી એ જ દાંપત્યનું મુખ્ય સૂત્ર છે પત્ની ગમે તેટલી મહાન હોય પણ પતિ ગાગળ તે માત્ર તેની પત્ની છે. એ ક્રમમાં ચંદ્રમણિ પતિનું ગૌરવ કરે છે કે.....

૪. "અને બન્નેનું આ વર્ષનું જૂનું અદ્વૈત જ લઈ
હું તો ચાલી જવાલા, મુજ રવિ પરે તારક તમો"

જેમ સૂર્યમાંથી તારો છૂટો પડે તેમ હું તમારાથી છૂટી પડી જઉં છું. સૂર્યમાંથી છૂટો પડેલો તારો જેમ દિશાવિહિન બની જાય, અને અસ્થિર થઈ જાય તે ગતિ મારી છે. આત્માના મેઘમાંથી છૂટવાની, તૂટવાની-વિચ્છેદની ક્રમશઃ વ્યક્ત કરતી વેદના આ પંક્તિઓમાં છે અને એમાં લાચારી પણ દેખાય છે.

મધુર દાંપત્યના દૃષ્ટાંતોમાં એક જુદી ભાત પાડતું ઉમાશંકરનું "પ્રાણનો શશિહ" ઝીરાધર ચિકપીના મેઘકાળ અને શહાદત પર લખાયેલું કાવ્ય છે. કાવ્યમાં "લો હું પીઓ....." પંક્તિમાં ઝીરાધરને પૂરી દીધા પછી તેની પત્ની શુભલક્ષ્મી તેને ઘી પાવા આવતી બની એ દૃષ્ટાંતનો ઉલ્લેખ છે. મરણ-સમીપ ઉભેલા ઝીરાધરનું પત્ની સાથેનું છેલ્લું સાહચર્ય, સાયુજ્ય અને પત્ની પ્રત્યેનો ઊંચો સદ્‌ભાવ ઝીરાધર નીચેની પંક્તિઓમાં વ્યક્ત કરે છે.

૫. "તારી રૂપ તે મુજને દીધેલાં
ન સર્વ જે હું જગને દઉ શક્યો
આપણા સ્નેહનું મૂર્ત રૂપ
પીજી રહી તે ય ના દેખવા ટક્યો"

kalpana's

આ પંક્તિઓમાં પ્રસન્ન મધુર દાંપત્ય, સુખની આગાહી અને દુઃખની સંભવેતી કરુણ ઘાતક વિદાયની ઘડી, પત્ની પાસે લાચાર સ્થિતિ અને પિતૃવત્સલ હૃદયની પ્રકટ પ્રસવતીવેદનાને ઉપર્યુક્ત શબ્દો વાચા આપે છે.

પત્ની અને પતિ દાંપત્યના ઉભય છે. બન્નેનું મૂલ્ય સરખું છે. બન્ને સમદુખિયા અને સમભાગી છે. બન્ને પરસ્પર સન્માનની નજરે જોવા જોઈએ. ખ.ક.ઠા. ની 'છેલ્લી યાત્રા' કાવ્યખંડમાં પત્ની પતિ પ્રત્યેનો સદ્ભાવ વ્યક્ત કરે છે. પણ 'જ્યા ટાણે' કાવ્યમાં પતિ પત્નીને સન્માનની નજરે જુવે છે. પ્રસન્ન દાંપત્યની આ પણ એક નિરાળી ઝલક છે.

૬. "ઘરંત ઊંડી કો સ્વભર બની એક રટણ"
ક્ષણોમાં પૂરીને જીવન બનતે શાશ્વત ક્ષણ
જ્યા ટાણે સન્ધ્યે ગમન નવરંગે મુજ રહ્યું"

'જ્યા ટાણે' સ્થિતિ જ સમયને અને જીવનને ચાહનાથી ભરી દે છે. આજ સુધી જીવન સ્વભર બન્યું, આનંદમય બન્યું એમ કહી કવિ પરોક્ષપણે પોતાના ભૂતકાળ પરત્વેનું આત્મદર્શન પણ કરાવે છે અને સાન્નિધ્યનું મૂલ્ય પણ વ્યક્ત કરે છે.

હીરાબેન પાઠક 'પરલોકે પત્ર'માં પતિવિયોગની પળોમાં લખે છે કે "પત્ર જ લેવું ખોટ્યાનું કથા" લખે ત્યારે એમ લાગે છે કે દાંપત્ય કેટલું પ્રસન્ન મધુર હશે ? પતિ વિનાનું બારદૂપ જીવન જાણે કે મૃત્યુ તરફ ગતિવેગથી ઢસડાઈ રહ્યું છે. મેઘલ વાયા જીવનની એકલતાને ગાવી ગતિ ? એમાં ઢસડાવાની વેદના છે. "જીવવું ? પૂરપાટે મૃત્યુમુખે ધસવું છે મારે" સંસારમાં આમ એકલા મૂકી જતા રહ્યા હવે તો ભગવાનક આ સ્થિતિમાં તેમની જીવના કરવી પણ નકામી છે.

૮. "રે.....રે.....આ તે કેવી ક્રૂર ઘટના
તમે જે સદા સલ્લતમાન
જીવન સાથે જડેલા

kalpana's

જે તમોને કદી આંહીથી દૂર જોયા નથી
ઝંખી, ઝંખી, ઝૂરી ઝૂરી
જાણે કે હું આ જીવ્યું જ નથી.....''

આ પંક્તિઓમાં આત્મીયતા, દાંપત્ય, રટણા, શોક, ઝૂરાપો, અને એકલતાનો સમન્વય છે. પત્નીના હૃદયોદ્ગારની અભિવ્યક્તિ આ પંક્તિઓમાં માંલિક છે આત્મીયતા દાંપત્ય અને શોકોર્મિમાં સમાન ભૂમિકા ભજવે છે. બન્નેમાં તેમાંથી નિપજતો વિયોગ- વિષાદ શોકની અભિવ્યક્તિ આપે છે. આ શોકોર્મિકવિતામાં આત્મીય, ઐક્ય પામવાનું તત્વ છે. શોકોર્મિની અભિવ્યક્તિ માટે આત્મીયતા જરૂરી છે. 'પરલોકે પત્ર' આમ તો પત્રકવિતા છે પણ પત્રકવિતાનો આદર્શ કંઈક આવો છે. તેમાં (૧) વ્યક્તિ કલ્પિત કે અસ્તિત્વ ધરાવતી વ્યક્તિ હોઈ શકે . (૨) મિત્ર, પ્રિયતમા, કે મિત્ર કે લખાયેલી કવિતા હોય (૩) સંદર્ભનું પાત્ર સદ્ગત પણ હોઈ શકે (૪) કવિતા પત્ર રૂપે લખાઈ હોય (૫) સ્થળ, દિનાંક, સંબોધન, સ્વાક્ષરિનંગ જેવા વિવિધ અંગો પત્ર કવિતામાં વણાઈને આવે આ સર્વમાં અતિ મહત્વનું જે છે કે (૬) પત્ર સંબોધિત પાત્ર સાથેનો આત્મીયત વ્યવહાર છે. માટેજ ચંદ્રશંકર શુક્લ કહે છે કે ૯.'' તેમાં આત્મીયતાનો ઝરકો, ઉદ્ગાર, હોય. બીજું પત્ર તે મધુર સંબંધનો વ્યવહાર છે. જેથી પત્રકવિતા માધુર્યપૂર્ણ હોવી જોઈએ આત્મીયતાનું લક્ષણ મધુરતા છે. પ્રસન્નતામેરક વાણી તેમાં પ્રયોજાવી જોઈએ.' ૧૦.''હીરાબેનનું પ્રદાન તેમાં સર્વોત્કૃષ્ટ ગણાય તેવું છે, પાઠક સાહેબને સંબોધી લખેલાં તે પત્રકાવ્યો તેમના પ્રસન્ન મધુર દાંપત્યજીવનના અને સાથે વિરહના ઉદ્ગાર રૂપ છે.'' ઉપર્યુક્ત પંક્તિઓ પણ પ્રસન્નમધુર દાંપત્ય અને ઘનીષ્ટ એકતા સિધ્ધ કરે છે.

દાંપત્યભાવનો આદર્શ વ્યક્ત કરતી કેટલીક ઉત્તમ પંક્તિઓ ઘ.ક.ઠા.ના ગ્રંજલિ કાવ્યોમાં મળે છે. પત્નીનો પતિ પ્રત્યેનો ભાવ, દાંપત્યની ઝંખના, અનુભૂતિ, પતિ એક પ્રેમાળ આત્મીયજન, પતિ સમાજ માટે, સંસાર માટે અને પોતાને માટે બનવા પોતાના જીવનમાં તેનું સ્થાન જેવાં અનેક દૃષ્ટિકોણ

kalpana's

નીચેની પંક્તિમાં મળે છે.

૧૧. "પરંતુ ઓ પારા, કઠણ કુમળા પ્રિતમ નમે
ચરે, એ તો જાણે કમઠપીઠની ઢાલ ઉપલી
ચરે, એ તો જાણે માલો, મૃદુલ રસાળીનો અનુપમ
નહીં એ એકાકી જિવન જીવવે પ્રીતરહિત."

જેમાં "ચરે, એ તો જાણે માલો, મૃદુલ રસાળીનો અનુપમ, દાંપત્યના સ્વરૂપનો ખ્યાલ આપે છે. પરસ્પરના સંબંધોના સ્વરૂપનો મર્મ આ શુદ્ધ આપે છે સમગ્ર સંસાર માટે, બધ બાહ્યજગત માટે પતિનું જગે ને સ્થાન હોય પણ પત્ની માટે તેની નજરનો ખૂણો સવિશેષ હોય છે પત્ની માટે તે સર્વસ્વસાર આત્મીયજન છે. આવી ગહન આત્મીયતા, એકનિષ્ઠા , ગંભીરપણું , નિકટતા અંતરનું ઐક્ય દાંપત્યમાં સિધ્ધ થાય છે તેનું રહસ્ય પણ એ છે કે જેમાં પ્રેમમાં ઉભરા નહીં ઉભાની જરૂર છે, શિષ્ટાચારની નહીં નિખાલસતા અને નિકટતા જરૂરી છે. મોટા જંગલો ગજતો, બળકર પ્રાણીઓને ફાડી ખાતો સિંહ પોતાની પ્રેયસી પાસે કેવો વાત્સલ્યસભર કોમળ હોય છે ? ઐક્ય, નિકટતા, નિખાલસતા, નિર્દંભપણું, અને કોમળતામાં પ્રેમ જીવે છે. પ્રસન્ન દાંપત્યનું સાદર્શ રૂપ અને તેની સભર કવિ આ દૃષ્ટાંત દ્વારા નીચેના શબ્દોમાં આપે છે.

૧૨. "વસે વન ગજતો, મૃગ દુજતો કેસરી
સુકોમળ, શુચિ ત્રિભંગ, પ્રણય લોચના પાસ બે
(બધી પ્રકૃતિ) ઉર રે, રમણીયાળ સાથી બને."

જેવી કોઈ અનુભૂતિમાં કવિ દાંપત્યનો તાગ મેળવે છે. દાંપત્યજીવનના ઉત્તરાર્ધ અને પૂર્વાર્ધને સાંધતો સ્પષ્ટ કરતું દૃષ્ટાંત પણ નોંધપાત્ર છે.

૧૩. "વહે છે કાવેરી, રૂમઝી કપિદેવાલય કને
નહીં છે આરોહ, દધિભરતી એ ધિષ્ટ કરતી
જ્યાં કાવેરી ત્યાં, પ્રણય વરસોમાં પુર તમે
થયાં છો જી રેવા, સમયપરિપાકે પ્રિયતમે."

સંધ્યા મનોસ્થિતિમાં ઉછળતી કાવેરી જેવા બને તમે સાગરને મળવા જતી

kalpana's

રેખાની ગંભીરતા ધારણ કરી છે. આ સાહચર્યનો, સમયનો પરિપાક છે ઘણીવાર રેખા રૂપે તમે પાવન લાગો છો નર્મદાનું રેવારૂપ દર્શન, એ તેની ઉત્તમ ૫.૬.૦નું મૌલિક અર્પણ છે. પુરુષાવસ્થા, સંસારતા અને પ્રસન્ન-ગંભીર દાંપત્યભાવના ભાવો આ દૃષ્ટાંત તાદૃશ કરે છે. ૫.૬.૦.ના કેટલાંક ૪ દૃષ્ટાંતો, ભાવચિત્રો સુરેખ છે. 'ઘુમિઝરી' એક આગવું જ કાવ્ય છે. પત્નીનો આત્મા વિશ્વવ્યાપી પરમાત્મામાં ભળી ગયો છે. કવિ આત્માની વ્યાપકતા ચાખિ કરે છે. પણ ખૂબી એ છે કે સાથે સાથે પોતાની સાથે હું નવું અનુસંધાન પણ પુરસ્કાર કરી આત્મીયતા સિધ્ધ કરે છે. 'ઘુમિઝરી' બનીને તે સર્વત્ર ફેલાઈ જતું જણાતું છે. છતાં પણ કવિને બાજે એટલો જ બાજ છે.

૧૪. "અકારણ ઉઠે, શમે, રચાયે બધે, દશા સર્વમાં
બધે મુજ સહે સદાય, અખિલાજ્ય છાયારમા."

'અખિલાજ્ય છાયારમા' પ્રયોગમાં આત્માનું ઐક્ય, પત્ની પતિની છાયારૂપ-જીવનની એકરૂપ સ્થિતિ પારિભાષિક અપાર્થિવ નિરાકારમાં રચાયેલા જોઉ . 'ઘુમિઝરી' રૂપે પ્રસરેલા આત્માને સંબોધી કહે છે :

૧૫. "ચરે, નર સરે બધે, ઘુમિઝરી ઝરો સદા
બધો વિમલ, નિર્મલ, વિમલ
નયન શોત ઉર્ધ્વ ના "

આ ઘુમિઝરીનું ઉદ્ભવસ્થાન કવિનું હૃદય જ છે. તોય કવિ સાથે તેનું અનુસંધાન શક્ય છે. મૃત્યુ પામેલી પત્નીના આત્મા સાથે, મૃત્યુ પછી પણ ઐક્ય અનુસંધાન અખિલાજ્ય સંજ્ઞા ધરાવી રહી કવિ આત્મીયતા પુરસ્કાર કરે છે. આત્માના અમરત્વથી કવિ પુલક છે. અને બે ખરેખર આદર્શ દાંપત્યની જ ફલશ્રુતિ છે.

પ્રસન્ન-મધુર દાંપત્ય જ્યારે મૃત્યુજન્ય શોકથી ખંડિત થાય અને પ્રેમીપાત્રને કાયમી વિયોગની ખિન્નતા મળે ત્યારે તેને સમજાય છે કે સંસારનો

kalpana's

સાર પોતાનું પ્રેમી પાત્ર છે. સંસારનો આજે પણ પહેલાં જેવો યથાવત્ છે. પણ તેની ભાજરીથી બધું બધું લાગતું હતું તે સંસાર સૈકાર સમો, સંસારમાં ઘૂમતા પડેલાં એકલતાયા માનવીને સાલની એકલતા ભરી દેતો, વ્યાપક નિરાશા, જડતા, અભાવ વર્ષી દેતો લાગે છે. અંતરને વલોવતી આવી જ વેદના ઉ.કે.ઠા. "વિરહ-ઉત્તરાર્ધ- કાલક્રમે ક્રાંતિ" માં અને ખાસ કરીને વિરહનું આંસુ"માં વ્યક્ત કરે છે. સંયોગકાળમાં જે દુઃખો સુખદ બનેલું પ્રેમ વધારે, તે દુઃખો, રુચતો, ક્રમસ્તો વિયોગમાં શોક ઘટાડે છે સંયોગમાં, કુમાર વ્યક્ત કરનાર બાલોનાદ્ર્ત્રસ્તો વિયોગમાં શોક ઘટાડા કરુણ નિષ્પન્ન કરે છે.

"...છે એ શૈશવ, નદી , બગીચો, ગેજ કુરંગી કોકિલ
એ સૌંદર્ય અહીં પણ જોતાં, શોક બને વિષ કાતિલ"

એકલતામાં દાંપત્યની સ્મૃતિ વિયોગની પળોમાં હૃદયને રડાવી દે છે 'જાગરણ' કાવ્યમાં સુરેશ અને તાદૃશતાથી આ ભાવના કવિએ આલેખી છે. વિરહની પરાકાષ્ઠા અને ચાત્માના એકલને કારણે આ કાવ્ય બનાયાસે ઉપસી આવે છે. ચિદાત્મકતાની ચચોટ, આખેખુ તાદૃશતા વર્ણનમાં છે. કાવ્યનો ભાવ આ પ્રે પ્રમાણે છે. અડધી રાતે વિચારસંદોળ અને વિરહમાં ચટવાયેલા કવિને ઉંઘ નથી આવતી, પાસેય બાજુ સાક્ષીરાત વિકસી છે. કવિની કલ્પના-શક્તિ સીમા ચોળંગી ગઇ છે. બીમાં પડ્યા વસ્ત્રોમાં સાગરના તરંગો જેવો સળવળાટ કરી જાય છે. ત્યારે કવિને ભેમ થાય છે કે મૃદુ શ્યામે પત્ની આરામની ઉંઘ લઇ રહી છે. ચાંદનીના વતુળો પણ અનેરી શોભા પાથરતા ઉભાં, ત્યારે ઉત્કટ મનોવ્યથાની વ્યક્તિ કવિ પત્નીને સ્પર્શવા જાય છે. મનમાં ભેમ થાય છે કે લાવ, બટન દાબી દીવો કરી દઉ, બે વિચાર મનમાં મૂઝવો કે ન મૂઝવો બે ક્રિયા લેવા ચ તે પહેલાં તો હાથ બટન પર જઈ મૂક્યો, અનાયાસે બટન દબાઈ ગયું દીવો સળગી ઉઠ્યો પણ કવિ કારમી વાસ્તવિકતામાં પટકાઈ જાય ભેમ કે.....

"...ઝૂલો બે મટ્યો ન સ્પષ્ટ તરી તો

kalpana's

૭૭..."ઝૂંટો મે પ્રકટ્યો ન સ્પષ્ટ નહીં તો
પ્રકટી ગયો દીપ મે
બાલી પુતળીજ ચાંપનો જ પડ્યો
તેમાં ચન્દ્ર સ્વાસ હું"

ભાવવિશ્વોદ્ર થઈ ગયેલાં કવિને માટે બાલી પુતળીની કારમી વાસ્તવિકતા અતિદુઃખદ બની જાય છે. એમાં કલ્પના, અભિવ્યથા, વિરહ, ચિત્ત ચિન્તાત્મકતાનો સુંદર સમન્વય છે. પત્ની તો ગઈ પણ તેના સ્મરણો પણ પ્રકાશ પ્રકટિત માનસ। કોઈપણ દેનો નથી કહી કવિ જાણે કે એક દીર્ઘ-નિશ્વાસ મૂકે છે કે.....

૧૮..."એકે એક સમસંત મે સ્મર્યા
બેઠા ગઈ ચાથમી
ને બીતી ય નિશા, ઉભા ઉડતી શી
લ્યાળી રવિ નિષ્ઠુર"

એકલતામાં મધુર-દાંપત્યની સ્મરણવિહાર અને તેમાં પણ કુમળા હૃદય પર ચોટ કરતી ઘાતક વેદના કવિની વ્યથાને પારદર્શક રીતે રજૂ કરે છે.

દાંપત્ય-જીવનમાં મુખ્ય આધાર પરસ્પરના હૃદયના મેળનો છે. પતિ-પત્ની જ, આખા સંસાર માટે, એમનું સાયુજ્ય જ x , સંસારનું સુખ છે. જીવનમાં અન્ય પાત્રોની ઉણપ હોય પતિ-પત્નીજ એક બીજા માટે સાચો આધાર છે. એમના થકી જ જીવનનું સુખ છે. એક બીજા માટે પતિ-પત્નીજ સ્વજન છે. અન્યકરતાં તેમનું મૂલ્ય પોતાના જીવનમાં કંઈ જ છે. એમની સરખામણીમાં બીજા મનુષ્યો જંતુ સમાન સામાન્ય છે. એમનું સ્થાન કોઈપણ જીવનમાં અદ્વય છે. એકલતામાં કેમ કરી જીવવું એવો પ્રશ્ન સતત જાગતાં જીવનની ઉદાસીનતા વધતી જ જાય છે. ઉત્કટ શોક વધુ ને વધુ તીવ્ર બનતો જાય છે. અને અંતે વિરહ - શોક- કરુણતામાં પરિણામે છે.

૧૯..."ગઈ સ્વજન-હીન, સ્વગૃહહીન જીવું હું તો
હતો ઘર થકી મહેલ, તું જતાં વિશેષો હવે" વળી

kalpana's

તને જીવન રાખવા, કરી ચૂક્યો બહું વ્યર્થ તે
અને ખિદ્યુત વ્યર્થ સર્વ જીવવું મૃતા તુલ્ય મે''

પત્નીના અવસાનથી વિયોગ, આક્રોશ, વિલાપ, પ્રલાપ, કરુણ ગંભીર રૂપ પકડે છે. પત્નીને જીવાડવા માટે કરેલા પ્રયત્નો તો વ્યર્થ ગયાં તેનું દુઃખ છે પણ હવે પત્ની વિના જીવવું તેનાથી પણ વ્યર્થ બની ગયું છે. અહીં પત્નીનો અભાવ અને એકલતા સ્પષ્ટ પણે તારસ્વરે પ્રગટ થાય છે. પત્ની સિવાયના બધાજ મનુજ જંતુ પરકીય લાગે છે તેથી કાવ્યનું શીર્ષક પણ તે 'મનુજ જંતુની અલપતા' આપે છે. કવિના જીવનમાં પત્નીનું સ્થાન બીજું કોઈ લઈ શકે એમ નથી. માટે જ 'વિરહનું આંસુ'માં ૫.૬.ઠા. કહે છે.

૨૦. ''હે સૌંદર્ય, અમી પણ જાતાં, એક બન્યું વિધ કાંતિ
પ્રભુ, હું તે કેમ જીગરને ઠારું રે
ક્યાં થ ઉરના થર થે મારું''

રુદનમય વિલાપ, ઉત્કટ વિરહ, વિયોગના આસ્વાદ્ય, સહજ-, કરુણ ગંભીર બની રહે છે. પત્ની વિનાનો સંસાર ચૂનો લાગતાં કવિ અકળાઈ ઉઠ્યા છે. શાંતિ માની નથી. વિયોગ જન્ય ભાવથી ભંગાયેલા હૃદયને તૂટવાની વ્યથામાં મૂકી કવિ આડકતરી રીતે દાંપત્યનું મૈત્રી જ પ્રગટ થાય છે. ખિદ્યુત વ્યર્થ લાગતી જિંદગી એકલતા, વિયોગે ભડકે બળે છે ત્યારે કવિ કહે છે ''કેમ જીગરને ઠારું'' વિત્ત, ઘર, ઘરના સભ્યો, બધું જ હોવાં છતાં પહેલાં ઠરતું હતું તે મન હવે પત્ની ગયા પછી ઠરતું નથી. દાંપત્ય નિમિત્તે ૫.૬.ઠા. સ્નેહભિમંત્રિત પણ ચારી કરે છે.

૨૧. ''સ્નેહ મુજ હતો, હોય - ન હતો, ન મે સિધ્ધ શું ?
સ્નેહ ગુરુ વર્ષનો, અમરદીપ તો તે હતો
બુઝાય કયમ તે ખરો, પણ બુઝાય જ્યારે છતો ''

સ્નેહ તો મુક્તમનો દીપક છે. માનવતા બુઝાવાથી બુઝાય નહીં, આત્મા જેજ સ્નેહની જ્યોતિ છે. જ્યોતિ જલાવી બંધારું થાય છે અને જેજ આત્મજ્યોતિ

kalpana's

બીજા ઘરમાં કે બોળીયામાં બચ્ચાંનું પાયરે છે. જેમ પ્રાતઃ સવાર કે સાંજ આપણે માટે છે સૂર્ય માટે નથી તેમ દુઃખ, શોક, હર્ષ, મરણ, જન્મ આપણે માટે બધા ભેદ છે. આત્મા માટે નથી તે અજર છે અમર છે માટે સ્નેહ સનાતન છે. અન્ય ચર્ચા કરવી વ્યર્થ છે.

''અરે મજા, રે મતિ, ઉર બળી થ તાવો વૃથા''

હું ને મારો સ્નેહ આજે ય યથાવત્ છે. સ્નેહીજનોમાં સ્નેહનું જ સ્થાન અમર છે સ્નેહ ચૂકીને માણસ જાય અને માણસ લાચાર બને ત્યારે કાળ જાણે કાળો કેર વર્તાવે છે.

૨૨.''નિરાત્ર ઉંડા તેહ, ઉજાગર ઉન્મેષો અગર
જ્યનાં નિરદેહ, મધુજ જંતુના કાલ પર''

માટે કવિ કહે છે કે.....

૨૩.''અરે મજા, રે મતિ ? બધા કરો હવું પ્રસ્તુને
હવનાં જ પ્રતિપ્રશ્નથી , નવત્વમે છૂટે સેહવાં''

સ્નેહની સમજ દરમિયાન મનમાં જાગતાં મંથનને કવિ દાંપત્યનાં, ઝમરૂખોમાં વિકસે માને છે. તે પત્નીના સ્નેહનો મહિમા ગાય છે. સ્નેહનું ચેતન દાંપત્યભાવને સચેત કરી દે છે. દાંપત્યને ટકાવનારું, ઉછેરનારું અને જીવાડનારું કોઈ તત્વ હોય તો તે સ્નેહજ છે. સ્નેહ વિના દાંપત્ય સંભવ જ નથી માટે દાંપત્યમાં સ્નેહનું સ્થાન પ્રાણરૂપ છે.

દ્વૈતના ચકડોળે ચડેલા મન-બુધ્ધિ-મતિને કવિ કહે છે કે તમે મારા વ્યથિત હૃદય પર વિષાદનું નાંખો છો. અમે ક્યાં જુદા જના ?

૨૪.''ભિન્નાત્ર કરજ સોધ્યનાં, સહજ ધર્મ ઋણ્યનાં
પરસ્પર લહ્યાં સુખો કલધન્ય સોહામણાં
સુખી નવ હું મે હું થી ?
નવ સુખી હું હું મેહ થી ?
બન્યો સતત સોબતે હૃદય

kalpana's

અહં બનાં એક શું ?
સુધન્ય, સ્વ્યોમ, મૌક્તિક
ય નાં અમારો બનો ।।

અહીં વિધિબધ્ધ પ્રણયમાંથી સાધેલી અલૌકિક એકતા અને મધુર દાંપત્ય સિધ્ધ કરે છે. બન્નેના આત્મા મૈત્ર્ય પામ્યા ત્યાં તેની ખાતરી પરસ્પર સુખે સુખી અને દુખે દુખી અવસ્થામાં કવિ સિધ્ધ કરે છે. દાંપત્ય સુખ-દુખના તાણા-વાણાથી ગૂંથાયું જ્યાં મતિ-મજા - ભાવ-બુધ્ધિ ને તેથી પ્રસન્નો પ્રણય પ્રજ્ઞાની ના ભક્ત પાડે છે કવિ કરે છે કે જો તમે અમારા દાંપત્યને ચકાસવાનું છોડો, અમે સુખી ભલા, એક ભલા, દાંપત્ય સુખી મિઠકાની અમે બે- બન્ને બાજુ ભલાં આમ કેવી ભૂમિકા પર પ્રસન્ન વૃધ્ધ બદારા દાંપત્યની એકતા સિધ્ધ કરે છે.

બ.ક.ઠા.ના વિરહ - કાલદગ્ધે શાંતિ-વિભાવના કાવ્યોમાં વિવિધ કોણાસ્ત્રોમાંથી દાંપત્યભાવના વિવિધ બાદલાં સિધ્ધ કરે છે. વિવિધ દૃષ્ટિકોણ થી દાંપત્યના જુદા જુદા રંગો કવિ બતાવે છે. દાંપત્યને ચોટદાર દૃશ્યો, દૃષ્ટાંતોથી કવિ રજૂ કરે છે. 'ચકરડું' કાવ્યનું કથ્ય એ દૃષ્ટિએ નોંધપાત્ર છે. ચાલતાં ચાલતાં કવિ કૂણી લાજ ઝાડીમાં ઉભા ઉભા કવિ વિચારે ચઢી જાય છે. તરંગે ચઢી જાય છે તે સમયે એટલું ચોક્કસ બને છે કે સામે ઝાડ નીચે પત્ની, બાળક અને પોતાને સુખી પરિવારમાં જુએ છે. બાળક ચકરડી લેવ પડવાથી બેદ ચુકવે છે. ચકરડી ફરવાથી બાળક, બાળકને લીધે માતા અને (માતા) પત્નીને લીધે પતિને આનંદ મળતો જાતો તે વિક્ષેપ ક્યો ચકરડી લેવ પડતા બાળક અને તેની માતા સ્તબ્ધ, થઈ ગયાં, કવિથી આ સહેવાતું નથી કરી આનંદ વિખોર બનવા માટે કવિ ચકરડીને ભોંયે ચકાડો દેવવા જાય છે ત્યાંજ .....

રપ.ાને મેં યે લાંબો, કર જરિ ક્યાં મે પકડવા
ચકડાને ઠબકી, ઘુમરિ અને ચારિમ થવા
તિહાં તો કંપુલી વળવિ મુજ કૂંણી દૂરી કરી

kalpana's

ઉન્હા રુપો ન્હાનું, દરશ-મીઠું એ એક શમતું
શું માનું ? તે હું જડભરત ઉભો થઈ રહ્યો
ગરુપે થી જોતો મુરખ તરુ ને કુંણી વસતો ''

દુનિઝણી, વિરહનું આંસુ, ચકરડું , જાગરણ વગેરે કાવ્યોમાં કવિએ પ્રસન્ન મધુર દાંપત્યને પ્રસંગોપાત રજૂ કરે છે. કવિ એક પ્રકારનો ભાવ વ્યક્ત કરે છે કે આ પ્રસન્ન મધુર દાંપત્ય ઈશ્વરદત્ત ભેટ હતી તેના મીઠા સ્મરણો વાગોળતાં કવિ ભાવવિભોર થઈ જાય છે. આ પ્રસંગો બરોબર વાસ્તવદર્શી, ભાવોદ્ભવ, ચિંતનાત્મક, તાદૃશ, સચોટ છે કવિ કહે છે.

૨૬..''જિહાં તુજ સુધારણા જ, મુજ એક ચિંતા હતી
X X X X
ધરી જરૂરતો જિહાં, મુજ સુધારણાની હતી''

કારણ કે કવિ એકરાર કરે છે કે પતિ થવા માટે તેણે બહેદ બુધ્ધિ તો કેળવી જ લીધી હતી પછી એક પતિ તરીકે, પત્ની થવા માટે હું તેને શું સુધારવાનો હતો બરોબર તો .....

૨૭..''હતો હમદે સંત નિજ સ્વપ્ન લહેરો વિશે -

તેથી મારે જ સુધરવાનું હતું. પત્નીના અનેક રૂપો, કૃત્યોથી કવિ પ્રભાવિત થાય છે. પત્નીની તપસ્યા, ટેકની મક્કમતા, અતાગતા, સહિષ્ણુ કૌતુકો, પત્નીરૂપે, પ્રિયરૂપે, સહચારીણી, વચન બધ્ધ શિષ્યા, પ્રેરણામૂર્તિ, મુક્ત-પત્ની શું શું નહોતા ? આવડા મોટા સંસારમાં, સપનાંઓમાં સાચા સ્વજન એક માત્ર પત્નીજ હતાં કારણ કે.....

૨૮..''અને વિકલ દેહ, ત્યાં જગત લાજ્ય નારો ધરું
હુંપાહુપ મૂકી બની સ્થિર બને, ચહું માંડવો
ઝૂલે નયન બની તેજ, ઉરનેર, ટેકો બહે,
થતા સ્વજનને ઘરે, સ્વજન શ્રેષ્ઠ સૌથી મળે

kalpana's

ગયા, તન તાણવાં, શિર દબાવવાં એ મીઠાં
જુદાઈ રૂપ ધો લિયાં, પૂરી ભવ્ય ગાથા બને''

વળી

૨૬. ''વિવિધ કંઈ રૂપનાં, મધુર શા પરિણામમાં
ખિલે મિરમાં યથા દિવસની જેની શંકિકા''

કેટલાંક શબ્દચિત્રો, જેમાં કે જેની શંકિકા, રેવા-કાવેરીનું દૃષ્ટાંત, રમતીયાળ કેરીનું શબ્દચિત્ર, ચકરડાનું દૃશ્ય , જાગરણની અનુભૂતિ સ્મૃતિકણીનું કલ્પન પટ્ટીઠા જીવંત પ્રસન્ન દાંપત્યને કાવ્યકલક પર જાણે કે જીવતું કરી દે છે. વિવિધ દૃશ્યો, દૃષ્ટાંતો, પ્રસંગો, રૂપકો, મનોભાવોના આલેખનને ચમત્કૃતા જોઈએ તો કવિ યુગલમાં પાંગરેલું દાંપત્ય પરસ્પર બ.ક.ઠા. કહે છે તેમ 'ઈશ્વરદત્ત ઉમદા ભેટ' પ્રસાદી - યથાર્થ લાગે છે. પણ બધું જ કાલાધિન છે. કવિ પ્રભુની પાડ માને છે કે જેની પત્ની મને મારું દાંપત્ય જીવનમાં મળ્યું એ ઈશ્વરની દયા છે. તેના સહવાસરે સમરણોને વાગોળતાં કવિ ધરાતાં નથી, સમરણો જેના મીઠા છે એ દાંપત્ય કેટલું મધુમય હશે ? દાંપત્યની સિધ્ધિ, એ પુરસ્કાર કરે છે કે તદ્દન બે જણાયા માનવને- આત્માના ઐકયમાં એક રૂપ કરી દીધા અને એ ઐકયની ઉત્તમ અનુભૂતિ પ્રસન્ન દાંપત્ય દરમિયાન થઈ અને હવે વિયોગ તેનું મૂલ્ય પુરસ્કાર કરે છે. પત્નીએ પણ જીવનની સાર્થકતા વ્યકત કરી હતી. આવનાર હવે પછીની ઘડીનો અફસોસ કવિ કરે છે કે કંઠ કાયમાં જો તમારા 'લાજાળુ હૃદય', કોમળભાવમાં ઘવકતા હૃદયને પારખ્યું નહીં ને રે વિધાતા, જ્યાં પારખ્યું ત્યાંજ સમયાવધિ થઈ ગઈ ૐ મારા બધાં પારખાનું હતું ને પારખ્યું નહીં એનો જ અફસોસ રહી ગયો. જાણે કે તમને પારખવા માટે જીવન ચીંથરું પડ્યું મારો જીવનજીવન જાણે ૐ કે નકામું. અટકયું ગયું એનો અફસોસ જયારે પત્ની કરે છે ત્યારે બ.ક.ઠા. મધુર દાંપત્યથી હટક ન્હેક થતી ભાવના વ્યકત કરી આદર્શ દાંપત્યની તૃપ્તિ, સંતોષ સાર્થકતા વ્યકત કરે છે કે પાંખીએ ખાલીને ચાપણે ચણ્દેત કેળવ્યું છે. ૐ ઈશ્વરની શોધમાં દાનિ જોવી ચાપણો ધર્મ નથી.ખેર કે

kalpana's

હવે ચોકું ચાલવું યોગ્ય નથી.

૩૦.''પ્રભુની પલાળી જમિ રહી
મૂર્છિત ન ધરવી''

એમાં ઈચ્છાનો સ્વીકાર, મળવું તે સુખમાં સંતોષની ભાવના આદર્શ-દાંપત્યની જીવનબંસી વાગી જાય છે.

૩૧.''હૃદાય'' કાવ્યમાં જતી પત્નીને કવિ શુભેચ્છાઓ પાઠવે છે કે

''હા, ત્હેની તુજ સુકુમાર છૂટે કદી ચે
મા, રેલશો બસહ શોક નથી નદીએ''

સ્નેહની ધારા વહી છે, હવે શોકસરિતા ન વહેવડાવશો, આત્માનું ઐક્ય સધાયા પછી કાયા ગૌણ બને છે. ઉપરના બધાંજ આવરણો ને ભેદીને સાચો સ્નેહ બસસિયતને વળગી રહે છે. કવિ તેની ખાતરી કરાવે છે કે તું હોય કે ના હોય પણ મારા હૃદયમાં તું કાયમ વસેલી છે. ક્ષ દા.ત.

૩૨.''ખીલી હશે, કુસુમ તે કરમાય જતા હશે
તો યે સુગંધ, મનમાં કરી વાસ રહાશે
હા, તેમ આજ, તુજ દર્શન લુપ્ત થાશો
ત્હારા ગુણો સ્મરણમાં સ્મરશે સદા એ''

સંયોગમાં કે વિયોગમાં પતિના હૃદયમાં પત્નીનું સ્થાન અધિક્કા છે વિયોગમાં તે તે વધારે સંવેદનશીલ, જીવંત બની પોતાનું મહત્વ પૂરવાર કરે છે. માટેજ કવિ સ્મરણમાં પણ ગુણો વધારવા સ્મરવાનું ચૂકતા નથી તે વધારે ખાતરી કરાવે છે. પત્નીને પોતાની જીવન સંગાથીની તરીકે જ સ્વીકારી પ્રસન્ન-મધુર દાંપત્ય માટે કવિ પોતાનો ઝોભાવ વ્યક્ત કરે છે.

લાગણીને લાગે વળગે છે ત્યાં સુધી એમ મનાય છે કે લાગણી પ્રદર્શિત કરવામાં સ્ત્રી હૃદય વધુ સંવેદનશીલ પૂરવાર થયું છે પણ જ્યારે આત્માના ઐક્યની વાત આવે છે ત્યારે હૃદયની સંવેદના માટે સ્ત્રી પુરુષના ભેદ રહેતા નથી. પ્રસન્ન દાંપત્ય આત્માના ઐક્ય વિના શક્ય નથી. જ્યારે પ્રસન્ન-

kalpana's

દાંપત્ય ખંડિત થાય છે ત્યારે આઘાતના ઉગ્રરૂપ રૂપી પહેલા આત્માને થાય છે. શોક ત્યારે હૃદયઘાતક બની જાય છે. સંવેદનશીલતા આગળ મૃદુ, કરુણ ભેદ ટકતા નથી. શોક માટે બધાય હૈયા સમાન છે. તેથી જ પતિ મરવાથી પત્ની જે વ્યથા અનુભવે, તેવી જ, એટલી જ વ્યથા પત્ની મરવાથી પતિ પણ અનુભવે સુંદરજી બેટાઈ, કાન્ત, ઘ.ક.ઠા.ના કાવ્યો એની સાક્ષી પૂરે છે. 'નિર્ભર' લોચનમાં પત્ની ગયાની શોક થતાં કવિ પુરુષ હૃદયને પીગળતું બતાવે છે. પત્ની સાથેની આત્મીયતા, નિકટતા, ઐક્ય ડોકાય છે. શોકની બે અભિવ્યક્તિમાં નવિનતા અને વિવિધતા બન્ને છે.

૩૩. 'ભેદાકિની શૈલતની બની'તી, ને તે ઘરે જિંદગી બે વસી'તી
શોકું જી તો હું શીખ્યો જ વહોતો, ત્યાંથી રહાવી બે જિંદગાની
પ્રસન્નતા, પ્રેમ, મધુર સાંદનો, સહાશ સાથે રહીને પ્રફુલ્લશે
વિધાતાના પામશે લોચનોથી, ને અનુસારમાં બળી જશે
હું બેઉનો દૂર-દૂર ધાબે,ના સાથ-સંગાથ કશોય સાથે
ઓ જિંદગી હું તને પછાડી, ચાલી ગઈ દિવસને ઢબાડી
વળાઁ જશે ના ચમરનો પૂસાશે, બે નિર્ભરાં લોચન દૂરના થાશે''

પત્નીનાં બે નિર્ભર લોચન અને પ્રણયનાં વળી સાહચર્યના ચમરનો જ શોકમાં સહારો બને છે. દાંપત્યભાવનામાંથી પ્રગટતી શોકની અભિવ્યક્તિમાં બે મુદ્દો સામાન્ય છે કે બન્નેના હૃદયનો બેકસૂર, કોઈ દ્વૈતલક ભેદભાવ વિનાની નિખાલસતા પ્રસન્ન દાંપત્ય રચે છે વિયુક્ત પક્ષમાં એજ ઐક્ય ઊભરા જગાવે છે માટે જ 'પરસોકે પત્રમાં હીરાબેન લખે છે કે

૩૪. 'મુજ મુક્તિ વિધુરું ઉર ઇચ્છી રહે
કહે મને,
ચાલ, ચાજ પત્ર લખું
કાં કે જુદા જુદા દૂર તમો
પણ મુજ ગોષ્ઠિનહે ચેતું
સદા સાથ્યું સંયોજક, રહિયાળું રાગ કોતુક ''– પત્ર ન આવે

kalpana's

તો કવિ કેવા બીજાના હાથનું મહત્ત્વ સમજી કવયિત્રી વર્ણવે છે કે.....

૩૫.''પત્રોત્સુક તમે તો બારે ને ?
ને મારી યે શી વાત કહું ?
આવું શક્ય પત્રોથી પ્રિય, હોત ને ?
નિત્યે , તમે હોત તેમ કહું
મોંથી સ્હેજ જાય ખરો
દિન એકકે પત્ર વિના
ચલવલ્થ થતા છેક, લખો ને જોઈ પામો ચલ્વરૂ''

પતિ-પત્ની સામસામે બેસી એકાંતમાં ગુફ્તગુ કરતા હોય તેટલો પ્રત્યક્ષભાવ તાદૃશતા અને ગાત્મીયતા ઉપરની પંક્તિઓમાં ઉભરાય છે. પતિ-પત્ની વચ્ચે ખટમીઠી વાતોની ઝલક કવયિત્રી ગોઠવે છે કે પતિ પત્રોત્સુક છે પણ જવાબ લખવામાં હંમેશા વિલંબ કરે છે તો બીજાની પત્રોત્સુક મુક્તિનો પણ તેમણે ખ્યાલ રાખવો જોઈએ આમાં દાંપત્ય દરમિયાન પરસ્પરની ઉણપ, ગાહના, એ પતિના ગાદર્યા મધુરા પૂરા કરવાનો દાંપત્યનો ગાદર્શ પણ હીરાબેન નીચેની પંક્તિઓમાં મૂકે છે કે.....

૩૬.''ગાપણો વ્યવહાર બધી રીતે ગાવું છું;
ગધૂરું જે ગોળ્યું પ્રિય, ગાપણું સહજીવન
તે કહું પૂરું !''
''ગરે પ્રિય, તમોથી ય ગધિકાં તમ કાર્યો
ચલ્વરે પૂરા કહું''

પતિ વિના પણ પત્નીને ખાલી લાગે અને સ્વજનો પતિનેજ ગણારી છે એમ માની રા.વિ. પાઠક માટે લખે છે.

૩૭.** ''પુણ્યશાલી ? તમો રે
નાખ્યાં છે જે વીખ્યાં પુણ્ય
ગપૂર્વ પ્રતાપ મેનો

kalpana's

હે પ્રિય ?
માહું કુશા ક્ષેમ વીતી નમો
થાવ ધરેજ નિશ્ચંત ''

પોતાની નિશ્ચંતિ સાથે પતિના ખુશહાલ પણ પૂછે છે કે.....

૩૮.''તમારે ત્યાં સર્વ વાતે, ઈષ્ટ ઈષ્ટ હશે જ નૈ

આ વાત વ્યવહારમાં પરસ્પરની આત્મીયતા, આદર્શ દાંપત્યનું ઉદાહરણ અને ગાર્હસ્થ સંસ્કૃતિની કોરમ કેલાય છે. વિયોગની પળોમાં હવે પતિ સિવાય કોઈ ધીરજ રાખનાર નથી એવાત સ્વીકારી જાતિની મનોમન આશ્વાસન લે છે કે.....

૩૯.''કદી ચે થાવા નહીં દીધા ભાંગ્યા,
મુજથી જરીકે તમોને
તે હવે પૂરા સુખાકું''

એમાં વિયોગના ઉંબને પંપાળવાનું સૌજન્ય સુંદર છે માત્ર પતિ મિલનની ઉંબનામાંજ દિવસો ૪ હવે વિતાવવાનાં છે.

''વાટ જોતી બેઠી છું બોલાવો વાટ તેટલી''

એમનું ભટ્ટ પ્રતિક્ષા વ્યક્ત કરે છે.

એની હૃદયના ભાવો અને દાંપત્યભાવની અભિવ્યક્તિ આ કાવ્યમાં છે. હીરાબેન પાઠકે પ્રેમનો મહિમા કાવ્ય દ્વારા વ્યક્ત કર્યો છે. ૪૦. ''પરલોકને પદ્યો દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન મેળવ્યું છે. તેમણે જે કાર્ય કર્યું છે, તે તેમના પહેલાં કોઈએ કર્યું નથી અને તેમના પછી કોઈ કરશે ત્યારે કરશે તે કહી શકાય નહીં.....કવિ તરીકે તેમનું યોગદાન પણ મહત્વનું છે.'' એકાકીજ તીવ્રવેદના, ઝંખના, આત્મીયતા કાન્ત 'પ્રમાદી નાવિક' માં વ્યક્ત કરે છે. ૪૧.'' અમે તો સુખ નૈયાની સફરમાં મજા હતા, અમને બંદરમાં શો રસ હોય ? અમારે સફરમાં સ્વાર્થ, લડાઈ, સરત, રખડવું, જેવું કશું નહોતું માત્ર સફરનો આનંદ અને આનંદની સફર હતી

kalpana's

એમાંથી બોધ્ય સાથી છૂટતાં સફરમાં, આનંદમાં ભંગ અને પ્રિય-વિયોગ થયો'' કવિ વ્યંજનાથી કહે છે કે સાથી વિનાનું જીવન જીવન નથી હોતું : સાચા જીવનનો અંત સાથીના અંત સાથેજ આવતો હોય છે. આ મધુર-દાંપત્યથી માંહ્યું સત્ય છે.

''વિધુર કુરંગ'' માં દાંપત્ય તૂટતાં વિયોગ આ રીતે પ્રગટે છે.

૪૨. ''સુધા વરસતી બધે, નહિ જ બ્રહ્મ હોય પરે
કરે, તરફડે, ઠરે નહિ જ , દેહ-સાથી ઘરે''

કાવ્ય પદ્ધતિના વર્ણથી જાગેલો વિરહ વ્યક્તિએ વર્ણવ્યો હતો તેનું સ્મરણ કરાવે તેવી પંક્તિ કાંત આપે છે.

૪૩. ''પ્રિયા, પ્રિયતમા ગતા ? જગત સર્વ આંધળું થયું
ગયું, સુખ ગયું, બધું ન પણ જીવવાનું ગયું
નથી ગઈ વિલાસિની, નિજ કુરંગને તાપને
ચૂતો મુજ મૂઢ બાલ, તાત, ચરણે ન ધાતા કને''

લાચાર મનનો કરુણ અવસાદ કાન્તના દાંપત્ય-કાવ્યોમાંથી પ્રગટતા વિષાદની વિશેષતા છે. કવિ કહે છે.

૪૪. ''કુરંગ જાણ્યા જ્યારે, બહુ અરણ્ય ચારા રહી
કર્યાં કરવી મેડલા, વિવશ ચિત્ત ભંગો વહી
વહી સ્વજન તે સમી, સ્વજન મેડલી તું જતી
ચલ-ક્રમાત્ત ચક્રમાં, હૃદયની પધારી જતી''

પત્ની સુખદાયિની છે તેના વિના જીવન સ્વજન-હીન છે વિવશ ચિત્ત ભંગોનો બાર છે મેડલા વેઠવાનો અને બે બાર વહીને અરણ્ય ચારા મેડલા કરવાની રજા વિધુરની અવસ્થા છે. શૃંગાર, વીર કે વાત્સલ્યમાંથી જ્યાં કરુણ સંક્રાંત થાય છે. ત્યાં કાવ્ય ચારુત્વાદ્ય બની રહે છે. 'વિધુર કુરંગ' અને 'તું જતી' કાવ્યોની મનોવ્યક્તિ એ દૃષ્ટિએ મહાપ્રભુ છે.

વિયોગમાં જ્યારે યાદનો ગુણ બળે ત્યારે આત્મીયતા કે સહૃદયતાને

kalpana's

કારણે હૃદયદાહકતા વધી જાય છે. શોક વધારે કરુણાપર બને છે. હૃદયની શૂન્યસ્થિતિનો અનુભવ થતાં અંતરની નિરાશા અને દુઃખની સ્થિતિનો અનુભવ થાય છે. આ પ્રકારની શોકની ભાવાભિવ્યક્તિ વિશિષ્ટ પ્રકારની બને છે. 'તું ગઈ' આ પ્રકારનું કાવ્ય છે.

> પ્રા.:-"ત્યારે ગઈશું ચલિની પ્રિયા તું? મુકી ગઈ આ હાલ તું રિબાતું
> હવે જિંદું તે મુજ તાકિ તાકી, નિહાળવાનું નહિ શું કદાપીશ્ર"
> ગ્રહો કરે છે રવિ ચારચાર, છાયા કરે જ્યાં વચમાં પદાર્થ
> પ્રદક્ષિણા યે પ્રિય કેરિ સર્વે ક્યાં હું કરું રે તુજ વીણ મારે
> તારાનિ પેઠે સ્થિર એક કામ, હાંધો સુખો સૃષ્ટિ વિષે તમામ
> જોઉ રહી ક્ષીણ વિના જરીયે, રહું જડાઉ ન બને કદી જે"
> શરીર મ્હારું સ્થિર રહે કદાપિ, આ ચિત્તને તો ન શકું રાખી
> સ્વચ્છંદ તે તો ભમતું કરે છે- રે તું ગઈ ને સ્થિર કેમ રહે જે"

પંક્તિઓમાં પ્રિયા સંબોધન હોવા છતાં તે પત્નીને જ સંબોધી લખાયેલું છે રીબાતું હૈયું હવે કોને જોઈને સ્થિર રહેશે? કોણ સુખ-દુઃખ સમજશે? આખી સૃષ્ટિ ફરે છે પણ વચમાં સૂર્ય છે. ગ્રહો તેની પ્રદક્ષિણા કરે છે તેમ મારી મધ્યમાં તું હતી હવે મારી ગતિ કઈ હશે? પત્નીનું પુરુષના જીવનમાં નિશ્ચિત સ્થાન નિર્દેશતી આ પંક્તિ માટે ટિપ્પણકાર ધ.ક.ઠા. કહે છે કે પ્રા.:-"ગુણિજી કૃત કુલ્યતે નરના ચિત્તને સ્વસ્થ, સ્થિર અને એક વસ્તુ રાખવું મુશ્કેલ વહાલી નારી છે. જે વિરલ દાખલાઓમાં માતા કે બહેન બાળી કે પુત્રી કે ભિન્ન-ભિન્ન કોઈ [illegible] પણ હોઈ શકે ખરી, તથાપિ સૌએ નવાઈ કે પેથી પણ વત્તા પ્રમાણના દાખલાઓમાં પત્ની જ હોય."

'પ્રમાદી નાવિક' માં દાંપત્ય ખંડિત થતાં વિલેપા સમક્ષ દૃષ્ટ થાય છે કે

kalpana's

૪૭.''સદૈવ સુખનાલમાં, સ્વજન સ્નેહ માટે જતો
કૃતાર્થ ચહચારથી, પ્રણયથી હંમેશા ભળો
સતી સહિત રાત્રીઓ અહિં અનેક ગોષ્ઠિ કરો
ગયા દિવસ તે બધા ? નહીં જ આવવાના કરી''

'હું જતાં' બાલમુકુંદ દવેની પત્નીના અવસાન નિમિત્તે લખાયેલી કૃતિ છે. પત્નીના સાહચર્યનો અંત આવતાં હવે પછીનું જીવન કવિને માટે જિંદાનો વિષાય બની ગયો છે. તેની અભિવ્યક્તિ આપતાં કવિ કહે છે. સ્મશાનમાં તારી ચિતાનો સળગીને શાંત થઈ ગઈ પણ તે પછી તારા વિનાની જીંદગી જાણે સ્મશાન જેવી લાગતાં , જેમાં જાગેલી જિંદાની ચિતા સળગવા લાગી છે. તે કેમેય કરી શમતી નથી. કવિ કહે છે. ''ઉર બીજી સળગી ચદાયની'' પત્નીના સાહચર્ય દરમિયાન જીવન ઉપવન સમાન હતું હવે આ બેકલું જીવન'' સપનોનું સ્મશાન જિંદગી'' કહે છે.

૪૮.''ઉર બીજી સળગી ચદાયની જ્વાલે
સપનોનું સ્મશાન જિંદગી''

નીચેની પંક્તિઓમાં વેધક વેદના વ્યક્ત કરે છે.

૪૯.''દિન સૌ બડકા છ આગના, રજની સૌ હલ્લા છે રાખના
વિધિના વસમા છે વાયરા પ્રિયા ? આશા અવસાન જિંદગી
પગમાં નલ હો ઉપાન, જો ધગતી હોય ધરા જ ધોમથી
જલ હોય ન જો જરો લગી, ઉઠતી હોય જ આગ કંઠથી
તનને, મનને, તપાવતાં, તેમ હું બેકલો જાઉ રે તપ્યો
બસનો પથ આ પ્રલંબ રે, અણખૂટયો પણ બેહવોજ રહ્યો
કરચો સહું બેકળી કરી, સ્વપ્નોની બડકી વાટે ધરી
કદમે કદમે તને સ્મરી, કરતો કૂચ મુકામની વહી''

અપાર વેદના-શોક અને વિષાદ હોવા છતાં મનીષા આસ્વાસનના સમાધાનનો અણસાર અહીં એ રીતે મળે છે કે વિધિવિધાનનો નિશ્ચિત ધર્મ તેના સ્વીકાર

kalpana's

સામે કોઈ વિકલ્પ નહીં માટે બે પછીના મુકામ તરફની ગતિ જેમ જીવન અને તૂટેલાં સ્વપ્નોની કરચોની ચઢડી જ વાટબર્યો, સંગ કે દિલાસો છે. ઉત્તમ અભિવ્યક્તિને કારણે અર્વાચીન ગુજરાતી વિષાદ કાવ્યોમાંનું એક ઉત્તમ કાવ્ય ગણી શકાય.

કવિ કાન્તે પ્રથમ પત્ની નર્મદાના અવસાનથી જાગેલા ઘેરા શોકમાં ઘણાં કાવ્યો લખ્યાં એમ કહી શકાય કે એ સમયમાં એમના હૃદયમાં કવિતા અને કવિતામાં હૃદય હતું. તીવ્ર શોક અને ઘેરા આઘાતની પળોમાં શોક અને કવિતા એક બીજાના પર્યાય થઈ ગયેલાં 'પ્રમાદી નાવિક' માં જેમ દૂરને કારણે તારસ્વરે પ્રિયતમા પાછળ આપઘાત કરવાની વૃત્તિ વારંવાર જાગતી તેનો ઉલ્લેખ મળે છે. 'જ્ઞાન વિમાન' પણ જેમ ગાળાનું કાવ્ય છે. નર્મદા સાથેનો એમનો સ્નેહ એના કરુણનો હતો ને પત્નીનો વિયોગ એમની કવિતાનો લય બની ગયો હતો.

૫૦. "હું એ હાવાં નહીં જોવાની ?
ચાંખડલી હું નહીં હલોવાની ?
ત્યાંયે ત્યારે હું રોવાની -
દારા એની એ ?"

'વિયોગ'નું આ કુદન માત્ર વિષ્ટાચાર નહોતું ૧૯૮૮ માં નર્મદા ગુજરી ગયા. કાન્ત માલામાં ઉલ્લેખ મળે છે કે ૫૧." અમે તે કામ કરતો હોઉં, ત્યાં દિલમાં વારંવાર ચરચરાટી થઈ આવે છે, અને કટાકટાની વાટ બળી જાય છે તેટલી ઝડપથી બાતરા થઈ જાય છે" પૂર્વાલાપના ઉપોદ્ઘાતમાં ર.વિ. પાઠક લખે છે કે "એમનો એ જખમ આખી જિંદગી કદી રૂઝ્યો નથી" એ નર્મદાના મૃત્યુ પછી પ્રાય વીસ એક વીસ વર્ષે જુની કવિતાઓ તપાસતાં 'નયન નમણા, ગ્રીવા ઘોળી, લલાટ સોહામણું" એ પંક્તિઓ વાંચતાં તેમની આંખમાં આંસુ ભરાઈ આવ્યા અને અમે જોયો તેમની પાસે બેઠા હતા અને નર્મદાને કદી નહીં જોયેલા, તેમને મોટે તેમના સૌંદર્યનું અને તેમના

kalpana's

સદ્ગતોનું વર્ણન કરવા લાગ્યા જાણે હજુ તેમનો વિયોગ ગઈ કાલેજ થયો હોય !! ત્યારે પેલી પંક્તિઓ જાણે સજીવન થઈ ઉઠે છે કે.....

૫૨.''નહીં સ્વજન તું, સખી ? સ્વજન મેકલી હું ગઈ
ચરણરજ શય્યામાં હૃદયની પથારી ગઈ ''

સદ્ગત પુત્ર પ્રાણલાલના અવસાન નિમિત્તે કાવ્ય લખાયું હોવા છતાં પત્નીનું સ્મરણ જેજ પણ ઝાંખું થયું નથી હૃદયની તીવ્ર ઉદ્વેગ એમા પણ દેખાય છે.

'સ્વજન ગયાનો શોક સમાજનો શિષ્ટાચાર પૂરતો મર્યાદિત નથી, કાલાતીત છે. કોઈ પણ પ્રકારના શિષ્ટાચારથી તે પર છે. સ્વજનનો શોક જેજ જૈફવ તૂટયા પછીના જીવનને વલોવાનું કારણ છે. એ સદાય વહે છે અને પ્રસંગોપાત વધુ તીવ્ર બને છે. બ.ક.ઠા. પણ 'વિરહ' કાવ્યમાં પિતાને ચાલું આશ્વાસન આપે છે કે પણ.''સદ્ગતનો સંબંધ કોઈ ઔપચારિક દાર્શનિક ઉભરાનો નહીં પણ કાલસિધ્ધ ચતુષ્પદ ચૈતન્યનો હતો. તે જેટલ્વને થમ મું વજૅ જ છેટી શકે''.....મારે માટેની ઝરિ તારી કોમલ લાગણી સમઝી શકું છું હું પણ માનવ જેટલે જેમ કહે જ પણ મારા સંબંધમાં એ ઉપચારો વ્યર્થ છે.'' ૫૪.''જેક ઉરના બે ભાગ થઈ જેક દૃષ્ટિપાર જૈકાય તેને આપણે મોત કહીયે છીયે, તો બાકી રહેલું શું છે ? જીવતું મોત જ કે બીજું કંઈ ? આ જીવતું મોત મોત કરતાં વધારે વસમું છે નિઃસંશય, જેમ આ જ્ઞાનમાં બહે પ્રકાશ હોય પણ સાથે તાપ પણ છે તે અસહ્ય છે એ તાપથી તો સખી બહા ઉગર્યા ?'' બ.ક.ઠા. શાંત્વન સામે સમાધાન ચૂકતે છે પણ તેમના હૃદયનો સંતાપ દેખાઈ જ આવે છે છતાં પત્નીની પ્રત્યેની શુભ નિષ્ઠા સીધે છે કે જોડ તૂટવાથી કદાચ તાપ જેમને વેઠવાનો આવ્યો હોત તો ? અસહ્ય તાપ વેઠી લેવાની તૈયારીમાંજ બ.ક.ઠા. સ્વજન પ્રત્યેની વફાદારી અને શોકની અભિવ્યક્તિ આપે છે પંક્તિઓ આ પ્રમાણે છે.

૫૫.''વળી જિત વિશેષ મર્ત્ય જગમાંહિ જે જે કંઈ
મળે દાર્શનિક, વા અવાદાર્શનિક તે હજો નાહરાં ?

kalpana's

શું કામ ચમકે સખે ? ફક્ત દાખવું છું ત્હને
પટાન્તર વિમુક્ત, ધર્મ, તુજ જેહ જોવા તણો.''
મોત જીવનું મોત બેયાં વધુ વસવું કયું
એ રજ્જ્વાભિ જ્યોત થકી ભલે ઉગ્યાં રવી?''

X X X X

નહીં ફક્ત સ્વપ્નમાં, વિજનમાંહિ, એકાગ્રમાં
નહીં ફક્ત થાકમાં, વિપદમાં, ઉર જ્વાલમાં
ચકારણ ઉઠે, રમે, સ્થલ બધે, દશા સર્વમાં
ભમે મુજ રહે સદાય, મુજ દેહ છાયા સમા ''

સંયોગમાં પ્રણયનું પૂર ઋજુહૃદય અનુભવાય તેવા દંપત્યમાંથી વિરહજન્ય જતાં, ભેગ્ય રટતાં શોકનું ઝાપૂર પણ વહેજ જ સંયોગમાં ભાવલહરીની ભરતી વડે તેમ વિયોગમાં વિષાદના કાળીજીમ્મર ઘસમસતા પૂરની ભરતી ચડે. દાંપત્યમાં સંયોગ કાળ પૂનમની ભરતી લાવે તો વિયોગમાં શોકની અમાસની ભરતીમાં ફેરવાઈ જાય છે. કારણ કે પ્રેમ અને શોક હૃદયના સહજોદ્‌ગાર પ્રગટ કરનારી લાગણી છે. માટે જ રા. વિ. પાઠક 'સખિ ? જો હૃદયિ નહે ઉરે' કાવ્યમાં કહે છે કે.....

પક્ષ..''પણ કૌમુદિ લુપ્ત થૈ જતાં
દાન ચંદાર ઉરે ય વ્યાપતાં
દયિને ગત પર્વ સાંપ્રતે,
ભરતી પાછી અમાસની ચડે ?
સખિ એમ કદી કદી મને,
મુજ કૌમુદી-અસ્ત જીવને
ઉર આપતી ઉર્મિ ઉછળી
બનતી સાર્થક તે બ્રહ્મી ઢળી''

પક્ષ..''..... નાયકને વિરહી દશામાં કૌમુદી અસ્ત જીવનમાં, મિલનનું

kalpana's

પર્વ ઝાંખરી ચાવે છે અને પ્રિયા પ્રતિ તેના ઉરની ઉર્મિઓ ઉછળી ઉછળીને ઠલે છે.''

દાંપત્ય-પ્રેરિત શોકોર્મિ-કવિતામાં સ્મરણ સ્વરૂપે પ્રણયનું આલેખન વિવિધ સ્વરૂપે મળે છે. પ્રણયનો ભાવ સર્વસામાન્ય હોવા છતાં કવિએ કવિએ તેની નોખી ભાત પાડી છે. પરંતુ પ્રણય-કાવ્યોમાં પ્રણયનો જે રંગ હોય છે તેના કરતાં તદ્દન જુદી સીમા પરથી, જુદે રૂપે જ અભિવ્યક્તિ શોકોર્મિ-કવિતામા મળે છે કદાચ એમ પણ કહી શકાય કે પ્રણયના જે સ્વરૂપો પ્રણય-કાવ્યોમાં મળે તેજ સ્વરૂપો દાંપત્ય-પ્રેરિત શોકોર્મિ-કવિતામાં મૃત્યુના સંદર્ભે સ્મૃતિ-ભોમિયા રૂપે આવે છે. બીજી વિશેષતા એ જોવા મળે છે કે પ્રણય-કાવ્યોમાં જ્યાં મળે વૈવિધ્ય કદાચ કલ્પના-રંગીન આલેખનથી રચાયું હોઈ શકે પરંતુ અહીં તો નરદમ વાસ્તવિકતા અને પ્રણયની અનુભૂતિને વાણીબદ્ધ કરવાની ઘડી હોય છે. ત્રીજી વિશેષતા એ પણ નોંધી શકાય કે દાંપત્ય અને પ્રણય-કાવ્યોમાં સંયોગ શૃંગાર, મિલન, સંવાદની અભિવ્યક્તિ શક્ય છે પણ શોકોર્મિકવિતામાં ભાવછાયા ઝીલવા માટે એ નાટ્યાત્મકતા કે તાદૃશતા તજી દેવા પ્રયોજાતી લાગશે બાકી એ ઘેરા વિષાદનો એકાંત-વાસ છે. એમાં કમરસોના સ્વાદ આવે છે. પટ.''પ્રણયભાવનું જ્ઞાન કયા કવિ-હૃદે કર્યું નહીં હોય ? વિરહ પ્રણયના દર્દનું કે પ્રણયની સંતૃપ્તિનું, મુગ્ધ-પ્રેમનું કે પ્રેમની ઉછળતી ઊર્મિલોનું એમ અનેક-વિધ પ્રણયસંવેદનોનું આલેખન આપણા કવિઓએ કર્યું છે. ઠાકોરમાં તેનું માતબર આલેખન છે તો કાન્તમાં તેનું મબલક આલેખન છે.''

પ્રેમના જુદા જુદા આલિબંબોને આલેખન આપતી શોકોર્મિકવિતામાંથી પ્રેમના વિવિધ રૂપો મળે છે. પરંતુ એ સર્વનું નિમિત્ત વિષાદ કે શોકની અભિવ્યક્તિ માટે જ છે માટે પ્રધાન સ્વરૂપે શોક કે વિષાદ અને પ્રેમના વિવિધ આલિબંબો ગૌણ સ્થાને રહેવાં પરંતુ આપણે એટલું જરૂર સ્વીકારીશું કે શોકોર્મિ-કવિતા રંગોના વૈવિધ્યમાં તેમનો બહુમૂલ્ય ફાળો છે. આ બધા

kalpana's

કાવ્યો પ્રેમના કોઈને કોઈ સ્વરૂપમાંથી શોક તરફજ વળે છે. પદ.''પ્રેમના કેટકેટલાં આવિર્ભાવો કવિતામાં પ્રકટ અભિવ્યક્તિ પામ્યા છે ? સ્ત્રી-પુરુષ પ્રણય, માતૃ-પિતૃપ્રેમ, બંધુપ્રેમ, ભગિની-પ્રેમ, અપત્ય-પ્રેમ, મિત્ર-પ્રેમ, માનવપ્રેમ, સ્વદેશ-પ્રેમ, ઈશ્વર-પ્રેમ, એમ કેટકેટલાં સ્વરૂપે પ્રેમ વ્યક્ત થાય છે ? આ દરેકનાં પણ અનેકાનેક સંવેદનો હોય ઉલ્લાસનાં અને વિષાદનાં મિલનના અને વિરહનાં એમ અનેક સ્વરૂપે ભિન્ન ભાવ પ્રગટ થતો હોય છે. આ ભાવ-સંવેદનનું ગાન કોઈ એક નિશ્ચિત સ્વરૂપમાં જ થાય એમ તો બને જ નહીં'' શોકોર્મિ-કવિતામાં ઉપરોક્ત પ્રેમના આવિર્ભાવોમાંથી માનવ, સ્વદેશ કે ઈશ્વરીય પ્રેમને બાદ કરતાં બાકીના અન્ય પ્રેમ સ્વરૂપોનું આલેખન જોવા મળે છે. એમાં વિરહ અને વિષાદ આલેખનની મુદ્દ છે. અને અન્ય આવિર્ભાવો માટે જેમ સ્વરૂપ નિશ્ચિત નથી તેમ શોકોર્મિ પણ પ્રકાર વૈવિધ્ય અને કાવ્યનું સ્વરૂપવૈવિધ્ય ધરાવે છે. એમાં લાઘવ, મૃત્યુજન્ય વિષાદ અને શોક તેમની વિશેષ ઉપલબ્ધિ છે. કારણ કે બે ગાઢતાં દુઃખ-વિરહોર્મિ કાવ્યો છે. એમાં મૃત્યુજન્ય શોક વિષાદનું આલેખન છે પરંતુ શોકનો માતૃભાવ વિષાદ છે, તેથી તીવ્ર વિષાદની ચાવી લાઘવબદ્ધ દુઃખી કવિતા શોકોર્મિકવિતામાં પ્રથમ પંક્તિએ ગણવી રહી. અન્ય શોકોર્મિકાવ્ય કરતાં દાંપત્યપ્રેરિત શોકોર્મિમાં વિષાદનો સૂર વધુ સ્પષ્ટ બને છે.

તીવ્ર વિષાદની અભિવ્યક્તિ બાદમાં આવતાં કાવ્યો અર્વાચીન ગુજરાતી પ્રકાશ કવિતામાં ઘણાં લખાયાં જેમાં વિષાદ કેન્દ્રસ્થાને અને ગૌણ સ્થાને મૃત્યુનિર્દેશ, જીવન-મૃત્યુ વિશેનું ચિંતન, તેમાંથી મળતું સમાધાન ફુલાનુવાદ, સ્વરૂપ-સ્વજનાદિન બને છે. કરુણ પ્રશસ્તિ અને શોકોર્મિકવિતાની વચ્ચોવચ મધ્યમાં મૂકી પ્રકાશ શકાય તેવી અભિવ્યક્તિ બાદમાં વિષાદકાવ્યો શોકોર્મિનું કલાસ્વરૂપ છે અને તેમનો મંજુલનિર્દેશ કરુણ-પ્રશસ્તિ તરફ છે. એમ કહી શકાય કે વિષાદ કાવ્યોથી શોકોર્મિ કવિતા અને કરુણ-પ્રશસ્તિ કવિતા લાઘવને બાદ કરતાં સરખા ગૌત્રે વિકસેલી કવિતા છે. સંધ્યાબંધ શોકોર્મિ-કાવ્યોમાંથી પ્રથમ પંક્તિમાં મૂકાતા વિષાદ-કાવ્યો શોક-આગમના ગણમુક્ત

kalpana's

રત્નો કહી શકાય તેમાં દાંપત્યમાંથી સર્જાયેલી શોકોર્મિકવિતામાં રમણભાઈનું 'હું ગઈ', અને 'સેરા સૂન્યતા' કાન્તનું 'પ્રમાદી નાવિક' ઠાકોરના 'વિરહનું ગીત', મેઘાણીનો છેલ્લો દર્શન, 'ઊર્મિ જો ઉદધિ તણે ઉરે', પ્રહ્લાદ પારેખકૃત 'વિદાય' ટેરવે ગણી શકાય તેવી ઉત્તમ અભિવ્યક્તિનાં ૬ દૃષ્ટાંતો છે જેમાંથી બાકી ગ્રન્થ પ્રકરણોમાં અહીં સિવાયના કાવ્યોની ચર્ચા કરેલી છે.)

ન્હાનાલાલ અર્વાચીન ગુજરાતીના ઉત્તમ ઊર્મિકવિ ઉપરાંત દાંપત્ય-ભાવનાના ઉદ્ગાતા છે. દાંપત્યભાવનાની સંજ્ઞાત્મક કવિતામાં સર્વોત્તમ સર્જક તરીકે તેમનું સ્થાન ગુજરાતી ઊર્મિકવિતામાં નિશ્ચિત છે. દાંપત્ય-ભાવનાના ૪૫ કવિ તરીકેની સર્જકપ્રતિભાનો પરિચય કરાવતું 'હૃદયોર્મિની' તેમનું ઉત્તમ દાંપત્યભાવનું કાવ્ય છે. ૬૦. 'સોણા અલતી' તથા 'હૃદયોર્મિની' માં ન્હાનાલાલના દાંપત્યાદર્શની બે વિશિષ્ટ વૈવિધ્યપૂર્ણ પ્રતિમાઓ આપણને સાંપડે છે.....૬ સોણા અલતીના સંયોગપ્રાપ્તિ 'હૃદયોર્મિની'ની તપશ્ચર્યા પ્રતિની પરિણતિનો વિકાસ, અલબત્ત એક લઘુ ઘટના-ક્રમે ભારે, પરંતુ ઉષા ઉતરીને નિશાળનાં વિદ્યાર્થિની-પ્રાધિકાવાનીઓએ આલ્પસ્પર્શ કરેલી જીવનની સુખદ અને પરિણામ-લક્ષી પ્રક્રિયાઓનું પ્રતિબિંબ આ કાવ્યોમાં વરતાયા વિના રહેતો નહીં." ન્હાનાલાલે કરેલા આલેખનમાંથી સંતાપ, નિરાશા અને વ્યથાને મેટીને ચાદરે ચાર્યા પત્નીના ઉજ્જ્વલ આત્મબલિદાનથી ચૂકાતું દાંપત્યનું એક શ્રેષ્ઠ છાયા ચિત્ર જેમાંથી બહાર આવે છે તેથી તે દાંપત્યનું ઉત્તમ ઉદ્ગાયગાન બની રહે છે.

"માહરી જિંદગી કેરો, સુહાગી મધ્યાહ્ન તું;
અંધારી રાત્રિમાં મ્હારી બળોની પૂર્ણેન્દુ તું
માંહી જ વેદી ઝૂલતી, લીધી પંચત્વ,
તહેં બાદર્યો, ઝૂલતી? દુઃખ ચક્ર ભવ્ય
પંચાગ્નિ, પંચત્વ પંચદિશે બળે છે,
હોમાઈને હવિરૂપે મહીં હું બળે છે.

kalpana's

સદાનીયે ત્હને લાધી, સમાધિ કુબ્જોગિની!
આલ્હાયાં જ્યોત એ લાગી, સોહે હું યોગિની બની
એ ત્હારું રૂપ ચમિ? કેમ કીર્હું ચિટાયે?
એ રૂપના ઝીલી તણું સજની? હું થાયે?
ઓ શાન્તમૂર્તિ વરદાયિની કુલદેવી?
ત્હારી કુબ્જાશિષ્યાથી મ્હારું શુભ જાયે!!

X X X

અહો? મહાભાગ? તાપસ્વીને?
અહો? મહાભાગ હું યે લગીને?
જેવી હમારાં જન્મો બનશો
તેવીજ મારા ઉરમાં કુબ્જા
મ્હારાં કુબ્જાં બીજે, જ્યહાં હો ત્યહાં ઓ નયસ્વીની?
નમો-નમો મહાદેવી? ઓમ્ નમો, કુબ્જોગિની?!!

મણિલાલનું ગાન અનેક કવિઓએ અનેક રૂપે કર્યું છે. પણ 'કુબ્જોગિની'માં મ્હાનાલાલ આપણને તપસ્વીની કુલદેવીના કુદરતમય દિવ્ય વદારા પતિવ્રત દાંપત્યની મંગલતાનું અનેરું દર્શન કરાવે છે તેથી 'કુબ્જોગિની' મંગલ જીવનનું ઉત્તમ કાવ્ય છે. જેમાં ઉત્તમ સર્જકત્વનો પરિચય મળે છે. ઉર?!!..... જેમાં કવિની શક્તિ ચરિત્રોચિત્યપૂર્વક પ્રકાર થઈ છેઅને ભવ્યતાની હદે પહોંચી છે. દાંપત્યજીવનમાં આ ત્રણ અને ઉંતીઓ કવિની જીવન તરફની દૃષ્ટિમાં મોટો ભાગ ભજવ્યો છે. જુની દાંપત્યો જે સમૃધ્ધ નિરૂપણ તેમનાં કાવ્યોમાં આવે છે તે આ ત્રણ્યુગલને લીધે બંધાયે છે.!!

આમ, આપણે વિવિધ રૂપે લાગણીની સહજોદ્ગાર અને દાંપત્ય ભાવના પરિચય આપતાં કેટલાંક શોકોર્મિ કાવ્યો જોયાં.

kalpana's

શ્રી કોશિકવિતામાં પ્રગટ થતી દાંપત્ય ભાવના

સંદર્ભગ્રંથ-સૂચિ

ક્રમાંક	કાવ્ય	કવિ	સંદર્ભગ્રંથ	પાન
૧.	ગતિ ચારી	સુંદરજી બેટાઈ	વિશ્વમાનસ	૭૫ થી ૮૦
૨.	છેલ્લું દર્શન	રામનારાયણ વિ. પાઠક	શેષના કાવ્યો	૩૪
૩.	આરતી	ઉમાશંકર જોશી	ગંગોત્રી	૧૮૦
૪.	૪ - આળ	ઉમાશંકર જોશી	ગંગોત્રી	૧૭૭
૫.	કલાની શક્તિ	ઉમાશંકર	ગંગોત્રી	૭૪ થી ૮૨
૬.	જા ટાઢે	ચંદ્રવદન ભટ્ટ	ચરિત્ર	૪૭
૭.	પરણી કે પત્ર	મનુભાઈ પંચોળી	કુંદ ગુજરાતી કાવ્ય - પરિચય	૧૬૮ થી ૧૭૪
૮.	-''-	-''-	-''-	-''-
૯.	શ્રીકોશિકવિતા	ઉમાશંકર જોશી		૨૧૪
૧૦.	-''-	-''-		૨૧૪
૧૧.	ઋણોક્તિ-૩	ઉમાશંકર જોશી	ગંગોત્રી (મુક્ત)	૧૭૬
૧૨.	આરતી	ઉમાશંકર જોશી	ગંગોત્રી (મુક્ત)	૧૭૮
૧૩.	આરતી	-''-	-''-	૧૭૯
૧૪.	ધૂલિકણી	-''-	-''-	૧૮૨
૧૫.	-''-	-''-	-''-	-''-
૧૬.	વિરહનું આંસુ	-''-	-''-	૧૮૩
૧૭.	જાગરણ	-''-	-''-	૧૮૫
૧૮.	-''-	-''-	-''-	-''-
૧૯.	મધુર સ્મૃતિની ગરિમા	-''-	-''-	૧૮૫
૨૦.	વિરહનું આંસુ	-''-	-''-	૧૮૫
૨૧.	તર્ક ચિત્રકૂટ	-''-	-''-	૧૮૬

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૨૨.	તકે ચિતકું-૧૬	૫.ક.૬૧૫૧૨	પા૫૬૧૨ શુષ્ક	૧૬૦
૨૩.	-''-	-''-	-''-	૧૮૬
૨૪.	-''-	-''-	-''-	૧૮૬
૨૫.	ચકરડું	-''-	-''-	૧૮૭
૨૬.	ચારની	-''-	-''-	૧૭૮
૨૭.	-''-	-''-	-''-	-''-
૨૮.	ચારની	-''-	-''-	૧૭૬
૨૯.	-''-	-''-	-''-	-''-
૩૦.	૪ -જ્ઞાન	-''-	-''-	૧૭૭
૩૧.	વટાય	ન.ભો.દિવેટિયા	ક૧૦વસુમુદ્રાલય	૧૦૬ થી ૧૧૦
૩૨.	-''-	-''-	-''-	-''-
૩૩.	નિર્ણીત લોખા	બીજુ દેવાદ	બૃહદ્ગાર	૫૬/૬૦
૩૪.	પરલોકે પત્ર	ફી રાધેન પ:૭૬	બૃહદ ગુજરાતી ૩૬૦૫ પરિચય	૧૬૮ થી ૧૭૪
૩૫.	-''-	-''-	-''-	-''-
૩૬.	પરલોકે પત્ર	બીજુ દેવાદ	બૃહદ ગુ.કવિ૦ય પરિચય	૧૬૮ થી ૧૭૪
૩૭.	-''-	-''-	-''-	-''-
૩૮.	-''-	-''-	-''-	-''-
૩૯.	-''-	-''-	-''-	-''-
૪૦.	ગુજરાત સમાચાર ના.૧૨/૩/૬૫	ડૉ યશવંત શુક્લ	-	૧૪
૪૧.	પ્રમાડી નાટિક	કાન્ત	પૂર્વાલિપ	૧૨૧
૪૨.	વિદુર પ્રજ્ઞા	-''-	-''-	૧૩૫/૧૩૬
૪૩.	-''-	-''-	-''-	-''-
૪૪.	-''-	-''-	-''-	-''-
૪૫.	હું ગઝ	રમણભાઈ નિલકંઠ	ગાયકી કવિતા સમુચ્ચિ	૫૭

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૪૬.	ટિપ્પણ	ભ.ક.ઠા.કો.૨	૪૪૪	૧૬૮
૪૭.	પ્રમાદી નાવિક	કાન્ત	પૂર્વવિલાપ	૧૨૧
૪૮.	તું જતાં	બાલમુકુંદ દવે	પરિક્રમા	૧૭૫
૪૯.	-''-	-''-	-''-	-''-
૫૦.	વિયોગ	કાન્ત	પૂર્વવિલાપ	૧૩૭
૫૧.	ઉપોદ્ઘાત	-''-	કાન્ત માળા-૧૦૦	૨૪
૫૨.	વિદુરકુરંગ	-''-	પૂર્વવિલાપ	૧૩૫
૫૩.	વિવરણ-સાપણી કવિતા ચયુષ્ટિ	ભ.ક.ઠા.કો.૨	સાપણી કવિતા ચયુષ્ટિ	૮૨
૫૪.	-''-	-''-	-''-	૪૩
૫૫.	-''-	-''-	-''-	૫૮/૫૯
૫૬.	ચયિ જી	રામસારાયણ વિ. પાઠક	ઊર્મિકાવ્ય સંપાદક-જયંતપાઠક/રમણ પાઠક	૫૪
૫૭.	ટિપ્પણ	-''-	-''-	૧૨૯
૫૮.	ઊર્મિકવિતા	કરસનદાસ માણેક	-''-	૨૨
૫૯.	-''-	-''-		૨૧.
૬૦.	રણમલ્લ્યા ફુલ્યો ગિરિ	-હાનાલાલ	સ્વપ્નપ્રયાણ-બાલમુકુંદ પરીખ	૧૮૫
૬૧.	રણમલ્લ્યા-ખંડ-૫, દામ્પત્ય રતીનો ફુલ્યો ગિરિ	-''-	-''-	૧૮૬
૬૨.	ગઝલ્લિન કવિતા સપ્તક-૨, ખંડ-૨.	કુંદનિકા		૨૭૫

(P.T.O.)

kalpana's

શોકોર્મિકવિતા અને નિવાપાંજલિઓ :-

શોકાંજલિ તેમાં શોક સૂચિત અંજલિનો આશય રહેલ છે. માટે શોકોર્મિ-કવિતામાં શોકાંજલિની શક્યતાનું કારણ નકારી શકાય તેમ નથી પણ અંજલિ શીર્ષક હેઠળ અન્ય અંજલિના પ્રકારો આવશ્યમાં મૂકી દે છે. જેવાં કે શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, સ્મરણાંજલિ, શબ્દાંજલિ, પુષ્પાંજલિ, નિવાપાંજલિ, માનાંજલિનું વૈવિધ્ય જાણતાં એમ લાગે છે કે શોકોર્મિકવિતાની શાખા પ્રશાખાનો આ વિસ્તાર વૈપુલ્ય છે. આ વૈવિધ્યના મૂળમાં શોકોર્મિકવિતા કે અન્ય કવિતામાં શું છે ? કયું તત્વ છે.? તેનો વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે અંજલિ કવિતા માત્ર મૃત્યુ નિર્દેશ કરતી કવિતા છે. કાવ્યત્વ ઘણી પરવશ કરે તેવી અદથી આત્મીયતા અંજલિનું પ્રેરકબળ છે. ભગાઉ પણ સ્પષ્ટ રીતે ઉચિત રાખ્યા થયું છે કે શોકોર્મિકવિતામાં સ્વજન સંદર્ભ મૃત્યુજન્ય શોક ક્ષોભ નિમિત્તે કાવ્યારંભે લગભગ થતો છે. સ્વજનની આત્મીયતા અને આત્માના ઐક્યમાંથી શોકોર્મિકવિતા ઉદ્ભવી પરંતુ સ્વજનની આત્મીયતા કવિતામાં કાવ્યત્વરૂપે બે સ્વરૂપોમાં પ્રગટ થઈ. સંગત આત્મીયજનની આત્મીયતા અભાવ રૂપે પ્રગટી અને તેમાંથી શોકાંજલિ વહી જ્યારે અન્ય વ્યક્તિવિશેષ તેમના જીવનકાર્ય, અને આદર્શ, ગુણ, સ્વભાવ કે પ્રભાવ રૂપે પ્રગટી તેમાંથી ઉપર્યુક્ત અંજલિના વિવિધરૂપો વિકસ્યાં સદ્‌ભાવનો પ્રતિભાવ ભાવાંજલિમાં, આદર અને નમ્રતા શ્રધ્ધાંજલિમાં, સ્મરણોનું દાન સ્મરણાંજલિમાં એમ જે તે કાવ્યના કેન્દ્રસ્થ ભાવ અનુસાર બે કાવ્ય નિમિત્તે બે અંજલિ સ્વરૂપો ઘોળાયાં બે પ્રકારોમાં પ્રભાવ રૂપે પ્રગટેલું કાવ્યત્વ નિવાપાંજલિ તરીકે ઘોળાઈ શોકોર્મિકવિતાના વિસ્તારમાં બે પ્રવાહો ભાવ સમાંતર રૂપે વહે છે એક સ્મરણાંજલિ અને બીજી નિવાપાંજલિ શોકોર્મિકવિતાની ચર્ચા દરમિયાન સ્મૃતિના તત્વ નિમિત્તે થયી સ્મરણાંજલિઓના દૃષ્ટાંત ચર્ચ્યાં છે આ પ્રકરણમાં નિવાપાંજલિને જાણીયે. કાવ્યત્વમાં સ્મરણવિશેષ, કવિતા સ્મરણાંજલિ કહેવાઈ અને આદર કે પ્રભાવ વિશેષ, કવિતા નિવાપાંજલિ

kalpana's

કહેવાઈ. કવિશ્રી એક મોટું વ્યક્તિત્વ છે કે તેમના પર શોકોર્મિ, શોકાંજલિ, સ્મરણાંજલિ નિસર્ગાંજલિ, શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, અર્ઘ્યાંજલિ, પ્રણત માનાંજલિ જેમ અનેક, સભાન વ્યક્તિ જેવી અંજલિના સ્વરૂપોમાં કાવ્યો મળે છે.

શોકોર્મિકવિતા અને ચિંતનોર્મિ કવિતામાં ચિંતન સામાન્યરૂપે જોવા મળે છે. ચિંતનોર્મિકવિતા માટે ચિંતન અનિવાર્ય છે પણ શોકોર્મિમાં ચિંતન જોવા મળે તો તે બાહ્યાંશ ન જાણું જોઈએ કારણ કે શોક અને ચિંતન અવિનાભાવ છે. ચિંતન પણ શોકમાંથી જ ઝરે છે. અને ચિંતન જેવ દૃષ્ટિએ દરેક શોકની સ્થિતિનો અનુભાવ આપે છે. તેથી શોકોર્મિકવિતામાંથી મળતું ચિંતન તેની પોતાની નીપજ છે. શોકોર્મિકવિતામાંથી જ અંજલિ રૂપી વિસ્તરતા કાવ્યત્વમાં નિસર્ગાંજલિ પણ ચિંતન આપે છે. પૂજાલાલકૃત 'અરવિંદ' માનાંજલિમાં પરાત્પરનો પરિચય કરાવી, જિજ્ઞાસા જગાવી, અરવિંદની વિચારણી સરણી તેને અનુસરે છે અને બે અનુસરણારામોમાં અરવિંદ મોખરે છે. આ ચિંતનકર્તા અરવિંદના વ્યક્તિત્વના પરિચય નિમિત્તે આવે છે. એટલે એમ પણ કહી શકાય કે નિસર્ગાંજલિમાં વ્યક્તિત્વ પ્રથમ અને તેના નિમિત્તે ચિંતન હોવાથી તે ગૌણ અને વ્યક્તિત્વ મુખ્ય ભેગ બની રહે છે.

"...સ્વસ્તે રાતના સ્વાગ, કુમારિધ્ય કુદય
અજર લોક તણી ઉષાના, દિવ્યરશ્મિ તે અરવિંદ"

પૂજાલાલ અરવિંદને પૃથ્વીના પંકમાંથી અને જીવનના જલમાંથી પાંગરેલા કેસર કહ્યા છે. આ તુલનામાંથી સામાન્યમાંથી ઉન્નતિ તરફ જતું તેમનું સામાન્ય વ્યક્તિત્વ પાંગરે છે તેનો જ પરિચય છે. ઉન્નતિ ચાહી હોવાથી, તેને બીરદાવી પૂજાલાલ કહે છે.

"...સ્વપ્નાં મને તવ પરાત્પર પૂર્ણતાના આવે"

'અરવિંદ' પર લખાયેલા શ્રધ્ધાંજલ કાવ્યોમાં એક સામ્ય સર્વત્ર મળે છે કે અરવિંદ સામાન્ય વ્યક્તિત્વથી પૂરી ઊંચેરો માનવી હતો. કોઈ તેમના શબ્દચિત્ર દ્વારા, કોઈ જીવન કાર્ય દ્વારા, કોઈ તેમના વિચારો દ્વારા

kalpana's

તો કોઈ માતાજીના હૈદર્ભમાં શિલ્પાંજલિ સાથે સૂતી અરવિંદનો પરિચય આપતા વંદના કરે છે. સ્વતંત્ર કાવ્યો કરતાં જ્યાં કવિતા ગુચ્છસ્વરૂપે આવે છે. ત્યાં ભાવ, સંજ્ઞા અને પરિચય વધુ વિશદ, સ્પષ્ટ રૂપે મળે છે દા.ત. સુંદરમ અરવિંદને બે સોનેટ અર્પે કરે છે. 'શ્રી અરવિંદ-૧' સોનેટમાં અરવિંદને ઉચ્ચ વ્યક્તિત્વ માટે શબ્દાંજલિ છે પણ બીજી 'શ્રી અરવિંદ-૨' સોનેટમાં અરવિંદના જીવનકાર્યનો પરિચય છે. સુંદરમ લખે છે કે અરવિંદની એક આંખમાં કરુણાકારી સ્મિત અને બીજી આંખમાં માનવમાત્રની ચૂકવણીને વાળી નાંખનારો બળ છે. અનિષ્ટોના બાળને વાળી અરવિંદ આત્માને મુક્ત કરે છે.

૩. "મુદા પૂજા રચી ત્યાં, નવલ દિવ્યતાને ધરે"

વળી બંધુ માનવ માટે કહે છે કે.....

૪. "અરે તું યદિ દિવ્યતા, મધુ જતાની ઝૂની બની
ઝીલી ઝરણી જલદ પ્રભુ તણી સુધા વારવતી"

ધ્યાત્મિક ચિત્રણથી, માનસચેતનામાં અરવિંદનો કાળો મા કાળ્ય પરથી જાણી શકાશે. સોનેટના અંતિમ ચુગ્મમાં માનાંજલિનો ભાવ વધુ સઘન રીતે વ્યક્ત થાય છે.

વ્યક્તિત્વને ચચોટ પણે ઉપસાવતી શિલ્પાંજલિઓમાં વ્યક્તિવિશેષોની મહિમા ગુણાત્મક રીતે રજૂ કરી સંજ્ઞા અપાય છે. દા.ત. 'ઈશાધોરી'માં ઋષિ પાઠક સરદાર માટે લખે છે કે.....

૫. "હતો ચૂર્ણનું પ્રખર, તેજ ને દાહ ભરેલો
હતો ધૂંધ તું દીપ્ત સુધાનો કુમ્ભ સરેલો
. . . . . .
ગયો ગયો સરદાર, સો ટકા દિલનો સાચો
કરુણાનો ભંડાર, ગાંધી નો ચેલો પાકો"

વિવિધ શિલ્પાંજલિઓમાંથી, વિભૂતિ જીવનદર્શન, જીવનકાર્ય,

kalpana's

જીવનનો આદર્શ, ઉદ્દેશ્ય, જીવનનો સંદેશ-આદેશ, તેમનું સમાજને પ્રદાન જેવાં વિવિધ આલેખનો મળે છે. સાહિત્યકારોને અપાયેલી વિવાંજલિ, મહાપુરુષોની મરસિંદ જેવી શ્રદ્ધાંજલિ કે પ્રભુ ગાંધી જેવા વ્યક્તિત્વથી જુદી જ જાતની હોય છે. એમનો સાહિત્યનો આદર્શ, સાહિત્ય સેવાનો ઉદ્દેશ તેમાં જોવા મળે છે. અને એમના એ સમાજલક્ષી અભ્યાસમાં ભાવના, સાહિત્યિક પ્રદાન બદલ ઋણ સ્વરૂપે અંજલિ આપે છે. જ્યંત પાઠક ધ.ક.ઠા.ની સાહિત્યસેવાને 'કલાની ગંગોત્રી' કરી કદી મર્મર તો કદી ભાવેગપૂર્ણ વહેતી કરીને ગુર્જરીરાની ઢોલાવલિને કલકલાવિત કરતી ગાવે છે.

"પ્રથમ જાણી વહી, સતત શી કલા જહાનળી
કદી મધુર મર્મરે, કદીક ઉગ્ર આવેગથી
તટે ઉપલ વારિરાશિ, છલકાવતી વેગથી
કરી કલકલાવ્ય, ગુર્જરીરાની ઢોલાવલિ"

"બીબે ચઢીય બંધના" કવિતાનાં શીર્ષકથી જ તંત જે બુધ્ધ ગાંધીનો પ્રભાવ અને વ્યક્તિત્વ તંતોતંત છે. અન્ય માનાંજલિથી આ કાવ્ય એ રીતે જુદું પડે છે કે એમાં માત્ર ગુણાનુવાદ નથી બંધુતા બંધુત્વની ગાંધીજીની ભાવના માત્ર વાણીમાં નથી પણ ચરીય છે જીવનમાં અને આચરણમાં પણ છે વળી દુશ્મન પ્રત્યે પણ બંધુત્વ એ તો ભાવનાના આદર્શની પરાકાષ્ઠા છે. માનવમાત્ર માટે બંધુત્વની ભાવના હોય તો એમાં આવતો દુશ્મન પણ માનવ તો છે ને? સર્વનું કલ્યાણ ઈચ્છતા સર્વોદયમુખ ગાંધી પોતે દુઃખ વહોરી લઈ બીજાને અભયસુખ આપતા તે પણ તેમની બંધુતાની વિશેષતા છે. દુશ્મનો બંધુતાને અનેક રીતે સિધ્ધ કરવામાં તેની સાર્થકતા પુરવાર કરે છે. એજ ગાંધીની વિશેષતા છે માટે તેને માનાંજલિ સોંપે છે.

"બીબે ચઢીય બંધના ન વગને
બીબે ચઢીય બંધુતા
લહે ગણ સર્વ શાંતિ, સુખ
સર્વ પુરવ્યુધા બંધુતા"

kalpana's

ગાંધીના વ્યક્તિત્વના અનેક ગુણોમાંથી 'બંધુત્વની ભાવના'નાં ગુણ કવિ તેમાં ઉત્તમ સ્વરૂપમાં, ગાંધીના જીવન, વાણી, વર્તનમાં સાર્થક થતો જુએ છે તેથી વ્યક્તિત્વના કોઈ એકાદ ગુણને આધારે કાવ્યમાં વ્યક્તિત્વનો પરિચય અને આદરવ્યક્ત કરી સિદ્ધાંજલિ અપાઈ છે એ પણ મહત્વનું લક્ષણ ગણી શકાય તુલનાત્મક દૃષ્ટિએ વિચારીયે તો આચાર-વિચારમાં અનેક ઉચ્ચાર ચિરીય બંધુતાની બીક માંગતી ગાંધીજીની તેજસ્મૂર્તિના 'પૃથ્વી સિખરિ' છંદમાં ઋણસ્વીકાર કર્યો છે. કાવ્ય ચોરસમા ટિપ્પણકાર ચિમનલાલ ત્રિવેદી ગાંધીની પ્રતિમા બંધુતામાં દર્શાવે છે. જગતની વાણીની ચીકાર ચમુપ્રિય મહાત્માના તેજ તણને વર્ણવવા અશક્ય છે. એ સમજાવવા મણિશંકરનો પુષ્પદંતનો શ્લોક ગાંધીની પ્રતિભાના સંદર્ભમાં ટિપ્પણમાં ટાંકે છે.

૮. "ચલિતગિરિ સમસ્યાત્ તજ્જલમ્ સિન્ધુ પાત્રં
સુરતરુવર શાખા લેખિની, પત્ર મુર્વિ
લિખતિ યદિહ ગૃહિત્વા, શારદા સર્વકાલમ્
તદ પિતૃમ ગુણાનામ્, ઈશ પારં ન યાતિ"

માતૃવત્સલ ભાવના વ્યક્ત કરતી સંચી. મહેતાની કૃતિ 'મા' પાળણાના સ્નેહમસ્તો અને માતાનો ત્રણ મહિમા વ્યક્ત કરે છે. માતાના ઓઠ પરનું હાસ્ય સંસારમાં અન્યત્ર દુર્લભ છે. એનાથી રમણીય સંસારમાં બીજું કંઈ નથી કાવ્યમાં શોકની અભિવ્યક્તિ નથી પણ માતૃવત્સલમહિમાનું આલેખન હોવાથી તેને કમલાંજલિ અને સિદ્ધાંજલિના વર્ગની કૃતિ ગણી જોઈએ કવિ કાવ્યમાં લખે છે કે.....

૯. "માડી તારું મુખ મારું, કરવું બીજે ન ભાળું
મૂકું છે ના ચરણ જ્યાં, લે સદી કૃત્ય માહું"

શોકોર્મિકવિતા મૃત્યુજન્ય શોક વ્યક્ત કરતી કવિતા છે. તે મૃત્યુ પ્રસંગે પણ લખાયેલી હોય પરંતુ મૃત્યુપ્રસંગે લખાયેલી દરેક કવિતા શોકોર્મિ-

kalpana's

કવિતા ના હોય જો એમાં માન, ભાવ કે સદ્ભાવ , આદર વ્યક્તા
ક્યાં હોય એમાં આત્મીયતામાંથી પ્રગટતો રંજ ન હોય પણ ઝોલાવ કે
આદર હોય તો તે મૃત્યુ પ્રસંગે લખાયેલી હોવા છતાં નિવાપાંજલિજ બને છે.
દા.ત.ખ.ક.ઠા. એ 'ભાવસિંહજી દિવાનની પ્રભાશંકર પટ્ટણીને' અંજલિ
આપી છે. એમાં ક્યાંય આંસુનો માત્ર ઉલ્લેખ કાવ્યાંતે છે કાવ્યાન્ત તપાસતાં
એમાં પ્રભાશંકરના વ્યક્તિત્વ, કાર્યનું વર્ણન છે. શોકની ગહન અભિવ્યક્તિમાંથી
આંસુની અભિવ્યક્તિ નથી પણ વ્યક્તિના મૃત્યુ નિમિત્તે શોકનાં આંસુ નથી
પણ એને અંજલિના આંસુ કહી શકાય.

"જેવા ભાણિ દિવેત, અવનની જિના વારે
ઉભ્ભ રૂતી તુજ કાળ, ચકાળે આંસુ ચારે"

શોકોર્મિકવિતા અને નિવાપાંજલિ કવિતાનું સમાન તત્વ મૃત્યુજન્ય
ઉલ્લેખ, સદ્ગત વ્યક્તિ વિશેષ, વ્યક્તિત્વની થયેલો પ્રભાવ આ બધાં જ
તત્વો બન્ને પ્રકારનાં કાવ્યોમાં જોવા મળે છે. પણ ઝીણવટ પૂર્વક અવલોકન
કરતાં શોકોર્મિકવિતામાં કેટલાક પૌરાણિક ઉલ્લેખો, તુલનાઓ, દૃષ્ટાંતો
રૂપકો, પ્રતિકો વગેરે વ્યક્તિત્વને પ્રભાવશાળી બને વર્ણવાયું હોય છે.
નિવાપાંજલિ પણ એ અસરથી મુક્ત નથી પૌરાણિક દૃષ્ટાંતો, તુલનાઓને
આધારે વ્યક્તિત્વનો પ્રભાવ ઘણી નિવાપાંજલિમાં મળે છે. આ પ્રકારના
આવવાનું કારણ પાત્રનિર્માણની ચોક્કસાઈ, સ્પષ્ટતા, ઝીણવટ, ચોટતા
હોઈ શકે. દા.ત. મહાન વ્યક્તિ હોય પણ મહાનતા બેઠ પ્રકારની ના હોય
તો કેવી રીતે, કઈ દૃષ્ટિએ એ વ્યક્તિ મહાન ? કયાં પ્રકારની મહાનતાને
એ વ્યક્તિ વરેલી છે ? એની સ્પષ્ટતા, ચોટતા તુલના દ્વારા થાય છે.
'ગુણમૂર્તિ' કવિતામાં નંદકુમાર પાઠક ગાંધીજીની કરુણાનો પ્રભાવ ગાય છે.
પણ કરુણાનું સ્વરૂપ વર્ણવા માટે રામ, કૃષ્ણ , બુધ્ધ ની માનવજીવન પ્રત્યેની
કરુણાને માપદંડ બનાવે છે. દા.ત.

"તમાં ગહન કેટ છે, સરળ સાદમાં તાદરા
ધરે સરળતા ય ગૌરવ ધરે મહાપ્રાણમાં

kalpana's

થયો વિરહ યોગ આ નશ્વરના સમા દેહમાં''

શોકોર્મિથી ભિન્ન એવી અંજલિના વિવિધ સ્વરૂપોનું રહસ્ય-સદ્ગતના મૃત્યુ સમયે અને કવિના સર્જન સમયે તે વ્યક્તિ માટે જાગેલી સંવેદનાનું સ્વરૂપ છે. શોક હળવે તો શોકોર્મિ-શોકાંજલિ બને, માન જાગે તો માનાંજલિ- નિવાપાંજલિ બને, મસ્તક ઝુકે, નમ્ર ઋણ સ્વીકારનો ભાવ પ્રગટે તો ભાવાંજલિ, શ્રદ્ધાંજલિ પ્રગટે, તેના સ્મરણોમાં મન ઘૂંથાયેલું રહે પણ શોક ન અનુભવે તો સ્મરણાંજલિ થાય. કાવ્યત્વમાં પ્રાધાન્ય કોનું રહે છે તે પરથી અંજલિનો પ્રકાર કે શોકોર્મિ-કવિતાને પામી શકાય નિવાપાંજલિમાં પણ શોક નામશેષ હોય એવું નથી પણ માત્રા ઓછી હોય, શોકનો ઉલ્લેખ હોય, સમગ્રકાવ્યત્વને રંપર્શતો ના હોય, કાવ્યત્વના એક ભાગરૂપ બની રહેતો હોત તો તેવી મર્યાદિત પંક્તિ કે શબ્દ અને વ્યક્તિવિશેષને કારણે શોકવાની શબ્દરચના હોવા છતાં પ્રસ્તુત સમગ્ર કાવ્યો સ્પર્શતી નહીં હોવાથી તે શોકોર્મિ-કવિતાની કક્ષામાં બનતી નથી દા.ત. 'ચહના ચાદમી' બાલ-મુકુંદ દવેની રચના છે. જેની બે ચાર પંક્તિ જુઓ.....

૨૬''આજ દિવસે બહુ ધૂંધળું, ધૂંધળું
વ્યોમ ને ભોમ ગમગીન લાગે
વાયુ માંહે ઉદાસી રહે ચૂસતી
હૃદયમાં લાખ ભણકાર જાગે ''

પણ આ સમગ્ર કાવ્યનો ભાવ, કેન્દ્રવર્તીભાવ નથી માટે કાવ્ય શ્રદ્ધાંજલિ બની રહે છે.

નિવાપાંજલિના કવિ ''નિદર્શનાને નિર્મળ ઝાંખતારી'' જેવું ઉત્તમ વિશ્લેષણ કાવ્ય આપનાર સ્વપ્ન પ્રયાણ'ના કવિ હરિચંદ્ર ભટ્ટનો મહત્વનો કાવ્યો છે. ગ્રંથ્યાંકમાં લખેલી નિવાપાંજલિની મુખ્ય બાબ વિશેષતા છે. (૧) કાવ્યના નાયકના કાવ્યકર્મો, કવિતાની ભાવનાઓના ઉલ્લેખ દ્વારા વ્યક્તિવિશેષ સર્જકના પ્રદાનની રજૂઆત અને અંજલિ (૨) કાવ્યમાં તેમના જ શબ્દોના વિવિધ રીતે અન્વય સાધીને કાવ્યત્વ સિદ્ધ કરી સર્જકનું વ્યક્તિત્વ

kalpana's

ઉપસાવવું : (૩) જેની ઉપર હરિશ્ચંદ્રને કાવ્ય લખ્યું હોય તે જ સર્જકના મુખ્ય ભાવને અંજલિરૂપે ચરણોમાં પહોંચાડી તે ઉદાત્ત ભાવ માટે કવિ નિવાપાંજલિ અર્પે છે. આ નિબંધ લાક્ષણિક હોય છે : દા.ત. શેલીના 'To the skylark ' માં જેમ આકાશમાં પંખીને ઉડવાનું ગમે છે. તેમ કવિ શેલીને ઉંચા કલ્પનોમાં ઉડવાનું ગમે છે. એના અર્થમાં અંજલિ આપે છે કે.....

૧૩.''આ સાંકડી પૃથિવીના પથ છોડીને ઓ
મુક્તાત્મ વિહ્વલગતમાં, કરતો વિહાર

શેલીની ઊંચી ભાવના, કલ્પનાશક્તિ માટે હરિશ્ચંદ્રને માન જાગે છે. તેની તુલના શેલીના કાવ્યતત્વમાંથી જ શોધી અંજલિ આપવામાં હરિશ્ચંદ્રની માર્મિકતા છે. શિલ્પની અંજલિમાં અંજલિનો અર્થ કવિ સમજાવે છે કે એ જીવન-પ્રસનનો ઊંડો પરિચય આપે છે કે.....

૧૪.''અરે એનો ફાંટો તુજ મરણનું કારણ થયો'' એમના માટે લખાયેલા આ વિધાનનું સામ્ય તપાસીએ કે.....

૧૫.''He died of blood paisoning caused by the wound from the throns of roses '' જે ગુલાબનો તે ચાહક હતો તેમાંજ 'જે પોષતું તેમાં જ હતો એનો વિનાશ મુકતી' નો ભાસ તેમાં થાય છે.

ટૉલ્સ્ટૉયને ' આપેલી નિવાપાંજલિમાં પણ હરિશ્ચંદ્ર જુદા જુદા કાવ્યોના શબ્દો નોંધી અંજલિ આપે છે તે રચનારીતિનું કૌશલ છે. હરિશ્ચંદ્રની નિવાપાંજલિ બીજી વિશેષતા 'મુક્ત તરણાં' પણ છે. 'ચેટોની આત્મા' ચેટોને નિવાપાંજલિ છે. નિવાપાંજલિ મુક્તક સ્વરૂપમાં છે માં પણ વિશેષતા છે કારણ કે લાક્ષણિક તરણાં બની રહે છે. મૂળ ગ્રીક Edigram ના અંગ્રેજી અનુવાદનો આ તરણાં છે એ અંગ્રેજી મુક્તક શૈલીએ ગ્રીકમાંથી કરેલો તરણાં છે.

kalpana's

૧૬.'' Eagle ? Why soarest thou aabcve the tomb
To Whet sublime and starry paven home
Floutest thou ?

I am the emage of swift plato's sprit
Ascoding heaven; Athens inherit
His corpse below"

મૂળ ગ્રીક કવિ માટે ઉમાશંકરે લિપ્યંતરમાં ''અજ્ઞાત કવિ, ગ્રીક કવિ'' એવો ઉલ્લેખ કર્યો છે. તે પરથી શેલીએ અંગ્રેજીમાં અને અંગ્રેજી પરથી હરિશંકરે ગુજરાતીમાં મુક્તક રૂપે શિલાપ્રાંજલિ આપી છે.

૧૭.''અરે ? કબર ઉપરે ગરુડ, આડો ક્યાં તું ઊડે''
ઉડી વિશાલ આરપાર મૃત્યુ ઘાયે જાતો
ઊડે ગગનમાં કિયે મર હું આત્મ પ્લેટો તણો
જાતો, રહ્ય અહીં નીચે ગ્રીસ એને રહે સાચવી''

ગ્રીસમાં તો પ્લેટોની કબર છે. પણ સાહિત્યના આદર્શ રૂપે તે વિશ્વમાં પ્રસરી ગયો છે એ મૂળ કવિતાના કાવ્યતત્ત્વમાંથી જ ગંજલિકારે કહ્યું છે. હરિશંકરની શિલાપ્રાંજલિની વિશેષતા જ એ છે કે મૂલાત્મક, ચોટ, લાઘવપૂર્ણ કાવ્યત્વ તેમના કાવ્યોમાં હોય છે. 'તુ પૃથ્વીએ વિહરતો, નભનો પ્રવાસી' જેવી લાઘવપૂર્ણ ઉક્તિ બોદલેર માટે 'મરણોત્તર બોદલેરનાં માં તે આપે છે પાશ્ચાત્ય સાહિત્ય સાહિત્યકારોને મુક્ત સ્વરૂપમાં ચોટ રીતે આપેલી શિલાપ્રાંજલિ હરિશંકર ભટ્ટનું વિશેષ પ્રદાન છે.

શિલાને સંબોધી રામશંકર પટ્ટણે આપેલી ગંજલિમાં પણ એક જુદી જ અભિવ્યક્તિ મળી આવે છે.

''નદી-ઝરણાં અંગર પહેરી,
જાણે વેરા કુણ લઈ ગોરી,
આ સૃષ્ટિની જાજમ પર

kalpana's

ચલો વૈનું વસ્ત્રી રહ્યું મૃત્ય
કોરો પુરાણુશાલ થઈ ધર્યે તડકો છાંડે
ઓ જો ચિહ્કે
ઓ ચિહ્કે.....ચિહ્કે.....॥

સંજલિ માટે પ્રકૃતિનું માધ્યમ આ કાવ્યની અભિવ્યક્તિની વિશેષતા છે. એમાં અન્ય સંજલિકાવ્યોમાં ચાલી આવતી પરંપરાથી જુદી પ્રયોગશીલતા પણ જોવા મળે છે.

સુરેશ દલાલનું 'ગાંધી' કાવ્ય ઉત્કૃષ્ટ કાવ્યત્વને વરેલું છે. ગાંધીના વ્યક્તિત્વનો પરિચય તેમાં ઉત્તમ છે કે જગતની કલુષિત વાતાવરણમાંથી જાગેલી કરૂણાની વાતનું સાકાર રૂપ એ ગાંધી. સુરેશ દલાલે પાપ-પુણ્યનું ચિંતન પણ આપ્યું છે કે પક્ષી સામે નહીં પણ જગતના પાપ સામે લડો અને કાવ્યાંતે જગતનું બનેલું બૂરા કવિ ગાંધીજીની અહિંસા અને પ્રેમમાં જુએ છે. ચોટદાર પંક્તિઓમાં ઘટ્ટ પોતમાં કવિ કાવ્યત્વમાં પુષ્પ ભાવને ગૂંથે છે. એક સારી શોકોર્મિની સરહદ પર ઊભેલી આ કાવ્યની અભિવ્યક્તિ છે.

ઈષ્યાની કલાત્મક અભિવ્યક્તિ 'નરસૈયાને'માં છે. ભક્ત અને જ્ઞાની હોવા છતાં નરસિંહની સહેજ કૃષ્ણારાધિત, કવિતાના ચમત્કૃતિનો ઘટ્ટપણ અને સિદ્ધિઓ વંદનીય છે. એની સરખામણીમાં કવિ કિંચિત છે એમ સ્વીકારી પોતાનો ગર્વોદ્રેક વ્યક્ત કરે છે. ઈષ્યાનો ભાવ ઉત્તમ છે. અભિવ્યક્તિની એક નવી રીતે એમાં મળે છે.

સંજલિ નિમિત્તે ઝવેરીનું ચાલેલ હોઈ શકે પણ 'કલાપી'ને'માં ઝવેરીની અભિવ્યક્તિ અન્યકાવ્યોથી કંઈક જુદી જ રીતે આવે છે કવિ કહે છે કે મારા જીવનનો શ્રેષ્ઠ ઉપયોગ હું તો તારા ઝવેરી વાગોળવામાં જ માનું છું. તે મારે માટે કીર્તિ, દાન્ય પુણ્ય, ભાવ્યોત્ર, નીતિ સઘળી વિશેષ અને શ્રેષ્ઠ છે. ઝવેરની સ્મૃતિને કવિ નવા વળાંકથી કરે છે...છેક જુઓ

kalpana's

૧૮. "કોઈ કરે ચમરણમાં વર કીર્તિસ્તંભ
કોઈ કરે લિખ્યમાં જઈ દાન પુણ્ય
કોઈ કરે શીરનો તત્કાળ ધાત
હું તો કરું ચમરણમાં ત્વગાન માત્ર"

હૃદયની ઉત્કૃષ્ટ સંવેદના, કવિતાના ભાવમાં કવિ પરોવી ચમરણનું ગદ્યનું પદ્ય ઝાંકી બતાવે છે.

'સ્વપ્ન પ્રદાન'માં પાશ્ચાત્ય કવિઓના સર્જકપ્રતિભા અને સર્જકવિશેષ નો પરિચય આપતી નિવાપાંજલિઓ છે તો લલિતના લલકાર'માં કાંચ્યાબંધ ગુજરાતી કવિઓની સર્જક પ્રતિભાને અંજલિ આપતી નિવાપાંજલિઓ છે. વિશેષ પ્રદાન ધરાવતી કૃતિઓમાં 'કવિ રાજરત્ને પુષ્પાંજલિ' એ રીતે નોંધપાત્ર છે કે ધર્માત્માઓ, સંતોની પ્રતિભાની પ્રભાવ દેશકાળ કે સાહિત્યકારથી જુદો રહેવાનો તેની પુણ્યશાળી હોવાના પ્રભાવે કવિ સંતને આપેલી નિવાપાંજલિને પુષ્પાંજલિ કહે છે રાજરત્નનો પરિચય લલિત નીચેની પંક્તિઓમાં આપે છે.

૧૯. "મહાત્માઓ સદાચારે શિખવાના દિલ રખાવત"

(કલાપીના મધુર કેકારવમાં, કવિ શ્રેષ્ઠ બોજે છે કે જેમાં કાવ્યત્વની કેકા પણ છે.)

'સ્વ. કમલા નહેરુને' 'કસ્તુરબા' પછી બીજી વેની પાત્ર પર લખાયેલી નિવાપાંજલિ તરીકેનું મૂલ્ય છે. કમલા નહેરુની ઋણે જાહસેવાની નોંધ તેમાં છે કે .....

૨૦. "ત્રિખંડીય વિજ્ઞ જનનીનાં, દુઃખે નત મુખ પણ થયાં
વસંતે ફૂલ્યા ફૂલની, રસશ્રી ગેક કમલા ?"

વ્યક્તિત્વના અનેક પાસાંના ઉલ્લેખથી કાવ્યત્વ સભર બનાવી અંજલિ આપે છે મેમાનંદની કવિત્વ શક્તિનો પરિચય આપી કવિ અંજલિ આપે છે કે.....

kalpana's

૨૫.''ત્રિવેણે સાહિત્યે, નવસ્વપ્નરી ગુર્જરી રચી
સ્વાત્માને લ્હેે, પ્રણય ઝબકે પ્રાણ પુલકે
પ્રેમે સ્વાત્માને, આનંદે તું સ્વાકાર
પીછો પ્રશ્ન ચોખ્ખવી, પ્રેમાનંદ પખાડવિ''

પ્રેમાનંદના કાવ્યકૌશલને સ્હેજ ચોજીને લલિત કાવ્યત્વ રચે છે તે એનું રચનાકૌશલ છે.

રિલ્કેનું જીવનચરિત્ર 'હરિશ્ચંદ્ર' પદ્યે કવિની કવિતાની કેટલીક પંક્તિઓની ખૂબ નજીક જઈને ભાવાનુવાદ કર્યો છે.

૨૬.''કહે દુખનંદે પુલકિત થઈને કલમાં
પીધો ને પાયો છે તે જીવનરસ એનો સહુને
પડે તો ગાવું હું તુજ તરસ તો હું જ છીપવું ?

રીલ્કેની ' The book of hours' ની જે પંક્તિઓ જુઓ.

"What will you do, god when I die?
When I your pitcher, broxen lie ?
When I your drink of a state and dry"

કેટલાંક કવિઓએ મૃત્યુ પહેલાં મૃત્યુ વિષયક વિચારો પોતાના કાવ્યોમાં જણાવ્યા છે. એ રીતે રીલ્કે એ પોતાનો 'મૃત્યુલેખ' આપ્યો છે. મારી પહેલાં તો તે લખ્યો હતો જાણે કે.....

Rose, oh the pure contrudiction delight, of being no one's sleep under so many lives"

રીલ્કેએ આપેલી અંજલિમાં મૃત્યુલેખ અને તેની વિશેષતાનો તેમજ નાજુક કાવ્ય-ભાવનાઓનો જે સંચય થયો છે એ નિવેદનાંજલિની અભિવ્યક્તિની કલાત્મકતા છે.

મિસ્રોન્મુખ બોદલેરે ' નિવેદનાંજલિમાં બોદલેરનો પરિચય સુંદર છે.

''દુખોદધે, ખુબી હતી, ચલાય તો એ,

..૯૫..

આનંદ-કંદન વિષાદ, તો યે નિમગ્ન યોગી"

કૌંતપ્રાનું સૌંદર્યકાવ્ય :- 'Sonnet' ને consonisation (માં છે એમાં તેનું હોવાણી ના આલેખન તેની ઝાર કહી શકાય . કાવ્યનું મૂળ શીર્ષક તો 'Aries' હતું તે સુધારીને 'To Baudalaier (Before his death) કરી ' Aries ' છેડીને મસ્તોન્મુખ બોદલેર' કર્યું અને અંતે નક્કી થયું 'To st.Baudilaier my favorite poet ' કર્યું એક જ શિર્ષક નિવાપાંજલિના શીર્ષકોમાં સૌંદર્યકાવ્ય થયું તેના પ્રેરક કેન્દ્રમાં કાવ્યના સદ્‌ગત વ્યક્તિવિશેષ બોદલેરના ઉચ્ચ ગુણોને અંજલિ આપવાનો જ આશય છે.

'રક્તા ગુલાબ' માં 'Red rose,proud rose, sad rose of all my days' નો ભાવ 'The rose' પૂ. ૩૫ નો અનુવાદ જેવો છે. 'ગત પ્રેમની યાદમાં' કવિ ચેટર્સની ઝર્ઝ ત્રણ કૃતિઓને સંભારે છે. 'આષાઢ' પ્રયોગમાં ચેટર્સના કવનને ભારતીય આંખે જોવાના નિદર્શનરૂપ છે. દા.ત. 'જે હોય સુંદર બધું જ હું ભાતું બાંધે' માં 'The old man admiring themselves inthe water' (પૃ.૬૧) નો અનુવાદ છે.

'સ્વપ્ન પ્રયાણ' ની નિવાપાંજલિ' ના વિષ્ટવેષણની કલ્પના એ કહી શકાય કે કિશોર નિવાપાંજલિઓમાં હરિસ્પંદનની અભિવ્યક્તિ વધુ કલાત્મક અભ્યાસપૂર્ણ, લક્ષપર્શી, ઊંડાણને તાગતી, રચનાકૌશલ્યને સાધતી, વધુ વધુ સઘન, મર્મભેદી બનતી ગઈ, લાલિત્યપૂર્ણ, અન્યોક્તિ , પ્રકૃતિના વિનિયોજન-વાળી, કાવ્યગુણો ધરાવતી, કાવ્યત્વ પામતી અભિવ્યક્તિ છે.

નિવાપાંજલિઓનું એક વિશેષ મહાન વ્યક્તિત્વ પરિચય છે. દરેક કાવ્યમાં તે સંભવ કે પ્રધાનત્વે હોય છે જ. વ્યક્તિવિશેષના એક કે એકાધિક ગુણોનો આદર કવિ નિવાપાંજલિમાં વ્યક્ત કરે છે. દા.ત. 'પાઠક સાહેબને' કાવ્યમાં ગુરુ પ્રિય વ્યવસાયક્ષેત્રની વિનોદપ્રિયતા અને સતત કાર્યરત રહેવાની વૃત્તિનો ઉલ્લેખ કરે છે. 'નમન' કાવ્યમાં બાહ્યાત્મક ઉપકરણોનું વિનિયોજન

kalpana's

કરી તેમની વિશ્વબંધુત્વની ભાવના માટે આદર વ્યક્ત કરે છે કે.....

૨૩...''ગુરુ છો જૈનની સાથે, તેમના જિનને ચહો''

માટે જ તે 'જૈન' ને યોગ્ય છે માનવતા, અહિંસા, પ્રેમ, લાગણી, કરુણા. ગાંધી તો અવતાર હતા દુશ્મનની ચિંતા પણ તેમને હૈયે વસતી હતી.

૨૪...''વિશ્વવાત્સલ્યની ચિંતા, સદાય અંતરે વહો''

ગાંધીની અહિંસા અજોડ છે. જિંદગીભરને છેલ્લપટો એ શાંતિની ચાહના તેમને હૈયે હતી.

૨૫...''તમે શૌહરથી હારેલા, જગની એક આશ છો''

'કવિશ્રી કાન્ત' રેખાચિત્રાંજલિ અને ભાવાંજલિના લક્ષણો ધરાવે છે કાન્તના સ્વભાવના ગુણો કવિ બીરદાવે છે કે.....

૨૬...''ચાલી ગઇ લહમવહરીનો
સહુયેને લાંબિની ચે
લાવી તો ચે સદા ચે
મધુય અરુણીને માધુરી'' કાન્ત ચિત્તો''

પંક્તિમાં અલંકાર પ્રયોજી કાવ્યાત્મકતા લાવવાનો પ્રયત્ન પણ છે. તેમાં 'ચિમાદી તો ચઢ્ય', 'ચન્દ્રનોના કુર્ચદનશા પ્રતિયામો વિશાળા' જેવી સુંદર પંક્તિઓ છે.

૨૭...''ગૌરાંગી શ્રી જનચિત્તજની
પુણ્ય વાત્સલ્યતા છે''

પ્રતિમા 'કાગળકી ઝાંખ મા કલાપીનો મહિમા ગાય છે. હિન્દી-ઘારી શૈલીએ સાથે કવિ ઉર્દુ, ફારસીના શબ્દપ્રયોગો કરે છે. ચેતાથી ચાલ્યીયતા અણા સચોટતા લાવવાનો કરાદો લાગે છે. કાગ કે પ્રતિમા જીવંત બની જાય છે. કાગળમાં કલાપી આખા સંસારના ભાવો અને સૌંદર્યને ઉંડારતો હતો. કાવ્યદૃષ્ટિમાં ભાવજગત જોતા અલંકારો લાગે છે પણ

kalpana's

એમાં તેની ગેરહાજરી ક્રૂર બની જાય છે. કલાપીમાં શાયર, ચૂફી, સંત, બેઆર, કવિઓના દર્શન તબક્કાવાર કરાવ્યા છે.

૨૮. "તેરી થી સૂરત ક્યા કહું, ગયી થી મગેદાર
ગાવલ દો તેરે બાલપે, તેરે ગ્રે કા ગ્યાર
જેવા હે તુજે કહે દિના, અબ કૌન કહેગા ?
મર મિસ તરહસે તૂ ગયા, યું કૌન મરેગા ?

નિવાપાંજલિની સુંદર અભિવ્યક્તિના દૃષ્ટાંત રૂપે 'અરવિંદ' કાવ્યમાં કવિએ મૂકેલું અરવિંદનું શબ્દચિત્ર સુંદર છે. અને એ શબ્દચિત્રથી અરવિંદના જીવન, કાર્ય, આદર્શને પણ વાચા મળે છે. કાવ્યમાં અરવિંદના પાવનકારી વિરાટ આત્માનું વિષયરૂપ બતાવ્યું છે કે તારા બે પગ નીચે સાત લોક છે. માનવો જ્યાંથી ચળગીને પાછા ફરે છે ત્યાંથી તું જગતને કલ્યાણની ભાવના બક્ષો છે. 'તારા કલ્પકૂટ' માં શક્તિનો પુંજ 'ઝલકડી' ની જેમ શોભે છે અને બરફ ઝમે તેમ જગત માટે ભવ્ય, દિવ્ય પ્રતિમા બંદારા તે ઝમે છે. એ તું જગત માટે જ કહે છે એવાં આલેખનમાં અરવિંદની વિશિષ્ટતા અને ભવ્ય, દિવ્ય, પ્રતિમાનો કવિ પરિચય કરાવે છે.

સુરેશ ભગુદાર કલાવિશેષણી મોર સાથે કલાપીને સરખાવે છે તેથી કૃષ્ણ અર્થમાં મોર, સંત અને કલાપીની સામ્યની તુલના બેઠવે છે તે કાવ્યાત્મક છે. આ જેટલા સંસાર લેણદાર છે, જેવા સંસારમાં આપીને ખુશ બનારા લોકો કેટલા ? જેવા જાજલ્યે મળતા લોકોમાં કલાપી ઉત્તમ કવિ છે. કુદરત જેમ લોકોને મલકાવી મલકાય છે, સંત બીજાને હસાવી ખુશ રહે છે તેમ કલાપી કાવ્યો આપી બધાને ખુશ કરે છે. વંટોળની અને મૃત્યુની મોર પોતાના કાર્યથી લોકને આનંદ આપે છે. એમ કલાપી કવન રચી લોકને રીઝવે છે. કાવ્યની તુલના જ અભિવ્યક્તિનું કૌશલ છે.

જયમનગૌરી પાઠકજી પણ સ્વ. કનાલાલ ત્રિવેદીને 'નિવાપાંજલિ' અર્પતાં લખે છે કે.....

kalpana's

''જેની વાઙ્મય શિક્ષણે ખિલ્યતી મેધા સદા નિર્ઝરી
તે માતામહના ચરણે ચણ્યું નિત્યાંજલિ''

સ્વ. ઉમાશંકર જોષીના ભાષાપ્રભુત્વ, મૌલિક પ્રતિભા અને સાહિત્ય-શિક્ષણ-દાનને તેમના ચાહેલા પ્રદાનને સ્મરી કવયિત્રી અંજલિ આપે છે કે.....

''શાંતિ અંતરમાં ચૂવાકસમી, યોગી સમા સંયમી
હૂંફ નિર્ધૂમ રવરજ રફટિક સમું સત્કર્મમાં ઉદ્યમી
સ્નેહ શબ્દ જડેલ જે હૃદયમાં, કર્તવ્યની મૂર્તિ જે
પૂજે કોણ ન દ્વિતીય પાણિનિ સમા સાક્ષાત્ ગુરુવર્યને ?

'પ્રપા' હરિવલ્લભ ભાયાણીની કૃતિ છે. કાવ્યનાટ્યે સંદર્ભે કાલિદાસનો સાધ્યો છે. કાવ્યમાં ક્યાંય ઉલ્લેખ નથી માત્ર અંજલિનું એક સુંદર દૃશ્ય કવિતામાં સાકાર છે. કુદરતના દૃશ્યમાંથી બની આવતી, અંજલિ ખૂબ જ ભાવુક બનાવી દે છે 'નદીના સુના તીર ઉપર ઝરેલી ડાળ પર પવનથી એક જ પાંદડું પ્રકંપ અનુભવે છે સાથે એક પલાશના ઝાડને જોઈને સાગમાં સાંભળેલા મૃત્યુતનુજ્વરે કવિની અંજલિ સાથનો ઉભેલો આ એક પલાશ છે.

''સરિતા કેરે, સૂને તીરે,
નમતી ડાળે, પવન પ્રકંપિત એક જ પર્ણ
ઊભો એક પલાશ
દાવે ધરવા મૃત્યુતનુજ્વરને
કવિની અંજલિ દે તો દિયે
ચેડલ મંદ ઉદાસ''

આ વર્ણન ધરબેરતો કાલિદાસનું છે તેથી વર્ણન કદાચ કાલિદાસને અંજલિની શક્યતા નકારી શકાય નહીં.

'રવીન્દ્રનાથ' કવિતામાં રવિનો અસ્ત એટલે અંધાર, માની રવીન્દ્રનાથના મૃત્યુના શોકની છાયા ઊભી કરે છે. કવિતામાં રવિન્દ્રનાથે પ્રકૃતિની લીલાઓના દર્શન કરાવ્યા જાણે . સાંજ અને સાની લહરકતો લહરકતોમાં

kalpana's

ઉપાધ્યેથી રમણીયતા તેમની કવિતા બની ગઈ હતી. માટે કવિ કહે છે કે રવિબાબુનો અસ્ત એટલે ગોધિયાખંડમાં હવા બંધ શ્વાસ થંભી જાય તેવી ઘટના હતી. રવીન્દ્રનાથના અવસાનના સંદેશથી.....

૬૦...''ગૌન બની ગયું અને સર્જન પણ સૂનું પડી ગયું''

પ્રકૃતિની લીલાના એક ઉત્તમ દ્રષ્ટા- રવીન્દ્રનાથ રહ્યા અહીં અને બની કવિતાના તે સૃષ્ટા હતા.

૩૫...''ગાયેલા વૈશાખનારે, સળેલ દીપ બની ગરે
તરતા દીવા મન્દાર
ગરે જે વિવિધ વર્ણોને ઉજ્જવલા
કમલે ફુલ્લાયિત અમર જેમાં ગીત
સાહિત્યનું કલા''

સાહિત્ય, ગીત અને કલાના રવીબાબુએ તરતા મૂકેલા દીવા, રસીના અસ્ત પછીના અંધકારમાં પ્રકાશ પાથરે છે. કવિની દૃષ્ટિએ રવીબાબુ મૃત્યુને માનવી ન હતો પણ અમૃતત્વનો રાજવી હતો માટે જ કવિ તેમને 'ઘર ઘર પ્રગટતા રવિ' કહે છે. વ્યક્તિત્વ અને કવિત્વનો પ્રકાશ ચોમેર ફેલાયેલો છે. જેનાથી પ્રભાવિત થઈ કવિ શ્રંજલિ આપે છે કવિની શ્રંજલિ રીતિબદ્ધ છે. સર્જનાત્મક નવિનામ, કાવ્યાત્મ, ૪ તર્પણ અને પ્રકૃતાદ્ધ શ્રંજલિ ભૂદયંગમ છે.

'વીરવિક્રમવાણ' કેવલ ભક્તિ ભેની કૃતિ છે. કાવ્યત્વમું કવિક રીતે વિમલતરી વિક્રમવાણની પ્રતિભાનું આલેખન આકર્ષક છે. કવિ પહેલાં મુક્તિસંગ્રામના વીરોનો ઉલ્લેખ કરે છે. તેમને આધારે કવિ વીરના લક્ષણો વર્ણવે છે : તે લક્ષણો વિક્રમવાણમાં ચરિતાર્થ થયેલા જાણી તેમને 'નૂરેવતા' તરીકે ઓળખાવે છે. વિક્રમવાણ એક વીર તરીકે લક્ષણોને આધારે સિધ્ધ થતાં મસ્તક ઝુકી જાય છે. સિધ્ધાંજલિનો ભાવ કલાત્મક રીતે ઉઠાવે છે. કવિ મુક્તિ સંગ્રામ ચિંતન નિમિત્તે મારવું ગમતું માધ્યમ છે.

૩૨...''ણોજ ખૂની ધોમકા, કર દાનવોને રહાની

kalpana's

૩૨...બોજ ધૂની ભોમકા, ઝર દાનવોને રહાની
ગુર માનવોને બક્ષતી, શું છે કે તંઠી છે દયા ?
બહેનીરના ફુલીરથી શું, પુષ્પ જુ એ થાતી નથી
મુકયા મરણને કાંઠડે જેણે ચરણ તારા પ્રણયા

હે જન્મભૂમિ, તારા દુઃખે દુઃખી થઈ તારે માટે દુઃખ વેઠી લીધા તેમને રહાવાને બદલે બક્ષી લીધા? મોતને ઘાટ ઉતાર્યા? બાકીયો એ શું શું નથી કર્યું? શું શું નથી ચલ્યું?

૩૩...નવ યુગને ઉંબરે ધર્યા, નૈવેદ્ય નવલખ શક્તિનાં
જે જે કુરબા બાદલે, વ્યક્તિ ઝલાપ્તિ તેમો ચલ્યાં''

ભારતમાતાને મારેલા મ્હેણામાં વક્રોક્તિ બદારા દેશભક્તિ વીરતા અને મૃત્યુથી ગ્લાનિ સિધ્ધ કરે છે. કના થયેલા દેશભક્તો ને આજે ભાતા સોરી રહી છે. વિઠ્ઠલભાઈ નિમિત્તે કવિએ સ્વાતંત્ર્ય સંગ્રામના વિવિધ કથ- રૂપો- ભાવેશ, આવેશ સુંદર છે. દેશભક્તોની બલમાંથી મુક્તિનો મહેલ ઝણકે તેમાં શહાદતનું ગૌરવ અને વીરરસની પરાકાષ્ઠા વ્યક્ત થાય છે નિર્વાણાંજલિ તરીકે કાવ્યનું કાવ્યત્વ ખૂબજ અર્થ ગંભીર છે.

અભિવ્યક્તિની દષ્ટિએ 'મણિલાલ દેસાઈને' કાવ્યકૃતિનું ઉત્તમ માપવા જેવું છે. કાવ્યમાં મૃત્યુની અભિવ્યક્તિ હૃદયને અસર કરી જાય તેવી છે. જાણે કે પોતાના બધા જ કાવ્યો, દિવસો, વર્ષો મણિલાલે કાવ્ય- પોથીમાં ભૂંધ્યા હોય તેવી, બધાના પ્રતિક રૂપી જીવનની કાવ્યપોથી શહેરને ચરણે ધરી દે છે તે કવિનું મૃત્યુ છે. મૃત્યુની આ અભિવ્યક્તિ મૌલિક છે. મૃત્યુજન્ય વિલાપ, શોક પણ અસરકારકરીતે વર્ણવે છે કે હવે આ શહેરને કોણ નવો અર્થ આપશે? અવાજો બબડશે, શહેરમાં અવાજો બદબદશે, મારી ઉપસાવેલી છાપ હવે જોવા મળશે કે નહીં? એ સંદેહ સંદેહ, ગ્લાનિ જગાવે છે. તેમાંથી અનુભવાતો વિષાદ, મૃત્યુનું દર્દ, વિયોગ, બેકલતા કાવ્યને આસ્વાદ્ય બનાવે છે તદ્દન જુદો અછાન્દસનો રચનાબંધ ભાવાભિવ્યક્તિમાં

kalpana's

ઉત્તમ કક્ષાનો નીવડે છે. મૃત્યુનું માર્મિક અર્થઘટન, નવો અભિગમ, કાવ્ય-વિશેષ છે.

૩૪. "કાળ-ક્રમ ઉનાળામાં આવ્યા,
મારા શહેર મહીં ચડ્યું ને (મને ય) મૂકી
કેમ ? કહે
મૃત્યુને તે
ઘરી દીધી
અલકમલક સ્વપ્નસૃષ્ટિ જીવનની કાવ્યપોથી."

આમ, આપણે જોયું કે નિવાપાંજલિ ખૂબ અનેક આશાઓ જગાડતી કવિતા છે.

(P.T.O.)

kalpana's

શોકોર્મિકવિતા અને વિવાપાંજલિઓ:-

સંદર્ભગ્રંથ - સૂચિ-

ક્રમ ૧.	કૃતિ ૨.	કવિ/લેખક ૩.	ગ્રંથ/સંપાદન ૪.	પાનું ૫.
૧.	ગરવિંદ	પૂજાલાલ	ગુર્જરી	૦૫
૨.	-''-	-''-	-''-	-''-
૩.	ગરવિંદને	સુંદરમ્	સમન્વય-સંપાદક સુરેશ દલાલ	૪૫
૪.	ગરવિંદ-૧	-''-	-''-	૪૭
૫.	ઘીગાઘોરી	જ્યંત પાઠક	મર્મર	૫૧
૬.	(બ.ક.ઠા.ને) જીવ્યા ઘણું તમે	-''-	-''-	૫૩
૭.	ભીખે, સકીય બંધુતા	બ.ક.ઠા.	કાવ્યસરિતા-સંપાદક હિંમતલાલ ગણેશજી જંજારિયા	૩૧
૮.	ટિપ્પણ	ચિમનલાલ ત્રિવેદી	-''-	૧૯
૯.	મા	ચંદ્રવદન મહેતા	નવી કવિતા	૨૮
૧૦.	ઈ(પ)ભાવસિંહજી દિવાન શ્રીપ્રભાશંકર પટ્ટણીને અંજલિ	બ.ક.ઠા.	બાલકાવ્ય	૧૭૨
૧૧.	યુગમૂર્તિ	નંદકુમાર પાઠક	કાવ્યસરિતા	૨૯
૧૨.	ગદના ગાદથી (લાલબહાદુર શાસ્ત્રીજીને)	બાલમુકુંદ દવે	સમર્પણ	૧
૧૩.	શેલીને	હરિશ્ચંદ્ર ભટ્ટ	સ્વપ્ન પ્રયાણ	૧૫
૧૪.	કિટ્સને	-''-	-''-	૧૬/૧૭
૧૫.	-''- ટિપ્પણ	ઉમાશંકર જોશી	-''-	૧૫
૧૬.	પ્લેટોના આત્માને	-''-	-''-	૨૪
૧૭.	-''-	-''-	-''-	૨૪
૧૮.	કલાપીને	વિશ્વનાદ સા વ્યાસ - ઉત્સર્ગ		૨૪

kalpana's

૧.	૨.	૩.	૪.	૫.
૧૯.	સાગરને મૂકે પુણ્યાંજલિ	લલિત	લલિતનો લલકાર	૪૬૨/૪૬૩
૨૦.	સ્વ. કમલા નહેરુને	-''-	-''-	૫૦૩
૨૧.	મહાકવિ પ્રેમાનંદ	-''-	-''-	૫૦૬
૨૨.	રિલ્કેનું જીવનદર્શન	મુરિશ્ચંદ્ર ભટ્ટ	સ્વપ્ન પ્રયાણ	૧૫
૨૩.	નમન	કરસનદાસ માણેક	કાવ્યસૌરભ-સંપાદક- હિંમતલાલ ગણેશજી ઝંજારિયા	૩૨
૨૪.	-''-	-''-	-''-	૩૨
૨૫.	-''-	-''-	-''-	૩૨
૨૬.	કવિશ્રી કાન્ત	રામમોહન દેસાઈ	-''-	૩૫
૨૭.	-''-	-''-	-''-	૩૫
૨૮.	કાગઝકી બ્બા	પલિલ	પલિલનાં ગૂંથેલા કાવ્યો	૧૮૪
૨૯.	'પ્રયા' (નિતાલાંજલિ)	'પ્રયા'	હસ્તિલલ ભાચાણી	૬૪
૩૦.	મહાકવિશ્રી રવીન્દ્રનાથ ટાગોરને	કેશવ હ૦ઠ શેઠ	પદ્યપરાગ	૧૧૪
૩૧.	-''-	-''-	-''-	૧૧૪
૩૨.	વીર વિઠ્ઠલભાઈ	-''-	-''-	૧૧૬
૩૩.	-''-	-''-	-''-	૧૧૬
૩૪.	મણિલાલ દેસાઈને	નલિન રાવળ	બસકાણ	૮૪

oooOOooo

(P.T.O)

kalpana's